તેઓ ભિન્ન ભિન્ન ધર્મ પાળનારાઓને ધર્મના ખરા આચારો અને વિચારો જણાવીને તેઓની સેવા કરે છે. સત્યધર્મની ઉપાસના કરનારાઓમાં પક્ષપાત, સંકુચિત દૃષ્ટિ અને અન્ધશ્રદ્ધા હોતી નથી. તેઓ પોતાના વર્ગથી ભિન્નધર્મીઓમાં જે કંઇ આચારો અને વિચારોમાં સત્ય રહેલું છે તેને તેઓ સત્યની દૃષ્ટિથી દેખે છે. પોતાના કુટુંબ સમાન આખી દુનિયાના જીવો છે એમ જેઓ આચારમાં મૂકીને બતાવવા માગતા હોય તેઓ સત્યધર્મની પાસે જાય છે. સત્યધર્મીઓ દયા, સત્ય, પ્રમાણિકતા, આચારશુદ્ધિ, શ્રદ્ધા ભક્તિ, વિનય, વિવેક અને ગંભીરતા આદિ ધર્મ ગુણોથી અલંકૃત હોય છે. મોહરૂપ સેતાનના દુષ્ટ વિચારો અને આચારોથી તેઓ દૂર રહે છે અને સત્ય હૃદયથી પ્રભુની ઉપાસના કરે છે. સત્યધર્મીઓ આત્માના જ્ઞાન ચારિત્રાદિ ગુણોની ઉપાસના કરે છે. ધર્મને નામે મિથ્યા ક્લેશ, વૈર અને ભેદને તેઓ ઉભા કરતા નથી. શ્રીમહાવીર પ્રભુના સિદ્ધાન્તોને અનેકાન્ત દૃષ્ટિથી વિચારે છે અને સત્ય દેખે છે.

પ્રશ્ન—જૈન ધર્મનું સંરક્ષણ કરવા માટે શું કરવું જોઇએ ?

ઉત્તર—જૈનોએ મહાસંઘ ભેગો કરવો જોઇએ. જૈન ધર્મના સદાચારો માટે પૂર્ણ લક્ષ્ય રાખવું જોઇએ અને પોતાના અધિકાર પ્રમાણે કર્તવ્ય કરવામાં આત્મવીર્ય ફોરવવું જોઇએ. ભિન્નભિન્ન ગચ્છના સાધુઓએ સંપ કરીને અમુક નિયમો ગોઠવી જૈન ધર્મનો ઉપદેશ દેવાની શૈલી એવી રીતે સ્વીકારવી કે જેથી હાલના જમાનામાં જૈન ધર્મનો પ્રચાર થઇ શકે. ગુરુકુલો-જૈન ધાર્મિક શાળાઓની સ્થાપનાઓ કરવી જોઇએ.

પ્રશ્ન—ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓને પરસ્પર શી રીતે સંપ થઇ શકે ? સાધુઓ તો પરસ્પર ગચ્છની સામાન્ય ભિન્ન માન્યતાઓથી એક બીજાને મળી શકતા નથી તો તેઓ સંપ કરીને શું જૈન ધર્મના પ્રચાર માટે વિચાર કરી શકે ખરા કે ? કદાપિ માનો કે તેઓ મળી શકે અને સંપ કરી શકે તો કેવી રીતે સંપ કરીને મળી શકે ?

ઉત્તર—જેઓના મનમાં જૈનધર્માભિમાનનો જુસ્સો છે, જેઓ સ્વપર શાસ્ત્રોમાં કુશલ થએલા છે અને જેઓ દેશકાલની સ્થિતિ જાણી શકે છે એવા જૈન સાધુઓએ અમુક કલમોની શરતે પરસ્પર સંપ

ટકી શકે અને સામાન્ય રીતે જૈન ધર્મના સિદ્ધાંતોને હાથમાં લેઇ શકાય એવી રીતે પરસ્પર ભિન્ન ગચ્છના સાધુઓએ, સાધુમહા સભા સ્થાપીને જૈન ધર્મની ઉન્નતિનાં કાર્યો કરવાં જોઇએ. પાશ્ચાત્ય ધર્મવાળાઓ તથા અત્રત્ય ભિન્ન ભિન્ન ધર્મવાળાઓ ધાર્મિક પ્રગતિના કયા કયા ઉપાયો ગ્રહણ કરે છે અને તેમાં તેઓ કેવી રીતે ફાવે છે તે જાણવું જોઇએ અને તેમાંના યોગ્ય ઉપાયોને ગ્રહણ કરવા જોઇએ અને અનુભવની સૂક્ષ્મ દૃષ્ટિથી ધાર્મિકોન્નતિના આચારો અને વિચારોમાં સુધારો વધારો એવી રીતનો કરવો જોઇએ કે જેથી જૈનાગમથી અવિરૂદ્ધપણે પ્રગતિ માર્ગમાં પ્રયત્ન થાય. દેશ-કાલને અનુસરી જૈન સાધુઓના આચારોમાં અદ્ય પર્યન્ત ઘણાં પરિવર્તનો થએલાં છે. જૈન સાધુઓ ભિન્ન ભિન્ન ગચ્છના અને ભિન્ન ભિન્ન માન્યતા માનનારા હોવા છતાં પ્રત્યેક ગચ્છવાળાને પરસ્પર વિરોધ ન આવે એવા સામાન્ય જૈન ધર્મની ઉન્નતિના ઉપાયોમાં સંપીને કાર્ય કરવાના કોલકરારો કરીને **સાધુમહાસભા** સ્થાપી શકે અને પુનઃ જૈનધર્મોદ્ધાર કરવા પ્રવૃત્તિ કરી શકે તો તે બનવા યોગ્ય છે. જૈન સાધુઓએ સંપમાં વિઘ્ન આવે એવાં જે જે કારણો હોય તેઓને હાથમાં ન ધરવાં જોઇએ. જો આ પ્રમાણે તેઓ સંપીને મહા સભા ભરી જૈન ધર્મની સેવા કરશે તો પોતાનું અસ્તિત્વ ટકાવી શકશે. જૈન ગૃહસ્થોએ ઉદારભાવથી ભિન્ન ભિન્ન પક્ષોમા, ગચ્છોમાં રહેલા જૈનો સાથે સંપીને પરસ્પર અવિરોધી બાબતોને હાથમાં લેઇને જૈન ધર્મની સેવા માટે તૈયાર થવુ જોઇએ. પરસ્પર ગચ્છમા ક્લેશ થાય, કુસંપ થાય અને જૈનોને પાછળ પડવા જેવું થાય એવી ઉદીરણા છાપાથી, ઉપદેશથી વા અન્ય રીતે પણ ન કરવી જોઇએ.

આર્યાવર્તના અઢી હજાર વર્ષ પૂર્વે જૈનધર્મ, વેદધર્મ અને બૌદ્ધધર્મ એ ત્રણ ધર્મ વિદ્યમાન હતા. આર્યો ત્રણ ધર્મ પૈકી ગમે તે ધર્મ પાળતા હતા. પાછળથી આ ત્રણ ધર્મના અનુયાયીઓમાં સ્પર્ધા ચાલી અને સ્પર્ધામાંથી એ પરિણામ આવ્યું કે પરસ્પર મૈત્રીભાવના ન રહી શકી. શંકરાચાર્યના વખતમાં જૈનો અને બૌદ્ધોના વેદધર્મના અનુયાયીઓએ ખૂન કરવા માંડ્યાં અને ધર્મનો ઉદારભાવ કે જે સર્વ જીવોપર સમાન દૃષ્ટિથી દેખવું અને સર્વનુ ભલુ ઇચ્છવું અને ભલું કરવું આવા સદ્વિચારોને વેદધર્મીઓ કે જે હિન્દુઓ નામથી હાલ ઓળખાય છે તેઓએ દૂર

કર્યાં, ત્યારથી આર્યાવર્તની પડતી થવા લાગી. કુદરતનો નિયમ એવો છે કે જે અન્યધર્મીઓને સતાવવા અને તેઓનો નાશ કરવા પ્રયત્ન કરે છે તેઓને તેવી રીતે પાછો બદલો મળે છે. હિન્દુસ્તાનપર મુસલમાનોની સ્વારીઓ ચઢી આવી અને તેનુ ફળ હિન્દુઓને ભોગવવું પડયું. આર્યાવર્તની પડતી થઇ અને હાલ પણ તે દેખાય છે. જેવું આપવું તેવું લેવું. જેવો આઘાત તેવો પ્રત્યાઘાત, આ નિયમ વેદધર્મીઓને લાગુ પડ્યો. કહેવાનો સારાંશ એ છે કે આર્યાવર્તમાં આર્યોએ પોતાના આર્યગુણોથી પોતાની શ્રેષ્ઠતા બનાવી છે તેમાં અનાર્ય બુદ્ધિથી હાનિ થઇ એમ અનુભવથી અવલોકનમાં આવેલ છે. જૈન રાજાઓએ કદિ અન્ય ધર્મીઓને સતાવ્યા નથી અને તેઓનાપર બલાત્કાર કરીને તેઓનાં ખૂન કર્યાં નથી. પ્રભુ આજ્ઞા એ છે કે સર્વ જીવોપર દયા કરવી. સર્વ જીવો સત્તાએ પરમાત્માઓ છે. માટે તેઓને પોતાના આત્માની પેઠે દેખવા. પોતાના ધર્મથી વિરૂદ્ધ હોય તેવા મનુષ્યોપર પણ મૈત્રીભાવના ધારણ કરવી અને તેઓના પર કરૂણા રાખીને તેઓને [illegible] તેમજ તેઓના પર ઉદાર ભાવ રાખવો. જેઓ [illegible] વિરૂદ્ધ હોય તેવા જીવો પર મધ્યસ્થભાવ [illegible] મનુષ્યો પર દયા ભ્રાતૃભાવ રહે અને તેઓને માતા જેમ પુત્રનું [illegible] કરે છે તેમ તેઓના પ્રતિ વર્તન ચલાવવામાં [illegible] શકે એમ નિશ્ચય છે. દયા, શુદ્ધ પ્રેમ, પરોપકાર [illegible] આદિ જે ધર્મમાં ગુણો નથી તે ખરેખરી રીતે ધર્મ [illegible] જૈનધર્મમાં આવા સદ્વિચારોથી ઉદાર ભાવ [illegible] આર્ય [illegible] નરનારીઓ પરસ્પર એક બીજાની સાથે મૈત્રી ભાવ [illegible] અને તેમજ સર્વ જીવોને સાહાય્ય આપશે ત્યારે આર્ય દેશની ઉન્નતિ થશે. જ્ઞાનચારિત્ર આદિ સદ્ગુણોથી સર્વ આર્યોને ઉત્તમ બનાવવા સેવા કરવી એજ ઉદયનું ચિન્હ છે.

પ્રશ્ન—ધર્મ એટલે શું ?

ઉત્તર—દુર્ગતિમાં પડતા પ્રાણીઓનો ઉદ્ધાર કરીને જે શુભ ગતિમાં સ્થાપન કરે તેને ધર્મ કહે છે. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સદ્ગુણોને ધર્મ કહેવામાં આવે છે. वत्थु सहावो धम्मो-वस्तुस्वभावो धर्मः વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. જડનો જડત્વનો ધર્મ છે અને આત્માનો જ્ઞાનદર્શન ચારિત્રાદિ ધર્મ છે. જે જે વસ્તુઓ

જે જે લક્ષણો દેખવામાં આવે તે તે તે વસ્તુઓનો ધર્મ છે. આત્માનો વ્યવહારનયની અપેક્ષાએ સમકિત ધર્મ, શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મ છે. શ્રુતધર્મની પ્રાપ્તિ થવાથી ચારિત્રધર્મની આરાધના કરી શકાય છે. વિનય, વિવેક, જિજ્ઞાસા, સેવા, ભક્તિ, સદ્ગુરૂની ઉપાસના અને તેમને ધર્મની પૃચ્છા કરવાથી ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

પ્રશ્ન—ધર્માર્થ યુદ્ધો કરવાની જરૂર છે.

ઉત્તર—ધર્માર્થ યુદ્ધો કરવાની જરૂર છે. દુનિયામાં થતી લડાઇઓને શાન્ત કરવી અને ધર્મને માટે કોઇનું લોહી ન રેડવું એજ ધર્મ ગણાય છે. દુનિયાના મનુષ્યોને અભય, અદ્વેષ, અખેદ, શાન્તિ અને સુખ આપનાર ધર્મ છે. જે મનુષ્યો ધર્મના નામે તરવાર, બંદૂક અને તોપો વડે જ્યાં લડાઇ ચલાવે છે ત્યાં પ્રભુનો ખરો ધર્મ નથી, કારણ કે જ્યાં સર્વ જીવો પર દયા ન હોય તો ત્યાં પ્રભુના ખરા ધર્મનો વાસ હોતો નથી. પ્રભુનો ધર્મ તો દુનિયામાં સર્વ જીવો પર કરૂણાબુદ્ધિ પ્રગટાવે છે જે જે ધર્મવાળાઓએ ધર્માન્ધ થઇને અન્ય ધર્મીઓ પર બન્દુકો, તોપો અને તરવારો ચલાવી છે તે તે ધર્મવાળાઓએ ધર્મની ખરી દિશાને ઓળખી નથી. મનુષ્યો વગેરેનાં લોહી રેડવામાં ધર્મ નથી પણ અધર્મ છે. દયા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય આદિ ધર્મ છે. મિથ્યાત્વીઓ પર કરૂણા અને માધ્યસ્થ ભાવના રાખવાનું કાર્ય ખરેખર ધર્મ શીખવે છે. કામ, ક્રોધ, લોભ, માન આદિ દુર્ગુણોની સાથે યુદ્ધ કરવું એજ ખરૂં યુદ્ધ કરવાનું ધર્મ શિખવે છે.

મણિચંદ્રજી અને કાકીમા.

અમદાવાદમાં મણિચન્દ્રજી નામના [illegible] વિદ્યમાન હતા. [illegible]

તે આત્માર્થી છે. ત્રીજાભવે મુક્તિગામી છે. શ્રીમંધરસ્વામીનાં વચન સાંભળીને દેવતા મુનિ મણિચંદ્રજી પાસે આવ્યો અને તેમની દશા દેખી પ્રસન્ન થયો અને કહ્યું કે તમે કંઇ માગો. મણિચંદ્રજીએ કહ્યું કે આત્માના શુદ્ધ સ્વરૂપ વિના મ્હારે કાંઇ જોઇતું નથી. દેવતાએ કહ્યું કે હું તમારા શરીરનો રોગ મટાડું ત્યારે મણિચંદ્રજીએ કહ્યું કે પ્રારબ્ધરૂપ જે કર્મ મ્હારે ભોગવવાનું છે તે ભોગવ્યા વિના છુટકો નથી. મને આનંદ છે. મણિચંદ્રજીએ દેવતાને પૂછ્યું કે અમદાવાદ શહેરમાં શાસન દેવતાઓનો વાસો છે કે કેમ ? ત્યારે દેવતાએ કહ્યું કે શાસન દેવતાનો વાસો છે. મણિચંદ્રજી મહારાજ પાસે પેથાભાઇ શેઠે અભ્યાસ કર્યો હતો અને તેમણે મુનિની પંચ ભાવનાની સજ્ઝાય બનાવેલી છે. ખુશાલભાઇ શેઠે પણ મણિચંદ્રજી મહારાજજીપાસે અભ્યાસ કર્યો હતો અને તેથી ખુશાલભાઇ દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મ જ્ઞાનના વિષયમાં અનુભવી થયા હતા. ખુશાલભાઇ શેઠની પાસે તળાજાની પોળવાળા ત્રિભોવનદાસે અભ્યાસ કર્યો હતો. મણિચંદ્રજી મહારાજે અનુભવ જ્ઞાનની એકવીશ સજ્ઝાયો બનાવી છે અને તેમાં અધ્યાત્મ જ્ઞાનના આનંદની રેલછોળો થઇ રહી છે. ત્રિભોવન શેઠ ભીખાર શ્રી પાળતા હતા અને તે કાશીમા નગીને ભાગળમાંના હતા. શીવમા શતકના પ્રારંભમાં કાશીમા તથા ત્રિભોવનદાસ વિદ્યમાન હતા. કાશીમા કચ્છ જાણતાં નહોતાં. ત્રિભોવનદાસ અનુભવી પુરુષ હતા. ત્રિભોવનદાસ તથા કાશીમા એક દિવસ પ્રભુપૂજા કરી બાદ ધ્યાન કરતા હતા. ધ્યાન કર્યા બાદ ત્રિભોવનદાસે કાશીમાના હાથમાં આનન્દઘનજીનું પુસ્તક મૂક્યું અને વાંચવાનું કહ્યું. કાશીમાએ એકદમ પુસ્તક વાંચવા માંડ્યું ત્યારથી તેમનો અનુભવ ખીલવા માંડ્યો અને ત્રિકાલીનો પુરુષ થયા. મોહનલાલ શેઠ તથી મનુ ધરાતા કાશીમાના શાની થયા અને તેમની પાસે મુનશાનનો અભ્યાસ કરવા લાગ્યા. કાશીમા અને મોહનલાલ શેઠ પંડિત વીરવિજયજી અને દેવચંદ્રજીના વ્યાખ્યાન સાંભળવા જતા હતા, અને સાંજે ભાવનો પણ તેમની મુલાકાત પૂછતા હતા. વકીલ કેશવલાલ પ્રેમચંદના પિતાશ્રીના મિત્ર મોહનલાલ શેઠ હતા. અને હાલ મોહનલાલ શેઠની દશા વર્તે છે.

धर्म विभागो तथा धर्मांगोना भनो वेपार.

વિશ્વમાં વર્તતા સર્વ ધર્મોના ઐતિહાસિક જન્મ તરફથી માલુમ પડે છે કે અનેક ધર્મોના વિચારો અને આચારોમાં, દયા, સત્ય, દાન આદિ

નુસારે કંઇ ને કંઇ ફેરફાર થએલા જણાય છે. વિચાર, મતભેદ તથા આચાર મતથી જૈન ધર્મમાં શ્રીવીર પ્રભુની પાછળ શ્વેતાંબર તથા દિગંબર એ બે ફેરમ ભિન્ન પડેલી માલુમ પડે છે. દિગંબરોમાં મૂલસંઘી, કાષ્ઠાસંઘી, માથુરસંઘી વગેરે જે મતભેદ થયા છે તે પણ વિચાર અને આચાર મતભેદથી થએલા ફેરફારો છે. શ્વેતાંબરોમાં મૂર્તિપૂજક અને તેમાંથી નીકળેલા સ્થાનક વાસીઓ અને તેમાંથી નીકળેલા તેરાપંથીઓ ઇત્યાદિ ફેરફારોમાં વિચાર, મતભેદજન્ય આચાર ઇત્યાદિ મતભેદ કારણ છે. શ્રીવીર પ્રભુના સમકાલીન સાધુઓ અને સાધ્વીઓ તથા સાંપ્રત વિદ્યમાન સાધુઓ અને સાધ્વીઓના આચારો, ઉપકરણો, વેષ અને વિચારોમાં ફેરફાર જણાય છે અને ભવિષ્યમાં કેવા પ્રકારના ફેરફારો થશે તે તત્સમયના વિદ્વાનો અવબોધી શકશે. વેદ ધર્મગત વિચારોમાં અને આચારોમાં પણ ઐતિહાસિક પુસ્તકોના વાંચનથી ઘણા ફેરફારો થએલા જાણી શકાય છે. જે જે ફેરફારોની ચર્ચાઓની ચર્ચાઓ પુસ્તકોમાં ચઢી અને તેના સંરક્ષકો થઇ ગયા, અને સાંપ્રત વિદ્યમાન છે તેનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવાથી સમય જ્ઞાનમાં વૃદ્ધિ થઇ શકે છે. સાંખ્યધર્મ, વેદાન્તધર્મ, જૈમિની, વૈશેષિક, કણાદ, પતંજલિ, શંકરાચાર્યમત, રામાનુજ મત, વલ્લભ સંપ્રદાય, માધવાચાર્ય સંપ્રદાય, સ્વામીનારાયણ સંપ્રદાય, આર્યસમાજ, પ્રાર્થના સમાજ, લિંગાયત, બ્રહ્મસમાજ, બીજધર્મ, રાધાપન્થ આદિ અનેક હિન્દુ ધર્મ તરીકે હાલ જે ધર્મો થએલા છે તેમાં ફેરફારો થએલા છે. તે સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવયોગે વિચારભેદ અને આચારભેદથી અવબોધી શકાય છે. બુદ્ધ ધર્મમાં અઢી હજાર વર્ષમાં ઘણા મતભેદો થએલા અવલોકી શકાય છે. ખ્રીસ્તિધર્મ, યાહુદીધર્મ, જ્યુધર્મ, વામમાર્ગીધર્મ, મુસલમાનધર્મ વગેરે ધર્મમાં વિચારભેદ અને આચાર મતભેદથી અનેક ફેરફારો થએલા અવબોધાય છે અને ભવિષ્યમાં દ્રવ્યક્ષેત્ર કાલભાવભેદે ઘણા ફેરફારો થશે, તે ભવિષ્યમાં થનાર વિદ્વાનો અવબોધી શકશે. વ્યાવહારિક, રાજકીય, વ્યાપારાદિકાદિ વિષયોમાં પણ અનેક કારણોથી અનેક ફેરફારો થએલા અવબોધી શકાય છે. ઉત્પાદ વ્યય અને ધ્રુવ વડે સદ્વસ્તુ સર્વત્ર સમજી શકાય છે. વસ્તુ માત્રમાં ઉત્પાદ વ્યય થાય છે અને ધ્રુવરૂપે ધ્રુવપણું છે.

जैनोनी संख्या घटवानां कारणो.

૧. [illegible]

૨. જુલમ

પસંદ કરવામાં આવે તો તે યોગ્ય ગણી શકાય. આખા હિન્દુસ્તાનના જૈનોમાં આવા ઉત્તમ વિચારોને પ્રથમ તો ફેલાવવાની જરૂર છે. પશ્ચાત્ એક મહા સભા કરવાની જરૂર છે. પશ્ચાત્ આગેવાન આચાર્યોએ એ કાર્ય ઉપાડી લેવું જોઇએ. ધર્મના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ વગેરેનાં પુસ્તકો તેમના નામે રાખવામાં આવે અને જ્ઞાનાલયમાં તે જુદી જુદી ઓરડીઓમાં મૂકવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં આવે અને તેમને ખપ પડે મોકલવામાં આવે તો જૈન ભારત જ્ઞાનાલયની ઉન્નતિ થાય. એક જૈન ભારત મહાજ્ઞાનાલય અને તેની વ્યવસ્થા થાય તો જૈનોનો ઉદય થઇ શકે.

સાધુઓને પૂર્વની પેઠે ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓનું જ્ઞાન વધે અને તેથી તેઓ ઉપદેશ દેઇને લાખો-કરોડો મનુષ્યોનું કલ્યાણ કરી શકે. હાલમાં પ્રાચીન પાઠશાળા વ્યવસ્થા ક્રમ જોઇએ તેવો રહ્યો નથી. પૂર્વે ગૃહસ્થો ગૃહસ્થાવસ્થામાં સંસ્કૃત આદિ ભાષાજ્ઞ હતા તેથી તેઓ સાધુ થતા ત્યારે હાલની પેઠે પંચ સંધિથી અભ્યાસ શરૂ કરાવવો પડતો નહોતો એમ પ્રાયઃ દેખવામાં અનુભવવામાં આવે છે. આચાર્યો, ઉપાધ્યાયો વગેરે ભણાવવાનું કાર્ય સારી રીતે કરતા હતા. ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓ હાલ અમુક સાધુ પાસે ભણી શકે એવી સ્થિતિ દેખવામાં આવતી નથી અને તેમજ એક ગચ્છના સાધુઓમાં પણ સંપના અભાવે વિદ્વાન્ સાધુઓની પાસે અભ્યાસ કરવાની અન્ય સાધુઓને અમુક કારણોથી સગવડ મળી શકતી નથી. શ્રી દેવચંદ્રજી ખરતર ગચ્છના હતા. તેમની પાસે તપાગચ્છના શ્રી ઉત્તમવિજયજીએ તથા શ્રી જિનવિજયજીએ પણ અભ્યાસ કર્યો હતો એમ તેમના ચરિત્રથી જણાય છે. શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય પણ એક વખતે ખરતર ગચ્છમાં કેટલાક વખત સુધી રહ્યા હતા તે વખતે તેમની પાસે ખરતર ગચ્છના સાધુઓએ અભ્યાસ કર્યો હતો એમ અવબોધાય છે. ચૈત્યવાસી સાધુઓની પાસેથી પણ પૂર્વે સાધુઓ જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. હાલમા તો જાણે સંકુચિત દૃષ્ટિ થઇ ગઇ હોય એવું ઘણુંભાગે લાગે છે. પ્રાચીન અને આધુનિક એ બે જમાનાનાં અભ્યાસનું યોગ્ય એવું મિશ્રણ કરીને સાધુઓને અભ્યાસ કરાવવાની આવશ્યકતા છે. જમાનાને ઓળખવો જોઇએ અને હાલના જમાનાના લોકોને ઉપદેશ આપી શકાય એવી પ્રણાલિકાથી અધ્યયન કરવું જોઇએ. રાજ્ય ભાષાનો પણ સાધુઓએ અભ્યાસ કરવો જોઇએ. જમાનાને અનુસરી જાહેર બોધ આપવો જોઇએ. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓ કે

૩. અનારોગ્યના હેતુઓનું સેવન.
૪. કેટલાકોને સ્ત્રીઓની સાથે લગ્ન થવાનો અભાવ.
૫. પ્લેગ વગેરે રોગો પ્રગટ થતાં તેનાથી દૂર રહેવાની વ્યવસ્થાનો અભાવ.
૬. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યાદિનું ભક્ષણ.
૭. શરીર બળ વૃદ્ધિ પામે એવા વ્યાયામ વગેરે કારણોનો અભાવ.
૮. શાસ્ત્રોક્ત તથા વૈદ્યકીય નિયમ પ્રમાણે બ્રહ્મચર્ય પાળવાનો અભાવ.
૯. સાધર્મ્યવાત્સલ, પ્રભાવના વગેરેથી જૈનોને સાહાય્ય આપવાના વાસ્તવિક હેતુઓના સેવનનો અભાવ
૧૦. પરસ્પર સંઘમાં વૈર-ક્લેશ-ટંટા-બખેડા થવાના હેતુઓનું સેવન.
૧૧. હવાથી શરીરનું પોષણ થાય એવા સ્થાનોમાં ઘર બાંધવાનો તથા રહેવાનો અભાવ
૧૨. કન્યાવિક્રયનું મહા પાપ સેવન વગેરે પાપોનું પ્રાકટ્ય.
૧૩. વિશ્વાસઘાત, જૂઠ, જૂઠી સાક્ષીઓ, અપ્રમાણિકતા, વ્યભિચાર, ઇર્ષ્યા, જૂઠા દસ્તાવેજ, અન્ય મનુષ્યોના આંતરડાં દુઃખવવા-હાય લેવી ઇત્યાદિ.
૧૪. ગુરૂશ્રદ્ધાભક્તિની ખામી.
૧૫. જૈન સંઘ નાયકોનું જૈન સંખ્યા વૃદ્ધિ પામે અને વધે નહીં તત્સંબંધી દુર્લક્ષ.
૧૬. જૈન સંખ્યામાં વૃદ્ધિ થાય એ માટે [illegible] કરવાનો તથા યોગ્ય [illegible] અભાવ.
૧૭. ચારે વર્ણમાં જૈન ધર્મ [illegible] અભાવ તથા [illegible] વર્ણ આદિના મનુષ્યોને જૈન બનાવવાની [illegible] અભાવ
૧૮. દરેક વર્ણના મનુષ્યો જૈન [illegible] અભાવ તથા તત્સંબંધી [illegible] અભાવ

આર્યાવર્તમાં એક મોટું [illegible] જૈન કે ક્રિશ્ચિયનોની મોટામાં મોટી [illegible] આર્ય અને જૈન ધર્મ [illegible] રાખવામાં [illegible] ઉપાય જૈનોના [illegible] અત્યારે અન્ય [illegible] બનાવવા. માટે [illegible] આદિ ટ્રેક્ટ, અમદાવાદ, પ્રાંતીજ [illegible]

પસંદ કરવામાં આવે તો તે યોગ્ય ગણી શકાય. આખા હિન્દુસ્તાનના જૈનોમાં આવા ઉત્તમ વિચારોને પ્રથમ તો ફેલાવવાની જરૂર છે. પશ્ચાત્ એક મહા સભા કરવાની જરૂર છે. પશ્ચાત્ આગેવાન શ્રાવકોએ એ કાર્ય ઉપાડી લેવું જોઇએ. ધર્મના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ વગેરેનાં પુસ્તકો તેમના નામે રાખવામાં આવે અને જ્ઞાનાલયમાં તે જુદી જુદી કોટડીઓમાં મૂકવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં આવે અને તેમને ખપ પડે મોકલવામાં આવે તો જૈન ભારત જ્ઞાનાલયની ઉન્નતિ થાય. એક જૈન ભારત મહાજ્ઞાનાલય અને તેની વ્યવસ્થા થાય તો જૈનોનો ઉદય થઇ શકે.

સાધુઓને પૂર્વની પેઠે ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓનું જ્ઞાન વધે અને તેથી તેઓ ઉપદેશ દેઇને લાખો-કરોડો મનુષ્યોનું કલ્યાણ કરી શકે. હાલમાં પ્રાચીન પાઠપાઠન વ્યવસ્થા ક્રમ જોઇએ તેવો રહ્યો નથી. પૂર્વે ગૃહસ્થો ગૃહસ્થાવસ્થામાં સંસ્કૃત આદિ ભાષાજ્ઞ હતા તેથી તેઓ સાધુ થતા ત્યારે હાલની પેઠે પંચ સંધિથી અભ્યાસ શરૂ કરાવવો પડતો નહોતો એમ પ્રાય: દેખવામાં અનુભવવામાં આવે છે. આચાર્યો, ઉપાધ્યાયો વગેરે ભણાવાનું કાર્ય સારી રીતે કરતા હતા. ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓ હાલ અમુક સાધુ પાસે ભણી શકે એવી સ્થિતિ દેખવામાં આવતી નથી અને તેમજ એક ગચ્છના સાધુઓમાં પણ સંપના અભાવે વિદ્વાન્ સાધુઓની પાસે અભ્યાસ કરવાની અન્ય સાધુઓને અમુક કારણોથી સગવડ મળી શકતી નથી. શ્રી દેવચંદ્રજી ખરતર ગચ્છના હતા. તેમની પાસે તપાગચ્છના શ્રી ઉત્તમવિજયજીએ તથા શ્રી જિનવિજયજીએ પણ અભ્યાસ કર્યો હતો એમ તેમના ચરિત્રથી જણાય છે. શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય પણ એક વખતે ખરતર ગચ્છમા કેટલાક વખત સુધી રહ્યા હતા તે વખતે તેમની પાસે ખરતર ગચ્છના સાધુઓએ અભ્યાસ કર્યો હતો એમ અવબોધાય છે. ચૈત્યવાસી સાધુઓની પાસેથી પણ પૂર્વ સાધુઓ જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. હાલમા તો જરા સંકુચિત દૃષ્ટિ થઇ ગઇ હોય એવું ઘણાભાગે લાગે છે. પ્રાચીન અને આધુનિક એ બે જમાનામાં અભ્યાસનું યોગ્ય એવું મિશ્રણ કરીને સાધુઓને અભ્યાસ કરાવવાની આવશ્યકતા છે. જમાનાને ઓળખવો જોઇએ અને હાલના જમાનાના લોકોને ઉપદેશ આપી શકાય એવી પ્રણાલિકાથી અધ્યયન કરવું જોઇએ. રાજ્ય ભાષાનો પણ સાધુઓએ અભ્યાસ કરવો જોઇએ. જમાનાને અનુસરી જાહેર બોધ આપવો જોઇએ. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓ કે

છે તેનો આપુ માર્ગમાં જમાનાને અનુસરી આચાર વગેરેમાં સુધારો કરી શકે છે. ગીતાર્થ મુનિવરોનું એ કાર્ય છે. અનુચિત એમ અભ્યાસ કરશે. જૈન ધર્મમાં આગમોને ઉત્તમ અને મુખ્ય તરીકે માનવામાં આવ્યા છે.

જૈનોની પ્રગતિ ખરેખર જૈન ધર્મના ફેલાવા માટે થાય તો જૈન ધર્મનો ફેલાવો થાય છે. આર્યસમાજીઓને ગુરૂઓ અને પંડિતોનો પોત-પોતાનો ધર્મ ફેલાવવા માટે વિશેષ જરૂર દેખાય છે. આર્યસમાજીઓ જે સુધારાઓ કરે છે તેમાંના કેટલાક હાલના જમાનાને અનુકૂળ, જેથી કેળવાયલા વર્ગનો મોટો ભાગ તે તરફ આકર્ષાયો છે. આર્યસમાજીઓ કર્મથી જાતિ માને છે. જૈનો તો અસલથી કર્મથી જાતિ માનતા આવ્યા છે તેથી તેમના કરતાં જૈનોના વિચારો તે બાબતમાં પૂર્વ કાળથી અગ્રમત છે. આર્યસમાજીઓ ગુરૂકુળ સ્થાપન કરે છે જૈનોની પાઠશાળાઓ પણ અમુક અંશે ગુરૂકુળની ગરજ સારે છે. આર્યસમાજીઓ અન્ય ધર્મવાળાઓને પોતાના ધર્મમાં દાખલ કરે છે. જૈનો પણ અન્ય ધર્મીઓને પોતાના ધર્મમાં દાખલ કરે છે. જૈનોમાં હાલ એવા પ્રકારની વ્યવસ્થા થવી જોઈએ કે અન્ય જાતિના લોકો જૈન ધર્મ પાળવા તત્પર થાય તો તેઓને જૈન ધર્મ શ્રદ્ધા વિધિ પૂર્વક ગ્રહણ કરાવીને એક નવો વર્ગ ઉત્પન્ન કરવો અને તેમાં અન્ય જાતિના લોકોને જૈન બનાવીને દાખલ કરવામાં આવે. આગળ જતાં સો વર્ષ ઉપર થતાં તેઓને અસલ જૈનોની સાથે ભેળવી દેવામાં આવે. બ્રાહ્મણવણિકો વગેરે ઉત્તમ વર્ણના લોકોને તો તુર્ત પોતાની સાથે ભેળવી દેવામાં આવે તો તે યોગ્ય ગણાય. હાલમાં જૈન સમાજના વિચારોને અનુકૂળ રહીને આટલું પણ નવીન ધર્મ પ્રચારક કાર્ય પ્રારંભવામાં આવશે તો ભવિષ્યમાં તેનું ઉત્તમ ફળ આવશે અને ભવિષ્યનો કેળવાયલો વર્ગ આ કાર્યને સારી મદદ આપશે. આર્યસમાજમાં ઉપદેશકો ધર્મ ફેલાવવાનું કાર્ય કરે છે ત્યારે જૈનોમાં સાધુઓ સાધ્વીઓ અને કેટલાક ગૃહસ્થો પણ હાલની રૂઢીથી જૈન ધર્મોપદેશ દેવાનું કાર્ય કરે છે. આર્ય સમાજીઓ લક્ષ્મીનું બળ ધરાવતા નથી અને જૈનો તો હાલ લક્ષ્મીનું મોટું બળ ધરાવે છે. આર્ય સમાજીઓ કેળવણીને મદદ આપે છે તેમજ જૈનો પણ કેળવણીને મદદ આપે છે. જૈનો પાછળ હઠે તેવા નથી પણ હજી તેઓનામાં જૈન ધાર્મિક કેળવણી અને વ્યાવહારિક કેળવણીની ન્યૂનતા છે તેથી તથા શારીરિક બળ તથા માનસિક બળની ન્યૂનતાથી સર્વની આગળ ગમન કરી શક્યા નથી. આર્યસમાજીઓ કરતા જૈનોની જૈનાગમો ઉપર

[illegible] છે પણ તેઓ [illegible] આરોગ્યમાં [illegible] લાયક [illegible] નથી [illegible] ધર્મ [illegible] છે અને [illegible]

[illegible] પણ [illegible] નથી અને [illegible] આત્મા [illegible] નથી [illegible] ધર્મની [illegible] આધ્યાત્મિક [illegible] જૈન ધર્મમાં [illegible] કર્મ, [illegible] આવું [illegible] નથી [illegible]

[illegible] મનુષ્યોના [illegible] હિન્દુઓએ [illegible] સહાય આપી છે [illegible] વડે સહાય આપી છે [illegible] બીજાને અન્ય વિદ્વાનોનું કાર્ય પોતે [illegible] જૈનોએ પોતાનો ધર્મ ધારી [illegible] રાજ્યમાં કેળવણીના પ્રતાપે [illegible] મજબૂત કરવાનો અને જૈન ધર્મ ફેલાવાના ઉપાયો લેવાનો વખત આવી પડ્યો છે. હવે જૈન બંધુઓએ સોનેરી તક ન ગુમાવવી જોઈએ.

જૈન ધર્મની સર્વ ધર્મોમાં શ્રેષ્ઠતા છે. સર્વ ધર્મોમાં સકલનયોની અપેક્ષાએ જૈન ધર્મ સત્ય છે એમ શ્રદ્ધા ધારણ કરીને સ્વધર્માભિમાન ધારણ કર્યું, એટલું કરીને પણ જૈનોએ બેસી રહેવાનું નથી. જૈન ધર્મનું અભિમાન ધારણ કરીને ચારિત્ર માર્ગમાં આગળ વધવાની જરૂર છે. જૈન ધર્મમાં બતાવેલા નીતિના વિચારો-આચારો પ્રમાણે વર્તીને ખરા આર્ય જૈન તરીકે બનીને અન્યોને દૃષ્ટાન્તીભૂત થવું જોઇએ. અમારા આંબાની કેરી ઘણી મીઠી છે એમ કહેવા માત્રથી મીઠા રસનો સ્વાદ આવતો નથી. પણ કેરીને ઘોળીને તેનો જીહ્વા ઉપર રસ મૂકવાથી મિષ્ટ રસનો સ્વાદ આવે છે. જૈનો જૈનશાસ્ત્રમાં બતાવેલા ગુણોને પોતે ધારણ કરે તો અન્ય ધર્મીઓની આગળ મુખ ઉંચુ કરીને બોલી શકે અને તેઓને સમ્યક્ત્વના માર્ગ તરફ વાળી શકે. જૈન નામ ધરાવીને જિન પ્રભુની આજ્ઞા પ્રમાણે જે જૈનો નથી વર્તતા, તેઓ જૈન ધર્મના આરાધક બની શકતા નથી. માર્ગાનુસારી ગુણો ધારણ કરવાથી જૈન ધર્મની પ્રાપ્તિ સન્મુખ પગલાં ભરી શકાય છે. જે મનુષ્યો જૈન ધર્મના આચારો અને સદ્વિચારો પ્રમાણે વર્તે છે તે જૈન ધર્મની સારી રીતે પ્રભાવના કરી શકે છે. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારુણ્ય એ ચાર ભાવનાઓને આચારમાં મૂકીને આર્ય જૈનોએ જૈન ધર્મ સેવવો જોઇએ. દુર્વ્યસનો, દુર્ગુણોથી દૂર રહીને જૈન ધર્મની આરાધના કરનાર જીવો જગત્માં પ્રતિષ્ઠા પામે છે. જૈન ધર્મમાં કહેલા સદ્ગુણો પ્રમાણે જો જૈનો વર્તે તો ક્લેશ, તકરાર, ઇર્ષ્યા, નિન્દા, અને તોફાનોનો અન્ત આવે અને જૈન સમાજ એક દિવ્ય શાન્ત સ્વર્ગમય જેવો બની શકે. દયાગુણ વડે જૈનો જેમ અન્ય ધર્મીઓ ઉપર દાખલો બેસાડે છે તેમ અન્ય ગુણોવડે અન્ય ધર્મીઓની પ્રશંસાના પાત્ર બનવાની જરૂર છે. જૈન ધર્મની અનુમોદના કરનાર અન્ય એકાન્ત વાદિયો પણ જૈન ધર્મના સમ્મુખ થઇ શકે છે. અન્ય લોકો જૈન ધર્મની પ્રશંસા કરે તો તેમાં જૈનોને મહાન્ લાભ પ્રાપ્ત થાય છે. અન્ય ધર્મીઓને સદ્ગુણોવડે જીતો અને અન્ય ધર્મીઓને સદ્ગુણો વડે પોતાની તરફ આકર્ષી શકો. લોહચુંબકમાં શક્તિ છે તો તે લોઢાને પોતાની તરફ ખેંચી શકે છે તેમ જૈનોમાં જેમ જેમ સદ્ગુણો વધશે તેમ તેમ તેઓ અન્ય ધર્મીઓને પોતાની તરફ આકર્ષી શકશે. ગુણ વિનાનો ઘટાટોપ નકામો છે. સદ્ગુણી જૈનોદ્વારા જૈન ધર્મનો ફેલાવો થાય છે. જૂઠાના હાથમાં સાચુ રત્ન હોય તો પણ કોઇ તેની વાતનો એકદમ વિશ્વાસ કરે નહિ. સત્યના બળને ગુણો વડે એકઠું કરવું અને તે વડે જૈન ધર્મની પ્રભાવના કરવી.

ધર્મ તરફ અન્યદેશીય વા સ્વદેશીય આંગ્લ ભાષાના વિદ્વાનોની ધર્મ તરફ રૂચિ પ્રગટાવી શકે. આંગ્લ ભાષાની પરિપૂર્ણ વિદ્વત્તા મેળવીને જૈન સાધુઓ જો જૈન ધર્મનાં તત્વો સંબંધી જાહેર ભાષણો આપે તો ખરેખર આ જમાનામાં તેઓ જૈન ધર્મને જાહેરમાં લાવી શકે. શ્રી મહાવીર સ્વામિનું જીવન ચરિત્ર હાલની ઉચ્ચ લેખન પદ્ધતિના અનુસારે રચાવું જોઇએ અને તે તે ચરિત્રનો ઘણી ભાષામાં અનુવાદ થવો જોઇએ. મહાન્ જૈન ધર્મના ઉપદેષ્ટા સર્વજ્ઞ શ્રીવીર પ્રભુના ચરિત્રથી ઘણા દેશના લોકો અજાણ છે. આર્યાવર્તમાં પણ ઘણા લોકો શ્રીવીર પ્રભુના જીવન ચરિત્રથી અજાણ છે. શ્રીવીર પ્રભુનું ચરિત્ર વાંચ્યા બાદ લોકોની જૈન શાસ્ત્રો જોવા માટે અભિરૂચિ વધે એ સ્વાભાવિક છે. પ્રાચીન પદ્ધતિના અનુસારે જૈન ધર્મનો ઉપદેશ ગ્રહણ કરનારાઓ જૈનો માટે તો અસલની રીતિ પ્રમાણે સાધુઓનો ઉપદેશ ઉત્તમ છે. પણ નવા જમાનાની રીતિની અભિરૂચિધારકો માટે તો અન્ય ઉપાયો ગ્રહણ કરવાની આવશ્યકતા છે. પણ આ બધા સદ્વિચારોનો માર્ગ ગ્રહણ કરાવનાર સદ્ગુરૂઓ પ્રગટાવવા જોઇએ અને જૈનાગમથી અવિરૂદ્ધ પણે જૈન ધર્મનો ફેલાવો કરવો વા આરાધના કરવી એ મૂલ મંત્ર લક્ષ્યમાં રાખવાની જરૂર છે. પરિપૂર્ણ જૈન શાસ્ત્રોનો અસલની રીત પ્રમાણે ગુરૂગમ પૂર્વક અભ્યાસ કરીને આંગ્લ ભાષા વગેરેમાં જૈન તત્ત્વોનો ફેલાવો કરવામાં આવે તો ભૂલો ન થઇ શકશે, અન્યથા ભૂલ થાપનો પ્રસંગ પ્રાપ્ત થઇ શકશે. નવા જમાનાની શૈલી પ્રમાણે જૂનાં ચરિત્રોને નવીન ચરિત્ર રૂપમાં મૂકવાથી વધારે લાભ થવાનો સંભવ છે, તેમાં પણ સૂચના કે વર્તમાનવિદ્યમાનગીતાર્થ પુરૂષોની સલાહ તો પ્રસંગોપાત્ત લેવીજ જોઇએ.

ઘણા લોકો અમારી પાસે આવીને કહે છે કે પ્રતિદિન જૈનોની વસતિ ઘટતી જાય છે. કેટલાક કહે છે કે જૈનોની વસતિ વધારવા ઉપાયો લેવા જોઇએ. કેટલાક કહે છે કે તેર લાખ જૈનોએ અન્ય ધર્મિયોની સામુ ટકી રહેવું જોઇએ. કેટલાક કહે છે કે આર્ય સમાજીઓની પેઠે પગલાં ભરવાં જોઇએ. કેટલાક કહે છે કે હવે જૂના રિવાજોને દેશવટો દેઇ નવા રીવાજો દાખલ કરવા જોઇએ. પ્રેસ કથે છે કે જૈનોમા ઉત્સાહ નથી કેટલાક કહે છે જૈનો બીકણ છે તેથી જૈન ધર્મની પડતી દશા આવી છે. કેટલાક જૈનો કથે છે કે જૈનોમાં કુસંપ ઘણો વધ્યો છે તેથી જૈનોની પડતી દશા આવી છે. કેટલાક કહે છે કે કેળવાયેલા જૈનોમાં સ્વધર્માભિમાન નથી

અને તેથી તેઓ કંઇ જૈનોનું શ્રેયઃ સાધી શકે તેમ નથી. સુધારકો કહે છે કે જૂનાઓમાં કંઇ સત્વ નથી અને તેઓ કોઇ કંઇ કરે છે તેની ટીકાઓજ કર્યા કરે છે. કેટલાક જૂના વિચારકો કહે છે કે નવા વિચારકોથી આપણે જૂદા પડી જવું. કેટલાક કહે છે કે હાથમાં સ્વતંત્રતા વધારવી અને ગમે તે ધર્મમાં દાખલ થવું. કેટલાક કહે છે કે જૈનોના સંકુચિત વિચારો છે તેથી જૈન કોમના શ્રેયઃ કાર્યો કરવામાં ઘણી મુશ્કેલી નડે છે. કેટલાક જૈનો કહે છે કે જૈનોમાં સુધારાઓ દાખલ કર્યા વિના ઉન્નતિ થવાની નથી. કેટલાક કહે છે કે જૈનો પરસ્પર એક બીજાને મદત કરી શકતા નથી. કેટલાક કહે છે કે વાણિયાઓના હાથમાં ધર્મ આવ્યો ત્યારથી જૈન ધર્મની પડતી થઇ. કેટલાક કહે છે કે જૈનો પોતાની લક્ષ્મીનો કેળવણી વગેરેમાં આર્ય સમાજની પેઠે ઉપયોગ કરી શકતા નથી. કેટલાક કહે છે કે જૈનોમાં ધર્માભિમાન બિલકૂલ ઘટી ગયું છે. કેટલાક કહે છે કે જૈનોમા સ્વાર્થ વગેરે દોષો વધવા લાગ્યા છે. કેટલાક કહે છે કે જૈનોને પોતાની જાતનું અભિમાન નથી. કેટલાક કહે છે કે જૈન સાધુઓ સાંકડી દૃષ્ટિ ધારણ કરે છે અને તેઓનામા સંપ નથી તેથી જૈન ધર્મની સેવા કરવાને તેઓ અશક્ત બન્યા છે. આ પ્રમાણે ઘણા લોકોના ભિન્ન ભિન્ન વિચારો સાંભળવામા આવે છે પણ તેઓ કુજાતિના ઉપાયોને શોધતા નથી અને તેમજ સ્વાશ્રયી બનતા નથી. કુસંપ, ઇર્ષ્યા, અભિમાન આદિ દુર્ગુણોનો ત્યાગ કર્યા વિના જૈનકોમના આગેવાનો પોતાનુ ભવિષ્ય સુધારી શકવાના નથી. મુસલમાનો ધર્મને માટે જેમ પ્રાણ પાથરે છે તેમ જૈનોમાં તેવી શક્તિ આવતી જોઇએ સાંકળની પેઠે એક બીજાની સાથે જૈનોએ સંપીને જોડાઇ રહી આગળ પગલું ભરવું જોઇએ.

જૈનોમા પ્રતિદિન સંપ વધે એવા ઉપાયો ઘણા જૈનો તરફથી લેવામાં આવે છે પણ તેમ છતાં કેટલાક આગેવાનોની ચીતરાને વહેવા લાગશે એમ કેટલાક સમાગોથી અવબોધાય છે. સાથે માનપૂર્ણ અને વિચારોના ભેદભેદ માનીને અહંતાના તાબે થએલા મનુષ્યો પોતાના આત્મભોગે સંપ થાય તેમ કરવા કંઇ બિલ નાખનારા તથા જૈનોની એકતામાં માન પૂર્ણ એ વિઘ્ન કરનાર છે. સર્વ ઉન્નતિના મૂલના સ્વાર્થથી વિઘ્નો નાખીને કેટલાક મનુષ્યો આનંદ માને છે પણ તેના અંતે વિષમતાઓને લાભ નથી. જૈનોમા સંપ થાય તે માટે વાણીનો પણ ત્યાગ કરનાર એવા જૈનો જ્યારે ઘણા થશે ત્યારે, જૈન ધર્મમાં સંપના વિચારો, વિદ્યુતની પેઠે જલ્દી

પ્રસરશે અને તેથી જૈન સંઘનો ઉદય થશે. ગમે તેવા સ્વાર્થનો ભોગ પણ જૈન ધર્મના અને જૈનોના ઉદય માટે આપવો જોઇએ, આવી લાગણી જ્યારે જૈનોમાં ફેલાશે ત્યારે જૈન ધર્મનો ફેલાવો થવાનો. જૈન ધર્મના ઉદય માટે પરિષહો સહન કરવાને માટે પણ આત્મા અચકાશે નહિ ત્યારે જૈન ધર્મનો ઉદય થવાનો. જૈન ધર્મનો ઉદય કરવા માટે તન, મન અને લક્ષ્મીનો ખરી રીતે ઉપયોગ થશે ત્યારે જૈન ધર્મનો ઉદય થવાનો. હાલમાં જૈનોમાં મહાવિદ્વાનોની ખાસ જરૂર છે. મહાવિદ્વાનો વિના જૈન ધર્મનો ઉદય કરવાના કાર્યોમાં ખોટ પડે છે. જૈન સાધુઓમાં પણ મોટા મોટા પંડિતો પેદા થાય એવી રીતની પાઠશાળાઓ કાઢવાની જરૂર છે. પહેલાં એકેક આચાર્યની પાસે સેંકડો સાધુઓ રહેતા હતા, શ્રીમદ્ શ્રી હીરવિજયસૂરિની પાસે પણ બે હજાર ઉપરાંત સાધુઓ હતા. હાલમાં કેટલાક લોકોની સાધુઓ તરફ અરૂચિ વધતી જાય છે તેનાં જે જે કારણો હોય તેનો પરિહાર કરવો જોઇએ. હાલમાં ભિન્નભિન્ન સાધુઓના સંઘાડામાં સંપ વધે એવા ઉપાયો લેવામાં આવે છે પણ ભાવી ભાવથી ઉદ્યમ લેખે આવતો નથી-અને ઉલટું પરિણામ આવે છે. તેનું કારણ અમને તો એમ લાગે છે કે સાધુઓમાં હાલના જમાનાને અનુસરી કેવી રીતે વર્તવાનું છે તેનું પુરેપુરૂં જ્ઞાન નથી તેથી તેઓ પોતાના એક તરફના વિચારોમાં હદ રહીને જમાનો ઓળખી શકતા નથી. કેટલાક સાધુઓ જમાનો ઓળખે છે પણ વૃદ્ધ અને કેટલાક વિઘ્ન નાખનાર સાધુઓની આગળ તેઓનું કશું ચાલતું નથી પણ ઉદ્યમની હજી ઘણી જરૂર છે. ભવિષ્યમાં કંઇ પરિણામ સારૂં આવે એવી સાધુઓની દૃષ્ટિ બને એવા ઉપાયો લેવાની જરૂર છે.

શ્રાવકોની સાધુઓ પ્રતિ એક સરખી ભક્તિ રહે એમ બને તો તેઓનો ઉદય થઇ શકે. એક શ્રાવક એક સાધુ પાસે જતો હતો. કેટલાક દિવસે તે મળ્યો અને અમને કહેવા લાગ્યો કે હવે હું એ સાધુની પાસે જતો નથી. મ્હેં પ્રશ્ન કર્યો કે તું શા માટે જતો નથી ત્યારે તેણે કહ્યું કે તેમના સંબંધી ખરાબ વાત સાંભળવામાં આવી છે. મ્હેં પૂછ્યું કે તે સંબંધી તેં જાતે તપાસ કરી છે ? તેણે કહ્યું કે મેં વાત સાંભળી છે પણ જાતે કંઇ તપાસ કરી નથી. મે કહ્યુ કોઇના કહેવાથી કોઇ વાત તું માની લે તો અનર્થ થાય કે ન થાય ? તેણે કહ્યુ હા થાય. મેં પૂછ્યું ત્હારા ઉપર તે સાધુનો ઉપકાર થયો કે કેમ ? તેણે કહ્યું હા, મ્હારા ઉપર

તેમણે મોરો ઉપકાર કર્યો છે. શાસ્ત્રોની ઘણી ઘણી વાતો તેમની પાસેથી સાંભળી છે, અને તેણે વ્યવહાર સમ્યકત્વ પમાડયું છે. મેં પૂછ્યું તે સાધુમાં તેં કેટલાં દૂષણો જોયાં ? તેણે કહ્યું મેં તો લોક અફવા સાંભળી છે. મેં પૂછ્યું બાપ !!! લોક અફવા સર્વ સાચી હોય શકે ખરી કે ? તેણે કહ્યું ના. સર્વે લોક અફવાઓ સાચી ન હોય. મેં પૂછ્યું તમે સાધુ ઉપર કેટલો બધો પ્રેમ રાખતા હતા ? તેણે કહ્યું હું ઘણો પ્રેમ રાખતો હતો અને તે પણ મ્હારા ઉપર અત્યંત પ્રેમ રાખતા હતા. મેં પૂછ્યું તું હવે જે ઉપાશ્રયે જાય છે તે સાધુની અફવા પણ સાંભળીશ તો પછી ક્યાં જઇશ. તેણે કહ્યું વળી બીજે ઉપાશ્રયે, મેં પૂછ્યું તું તે સાધુની નિન્દા કરે છે ? તેણે કહ્યું હા. મેં પૂછ્યું તે સાધુને તું કેવી દૃષ્ટિથી કદાપિ મળે છે તો દેખે છે ? તેણે કહ્યું ધિક્કાર દૃષ્ટિથી. મેં કહ્યું તારા ઉપર ઉપકાર કર્યો તેનો કંઇ ખ્યાલ તારા દિલમાં આવે છે? તેણે કહ્યું ના. મેં કહ્યું ત્હારામાં શ્રાવકના કેટલા ગુણ પ્રગટયા છે ? તેણે કહ્યું તે સંબંધી હું કંઇ લક્ષ આપતો નથી. મેં તેને કહ્યું કે હે શ્રાવક ! તું દુનિયામાં સર્વ ગુણો એક મનુષ્યમાં હોય એવો મનુષ્ય દેખાડી શકીશ ? તેણે કહ્યું ના. મેં કહ્યું તેં જેના ઉપર ઉપકાર કર્યા હોય તે મનુષ્ય તારા તરફ ધિક્કારની દૃષ્ટિથી દેખે તો તને કેવું લાગે. તેણે કહ્યું બહુ ખરાબ છેવટે મ્હેં તેને ઉપદેશ દીધો કે હે ભવ્ય મનુષ્ય ! હજી તું શ્રાવકના સદ્ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કર તું જે સાધુથી દૂર થયો છે તેના તે જાતિ તપાસથી નિર્ધાર કર્યો નથી. તેમજ છતા વા અછતા કોઇના દોષો કોઇના આગળ કહેવા નહિ એમ ધર્મરત્ન પ્રકરણમાં શ્રાવકના અગ્યારમા ગુણમાં કહ્યું છે. તેમજ ઉપકારીના દોષો તો કદિ બોલવા નહિ એમ સત્પુરુષો પ્રતિપાદન કરે છે તેમ છતાં તું તારા ઉપકારી સાધુની નિન્દા કરે છે એ કોઇ રીતે સારૂં નથી. ઉપકારીની સામે થવાથી મનુષ્ય કૃતઘ્ની બને છે અને તે નીચ ગતિ તરફ ગમન કરે છે. તને નિશ્ચયસમ્યકત્વનું કારણીભૂત એવું વ્યવહાર સમ્યકત્વ પમાડનાર જે સાધુ છે તેના સામું તું ધિક્કારની નજરથી દેખે છે ત્યાં સુધી તું શ્રાવકપદને લાયક નથી. મૈથુન આદિ કુકર્મ કરનારા એવા પાંજરાપોળના પશુઓ ઉપર પણ તું ધિક્કારની દૃષ્ટિથી દેખતો નથી ત્યારે તારા ઉપકારી એવા સાધુ ઉપર તું ધિક્કારની દૃષ્ટિથી દેખે એ કેટલું બધું ખરાબ ગણાય. હજી તો વ્હાલા બન્ધુ તારે મનુષ્ય થવું જોઇએ અને માર્ગાનુસારિના ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. ગમે તે ધર્મના અને ગમે

તેવા રોગી એવા ગૃહસ્થોનો તું સમાગમ કરે છે અને તેઓની સાથે મજાનાં બોલતાં ચાલતાં અનેક કાર્યો કરતાં તેઓના ઉપર પ્રેમ રાખે છે અને તારા ઉપકારી સાધુ ઉપર તો ધિક્કારની અને દોષ દૃષ્ટિથી દેખે છે એ કેટલું બધું ખરાબ ગણાય ? તું કદાપિ એમ જાણીશ કે તેમની સાથે સંબંધ રાખવાથી તેમના દોષોને ઉત્તેજન મળે. આ પણ ત્હારૂં માનવું યોગ્ય નથી. કારણ કે દુનિયા ગુણોને સમજે છે. કોઇ રોગીની પાસે જવાથી દાક્તરો કંઇ રોગને વા રોગીને ઉત્તેજન આપના નથી. આટલી બધી સંકુચિત દૃષ્ટિ ધારણ કરવી એ તને યોગ્ય નથી. તારામાં કંઇ બધા ગુણો નથી. તું વિચાર કરે તો ત્હારામાં પણ ઘણા દોષો હશે. તે દોષોને અન્યો પણ જાણતા હશે. અન્ય લોકો ત્હારી પાસે દોષોને ઉત્તેજન મળે એવું જાણી ત્હારી પાસે ન આવે તો તને કેવું લાગે ? દોષીની પાસે બેસનારાઓથી દોષીને દોષનું ઉત્તેજન મળતું હોય તો રોગીની પાસે બેસનારાઓ, રોગીને અને રોગને ઉત્તેજન આપનારા ગણાય. જૈનશાસ્ત્રોમાં શત્રુના ઉપર પણ ધિક્કારની દૃષ્ટિથી જોવું એવું પ્રતિપાદન કર્યું નથી તેમજ કોઇની નિન્દા કરવાનું પણ લખ્યું નથી તેમાં પણ ગુરૂજનની નિન્દા કરવાનું તો વિશેષતા ત્યાગ કરવાનું કહ્યું છે. લોકોની અફવાથી તું પોતાના ઉપકારી સાધુ ઉપર ઉપકારના બાહ્દોષની પેઠે દોષનો આરોપ કરે છે તેથી તે આળ ઢકેવાય અને કોઇના ઉપર જે આળ ચઢાવે છે તે પરભવમાં સીતાની પેઠે આળરૂપ મહાદુઃખને પ્રાપ્ત કરે છે. પોતાની જાતે પરિપૂર્ણ તપાસ કર્યા વિના કોઇના ઉપર દોષ ચઢાવવો તે ખરેખર મહા પાપ છે. આળ ચઢાવનાર મનુષ્યો દુર્ગતિમાર્ગ પ્રતિગમન કરે છે. તારા ઉપકારી સાધુનો આ પ્રમાણે ફક્ત લોક અફવાથી દોષ બોલીને આવી ખરાબ દુર્ગુણ ટેવથી અન્ય દોષો તરફ વળાશ. જેવી આ સાધુની નિન્દા કરે છે તેવી અન્ય સાધુની નિન્દા કરીશ તેથી મહાપાપ કર્મ બાંધીશ. ત્હારૂં જીવન સુધારવું હોય તો દોષો મૂકીને સદ્‌ગુણો ગ્રહણ કર !!! તારા ઉપકારી સાધુને ખમાવ !!! પોતાનાથી હવે આવો દોષ ન થાય તે માટે પશ્ચાત્તાપ કર, સર્વ સાધુઓમાંથી ગુણો ગ્રહણ કર ! કોઇનામાં કોઇ ગુણ તો કોઇ દોષ હોય છે. સર્વ ગુણીવીતરાગ છે. સાધુઓમાં પણ દોષ આવી જાય. પહેલાં તું ગુણ લેતાં શિખ અને પછીથી વ્રત આદિનો ખપ કર !

ઓધે કેટલાક તો જૈન ધર્મને માને છે. નિશ્ચય સમ્યકત્વની અપેક્ષાએ જૈનો બનનારા આ કાલમાં ઘણા થોડા નીકળી શકે. વ્યવહાર સમ્યકત્વની

અરેરે એ જૈન ધર્મને [illegible] ધણું નહીં [illegible] પણ [illegible] છે [illegible] [illegible] જૈન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધણી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જૈન ધર્મ [illegible] [illegible] તેઓને જૈન ધર્મ [illegible] પણ તેઓને [illegible] નહીં. જૈન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જૈન ધર્મ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેઓને જૈન ધર્મ [illegible]

જૈન ધર્મના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રકારે અનુભવાય છે. જૈન ધર્મના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] દુનિયાને લાભ [illegible] [illegible] [illegible] જૈન ધર્મ [illegible] [illegible] જૈન ધર્મનાં તત્ત્વો પરિપૂર્ણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લાભ આપે એવા ઉપાયો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મિલન થવા માટે છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થવા માટે છે. [illegible] [illegible] જૈન ધર્મ [illegible] [illegible] [illegible] વર્તવાનો સમય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આગ્રહ [illegible] [illegible] [illegible] [illegible] ધર્મને [illegible] [illegible] [illegible] [illegible] ધર્મના

આરાધના સેવા અને ફેલાવા માટે સર્વસ્વ અર્પણ કર્યા વિના છૂટકો નથી. જૈનો નમાલી પ્રજામાં ખપે વા નગુણી પ્રજામાં ખપે એવું ન બનવું જોઇએ. સદ્વિચારોથી આખી દુનિયાના મનુષ્યોનાં હૃદય ભરી દો. ધર્મના સત્ય શબ્દોવડે આખી દુનિયાના મનુષ્યોના કાન ભરી દો. તમો જેઓને નીચ માનીને અને નાલાયક માનીને બેસી રહ્યા છો તેઓને ધર્મના લાભવડે ઉંચા અને લાયક બનાવવા પ્રયત્ન કરો. ધર્મની પૂર્ણ શ્રદ્ધા ધારણ કરીને પોતાનાં ધર્મતત્ત્વનો લાભ આપવા આત્મભોગ આપીને ત્યાગી બનો. જૈન ધર્મની સેવા કરવામાં પાછું વાળીને ન જુઓ. સમજો અને અન્યોને ધર્મનું તત્ત્વ સમજાવો. જૈન ધર્મ અને જૈનોની વૃદ્ધિ માટે અહંતાને ભૂલી જાઓ અને નમ્રતાથી કાર્ય કરો !!!

પતાકા સમાન શ્રાવકો હોય છે તેઓ ભમાવ્યાથી ભમી જાય છે તથા વારંવાર એક ગુરૂને છંડીને અન્ય ગુરૂઓ કર્યા કરે છે. પતાકા સમાન એવા શ્રાવકોની દેવગુરૂ અને ધર્મ સંબંધી શ્રદ્ધા સ્થિર રહેતી નથી. પતાકાના સમાન એવા શ્રાવકો વારંવાર મૂઢ લોકોના ભમાવ્યા ભમ્યા કરે છે. ખરંટ સમાન શ્રાવકો પોતાને ઉપદેશનારા સાધુઓને ખરડે છે. ખરંટ શ્રાવકો નિશ્ચયનયથી મિથ્યાત્વી છે પણ વ્યવહારથી જિનમંદિર જાય છે તેથી શ્રાવક કહેવાય છે. ખરંટ સમાન શ્રાવકો સાધુઓને વિષ્ઠાની પેઠે હેલના કલંક વગેરે દેઇને ખરડે છે. શોક્યના સમાન શ્રાવકો સાધુઓનાં છિદ્ર દેખ્યા કરે છે અને સાધુનું રજ જેટલું દૂષણ પણ ગજ જેટલું કરીને લોકોમાં જ્યાં ત્યાં બનાવતા ફરે છે. શોક્યની પેઠે તેવા શ્રાવકો સાધુઓનાં છિદ્ર તપાસતા ફરે છે અને સાધુઓની નિન્દા કરીને પોતાને અપવિત્ર બનાવે છે શોક્ય સમાન શ્રાવકો સાધુઓની નિન્દા કુથલીમાં પોતાનું જીવન અપવિત્ર કરે છે. શોક્યને જેમ પોતાની શોક્ય ઉપર દ્વેષ, ઇર્ષ્યા હોય છે તેમ શોક્ય સમાન શ્રાવકો સાધુઓ ઉપર દ્વેષ, અરૂચિ, ઇર્ષ્યા ધારણ કરે છે: જેથી શોક્યના સમાન એવા શ્રાવકો નિશ્ચયનયથી મિથ્યાત્વી જાણવા વ્યવહારનયથી જિનમંદિર જવું ધર્મક્રિયા કરવી ઇત્યાદિવડે શ્રાવક ગણાય છે પણ તેઓ પોતાના આત્માની શુદ્ધિ કરવા સમર્થ થતા નથી કારણ કે તેઓનામાં શ્રાવકના ગુણો પ્રગટેલા હોતા નથી. માતા પિતા સમાન, ભાઇ સમાન, અને આરીસા સમાન એવા શ્રાવકો જૈન ધર્મ આરાધવાને માટે સમર્થ થાય છે, માટે શ્રાવકોએ માતા પિતા આદિ ઉપમાવાળા

શ્રાવકો બનવા પ્રયત્નશીલ થવું. શ્રાવકો પોતાનામાં શ્રાવકના ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે તો તેઓ શ્રાવક ધર્મની ઉન્નતિ કરી શકે.

હરાયું ઢોર રખડું ફરે છે તેમ નગુરા મનુષ્યો હરાયા ઢોરની પેઠે સ્વચ્છંદતાથી જ્યાં ત્યાં ફરતા ફરે છે. વાંદરા પોપટો અને સિંહો ઉસ્તાદોના તાબામાં રહીને કેળવણી પામે છે અને મનુષ્યોને આનંદ પમાડે છે તે પ્રમાણે જે મનુષ્યો ગુરુના આજ્ઞારૂપી વાડામાં રહીને કેળવાય છે તેઓ જંગલી મનુષ્યો કરતાં ઉત્તમ બની શકે છે. વાડામાં રહેનાર પશુ જેમ સુખમાં જીવન ગાળે છે તેમ ગુરુની આજ્ઞારૂપ વાડામાં રહેનાર શિષ્યો ખરેખર ગુરુના જેવા ઉત્તમ બને છે. દોરામાં પરોવેલાં મોતિયો જેમ શોભાને ધારણ કરે છે તેમ ગુરુ અને ગચ્છની નિશ્રાએ રહીને ધર્મની કેળવણી લેનારા શિષ્યો પોતાની ઉન્નતિ કરવા સમર્થ થાય છે. નિશાળરૂપ વાડામાં રહી વિદ્યાર્થીઓ કેળવણી લેઇ મનુષ્ય તરીકે થઇ શકે છે તેમ ગુરુ અને ગચ્છના મર્યાદામાં રહી શિષ્યો પોતાના ઉચ્ચ ગુણોને ખીલવી શકે છે. સમાજ, મંડળ, સામાચરી, પરિષદ્, કોન્ફરન્સ, સમુદાય, ટોળી, મંડળી એ પણ ગચ્છના રૂપાન્તરો અમુક અપેક્ષાએ કહી શકાય. જે જે બાબતને લેઇ ઘણા મનુષ્યો એકમતથી ચાલશે તે પણ ગચ્છ જેવું ગણાશે. શ્રીવીરપ્રભુના અગીયાર ગણધરો હતા અને તેઓના નવ ગચ્છ થયા. દરેક રાજ્યોમાં પણ દરેક વિષય પરત્વે ભિન્નભિન્ન મંડળો સ્થાપન કરવામાં આવે છે. ગચ્છ પણ અમુક આચારો અને વિચારો ધારનાર સાધુઓ વગેરેનું મંડળ છે. ભિન્નભિન્ન ગચ્છોના મનુષ્યોએ પરસ્પર એક બીજાની ઈર્ષ્યા કરીને જાતિ નિન્દા વગેરે દોષો વડે કલેશ, મારામારી, યુદ્ધો વગેરે ન કરવાં જોઇએ. ગચ્છોના અધિપતિયોએ પરસ્પર મળતા આચારો અને વિચારોમાં સંપ રાખીને ભેગા મળીને કાર્ય કરવા જોઇએ અને જે જે આચારો અને માન્યતાઓની બાબતમાં મતભેદ પડે ત્યાં નીતિની મર્યાદા સાચવીને પોતાની માન્યતાઓ સિદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઇએ પણ સામાન્ય બાબતોમાં મગજ ખોઇને કલેશની ઉદીરણા કરીને કોમની વા સમાજની અવનતિ થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ. કરાવવી નહિ અને કરતા હોય તેની અનુમોદના કરવી નહિ. નીતિની મર્યાદામાં રહીને પોતાના સિદ્ધાંતો ઉપદેશવા પ્રયત્ન કરવો જોઇએ. ગચ્છો એ કલેશ કરવાને માટે નથી પણ ઉન્નતિના માર્ગે ચઢવાને માટે શોભાસ્પદ છે એવો મુખ્ય ઉદ્દેશ ભૂલી ન જવો જોઇએ.

જે શિષ્ય પોતાના મનમાં વિચારે છે કે અહો ! મને મહા પુણ્યના ઉદયથી સદ્ગુરૂનો યોગ મળ્યો છે. માટે ગુરૂશ્રી જે ઉપદેશ આપે તે શ્રવણ કરવાની જરૂર છે એમ વિચાર કરનાર શિષ્ય શ્રીસદ્ગુરૂના ઉપદેશનો અધિકારી બની શકે છે. ગુરૂનો ઉપદેશ શ્રવણ કર્યા બાદ તે ઉપદેશનું મનન કરવું જોઇએ. ઉપદેશમાં કયા કયા વિચારો સમાય છે તેનો વિચાર કરનારા શિષ્યો ખરેખર ગુરૂના ઉપદેશના પાત્રભૂત ઠરે છે. જ્ઞાની ગુરૂની વાતોમાંથી પણ ઘણો સાર ખેંચી શકાય તેમ છે. ઉત્તમ શિષ્યો શ્રવણ કરેલા ઉપદેશના સારને હૃદયમાં ધારણ કરે છે અને સામાન્ય શિષ્યો સાંભળ્યા બાદ ઉપદેશની યાદી કરતા નથી. સાંભળતાં રસ પડે એટલે થયું બાકી કંઇ નહિ. આવા મૂઢ શિષ્યો ગુરૂના ઉપદેશરૂપ અમૃતની કિમ્મત આંકી શકતા નથી તેથી તેઓને ગુરૂનું માહાત્મ્ય અવબોધાતું નથી. મૂઢ મનુષ્યો ગુરૂની વાણી કુલાચારથી સાંભળવી જોઇએ એમ મનમાં જાણીને સાંભળે છે પણ મોક્ષાર્થે ગુરૂનો ઉપદેશ શ્રવણ કરવા યોગ્ય છે એવો ખાસ વિચાર કરી શકતા નથી. ઉત્તમ શ્રાવકો અને શિષ્યો આરીસાના સમાન હોય છે. આરીસામાં સામા જેજે પદાર્થો મૂકવામાં આવ્યા હોય તેઓનું પ્રતિબિંબ યથાર્થ ભાસે છે તે પ્રમાણે ઉત્તમ શ્રાવકો અને શિષ્યોના હૃદયમાં ગુરૂનો ઉપદેશ યથાયોગ્ય ઠરે છે અને તેથી તેઓ મોક્ષપુરીનાં પગથિયાં ઉપર સત્વર ચઢી શકે છે. ઉત્તમ શિષ્યો વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા લક્ષણ, પંચ પ્રકારનો સ્વાધ્યાય કરે છે અને સિદ્ધાંતોમાં ઉંડા ઉતરીને ઉત્તમ હાર્દો ખેંચી કાઢે છે તેથી તેઓ પોતે તરે છે અને અન્યોને તારવા માટે પ્રયત્ન કરે છે. ઉત્તમ શિષ્યો ગુરૂ પાસે રહીને ગુરૂના હૃદયમાં રહેલું શ્રુતજ્ઞાન ગ્રહણ કરવા સમર્થ બને છે. ઉત્તમ શિષ્યો ચોથા પૂતળા જેવા હોય છે તેથી તેઓ સ્વપરનું કલ્યાણ કરવા સમર્થ બને છે. ગુરૂનું હૃદય લેવાની ઇચ્છાવાળા શિષ્યોએ પ્રથમ યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ.

શ્રીમહાવીરપ્રભુના સમયમા ગૌતમબુદ્ધ થયો હતો. શ્રીમહાવીર પ્રભુ અને ગૌતમબુદ્ધ સમકાલીન હતા. ગૌતમબુદ્ધે ચલાવેલા બુદ્ધધર્મમાં દારૂ માંસનો (પાછળથી) ઘણો સડો પેસી ગયો. બુદ્ધધર્મ પાળનારા સાધુ અને સાધ્વીઓ પણ હાલ પણ માંસ ભક્ષણ કરે છે. શ્રીવીરપ્રભુનું શાસન પાળનારા જૈનો અદ્યાપિ પર્યંત દારૂ અને માંસથી દૂર રહ્યા છે; શ્રીમહાવીરના ઉપદેશમાં અલૌકિક શક્તિ દેખવામાં આવે છે. દારૂ અને માંસથી કેટલાક પાશ્ચાત

છે તેનાં કારણો ઘણાં છે. જૈનાચાર્યોએ પરસ્પર ધર્મભેદની ચર્ચામાં પોતાના જ્ઞાનનો ઘણો વ્યય કર્યો છે. બૌદ્ધધર્મ અને વેદધર્મની સાથે ટકી રહેવાને તેઓએ સંપ ભેગા કરીને વિચારો કર્યા નથી. પોતાના ધર્મ પાળનારાઓની સંખ્યામાં ઘટાડો થાય છે એમ જાણવાં છતાં નિવૃત્તિમાર્ગ અને ત્યાગીઓને મુખ્ય માની ધર્મની પ્રગતિમાં આત્મજ્ઞાનનો ઘણો વ્યય કર્યો જણાતો નથી. દિગંબર શ્વેતાંબર-ખરતર તથા ઢુંઢીયા વગેરેએ સાંપ્રદાયિક મત ભેદ કરીને આગળ વધવા વિચારો કર્યા હોય એવા દાખલાઓ મળતા નથી. ધર્મની શ્રદ્ધા અને આત્મજ્ઞાનથી સંપ ભેગો કરીને ઉન્નતિના ઉપાયો રચવામાં ઉપયોગ કર્યો નથી. અમુક બાબતોમાં મતભિન્નતા ધારણ કરીને જૈનોની સંખ્યામાં વધારો કરવાના ઉપાયો કરવામાં સંપનું ધ્યાન ખેંચાયું નથી. પોતપોતાના ગચ્છોના ખંડનમંડનમાંથી પરવારીને અન્ય લોકોને જૈન બનાવવામાં વારંવાર મળી ભેગા કરીને ઉપાયો લીધા હોય એવા લેખો દેખવામાં આવ્યા નથી. અન્યધર્મીઓની સાથે હરિફાઇમાં ઉતરવા માટે કેટલાક સૈકામાં તો પ્રયાસ થયો છે એવું જોવામાં આવે છે. જમાનાને અનુસરી જૈનોની સંખ્યામાં વધારો કરવામાં હાલ પણ મહા સંઘ ભેગો થઇને વિચાર કરી શકતો નથી. સાધુઓએ પરસ્પર એક બીજાના ખંડનમાં આત્મજ્ઞાનનો વ્યય કર્યો હોય એમ અમુક સંયોગોમાં અનુમાન થાય છે. જૈનધર્મ પાળનારાઓમાં સ્વમાભિમાનનો નવો જુસ્સો પ્રગટ્યો નથી. એક વણિક્ જાતિનો જ માત્ર જૈન ધર્મ હોય એવું માની સંતોષના ચિન્હો જૈન પ્રવર્તકોએ ધારણ કર્યાં હોય એવું લાગે છે. જૈનોનો મોટો ભાગ જૈનધર્મના તત્ત્વોથી અજાણ છે. હવે કંઇ જૈનોમાં ચળવળ થવા લાગી છે. જૈનાચાર્યો અને સાધુઓએ પોતાની પ્રમાદદશા જોઇ છે. જૈનોને ઉંઘમાંથી ઉઠાડવાને જાગ્રત્ થએલા જૈનો બુમો પાડે છે. મહાસંઘના સામુદાયિક બળથી અને આત્મભોગથી પ્રયાસ કરવામાં આવે તો જૈનોની અસ્તિતા નભાવી શકાય.

જૈનોમાં કેળવાયેલો વર્ગ વધતો થાય છે પણ તેઓનામાં આર્યસમાજીઓ અને ખ્રિસ્તિયોની પેઠે આત્મભોગ આપવાની શક્તિ આવી નથી. કેળવાયેલો જૈનવર્ગ પોતાના ગુરૂઓથી પ્રાયઃમોટા ભાગે વિમુખ રહે છે અને તે ધનવ્યયમાં અકેળવાયેલ જૈનવર્ગથી પાછો પડે છે-અકેળવાયેલ જૈન કરતાં ભણેલો જૈન પોતાની શક્તિયોનો ભોગ આપવામાં પાછો પડે છે. જૈન સેવામાં તે ખરા જીગરથી ભાગ લેઇ શકતો નથી તેથી કેળવાયેલ જૈનવર્ગે

પોતાની કિમ્મત અંકાવવામાં ભૂલ કરી છે. ધર્મની શ્રદ્ધા વિના કેળવાયલા જૈનોપર જૂનાઓની શ્રદ્ધા બેસતી નથી. કેળવાયલો વર્ગ બોલ્યા પ્રમાણે રહેણીમાં રહેશે ત્યારે તેની કિમ્મત વધશે. ખરી રીતે વિચાર કરવામાં આવે તો સદ્ગુણો વિનાની કેળવણી શુષ્ક ગણાય છે અને તેથી આત્મોન્નતિના માર્ગો ખુલ્લા થતા નથી. આત્માના ગુણોની કેળવણી માટે બાહ્યની કેળવણીની ઉપયોગિતા સિદ્ધ કરે છે. જ્યાં સુધી મન વાણી કાયાના ગુણોનો શુભમાર્ગમાં ઉપયોગ થતો નથી અથવા મન વાણી અને કાયાની શક્તિયોને ખીલવવામાં આવી નથી અને વ્યક્તિને માટે તેમજ આખી દુનિયાના ભલામાં ભાગ લેવાય એવો સેવાગુણ ખીલ્યો નથી ત્યાં સુધી ખરી કેળવણી પ્રાપ્ત થઇ એમ માની શકાય નહિ. આત્માના અનેક સદ્ગુણોને જે જે ઉપાયે ખીલવવા તે કેળવણી કહેવાય છે. પોતાની તથા જગત્‌ની ઉન્નતિમાં વાસ્તવિક ભોગ ન આપી શકાય તે કેળવણી અધુરી તથા શુષ્ક જાણવી. જૈનોમાં ખરી કેળવણીનો પ્રચાર થાય તેવા ઉપાયો શોધવા આગેવાનોએ પ્રયત્ન કરવો જોઇએ. દરેક પ્રકારના ગુણોને ખીલવવાના માર્ગને કેળવણી કહી શકાય. કેળવાયલા જૈનો વિચાર કરે છે બોલે છે પણ આત્મભોગ આપવાને જોઇએ તે પ્રમાણમાં તૈયાર થયા નથી. તેઓ પહેલો પોતાનો સ્વાર્થ ઇચ્છે છે. પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો એ ધાર્મિકજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના બની શકે નહિ. જૈનધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરીને જૈનોની સેવા કરવા તેમજ આખી દુનિયાના જીવોનું ભલું કરવા પ્રયત્ન કરનારા જૈનો પ્રગટ થશે ત્યારે જૈનોનો ઉદય નજીકમાં સમજવો. અનેક ઉપાધિયો દુઃખો સહન કરીને જૈનોની ઉન્નતિમાં ભાગ લેવાની જરૂર છે.

આર્યાવર્તની ચતુર્વર્ણ પ્રજાને ઉચ્ચ સંસ્કારિક કેળવણી જોઇએ તે પ્રમાણમાં હજી મળી શકતી નથી. આર્યાવર્તના લોકો પોતાની ઉન્નતિનો માર્ગ દેખી શકે તેવા વિચારોનો બહોળો ફેલાવો થયો નથી. આર્યાવર્તના લોકોને દરેક પ્રકારની પ્રગતિમાં કર્મયોગી થવાની વ્યવસ્થા જોઇએ છીએ. આર્યાવર્તના લોકોને ખરા ઉપદેશકોની જરૂર છે. આર્યાવર્તના લોકોમાં બોલવા પ્રમાણે વર્તવાની કેળવણીને-નીતિના માર્ગ ઉપર ઉભા રહીને-આપવાની જરૂર છે આર્યાવર્તના વિદ્યાર્થીઓને વીશ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય પાળીને શારીરિક સંપત્તિ મેળવે તથા મનમાં સદ્વિચારોનો પ્રવાહ વહાવી શકે એવું શિક્ષણ આપવાની જરૂર છે. આર્યાવર્તના લોકોને અધ્યાત્મવિદ્યા અને યમ નિયમાદિ યોગોને આચારમાં મૂકી શકે એવું શિક્ષણ આપવાની

પોતાની કિમ્મત અંકાવવામાં ભૂલ કરી છે. ધર્મની શ્રદ્ધા વિના કેળવાયલા જૈનોપર જૂનાઓની શ્રદ્ધા બેસતી નથી. કેળવાયલો વર્ગ બોલ્યા પ્રમાણે રહેણીમાં રહેશે ત્યારે તેની કિમ્મત વધશે. ખરી રીતે વિચાર કરવામાં આવે તો સદ્ગુણો વિનાની કેળવણી શુષ્ક ગણાય છે અને તેથી આત્મોન્નતિના માર્ગો ખુલ્લા થતા નથી. આત્માના ગુણોની કેળવણી માટે બાપાની કેળવણીની ઉપયોગિતા સિદ્ધ કરે છે. જ્યાં સુધી મન વાણી કાયાના ગુણોનો શુભમાર્ગમાં ઉપયોગ થતો નથી અથવા મન વાણી અને કાયાની શક્તિયોને ખીલવવામાં આવી નથી અને વ્યક્તિને માટે તેમજ આખી દુનિયાના ભલામાં ભાગ લેવાય એવો સેવાગુણ ખીલ્યો નથી ત્યાં સુધી ખરી કેળવણી પ્રાપ્ત થઇ એમ માની શકાય નહિ. આત્માના અનેક સદ્ગુણોને જે જે ઉપાયે ખીલવવા તે કેળવણી કહેવાય છે. પોતાની તથા જગતની ઉન્નતિમાં વાસ્તવિક ભોગ ન આપી શકાય તે કેળવણી અધુરી તથા શુષ્ક જાણવી. જૈનોમાં ખરી કેળવણીનો પ્રચાર થાય તેવા ઉપાયો શોધવા આગેવાનોએ પ્રયત્ન કરવો જોઇએ. દરેક પ્રકારના ગુણોને ખીલવવાના માર્ગને કેળવણી કહી શકાય. કેળવાયલા જૈનો વિચાર કરે છે બોલે છે પણ આત્મભોગ આપવાને જોઇએ તે પ્રમાણમાં તૈયાર થયા નથી. તેઓ પહેલો પોતાનો સ્વાર્થ ઇચ્છે છે. પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો એ ધાર્મિકજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના બની શકે નહિ. જૈનધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરીને જૈનોની સેવા કરવા તેમજ આખી દુનિયાના જીવોનું ભલું કરવા પ્રયત્ન કરનારા જૈનો પ્રગટ થશે ત્યારે જૈનોનો ઉદય નજીકમાં સમજવો. અનેક ઉપાધિયો દુઃખો સહન કરીને જૈનોની ઉન્નતિમાં ભાગ લેવાની જરૂર છે.

આર્યાવર્તની ચતુર્વર્ણ પ્રજાને ઉચ્ચ સંસ્કારિક કેળવણી જોઇએ તે પ્રમાણમાં હજી મળી શકતી નથી. આર્યાવર્તના લોકો પોતાની ઉન્નતિનો માર્ગ દેખી શકે તેવા વિચારોનો બહોળો ફેલાવો થયો નથી. આર્યાવર્તના લોકોને દરેક પ્રકારની પ્રગતિમાં કર્મયોગી થવાની વ્યવસ્થા જોઇએ છીએ. આર્યાવર્તના લોકોને ખરા ઉપદેશકોની જરૂર છે. આર્યાવર્તના લોકોમાં બોલવા પ્રમાણે વર્તવાની કેળવણીને–નીતિના માર્ગ ઉપર ઉભા રહીને–આપવાની જરૂર છે આર્યાવર્તના વિદ્યાર્થીઓને વીશ વર્ષ પર્યન્ત બ્રહ્મચર્ય પાળીને શારીરિક સંપત્તિ મેળવે તથા મનમાં સદ્વિચારોનો પ્રવાહ વહાવી શકે એવુ શિક્ષણ આપવાની જરૂર છે. આર્યાવર્તના લોકોને અધ્યાત્મવિદ્યા અને યમ નિયમાદિ યોગોને આચારમાં મૂકી શકે એવું શિક્ષણ આપવાની

જરૂર છે. આર્યાવર્તની ઉછરતી પ્રજામાં ગુરૂપ્રેમ, દયા, પરોપકાર, જગત્ સેવા, સંપ, સહનશીલતા, ખરો ત્યાગ, દીર્ઘદૃષ્ટિ, વગેરે ગુણોને આચારમાં મૂકીને બતાવી શકે એવા વિચારો પ્રગટાવવાની જરૂર છે. આર્યાવર્તની પ્રજામાં આત્માની મહત્તા અને સત્ય સ્વધર્મગુણ જોઇએ. આર્યાવર્તની ઉછરતી પ્રજાને આત્મભોગ આપીને તેમને ખરા માર્ગે દોરે એવા મહાચારી, જ્ઞાની, ક્રિયાયોગી નેતાઓની ખરી આવશ્યકતા છે. આર્યાવર્તના મનુષ્યોમાં પશુઓ પંખીઓ વગેરેનું રક્ષણ કરનારા ધર્મવિચારોને ફેલાવવાની જરૂર છે. આર્યાવર્તના લોકોમાં મનુષ્યદિવ્યત્વના પ્રગટાવવાની જરૂર છે. આર્યાવર્તના લોકોને કયા કયા ગુણોની ખોટ પડી છે તે સમજાવે એવા ઐતિહાસિક પુસ્તકોની જરૂર છે. શ્રીમહાવીરપ્રભુએ ઉપદેશેલો ધર્મ એ આર્યાવર્તનો સાર્વજનિક ધર્મ થાય એવો ઉપદેશ કરવાની જરૂર છે. નાત જાતોના હજારો ભેદ કઇ દૃષ્ટિએ થયા, તથા ધર્મના ઘણા ભેદો કઇ દૃષ્ટિએ પડ્યા અને કઇ દૃષ્ટિએ તેની ઉપયોગિતા વા અનુપયોગિતા છે તે આર્યાવર્તના એક ખૂણાના એક ઝુપડામાં રહેલ ગરીબ મનુષ્ય પણ જાણીને કર્મયોગી બને એવા પ્રયત્નો કરવાની જરૂર છે. જૈનધર્મના આચારો અને વિચારો સાર્વજનિક છે. તેનો ફેલાવો કરવાની જરૂર છે.

શ્રી ચોવીશ તીર્થંકરોએ આ આર્યદેશ ઉપર ધર્મનો ઉપદેશ આપીને આર્યાવર્ત ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. શ્રી ચોવીશ તીર્થંકરો ક્ષત્રિય કુળમાં જન્મ્યા હતા અને તેઓએ આખી દુનિયાના મનુષ્યોને તેમની ખરી ઉન્નતિ અર્થે ધર્મોપદેશ દીધો હતો. જે ક્ષત્રિય કુળમાં તીર્થંકરો જન્મ્યા છે તે ક્ષત્રિય કુળ હાલ શ્રી તીર્થંકરોના ધર્મવિચારોને જાણવા પ્રયત્ન કરતું નથી તે શોચનીય છે. જૈનધર્મ દુનિયાના મનુષ્યોના હૃદયમાં ઉત્તમ શુદ્ધ ભાવના અને સદાચારનો રસ રેડે છે અને તેથી મનુષ્યો શુદ્ધાચારો તરફ સહેજે પ્રવૃત્તિ કરે છે. જૈનધર્મનું ઉદાર સ્વરૂપ નહિ જાણનારાઓ ભલે જૈનધર્મને સંકુચિતદૃષ્ટિવાળો કહે પણ તેમ નથી. જૈન ધર્મના સિદ્ધાંતોનો અભ્યાસ કર્યા વિના આત્મોન્નતિનો ખરો માર્ગ સમ્યગ્ અવલંબી શકાય નહિ એમ અનુભવ આવે છે. જૈનશાસ્ત્રોમાં ચૈતન્યવાદ અધ્યાત્મવિદ્યા, યોગવિદ્યા ભરપૂર છે. જ્ઞાનીઓ જૈનધર્મના સિદ્ધાંતોને અવબોધવા સમર્થ થઇ શકે એવી સ્થિતિ હોવાથી બાલજીવો કે જે કેટલાક જૈનો છતાં જૈનધર્મનું સ્વરૂપ નથી જાણતા તેવાઓ દુનિયાને જૈનધર્મનું અમૃત પાવા સમર્થ ન થઇ શકે તે બનવા યોગ્ય છે. જૈન

ધર્મનું સાહિત્ય બહાર આવવાથી આર્યાવર્તના લોકોમાં નવું ચૈતન્ય સ્ફુરાયમાન થશે. આર્યાવર્ત ધર્મનો ખજાનો છે. મનુષ્યોમાં મનુષ્યપણું લાવનાર જૈનશાસ્ત્રોમાં બતાવેલા ઉદાર વિચારો છે અને તે આચારમાં મૂકવાની જરૂર છે. આર્યાવર્તનો ખરો જૈનધર્મ ખરેખર આર્યાવર્તના લોકોના ઉદય માટે બહાર પ્રકાશમાં લાવવાની જરૂર છે. મારો અમુક ધર્મ છે એવું માનીને અન્યધર્મ ઉપર અસહિષ્ણુતા ધારણ કરી અશાન્તિનું વાતાવરણ ફેલાવીને અવનતિના માર્ગ તરફ ગમન ન થાય એવો ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. કોઇ પણ ધર્મના સત્ય વિચારોને એકાન્ત દૃષ્ટિથી અન્યાય ન મળે એવો ઉપયોગ રાખવાની જરૂર છે. ઉત્તમ વિચારો ઝીલી શકાય વા કરી શકાય તે માટે વીશ વર્ષ પર્યંત શારીરિક બ્રહ્મચર્ય પાળવાની તથા કસરત કરવાની આર્યાવર્તના લોકોને ખાસ જરૂર છે એવું ભાર દઇને ખાસ કહેવામાં આવે છે. આપણે અન્યધર્મીઓને પાડવા જોઇએ નહિ, તેમની સાથે નીતિથી વર્તવું અને તેમને ઉત્તમધર્મના વિચારો સન્મુખ લાવવા.

શ્રદ્ધાવંત જૈનો આગમોને આગળ કરીને આગમોથી અવિરૂદ્ધપણે ધર્મની ક્રિયાઓ કરે છે. જૈનાચાર્યો આગમોથી અવિરૂદ્ધપણે જૈનધર્મનો ઉપદેશ આપે છે. શ્રીવીરપ્રભુના સિદ્ધાંતોની સત્યતાનો સર્વ દેશમાં પ્રકાશ થાય એજ જૈનોની ઉત્તમ સેવા છે. જૈનાગમોની માન્યતા સ્વીકારીને જૈનો આર્યાવર્તની શ્રેષ્ઠતા અન્ય દેશોમાં પ્રસિદ્ધ કરી શકશે. ગમે તે જાતિવાળા જૈનોએ જૈનાગમોને આગળ કરીને ધર્માનુષ્ઠાનોમાં લક્ષ્ય રાખવું જોઇએ. હિન્દુઓનું સર્વસ્વ તેમની માન્યતાના જેમ વેદ છે તેમ જૈનોનું સર્વસ્વ જૈનાગમો છે. જૈનાગમોની શ્રદ્ધાવાળો જૈન ઉત્તમોત્તમ ધર્મી છે. મુસલમાનો જેમ કુરાનને આગળ કરીને ચાલે છે. તેમ જૈન બંધુઓએ ધર્મની બાબતમા જૈનાગમોને આગળ કરીને પ્રવર્તવું જોઇએ. ખ્રીસ્તિયો બાયબલને માન આપીને ચાલે છે તેમ જૈન બાંધવોએ લોકોત્તર જૈનાગમોને માન આપીને ધર્મકરણીમાં પ્રવૃત્ત થવું જોઇએ. જૈનધર્મ જ્યાં સુધી જૈનોની નસોમાં વહેશે ત્યાં સુધી જૈનો પોતાના સામાજિક. આત્મિક ઉન્નતિના માર્ગે વહ્યા કરશે. જૈનાગમોની શ્રદ્ધાથી ભ્રષ્ટ થએલો જૈન ગમે તે જાતિનો જૈન હોય પણ તે જૈન કહેવાય નહીં જૈનધર્મની શ્રદ્ધાથી જૈનોમા એક જાતનો પ્રેમરસ વહેતો રહેશે અને તેથી સનાતન જૈનધર્મનુ રક્ષણ થયા કરશે. નવકારશીઓ, ઉજમણા વગેરેનુ ખંડન કરવુ જોઇએ નહિ પણ તેમા સુધારો

કરવો જોઇએ. રક્ષણ પદ્ધતિથી જૈનોએ જે કંઇ સુધારા કરવા હોય તે કરવા પણ મૂળ ધર્માચારોનો નાશ થાય એવી પદ્ધતિ કદી અંગીકાર કરવી નહિ. દરેક ગચ્છના આગેવાન સાધુઓએ સુભેદ જાણીને ધર્મનો ફેલાવો કરવા પ્રવૃત્તિ કરવી. એમ જો કરવામાં નહિ આવે તો આવા વખતમાં ગચ્છોના ઉપરથી લોકોની રૂચિ ઉતરી જશે અને ભવિષ્યમાં પોતાનું બળ ઘટી જશે. જમાનાને માન આપીને રક્ષણ પદ્ધતિથી જૈન ધર્મનો ફેલાવો કરવો અને ઉપયોગી બાબતોમાં સુધારા કરવા.

ભેદભાવ રાખ્યા વિના-સર્વને સમાન ગણીને તેઓને આજીવિકા વૃત્તિ ઉપાયોની રક્ષા સુવ્યવસ્થા સાથે ધર્મી બનાવવા માટે ધર્મોપદેશ કરવામાં આવશે તો જૈનધર્મમાં લાખો મનુષ્યોને દાખલ કરી શકાશે એવું ધર્માચાર્યોએ લક્ષ્યમાં રાખવું જોઇએ. સ્વધર્માભિવૃદ્ધિના ઐતિહાસિક ગ્રન્થો વાંચો અને તેમાં દાખલ થનારાઓની આર્થિક સ્થિતિ પર લક્ષ્ય દ્યો તો તમને અવબોધાશે કે આજીવિકા સૂત્રોની સાથે ધર્મનો આત્યંતિક નિકટ સમ્બન્ધ છે. ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ કરનારાઓ માટે સાધર્મિક વાત્સલ્ય અત્યન્ત ઉપયોગી છે साहम्मिआण वच्छलं ઇત્યાદિ પાઠો વડે જીવોને ધર્મ સન્મુખ કરવા હોય તો प्रभावना આદિ વડે બાહ્ય-જીવોને વ્યાવહારિક સુખ સાધનોની સાહાય્ય સમર્પવા પૂર્વક ધાર્મિકમાર્ગમાં પ્રવેશાવવાની આવશ્યકતા સદા-સર્વદા સિદ્ધ નિયમ રૂપ છે એમ નિશ્ચય કરીને, ધર્મોપાસકોએ વ્યવહાર ગૃહસ્થાવસ્થામાં યાવત્ અવસ્થિતિ છે તાવત્ ઉપયુક્ત સાર્વજનિક [illegible] ધર્મકાર્યમાં સ્વ સર્વ-શક્તિયોનો ભોગ આપવો જોઇએ [illegible] જૈનોની સંખ્યામાં મુસલમાનો અને ક્રિશ્ચિયનોની [illegible] અમુક જૈનધર્મ વિચાર અને આચાર શૈલીએ વૃદ્ધિ થાય એમ વર્તમાન જૈનધર્મોદ્ધારક અને સ્થાપકોની દૃષ્ટિને દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી આચારના [illegible] પ્રવૃત્તિ કરવી એવી દૃઢ ભાવના સર્વથા-સર્વદા-સર્વત્ર જૈનોમાં પ્રસરવી જોઇએ અને એવી સુધરેલ સામાજિક [illegible] જૈનો એકમત થાય એવી જૈન ધર્માચાર્યોએ ઉપદેશ શૈલીને સ્વીકારવી જોઇએ [illegible] જાણો કે જે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વર્ગો હોય તેઓમાં [illegible] શુદ્ધિ, ભક્તિભાવ સેવા ઉપાસના વાત્સલ્ય [illegible] વડે પૂજ્યની વિશેષ આરાધના થાય તોજ જૈનધર્મના [illegible] સંખ્યામાં ચૈતન્ય સ્ફુરી શકશે.

ॐ शान्तिः ३

औपदेशिक.

સંવત્ ૧૯૬૭

वडनी अन्योक्ति.

એક મનુષ્ય એક દિવસ કેટલીક સાંસારિક ઉપાધિયોથી થાકીને વડના ઝાડ તળે વિશ્રામ લેતો હતો અને પોતાના આત્માને ધિક્કારતો હતો. તેને અનેક વિઘ્નો નડયાં હતાં તે ગળે પાસો. ખાવા લાગ્યો ત્યારે તેને વડે કહ્યું કે હે ભલા મનુષ્ય ! અનન્ત રત્ન ચિંતામણિ કરતાં પણ દુર્લભ એવી તારી જીંદગીનો વ્યર્થ કેમ નાશ કરે છે ? હું ઝાડ થઇને દુઃખ સહન કરૂં છું ત્યારે લોકો મને વડ કહે છે. વડનું મોટું ઝાડ હું થાઉં છું છતાં મ્હારૂં બીજ ન્હાનું છે. તેમજ જડલોકો મારાં ડાળાં કાપી નાખે છે, મૂર્ખ વાનરો મારો આશ્રમ લેઇને વ્યર્થ મારાં પાંદડાં તોડી નાખે છે, મારી વડવાઇઓને લોકો કાપી નાખે છે, કાગડા અને ગીધ જેવાં પંખી મારા ઉપર બેસે છે, ઉન્હાળાનો પ્રખર તાપ સહન કરવો પડે છે, ચોમાસામાં મેઘની ધારાઓ અને વાયુના સખ્ત હુમલાઓ સહન કરવા પડે છે, પોશ માસની સખ્ત ટાઢ બોલ્યા વિના સહેવી પડે છે, કેટલાક મ્હારૂં અપમાન કરે છે, કેટલાક મારી છાલ કાઢે છે; આવાં આવાં અનેક દુઃખો સહન કરીને લોકોને છાયા આપું છું; પાંદડાં આપું છું લાકડાં આપું છું ત્યારે લોકોએ છેવટે મારા ગુણના અનુસારે મારૂં નામ વડ પાડયું છે. હે મનુષ્ય ! તું દુનિયાથી કેમ કંટાળે છે ? અને મૃત્યુના કેમ વિચારો કરે છે ? તેથી કંઇ તું સુખી થઇ શકે નહિ માટે મારી પેઠે દુઃખો સહન કર ! અને તારી ફર્જ પરમાર્થ બુદ્ધિથી બજાવ્યા કર ! દુનિયાના માન અને અપમાનને મૂગે મ્હોઢે સહન કર ! અન્તે તારા ગુણોની પરીક્ષા થશે.

घडानुं दृष्टांत.

વડના થડમાં માતાજી નામે પૂજાયેલો એક ઘડો હતો તે પેલા મનુષ્યને કહેવા લાગ્યો કે હે મનુષ્ય ! તું મહાન્ આત્મા થઇને કેમ કંટાળી



औपदेशिक.

संवत् १९६७

वडनी अन्योक्ति.

એક મનુષ્ય એક દિવસ કેટલીક સાંસારિક ઉપાધિયોથી થાકીને વડના ઝાડ તળે વિશ્રામ લેતો હતો અને પોતાના આત્માને ધિક્કારતો હતો. તેને અનેક વિઘ્નો નડયાં હતાં તે ગળે પાસો ખાવા લાગ્યો ત્યારે તેને વડે કહ્યું કે હે ભલા મનુષ્ય ! અનન્ત રત્ન ચિંતામણિ કરતાં પણ દુર્લભ એવી તારી જીંદગીનો વ્યર્થ કેમ નાશ કરે છે? હું ઝાડ થઇને દુઃખ સહન કરૂં છું ત્યારે લોકો મને વડ કહે છે. વડનું મોટું ઝાડ હું થાઉ છું છતાં મ્હારૂં બીજ ન્હાનું છે. તેમજ જડલોકો મારાં ડાળાં કાપી નાખે છે, મૂર્ખ વાનરો મારો આશ્રમ લેઇને વ્યર્થ મારાં પાંદડાં તોડી નાખે છે, મારી વડવાઇઓને લોકો કાપી નાખે છે, કાગડા અને ગીધ જેવાં પંખી મારા ઉપર બેસે છે, ઉન્હાળાનો પ્રખર તાપ સહન કરવો પડે છે, ચોમાસામાં મેઘની ધારાઓ અને વાયુના સખ્ત હુમલાઓ સહન કરવા પડે છે, પોશ માસની સખ્ત ટાઢ બોલ્યા વિના સહેવી પડે છે, કેટલાક મ્હારૂં અપમાન કરે છે, કેટલાક મારી છાલ કાઢે છે; આવાં આવાં અનેક દુઃખો સહન કરીને લોકોને છાયા આપું છું; પાંદડાં આપું છું; લાકડાં આપું છું ત્યારે લોકોએ છેવટે મારા ગુણના અનુસારે મારૂં નામ વડ પાડયું છે. હે મનુષ્ય ! તું દુનિયાથી કેમ કંટાળે છે? અને મૃત્યુના કેમ વિચારો કરે છે? તેથી કંઇ તું સુખી થઇ શકે નહિ માટે મારી પેઠે દુઃખો સહન કર ! અને તારી ફર્જ પરમાર્થ બુદ્ધિથી બજાવ્યા કર ! દુનિયાના માન અને અપમાનને મૂંગે મ્હોડે સહન કર ! અન્તે તારા ગુણોની પરીક્ષા થશે.

घडानुं दृष्टांत.

વડના થડમાં માતાજી નામે પૂજાયેલો એક ઘડો હતો તે પેલા મનુષ્યને કહેવા લાગ્યો કે હે મનુષ્ય ! તું મહાન્ આત્મા થઇને કેમ કંટાળી

લાભ છે. શુભના [illegible] ની ઈચ્છા થતી નથી તો દુર્બલ વાય વિના મનુષ્ય [illegible] શ્રીમદ્‌ [illegible] ભ્રમ હતું. શ્રીમદ્‌વીરપ્રભુ [illegible] સર્વોત્કૃષ્ટતા થતી નથી [illegible] મને આજુબાજુ કાઢીને [illegible] પક્ષી પાળ્યાં [illegible] મારૂં મારૂં કરી નાખ્યું. [illegible] માટે ભૂમિમાં પાળ્યાં, પક્ષીઓ મને [illegible] કિસ્મતમાં બન્યો [illegible] સહન કર્યું ત્યારે મારી યોજના [illegible] મારો ગુસ્સો કેવળ [illegible] થયું હોય તો મારી [illegible] સતાવશો તો [illegible] સારો કરશે [illegible] ઉત્તમ કાર્ય કરવા [illegible] આવશે. પેલા મનુષ્ય [illegible] દેખાવ [illegible] નાખ્યા [illegible] થયા.

विचारना अभिप्राय उपर दृष्टान्त.

સાધારણ [illegible] ઉપર [illegible] મનુષ્ય ઉપર એક જ અનુચિત અભિપ્રાય [illegible] ઉડતી સર વાતો [illegible] ગામમાં [illegible] રજપૂતો [illegible] દિવસ [illegible] નહીતા તેથી એમ કહેવાતું, કે [illegible] આ વાત [illegible] કુહાડ. ગામના [illegible] કુહાડ [illegible] થવા અને કટકોના [illegible] આવાને કહ્યું કે દરજી કુહાડ [illegible] રજપૂતો કહેતા

લાગ્યા કે આખું ગામ જાણે છે ત્યાં હવે કાગળનું શું કામ? શેઠે કહ્યું દલ્લી લુંટાવાના ખબર કોણ લાવ્યું? રજપૂતોએ કહ્યું શેઠ એ બધી તપાસ તમે કરો. શેઠે તપાસ શરૂ કરી-તપાસ શરૂ કરતાં કરતાં પેલી રજપૂતાણી-એ વાત કરી ત્યાં પત્તો લાગ્યો. રજપૂતો અને શેઠ ઘરડી રજપૂતાણીને ત્યાં ગયા અને કહ્યું કે બા! દલ્લી લુંટાયાની વાત તમે કરી છે? પેલી ઘરડી રજપૂતાણીએ કહ્યું કે હું તો કાંઇ જાણતી નથી. હું તો દળી ઉઠી હતી એવી વાત મારી પાડોશણને મેં કરી હતી. પાડોશણ કહેવા લાગી કે દલ્લી લુંટી એવી રીતે બહેરી હોવાથી સાંભળી. આ વાત સાંભળીને રજ-પૂતોને, શેઠને અને ગામના લોકોને હસવું આવ્યું. આ ઉપરથી સમજવાનું કે કોઇ આપણને વાત કરે તે ઉપરથી તુર્ત તે વાન એકદમ સાચી ન માની લેવી જોઇએ. મોટા મનુષ્યોએ કાનના કાચા ન થવું જોઇએ. કોઇ પણ મનુષ્ય કોઇ સંબંધી વાત કરે તેનો સર્વ બાજુથી ચોક્સ નિર્ણય કરવો જોઇએ કે જેથી પાછળથી પશ્ચાત્તાપ ન થાય. રાજાઓએ, શેઠીયા-ઓએ તથા સત્તાધિકારીયોએ પોતાના કાનને તથા હૃદયને પરતંત્ર ન બનાવવું જોઇએ. બહાર જે વાતો મોટી મોટી સંભળાય છે તેઓનું મૂળ તપાસવામાં આવે છે તો તેમાંનું કાંઇ પણ હોતું નથી એવું પણ ઘણી વખત બને છે.

शेठने फांसी.

અમદાવાદ જેવા નગરમાં એક કરોડાધિપતિ શેઠ રાત્રે ચોટામાં ફરવા ગયા હતા. રસ્તામાં કોઇએ જેના પેટમાં તરવાર પેસેલી છે એવો પુરુષ દીઠો. શેઠે દયાથી તેના પેટમાંથી તરવાર કાઢી જે એવામાં તુર્ત પોલીસે પેલા શેઠને પકડીને કહ્યું કે તેં આ પુરુષનું ખૂન કર્યું છે ચાલ. કોર્ટમાં તપાસ ચાલી. શેઠે તરવાર કાઢવાની વાત કબૂલ કરી. છેવટ ન્યાયાધીશે નિર્ણય કર્યું કે શેઠે પેલા પુરુષનું ખૂન કર્યું માટે શેઠને ફાંસી દેવી એવો ઠરાવ. શ્રવણ કરીને એટલો વિચાર કરવો જોઇએ કે કોઇ વાત કાનથી સાંભળીને એકદમ માનવી નહિ તેમ એકદમ દેખાને પણ માનવી નહિ. શ્રવણ કરી પશ્ચાત્ ચોકસ નિર્ણય કરીને તથા દેખીને પણ ચોકસ નિર્ણય કરીને અભિપ્રાય આપવો.

देखादेखी करवाथी हानि.

મોટી દેખાદેખી ગાડરીઆ પ્રવાહની પેઠે છે ... જેના ...

વાથી પશ્ચાતાપ કરવાનો વખત આવતો નથી. અન્યથા મદનીયાની મહો-કાણ જેવું બને છે. દરેક વસ્તુનું સ્વરૂપ જાણવા પ્રયત્ન કરવો અને જે આચારમાં મૂકવાનું હોય તેનું તો અવશ્ય જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. "પહેલું જ્ઞાન ને પછી કિરિયા" पढमं नाणं तओ दया ॥

લઘુ બાળ જેવા સાધુઓ.

એક વિદ્વાન્ પુરૂષનો સમાગમ થયો. તેને મેં કહ્યું કે ખરા સન્તો ન્હાના બાળકના વિનોદી ચહેરા જેવા ચહેરાને ધારણ કરે છે. ન્હાના બાળકને જેમ સર્વ મનુષ્યો ચાહે છે તેમ સત્પુરૂષોને સર્વ મનુષ્યો ચાહે છે. ન્હાનું બાળક દુશ્મનને પણ પ્રિય ગણે છે તેમ સત્પુરૂષો દુશ્મનને પણ પ્રિય ગણે છે. ન્હાનું બાળક કોઇના ઉપર આ મારો શત્રુ છે એવી બુદ્ધિવાળું દેખાતું નથી તેમ સાધુઓ પણ કોઇના ઉપર શત્રુબુદ્ધિવાળા દેખાતા નથી. ન્હાનું બાળક જેવું આનન્દમાં રમ્યા કરે છે તેમ સાધુઓ પણ જ્ઞાનાનન્દમાં મસ્ત રહે છે. ન્હાના બાળક ઉપર પ્રાયઃ સર્વ મનુષ્યો પ્રેમ ધારણ કરે છે તેમ સાધુઓ ઉપર સર્વ મનુષ્યો પ્રેમ ધારણ કરે છે. ન્હાના બાળકની ચેષ્ટાથી દુશ્મન પણ જેમ પીગળી જઇને દયાર્દ્ર બને છે તેમ સાધુઓની ચેષ્ટાથી દુર્જનો પણ દયાર્દ્ર બને છે. ન્હાના બાળકને નાત જાતનો ભેદભાવ હોતો નથી તેમ સાધુઓને પણ નાત જાતનો ભેદભાવ હોતો નથી. ન્હાના બાળકને અજ્ઞાનાનન્દ હોય છે અને ખરા જ્ઞાની સાધુઓ તો જ્ઞાનાનન્દમાં મસ્ત રહે છે. ન્હાના બાળકને ચિન્તાઓ–શોક વગેરે અલ્પ હોય છે તેમ સાધુઓને પણ જ્ઞાનના બળે ચિન્તાઓ શોક વગેરે રહેતાં નથી ન્હાના બાળકમાં પ્રેમ હોય છે. સાધુઓમાં શુદ્ધ પ્રેમ હોય છે. ન્હાના બાળકને માતાના ઉપર વિશ્વાસ હોય છે સાધુઓને પરમાત્મા ઉપર તથા ગુરૂ ઉપર વિશ્વાસ હોય છે. ન્હાના બાળકો પોતાની વાત અન્યોને કહે છે તેથી તેમના બોલવા પર પ્યાર આવે છે સાધુઓ પણ સરળ દિલથી અન્યોને ખરેખરો ઉપદેશ આપે છે તેથી તેમના બોલવા ઉપર લોકોને પ્રેમ પ્રગટે છે. ન્હાનું બાળક પ્રેમથી અને સ્પષ્ટાચારથી અન્યોનાં હૃદય આકર્ષે છે તેમ મુનિવરો પણ શુદ્ધ પ્રેમ અને સ્પષ્ટાચારથી લોકોના હૃદય આકર્ષી શકે છે. બાલ્યાવસ્થામાં જે આનન્દ હોય છે તે અજ્ઞાન સદ્‌ભાવી છે સાધુની અવસ્થામા જ્ઞાનાનન્દ યોગાનન્દ પ્રગટે છે. બાળકો મોટાં થાય છે ત્યારે તેઓમાં સ-

સારના પ્રપંચોના લીધે સ્વાર્થ-કપટ વગેરે દોષો પ્રગટે છે. જ્ઞાની એવા સાધુની અવસ્થામાં સ્વાર્થાદિક દોષોનો લય થાય છે તેથી તેનું આનન્દમય જીવન બની રહે છે.

मुनिनी सर्वत्र निःस्पृहता.

એક મુનિ વ્યાખ્યાન વાંચવાની તૈયારી કરવા લાગ્યા. એક શ્રાવિકાએ કહ્યું કે હજી મારો પુત્ર આવ્યો નથી. શ્રાવિકાનો પુત્ર આગેવાન હતો. મુનિએ કહ્યું વ્યાખ્યાનનો સમય થઇ ગયો છે. શ્રાવિકાએ કહ્યું મારા પુત્ર વિના વ્યાખ્યાન વંચાશે નહિ. મુનિરાજે કહ્યું કે શ્રાવિકે ! કોઇની સ્પૃહા હું રાખતો નથી. તારા પુત્ર જેવા શેઠો તો મારા વાસખેપમાંથી ઘણા પ્રગટે છે. જે જગતની સ્પૃહા રાખે છે તે જગતને તાબે થાય છે-જે જગતની સ્પૃહા રાખતો નથી તે જગતનો ઉપરી બને છે

गुरुश्रद्धानी चर्चा.

એક વખતે એક સાધુ ઉપાશ્રયમાં શાન્ત ચિત્તથી બેઠા બેઠા પરમાત્માનો વિચાર કરતા હતા તે વખતે એક શ્રાવક આવી કહેવા લાગ્યો કે મહારાજ ! હવે મારી શ્રદ્ધા તમારા ઉપર સ્થિર રહેતી નથી. સર્વ સાધુઓ ચાલે તે પ્રમાણે ચાલો. [illegible] આચરો તો તમારી મહત્તા વધશે. તમને આજ સુધી ગુરુ માનું [illegible] પણ હવે તમે જો બરાબર મારા કહેવા પ્રમાણે [illegible] તમને [illegible] તેથી હું તમને ગુરુ માનીશ નહિ, તેમજ તમે [illegible] આહાર નહિ દુનિયાની તરફ ધ્યાન દેઇને લોકમાં મારી પ્રશંસા [illegible] તો તમને ગુરુ માનીશ. કેમ તમે તો [illegible] શાન્ત મુનિવરે શ્રાવકને કહ્યું કે શ્રાવક ! તારા વિચારોમાં હજી [illegible] સમતા આવી નથી. તું મારા ખાતાની [illegible] તેના જેવા વિચારો કરનાર બની જાય છે [illegible] અને અપ-[illegible] દુનિયાનો એક સરખો અભિપ્રાય નથી. [illegible] અમુક મનુષ્યને પ્રશંસે તો અન્ય મનુષ્યો તેને ધિક્કારે છે. એકજ વસ્તુને દેખીને પ્રત્યેક મનુષ્ય પોતાના અભિપ્રાય પ્રમાણે તેને [illegible] છે. આત્માર્થીએ ધર્મ કર-

વાની જરૂર છે. લોકોમાં પ્રશંસા થાય તેમ જે વર્તવા પ્રયત્ન કરે છે અને આત્માના સ્વાભાવિક ગુણો તરફ લક્ષ દેતો નથી તે આત્મગુણોથી છેતરાય છે. લોકો પોતપોતાની રૂચિ દૃષ્ટિ પ્રમાણે ભિન્નભિન્ન મત બાંધે છે. સર્વનો એક સરખો મત મળતો આવતો નથી. આગમોના આધારે મને જે સમજાય છે અને મારાથી શક્તિ પ્રમાણે જે થાય છે તે હું કરૂં છું. લોકમતના વિચાર રૂપ વાયરાના જોરે આકડાના તુલની પેઠે ઉડવાની કંઇ જરૂર નથી. તું કહે છે કે હું તમને ગુરૂ માનીશ નહિ. આના ઉત્તરમાં અવબોધ કે તું ગુરૂ માને તે માટે હું સાધુ થયો નથી. શ્રાવક સમજને જો પ્રથમથી તું ગુરૂ કરતાં શીખ્યો હોય તો તારી હાલના જેવી ત્રિશંકુની અવસ્થા રહેત નહિ. સમકિતદાયક ગુરૂ તરીકે મને ગુરૂ માનતો હોય તો તેનો કદી ત્યાગ થઇ શકે નહિ. વેશ્યાની પેઠે જેઓ વારંવાર ગુરૂઓ સ્વચ્છંદથી બદલે છે તેઓ હજી શિષ્યનું લક્ષણ સમજી શકતા નથી. તું તારા માટે મને ગુરૂ માને છે. મારો તેમાં કાંઇ સ્વાર્થ નથી. પેલો શ્રાવક આ પ્રમાણે મુનિનો ઉપદેશ સાંભળી ખુશ થઇ ગયો અને ગુરૂનું કથન ધ્યાનમાં લીધું.

योग्यता प्रमाणे उपदेश.

એક મુનિએ બાલશ્રાવકોની આગળ દ્રવ્યાનુયોગની દેશના દેવા માંડી. વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ શ્રાવકોને પૂછ્યું, શ્રાવકો ! શું સમજ્યા ? શ્રાવકોએ કહ્યું, ગુરૂ મહારાજ ! અમને કંઇ સમજણ પડી નહિ. તમે સમજાવવા બહુ પ્રયત્ન કર્યો તે વાત ખરી છે પણ અમને કંઇ સમજણ ન પડી. માટે આપને તસ્દી પડી તેથી દીલગીર થઇએ છીએ. મુનિએ જાણ્યું કે મેં ભૂલ કરી છે. તેમનો અધિકાર તપાસ્યા વિના દેશના દીધી તે ઠીક કર્યું નહિ. શ્રોતાના અધિકાર પ્રમાણે દેશના દેવી જોઇએ. બાલ જીવને તેના અધિકાર પ્રમાણે સમજાવવા પ્રયત્ન કરવો. મધ્યમને તેના અધિકાર પ્રમાણે સમજાવવા પ્રયત્ન કરવો અને જ્ઞાનીને તેના અધિકાર પ્રમાણે ઉપદેશ દેવો. ઉપદેશ આપતાં પહેલાં શ્રોતાનું જ્ઞાન, તેની રૂચિ અને તેને કેવી રીતે બોધી શકાય તે બાબતનો પૂર્ણ વિચાર કરવાની જરૂર છે. શ્રોતાઓને જે જે બાબતોનો બોધ આપવાની ઇચ્છા હોય તેને માટે તેઓ અધિકારી છે કે કેમ ? એવું પ્રથમથી જાણવાની જરૂર છે. ઔષધ આપનાર ડાક્તર અથવા વૈદ્ય પ્રથમથી દર્દીઓની તપાસ કરીને તેની યોગ્યતા પ્રમાણે ઔષધ આપે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, ઉમ્મર આદિનો વિચાર કરીને તે ઔષધ

આપે છે તો ઘણોજ ફાયદો થાય છે. પ્રથમ તો શ્રોતા ભાવિત છે કે અભાવિત છે, તેના મનમાં ધર્મ સંબંધી કેવા વિચારો પ્રગટે છે, તે કોની કોની સંગતિમાં આવ્યો છે, તેની શ્રદ્ધા કેવી છે, કેવા ભાવથી તે તત્ત્વને શ્રવણ કરવા ઇચ્છે છે, ઇત્યાદિ બાબતનો અનુભવ કરીને પશ્ચાત્ તેને બોધ દેવામાં આવે છે તો શ્રોતા અને વક્તાને આનંદ પડે છે

યોગ્યતા પ્રમાણે બોધ દેવા પર દૃષ્ટાંત.

ડીસામાં એક વખત કૃપાવિજયજી મહારાજ ગયા હતા. ત્યાં તેઓ વ્યાખ્યાન વાંચતા હતા. પાલીના એક શ્રાવકે તેમની તારીફ સાંભળી કે શ્રીકૃપાવિજયજી દ્રવ્યાનુયોગના જાણ છે. પાલીના શ્રાવક વહોરે આવ્યો અને પાસે વ્યાખ્યાન શ્રવણ કરવા ગયો. વ્યાખ્યાનમાં કથાઓ ચાલતી હતી તેથી પેલો શ્રાવક નારાજ થયો. મહારાજે તેનું મન જાણી લીધું. અને બીજા દિવસ પ્રભાત વ્યાખ્યાન [illegible] તેથી પાલીના શ્રાવકને પણ આનંદ થયો [illegible] એક વખત વ્યાખ્યાન વાંચતા હતા [illegible] હતા [illegible] [illegible]

જ્ઞાનીઓની અવસ્થામાં [illegible] આનંદ

[illegible]

ગુરૂ મહારાજ કહે છે કે, પ્રજ્ઞાલાલ ! બાલ્યાવસ્થામાં નિર્દોષ પ્રેમ પ્રાયઃ હોય છે. પ્રાયઃ બાલ્યાવસ્થામાં કોઇના અવગુણ દોષો તરફ દૃષ્ટિ જતી નથી. જેવું હૃદયમાં તેવી રીતે બાહ્યનું વર્તન પણ હોય છે. સંસારના કાવા દાવા, કપટ કળાઓ સ્વાર્થ વગેરે દોષોનું વિશેષતઃ અનભિજ્ઞપણું હોવાથી નિર્દોષ પ્રેમ અને પ્રસન્ન વદન રહે છે. પશ્ચાત્ મોટી ઉમર થતાં સંસારની બાબતોનું જ્ઞાન વધે છે અને મોહનું જોર પણ તે સાથે વધે છે, તેથી દેવ, ગુરૂ, ધર્મના ઉપર પણ અજ્ઞાની જીવોને બાલ્યાવસ્થા જેવો પ્રેમ રહેતો નથી. જ્ઞાની મનુષ્યોને તો બાલ્યાવસ્થા કરતાં જ્ઞાનની વિશેષતઃ પ્રાપ્તિ થવાથી વિશેષતઃ ધર્મ, ગુરૂ, દેવ ઉપર પ્રેમ પ્રગટે છે. બાલ્યાવસ્થાનો જેવો ઉત્તમ પ્રેમ હોય છે તેવો મોટી ઉમ્મરે પ્રાયઃ જ્ઞાની જીવોમાં પ્રેમ રહી શકે છે. પ્રેમ લક્ષણા ભક્તિ જેવી બાલ્યાવસ્થામાં સધાય છે તેવી અજ્ઞાનીઓ મોટી ઉમરમાં સાધી શકતા નથી. કૃષ્ણને માનનારા કેટલાક વૈષ્ણવો કહે છે કે ૧૧ વર્ષ અને બાવન દિવસના કૃષ્ણ અને તે પછીના કૃષ્ણ તે પહેલાનાં કરતાં જુદા હતા. અગિયાર વર્ષ સાત્વિક બાવન દિવસના કૃષ્ણમાં કલિકાલનો પ્રવેશ થયો નહોતો. આ ઉપરથી અપેક્ષાએ સારાંશ ગ્રહણ કરવાનો કે મોટી ઉમ્મરમાં પણ જ્ઞાનની સાથે બાલ્યાવસ્થાના કરતાં શુદ્ધ એવો પ્રેમ ધારણ કરીને, દેવ, ગુરૂ અને ધર્મની સેવના કરવી. મોટી ઉમર થતાં અનેક વસ્તુઓના હૃદયમાં સ્વાર્થિક માયિક સંસ્કારો પ્રગટે છે તેથી માતા, પિતા, ગુરૂ, મિત્ર ઉપર પણ શુદ્ધ પ્રેમ ધારણ કરી શકાતો નથી. શુદ્ધદેવ-ગુરૂ-ધર્મ પર શુદ્ધપ્રેમ ધારણ કર. કુમતિના વિચારોને કાઢી નાખ. જ્ઞાનયોગીના જેવી પોતાના આત્માની દયા કરીશ તો બાલ્યાવસ્થા કરતાં અનન્તગણો આનન્દી બનીશ.

स्वयं गुणी बनवा पर एक भक्तनुं दृष्टांत.

અન્યોને ધર્મી બનાવવા પહેલાં પોતાનામાં સદ્ગુણોનો આવિર્ભાવ કરવાની જરૂર છે. પોતાનામાં ગુણો પ્રગટયા હોય છે તો તેની અન્યોને અસર થાય છે. એક ઠેકાણે એક ભક્ત પુરુષ રહેતો હતો. તેની પાડોશમાં એક ક્રોધી મનુષ્ય રહેતો હતો. ક્રોધી મનુષ્ય આખા રસ્તામાં ગમે તે પ્રસંગે. ઉભા કરીને અને તેની સાથે ગમે તે ગાળે બોલ્યા કરતો હતો ક્રોધ કર્યા વિના તેને જપ વળતો નહોતો. એક દિવસ પેલા ભક્ત પુરુષનો વારો આવ્યો. ક્રોધ કરનારે પેલા ભક્તના ઉપર પ્રથમ પ્રથમ ગાળોનાં

नैतिक.

સંવત્ ૧૯૬૭.

સમાજમાં કેટલાકોને ક્લેશ યુદ્ધ કરતા જોઇએ છીએ અને તેઓ
દાબી દેવાનો પ્રયત્ન કરવામાં નથી આવતો તેનું થોડું ઘણું ફળ સર્વ
ચાખવું પડે છે. એક આગબોટમાં બેઠેલા મનુષ્યો હોય અને તે આગબો
ટમાં કોઇ ઠેકાણે કાણું પડ્યું હોય અને તેમાં પાણી ભરાતું હોય તે
સર્વની ફરજ છે કે તે કાણાને ગમે તે રીતે પુરી દેવું. જો તે કાણું પૂ
દેવામાં ન આવે તો આગબોટમાં બેઠેલા સર્વ મનુષ્યોને તેનું ફળ ભોગ
વવું પડે છે. તે પ્રમાણે સમાજમાં, સંઘમાં, નાતમાં, ગચ્છમાં, ગામમ
દેશમાં, મંડળમાં ક્લેશ જાગ્યો હોય તો તેને સર્વેએ ભેગા મળીને સમાવ
દેવો જોઇએ. જો ક્લેશ, ઝગડો સમાવી ન દેવામા આવે તો ગંછ
પડેલા અગ્નિના તણખાની પેઠે વા ગામમાં લાગેલા અગ્નિની પેઠે સર્વ
દુઃખનો થોડો ઘણો ભાગ પ્રાપ્ત થાય છે. વિવેકી મનુષ્યોએ ક્લેશ ઝગ
વગેરેને યતાજ સમાવી દેવા જોઇએ. તે બાબતમાં જરા માત્ર પ્રમાદ કરવ
યોગ્ય નથી. ક્ષુદ્ર નાના પ્રાણીઓમા પણ ક્લેશ યુદ્ધ થતા હોય તો તે
ઉપેક્ષા ન કરતા તે વારવા જોઇએ. એક વનમા ઘણા પશુઓ રહેતા હત
એક દિવસ બે કાચંડાઓને (સરડાઓને) લડાઇ થઇ તે દેખીને એ
ઉંદરે એક મોટા હાથીને કહ્યું કે આ બે કાચડાઓને લડતા વારવ
જોઇએ. મૃગલા, સસલાં, વગેરે પ્રાણીઓ એની લડાઇમા ગમ્મત માની
વારતા નથી તે યોગ્ય થતુ નથી. તમે તો વિવેકી છો માટે તમે
કાચડાઓને લડતા વારો. જો નહિ વારો તો તે બન્નેની લડાઇથી બીજ
પ્રાણીઓને પણ દુઃખ થશે. પેલા હાથીએ ઉદરને ઉત્તર આપ્યો
એ બિચારા કાચડાની લડાઇથી આપણને શો ભય છે. તું નાનુ પ્રાણી
તેથી બહુ બીવે છે. પેલો ઉદર તો મૌન રહ્યો. એટલામાં બે કાચંડાઓ
લડતા લડતા હાથીના કાનમાં પેસી ગયા અને કાનમા યુદ્ધ મચાવવ
લાગ્યા તેથી હાથીને વેદના થવા લાગી અને તે ગાંડા જેવો થઇને દોડવ
લાગ્યો. વનના નાનાં વૃક્ષો ઉખેડવા લાગ્યો. એક તાપણી બળતી હતી

અને નિર્ભય બનવું જોઇએ. સત્યની અનેક અપેક્ષાઓ હોય છે સનાતનીઓ અને સુધારકોમાં જે જે અંશે સત્ય જણાતું હોય તે તે અપેક્ષાએ તે તે સત્યને ગ્રહણ કરીને ખરા જૈનોએ જહ્નુની પેઠે સત્યનો પ્રકાશ કરવો.

અન્યોની મરજી સાચવીને અન્યોની પ્રીતિ આદિ મેળવવા હાજી હા કરવાની ટેવ કદી ન પાડવી જોઇએ, હાજી હા કરવાની ટેવથી પોતાની સ્વતંત્રતાને દેશવટો દેવાય છે અને પોતાના વિચારો વિરૂદ્ધ વર્તવાથી પોતાના આત્માનું અપમાન કરી શકાય છે, અને તેથી અન્તે પરિણામ સારૂં આવતું નથી. પોતાના સદ્વિચારોને દાબી દેઇ અન્યોની મરજી સાચવવાથી ઇન્દ્રાસન મળતું હોય તો પણ તેની સ્પૃહા ખરેખર સત્પુરૂષો રાખતા નથી.

हाजी हा पर दृष्टांत बोध.

માનસ નગરમાં પહેલાં એક રાજા થઇ ગયો. તેણે વિચાર કર્યો કે આપણે એક સારો દિવાન રાખવો. હાજી હા કરનારા દિવાનથી સત્યનો પ્રકાશ બહાર આવતો નથી. એક દિવસ તેણે કેટલાક મનુષ્યોને દિવાન પદવી માટે બોલાવ્યા. ચન્દ્રશંકર નામના પુરૂષને તેણે બોલાવીને પૂછ્યું. ચન્દ્રશંકરજી ? હાથીની સ્વારી મને ઠીક લાગે છે. તમારો શો અભિપ્રાય છે ? ચન્દ્રશંકરે કહ્યું; વાહરે વાહ હાથીઓની સ્વારી તો રાજાઓને શોભી શકે. રાજાએ કહ્યું, હાથીના કરતાં ઘોડાની સ્વારી સારી લાગે છે. ચન્દ્રશંકરે કહ્યું, હાથીના કરતાં ઘોડો લાખ દરજ્જે સારો. હાથી રીસાળ રહે છે અને દોડી શકતો નથી. રાજાએ કહ્યું, ગધેડાની સ્વારી બહુ સારી લાગે છે. ચન્દ્રશંકરે કહ્યું, વાહરે વાહ ગધેડાની સ્વારીથી તો કદી પડવાનો ભય રહેતો નથી. અને મરજીમાં આવે ત્યાં ઉભું રાખી શકાય છે. રાજાએ કહ્યું ગધેડાની સ્વારી કરવાથી લોકોમાં હાંસી થાય. ચન્દ્રશંકરે કહ્યું, હા સાહેબ, બરાબર વાત છે. ગધેડાના જેવું મૂર્ખ કોઇ પ્રાણી નથી, રાજાએ કહ્યું, પાલખીમાં બેસવાથી આનન્દ પ્રગટે છે, ચન્દ્રશંકરે કહ્યું, વાહરે વાહ, પાલખીની શી વાત થાય ? રાજાએ કહ્યું પાલખી બહુ હાલે છે. ચન્દ્રશંકરે કહ્યું. હા સાહેબ, પાલખીમા બેસવાથી પીંડું પાણી હાલે છે. રાજાએ વિચાર્યું કે આ મનુષ્યને દિવાન બનાવ્યો હોય તો, તેનાથી મારા રાજ્યની ઉન્નતિ થવી દુર્લભ છે. ચન્દ્રશંકરને કહ્યું તમો હાજી હા કરનારા મનુષ્ય છો તેથી તમને દિવાન કરી શકાશે નહિ. કાન્તિદાસ નામના એક ગૃહસ્થને બોલાવીને રાજાએ પૂછ્યું:– રાજાએ પોતાની મેળે હરોળાર ચલાવવો જોઇએ કે પ્રજાની સમ્મતિ લેવી

જોઇએ ? શાન્તિદાસે કહ્યું પ્રજાના વિચારોની સમ્મતિ લેવી જોઇએ. બ્રિટીશ સરકારની રાજ્ય પદ્ધતિએ રાજ્ય ચલાવવાની જરૂર છે. પ્રજાની સેવા અને પ્રજાની ઉન્નતિ અર્થે રાજા છે એમ સમજીને રાખવાની જરૂર છે. મારા સ્વતંત્ર વિચારો હું કહું છું તેમાં કંઇ ફેરફાર હોય તો પરસ્પર વિચારોની આપ લે કરવાની જરૂર છે. રાજા અને પ્રજાએ ભેગા મળીને પરસ્પર વિચારોની આપ લે કરવી જોઇએ. રાજાએ શાન્તિદાસના સ્વતંત્ર વિચારો જાણીને તેને દિવાન નીમ્યો. આ ઉપરથી સમજવાનું કે હાજી હા કરવાની ટેવથી ખરેખરો લાભ થઇ શકતો નથી. આગમના આધારે સત્યજ્ઞાનનો પ્રકાશ લેઇ પોતાની અને પારકી ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો.

ઠાઠમાઠ અને ધર્માડંબરના કૃત્રિમ મંત્રોથી અજ્ઞ મનુષ્યોને પ્રપંચ જાળમાં ફસાવીને પોતાની સ્વાર્થ વૃત્તિને તૃપ્ત કરનારા મનુષ્યો પોતાના આત્માને છેતરે છે અને તેથી અન્તે અવનતિનો માર્ગ ખુલ્લો થાય છે. વિશેષમતિ ધારણ કરનારાઓ સામાન્ય મતિવાળા મનુષ્યોને પોતાના વશ કરી શકે છે, પણ અન્તે તેથી પોતાનો અભ્યુદય થતો નથી. મન, વાણી અને કાયાની શક્તિયોને ખીલવવી હોય તો ઢોંગપાખંડ ત્યાગ્યા વિના છુટકો થવાનો નથી. દરેક મનુષ્યોની સાથે આર્યભાવથી વર્તવામાં આવે તોજ આર્યપણું પ્રાપ્ત થાય.

વાણિયા ઘારના સીલા છે તેનૂં દૃષ્ટાંત.

વાણિયા ધારના ખીલા છે. એવી કહેવત નીચે મુજબ સાબતી છે. મારવાડમાં સાદડી ગામમાં એક ભોજક સાધુનો વેષ ધારણ કરીને ગયો. ગામની બહાર તે બકધ્યાન તથા કપટ ક્રિયા કરીને ઉત્તમ ચારિત્રનો ઢોંગ દેખાડવા લાગ્યો. વાણિયાઓ તેને ગામમાં તેડી ગયા. પ્રતિક્રમણ વખતે વાણિયાઓ આવ્યા. પ્રતિક્રમણમાં કાઉસગ્ગમાં તેણે બે હાથ ઉંચા કર્યા. વાણિયાઓએ પૂછ્યું બાપજી બે હાથ ઉંચા કેમ કર્યા ? ત્યારે કપટી સાધુએ કહ્યું "મુક્તિમાં જાણા હોવે તો બે હાથ ઉંચા કરણા ઔર નરકમેં જાણા હોવે તો બે હાથ નીચા કરણા" વાણિયાઓએ જાણ્યું કે અહો આ મુનિ ઉત્તમ ક્રિયા કરનારા છે. ભક્તિપૂર્વક તેને માનવા લાગ્યા. એક દિવસ એક શ્રાવકે મહારાજને કહ્યું કે નવકારવાળી કેમ રાખતા નથી ? ત્યારે મુનિએ કહ્યું "નવકારવાળી કહે તો ચ્યાર હાથ જાવે. નોકારવાળી કહેણા ચાહિયે સાધુ શ્રીકો પાસ ન રાખે નોકારવાળી તો ચ્યાર હાથ જાવે. નોકારવાળીકુ શ્રી હે કર પાસ રખે તો દોષ લગ જાવે." ત્યારે વાણિયાઓએ કહ્યું કે આ

મુનિ ખરી ક્રિયા દેખાડનારા આવ્યા છે. ગામના વાણિયાઓએ મુનિજીને કહ્યું કે આજ પ્રતિક્રમણ કરાવો. મુનિએ કહ્યું કે હું કરૂં તેમ કર્યા કરો. પેલા કપટી મુનિ જેમ કરવા લાગ્યા તેમ વણિકો કરવા લાગ્યા. છઠ્ઠા આવશ્યકના અન્તે પેલા કપટી મુનિને વઇ (ફેફરૂં) આવી તેથી આલોટવા લાગ્યો. વાણિયાઓ પણ આલોટવા લાગ્યા. મુનિના મુખે ફીણ આવ્યું. વાણીઆ-ઓએ ઘણી મહેનત કરી પણ ફીણ આવ્યું નહિ અને ક્રિયા પૂરી થયા બાદ કહેવા લાગ્યા કે " બાપજી ! થારો પડિક્રમણ બહોત આછો હુવો. થાકું ફેંણુ આયા." માકું નહિ આયા એક દિવસે કાર્તિક પુનમે ગામની બહાર છાણ મથન ક્રિયા કરાવી. છાણના ઢગલામાં લાકડું ઉભું કરીને બન્ને તરફના લોકો પાસે ખેંચાવ્યું. તે ઘડીમાં આમ જાય અને ઘડીમાં આમ જાય. વાણિયા બહુ ખુશ થયા અને કહેવા લાગ્યા કે આ સાધુ સાચો છે અને કર્મ ટાળવાની અમને ખરી ક્રિયા બતાવી. છેવટે પેલા કપટી સાધુએ કહ્યું કે વાણિયાઓ ! તમે આ ધારના ખીલા જેવા આમ તેમ ભમાવ્યાથી ભમી જાઓ છો. મેં તમને ખોટું ભરમાવ્યું છે અને છેવટે જણાવું છું કે તમે બકની પેઠે કપટી ક્રિયાના આડંબરે છો. કપટીઓ કયાં ભૂલો તમારા જેવા બાલજીવોને ભમાવે છે તેથી તમારી એક ગુરૂ ઉપર શ્રદ્ધા રહેતી નથી. તમારી આગળ કપટી કલાવંત ઘટાટોપ કરનાર ફાવી જાય છે અને તમારી એક ગુરૂ ઉપર શ્રદ્ધા ગુરૂપણાની પાકી ન રહેવાથી ધારના ખીલા જેવા બની જાઓ છો. તમે કદી કોઇના થયા નથી અને તમારા ઉપર ગુરૂનો વિશ્વાસ રહેતો નથી અને ખરી શ્રદ્ધા વિના તમારૂં કલ્યાણ થતું નથી.

नारद जेवानी वातपर विश्वास न मूकवो जोइए.

નારદવેડા કરીને પરસ્પર લડાવી મારનાર મનુષ્યોનું કદી કલ્યાણ થતું નથી. એક બીજાને આડું અવળું ભમાવીને પરસ્પર કલેશ કરાવનારા મનુષ્યોનો કદિ વિશ્વાસ ધારણ કરવો નહિ. ભદ્રક મનુષ્યોને કજીઆખોર મનુષ્યો લડાવી મારે છે તેના ઉપર એક દૃષ્ટાંત નીચે મુજબ છે.

दृष्टांत त्रोव.

વિદ્યાપુર નામના નગરમાં ચન્દ્રસેન રાજા રાજ્ય કરતો હતો. ત્યાં રૂપમદાસ નામના શેઠ અને ચપા નામની શેઠાણી વસતાં હતાં બન્નેનો એક બીજા ઉપર પ્રેમ તથા વિશ્વાસ સારો હતો. પુરૂષ અને સ્ત્રી આનન્દમાં જીવન ગાળતા હતાં. કોઇ દિવસ અંશ માત્ર પણ કલેશ થયો નહતો. એ ખરેખરો પ્રેમ અને સંપ છે. રાજાની મંડળીમાંના એકે કહ્યું તે બેની વચ્ચે

હું લડાઇ કરાવું. બીજાઓએ કહ્યું જો તુ લડાઇ કરાવે તો ખરેખરો નારદ કહેવાય. પેલો નારદ વણિકનો વેશ ધારણ કરી રૂપમદાસ શેઠની દુકાને ગયો. પરગામથી માલ ખરીદવા આવ્યો છું એમ રૂપમદાસના પૂછતા જણાવ્યું. જમવાના વખતે શેઠ તેને પોતાની સાથે ઘેર લેઇ ગયા. શેઠાણીએ ભોજન પીરસ્યું પણ નારદે ખાધું નહિ. ન ખાવાનું કારણ પૂછતા અનેક બહાનાં જણાવ્યાં પશ્ચાત્ તે ઘેર શેઠની ગાદી ઉપર સુઇ ગયો. રૂપમદાસ શેઠ દુકાને ગયા. શેઠાણીએ પેલા વણીયાત નારદ શેઠને કહ્યું. કેમ તમે જમ્યા નહિ ? મને ખરૂં કારણ કહો. શેઠે કહ્યું એ કહેવામાં સાર નથી. શેઠાણીએ હઠ પકડી. અંતે નારદ શેઠે કહ્યું તારો ધણી મારા ગામનો ધોબી છે. બાલ્યાવસ્થામાં અમે બન્ને મિત્ર હતા તે અહીં આવ્યા બાદ શેઠ બની બેઠો અને તે તને પરણ્યો પણ તેની સાથે મારાથી શી રીતે ખવાય ? પરણ્યાં પહેલાં કુળ વગેરે પૂછ્યું હોત તો સારૂં. તમારો ભવ બગડ્યો. શેઠાણીએ કહ્યું શેઠ ધોબી છે એમ શાથી જાણી શકાય ? પેલા નારદે કહ્યું કે રાત્રે બરડો ચાટજે એટલે ખારાશ જણાશે તેથી લુગડાં ધોતો હતો એમ જણાશે. શેઠાણીએ પરીક્ષા લેવાનો ઠરાવ કર્યો. નારદશેઠ દુકાને ગયા અને ત્યાં પણ શેઠના પૂછવાથી જણાવ્યું કે તારી સ્ત્રી ચુડેલ છે તેથી મેં ખાધું નહિ. શેઠે કહ્યું તે ચુડેલ છે એમ શાથી જાણી શકાય. નારદશેઠે કહ્યું, રાત્રીએ તું ઉંઘી જાય છે ત્યારે તે તારો બરડો ચાટીને લોહી પીએ છે. શેઠને પણ વહેમ પડ્યો અને પરીક્ષા લેવાનો ઠરાવ કર્યો. રાત્રે શેઠ કપટથી ઉંઘ્યો એટલે શેઠાણીએ હળવે રહીને જીભ વડે બરડાને ચાટવા માંડ્યો તેથી ખારાશ જણાઇ. શેઠે બૂમ પાડી કે અરે આ ચુડેલ છે. શેઠાણીએ બૂમ પાડી કે અરે આ ધોબી છે. બન્નેનુ કેશાકેશી યુદ્ધ થયું. હજારો મનુષ્યો દેખતાં ક્લેશ વધવા લાગ્યો. રાજા સુધી ફરિયાદ ગઇ. પેલા નારદ શેઠની નારદવિદ્યા પ્રગટ થઇ અને પુનઃ બન્ને વચ્ચે પ્રેમ સંપ થયો. આ ઉપરથી સમજવાનુ કે નારદ જેવા દુર્જન મનુષ્યો કાચાકાનના ભોળા લોકોને આડુંઅવળું ભરમાવીને લડાવી મારે છે માટે કોઇની વાત સુણીને એકદમ કોઇ જાતનો નિર્ણય કરવો નહિ. કદી કાચાકાનના થવુ નહિ. જેટલું કાને સંભળાય તેટલુ સત્ય હોય એવું માનવું નહિ ' વા વાયાથી નળીયું ખસ્યુ, તે દેખીને કુતરૂ ભસ્યુ,' એવું ઘણાં વખત બને છે. એક કાનથી બીજે કાન વાત જતાં ઘણો ફેરફાર થઇ જાય છે માટે અનેક રીતે વિચાર કરીને તથા તપાસ કરીને કોઇની વાત સાંભળીને તેની માન્યતા સ્વીકારવી.

अतिथि सेवा.

संवत् १९६७

ગામડાઓમાં આતિથ્યભાવ વિશેષ દેખવામાં આવે છે. ભારત ભૂમિના ગામડાઓમાં અતિથિને દેવની સમાન પૂજવામાં આવે છે. પોતાને ઘેર કોઇ પણ મનુષ્ય આવે તો તેનો સત્કાર કરવો જોઇએ અને તેને યથાશક્તિ ભોજન કરાવીને ખુશ કરવો જોઇએ. પોતાને ઘેર કદિ શત્રુ પણ અતિથિ થઇને આવે તો લૌકિક વ્યવહાર પ્રમાણે તેનો આદર સત્કાર પૂજા કરવાની જરૂર છે. સર્વ પ્રકારના અપરાધો ભૂલી જઇને શત્રુને પણ ઘેર આવતાં અતિથિ તરીકે સ્વીકારી તેનો દેવની પેઠે આદર સત્કાર કરવો જોઇએ. અતિથિ સત્કાર સંબંધી અમારા સાંભળવામાં એક વાત આવી હતી તે નીચે મુજબ.

મેવાડમાં કેશરીયાજી તરફના પહાડી પ્રદેશોમાં એક ભાવડો રહેતો હતો. દુષ્કાલના પ્રસંગે તે ગરીબ થઇ ગયો હતો. એક વખત એક સાહેબ પાદરીની પાસે સાહાય્ય લેવા ગયો. પેલા પાદરી સાહેબે સિપાઇ પાસે ધક્કા મરાવી કાઢી મૂક્યો. પેલો ભાવડો પોતાના ઘેર ગયો અને અન્ય ઉપાયો વડે આજીવિકા ચલાવવા લાગ્યો. કેટલાક માસ બાદ પેલો સાહેબ ડુંગરામાં ફરવા ગયો. ડુંગરામાં તે ભૂલો પડ્યો અને સાંજરે પેલા ભાવડાની ઝુંપડી પાસે આવી પહોંચ્યો. સાહેબ આખા દિવસનો ભૂખ્યો અને તરસ્યો હતો. પેલા ભાવડાએ પાદરી સાહેબને ઓળખીને માન સાથે ખાટલી ઉપર બેસાડ્યો અને પોતાના ઘરમાંથી પાણી લાવીને પાયું, પશ્ચાત્ તેને છાશ રોટલો અને ધોલીનાં પાંદડાનું શાક ખાવા આપ્યું. સાહેબને તો ભૂખથી તે અમૃત સમાન લાગ્યું. રાત્રીના વખતમાં સાહેબને ઘાસની પથારી કરીને તેમાં સુવાની વ્યવસ્થા કરી આપી તથા તેને તાપવા માટે તાપણી કરી. તેમજ જાનવરોનો ઉપદ્રવ ન થાય તે માટે પોતે સાહેબની પાસે જાગતો બેઠો. પાદરી સાહેબને સવારમાં તેમના મુકામ તરફ વિદાય કર્યા. માર્ગમાં વાતચિત કરવાથી પાદરી સાહેબે પેલા ભાવડાને ઓળખ્યો અને કહ્યું કે

હું તને ઓળખું છું. બાવડાએ કહ્યું કે હું પણ તમોને ઓળખું છું. પાદરી સાહેબે કહ્યું કે તું મારા ઘણા અપમાન વગેરે ભૂલી ગયો અને મારો સત્કાર કર્યો તેનું શું કારણ? પેલા બાવડાએ જવાબ આપ્યો કે અમારા ભારતવાસીઓ પોતાને ઘેર ગમે તેવો શત્રુ આવે પણ તેની દેવની પેઠે સેવા કરે છે અને તેમાં ખામી આવવા દેતા નથી. તમોએ મને જે કર્યું તે તરફ મારે જોવાનું નથી. માટે તો તમે મારા ઘેર આવ્યા એટલે અતિથિ ગણીને દેવની પેઠે પૂજવા જોઇએ એવું અમારૂં આર્યોનું લક્ષણ છે. પ્રભુના કૃત્રિમ ભક્ત થવાથી વા સત્તાથી વા લક્ષ્મીથી વા પ્રોફેસર થવાથી પ્રભુને પ્રાપ્ત કરી શકાતા નથી. પ્રભુનો ઉપદેશ એ છે કે સર્વ પ્રાણીઓને મારા સમાન માનશો તો તમે મને પ્રાપ્ત કરી શકશો. અમે જંગલી લોકો વિશેષ શું સમજી શકીએ. પેલા પ્રોફેસર સાહેબને બાવડાના ઉપદેશની બહુ અસર થઇ. તેણે બાવડાને પૈસા આપવા માંડયા. બાવડાએ કહ્યું કે અતિથિ સેવામાં લક્ષ્મીની લાલચ રહેતી નથી. સાહેબે પોતાના ઘરમાં પેસી અને વિચાર કર્યો કે હજી આપણે પાદરી થયા પણ પ્રભુના ભક્તના ગુણો પ્રાપ્ત કર્યા નથી. ભારતવાસીઓની ભાવનાથી અતિથિ સેવા તો ગામડાંમાં હજી કંઇક દેખાય છે બાકી શહેરના લોકો તો ધૂર્તતા—સ્વાર્થતા, ઉપરનો પ્રેમ આદિથી ખરી અતિથિ સેવાથી પરદેશીઓના સમ્સર્ગ દૂર થતા જાય છે.

ગૃહસ્થવાસ માંડનારા મનુષ્યોએ અતિથિ સેવા ખરા પ્રેમથી કરવી જોઇએ. ગૃહસ્થાવાસનું ભૂષણ દાન છે [illegible] વિના ગૃહસ્થાવાસ શોભી શકતો નથી. ગૃહસ્થ [illegible] પાત્રના [illegible]ઓને યોગ્ય એવું દાન જે મનુષ્ય આપતા નથી [illegible] અને [illegible]ના લક્ષણ નથી. પોતાના [illegible] તેની [illegible] ભક્તિ કરવી જોઇએ. સાધુઓને નિર્દોષ આહાર [illegible] પ્રાપ્ત કરે છે. એક કબુતર અને કબુતરીએ [illegible] એક ઝાડ ઉપર પોતાનું ઘર બાંધ્યું હતું અને ત્યાં [illegible] એક દિવસ સાત દિવસનો ભૂખ્યો અને [illegible] એક શિકારી તે ઝાડની નીચે આવ્યો [illegible] હાથ પગ ઠરી ગયા. પેલા કબુતરે પોતાની [illegible] આપણા ઘેર અતિથિ આવ્યો છે માટે અતિથિ સેવા કરવી જોઇએ. પેલી કબુતરી ઉડીને કોઇ ઠેકાણેથી ગામમાં બળતું લાકડું લેઇ આવી અને ઢગલ પડેલા પાંદડામાં મૂકીને પાંખોથી વાયુ ઉડાવવા લાગી તથા પાંદડાનો ભડકો થયો

अतिथि सेवापर कबुतर अने कबुतरीनुं दृष्टांत.

તેના તાપ વડે પેલા શીકારીને ચેતન્ય આવ્યું અને તે બેઠો થયો. કબુતરી પોતાના સ્વામી કબુતરને કથે છે કે આપણા ઘેર આવેલા આ શિકારી અતિથિને ભોજન કરાવવું જોઇએ.' કબુતરે કહ્યું કે હું આ તાપણીમાં પડીને શેકાઇ જઇશ તો તે ખાઇને શિકારી સંતુષ્ટ થશે. કબુતરી કહેવા લાગી કે હું તાપણીમાં પડું. કબુતર કહેવા લાગ્યો કે હું તાપણીમાં પડું. ઘણી રકઝક થયા પછી બન્ને ઠરાવ કરીને તાપણીમાં પડયાં. પેલો શિકારી આ બન્નેની વાત સાંભળીને તથા તે બન્નેના શરીરનું ભોજન કરીને તે વિચારવા લાગ્યો કે અરે મેં તો ગૃહસ્થાવાસ માંડીને આ પંખીના જેવું કદિ કોઇનું આતિથ્ય કર્યું નથી. પંખીઓ પણ અતિથિ સેવામાં સર્વસ્વ ત્યાગ કરીને પોતાની ફરજ બજાવે છે ત્યારે મેં તો કંઇ કર્યું નથી. મારી શી ગતિ થશે ? મેં તો લાખો પશુ પંખીઓને મારીને મારો આત્મા પાપી બનાવ્યો છે. કોઇ પણ પુણ્યનું કાર્ય મેં કર્યું નથી. મેં આજ સુધીનું બધું જીવતર નકામું ગાળ્યું છે એમ વિચાર કરતાં કરતાં તેના મનમાં બહુ પશ્ચાત્તાપ થયો અને અશ્રુની ધારાઓ વહેવા લાગી. વગડામાં એક સાધુ ધ્યાન ધરતા હતા તેની પાસે ગયો અને પોતાનું સર્વ વૃત્તાંત કથીને પાપનો નાશ કરનારી એવી સાધુની દીક્ષા ગ્રહણ કરી.[?]તે યમ-નિયમોને પાળવા લાગ્યો. દુર્ગુણોનો ત્યાગ કરીને ધર્મનાં અનુષ્ઠાનો કરવા લાગ્યો. અન્તે મરીને સુગતિમાં ગયો. કબુતર અને કબુતરીનું ગૃહસ્થાવાસનું અતિથિ સેવા ઉપર દષ્ટાંત સાંભળીને ગૃહસ્થ મનુષ્યોએ અતિથિ સેવા કરવી જોઇએ, સાધુઓની સેવા કરવી જોઇએ, ત્યાગીઓને આહાર પાણી વડે સેવવા જોઇએ. દયા-સત્ય-પરોપકાર-ભક્તિ, શુદ્ધ પ્રેમ વડે ધર્મ કરવામાં તત્પર થવું જોઇએ.

પ્રભુના જમણા પગના અંગુઠે પૂજા કરીને મનમાં એવું વિચારવું કે ભગવાન્ પગના બળ વડે દેશોદેશ વિચર્યા છે. અનેક જીવોને બોધ આપીને તારવામાં પગની સાહાય્ય લીધી છે માટે પ્રભુના જમણા પગને પૂંજીને આપણે પણ પ્રભુના જમણા પગની પેઠે ધર્મનાં કાર્યો કરવાં જોઇએ. ચરણ કમલ પૂંજીને સેવાધર્મ સ્વીકારવો જોઇએ. આખા શરીરમાં પગ સેવકનું કાર્ય કરે છે. આખા શરીરનો આધાર પગપર છે તેમ સર્વ ધર્મનો આધાર સેવાધર્મ છે. જેઓ પ્રથમ સેવક બને છે તેઓ પશ્ચાત્ સ્વામી બનવાને લાયક બને છે. જેઓ સેવાધર્મનો જાતિ અનુભવ ગ્રહણ કરતા નથી તેઓ સ્વામી થઇ શકતા નથી. સેવાધર્મ પ્રથમ શિખવો જોઇએ અને સેવાધર્મ પ્રથમ કરવો જોઇએ. પ્રભુએ પગનો જગત્ જીવોનું શ્રેયઃ કરવા ઉપયોગ કર્યો છે તે પ્રમાણે આપણે પણ તેમના ચરણ કમળ પૂંજીને તેમના ચરણ કમલનો સેવા ધર્મ સ્વીકારશું ત્યારે ખરેખરા સેવક બની શકીશું. મોટા થવું હોય તો સેવાધર્મ સ્વીકારો. એમ પ્રભુના ચરણકમલ પૂજનનો સાર ગ્રહણ કરો. પ્રભુના ચરણકમલ પૂજીને સેવાધર્મ સ્વીકારીને આપણે તે પ્રમાણે વર્તીએ તો પોતાનું અને જગત્નું કેટલું બધું કલ્યાણ કરી શકીએ ? તેનો ખ્યાલ કરવો જોઇએ. પ્રભુના ચરણકમલ પૂજનારે પોતાની શક્તિ વડે સેવા ધર્મ કરવો જોઇએ. જૈનધર્મની સેવામાં દરરોજ ભાવ અને આચાર વધે તો સમજવું કે પ્રભુના ચરણકમલની ખરેખરી પૂજા કરવામાં આવે છે. સેવક બનીને જૈનોએ પ્રત્યેક ધર્મકાર્યો કરવાં જોઇએ, અને બાહ્ય પદવી વગેરેની ઇચ્છાઓનો ત્યાગ કરવો જોઇએ એમ ચરણ કમલની પૂજા જણાવે છે. સેવાધર્મ કરવામાં યુગલિકોની પેઠે વિનયની જરૂર રહે છે. જૈનશાસનની ઉન્નતિ કરવી હોય વા જગત્નું કલ્યાણ કરવું હોય તો પ્રભુચરણના સેવક બનીને પ્રભુચરણના ગુણો ગ્રહણ કરી તે પ્રમાણે વર્તો જાનુબળે પ્રભુ કાયોત્સર્ગમાં રહ્યાં હતા. કાયોત્સર્ગમાં જાનુએ સાહાય્ય આપી હતી આપણે પણ જાનુનો ગુણ ગ્રહણ કરીને અન્યોને ધર્મકાર્યોમાં સહાય આપવી જોઇએ. જાનુને પૂજીને પ્રત્યેક જીવોને. સુકાર્યમા સહાય આપવાનો આત્મામા ગુણ પ્રગટાવવો જોઇએ. જાનુના જેવા ગુણો પ્રગટાવવા માટે દરરોજ પ્રયત્ન કરવો જોઇએ.

પ્રભુના હસ્તની પૂજા કરીને આપણે પ્રભુના હસ્તની પેઠે પ્રવૃત્તિ કરવી જોઇએ. પૂર્વે ગૃહસ્થાવાસમાં તીર્થંકરોએ સાંવત્સરિક દાન આપ્યું હતુ, તદ્વત્ સંસારમા રહેનારા મનુષ્યોએ પણ પ્રભુના હસ્તની પૂજા કરીને

પ્રભુની પરમાર્થદેશનાનું સ્મરણ કરવું. શ્રી વીર પ્રભુએ છેલ્લા વખતે સોળ પ્રહર સુધી દેશના દીધી. શ્રીવીર પ્રભુએ જગતને તારવા માટે જે ઉપદેશ દીધો તે કદી ભુલાય તેમ નથી. તેમના કંઠનું વારંવાર પૂજન કરીને તેમના ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એજ પૂજકોનું ખરૂં કર્ત્તવ્ય છે. પ્રભુનું હૃદય પૂજીને પ્રભુના હૃદયની પેઠે આપણું હૃદય શુદ્ધ બનાવવા સંકલ્પ કરવો. પ્રભુએ ધ્યાન ધરીને કેવળ જ્ઞાન પ્રગટાવ્યું તે પ્રમાણે આપણે પણ ધ્યાન ધરવા પ્રયત્ન કરવો જોઇએ. છદ્મસ્થાવસ્થામાં પ્રભુએ ક્ષમાદિ અનેક ગુણોને હૃદયમાં ધારણ કર્યાં હતા અને મેરૂ પર્વતની પેઠે હૃદયમાં ધૈર્ય ધારણ કરીને ઉપસર્ગોથી ચલાયમાન થતા નહોતા. પ્રભુના હૃદયને પૂજીને પ્રભુના હૃદયગુણો લેવા દૃઢ સંકલ્પ કરવો. પ્રભુનું હૃદય પૂજીને તેવું હૃદય બનાવવા દરરોજ ચાંપતા ઉપાયો લેવા. પ્રભુના હૃદયમાં રહેલા દરેક ગુણોનું સ્મરણ કરીને પ્રભુનું હૃદય પૂજવામાં આવે તો પૂજકોના હૃદયની શુદ્ધિ થઇ શકે. પ્રભુના હૃદયને પૂજીને હૃદયના પ્રત્યેક ગુણો લેવા દૃઢ સંકલ્પ કરવો. હે પ્રભો તમારૂં હૃદય જેવું નિર્મળ છે તેવું મારૂં હૃદય કરવાને માટે હું તમારૂ હૃદય પૂજીને દૃઢ સંકલ્પ કરીને મારૂં હૃદય આજથી શુદ્ધ બનાવવા પ્રયત્ન કરીશ. મારા હૃદયમાં રહેલાં ક્રોધાદિક દોષોને હવે હું આપનું હૃદય પૂજીને દૂર કરવા પ્રયત્ન કરીશ. આપના હૃદયનું આલંબન લેઇ મારૂં હૃદય શુદ્ધ કરવા આજથી ખરા અંતઃકરણથી પ્રયત્ન કરીશ. હે પ્રભો ! આપના હૃદયમાં પ્રગટ થએલ જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે મારા હૃદયની આજથી હું શુદ્ધિ કરીશ. શુદ્ધ હૃદયની શુદ્ધતાનો પ્રકાશ ખરેખર શુદ્ધ હૃદયમાં પડી શકે છે. આપના હૃદયની પૂજ્યતા અવબોધાવાથી મારા હૃદયમાં આપનું હૃદય ધ્યેયાકાર રીતે પરિણમાવીશ અને આપના હૃદયના ગુણો પ્રાપ્ત કરીશ એમ—હૃદયની પૂજા કરતાં દૃઢ સંકલ્પ કરવો. જે લોકો પ્રભુનું હૃદય પૂજે છે અને પ્રભુના હૃદયના ગુણો પોતાના હૃદયમાં પ્રગટાવતા નથી તેઓ પ્રભુની હૃદય પૂજાનું માહાત્મ્ય સમ્યગ્ અવબોધી શકતા નથી. પત્થર પણ દોરડીના ઘસારાથી ઘસાય છે પણ જેનું હૃદય ખરેખર પ્રભુના હૃદયની પૂજા કરતાં પાપથી દૂર ન થાય તો સમજવું કે તે જીવ હજી સંસારમાં ઘણો વખત પરિભ્રમણ કરશે. પ્રભુનું હૃદય પૂજતી વખતે દરરોજ હૃદયમાં વિચાર કરવો કે પ્રભુનું હૃદય પૂજીને મારા હૃદયમાં મેં કયા કયા ગુણો પ્રગટાવ્યા અને હજી કયા કયા ગુણો પ્રગટાવવાના બાકી છે. દરરોજ પ્રભુના હૃદયને પૂજીને ગૃહસ્થ જૈનોએ હૃદયની શુદ્ધતા કરવા પ્રયત્ન કરવો.

પૂજાનું નિમિત્ત પામીને પ્રભુના હૃદય ગુણો સ્મરણ કરવાનો ભાવ પ્રગટ થાય છે. છદ્મસ્થાવસ્થામાં આપ્રભુના હૃદયમાં જેવી વૈરાગ્ય દશા હતી તેવી પ્રાપ્ત કરવાને માટે પ્રભુની પ્રાર્થના કરવી. છદ્મસ્થાવસ્થામાં મૈત્રી, પ્રમોદ માધ્યસ્થ અને કારુણ્ય એ ચાર ભાવના આપ્રભુના હૃદયમાં પ્રગટી હતી તેવી ચાર ભાવનાઓ પોતાના હૃદયમાં પ્રગટાવવાને માટે પ્રભુનું હૃદય પૂજતી વખતે દૃઢ સંકલ્પ કરવો. છદ્મસ્થાવસ્થામાં પ્રભુના હૃદયમાં જેવો શુદ્ધ પ્રેમ હતો તેવો પ્રેમ ધારણ કરવા માટે હે પ્રભો ! હું તમારા હૃદયનું અનુકરણ કરું છું. હે પ્રભો ! તમોએ સર્વ જીવને શાસન રસી બનાવવાની ભાવના હૃદયમાં ભાવી હતી તેવી ભાવના હે પ્રભો ! હું તમારું હૃદય પૂજીને ભાવું છું. હે પ્રભો છદ્મસ્થાવસ્થામાં તમારા હૃદયમાં જેવી દયા હતી તેવી દયાને ધારણ કરવા માટે હું તમારા હૃદયને પૂજું છું હે પ્રભો ! તમારા હૃદયની ગંભીરતા પ્રાપ્ત કરવા માટે હું તમારા હૃદયને પૂજું છું હે પ્રભો ! તમારા જેવી નિઃસંગ અવસ્થા પ્રાપ્ત કરવા માટે હું તમારા હૃદયને પૂજું છું હે પ્રભો ! તમારા હૃદયની સરલતા પ્રાપ્ત કરવાને માટે હું તમારા હૃદયને પૂજું છું હે પ્રભો તમોએ દીક્ષા અંગીકાર કરીને હૃદયમાં નિર્ગ્રન્થ દશાના ગુણો પ્રગટાવ્યા તેવા ગુણો મારા હૃદયમાં પ્રગટાવવાને હું તમારા હૃદયને પૂજું છું હે પ્રભો આપના હૃદયમાં કેવલ જ્ઞાનરૂપ સૂર્ય પ્રગટ્યો તેવો મારા હૃદયમાં કેવલજ્ઞાન રૂપ સૂર્ય પ્રગટાવવાને હું આપના હૃદયની પૂજા કરું છું

પ્રભુના હૃદયની પૂજા કરતી વખતે પ્રભુના [illegible] પોતાના હૃદયનું ઐક્ય કરવા ભાવના રાખવી [illegible] ગુણોનું મન્દિર માનીને તેમાં પ્રવેશ કરીને પ્રત્યેક ગુણનું [illegible] સ્મરણ કરવું અને પ્રત્યેક ગુણ પોતાના હૃદયમાં [illegible] સંકલ્પ કરવો. પ્રભુનું હૃદય પૂજતા મારું હૃદય શુદ્ધ થાય [illegible] ભાવના [illegible]. પ્રભુના હૃદયમાં પોતાનું મન જોડીને તલ્લીન [illegible] શુદ્ધિ કરવા માટેજ પ્રભુના હૃદયનું આલંબન [illegible] પ્રભુના હૃદયનું ધ્યાન ધરતા પ્રભુના હૃદયના [illegible] બની અન્તે એવું થશે એવા [illegible] વિશ્વાસ ધારણ કર[illegible] ગુણો સ્મરતા, ભાવતા મારા હૃદયમાં ગુણો પ્રગટ થવાનાજ [illegible] જેવું હૃદય બની જાય છે હે પ્રભો ! તમોએ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહ, ત્યાગ આદિ ગુણોને હૃદયમાં ધારણ કરીને પરમાત્મ

દશા પ્રાપ્ત કરી તેવા ગુણો પ્રાપ્ત કરવાને મન, વચન અને કાયાના યોગથી હું પ્રયત્ન કરવા દૃઢ સંકલ્પ કરૂંછું અને આપનું હૃદય પૂજીને હું આપના જેવા ગુણો ધારણ કરવા આજથી પ્રયત્ન કરીશ. હે પ્રભો ! આપની નાભિ પૂજીને આપણી નાભિના ગુણો લેવા આજથી પ્રયત્ન કરીશ. એમ પૂજકોએ મનમાં દૃઢ સંકલ્પ ધારણ કરવો. નાભિમાંથી પ્રગટ થએલ વિચાર સિદ્ધ થાય છે એમ લોકમાં કહેવત છે. હે પ્રભો આપણી નાભિ અનેક ગુણોનું સ્થાન છે માટે આપની નાભિથી પૂજા કરીને તેવા ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરૂંછું એમ પૂજકે ભાવના ભાવવી. પ્રભુનું સંપૂર્ણ શરીર પૂજવા યોગ્ય છે. પ્રભુના નવ અંગ પૂજવાના હેતુઓ અનેક છે. તેનું ગુરૂગમપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું જોઇએ. પ્રભુની પ્રતિમા ઉપર ઘરેણાં આંગી હોય તે વખતે મનમાં ભાવના ભાવવી કે અહો ! પ્રભુએ રાજ્યાવસ્થાથી સકલ શોભાનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહી ત્યાગી થયા અને હું તો પૌદ્ગલિક ઘરેણા ધન વગેરેની મમતામાં લીન બની ગયો છું. પ્રભુ રાજ્યાવસ્થામાં પણ અન્તરથી ન્યારા રહેતા હતા તે પ્રમાણે હું ગૃહસ્થાવાસમાં આજથી ન્યારો રહેવા પ્રયત્ન કરીશ. પૌદ્ગલિક વસ્તુઓની મમતા ત્યાગીશ. પ્રભુને ન્હવરાવતી વખતે પ્રભુના અતિશય વગેરેનું ચિંતવન કરવું. તીર્થંકર પ્રભુ બાલ્યાવસ્થાથી વિજ્ઞાની હતા, સમ્યક્ત્વ ધારી હતા. વગેરે ગુણોનું ચિંતવન કરવું. પ્રભુના દરેક અંગને પૂજીને ગુણો ગ્રહણ કરવાનો ભાવ વધારવો અને ગુણો ગ્રહણ કરવા પ્રયત્ન કરવો.

પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા કરતાં પૂજાના મુખ્ય ઉદ્દેશોને હૃદયમાં ધારણ કરવા. અમારી બનાવેલી અષ્ટ પ્રકારી પૂજામાં દ્રવ્ય અને ભાવ પૂજાનું સમ્યગ્ સ્વરૂપ દર્શાવ્યું છે. જલ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફલપૂજા કરતી વખતે દરેક પૂજા વખતે અન્તરમાં ભાવ જલાદિ પૂજાની ભાવના ભાવીને તેવા ગુણો અન્તરમાં પ્રગટાવવા પ્રયત્ન કરવો. ભિન્ન ભિન્ન દ્રવ્ય પૂજાના ભેદોથી ભિન્ન ભિન્ન આત્માના ગુણો પ્રાપ્ત કરવાના ઉદ્દેશ હૃદયમાં ધારણ કરવો જોઇએ. પ્રભુની પ્રતિમામાં પ્રભુનો આરોપ કરીને પ્રભુનું અવલમ્બન કરીને પ્રભુના જેવા ગુણો પોતાના આત્મામાં પ્રકટાવવા શાસ્ત્રોમાં ભક્તિ સેવા વગેરેનું કથન કરવામાં આવ્યું છે અને તે યથાયોગ્ય છે અક્ષરનું અવલમ્બન કરીને જેમ જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં આવે છે તેમ પ્રભુની પ્રતિમાનું અવલમ્બન કરીને સદ્ગુણોની પ્રાપ્તિ કરી શકાય છે. પ્રભુની પ્રતિમાનું આલંબન સેવાથી પ્રભુનું સ્મરણ

વા પૌદ્ગલિક સુખની લાલસાએ જેઓ પ્રભુની સેવા ભક્તિ પૂજા કરે છે તેઓ પૂજા ભક્તિ સેવાનું વાસ્તવિક ફલ પ્રાપ્ત કરી શકતા નથી. પ્રભુની પ્રતિમા પ્રભુ રૂપ છે એવો ભાવ ધારણ કરી સેવક બનીને પ્રભુના ગુણોને સેવવા-પૂજવા-આરાધવારૂપ દ્રવ્ય અને ભાવથી ભક્તિ કરતાં ખરેખર સેવકનો આત્મા તે પ્રભુરૂપ થાય છે. પ્રભુની ભક્તિ કરનારાઓમાં પ્રભુના ગુણો પ્રતિદિન પ્રગટતા જાય અને કષાયોની મન્દતા પ્રતિદિન થતી જાય તો સમજવું કે તેઓનામાં ખરી ભક્તિ પ્રગટવા પામી છે. ગૃહસ્થોએ પ્રભુની દ્રવ્ય અને ભાવથી ભક્તિ કરવી જોઇએ. પ્રભુની દ્રવ્ય ભક્તિમાં ભાવની અપેક્ષાએ અલ્પહાનિ છે અને લાભ ઘણો છે. ગૃહસ્થોએ પ્રતિદિન પ્રભુની પૂજા કરવી જોઇએ. સાધુઓ ભાવસ્તવના અધિકારી છે. અક્ષરો રૂપ મૂર્તિના આલંબન વડે જેમ જ્ઞાનની યાદી આવે છે તેમ પ્રભુ પ્રતિમાના અવલંબનથી સાક્ષાત્ પ્રભુનું સ્મરણ થાય છે. રાગીનું ચિત્ર દેખવાથી જેમ રાગ ઉત્પન્ન થાય છે તેમ વીતરાગની મૂર્તિ દેખવાથી વીતરાગ ગુણનું સ્મરણ સેવન થાય છે. આખી દુનિયા અનેક રીતિએ મૂર્તિપૂજક છે એમ વિદ્વાનો કથે છે.

धर्मकर्म वर्ण विचार.

(સંવત ૧૯૬૭).

ધર્મકર્મ જન્મના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચારની આવ-શ્યકતા સિદ્ધ કરે છે. વ્યાવહારિક રાજ્યવ્યવસ્થા સંરક્ષક સંઘનો અને ધાર્મિક રાજ્યવ્યવસ્થા સંરક્ષક નીતિ સૂત્રોનું પારસ્પરિક સમાનત્વ ચાલ અવલોકાય છે. ધાર્મિક સમાજ સંઘના આધારે વ્યાવહારિક રાજ્યનો પ્રાદુર્ભાવ સર-ળતાથી [illegible] વ્યવસ્થાથી થઈ શકે છે એમ પૂર્વ દેશોના અને પશ્ચિમના દેશના ઐતિહાસિક પુરાવા મળી રહે છે અને આર્યાવર્તના [illegible] [illegible]

[illegible]

સામ્રાજ્યમાં એ ચાર અંગવાળી મનુષ્યોની આવશ્યકતા સિદ્ધ કરી શકે છે. શીર્ષને બ્રાહ્મણની ઉપમા આપવામાં આવે છે. બાહુને ક્ષત્રિયની ઉપમા આપવામાં આવે છે. ઉદરને વૈશ્યની ઉપમા આપવામાં આવે છે અને પાદને શૂદ્રની ઉપમા આપવામાં આવે છે. જે ધર્મ સૃષ્ટિમાં આચાર અંગોની અવ્યવસ્થા થઈ હોય છે તે ધર્મના પ્રાણો વિશ્વમાં જીવો રહી શકતા નથી. ગુણકર્માનુસાર રીતિએ અથવા વર્ણવ્યવસ્થાની રીતિએ ચાર અંગવાળા મનુષ્યો જે ધર્મ સામ્રાજ્યમાં વર્તે છે તે ધર્મસામ્રાજ્ય વિશ્વમાં ઐતિહાસિકપત્રપટ્ટપર સ્વનામની ખ્યાતિ ચિરંજીવી કરવા શક્તિમાન્ થાય છે. તથા વિશ્વમાં સદા જીવવાને માટે તે ધર્મસામ્રાજ્ય શક્તિમાન્ થાય છે. જે ધર્મમાં શૂદ્ર મનુષ્યો અર્થાત્ સેવા કરનારા મનુષ્યો, ક્ષત્રિય મનુષ્યો અર્થાત્ ધર્મ અને મનુષ્યોની રક્ષા કરનાર મનુષ્યો, વૈશ્ય મનુષ્યો અર્થાત્ સર્વ જનનું પોષણ થાય એવી વ્યાપારવૃત્તિ ચલાવનારા મનુષ્યો અને સર્વ અંગોનું સુવ્યવસ્થિત તંત્ર પ્રવર્તે એવા વિચારકો અર્થાત્ બ્રાહ્મણો નથી તે ધર્મ શનૈઃ શનૈઃ અનેક આઘાતોથી ક્ષીણતાને પામી નષ્ટપ્રાયઃ બને છે. ધર્મનું વ્યવસ્થાપન કરનારા વ્યવસ્થાપક ધર્મ ગુરૂઓ આ ચાર અંગોની વ્યવસ્થા અને તેની પરંપરાનો પ્રવાહ સદા વહે એવા ઉપાયો લેવા સદા પ્રવર્તિ કરે છે. આ ચાર અંગવાળા મનુષ્યોનો પ્રત્યેક સંઘે પરસ્પર મળીને સુવ્યવસ્થિત રહી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે વિશ્વમાં સ્થાયિત્વનું સંરક્ષણ અને સ્વકીય બુદ્ધિપૂર્વક ધર્મનું સંરક્ષણ કરી શકે એવી રીતે ધર્મસામ્રાજ્યના કાયદા કાનુનો રચવા જોઇએ અને તે અમલમાં મૂકવા જોઇએ. આવી સુવ્યવસ્થિત ચારે અંગોની રક્ષાવૃદ્ધિના પ્રાચીન કાયદા કાનુનો હોય તો ક્ષેત્રકાલાનુસારે એમાં ઘટતો સુધારો વધારો કરીને વ્યવહારમાં પ્રાકટ્ય કરીને ધર્મવ્યવહારસામ્રાજ્યમાં તેનો અમલ કરવો જોઇએ. ઉપર્યુક્ત ચાર અંગો પૈકી જે અંગનું મન્દત્વ થાય છે તે અંગથી અન્યાંગોને હાનિ પહોંચે છે શૂદ્ર વર્ગને હાનિ પહોંચતાં બ્રાહ્મણાદિ અન્યાંગોને હાનિ પહોંચે છે. ક્ષત્રિય વર્ગનું પ્રાબલ્ય ઘટતાં બ્રાહ્મણાદિ વર્ગને હાનિ પહોંચે છે. પાદ-હસ્ત-ઉદર અને શીર્ષ એ ચાર અંગોનો શરીરમાં પરસ્પર જેવો સંબંધ છે તેવો સ્થૂલ જગત્ અને ધર્મવ્યવહારમાં એ ચાર અંગવાળા મનુષ્ય વર્ગનો પરસ્પર સંબંધ છે તેની વ્યવસ્થા કરવી એ ચતુરંગોનું પરસ્પર સાહાય્યક કર્તવ્ય છે. જે ધર્મ રાજ્યમાં આ ચાર વર્ગની ઉપયોગિતા અન્યોન્યાશ્રયીર્ સહજ ધ્વનિયો તેના

નથી તે [illegible] ધર્મ [illegible] નથી [illegible] પ્રતિપાદનના પાને સ્વાભિત્વના [illegible] જ [illegible] અવયોગીને પરસ્પર સાર [illegible] મનુષ્ય વર્ગની વૃદ્ધિ [illegible] પુનઃ પ્રગટાવી ગુણ-વર્ગિત [illegible] વર્ગની અને [illegible] જાતિત્વ [illegible] અને શુદ્રને સ્વાધિકારના [illegible] જાતિમાન્ થતો નથી. જે દેશમાં [illegible] નથી ક્ષત્રિય-શૂદ્ર અને [illegible] જાતિત્વ જ [illegible] અમારે દેશ [illegible] નથી [illegible] જાતિવર્ગ-વૈશ્ય [illegible] થાય છે. જે દેશમાં [illegible] દેતી નથી તે દેશ [illegible] અને આધ્યાત્મિક [illegible] ઉન્નતિ હોય છે [illegible] ઉન્નતિ હોય [illegible] વૈશ્ય વર્ગની [illegible] થાય છે. [illegible]

[illegible]

તેમની સેવા કરનાર શૂદ્ર અર્થાત્ સેવક વર્ગ છે. ઉદરમાં જે જે આહાર નાખવામાં આવે છે તેનો ભાગ સર્વાંગને મળે છે તદ્વત્ વૈસ્ય વર્ગને જે જે વ્યાપારાદિમાં લાભો પ્રાપ્ત થાય છે તેના ભાગો ખરેખર અન્ય વર્ણોને પ્રાપ્ત થાય છે. ઉદર સમાન વૈસ્ય વર્ગના શીર્ષ પર અન્યાંગોને પોષવાનો મહા ભારી બોજો પડેલો છે. વૈસ્ય વર્ગની તેના કર્તવ્ય પ્રમાણે જેટલી મહત્તા છે તેટલી અન્ય ત્રિવર્ગની છે. વિશ્વમાં શૂદ્ર અર્થાત્ સેવક વર્ગ વિના કદિ ચાલી શકતું નથી. ધર્મના બંધારણથી બંધાયલી કોમમાં શૂદ્ર વર્ગ વિના ક્ષણ માત્ર પણ ચાલી શકે તેમ નથી. બાલકની બાલ્યાવસ્થામાં જેમ માતા પિતા સેવા ઉઠાવે છે તેમ શૂદ્ર વર્ણ પણ અન્ય ત્રણ વર્ગની માતૃ દૃષ્ટિએ સેવા ઉઠાવે છે અને ધર્મ તથા રાજ્યના વ્યવહારમાં ઉપયોગિતાનો પાઠ ભજવી શકે છે. શૂદ્ર વર્ગ નીચ છે એમ અન્ય વર્ગોએ માનીને તેને જ્ઞાનાદિકનો લાભ જો અન્ય વર્ણ ન આપે તો પોતાની ઉન્નતિ પર કુહાડો મારનાર બ્રાહ્મણાદિ વર્ગ છે એમ નિશ્ચયતઃ અવબોધવું. ક્ષત્રિય વર્ગ તરફથી સંરક્ષકતાનો લાભ ખરેખર શૂદ્ર વર્ગને મળવો જોઇએ, બ્રાહ્મણ તરફથી જ્ઞાનનો લાભ મળવો જોઇએ, અને વૈસ્ય વર્ગ તરફથી પોષણતાનો લાભ ખરેખર શૂદ્રોને મળવો જોઇએ. સેવક વર્ગ જ્ઞાન, સંરક્ષકત્વ અને પોષણત્વ એ ત્રણ લાભને યથાયોગ્ય ત્રણ વર્ગ તરફથી પ્રાપ્ત કરે તો તે સ્વોન્નતિની સાથે બ્રાહ્મણાદિ વર્ગની યથાયોગ્ય સેવા કરવાને શક્તિમાન્ થાય છે. કોઇ અપેક્ષાએ મગજના કરતાં પગ પ્રથમ પૂજાય છે. અર્થાત્ કથ્ય સારાશ એ છે કે બ્રાહ્મણ કરતાં સેવક વર્ગ સેવાના કૃત્યથી વિશ્વમાં પ્રથમ પૂજવા યોગ્ય થાય છે. પગે તાપ લાગવાથી જેમ મગજને હાનિ થાય છે તદ્વત્ સેવક વર્ગ અર્થાત્ વિશ્વમાં સર્વ મનુષ્યોની અનેક પ્રકારે સેવા ઉઠાવનાર વર્ગની હાનિ થતાં શીર્ષ સમાન જ્ઞાનિ વર્ગની હાનિ થાય છે. જગત્નુ શ્રેય કરવાના જે જે સેવામાર્ગો છે, તે તે સેવામાર્ગોમાં પ્રવૃત્ત થનાર સેવક વર્ગના આધારે બાકીના ત્રણ બ્રાહ્મણાદિ વર્ગ ઉભા રહી શકે છે. પાદના અભાવે પેટ, હસ્ત અને શીર્ષ જેવી રીતે સ્વકાર્ય કરી શકતાં નથી, તદ્વત્ ધર્મ કર્મ આદિ સર્વ શુભ માર્ગની સેવા કરનાર સેવક વર્ગ વિના બ્રાહ્મણાદિ વર્ગની સ્થિતિ અવબોધવી. જ્ઞાનિવર્ગ વિના સેવક અન્ધ છે અને સેવકવર્ગ વિના જ્ઞાનિવર્ગ ખરેખર પંગુ છે. જ્ઞાનિવર્ગ અને સેવકવર્ગ એ બન્ને પરસ્પર મળીને ચાલે છે તો બન્નેનું જીવન નભી શકે છે. સેવક વર્ગ કંઇ નીચ નથી. સેવક વર્ગ એ

અમુક રીતિએ ચાર વર્ણની સુવ્યવસ્થાની સંરક્ષક વૃદ્ધિમાં જૈનધર્મનો મંત્ર ફૂંકાવો જોઇએ અને સર્વ વર્ણમાં યથા યોગ્ય જેમ ઘટે તેમ જૈન ધર્મના વિચારો અને આચારોનાં બીજ વવાય અને તેનાં સ્થૂલ આવે એવી સુયોજના, ક્રમ પૂર્વક કરવી જોઇએ એમ વ્યાવહારિક ધર્મ સંરક્ષક નેતાઓએ સૂક્ષ્મ દીર્ઘ પારિણામિક દૃષ્ટિએ વિચારવું જોઇએ. હિન્દુ ધર્મમાં ચાર વર્ણ અથવા ચાર વર્ણના ઉદ્દેશોનો કંઇક ભાગ હિન્દુ ધર્મ દૃષ્ટિ પ્રમાણે સંરક્ષાયેલો છે અને તેની વ્યવસ્થા સ્થૂલ જગત્‌માં અમુક નિયમોએ યોજાયેલી છે તેથી હિન્દુ ધર્મ દઢ જીવતો રહ્યો છે. જૈનધર્મમાં તેવી વર્ણ વિભાગની યોજનાઓ વ્યાવહારિક વર્ણ દૃષ્ટિએ હતી કિન્તુ હાલ તો તેવી સ્થિતિ ન હોવાથી સ્થૂલ વિષના મનુષ્ય સ્થૂલ ધર્મ વ્યવહારમાં જૈન ધર્મનું અસ્તિત્વ અને સંરક્ષક વૃદ્ધિ ભણ એક વણિક જાતિને અવલંબીને યત્ કિંચિત્ અવલોકાય છે. ભાટીના દેરમો, બ્રાહ્મણો અને ગ્રંથોમાંથી જૈન ધર્મનું અસ્તિત્વ સંરક્ષકત્વ ભણ ટકી રહેલું દેખાય છે.

ગમે તેવો સત્ય વિશ્વવ્યાપક અને સુખપ્રદ ધર્મ હોય પણ તે વિચારો દ્વારા સર્વ મનુષ્ય વર્ગના આચારમાં પોતાનું દિવ્ય સ્વરૂપ ન દેખાડે અને એવી યોજનાઓમાં ન મૂકાય ત્યાં સુધી તે મનુષ્ય વર્ગ સ્થૂલ ધર્મ વ્યવહારમાં તે ચિર જીવનાને ધરી શકે નહિ એમ વાસ્તવિક સ્થૂલ વ્યવહારાનુસાર દૃષ્ટિએ સાક્ષરો વિચાર કરશે તો તેમને સત્ય અવબોધાયા વિના નહીં રહે. બૌદ્ધ, ખ્રીસ્ત અને મુસ્લીમધર્મે ગુણકર્મ અથવા અન્ય રીતે જગત્‌ના સ્થૂલ જીવન વ્યવહારોની મહત્તા અને જીવન દૃષ્ટિએ તેની ઉપયોગિતા અને પરસ્પરની મહત્તા અવલોકીને ચાર વર્ણ વર્ગના ઉદ્દેશોને ગુણ કર્મ દ્વારા વિશ્વમા પ્રવર્તાવી સ્વધર્મ રૂપ મત્રને તેમાં ચૈતન્યરૂપે મૂકીને સ્વધર્મનું અસ્તિત્વ રૂપ દઢ મૂલ ઘણું ઉંડું ઘાલ્યુ છે કે જેથી તે ધર્મોનો ઘણા કાલ પર્યંત ટકાવ થઇ શકે. જૈનધર્મની તે પ્રમાણે પૂર્વે સ્થૂલ વર્ણ વર્ગ ધર્મની અપેક્ષાએ આચારોમા વર્ગ વ્યવસ્થા હતી તેથી જૈનધર્મની પરિપૂર્ણ જાહોજલાલી ભારતમા સર્વત્ર પ્રસરી હતી પરન્તુ ઉપર્યુક્ત સ્થૂલ વર્ણ વ્યવહાર ધર્મની સુવ્યવસ્થાના બંધારણોની યોજનાઓને અન્યધર્મિગુરૂઓ દ્વારા અનેક આઘાતો લાગવાથી હાલ તો તત્સંબંધી નામાવશેષ જેવી વર્ણવ્યવસ્થા પૂર્વક સ્થૂલ ધર્મ યોજનાઓ અને આચારો દેખાય છે. ઉપર્યુક્ત સ્થૂલ વર્ણ વિભાગ વ્યવસ્થાપૂર્વક ધાર્મિકાચાર વ્યવસ્થાઓની યોજનાઓને અમુક રીતિએ સંસ્કારિત કરીને તેને સર્વત્ર આચારમા મૂકવાની યોજનાઓ

માર્ગમાં સંચરવાને અને આત્માના સત્ય સુખમય મોક્ષપદની પ્રાપ્તિ માટે છે એમ અવબોધાયા પશ્ચાત્ જૈનધર્મોપાસક ભલે તે વર્ણીય વા વર્ણ રહિત હોય તોપણ તત્સંબંધે વિશેષ લક્ષ ન દેતાં ધર્મદૃષ્ટિએ સ્વધર્મબન્ધુ છે એવો નિશ્ચય કરીને તેને સર્વ રીતે વ્યાહારિક તથા આધ્યાત્મિક ઉચ્ચજીવન કરવાની સાહાય્ય આપવી એ પરસ્પર જૈનનું વાસ્તવિક વૈયાવૃત્ત્ય કર્ત્તવ્ય સદા સ્મર્તવ્ય અને આરાધ્ય છે એમ અવબોધીને તેને આચારમાં મૂકી બતાવવું જોઇએ. વર્ણ વ્યવસ્થામાં વ્યવસ્થિત રહેવામાં ધર્મ છે એવી ઔપચારિક કલ્પનાને સત્ય તરીકે ન સ્વીકારવી જોઇએ. શ્રીવીરપ્રભુના ધર્મના સર્વ સેવકો સરખા છે. સર્વનો ધર્મમાં સમાન હક્ક છે અને સર્વ ધર્મિબન્ધુઓમાં આત્મા તે પરમાત્મા છે એવો ખ્યાલ પ્રગટવો જોઇએ. ધર્મ બાહ્યાચારો એ મોક્ષ પ્રતિ નિમિત્ત ભૂત છે. પરન્તુ તે ભાવનારૂપરસથી શૂન્ય થતાં ઝારના શુષ્ક સાંઠાના જેવા અવબોધીને મતભેદ કલેશથી ન રંગાતાં આત્મધર્મ પ્રગટાવવા નિમિત્તભૂત થાય એમ સર્વ મનુષ્યોએ અવબોધવું જોઇએ. ધર્મના બાહ્યાંગભૂત આચારોમાં બહુ મતભેદ, શુષ્કતા અને જડતા વધી જતાં ધાર્મિક જન સમાજનું ચારિત્ર્ય શીથિલ થતું જાય છે અને જૈન સમાજની ઉપેક્ષા થતી જાય છે. જૈનધર્મ પાળનારા મનુષ્યોમાં વર્ણ વ્યવસ્થાના આચારોમાં ઉચ્ચ ગુણની શુષ્કતા અને રજોગુણ અને તમોગુણની અભિવૃદ્ધિ થતાં તેમાં શતકે શતકે અભિનવ પરિવર્તન થવા પામ્યું છે તેથા ઐતિહાસિક દૃષ્ટિધારકો યદિ તત્સંબંધી વર્ણવ્યવસ્થા, આચાર વ્યવસ્થા, રૂઢ ક્રિયાવ્યવસ્થા, ધર્મ સંસ્કાર વ્યવસ્થા વગેરેનું શાસ્રોના આધારે વિલોકશે તો પરિવર્તન યુગોનુ સ્વરૂપ યથાતથ્ય તારવી કાઢશે. શ્રીવીરપ્રભુનો ધર્મ પાલનારાઓ સર્વ પ્રકારની વર્ણાદિક વ્યવસ્થાથી સુદૃઢ હોય છે તો તેઓ ભવિષ્યની પ્રજામાં જૈનધર્માભિવૃદ્ધિનાં અને જૈનધર્મ સંરક્ષકતાનું સાહિત્ય અર્પવાને શક્તિમાન્ થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર કાલ અને ભાવને અનુસરી ધર્મની સત્યતાને સંરક્ષનાર વ્યવહાર દશાના વાર્ણિક આચારો જે રીતે જૈનધર્મની અભિવૃદ્ધિ થય તે રીતે આદરવા યોગ્ય છે.

ચાતુર્વર્ણિક વ્યવસ્થાની યોજના પ્રબોધવાથી અન્યદૃષ્ટિયોએ જે જે જૈનધર્મની આરાધના માટે કથ્ય છે તેની આરાધનાની ઉપયોગિતામાં અવિરોધપણે ઉપર્યુક્ત કથન છે એમ અવબોધીને પરસ્પરાવિરોધકદૃષ્ટિએ સર્વ દૃષ્ટિયોનુ કથ્ય સાપેક્ષતાએ અવબોધવુ વાર્ણિક વ્યવસ્થા અવલમ્બન મનુષ્યો ગૃહસ્થાવાસમાં ધર્મ અને કર્મ એ બેમાં પ્રવૃત્ત રહે છે અને ધર્મની

કષ્ટો સહીને પણ તેની સ્થિતિના અભ્યુદય માર્ગે શનૈઃ શનૈઃ મનુષ્યોને આકર્ષી શકાય અને ભવિષ્યમાં યુગ પ્રધાનોના સદ્ભાવે સંસ્કારિત વર્ણ-વ્યવસ્થાચારનાં બંધારણો દેશ કાલાનુસારે ધર્મવૃદ્ધિકારક સંસ્કારોને પામીને ઉન્નત થાય એમ સંભાવ્ય છે. વ્યવહારનય એ જૈનધર્મરક્ષાનું અને વૃદ્ધિનું મૂલ છે. અતએવ અધ્યાત્મરસિક સન્તોએ પણ જૈનશાસન અને તેની વૃદ્ધિ થાય એવા મનુષ્યોની વર્ણીય સ્થિતિને વિસ્તાર રૂપમાં મૂકવા વર્ણવ્યવહારધર્મસંસ્થાપનદૃષ્ટિએ આત્મભોગ આપવા સદા કટી-બદ્ધ રહી જૈનોની સંખ્યામાં વૃદ્ધિ થાય એમ કરવું જોઇએ. મહાસંઘને વ્યવસ્થા પૂર્વક સુદૃઢ બંધારણોથી સંસ્કારિત કરીને ગૃહસ્થ જૈનોમાં ચાર વર્ણના મનુષ્યોનો સમાવેશ કરવા યોગ્ય સદુપાયો દર્શાવવા જોઇએ. વ્યાવ-હારિક ધર્મ, કર્મ, સંસ્કાર કરાવનાર ગુરૂ અને મોક્ષમાર્ગ દર્શક તથા મોક્ષમાર્ગની આરાધના કરાવનાર મુનિરાજ ગુરૂની વ્યવસ્થાથી સંઘનાં બંધારણો એવાં ઉપદેશવાં જોઇએ કે જેથી જૈનોની ચાતુર્વર્ણિક વ્યવસ્થા વડે વા અન્ય કોઇ ઉચ્ચ વ્યવસ્થાવડે ચાર વર્ણના ગુણકર્મોની દશાવડે ગૃહસ્થ જીવનની સાથે પૃથ્વીપટ પર જૈનધર્મ દીર્ઘકાલ જીવતો રહે. જૈન ધર્મનો પુનરુદ્ધાર પુનઃ ચારે વર્ણમાં પામવાનો છે તેથી તેની પૂર્વની સ્ફુર-ણાઓ જગત્‌ને જાગ્રત્ કરાવવાને માટે અમુક વ્યક્તિ દ્વારા પ્રકાશ પામીને આચારમાં પ્રગટ થવા તૈયારી કરે છે, અને એવી સ્થિતિ સાહાય્યક યુગ પ્રધાનાદિ કાર્યોમાં પ્રવૃત્ત થાય એ શક્ય છે. નદી જ્યાંથી નીકળે છે ત્યાં જલના લઘુ ન્હાનાં ન્હાના ઝરણાં હોય છે. તે સર્વ ઝરણાં ભેગાં મળીને વહેળાનું રૂપ લે છે અને તેમાં અન્ય ઝરણાં તથા વ્હેળાંઓ ભેગા બળીને ને નદીનું વિસ્તારવાળું રૂપ લેછે અને તે સાગરને મળે છે. સાગરની પાસેની નદીનું સ્વરૂપ ક્યાં અને નદીના મૂળનું સ્વરૂપ ક્યા? તેમાં મહાન્ અન્તર્ છે તદ્વત્ આવ પણ ચાતુર્વર્ણી પ્રજામાં જૈનધર્મના પ્રાદુર્ભાવનું મૂળ વિચારનાં સામાન્ય ઝરણાનું વહન લાગશે. પરન્તુ તે અનેક મહાપ્રભાવક મુનિવરો અને ગૃહસ્થ જૈનોના વિચાર વહન ઝરણા અને તેની તીવ્ર ભાવનાપ્રવૃત્તિ રૂપ વ્હેળાઓથી ચારેવર્ણોમા જૈનધર્મનો અવતાર રૂપ પુનરુદ્ધારનદી ભવિષ્યમા મોટું રૂપ ધારણ કરે એ બનવા યોગ્ય છે. નાત જાતના ભેદ-ભાવાભિમાનને ટાળી સર્વ જાતિયોને પવિત્ર કરનાર સર્વવર્ણોના જૈન રૂપે એકવર્ણ કરનાર વર્ણ વ્યવસ્થામા છતા આત્માને પરમાત્મા તરીકે અવ-બોધનાર જૈનધર્મ સર્વત્ર વિશ્વમાં ઉપર્યુક્ત ગુણ કર્મ વ્યવસ્થાયુક્ત વર્ણાદિ

સ્યાદ્વાદદૃષ્ટિ તો અનન્ત અને વિશ્વવ્યાપક છે. સ્યાદ્વાદદૃષ્ટિમય આત્માને કરો એટલે તમે વિશ્વના સર્વ મનુષ્યોને સદ્વિચારો આપવા સમર્થ થશો. વર્તમાનમાં જ ધાર્મિક આચારની રૂઢિમાં જૈનધર્મનાં રહસ્યો સમાપ્ત થાય તેમ નથી. અતએવ વિશાલ તત્ત્વદૃષ્ટિથી ધાર્મિક ધર્માચાર અને વ્યાવહારિકાચારની વ્યવસ્થાને અવલોકીને તેને સંરક્ષિત કરવા લક્ષ આપવું જોઇએ. શરીર વિના આત્મા રહી શકે નહીં અને જમતનું તથા સ્વકલ્યાણ ખરેખર મનુષ્ય શરીર વિના કરી શકે નહીં, તદ્વત્ ઉપર્યુક્ત વ્યવહાર વ્યવસ્થાઓ સર્વે ધર્મરૂપ આત્માનું શરીરભૂત છે તે છતાં તેમાં રહી અહંમમત્વ વિમુક્ત વૃત્તિએ જૈનધર્મરૂપ આત્માની ઉન્નતિ કરી શકાય છે. એ પ્રમાણે અવબોધી કર્તવ્યપરાયણ થાઓ. અન્યાવરોધ કથિતવ્ય ઘણું છે પરન્તુ તે ઉપર્યુક્ત વિચારકોને તદ્વિચારમાં લીન થતાં સહેજે ધ્યાનમાં આવશે.

ઉપર્યુક્ત ચાર વર્ગમાં વેર-માન, પરસ્પર એક બીજાનું અશુભ કરવાની બુદ્ધિ અને તેવી પ્રવૃત્તિ, જડવાદ, પાપપ્રવૃત્તિ, દારૂ આદિ વ્યસનોનો પ્રચાર, અજ્ઞાનતાનો પ્રચાર, સાધુસન્તપર દ્વેષ, રજોગુણ અને તમોગુણની વૃદ્ધિ, હિંસા, પાપમય મોજ વિલાસ, કેળવણીના પ્રચારનો અભાવ, સર્વજીવોનું શ્રેયઃ કરવાની બુદ્ધિની મન્દતા, પરસ્પર એક બીજાની સત્તાનો નાશ કરવાની પ્રવૃત્તિ, પરસ્પર એક બીજાનું શુભ, ઉદય અને ગુણો દેખીને વધતી જતી ઇર્ષ્યા અને તેથી સામાન્ય હેતુઓને લેઇ ઝગડા અને પરસ્પર ફાટફુટ, અનુષ્ઠાનોમાં વધતી જતી શુષ્કતા, પરસ્પર એક બીજાના દોષોને પ્રકટ કરવાની પ્રવૃત્તિ, પરસ્પર એકબીજા વર્ગને દુઃખ દેવાની પ્રવૃત્તિ, પરસ્પર સામાન્ય મતભેદોમાં મહાવિરોધ ઉત્પન્ન કરવાની ક્ષુદ્રતા, ગંભીરતાના બદલે ક્ષુદ્રતાની વૃદ્ધિ, પરસ્પર સમાનતા માનવાને બદલે વિષમતા, દયા, ક્ષમા, માર્દવતા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, સંયમ, સત્ય, બ્રહ્મચર્ય, ઉપકાર, નિષ્કામ પ્રવૃત્તિ, સાહાય્ય, જ્ઞાનશિક્ષણ, દાન, આત્મભોગ દેવાની પ્રવૃત્તિ, સેવા, ભક્તિ, ધ્યાન, તપ વગેરે સદ્ગુણોનો ચારે વર્ણમાંથી અભાવ જેમ જેમ થતો જાય છે. તેમ તેમ ચારે વર્ણના ગુણ કર્મોની અવ્યવસ્થા થઇને તેનો લોપ થતો જાય છે અને દેશ, ધર્મ અને આત્મસંરક્ષણ કરવાની શક્તિયોનો નાશ થતો જાય છે. પર્વતના શિખર પરથી તુટી પડેલા અને કકડારૂપ થએલ પત્થરના જેવું સર્વ પ્રકારની ઉન્નતિ છિન્નભિન્ન અવ્યવસ્થિત કાર્યો વગેરેનું છેવટે પરિણામ આવે છે અને તેથી અન્ય વિજાતીય દેશી મનુષ્યોના હસ્તે પરતંત્ર ગુલામ રહેવું પડે છે. જૈનોએ ચાર વર્ગની

આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થએલ મનુષ્યોને આર્ય ગુણોની સંપ્રાપ્તિ ખરેખર અનાર્ય ક્ષેત્રો કરતાં વહેલી થાય એ સર્વથા સર્વદા સર્વ રીતે સંભાવ્યમાન છે. આર્ય ક્ષેત્રની વાડ સમાન ક્ષત્રિયો અને આર્યક્ષેત્રમાં જ્ઞાન વિસ્તારનાર આત્મજ્ઞાનિયો અર્થાત્ આત્મરૂપ બ્રહ્મને જાણનાર બ્રાહ્મણો છે. આર્યક્ષેત્રમાં વ્યાપારિક આદિ વ્યવસ્થાને સંરક્ષનાર અને તદ્દ્વારા અન્ય ત્રિવર્ગીય મનુષ્યોનું સંરક્ષણ કરનાર વૈશ્યો છે. સર્વ પ્રકારની સેવા ધર્મની પ્રવૃત્તિ કરનાર શાનિશૂદ્રો છે. જ્ઞાન વિના ખરેખરો વ્યાવહારિક તથા ધાર્મિક સેવા માર્ગ અવબોધી શકાતો નથી અને તેથી સેવાના જ્ઞાનના અભાવે સર્વ જીવોના કલ્યાણાર્થ સર્વ પ્રકારની સેવા કરે એવા મહાસેવકો ઉત્પન્ન થઇ શકતા નથી. વિશ્વના પાદ સમાન એવા મહાસેવકો સર્વ મનુષ્યોને પૂજ્ય છે. **એવી ભાવના ઉત્પન્ન થયા વિના અને ઉચ્ચ નીચનો ભેદભાવ ટળ્યા વિના વિશ્વમાં કોઇ દેશ વા કોઇ ધર્મના મનુષ્યો કલ્યાણસુખ પ્રાપ્ત કરવા અધિકારી બની શકતા નથી.** હું ત્યાર્થી અરિહંત વેગળા એવું નક્કી માનીને સર્વવર્ણીય મનુષ્યોમ પરમાત્મભાવ દેખીને સર્વના ભલામાં ભાગ લેવા સેવાધર્મ સ્વીકારવો એજ ઉન્નતિનો માર્ગ [illegible] અને સર્વ ભીતિયોને ભૂલીને આત્મશક્તિયો [illegible] મનુષ્યોને ઉચ્ચ કરવા અને તેઓના આત્મ [illegible] તરીકે મહાપુરૂષાર્થ [illegible] એ ધાર્મિક દ્રષ્ટિ [illegible]

सइ जिणमय पवज्जए [illegible]
तिन्चुच्चंमि [illegible] **॥**

[illegible] પ્રવૃત્તિ [illegible]

[illegible]

વસ્થા રક્ષવી જોઇએ અને તે સાહાય્યક સુવ્યવસ્થા પ્રમાણે પ્રવૃત્તિ કરીને સર્વની પ્રગતિ કરવી એ જૈનોએ કર્મ અને ધર્મ દૃષ્ટિની સાપેક્ષતાએ સમજવું જોઇએ. ધર્મ અને વ્યાવહારિક વર્ણ-કર્મ બંધારણો દેશકાલાદિના અનુસારે જે જે દૃષ્ટિએ હોય અને જે જે દૃષ્ટિએ અનુપયોગી હોય તેનો વિવેક કરીને ચાતુર્વર્ણિક ધર્મ કર્મ વ્યવહારાચાર વિચાર પ્રગતિ માર્ગમાં સંચરવું એ વિશેષ હિતાવહ છે. અલ્પહાનિ અને વિશેષ ધર્મલાભ ઉત્સર્ગ, અપવાદ સ્વાધિકાર ઇત્યાદિનો પરિપૂર્ણ બોધ કરીને આત્મોન્નતિમાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

ઉપર્યુક્ત ગુણ કર્માનુસારે વ્યવહારિક દૃષ્ટિએ ચાતુર્વર્ણીય ગાર્હસ્થ્ય ધર્મ કર્મ વિચારાચાર વ્યવસ્થા પ્રમાણે વર્તતાં છતાં માનવ બન્ધુઓ! તમો તમારા શરીરમાં છૂપાયલા આત્માને પરમાત્મા માનીને સ્વયં પોતાને સ્વતંત્ર અને સત્ય સુખ માનીને કલ્પિત ભય દુઃખની વિચારશ્રેણિને ભૂલી જાઓ. વ્યવહારે સ્વાધિકારે જે જે ગુણકર્મ કર્તવ્યોને તમો કરતા હોય તથાપિ અન્તર્ દૃષ્ટિએ તમો સર્વે સરખા આત્માઓ છો એવું લક્ષ્યમાં રાખી અને ત્યાગભાવ પ્રગટતાં ત્યાગી બનીને આત્મસમાધિમાં લયલીન થઇ અનન્ત સુખને ક્ષણે ક્ષણે આસ્વાદો કરો. ઉપર્યુક્ત વ્યવહારમાં વર્તો છતાં પરમબ્રહ્મ સ્વરૂપમય થવું એજ તમારૂં વાસ્તવિક આવશ્યક કર્તવ્ય ક્ષણે ક્ષણે સ્મરતા રહો. સર્વમાં સમાનભાવ રાખીને પરતંત્રતાનાં બન્ધનો ઉચ્છેદી નાખો. બ્રહ્મસ્વરૂપમા લીન થઇ જાઓ અને સર્વત્ર વિશ્વમાં જૈનધર્મરૂપ બ્રહ્મને પ્રગટ કરવાને [illegible] વડે પ્રયત્ન કરો જ્ઞાનયોગ કે [illegible] પ્રકાશ કરો. અજ્ઞાનરૂપ [illegible] રહેલા જીવોને જ્ઞાનરૂપ પ્રકાશ બહાર આકર્ષે છે અને તેઓને સુખની ઉન્નત ભૂમિકાના માર્ગ પ્રતિ આકર્ષે છે [illegible] પામ્યા વિના સર્વ પ્રકારના રાગદ્વેષના બન્ધનોમાંથી આત્મા મુક્ત થતો નથી. રૂઢિક્રિયાના રાકુચિત મતરૂપ ખાબોચીયામાં ધર્મરૂપ જલ ગંદુ બની જાય છે અને તે ઉપર કલેશ, અજ્ઞાન, મોહ, રાગ, દ્વેષ, હિંસાભાવ, જડતા વગેરેની સેવાળ એટલી બધી જલ ઉપર વિસ્તરાઇ જાય છે કે જેથી તેમાં રહેલા યત્કિંચિત્ જલનું ભાન થતું નથી. તેવા પ્રસંગે તેમાં તુચ્છ જન્તુઓ [illegible] છે. જ્ઞાની દંસો ત્યાં આવી શકેજ નહિ. [illegible]

વેના મોક્ષમાર્ગનું વાસ્તવિક જ્ઞાન સંપ્રાપ્ત થતું નથી. શ્રીસર્વજ્ઞવીર પ્રભુએ ત્યાગી ગુરૂની મહત્તા દર્શાવી છે અતએવ આત્મજ્ઞાન અને પરમાત્મપદની પ્રાપ્તિ અર્થે મુનિ સદ્‌ગુરૂને શરણપણે સ્વીકારીને ચારે વર્ણના પુરૂષો અને સ્ત્રીઓએ તેમની આજ્ઞા પ્રમાણે પ્રવર્તવું જોઇએ. **સમ્યગ્ જ્ઞાનના અભાવે આત્મા તેજ ચતુર્ગતિ** રૂપ છે. આત્માને સમ્યગ્ આત્મજ્ઞાનપ્રદ મુનિ સદ્‌ગુરૂ છે. અતએવ સર્વ વર્ણના મનુષ્યોએ મુનિવરોની સેવા કરી આત્મજ્ઞાન દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરવો. સાધુઓની સેવા ભક્તિથી વિશ્વ મનુષ્યોનું કલ્યાણ થાય છે. વાસ્તવિક ત્યાગી મુનિરાજો સર્વ વિશ્વ મનુષ્યોના પૂજ્ય નેતાઓ છે. તેઓની શ્રદ્ધા ભક્તિમાં વિશ્વ મનુષ્યોએ વર્તવું જોઇએ. વિશ્વની ઉન્નતિ, શાન્તિ અને તેમના વાસ્તવિક સુખના આધારભૂત સાધુઓ છે એમ સત્ય માનવું એવું સત્યનું વાદ્ય વગાડીને વિશ્વવર્તિ મનુષ્યોને જાહેર કરવામાં આવે છે. ચારે વર્ણના મનુષ્યોને ધાર્મિક ભાવનાના રસવડે પોષીને તેઓનું નૈતિક અને ધાર્મિક ઉચ્ચ જીવન કરનારા સાધુઓ છે. આચાર અને વિચારની ઉત્તમતાની સાથે મનુષ્યોને દિવ્ય સૃષ્ટિમાં દિવ્યાત્માઓ તરીકે બનાવનાર મુનિરાજોને ગૃહસ્થોએ સ્વપ્રાણભૂત માનવા જોઇએ.

સાધુ અને સાધ્વીઓના જ્ઞાન અને ચારિત્ર્યપર સર્વ મનુષ્યોની ઉન્નતિનો આધાર રહેલો છે. સાધુઓ અને સાધ્વીઓના સદ્વિચારો અને સદાચારોની વિશ્વપર જેટલી અસર થાય છે તેટલી અન્યથી થતી નથી. **સાધુઓ અને સાધ્વીઓ એ આર્યના દેવ દેવીઓ છે.તેમનાપર આર્યોની જ્યાંસુધી પૂજ્ય બુદ્ધિ રહેશે ત્યાંસુધી ભારતમાં આર્યત્વ સંરક્ષાશે.** ધર્માચાર્યો, સાધુઓ અને સાધ્વીઓથી વિશ્વને ધર્મનો અને ભાષા સાહિત્યનો લાભ મળે છે. શાસ્ત્રોના પ્રવાહને પ્રવર્તાવનાર સાધુઓ અને સાધ્વીઓની સેવા ભક્તિથી દેશોન્નતિ ખરી રીતે થઇ અને થશે એમ નિશ્ચયતઃ અવબોધવું. **સ પ્રતિ જે કંઇ ધાર્મિક સાહિત્ય શાસ્ત્રોનો અખૂટ ભંડાર છે તેના પિતા માતા ખરેખર** સાધુ અને સાધ્વીઓ છે ધર્મનું રક્ષણ કરનારા અને ધર્મના ... પ્રબલ વેગથી દેશની રક્ષા થઇ શકે છે. દેશની ભાવનાના કરતાં ધર્મની ભાવનાનું મૂળ ઉંડું છે. અતએવ ધર્મ સામાજ્યની એકતાના જુડાનગે અનેક મનુષ્યો સ્વધર્મ રક્ષણાર્થે આત્મભોગ અર્પવા તત્પર બને છે. સામાન્ય મતભેદે કુમ૫, ક્લેશ, વૈર આદિ ઉત્પન્ન કરીને પરસ્પર એક બીજાનો નાશ કરવાને સાધુઓએ પ્રયત્ન ન કરવો. મતભેદ સહિષ્ણુતા ધારણ કરીને પરસ્પર એક બીજાને

संवत् १९६८ नी सालना उद्गाररूप विचारो.

સંવત્ ૧૯૬૮ કાર્તિક શુદ ૧ સોમવાર. ૨૩ મી ઑક્ટોબર ૧૯૧૧. મુંબાઇ.

પ્રાતઃકાલમાં દેવદર્શન.

પ્રારંભ વર્ષમાં કેવી રીતે વર્તવું તેનો વ્યાખ્યાનમાં ઉપદેશ દીધો.

સાધુના આચારો અને વિચારો કેવા જોઇએ તેનો વિચાર કર્યો.

નવીન વર્ષમાં સ્વોન્નતિ અને પરોન્નતિનાં કાર્યો મારાથી થાઓ ! ચારિત્રની ઉત્તમ કોટીમાં વિશેષતઃ સ્થિરતા થાઓ ! સદ્ગુરૂ અને સત્પુરુષોની પ્રેમદૃષ્ટિનું પાત્ર થઇ શકાય તેમ સર્વ વ્યવસ્થા બનો !

માનસિક દોષો અને કાયિક દોષોનો નાશ થાઓ ?

આત્મ શક્તિયો ખીલો.

મુંબાઇ સંવત ૧૯૬૮ ના કારતક શુદ્ધ ૨ મંગળ. તા. ૨૪ મી ઑક્ટોબર ૧૯૧૧.

મનુષ્યના શુભ વિચારો અને અશુભ વિચારોનો આધાર આન્તરિક અને બાહ્ય સંયોગો પર પ્રાયઃ રહ્યો છે. કરોડો કરોડો વિચાર કરીને, યોગ્ય મનુષ્યોની પરીક્ષા કરીને તેની આગળ હૃદય ખોલવું. જગત્‌ના પ્રવાહમાં પ્રવાહિત મનુષ્યોનો ઘણો ભાગ એકદમ ઉચ્ચ જ્ઞાનમાં પ્રવિષ્ટ થવાનો નથી. મધ્યમ વૃત્તિથી જગત્‌ના મનુષ્યોનો મોટો ભાગ જ્ઞાનમાં પ્રવહે છે. પરિપૂર્ણ જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત કરવાનો ઉત્સાહ રાખવો, અને પોતાના અધિકાર પ્રમાણે અન્ય જીવોની દશા ન હોય તેથી તેઓના સંબંધે કંટાળવું નહિ,

ઉત્તમ વિચાર અને તે યોજનાઓ અને ગમે તે રૂપાન્તરે ગમે તેની પ્રેરણાથી સિદ્ધ થાઓ ! હાલમાં અને ભાવિમાં સર્વ જૈન પુસ્તકોનો ઉત્તમ ભંડાર કરવાથી જૈન શાસનની ઉન્નતિ થઇ તેમ છે.

જૈન ધર્મનો ફેલાવો કરવાની અત્યન્ત આવશ્યકતા છે. જૈન શાસ્ત્રોનો પ્રચાર કર્યા વિના જૈનધર્મનો વિસ્તાર થવો અશક્ય છે જૈન સાધુઓના ઉપદેશથી જૈન ધર્મની વૃદ્ધિ થવાની છે. અતએવ જૈન સાધુઓને પાન પાલન અને નવીન શિષ્ય કરવામાં આદાન્ત કરવાની આવશ્યકતા છે. અવિચ્છિન્ન આત્મભોગ આપીને મુનિવરોએ જૈનધર્મનું રક્ષણ કર્યું છે. અને ભવિષ્યમાં પણ તેઓ કરશે. ગીતાર્થ મુનિવરો જેમ વિશેષ થાય તેવા ઉપાયો યોજવાની આવશ્યકતા છે. ગીતાર્થ મુનિવરો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને અનુસરી જૈનધર્મનું રક્ષણ અને તેની વૃદ્ધિ કરે છે.

સંવત ૧૯૬૮ કાર્તિક શુદ ૫ ગુરૂ તા. ૨૭ મી ઑક્ટોમ્બર ૧૯૧૧. મુંબાઇ.

ષટ્કર્મ, શાસ્ત્રાભ્યાસ અને કુટુંબાદિ કારણોથી આર્યાવર્તની સર્વ પ્રકારે અવનતિ થઇ છે અને થાય છે. પ્રત્યેક મનુષ્યોએ પોતપોતાના અધિકાર પ્રમાણે [illegible] આવશ્યકતા છે. [illegible]

સંવત્ ૧૯૬૮ કાર્તિક સુદ ૭ રવિ. તા. ૨૯ મી ઑક્ટોમ્બર ૧૯૧૧.

હે ચેતન ! અનેક સુપુરૂષો અનેક પુરૂષોના સમાગમમાં આવ્યો. તેં ઘણું જોયું, અનુભવ્યું, હવે તો સારમાં સારભૂત નિરૂપાધિ દશાના પ્રદેશમાંજ ગમન કર્યા કર ! ! ! ધર્મ પ્રવૃત્તિની ઉપાધિયોના ઘણા સંબંધો તો પોતાની મેળે તું ઉભા કરે છે. તેમાં જો કે ઉપકારનો ઉદ્દેશ મુખ્યપણે છે. તો પણ નિરૂપાધિ દશા જળવાઇ રહે તેવી રીતે ઉપકારમાં પ્રવૃત્ત થઇને સ્વશુદ્ધ ગુણોનું ધ્યાન ધર્યા કર ! તથા નિરવદ્ય ક્રિયામાં પ્રવૃત્તિ કર્યા કર ! સાધુની દશામાં પ્રતિદિન ઉચ્ચ નિર્મળ અધ્યવસાયોના હેતુઓનું અવલંબન કરતો જા ! ઉપકારનો ભાઇ દોષ એ ન્યાયનો અનુભવ લઇને પણ તું અભેદભાવે રહે. અનેક પ્રકારની વૃત્તિયોના ધારક મનુષ્યો સ્વકીય વૃત્ત્યનુસારિ વદે આચરે તો પણ તું મધ્યસ્થ ભાવથી વર્તજે ! ધર્મનો પ્રચાર કરવા તારી અત્યંત શુભેચ્છા છે, કિન્તુ સર્વસાનુકુલ સામગ્રી વિના ઇચ્છિતોદયની સિદ્ધિ થતી નથી. જૈન ગુરૂકુળ વિચારો દર્શાવવામાં તેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. તું બને તે કર પણ તાત્કાલિક ફલની ઇચ્છાથી ચિંતાના પ્રવાહમાં તણાતો નહિ. ધર્મના પ્રવૃત્તિ માર્ગરૂપ વ્યવહાર માર્ગમાં જેમ નિરૂપાધિ દશા રહે, તેવી રીતે પ્રવૃત્તિ કર અને અંતરૂમાં સહજ સમાધિની ભાવના ભાવ. ઉદયથી ન હઠે એવી કર્મના યોગે પ્રાપ્ત થએલી ઉપાધિઓને શાન્ત ભાવે વેદ અને માનસિક સ્થિરતા ધારણ કર.

સંવત ૧૯૬૮ કાર્તિક સુદ ૮ સોમવાર. તા. ૩૦ મી ઑક્ટોમ્બર ૧૯૧૧. મુંબાઇ.

સાધુઓનો અનેક નયથી ગર્ભિત ઉપદેશ હોય છે. કોઇ વખત કોઇ બાબતની મુખ્યતાએ ઉપદેશ દેવાતો હોય, અને કોઇ બાબતની ગૌણતા થઇ હોય. કોઇ વખત ગૌણી ભૂત વિષયને મુખ્ય કરીને ઉપદેશ દેવાનો હોય, ત્યાં શ્રોતાની પાત્રતા અને વક્તાના આશય આદિ દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવની તારતમ્યતા વિચારવી. કોઇ વખત અમુક બાબતમા નિશ્ચયની મુખ્યતાએ ઉપદેશ દેવામાં આવે છે. કોઇ વખત અમુક બાબતમાં વ્યવહારની પ્રધાનતાએ ઉપદેશ દેવામાં આવે છે. કોઇ વખત ક્રિયાની મુખ્યતાએ અમુક અધિકારીઓ પ્રતિ ઉપદેશ દેવામાં આવે છે. અને કોઇ વખત અમુક

સંવત્ ૧૯૬૮ કાર્તિક સુદ ૧૦ બુધવાર. તા. ૧ લી નવેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

કોલાબાના જિન મંદિરમાં સ્થાપેલી પ્રતિમાઓનાં દર્શન કર્યાં. મુંબઇમાં કોટ વગેરેની બિલ્ડિંગો પણ પ્રસંગોપાત્ત રસ્તામાં જતાં દેખવામાં આવી. પૂર્વે રાજગૃહી વગેરે નગરીયોની પણ સૂત્ર વર્ણનાનુસારે અપૂર્વ શોભા હતી. એમાં શંકા રહેતી નથી. આર્યાવર્તમાં શ્રેણિક જેવા જૈન નૃપતિઓનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું; ત્યારે જૈનોનો મહાન્ અભ્યુદય હતો. સમ્પ્રતિ એતાદૃશ સમય જૈનોનો હોય તો જૈન ધર્મની કેવી જાહોજલાલી હોય તેનો સહેજ ખ્યાલ આવે તેમ છે.

સંવત્ ૧૯૬૮ કાર્તિક સુદ ૧૩ શનિવાર. તા. ૪ નવેમ્બર ૧૯૧૧. મુંબાઇ

છ આવશ્યકોનું સ્વરૂપ આજરોજ વ્યાખ્યાનમાં સારી રીતે યથામતિ સમજાવ્યું હતું. હેતુ અને અમૃત ક્રિયાવડે છ આવશ્યક કરાઓ ! એવી પ્રેરણા નખું છું. છ આવશ્યકોનું યથાર્થ સ્વરૂપ નહિ સમજવાથી અને ગાડરીયા પ્રવાહપતિત મનુષ્યોની સાધ્ય શૂન્ય દષ્ટિથી લોકોમાં આવશ્યક ઉપર અરુચિ વધતી જાય છે, પણ તેથી જિજ્ઞાસુઓએ નહિ કંટાળતાં આવશ્યકોનું સ્વરૂપ જાણીને કહેણી પ્રમાણે રહેણી રાખીને દરરોજ છ આવશ્યકની ક્રિયા કરવી જોઇએ. છ આવશ્યકનો ભાવ અને તેનો ઉદ્દેશ ઉત્તમોત્તમ છે. જેમ જેમ આવશ્યક સંબંધી વિચાર કરીએ છીએ તેમ તેમ તેની અપૂર્વતા અભિનવપણે ભાસ્યા કરે છે. મનુષ્યના આત્માને ઉચ્ચમાં ઉચ્ચ બનાવવા માટે આવશ્યકોનું સ્વરૂપ છે. દ્રવ્ય આવશ્યક કરતાં કરતાં ભાવ આવશ્યકનું પ્રતિદિન ઉચ્ચ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવા જોઇએ. આત્મિકોન્નતિમાં પ્રવેશ કરવાને માટે આવશ્યકની ઉત્તમતા જેટલી વર્ણવીએ તેટલી ન્યૂન છે. આવશ્યકોના યથાર્થ સ્વરૂપને સમજીને જેઓ આવશ્યક કરે છે તેઓના આત્માની ઉચ્ચતા થયા વિના રહેતી નથી. મનુષ્યે શુદ્ધિ માટે છ આવશ્યક કરવાં જોઇએ. હઠયોગ, રાજયોગ, નૈતિકયોગ, મંત્રયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ, અધ્યાત્મ જ્ઞાન અને ઉત્તમ સદ્ગુણો વગેરેનો છ આવશ્યકમાં સમાવેશ થાય છે. યમ, નિયમ, આસન,

પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ અષ્ટાંગ યોગનો પણ ૭ આવશ્યકમાં સમાવેશ થાય છે. શબ્દ અને તત્ત્વાર્થ તેમજ અનુભવાર્થ પૂર્વક ૭ આવશ્યકોને અવબોધીને વ્યવહાર અને નિશ્ચયનય પૂર્વક ૭ આવશ્યક કરવાં. હજી હું દરરોજ આવશ્યક ક્રિયાવડે આત્મોન્નતિ કરવા દરરોજ બે વખત તેનો અભ્યાસ કરૂં છું. આવશ્યક કરનારમાં મમતા, ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય, ગુરૂભક્તિ, વિનય, નૈતિકબળ, પ્રમાણિકત્વ, પાપપરિત્યાગ, બ્રાતૃભાવ, દેહમમત્વત્યાગ, ઉચ્ચજ્ઞાન, ધૈર્ય, અને બહિરાત્મ બુદ્ધિનો ત્યાગ આદિ ગુણો પ્રકટવા જોઇએ.

સંવત્ ૧૯૬૮ કાર્તિક વદ ૨ બુધ. તા. ૮ મી નવેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

દરરોજ મનુષ્યોને બોધ દેવા માટે વ્યાખ્યાન વાંચ્યું, પણ જોઇએ તેવી તેમના આચાર વિચારો જોતાં વ્યાખ્યાન શ્રવણની પ્રાયઃ વિશેષ અસર થઇ હોય તેમ લાગતું નથી. આનું કારણ એ છે કે તેઓ ગાડરીઆ પ્રવાહની પેઠે વ્યાખ્યાન શ્રવણ કરે છે, અને વ્યાખ્યાન શ્રવણ કર્યા પશ્ચાત્ તેનું વારંવાર મનન કરતા નથી, તેથી શિલાપર થએલી ગતિની પેઠે તેમના મન પર થએલી અસર ઘડીવાર પછી ભુંસાઇ જાય છે. શ્રવણ બાદ મનન કરવું જોઇએ. આકાશમાંથી પડેલી વૃષ્ટિને તલાવ વગેરેને બાંધી તેમા સંગ્રહવાથી દુષ્કાલના સમયમાં જળની અમૃત સમાન કિંમત ગણાય છે. તેવી રીતે ઉપદેશ શ્રવણને હૃદયમાં ધારી રાખીને તેના હૃદયમાં સંસ્કારો પાડવાથી ગુરૂઉપદેશ વિરહમાં ગુરૂનો ઉપદેશ તાજો રહે છે, અને તેથી રાગદ્વેષને ઉત્પન્ન થતા વારી શકાય છે. આજ અનુભવ એક કારણથી થઇ આવ્યો છે.

સંવત ૧૯૬૯ કાર્તિક વદિ ૩ ગુરૂવાર. તા. ૯ મી નવેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

અન્તર્ મુખવૃત્તિ જેની થાય છે, તેનું મન આનન્દથી મસ્ત બને છે અને નિસ્પૃહ ભાવમાં એટલું બધું ઉંડુ ઉતરી જાય છે કે તેની આગળ ધનાદિકની કંઇ કિંમત ભાસતી નથી. निःस्पृहस्य तृणंजगत् નિસ્પૃહીને

જગત્ તૃણસમાન ભાસે છે. આવી માનસિક દશા ઘણી વખત આવે છે. છતાં વ્યાવહારિક વિક્ષેપોથી અને ધર્મનાં કાર્યો કરવામાં દાક્ષિણ્યથી આવો ભાવ સદાકાલ રહેતો નથી. અર્થાત્ તેમાં કંઇ મંદતા આવે છે. તે મંદતા ટાળવામાં હવે અન્તઃકરણથી પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો છે.

સંવત્ ૧૯૬૮ કાર્તિક વદિ ૬ શનિવાર. તા. ૧૧ મી નવેમ્બર. મુંબાઈ.

જૈનધર્મ સંબંધી પત્રો કાઢનારાઓ જો એક બીજા ઉપર આક્ષેપો કરે તો ખરેખર ! જૈનધર્મની અવનતિ થઇ શકે. પત્રકારોએ મળતી બાબતોમાં સંપ કરીને ચાલવું જોઇએ. અને જે બાબતો મળતી ન આવતી હોય તે બાબતમાં પરસ્પર પત્રકારોએ દલીલ આપીને પોતાના વિચારોને ગંભીરપણે ચર્ચવા જોઇએ. અને વ્યક્તિ નિંદા આદિ દોષોથી દૂર રહીને ઉદારભાવથી ધાર્મિક વિષયોને ચર્ચવા જોઇએ. હાલમાં પત્રકારો પોતાના મૂળ ઉદ્દેશને સાચવીને સામાજિકોન્નતિ કરવા જેવો જોઇએ તેવો પ્રયત્ન કરતા નથી. પત્રકારોમાં ગંભીરતા ઉદારતા, બ્રાતૃભાવ, શુદ્ધપ્રેમ, ઉત્તમનીતિ, વિશાળવૃત્તિ, અને અન્યોની સાથે સંપ જાળવવાની શક્તિ આદિ સદ્ગુણો હોવા જોઇએ. પત્રકારોએ સ્વાર્થ દૃષ્ટિનો ત્યાગ કરવો જોઇએ; અને પરમાર્થ બુદ્ધિથી લેખો લખવા પ્રયત્ન કરવો જોઇએ. આ જમાનામાં સંકુચિત દૃષ્ટિનું રાજ્ય ચાલવાનું નથી. જ્ઞાનના જમાનામાં વિશાળ દૃષ્ટિનું રાજ્ય પ્રવર્તે છે. જૈનો જમાનાને અનુસરી જૈનાગમોને અવિરોધી એવી વિશાળ દૃષ્ટિને ધારણ કરશે તો ઉત્ક્રાન્તિના જમાનામાં અન્યધર્મી પ્રજાઓની સાથે સ્પર્ધામાં ટકી શકશે, અન્યથા જૈનોનો વ્યાવહારિક તથા ધાર્મિક અભ્યુદયનો સંભવ નથી.

ભાવ ઉત્પન્ન થાય છે. શ્રુતસામાયક, સમ્યક્ત્વસામાયક, દેશવિરતિ સામાયક, અને સર્વવિરતિસામાયક, આચાર સામાયિક ઉત્તરોત્તર અત્યંત સુખની પ્રાપ્તિ કરાવનારાં છે.

કેટલાક સાધુઓના રાગી બનેલા અને જૈનકુળથી બનેલા શ્રાવકો અધ્યાત્મશાસ્ત્રના લેખો લખવાથી એકાન્તે નિશ્ચયવાદી આદિ આક્ષેપો કરીને લોકોની રૂચિ હઠાવવા પ્રયત્ન કરે છે અને નિન્દાની મલીનતાથી પોતાના આત્માને મલીન કરે છે, તે દેખીને તેઓના ઉપર ખરેખર અન્તઃકરણથી કરૂણાભાવ ઉદ્‌ભવે છે, તેઓનું શ્રેય થાઓ ? ઉત્તમ વ્યવહાર અને અધ્યાત્મ દૃષ્ટિ એ બેની આવશ્યકતા સ્વીકારૂં છું. ઉત્તમ ધર્મ વ્યવહારમાં પ્રવૃત્તિ કરવી. એકદમ ઉત્તમ વ્યવહારની ક્રિયાઓ પ્રાપ્ત ન થાય તેથી કંટાળવું જોઇએ નહિ. દોષ લાગે છે અને ઉત્તમ વ્યવહાર ધર્મની આચરણ થઇ શકતી નથી. એમ કહી ઢીલા બનીને ધર્મ વ્યવહારની પ્રવૃત્તિ મૂકી ન દેવી જોઇએ. હૃદયમાં નિશ્ચય દૃષ્ટિ ધારણ કરવી. આવી વીતરાગ ઉપદેશ શૈલીથી પ્રરૂપણા કરતાં કોઇ આક્ષેપ કરે વા નિન્દા કરે તેથી મનમાં ખેદ ઉત્પન્ન થતો નથી. સાપેક્ષ નયવાણીથી બોધ દેતાં, અને સાપેક્ષ બુદ્ધિથી પ્રવર્તતાં, નિર્ભયત્વ હૃદયમાં છે. વીતરાગની આજ્ઞાએ ધર્મ છે.

સંવત્ ૧૯૬૮ કાર્તિક વદ ૧૧ ગુરૂવાર. તા. ૧૬ મી નવેમ્બર ૧૯૧૧. મુંબાઈ.

શ્રાવકોની દાક્ષિણ્યતામાં ફસાઇને સ્વતંત્રતાનો ત્યાગ કરવો નહિ, અને રત્નત્રયીની આરાધના માટે, વિચાર અને આચારમાં એક ટેકથી પ્રવૃત્તિ કરવી તથા દુઃખ વેઠીને સત્યતત્ત્વનો ઉપદેશ દેવો. તથા કોઇની અપવાદ વિના ચારિત્ર માર્ગમાં સ્પૃહા રાખવી નહિ, એવી પૂર્વના કરતાં હવે ઉત્કટ પ્રતિજ્ઞા આજરોજ કરવામાં આવે છે.

સંવત્ ૧૯૬૮ કાર્તિક વદ ૧૨ ગુરૂવાર. તા. ૧૭ મી નવેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

પ્રભુ ભક્તિનાં સ્તવનો સંબંધી વિચાર કરવામાં આવ્યો. પ્રભુ ભક્તિનું જે સ્વરૂપ અવબોધ્યું છે. અને જે સ્તવનમાં લખેલા ભાવાર્થમય પોતાના હૃદયને બનાવે છે. અને પ્રભુ ભક્તિના પાત્ર રૂપ બને છે. તેજ પ્રભુ ભક્તિનાં સ્તવનો ગાઇને તે તે ઉદ્ગારો દ્વારા પોતાના આત્માની ઉન્નતિ કરી શકે છે. શ્રીમદ્ આનન્દઘનજી શ્રીયશોવિજયજી ઉપાધ્યાય અને શ્રીમદ્ દેવચંદ્રજીકૃત પ્રભુનાં સ્તવનો ખરેખર અનન્ત ઉદ્ગારમય છે. તેથી સ્તવનોના ગાનારાઓ તે તે સ્તવનોમાં છુપાયેલા ગુહ્ય ભાવાર્થને અવબોધીને ગાય તો પોતાની ગુહ્ય પરિણતિ કરી શકે. જે સ્તવન બોલવામાં આવે તે સ્તવનના ભાવાર્થના રસમય હૃદય થવું જોઇએ. કર્તાએ જેવી પરિણતિથી શબ્દો દ્વારા સ્તુતિ કરી હોય તેવી પરિણતિનો સ્પર્શ થાય તોજ તે સ્તવન વા સ્તુતિની ઉત્તમતાનો ખ્યાલ આવે છે. અને પોતાના આત્માની શુદ્ધ પરિણતિ થાય છે આ સંબંધમાં એક ગ્રન્થ બની જાય એટલા વિચારો પ્રકટે છે હાલમાં સાલની પ્રભુ ભક્તિની [illegible] જ્ઞાન અને તન્મયરતિ થવાની સુભાગ્યતા થતી જોઇએ.

સંવત્ ૧૯૬૮ કાર્તિક વદ ૩૦ સોમવાર તા. ૨૦ મી નવેમ્બર ૧૯૧૧ મુંબાઇ.

કોઇપણ મનુષ્યને ઉપકાર કરવા તેના બદલાની નહિ ઇચ્છાવાળા અને પ્રતિબદલો નહિ લેવાથી આત્માની [illegible] થાય છે તેનો દીર્ઘ વિચાર કર્યો. પોતાના અધિકાર પ્રમાણે પરોપકારનાં કાર્યો કરવાં એ વેદાન્તિઓનો કર્મયોગ છે. અને જૈનોના [illegible] પરોપકારનાં કાર્યો પ્રતિદિન કર્યા કરવા પણ તેના [illegible] મહાન મહાત્માઓએ પ્રતિપાદન કર્યો [illegible] પ્રમાણે વર્તવામાં આવશે [illegible] પરોપકાર કરવાને વ્યસનના પેઠે મન [illegible] આદર્યું છે.

સંવત્ ૧૯૬૮ માગશર સુદિ ૧. તા. ૨૨ મી નવેમ્બર. ૧૯૧૧ મુંબાઇ.

સાધુઓએ વસ્ત્રોની ઉપાધિ ઘણી ન રાખવી જોઇએ. मुच्छा परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा મૂર્છા એજ પરિગ્રહ છે. એમ શ્રીમદ્ મહાવીર પ્રભુએ કહ્યું છે. આ વાક્ય નિશ્ચયનયનું છે. વ્યવહારનયને માન આપીને જેમ જેમ અલ્પ પરિગ્રહ ધારણ કરાય તેમ તેમ પ્રવૃત્તિ કરવી જોઇએ. હાલમાં વસ્ત્રોની પ્રિયતામાં કેટલાક સાધુઓ પ્રવૃત્ત થઇને ઉપધિને ઉપાધિ રૂપે ફેરવી નાંખે છે. ભવિષ્યમાં પણ જો આ પ્રમાણે પ્રવૃત્તિ રહેશે તો શિથિલાચાર થવાનો ભય રહે છે.

સંવત્ ૧૯૬૮ ના માગશર સુદ ૩ ગુરૂવાર. તા. ૨૩ મી નવેમ્બર. ૧૯૧૧ મુંબાઇ.

જૈન સાધુઓનું ઐક્ય થવામાં ઘણા વિક્ષેપ નડે છે. ઐક્ય થવાથી કેટલાક સાધુઓ શિથિલાચારી થઇ ગયા છે, તે પણ સુધરશે. ઉદ્યમ છતાં પણ અન્ય કારણોની સામગ્રીના અભાવે સાધુઓનું ઐક્ય થઇ શકતું નથી. ઉચ્ચ આધ્યાત્મિકજ્ઞાન અને કદાગ્રહ ત્યાગત્વ હોય તો સાધુ વર્ગનું સંમેલન થઇ શકે. હાલમાં તો સાધુવર્ગમાં કોઇ ઠેકાણે પ્રાચીન અને નવીન વિચારોના નામે કંઇક ધર્મ કલેશ ચાલે છે. અદ્યાપિ પર્યંત સાધુઓ ચારિત્રની ઉત્તમતાએ પોતાનું ઉત્તમત્વ દર્શાવી રહ્યા છે. પરન્તુ ઇર્ષ્યા અને સ્વમતાગ્રહથી સંકુચિતવૃત્તિથી કેટલેક ઠેકાણે સાધુઓમાં પરસ્પર વૈમનસ્ય ઉત્પન્ન થયું છે. તેને ટાળવામાં જો નહિ આવશે તો સાધુઓનું અધઃપતન થાય એમ આશંકા રહે છે. ગચ્છના અને સંઘના આગેવાનોને નિયમિત, સંસ્કારિત અને ઉચ્ચ કરવામાં આવશે તો પ્રાયઃ સંવેગિસાધુઓની ઉન્નતિ થશે. આ સંબંધી સાધુઓને કહેવાનું છે. સમાગમમાં આવનારને સાધુઓની ઉન્નત અને સાધુઓના સંઘજનો કહે એવા વિચારો આપવાનો નિશ્ચય કરવામાં આવે છે

માગશર સુદ ૩ શુક્રવાર. તા. ૨૪ મી. મુંબાઈ.

સમાધિનાં સ્થાનો સેવ્યા વિના સમાધિની પ્રાપ્તિ થતી નથી. વીશ અસમાધિ સ્થાન ગણાવ્યા છે. મોહનીય કર્મના ઉદયથી અસમાધિ થાય છે. આત્મજ્ઞાનના ઉપયોગ વિના અસમાધિનો નાશ થઇ શકતો નથી.

સંવત્ ૧૯૬૮ માગસર સુદ ૪ શનિ. તા. ૨૫ મી નવેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

ઐતિહાસિક જ્ઞાન મેળવવાથી વાચકોની વિશાલ દૃષ્ટિ થાય છે. એમ હૃદયમાં અનુભવ આવ્યો. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓને પ્રાચીન તથા અર્વાચીન ઐતિહાસિક જ્ઞાન મેળવવું જોઇએ. જૈનાચાર્યોને તો પ્રાચીન તથા અર્વાચીન ઐતિહાસિક જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ. દુનીઆમાં જેટલા ધર્મ ચાલે છે, તેના આગેવાનોએ કેવી રીતે કેવા સંયોગોમાં કેવા પ્રકારના વિચારથી ધર્મ પ્રવર્તાવ્યો તે ઐતિહાસિક પુસ્તકોથી અવબોધાય છે. દેશ, ધર્મ અને રાજ્ય વગેરેના ઐતિહાસિક જ્ઞાનથી સંકુચિત દૃષ્ટિનો નાશ થાય છે. ગીતાર્થ ગુરૂનું અવલંબન કરી ઐતિહાસિક પુસ્તકો વાંચવાથી ધર્મ શ્રદ્ધામાં મલિનતા પ્રાપ્ત થતી નથી. પ્રાચીન તથા અર્વાચીન જ્ઞાનમાં પુસ્તકો વાંચીને મનુષ્યો મનોવૃત્તિ પ્રમાણે સાર ખેંચી શકે છે. સમ્યગ્ દૃષ્ટિ જીવોને સવળું પરિણમે છે. અને જૈન ધર્મનો પ્રચાર કેવી રીતે કરવો તેના ઉપાયો પણ જ્ઞાનમાં સ્પષ્ટ ભાસે છે. અને સમય સૂચકગુણની પ્રાપ્તિ થાય છે.

સંવત્ ૧૯૬૮ ના માગશર સુદ ૧૦ શુક્રવાર. તા. ૧ લી ડીસેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

રાજકીય ધર્મની ઉન્નતિ થાય છે તેટલી અન્ય ધર્મની ઉન્નતિ થઇ શકતી નથી. જ્યારે જૈન ધર્મ ભારતવર્ષમાં રાજકીય ધર્મ હતો ત્યારે તેનો પ્રચાર ઘણા દેશોમાં થયો હતો. હાલ જે ધર્મો રાજકીય તરીકે દેખાય છે તેનો પ્રચાર ઘણો દેખવામાં આવે છે. જૈન ધર્મ રાજકીય બની રહ્યો નહિ

તેમાં જૈનો અને જૈનાચાર્યોની દીર્ઘ દષ્ટિનો વા વિશાલ દષ્ટિનો વા આત્મબળનો વા ઉદાર વિચારનો અભાવ અથવા આત્મને ભોગવવાનું સામર્થ્ય ઘટયું હોય એમ દેખાય છે. જૈન ધર્મને રાજકીય ધર્મ બનાવવામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવથી આચારો તથા વિચારો કરવાની જરૂર પડે છે. જમાનાને નહિ ઓળખનારાઓ આવા વિચારોને ક્યાંથી કરી શકે ? જે કરી શકે છે તેવા જૈનો અલ્પ છે તેથી સમુદાયમાં તેઓનું જોર પ્રવર્તતું નથી.

સંવત્ ૧૯૬૮ મૃગશીર્ષ શુદ ૧૨ ને રવિવાર. તા ૩ જી ડીસેમ્બર ૧૯૧૧. મુંબાઇ.

નૈતિક વ્યવહારની આચરણા આદર્યા વિના આર્ય દેશમાં જન્મેલાઓ પણ સત્ય આર્યત્વથી વિભૂષિત થતા નથી નૈતિક વ્યવહારબદ્ધ રાજ્ય બંધારણથી આંગ્લ લોકોએ ભારતભૂમિનું રાજ્ય પ્રાપ્ત કર્યું છે. નૈતિક વ્યવહાર પ્રમાણે વર્તવાને માટે ઉત્તમ જ્ઞાન વિના એક પગલું પણ આગળ ચાલી શકાય તેમ નથી. ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ માટે અનેક ઉત્તમ વિદ્વાનોના ઉત્તમ ગ્રન્થોનું વાચન જોઇએ, જે દેશમાં નૈતિક વ્યવહારની શિથિલતા થાય છે. ત્યાંના મનુષ્યોમાં અશાન્તિનો પ્રવેશ થાય છે. નૈતિક વ્યવહાર વિના એક બીજા દેશના મનુષ્યો પરસ્પર સંપની સાંકળમાં યોજાઇને રહી શકતા નથી. બ્રિટિશ રાજ્ય બંધારણમાં નૈતિક વ્યવહાર પ્રણાલિકા વિશેષતઃ દેખવામાં આવે છે. જૈન ધાર્મિક વ્યવહાર બંધારણમાં પણ સર્વ ગચ્છીય મનુષ્યોને સાંકળના આંકડાની પેઠે એક સાથે રહેવામાં નૈતિક વ્યવહાર બંધારણ ઉત્તમ બાંધવામાં આવે તો જૈનોનો ઉદય થાય !

સંવત્ ૧૯૬૮ મૃગશીર્ષ શુદિ ૧૩ સોમવાર. તા. ૪-૧૨-૧૯૧૧. મુંબાઇ.

પરમાત્માઓને સાગરવરગંભીરા એ પદથી સ્તવવામાં આવે છે પણ સ્તવનકારે સાગરની પેઠે ગંભીર એવો પરમાત્માનો ગંભીર ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. શ્રાવકત્વ પ્રાપ્ત કરવામાં પણ ગંભીર

ગુણમાંથી પ્રથમ ગંભીર ગુણને પ્રાપ્ત કરવો જોઇએ. ગંભીરગુણ પ્રાપ્ત કર્યા વિના શ્રાવકધર્મની પ્રાપ્તિ થતી નથી, ત્યારે સાધુધર્મની પ્રાપ્તિ ખરેખર ગંભીરગુણ પ્રાપ્ત કર્યાવિના ક્યાંથી થઇ શકે. ગંભીરગુણને પ્રાપ્ત કરવો એજ સાધ્યબિંદુ લક્ષ રાખીને સાગરવરગંભીરા એ પદથી પરમાત્માઓની સ્તુતિ કરવી જોઇએ. ધર્મરત્ન પ્રકરણમાં શ્રાવકપણું પ્રાપ્ત કરવા માટે ગંભીર ગુણથી આગળ ચઢવું જોઇએ એમ સ્પષ્ટ દર્શાવ્યું છે. ગંભીરતા ગુણ મનુષ્યો ખરેખર મનુષ્યત્વને પ્રાપ્ત કરી શકતા નથી. ગંભીર ગુણ વિના આર્યધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી. શ્રી સર્વજ્ઞ વીરપ્રભુમાં પોતાની પાસે રહેલા દુર રહેલા સર્વ જીવોના દોષોને જાણતા હતા. પણ કદિ કોઇના દોષોને કહેતા નહોતા. ગંભીરતા વિના ગુપ્તજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જેનું હૃદય સમુદ્રના જેવું ગંભીર નથી તે અનેક ગુણોનું ભાજન બની શકતો નથી.

સંવત ૧૯૬૮ મૃગશીર્ષ શુદ ૧૪ મંગળવાર
તા. ૫-૧૨-૧૯૧૧. મુંબાઇ.

ચતુર્વિંશતિસ્તવ સૂત્રનું મનન કરવાથી પરમાત્માઓ ઉપર પ્રેમ પ્રકટે છે, અને ભક્તિની પ્રાપ્તિ થાય છે. ભક્તિના અધિકારી પશ્ચાત્ મનુષ્ય સમતાભાવરૂપ સામાયિક કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકે છે. ભક્તિથી હૃદયની શુદ્ધિ થાય છે, અને તેથી સમતાભાવમાં પ્રવેશ કરી શકાય છે. તીર્થંકરોના પર જેની પ્રેમ લક્ષણા ભક્તિ જેની પ્રકટી નથી તે મનુષ્ય સામાયિક આવશ્યકમાં પ્રવેશ કરી શકતો નથી, અને કદાપિ સામાયક અંગીકાર કરે છે તો પણ મનની ચપળતાને દૂર કરી શકતો નથી.

સંવત્ ૧૯૬૮નો મૃગશીર્ષ વદ ૫ રવિ
તા ૧૦-૧૨-૧૧. મુંબાઇ

પ્રભુની મૂર્તિ દ્વારા પ્રભુના ગુણોનું સ્મરણ કરીને તેવા ગુણો પ્રકટાવવા-નો મુખ્ય ઉદ્દેશ પૂજાની પ્રણાલિકામાં છે. તત્ સંબંધી સૂક્ષ્મ વિચારોને દર્શાવી સ્થૂલ દૃષ્ટાંતોથી પૂજા વિષયનું પ્રતિપાદન કર્યું.

કેળવણી પામેલા વિદ્યાર્થીઓને હેતુ પૂર્વક ઉપદેશ આપવાથી તેઓ તુર્ત ઉપદેશનો સાર ખેંચી શકે છે. અને પોતે જે વિષય જાણે છે, તે અન્યને સારી પેઠે સમજાવી શકે છે એમ અનુભવ થયો.

મહાર.

×　　×　　×　　×

સંવત્ ૧૯૬૮ ના માગશર વદિ ૧૩ સોમવાર.
તા. ૧૮-૧૨-૧૯૧૧. ભાઈંદર.

આત્માની શક્તિયો ખીલવવાને માટે ઉત્તમ પુરૂષોની સંગતિની જરૂર છે. બાલ્યાવસ્થામાં શુભાચારધારક મનુષ્યોના સહવાસમાં રહેવું જોઇએ. અને વિચારશક્તિ ખીલવવા જ્ઞાની મનુષ્યોના સહવાસમાં રહેવું જોઇએ.

કુવા અગર સરોવરમાં પડેલા મનુષ્ય ઉપર ઘણું પાણી ફરી વળે છે. તો પણ તેને બિલકુલ બોજો લાગતો નથી. પણ એક ઘડો પાણી મસ્તકપર લઇએ છીએ તો ભાર લાગે છે. તે પ્રમાણે મનુષ્ય અહંત્વ વિના સર્વ કાર્ય કરે છે તો તેને ભાર દુઃખ લાગતું નથી પણ પોતાના ઉપર અહંત્વ મમત્વ કલ્પીને કરે છે તો તેને દુઃખ લાગે છે.

આચાર વિચાર સંબંધી હૃદયમાં અશુભ સંસ્કાર પડયા પશ્ચાત્ હૃદયમાં આચાર વિચારના શુભ સંસ્કાર પાડવાનો અભ્યાસ ઘણો જો ન સેવાય તો આચાર અને વિચારમાં ફેરફાર થઇ શકતો નથી. પારાનું સુવર્ણ બનાવવું એ કાર્ય જેટલું દુષ્કર છે, તેટલુંજ અશુભ સંસ્કાર પડયા પછી શુભ સંસ્કાર પાડવાનું કાર્ય છે. બાલ્યાવસ્થાથી અમુક આચારો અને વિચારોના શુભ સંસ્કારો હૃદયમાં પડવાથી હાલ આવી દશા અમુક ગુણોની અપેક્ષાએ પ્રાપ્ત થઇ છે. ઉચ્ચ ગુણોના હૃદયમાં સંસ્કાર પાડવાનું કાર્ય અનુક્રમે વધારવાનો અભ્યાસ સેવવાની આવશ્યકતા સ્વીકારું છું. જે જે દુર્ગુણોના સંસ્કારો હૃદયમાં [illegible] છે, તે તે દુર્ગુણોનો હવે નાશ કરવા સંકલ્પ કરું છું.

×　　×　　×　　×

સંવત્ ૧૯૬૮ માગશર વદિ ૧૪ મંગળવાર તા. ૧૯-૧૨-૧૧

વસઇ.

ઉત્તમ શુભ વિચારોને ઉત્તમ વિચારોની સંગતિ થાય છે તો એક બીજાને અપૂર્વ રસ પડે છે. સમાન વિચારોનો પરસ્પર મેળ થાય છે. બે સમાન વિચારોનું અવિચારત્વ બળ વધે છે. પરસ્પરને સહાય દેતાં સમાન વિચારો પોતાની શક્તિને વધારે છે. સમાન વિચાર અને આચાર વિના પરસ્પરના મન મળતાં નથી. મનુષ્યો પોતાના સમાન વિચારોની શોધમાં ફરે છે, અને તેઓની સંગતિથી આનન્દ અનુભવે છે. તેમજ પોતાના સરખા વિચારોને ઉત્પન્ન કરી બીજાની સજ્જનતાનો અનુભવ લે છે. સમાનતાથી પરસ્પરનો દિવ્ય પ્રેમ ખીલતો જાય છે. જેમાં સ્વાર્થત્યાગ, પરમાર્થવૃત્તિ, શક્તિ, ભલાઇ, આત્મત્યાગ અને ઉદારભાવ હોય છે તેજ મનુષ્યો દિવ્ય પ્રેમની મહિમા પ્રાપ્ત કરવાના અધિકારી બને છે.

પ્રભુપ્રતિમાદ્વારા પ્રભુદર્શન કરવાથી પ્રેમ, દયા, ભક્તિ, સેવા અને સંન્યાસતા વગેરે ગુણો પ્રકટી શકે છે. જે પ્રભુભક્તિથી નીતિ, પ્રેમ અને દયાદિ વ્રતોમાં પ્રવેશ થાય છે તે પ્રભુભક્તિના આરાધના સદાકાળ કરવી જોઇએ. મેઘના જેવી ભક્તિથી લોહચુંબકની પેઠે ગુણોનું આકર્ષણ થાય છે. દિવ્યપ્રેમ, દયા અને સત્ય પ્રકટવા માટે એટલું સમજવું કે પ્રભુ ભક્તિમાં પ્રવેશ કરાવો છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ માગશર વદિ ૦)) બુધવાર. તા ૨૦-૧૨-૧૧.

અગાસી.

મનનીય ગાથાઓ સમ્મતિ તર્કમાંથી

एगसमयंमि एगदवियस्स बहुआ वि हुंति उप्पाया ।
उप्पाय समा विगमा ठिईओ उस्सग्गओ नियमा ॥४०॥ (त्रिकांड)
कालो सहाव नियओ पुव्वकय पुरिसकारणेगंता ।
मिच्छत्तं ते चेवओ समासओ होंति सम्मत्तं ॥ ५३ ॥ (त्रिकांड)
नत्थि न निच्चो न कुणइ कयं न वेयइ नत्थि निव्वाणं ।
मोक्खो वाओ नत्थिप्प छ मिच्छत्तस्स ठाणाइं ॥५४॥ (त्रिकांड)

नहु सासणभत्ती मित्तएण सिद्धंतजाणओ होइ।
नवि जाणओवि नियमा पन्नवणानिच्छिओनाम ॥६३॥ (त्रिकांड)
चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा.
चरणकरणस्स सारं निच्छयसुद्धं न याणंति ॥६७॥ (त्रिकांड)
जेण विणा लोगस्सवि ववहारो सव्वहा न निव्वडइ ॥
तस्सभुवणेक्कगुरुणो नमो अणेगंतवायस्स ॥६९॥ (त्रिकांड)

सिद्धं सिद्धट्ठाणं ठाणमणोवम सुहं उवगयाणं ।
कुसमयविसासणं सासणं जिणाणं भवजिणाणं ॥ १ ॥

મંગલાચરણ.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોશ સુદિ ૧ ગુરૂવાર તા. ૨૧-૧૨-૧૧.
સોપાલા.

શરીરને હદની બહાર કાર્યમાં યોજવાથી હાનિકારક પરિણામ આવે છે. શરીરની આરોગ્યતાથી ધર્મની આરાધના કરી શકાય છે. અને મનો યોગની સાનુકુળતા પણ રહે છે. શરીરયોગબળ ક્ષય ન થાય તે પ્રમાણે ઉપયોગ રાખીને પ્રવૃત્તિ કરવી જોઇએ. દૃઢ નિરોગ શરીર વિના ધ્યાન સમાધિમાં પણ વિશેષતઃ પ્રવેશ થતો નથી. શરીરબળ ખીલાવીને તેને સાચવવું તેમજ તેનો ધાર્મિક કાર્યોમાં ઉપયોગ. કરવો એજ ઉત્તમ મનુષ્યોનું કર્તવ્ય છે. શરીરના ,વીર્યને સાચવવાથી શરીરની દૃઢતા કાયમ રહે છે, અને શરીર વીર્યરક્ષણરૂપ બ્રહ્મચર્યથી આન્તરિક બ્રહ્મચર્યની પ્રાપ્તિમાં મોટી મદદ મળે છે. શારીરિક નિરોગતા કાયમ રહે તે માટે શારીરિક શાસ્ત્રોનું જ્ઞાન કરીને યથાશક્તિ અધિકાર પ્રમાણે શારીરિક નિરોગતા રહે તેવા ઉપાયોને યોજવા જોઇએ. શારીરિક યોગથી માનસિક યોગનું રક્ષણ થાય છે. શારીરિક, વાચિક અને મનોયોગ એ ત્રણમાંનો ગમે તે યોગ પોતાના કાર્ય માટે ઉત્તમ છે.

ઋષભનારાચ સંઘયણ વિના કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. આજ શાસ્ત્રવચનથી જ્ઞાનિને ઘણો અનુભવ મળે છે. અને તેથી તેને શારીરિક બલ ખીલવવાનું રહસ્ય સમજાય છે. માનસિક શક્તિ પણ શારીરિક નિરો-

ગના અને શારીરિક બળ વિના ધાર્મિક કાર્યો કરવાને શક્તિમાન થતી નથી, માટે વીશ વર્ષ પર્યંત બ્રહ્મચર્યાશ્રમમાં રહીને શારીરિક બળ પ્રાપ્ત કરે તેવી બાળકોને સગવડતા કરી આપવી જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ શુદિ ૨ શુક્રવાર તા. ૨૨-૧૨-૧૧.

પાલગઢ.

વિચારબળ વિનાના આચારોમાં સરસિકના અનુભવી શકાતી નથી. આચારોનું બળ સમજાવનારા વિચારો છે આચારોનું પૂર્ણ જ્ઞાન લીધા વિના આચારોને આચરનારા પુરૂષોમાં શુષ્કતા, જડતા અને ગાડરીઆ પ્રવાહની ક્રિયા જોવામાં આવે છે. ક્રિયાઓ વા આચારોનો એક અર્થ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ક્રિયાઓનું રહસ્ય અવબોધવું જોઇએ. આચાર નદીના આકાર જેવા છે. અને વિચારો મેઘના જળ જેવા છે. મેઘના જળ જેવા વિચારોથી નદીઓના આકારો રચી શકાય છે. જેજે કાળે જેજે સારા અગર નઠારા આચારો બન્યા તેતે કાળે તેને સારા અગર ખોટા વિચારનુંજ તે પરિણામ છે એમ નિશ્ચય બોધી શકાય છે. વિચારબળવાળો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે આચારોને આચરવાનું જાણતો હોવાથી શાસ્ત્રવિચારબળવાળો ગીતાર્થ બનીને જૈનશાસનને ચલાવે છે. અને તેના અનુયાયિઓનાં મોટા પ્રતિ નડતરરૂપ છે

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ શુદિ ૩ શનિવાર તા. ૨૩ ૧૨-૧૧

પાલગઢ

પાલગઢ અને તેની આસપાસની [illegible] ડુંગરોની તેને આવી રહ્યા છે પાલગઢના ડુંગરા ઉપરથી મનુષ્યો પોતાના જીવનના નિર્વાહ [illegible] કરી શકતા હતા. આ તરફના જંગલી લોકોમાં જાતનો ધર્મ ઘણો ભાગે દેખાય છે. [illegible] સાથે નીતિ [illegible] એવા નિયમ દેખા [illegible]

નથી. નીતિધર્મનાં આચરણો કરનારાઓમાં પણ પ્રાયઃ નીતિધર્મ સર્વત્ર કથની પ્રમાણે હોઇ શકતો નથી. અજ્ઞાન જનોમાં સર્વત્ર નીતિધર્મ હોઇ શકતો નથી. ધર્મના નામે ટીલાં ટપકાં કરનારા મનુષ્યોમાં પણ સર્વથા સર્વત્ર નીતિના આચારો દેખી શકાતા નથી. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ મમતાત્યાગરૂપ યમને નૈતિક ધર્મ કહેવામાં આવે છે. યમ વા નૈતિક ધર્મથી ભ્રષ્ટ થએલી દુનિયા પોતાના હાથે નરક રચે છે. અને દુઃખોને પોતાના હાથે આમન્ત્રણ કરે છે. ઉચ્ચ તાત્વિક જ્ઞાન અને સત્સમાગમ વિના યોગના પ્રથમ નૈતિક યમના પગથીએ પૂર્ણ ચડયા વિના સમાધિની આશા રાખવી એ આકાશકુસુમવત્ અસત્ છે. નૈતિકયમના સિદ્ધાંતોને અંગીકાર કર્યા વગર દુનિયાની પ્રજા તથા રાજાઓને શાંતિ મળવાની નથી. માથું મુંડાવીને સાધુ થએલાઓમાં તથા ધર્માચાર્યોમાં નૈતિક ગુણો વિના પ્રભુત્વ પ્રાપ્ત થવાનું નથી. અનીતિથી પ્રાપ્ત થએલું પ્રભુત્વ પૂર્ણિમાના ચંદ્રની પેઠે સદાકાલ ટકી શકતું નથી. આખી દુનિયાના બાળકોને બાલ્યાવસ્થાથીજ નૈતિક સદાચરણસંપન્ન શિક્ષકો પાસેથી નૈતિક શિક્ષણ આપવું જોઇએ. નૈતિક સદાચાર વિના ઉત્તમ મનુષ્યકોટિમાં ગણના થતી નથી. જિનેશ્વર ભગવાનને સેવનારી જૈનકોમમાં નૈતિક ગુણોની વૃધ્ધિ થાય તો તે અન્ય કોમ ઉપર પોતાના સદ્‌ગુણોની સારી અસર થઇ શકે.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ સુદિ ૪ રવિવાર તા. ૨૪-૧૨-૧૧
વાનગામ.

વાનગામથી પૂર્વ દિશા તરફ પન્દર માઇલ જઇએ એટલે આસેરીનો પર્વત આવે છે. તેના ઉપર આશરે સવાસો હાથ પાણીથી ભરપૂર હોજ છે. બે હાથથી તે છ હાથ સુધીના હોજો છે, તે હોજો બસો હાથ ઉંડા છે. તે ઠેકાણે પહેલાં કિવદન્તી પ્રમાણે કોઇ કોળી રાજા રહેતો હતો શીરંગીના વખતમાં જતો રહેલો હતો. તેનુ ધન તેણે એક હોજમા શીરંગીના ભયથી નાખ્યું એમ લોકો વાતો કરે છે. તે ડુંગર ઉપર જંગલી કેળાને રાનકેળ કહે છે. મરાઠી ભાષામાં ચવાનામની કેળ કહે છે. તેના નીચે કંદ હોય છે. તે કંદ સાધારણ મીઠો હોય છે. રૂષિઓ તેને વાપરે છે. આસેરીના ડુંગર

ઉપર ચુનાથી બાંધેલાં બે તળાવ છે. અને એક માટું ખાડું છે. તે ડુંગર ઉપર ઘરના જેવી બે ગુફાઓ છે. કોઇ વખતે બાવાઓ ત્યાં વસે છે.

પુનાથી ઇભણ સુધી પરશુરામની ધરતી ગણાય છે. તેને ઉત્તર કોંકણ કહે છે. ગોળવડથી સાત માઇલ ઉપર બારોટનો ડુંગર છે. ત્યાં પરશુરામનું સ્થાન હતું એવી દંતકથા છે. તે ડુંગર ઉપર જોવા લાયક ત્રણ ગુફાઓ છે. ન્હાની ગુફાઓ ઘરના આકારે છે. ઠાણા જીલ્લાની પાસે ડુંગરીના ઉપર ઘણી જાતની વનસ્પતિ થાય છે. જંગલી ખાતાના ઇન્સ્પેક્ટરે સર્વ વિશારદજીની ત્રણ ચાર જાતની બુટીઓ દેખાડી હતી.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ સુદિ ૭ બુધવાર તા. ૨૭-૧૨-૧૧.
દાદણ બોરડી.

ગીતાર્થો સ્વ અને પરસમયના જ્ઞાતા હોય છે. પરશાસ્ત્રોનો અભ્યાસ કર્યા વિના પરસમયના જાણ બની શકાતું નથી. સ્વદર્શન અને પરદર્શનના શાસ્ત્રોનો અભ્યાસ કર્યા વિના, પરસમયના જાણ બની શકાતું નથી. સ્વદર્શન અને પરદર્શનના શાસ્ત્રોનો મુકાબલો કર્યા પશ્ચાત્ જે અનેકાન્તદર્શનની શ્રદ્ધા થાય છે તેમજ અનેકાન્તદર્શનનું જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સ્થિર રહે છે. સ્વસમય અને પરસમયનો જ્ઞાતા મનુષ્ય પોતાનું તથા પરનું કલ્યાણ કરવા સમર્થ થાય છે. પ્રાચીનકાળમાં સ્વ સમયની અને પરસમયની ઘેરઘેર અને ઉદ્યાનોમાં પણ ચર્ચા થતી હતી. હાલના કાળમાં તેવા પ્રકારની જ્ઞાનદશા જણાતી નથી. તોપણ હવે કંઇ જાગૃતિ થવા લાગી છે, અને મનુષ્યોનું મન શાસ્ત્રોના વાચન તરફ દોરાયું છે.

જ્ઞાનરૂચિધારક મનુષ્યો ઉત્પન્ન કરવા જોઇએ. ધર્મશાસ્ત્રોના રહસ્યને જાણનારા મનુષ્યો દુનિયામાં વધ્યા પછી ત્યારે જૈનધર્મના શાસ્ત્રોની કિંમત અંકાશે, અને દુનિયામાં જાહેરમાં તેની એવી અવાજે નિવૃત્તિમાર્ગને માટે પ્રશંસા થશે. તથા તત્ત્વજ્ઞાનમાં જૈન શાસ્ત્રોની અન્ય દર્શનીય શાસ્ત્રો કરતા સર્વ પ્રકારે ઉત્તમતા છે, પણ તેવા પ્રકારના તત્ત્વજ્ઞાનિયો હાલ દુનિયામાં ઘણા ન હોવાથી દુનિયામાં તેનો ઘણો આવિર્ભાવ નથી, પણ હાલ જેવી શાન્તિ

દુનિયામાં ઘણે ભાગે છે તેવી પચ્ચાસ સો વર્ષ રહેશે અને ધર્મશાસ્ત્રોના અભ્યાસીઓ સર્વત્ર ઉત્પન્ન થશે, તો એકવાર જૈનધર્મની ખુબીઓ અને જૈનદર્શનની મહત્તાનો ખ્યાલ દુનિયાના ઘણા મનુષ્યોને આવશે, અને શ્રીમહાવીર પ્રભુનું નામ સર્વત્ર પ્રખ્યાત થશે. આવો વખત જલ્દી આવો !

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ સુદિ ૮ ગુરૂવાર તા. ૨૮-૧૨-૧૧. ઓરડી.

સમાધિમાં જેટલો સમય જાય છે તેટલા સમયમાં ઇન્દ્રિયોનો વ્યાપાર બંધ જેવો હોવાથી અને તેમજ મન પણ અન્તરમાં એક સ્થિરપણાથી લાગેલું હોવાથી આત્મશક્તિયોની વૃદ્ધિ થાય છે. તથા મન, વચન અને કાયાના યોગબળમાં નવું જીવન આવે છે. સમાધિમાં રહેવાથી આત્મબળમાં વધારો થાય છે અને આત્માના અતીન્દ્રિય આનન્દનો રસ રેલછેલ થઇ જતો હોય એવો ભાસ થાય છે. ચક્ષુથી દશ્ય દુનિયા કરતાં સમાધિદશામાં અલૌકિક અનુભવાય છે. જેટલા વખત સુધી મન સમાધિમાં રહે છે, તેટલા વખત સુધી સંકલ્પો થતા નથી. એવો ભાસ થાય છે, અને સમાધિસ્થાનું ઉત્થાન થતાં એકદમ સાંસારિક કાર્યો પ્રતિ લક્ષ્ય લાગતું નથી એવો અનુભવ આવે છે. સમાધિદશામાં ખરો આનન્દ પોતાનામાંથી પ્રકટે છે. અને તે માટે બાહ્યનું કંઇ પણ કરવાનું નથી એમ જણાય છે. સર્વ કાર્યની પૂર્ણાહૂતિ સમાધિમાં વિલય પામી હોય એવો ભાસ થાય છે. સમાધિમાં પ્રથમ તો મન અને આત્મા જુદો ભાસે છે. પણ કેટલીકવાર પશ્ચાત્ એક આત્મતત્ત્વનોજ ઉપયોગ રહે છે. અને બાકીનું એકદમ ભૂલાઇ જાય છે તેમ અનુભવ આવે છે. આવી દશા સદાકાલ, રાત્રિ અને દિવસ રહેતી નથી. પણ સમાધિના ઉત્થાનકાળમાં કેટલાક સમય સુધી દુધપાકના વમન પછી જેમ દુધપાકની મીઠાશ અનુભવાય તેમ સુખભાવ રહે છે. પુનઃ આવી દશામાં સ્થિર થવાનું મન થાય છે. પણ ધાર્મિક કાર્યોના વ્યવસાયથી ઘણીવાર તેમાં સ્થિર રહેવાતું નથી. પણ અમુક વખતે પુનઃ સમાધિના અભ્યાસથી તેનો સ્વાદ પુનઃ મળે છે. એટલે બાહ્ય દુઃખ ભૂલાય છે. આધ્યાત્મિક અને યૌગિક શાસ્ત્રોના ઘણા પરિશી-

શનથી તથા મનનથી ઘણા ભાગે આત્મા તરફ વૃત્તિ રહે છે. ગ્રન્થલેખન વાચન અને ઔપદેશિક કાર્યથી તથા ધર્મચર્ચા કાર્યથી જે જે વખતે નિવૃત્ત થવાય છે. તેને કાલે સમાધિ ધ્યાનમાંજ મન પરોવાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ શુદિ ૯ શુક્રવાર તા. ૨૯-૧૨-૧૧.
શ્રીગામ.

ગુરૂની ભક્તિ કરતાં અનેક વિઘ્નો આવી પડે છે. તોપણ ભક્તો ભક્તિથી પરાઙ્મુખ થતા નથી. નિષ્કામવૃત્તિથી શિષ્યોએ ગુરૂની સેવા કરવી જોઇએ. સદ્ગુરૂના આચારોમાંથીજ શિષ્યો ધારે તો ઘણો બોધ લઇ શકે. સ્વચ્છંદી શિષ્યોને ગુરૂની આજ્ઞાઓ પ્રતિકૂલ લાગે છે, અને ગુરૂનો ઉપદેશ પણ કુશિષ્યોને વિપરીતપણે પરિણમે છે ગુરૂની ભક્તિ એ આવશ્યક કાર્ય છે માટે તે શિષ્યોએ કરવી જોઇએ. ગુરૂના ગુણો જેને સહ્ય નથી અને ગુરૂની નિન્દા કરવાના પણ જેઓ [illegible] પડતા નથી તેઓ ગુરૂની ભક્તિથી દૂર રહે છે. અને ગુરૂભક્ત બનવાના અધિકારી થઇ શકતા નથી. ગુરૂના વચનની શ્રદ્ધા ન હોય તો કદિ ગુરૂની પાસ અશ્રદ્ધા વૃત્તિથી પચ્ચીશ વર્ષ પર્યન્ત રહે તો પણ ગુરૂના બોધ હૃદયમાં ઉતારવાને લાયક બની શકતો નથી. ગુરૂની પાસે રહેનારા અને ગુરૂએ મુકેલા સર્વે ગુરૂભાનો હોય એવો કદિ નિશ્ચય કરી શકાય નહીં સમવસરણમાં ભગવાન્ ઉપદેશ આપતા હતા તે વખતે પાખંડીઓ અને શ્રદ્ધાળુઓ બન્ને ઉપદેશ સાંભળતા હતા. પાખંડીઓને તીર્થંકરનો ઉપદેશ અવળો પરિણમતો હતો. તેથી તેમાં તે પાખંડીઓની અનધિકારિતાજ [illegible] ગુરૂના ઉપદેશનો વિપરીતાર્થ ગ્રહણ કરનારાઓ ગુરૂના [illegible] તેમની [illegible] દૃષ્ટિનાજ અપરાધ છે. તરવારની ધારપર ચાલવું [illegible] પણ ગુરૂની ભક્તિ કરવી મુશ્કેલ છે ગુરૂની ભક્તિ કરતાં [illegible] ગુરૂની [illegible] તન મન અને વાણીને પ્રવર્તાવવી પડે છે [illegible] જેટલું મુશ્કેલ છે તેના કરતાં ગુરૂની ભક્તિમાં સ્થિર રહેવું [illegible] મુશ્કેલ છે. **ઉત્તમ ભક્તિદશામાં ગુરૂની આજ્ઞાનું કારણ પણ પૂછાતું નથી ગુરૂની આજ્ઞામાં સર્વ હિત સમાયું છે એવી પૂર્ણ શ્રદ્ધા ધારણ કરવી પડ**

છે. અને ગુરૂની આજ્ઞામાંજ ધર્મ માનવો પડે છે. આવી ભક્તિમાં પ્રવૃત્તિ કરનારાઓને ઉદ્વેગ, ભય, લાજ અને દુર્જનોના કુબોધનો સામ કરવો પડે છે. આવા કાલમાં આવા પ્રકારની ભક્તિનાં પાત્રો અલ્પ હોય છે. ગુરૂની ભક્તિ કરીને ગુરૂને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રશ્નો પૂછવા જોઇએ. શિષ્ય એવું નામ ધરાવનારા શિષ્યો વા ભક્તો કેટલાક ગુરૂની ભક્તિથી પાછા હઠી જાય છે. ઉત્તમ શિષ્ય ભક્તો અથથી ઇતિ સુધી ગુરૂની ભક્તિમાં દ્દઢ રહીને આત્મિક જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. ઉત્તમ શુદ્ધ પ્રેમથી શિષ્યો ગુરૂના હૃદયને આકર્ષી શકે છે. ૐ શાન્તિઃ ૩.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ સુદિ ૧૦ શનિવાર તા. ૩૦-૧૨-૧૧. સીરીગામ.

ઉત્તમ શિષ્યો સદ્ગુરૂની સેવા ભક્તિમાં સર્વ શક્તિનો આત્મભોગ આપે છે. ભક્તિ કરતાં ઉત્તમ શિષ્યો ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે. પ્રેમલક્ષણા ભક્તિથી શિષ્યો ગુરૂના હૃદયને આકર્ષી શકે છે. ગુરૂના ઉપદેશને શ્રવણ કરવા અત્યન્ત ઉત્સુક રહે છે. ગુરૂના મનને પ્રસન્ન રાખીને તેમની પાસેથી ઉત્તમ શિષ્યો હિતશિક્ષાઓનું ગ્રહણ કરે છે. ગુરૂની દીધેલી કડવી શિક્ષા પણ અમૃત સમાન માને છે. ગુરૂએ આપેલા ઠપકાને તો ઉત્તમ શિષ્યો કૃપાની પ્રસાદી તરીકે માને છે. ગુરૂજી પોતાને માન આપે એમ વિનય સુપાત્ર શિષ્યો કદિ ઇચ્છતા નથી. કુલવાલુક અને વિનયરત્નની પેઠે દુષ્ટ શિષ્યો પોતાના ગુરૂ બૃહસ્પતિ જેવા હોય તો પણ તેઓના ગુણ લેવાને સમર્થ બનતા નથી. પરન્તુ ઉલટા ગુરૂના ઉપકારનો બદલો અપકાર તરીકે વાળી આપે છે શરીરનો નાશ થાય અને પ્રાણનો નાશ થાય એવાં સંકટો પડવે છતે પણ ઉત્તમ શિષ્યો કદિ ગુરૂનું અપમાન વા ગુરૂનું બુરૂં ઇચ્છતા નથી. ઉત્તમ શિષ્યો પ્રતિદિન ચઢતા ભાવે ગુરૂની ભક્તિ કરે છે. તેઓએ પોતાનો આત્મા ગુરૂને સોંપેલો હોવાથી ગુરૂની આજ્ઞામાંજ સદા કાલ પ્રવર્તે છે. ઉત્તમ શિષ્ય ભક્તો ભક્તિ કરીને ગુરૂની પાસે તેનું ફલ માગતા નથી અથવા બીજને બાળીને વાવવાની પેઠે ભક્તિના ઉલ્લાસનો નાશ કરીને વેઠની પેઠે ભક્તિ કરતા નથી. આર્યાવર્તમાં અથવા સર્વ

દેશમાં ઉત્તમ ભક્તજનો ઉત્પન્ન થાઓ ! રાજ્યભક્તિની પેઠે ગુરૂની ભક્તિ કદિ છાની રહેતી નથી. વૈષયિક સંબંધમાં ભક્તિનો અવળો ઉપયોગ કરનારાઓ ભક્તિના પગથીઆથી નીચે ઉતરે છે, અને વિષયોના પાશમાં ફસાઇ જાય છે. જગત્ સેવા, સર્વનું ભલું કરવું આદિનો પણ વ્યવહાર ભક્તિમાં સમાવેશ થાય છે. ભક્તિમાર્ગમાં વિચરનારા મનુષ્યોનાં હૃદય દયા, શુદ્ધ પ્રેમ, ભ્રાતૃભાવ અને પરોપકાર ભાવથી ભરાઇ ગએલાં હોય છે. ભક્તિમાં લોહચુંબકની પેઠે આકર્ષક શક્તિ રહેલી છે. તેથી ભક્ત કોઇ ઠેકાણે છાનો રહી શકતો નથી. ૐ શાન્તિઃ ૩

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ સુદિ ૧૧ રવિવાર તા. ૩૧-૧૨-૧૧. વાપી.

ગૃહસ્થો પરસ્પર એક બીજાને પ્રેમથી મળી શકે છે. જૈનોના સાધુઓમાં ગચ્છોના ભેદથી વા કોઇ ભયે તે કારણથી સાધુઓ એક બીજાને પરસ્પર મળી શકતા નથી, ગચ્છગચ્છના સંઘાડાઓના સાધુઓ સામાન્ય બાબતોમાં પણ એક બીજાને જોઇએ તે પ્રમાણમાં મળીને મળી શકતા નથી, કેટલાક ઉત્તમ સાધુઓને બીજા અન્ય સાધુઓના સામાનું કંઇક અનુભવ કરવાથી માલુમ પડે છે. વિક્રમ સંવત્ ૧૭ ના સૈકા સુધી સાધુઓનું ઐક્ય ઘણું હતું એવું ઐતિહાસિક ગ્રન્થો અવલોકતાં દેખાય છે. વર્તમાનકાલમાં સાધુઓનું ઐક્ય કરવામાં [illegible] ગીતાર્થ મુનિવરો ઘણા ન હોવાથી અનેક વિઘ્નો ઉભાં થાય છે તથા ગચ્છો તે પ્રમાણમાં આત્મબળ કેળવી શકાતું નથી. કેળવણી પામેલા ઘણા સાધુઓ થશે, અને તેઓ સંઘાડાના અધિપતિ થશે ત્યારે [illegible] અનુસારે સાધુઓનું ઐક્ય કરવામાં [illegible] થશે [illegible] આર્ય દેશનું સાધુમંડળ [illegible] ઉંચું હતું પણ [illegible] ઐક્યની ઉન્નતિ કરી તેથી સાધુઓનું ઐક્ય [illegible] હતું. હવે ભવિષ્યમાં [illegible] ઉન્નતિ થાય અને જૈનધર્મ [illegible] વધારો થાય એવા ઉપાયો આદરવા માટે સાધુઓના વિચારોનું ઘણું [illegible] ઐક્ય કરવામાં પ્રયત્ન કરે. શાસન

દેવતાઓ ! મારા હાથે ઉત્તમ કાર્ય કરવામાં મદદગાર થાઓ. જૈનોની સંખ્યા ઘટતી જાય છે, અને જૈનધર્મ સંકોચાતો જાય છે. તેથી મનમાં ઘણું લાગી આવે છે. હે ! શાસન દેવતાઓ ! તમો અમારા પ્રયત્નમાં સહાયકારી બનો. અને જૈનશાસનની ઉન્નતિ કરવામાં જેજે વિઘ્નો આવે તેનો ક્ષય કરો. વીશમી સદીમાં જૈનોન્નતિના ઉપાયોનાં બીજ અમારા હાથે વવાઓ. અમારા વિચારોને ઉપાડી લે તેવા ઉત્તમ ભક્તો ઉત્તમ થાઓ. કેટલાક વણિકો અમારા વિચારો સાંભળે છે, પણ તેઓને જોઇએ તેવી ઉત્તમ કેળવણીના અભાવે ધર્માભિમાન પ્રકટી શકતું નથી. હે ! શાસન દેવતાઓ ! જૈનશાસનની ઉન્નતિનાં જે જે દ્વાર પૂર્વે પાંચ છ શતકથી અંધાધુંધીથી બંધ પડી ગયાં છે, તેને ખુલ્લાં કરવામાં સહાય કરો.

× × × ×

સંવત ૧૯૬૮ પોષ શુદિ ૧૨ સોમવાર. તા ૧-૧-૧૨.
વાપી.

જે ગીતાર્થ ગુરૂને સુપાત્ર શિષ્યો હોય છે તે દુનિયામાં પરોપકારનાં કાર્ય તથા જૈનશાસનની ઉન્નતિ કરવા સમર્થ થાય છે. સુપાત્ર સાધુ શિષ્યો ગુરૂના અભિપ્રાયને તેમના કહ્યા વિના ઇંગિતાકારથી જાણીને પણ ગુરૂના દ્વારા થતાં ધાર્મિક કાર્યોને પોતાની શક્તિયોથી સાહાય્ય આપે છે. ગુરૂની આશાતનાને પ્રાણાન્તે પણ નહિ કરનાર અને ગુરૂની સેવામાં સદાકાલ રહેનાર તેમજ ગુરૂના બોધને અનુસરનાર શિષ્યોથી ગુરૂમહારાજ ધર્મ સેવા અને ધર્મોન્નતિનાં અનેક કાર્યો કરવા શક્તિમાન થાય છે. પોતાના વિનય, વિવેક, ભક્તિ, ગુણદૃષ્ટિ અને ગુરૂશ્રદ્ધાદિ ગુણોથી સુપાત્ર શિષ્યો ગુરૂની આરાધના કરવા સદાકાલ તૈયાર રહે છે. પરમભક્તિયો સુશિષ્યો ગુરૂના ચિત્તને પ્રસન્ન કરે છે, અને ગુરૂની પાસેથી તાત્ત્વિકજ્ઞાન ગ્રહે છે. ગુરૂએ પ્રસન્ન મનથી આપેલું ધાર્મિકજ્ઞાન ખરેખર શિષ્યોના હૃદયમાં ઉત્તમ રીત્યા પરિણમે છે. શિષ્યોએ પોતાના અધિકારને સાચવી ગુરૂની સેવામાં તત્પર રહેવું. ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવાથી શિષ્યોના હૃદયમાં ધર્મ પ્રકટી શકે છે ગુરૂનાં વચનો અનેક આશયોથી ભરપૂર હોય છે તેથી તે વચનો ન સમજાય તો તેમાં શંકા કરવી નહિ પણ તે વચ-

નોના આશયો જાણવા પ્રયત્ન કરવો. અને વિનયથી ગુરૂને પૂછી પ્રત્યેક વચનના આશયો જાણવા.

પણ પુસ્તકના સર્વ આશયો શબ્દોમાં આવી શકતા નથી તેથી વક્તા પુરૂષનું હૃદય જોવા પ્રયત્ન કરવો જોઇએ. જેટલા હૃદયમાં વિચારો ઉત્પન્ન થાય છે, તેટલા વાણી દ્વારા કહી શકાતા નથી. તેથી વક્તાના હૃદયમાં અનેક આશયોમાંના કિંચિત્ બહાર આવી શકતા નથી. પ્રતિદિન અભિનવજ્ઞાન ઉત્પન્ન થયા કરે છે. તેના યોગે પ્રતિદિન પૂર્વના કરતાં ઉત્તરોત્તર આશયોમાં ફેરફાર થયા કરે છે. અમુક પ્રકારના વિચારની અપેક્ષાએ કોઇ વસ્તુ સમ્બન્ધી મત બાંધી શકાય છે. તાત્ત્વિક સ્થિર નિયમોનું જ્ઞાન સાકાલ બે ક ચારની પેઠે એક સરખું રહે છે. વિચારો સંબન્ધી સંયમ કરતાં તેમાં નવું નવું જણાવાનું બને છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ શુદિ ૧૩ મંગળવાર તા. ૨-૧-૧૨.
વાપી

પખ્ખીસૂત્રના વાક્યો બોલતાની સાથેજ તેનો અર્થ હૃદયમાં સમ્યગ્ ભાસે એવી રીતે જેણે પાક્ષિકસૂત્રનું મનન કર્યું છે તે મુનિવર પખ્ખીસૂત્રનો સ્વાધ્યાય કરી પોતાની યોગ્યતાનો વિચાર કરી શકે છે. પંચમહાવ્રતના પાઠોનું મનન અને તેનો અનુભવ કરતાં લાગે છે, કે હજી પખ્ખીસૂત્રમાં કહ્યા પ્રમાણે ઉત્તરકરણ ચારિત્રમાં પરિપૂર્ણતયા પ્રવર્તી શકાતું નથી. પાક્ષિકસૂત્રમાં કહ્યા પ્રમાણે વર્તવાને હું તો પ્રયત્નશીલ અને ઉત્સાહી છું. શ્રીયશોદેવસૂરિએ પખ્ખીસૂત્રની પોતાના ક્ષયોપશમાનુસારે સારી ટીકા કરી છે. શ્રીચંદ્રસૂરિના શિષ્ય યશોદેવ પખ્ખીસૂત્રપર અને પોકરાકપર ટીકા કરેલી છે તેઓ બારમા સૈકામાં થઇ ગએલા છે. ચાવડી રાણી પતિની પાછળ સતી થાય છે. એમ તેમણે ટીકામાં બસ એ વાત લખ્યું છે. એ ઉપરથી એમ સિદ્ધ થાય છે, કે બારમા સૈકામાં પતિની પાછળ સતી થઇ બળી મરવાનો રિવાજ હતો. યશોદેવના વખતમાં એટલે વિક્રમસંવત્ ૧૧૮૦ ની સાલમાં પાટણમાં સિદ્ધરાજ જયસિંહ રાજ્ય કરનાર હતો. સૌની નેમિચંદ્રની પૌષધશાળામાં તેઓ રહ્યા હતા. નેમિચંદ્ર

પોતે સોની હોય વા સોનીનો વ્યાપાર દુકાન ઘાટ વગેરેમાં પ્રવૃત્તિવાળા હોવાથી સોની (સૌવર્ણિક) એવી અટક પડી હોય. તે તે સોની હોય તો એમ સિદ્ધ થાય છે, કે બારમા સૈકામાં સોનીનો ધંધો કરનાર સોની લોકો જૈનધર્મ પાળતા હતા. વડોદરા ચંદ્રકુળમાં થયા હતા. વડોદરાના વખતમાં શ્રીહેમચંદ્રસૂરિની પણ હયાતિ હતી. શ્રીચંદ્રકુળમાં તે વખતે ઘણા વિદ્વાન મુનિયો હતા. પખ્ખીસૂત્રની પ્રસ્તાવના ઉચ્ચ આશયોથી અને પ્રાચીન તથા અર્વાચીન સમયના આગારના મુકાબલાની સાથે થાય તો સામ્પ્રત સાધુઓના વર્ત્તનની ઉચ્ચતા વૃદ્ધિ પામે.

સંવત્ ૧૯૬૮ પોષ સુદિ ૧૪ બુધવાર તા. ૩-૧-૧૨.

દમણ.

પરમ સુખ જેના અન્તે છે અને દયા, વૈરાગ્ય, જ્ઞાન વગેરે જેની આદમાં છે એવા ધર્મની પ્રાપ્તિ કરાવવા મનુષ્યોને ઉપદેશ દેવો તે દયાળુ મનુષ્યોનું કાર્ય છે. અન્ય મનુષ્યોને ધર્મનો ઉપદેશ દેવો એ ભાવ અભયદાન છે. એક મનુષ્યને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવતાં ચૌદ રાજલોકના જીવને અભયદાન આપી શકાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ વદિ ૨ શનિવાર તા. ૬-૧-૧૨.

દમણ.

દુર્જનના સંગથી ચિત્તમાં બળાપો થાય છે. ઉત્તમ મહાત્માઓને પણ દુર્જનનો સંગ કોઇ અપેક્ષાએ જોતાં ઉદ્વેગ કરનારો થાય છે. સજ્જન મનુષ્યોને પીડ્યો છતાં પણ તે પીલેલી શેરડીની પેઠે સરસતાને આપે છે. પણ સત્કાર જેનો કર્યો છે એવો દુર્જન ત્રાસ આપ્યા વિના રહેતો નથી. દુર્જન અને ઘૂવડ બન્ને સન્મિત્રને દેખી શકતા નથી. દુર્જન મનુષ્ય ખરેખર મનુષ્યના દોષો દેખ્યા કરે છે. સત્પુરૂષોની સંગતિથી ગમે તેવા પાપી મનુષ્યો પણ ઉત્તમ બને છે. સજ્જનો દુર્જનના અપવાદથી મનમાં ખેદ પામતા નથી. ઉત્તમ મનુષ્યો અન્યોના સદ્ગુણોને ગ્રહણ કરે છે. અને

નોના આશયો જાણવા પ્રયત્ન કરવો. અને વિનયથી ગુરુને પૂછી પ્રશ્નો વગેરેના આશયો અવબોધવા.

ઘણા ગુરુના ગર્ભ આશયો શબ્દોમાં આવી શકતા નથી તેથી વાચના ગુરુનું હૃદય જોવા પ્રયત્ન કરવો જોઇએ. જેટલા હૃદયમાં વિચારો ઉત્પન્ન થાય છે, તેટલા વાણી દ્વારા કહી શકાતા નથી. તેમ જમાનાના હૃદયમાં અને આશયોમાંના કેટલાક બહાર આવી શકતા નથી. પ્રતિદિન અભિનવજ્ઞાન ઉત્પન્ન થયા કરે છે. તેના યોગે પ્રતિદિન પૂર્વના કરતાં ઉત્તરોત્તર આશયોમાં ફેરફાર થયા કરે છે. અમુક પ્રકારના વિચારની અપેક્ષાએ કોઇ વસ્તુ સંબંધી મત બાંધી શકાય છે. તાત્વિક સ્થિર નિયમોનું જ્ઞાન સતાકાલ બે ઠ સારની પેઠે એક સરખું રહે છે. વિચારો સંબંધી સંયમ કરતાં તેમાં નવું નવું જાણવાનું મળે છે.

× × × ×

સંવત ૧૯૬૮ પોષ શુદિ ૧૩ મંગળવાર તા. ૨-૧-૧૨.

વાપી

પક્ખીસૂત્રના વાચન બોલનારની સાથે જે તેના અર્થ હૃદયમાં સમ્યગ્ ભાગે એવી રીતે જેણે પાક્ષિકસૂત્રનું મનન કર્યું છે તે મુનિવર પક્ખી સૂત્રનો સ્વાધ્યાય કરી પોતાની યોગ્યતાનો વિચાર કરી શકે છે. પંચ-મહાવ્રતના પાઠોનું મનન અને તેનો અનુભવ કરતાં જાગે છે, કે હજી પક્ખી સૂત્રમાં કહ્યા પ્રમાણે ઉત્તરકરણ ચારિત્રમાં પરિપૂર્ણતયા પ્રવર્તી શકાતું નથી. પાક્ષિકસૂત્રમાં કહ્યા પ્રમાણે વર્તવાને હું તો પ્રયત્નશીલ અને ઉત્સાહી છું. શ્રીયશોદેવસૂરિએ પક્ખીસૂત્રની પોતાના ક્ષયોપશમાનુસારે સારી ટીકા કરી છે. ચંદ્રસૂરિના શિષ્ય યશોદેવે પક્ખીસૂત્રપર અને ષોડશકપર ટીકા કરેલી છે તેઓ બારમા સૈકામાં થઇ ગયેલા છે. ચાવડી રાણી પતિની પાછળ સતી થાય છે. એમ તેમણે ટીકામાં પ્રસંગોપાત લખ્યું છે. એ ઉપરથી એમ સિદ્ધ થાય છે, કે બારમા સૈકામાં પતિની પાછળ સતી થઇ બળી મરવાનો રિવાજ હતો. યશોદેવના વખતમાં એટલે વિક્રમસંવત્ ૧૧૮૦ ની સાલમાં પાટણમાં સિદ્ધરાજ જયસિંહ રાજ્ય કરનાર હતો. સોની નેમિચંદ્રની પોષાલમાં તેઓ રહ્યા હતા. નેમિચંદ્ર

સમર્થ થતો નથી. ભ્રષ્ટ સાધુઓથી મનુષ્ય વ્યુદ્ગ્રાહિત ચિત્તવાળા બને છે. અને તેથી ઉત્તમ સાધુઓનો ઉપદેશ પણ વિશેષ પ્રમાણમાં જગત્ના લાભ માટે થતો નથી.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ વદિ ૬ બુધવાર તા. ૧૦-૧-૧૨. પારડી.

સાધુનું ચારિત્ર ઉચ્ચ હોવું જોઇએ, અને તેની છાપ અન્યોના ઉપર પડવી જોઇએ. ગુરુઆદિ જીવોના મન પર સાધુઓના ઉચ્ચ ચારિત્રની છાપ પડે છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી ઉત્તમ સાધુઓ શોભી શકે છે. સાધુઓની વાણી રૂપ અમૃતથી ભવ્ય મનુષ્યોનાં હૃદય પોષાય છે અને અનેક પ્રકારના સદ્ગુણોની ભૂમિકા રૂપ હૃદય બને છે. અધ્યાત્મ જ્ઞાનથી ઉત્તમ સાધુઓ મોહનીય કર્મનો ઉદય ટાળવા સતત પ્રયત્ન કરે છે. અને વ્યાવહારિક ધાર્મિક ક્રિયાથી મન, વચન અને કાયાના યોગની ઉચ્ચતા કરે છે. આવશ્યક સૂત્રોમાં દર્શાવેલા અર્થને જાણીને, આવશ્યકાદિ ક્રિયાઓને કરનારા સાધુઓની ઉન્નતિ થયા વિના રહેતી નથી. પોતાના આત્માને માટે આવશ્યકોને હું કરૂં છું એવો દૃઢ સંકલ્પ કરીને આવશ્યક ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરીને જે સાધુઓ એ આવશ્યક ક્રિયાઓ કરે છે તેઓનાં આચરણો પ્રતિદિન સુધરતાં જાય છે. તેઓની આંખે દોષો અને સદ્ગુણો એ ભિન્નપણે દેખાય છે; દુર્ગુણોથી પાછા હઠવાને માટે અને દુર્ગુણોથી થએલાં પાપની માફી માટે જે સાધુઓ તથા શ્રાવકો પ્રતિક્રમણ કરે છે તેઓના આચારો અને વિચારો દુનિયામાં અન્ય મનુષ્યો કરતાં ઉચ્ચ હોવા જોઇએ. પ્રતિદિન જે સાધુઓ પ્રતિક્રમણ કરે છે અને દોષોને ટાળવાનો પ્રયત્ન કરે છે તેઓના આત્માને ધન્યવાદ ઘટે છે. જેઓ પ્રતિક્રમણના શબ્દમાત્રને બોલે છે. પણ દુર્ગુણોને ટાળીને પ્રતિદિન સદ્ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા નથી તેઓ ક્રિયારુચિ માત્ર ધારક છે. પણ ક્રિયાના ઉદ્દેશપૂર્વક આત્માના ગુણો પ્રકટાવવાના અધિકારી નથી. યાવજ્જીવ સામાયકાદિ આવશ્યકાનું આરાધન કરવાનું કાર્ય કદિ ભૂલવું જોઇતું નથી. આવશ્યક ક્રિયાઓ કરનારા જૈનોના સદાચારો અને આચારો દુનિયામાં દૃષ્ટાંત રૂપ થાય છે. જે કાળમાં અજ્ઞાનનું જોર

સમર્થ થતો નથી. ભ્રષ્ટ સાધુઓથી મનુષ્ય બુદ્ધ્યાદિને ગિનવાતા બને છે. અને તેથી ઉત્તમ સાધુઓનો ઉપદેશ પણ વિદેશ પ્રમાણમાં જગત્ના લાભ માટે થતો નથી.

× × × ×

સંવત ૧૯૬૮ પોષ વદિ ૬ બુધવાર તા. ૧૦-૧-૧૨.
પારડી.

સાધુનું ચારિત્ર ઉચ્ચ હોવું જોઇએ, અને તેની છાપ અન્યોના ઉપર પડવી જોઇએ. મુમુક્ષ્યાદિ જીવોના મન પર સાધુઓના ઉચ્ચ ચારિત્રની છાપ પડે છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી ઉત્તમ સાધુઓ શોભી શકે છે. સાધુઓની વાણી રૂપ અમૃતથી ભવ્ય મનુષ્યોનાં હૃદય પોષાય છે અને અનેક પ્રકારના સદ્ગુણોની ભૂમિકા રૂપ હૃદય બને છે. અધ્યાત્મ જ્ઞાનથી ઉત્તમ સાધુઓ મોહનીય કર્મનો ઉદય ટાળવા ભગત પ્રયત્ન કરે છે. અને વ્યાવહારિક ધાર્મિક ક્રિયાથી મન, વચન અને કાયાના યોગની ઉચ્ચતા કરે છે. આવશ્યક સૂત્રોમાં રહેલા અર્થને જાણીને, આવશ્યકાદિ ક્રિયાઓને કરનારા સાધુઓની ઉન્નતિ થયા વિના રહેતી નથી. પોતાના આત્માને માટે આવશ્યકોને હું કરું છું એવો દૃઢ સંકલ્પ કરીને આવશ્યક ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરીને જે સાધુઓ એ આવશ્યક ક્રિયાઓ કરે છે તેઓનાં આચરણો પ્રતિદિન સુધરતાં જાય છે. તેઓની આંખે દોષો અને સદ્ગુણો એ ભિન્નપણે દેખાય છે; દુર્ગુણોથી પાછા હઠવાને માટે અને દુર્ગુણોથી થએલાં પાપની માફી માટે જે સાધુઓ તથા શ્રાવકો પ્રતિક્રમણ કરે છે તેઓના આચારો અને વિચારો દુનિયામાં અન્ય મનુષ્યો કરતાં ઉચ્ચ હોવા જોઇએ પ્રતિદિન જે સાધુઓ પ્રતિક્રમણ કરે છે અને દોષોને ટાળવાને પ્રયત્ન કરે છે તેઓના આત્માને ધન્યવાદ ઘટે છે. જેઓ પ્રતિક્રમણના શબ્દમાત્રને બોલે છે. પણ દુર્ગુણોને ટાળીને પ્રતિદિન સદ્ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા નથી. તેઓ ક્રિયારુચિ માત્ર ધારક છે. પણ ક્રિયાના ઉદ્દેશપૂર્વક આત્માના ગુણો પ્રકટાવવાના અધિકારી નથી. યાવજ્જીવ સામાયકાદિ આવશ્યકાનું આરાધન કરવાનું કાર્ય કદિ ભૂલવું જોઇતું નથી. આવશ્યક ક્રિયાઓ કરનારા જૈનોના સદાચારો અને આચારો દુનિયામાં દૃષ્ટાંત રૂપ થાય છે, જે કાળમાં અજ્ઞાનનું જોર

વિશેષ હોય છે, અને ધાર્મિક વિદ્યાની કેળવણી નામ માત્રજ હોય છે. તે કાળના જૈનો દુનિયામાં ધર્મનો પ્રકાશ કરવાને સમર્થ થતા નથી. વિચાર પૂર્વક આચારને ધારણ કરનારા જૈનો કદિ પોતે ધારણ કરેલા આચારોથી પરાઙ્મુખ થતા નથી. સમજ્યા વિના આચારધર્મને ધારણ કરનારા જૈનોને અન્ય કોઇ અન્ય ધર્મ સમજાવે છે. તો અન્યને પણ ગ્રહણ કરે છે. આચારને પાળનારા જેઓ છે. તેઓને આચારોનું જ્ઞાન આપવું અથવા તેઓએ આચારોનું જ્ઞાન લેવું. વિચાર સિદ્ધ આચાર કરવો જોઇએ. સદાચાર પ્રથમ ધર્મ છે એ મૂળ સિદ્ધાંત આદરવા યોગ્ય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ વદિ ૮ ગુરૂવાર ૧૧-૧-૧૨.
વલસાડ.

હે ચેતન ! હારે દુનિયાના મનુષ્યોના સંબંધમાં આવ્યા વિના તો છુટકો થવાનો નથી. પોતાના વિચારોથી ભિન્ન વિચારવાળા મનુષ્યો મળ્યા વિના રહેવાના નથી. અને તું અન્ય મનુષ્યોના સંસર્ગથી કદાપિ તોપણ કંઇ લેવાનું નથી. ત્યારે હારે એમ કરવું જોઇએ કે મનુષ્યોના સંબંધમાં આવતા અન્ય મનુષ્યોને સારા વિચારો આપવા. અને અન્ય મનુષ્યોના [illegible] તેઓને ઉચ્ચબોધ આપવા પ્રયત્ન કરવો. વિવેક [illegible] કલ્યાણ થાય તેમ પ્રવૃત્તિ કરવી. જે જે [illegible] તે [illegible] પુનઃ ભૂલ ન થવા દેવી જોઇએ. જે [illegible] દૂર રહેવા પ્રયત્ન કરવો. [illegible] કરીને [illegible] પ્રયત્ન કરવો. હે ચેતન ! તું આ શરીરમાં જ્યાં [illegible] આ સમયે વર્તવાનું છે. કર્મના જોરથી પાછુ [illegible] આત્મા ગ્રહવાનો માર્ગ ભૂલવાનો નથી. ઉપયો- [illegible] " ઉપયોગે ધર્મ " એ સૂત્રની અસરે [illegible] વિચાર કરીને તું આત્મા થાય ? [illegible] તેનો ભાવ દેખાડે તો તેથી [illegible] ત્યારે પણ જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય [illegible] નથી. ઘડી ઘડીએ ત્યારે કાર્ય કર્યા કર. એકદમ

[illegible]

*   *   *   *

સંવત ૧૯૬૯ના પોષ વદિ ૯ ગુરૂવાર તા. ૧૬-૧-૧૩
વડોદરા.

[illegible]

માનિક ચારિત્ર પાલન નિયમોને શાસ્ત્રાધારે બાંધી શકે છે. ગીતાર્થ મુનિવરના ઉપદેશથી ધર્મગ્રહણ કરવો જોઇએ. આગમોને ઉત્થાપીને જેઓ કલ્પિત મતોને સ્થાપન કરે છે તે ભાવ મૃષાવાદિ થાય છે. ચોથાવ્રતના ભંગની આલોચના મળી શકે છે. પણ ઉત્સૂત્રપ્રરૂપકને આલોચના દુર્લભ છે. આગમોથી જૈનધર્મનું જ્ઞાન મેળવીને જેઓ આગમોથી વિપરીત મત કહાડે છે, તે જિનાજ્ઞાનો લોપ કરે છે. આગમોમાં કદાપિ ગુરૂગમ વિના કેવલીના પરોક્ષપણાથી કોઇ ઠેકાણે ગચ્છ ભેદની ક્રિયાઓમાં શંકા કરવી નહિ. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય વગેરેના ઉપદેશ પ્રમાણે ચાલવું. કેટલીક ન સમજાય તે વાત કેવલી ઉપર ભળાવવી.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના પોષ વદિ ૧૦ રવિવાર તા. ૧૪-૧-૧૨.
વલસાડ.

જૈનધર્મરૂપ રાજ્યના રાજા શ્રીમહાવીરપ્રભુ છે. સાંપ્રત સર્વે જૈનો શ્રીમહાવીરપ્રભુના રાજ્યમાં ગણી શકાય. હાલ તેના પ્રવર્તક આચાર્યો ઉપાધ્યાયો વગેરે સંઘ ગણી શકાય છે. વ્યાકરણ ન્યાય આદિ ભણીને જે સાધુઓ વાદસંપન્ન થયા છે. તે તો જૈનધર્મ રાજ્યના સેનાપતિની ઉપમાને ધારણ કરે છે. જૈનધર્મ રાજ્યના રક્ષણ માટે જેઓ તન મનથી પ્રયત્ન કરે છે, તેઓ યોદ્ધાઓની પદવીને ધારણ કરે છે. જૈનધર્મનો ફેલાવો કરવાને માટે જેઓ અનેક પ્રકારના ઉપાયોને જાણે છે અને અન્ય ધર્મનાં શાસ્ત્રોને જાણે છે. તેમજ અન્ય ધર્માચાર્યોની હીલચાલને જાણીને તેઓની દેખરેખ રાખી જૈનધર્મ રાજ્યને ટકાવવા સદાકાલ પ્રયત્ન કરે છે તેઓ રેસીડેન્ટ સમાન જાણવા. જૈનધર્મ રાજ્ય પ્રવર્તાવવાનો મુખ્ય કારોબાર કરીને સર્વ ઉપર દેખરેખ રાખનારાઓ આચાર્યો વૉઇસરાયના ઠેકાણે જાણવા. ચતુર્વિધ સંઘની સભા તે પાર્લામેંટને ઠેકાણે જાણવી. જૈનધર્મના સિદ્ધાંતો જાણીને મધ્યસ્થદૃષ્ટિથી જૈનધર્મ પાળનારાઓને ઉપદેશ આપે છે. અને તેઓના પ્રશ્નોના ઉત્તરો આપે છે, તથા જૈન ધર્મમાં પરસ્પર થતી ચર્ચાઓનું જે સમાધાન કરે છે તેઓ જજના ઠેકાણે જાણવા અર્થાત્ તેઓ જૈન ધર્મ રાજ્યના જડ્જો અવબોધવા.

[illegible]

• • • •

[illegible]

[illegible]

[illegible]

વિચાર આવે તે પ્રમાણે જો પ્રગતિ કરી તેનો અમલ થવા લાગ્યો ઇત્યાદિ જૈનધર્મનો ફેલાવો કરવામાં ઘણું વિઘ્ન, વિક્ષેપો નડતા હોય એમ અનુમાન થાય છે. જૈનાચાર્યોના બાકી અન્યો તરફથી ઘણા ઉપદ્રવો નડેલા છે. તે તે કાળે અન્યોએ કરેલા ઉપદ્રવોને જીતીને જૈનાચાર્યોએ આગળ વધવા પ્રયત્ન કર્યો હતો, પણ અન્ય આચાર્યો કરતાં જૈનાચાર્યોને ધર્મનો ફેલાવો કરવામાં રાજ્ય તરફથી જોઈએ તેટલાં સાનુકૂલ સાધનો ન મળ્યાં હોય એમ લાગે છે. તો પણ જૈનાચાર્યોએ જૈનધર્મનું રક્ષણ કર્યું છે, માટે તેમનો આપણા ઉપર મહાન્ ઉપકાર થયો છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ પોષ વદિ ૧૩ બુધવાર. તા. ૧૭-૧-૧૯૧૨. વલસાડ.

આત્માની શક્તિ વધારવાને માટે મનમાં ઉત્પન્ન થતા વિકલ્પ સંકલ્પો અમુક કલાક પર્યંત શમાવવાની ઘણી જરૂર છે. સમાધિમાં અભ્યાસથી એવી અદ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે, કે અન્ય મનુષ્યોના ઉપર ઘણી સારી અસર કરી શકાય છે. આ બાબતનો જાતિ અનુભવ પ્રાપ્ત કર્યો તેથી એમ અનુમાન થાય છે, કે મહાન્ સમાધિના અભ્યાસીઓ મનની શક્તિ વધારીને પોતાના જેવા વિચારો અન્યોના હૃદયમાં ઉત્પન્ન કરી શકે છે. મેસ્મેરીઝમ અને હીપ્નોટીઝમના અભ્યાસીઓ પોતાના વિચારોની અસર ખરેખર અન્યોના હૃદય ઉપર કરી શકે છે તો સમાધિના અભ્યાસ કરનારાઓની આંદોલન વગેરે ક્રિયા વડે અન્યોને જબરી અસર થાય છે. પૂર્વે યોગ સમાધિના અભ્યાસીઓ મનુષ્યો પર ચમત્કારિક અસર કરતા હતા, એમ અનેક ગ્રન્થોથી જણાય છે. સાંપ્રતકાલમાં યોગ સમાધિના અભ્યાસીઓ ઘણા ઉત્પન્ન થાય તો તેઓના વિચારોની અસર દુનિયાપર ઘણી થાય. અલ્પ સમાધિ અભ્યાસથી આવો અનુભવ આવે છે તો વિશેષ સમાધિના અભ્યાસકોનું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે હોય તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી. સારી સમાધિના સ્વરૂપ પામવા જૈનશાસ્ત્રોના આધારે પ્રયત્ન કરવાની જરૂર છે શ્રીમદ્ હેમચંદ્ર મહારાજે યોગ સમાધિના અમુક અંશોને પ્રાપ્ત કરી જૈનધર્મનો ફેલાવો કર્યો હતો. તેઓના માર્ગને દીપાવવા અધુના પણ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના પોષ વદિ ૧૪ ગુરૂવાર. તા. ૧૮-૧-૧૨.
વલસાડ.

હાલમાં રાત્રિના વખતમાં ધ્યાન સમાધિનો અભ્યાસ સેવવાથી સહજ સુખનો અનુભવ વધતો જાય છે. ભકતોનું આગમન અને ઔપદેશિક પ્રવૃત્તિથી સમાધિના ઉંડા પ્રદેશમાં ઉતરવાનો સખત અભ્યાસ થઇ શકતો નથી. પારમાર્થિક કાર્યોમાં પ્રવૃત્તિ કરવાનું કામ અણધાર્યું આવી પડે છે. શુભ પ્રવૃત્તિ સર્વથા આદેય છે શુભપ્રવૃત્તિરૂપ ધર્મ વ્યવહાર કાર્યો સેવવામાં અન્તરથી નિર્લેપતા રાખવી એવો પ્રયત્ન હાલ વિશેષતઃ કરાય છે. ધ્યાનની પીઠિકા દઢ કરવાનું કાર્ય હજી ચાલે છે. ધ્યાન કરતાં કરતાં મન વિશ્રામ પામવાથી સમાધિનો અનુભવ આવે છે. ધ્યાન અને સમાધિથી આત્મબળ વૃદ્ધિ પામે છે, અને મનની પૂર્વે નહિ અનુભવેલી એવી શાન્તતા અનુભવાય છે. સમાધિના કાલ પશ્ચાત્ સારા વિચારોની શ્રેણિ હૃદયમાં ઉત્પન્ન થાય છે. સમાધિકારક પ્રવૃત્તિમાર્ગમાં અત્યન્ત બળ વાપરી શકે છે. પ્રથમ અભ્યાસમાં તો ક્રિયા યોગ દ્વારા સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. ધર્મક્રિયામાર્ગથી ભ્રષ્ટ થઇને નિષ્ક્રિય પોતાને માની બેસવાથી કંઇ યોગી બની શકાતું નથી. ધર્મક્રિયામાર્ગમાં પ્રવૃત્તિ કરવાથી યોગ સમાધિમાં છેવટે પ્રવેશ કરી શકાય છે. પારમાર્થિક શુભ કાર્યોની પ્રવૃત્તિ તજીને જેઓ યોગ સમાધિ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તેઓ કદિ સ્વપરની ઉન્નતિ કરવા શક્તિમાન્ થતા નથી. પારમાર્થિક શુભ ધર્મ વ્યવહાર કાર્ય કરતાં કરતાં યોગીપણું પ્રાપ્ત થાય છે. માટે તે માર્ગે સર્વ મનુષ્યોએ પ્રવૃત્તિ કરવી જોઇએ

× × × ×

સંવત ૧૯૬૮ પોષ વદિ ૦)) શુક્રવાર તા. ૧૯-૧-૧૨.
વલસાડ.

દયા, સત્ય, અસ્તેય, દેશતઃ બ્રહ્મચર્ય, સર્વતઃ બ્રહ્મચર્ય, પરિગ્રહ પરિમાણ, સર્વથા પરિગ્રહ ત્યાગ, ઇત્યાદિ ત્યાગ આદિ ગુણો જૈન પીઠિકારૂપે છે એવા જૈનધર્મનો સ્વીકાર કરવામાં જે જૈનો કમ્મર કસતા નથી તેઓ જૈન નામને લજવે છે. જૈનશાસ્ત્રોમાં નીતિધર્મનો ગુણોમાં જ સમાવેશ

છે. શાસ્ત્રોના આધારે સાધુના આચારોને પણ કાલક્રમ નિયમ પદ્ધતિથી રચવામાં આવ્યા છે એમ અવલોકાય છે. આત્માની શક્તિયોને પ્રાપ્ત કરવાના વિચારો ને આચારોને પણ કાલક્રમ નિયમ પદ્ધતિથી સેવવા જોઇએ. કાલાદિ નિયમસર કાર્ય કરનારો એક મનુષ્ય વખતની કિંમત આંકી શકે છે; અને અન્ય મનુષ્યો ઉપર સારો દાબશો બેસાડી શકે છે. આંગ્લ આદિ દેશના મનુષ્યો પોતાના ટાઇમટેબલ પ્રમાણે સર્વ કાર્યો કરે છે, અને તેથી તેઓ પ્રવૃત્તિમાર્ગના નેતાઓ તરીકે સર્વત્ર પૂજ્ય છે. પૂર્વે આર્યાવર્તમાં પણ કાલાદિ ક્રમ નિયમ પદ્ધતિસર કાર્યોને કરવામાં આવતાં હતાં. અધુના કેળવણીના અભાવે કાલક્રમ વ્યવસ્થાપુરઃસર કાર્ય કરનારાઓ થોડા દેખાય છે. કાલક્રમ નિયમસર કાર્ય કરવાની પદ્ધતિને હજી જોઇએ તે પ્રમાણમાં આ દેશમાં આચારમાં મૂકી શકાઇ નથી. જો કે તે પ્રમાણે ઘણા અંશે પ્રવૃત્તિ થાય છે તોપણ બરાબર તો નહિજ. સર્વ સાધુઓ ટાઇમટેબલ નિયમિત કરીને તે પ્રમાણે કાર્ય કરે તો તેઓ સમયની સાફલ્યતા પૂર્વક ઘણાં કાર્ય કરી શકે. જાપાન દેશની સ્ત્રીઓ પણ પોતાના ટાઇમટેબલ પ્રમાણે કાર્ય કરે છે. અને તેથી તે દેશની જાહોઝલાલી સારી રીતે થઇ છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ શુદિ ૨ રવિવાર તા. ૨૧-૧-૧૯૧૨. વલસાડ.

ઉપદેશ દેવો, ગ્રંથો લખવા ઇત્યાદિ ધર્મકાર્યોમાં લોકો પ્રશંસા કરે એવી ભાવના રાખવી નહિ. સ્વફરજથી શક્તિના અનુસારે ધાર્મિક કાર્યો કરવાં જોઇએ. લોકોના શબ્દો કેવા નીકળે છે તે સાંભળવા પ્રયત્ન નહિ કરતાં સારૂં કાર્ય યોગ્ય છે, કે કેમ ? તેનો વિચાર કરવો. પોતાનું કરેલું કાર્ય યોગ્ય છે એમ નિશ્ચય છે તો લોકોના અભિપ્રાયને પૂછવાની વા સાંભળવાની સ્પૃહા-કરવી નહિ. ઉત્તમ પારમાર્થિક કાર્યો કરવામાં લોકોના સારા અગર ખોટા અભિપ્રાયની દરકાર કરવી નહિ. એમ નિશ્ચય કરીને પાછળ નહિ જોતાં આગળ વધવાના કાર્યમાં લક્ષ્ય રાખવું જોઇએ. મહાત્માઓની કોટીમાં જેઓ હોય તેઓએ આ શિક્ષા લક્ષ્યમાં રાખીને ઉત્તમ ધાર્મિક કાર્યો કરવાં જોઇએ. ઉત્તમ ધાર્મિક કાર્યો કરતાં લોકો ધિક્કારે તેથી ઉત્તમ ધાર્મિક

રાચીમાચી રહે છે. નિષ્કામબુદ્ધિવાળા મહાત્માઓને ધાર્મિક કાર્યો કરવામાં રસ પડે છે. તેથી તેઓ પરોપકારક ધાર્મિક કાર્યો કર્યા વિના જીવી શકતા નથી. હે આત્મન્ ! નિષ્કામ બુદ્ધિથી ઉપદેશ ગ્રન્થો બનાવવા વગેરે કાર્યોને કર્યા કર !

× × × ×

સંવત્ ૧૯૬૮ ના માઘ શુદિ ૪ મંગળવાર
તા. ૨૩-૧-૧૯૧૨. બીલીમોરા.

જૈનધર્મને રાજકીયધર્મ બનાવવાને કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે મન વાણી અને કાયાથી અત્યન્ત મહેનત કરી હતી. જૈનધર્મના ઉદ્ધાર માટે તેમણે કુમારપાળરાજાને જૈન બનાવ્યો અને તેઓશ્રીએ જૈનધર્મના પ્રચાર માટે અને જૈનગ્રંથો રચવા માટે અત્યંત પ્રયત્ન કર્યો છે. તેમની પાછળ તેમના જેવા મુનિવરો ન પાકવાથી તેમજ ભાવિભાવ યોગે જૈનધર્મપાળનારાઓની સંકુચિતતા થવા લાગી. શ્રીમદ્ હેમચંદ્રે તે કાલને અનુસરીને જે પગલાં ભર્યાં હતાં તે કરોડો ગણું ઉત્તમ હતાં. જૈનોના મહા ઉપકારી એવા શ્રીમદ્ હેમચંદ્ર જેવા હજારો મુનિવરો ઉત્પન્ન થાઓ ! ધર્મરાજ્યના પ્રવર્તક અને ધીરગુરૂ એવા શ્રીમદ્ હેમચંદ્રના હૃદયનુ ધર્માભિમાન વિચારીએ છીએ તો એટલું માલૂમ પડે છે કે તેઓ જૈનધર્મના પ્રચારક આત્મભોગી પુરૂષોમાં પ્રથમ નંબરે મૂકવા યોગ્ય આજ સુધીના આચાર્યોમાં તે હતા. મંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાય સિદ્ધાંત, તંત્ર, જ્યોતિષ્ વગેરે અનેક બાબતોમાં તેઓ નિપુણ હતા. તેમના જેવા આત્માઓ પ્રકટી નીકળો ! જૈન ગુરૂકુલ વગેરેની સ્થાપનાથી ઉત્તમ જૈનધર્મપ્રચારક પુરૂષો પ્રકટી નીકળશે, એવી આશા રહે છે. જૈનધર્મ માટે આત્મભોગ આપનારા સાક્ષર મુનિવરોને વધારી લેવા જોઇએ. પૂર્વાચાર્યોના કૃત્યોની અનુમોદના કરવી જોઇએ. તેમજ સાંપ્રતકાલમાં જે જે મુનિવરો જૈનધર્મના ઉદય માટે આત્મભોગ આપી જે પ્રયત્ન કરતા હોય તેઓને મદદ કરવી જોઇએ અને તેઓનો ઉત્સાહ વધે એમ ઉદારચિત્તથી વર્તવુ જોઇએ ઉત્તમ મુનિવરોના ચરિત્રો હૃદયમાં ઉંડી અસર કરે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના માઘ શુદિ ૬ ગુરૂવાર
તા. ૨૫-૧-૧૯૧૨. અમલસાડ.

જેઓને ઉપદેશ દેવામાં આવે છે તે શ્રાવકોનો મોટો ભાગ નિરક્ષર હોવાથી જૈન તત્ત્વો સમજવાને માટે અધિકારી પણ સ્વવિચાર પ્રમાણે પ્રાયઃ જણાતો નથી. તેથી તેઓની આગળ ધર્મકથાઓ કહેવી પડે છે. અને તેઓને પ્રથમ ધર્મક્રિયાઓના આચારોમાં જોડવા પડે છે. ઓઘ શ્રદ્ધાની રુચિથી તેઓ ધર્મ માર્ગમાં પ્રવેશ કરે છે. કેટલાક તો જાતિના આચારોથી પણ અમુક બાબતોમાં દૂર હોય છે તેઓને પણ તે સમજે તેવા ઉપદેશથી બોધ દેવો પડે છે. કેટલાક શ્રાવક જૈનોની શ્રદ્ધા અને રુચિ અલ્પ હોય છે તેઓ ગુરૂને અલ્પરૂચિથી માને છે અને લોક વ્યવહાર સાચવવાને માટે ગુરૂની ભક્તિ કરતા હોય છે. એમં સૂક્ષ્મ બુદ્ધિમાનોને જણાયા વિના 'રહેતું નથી. કેટલાક જૈનકુળમાં ઉત્પન્ન થએલા શ્રાવકો અજ્ઞાનના યોગે શ્રાવકના આચારોથી પરાઙ્મુખ હોય છે. કેટલાક જૈનકુળમાં જન્મેલા શ્રાવકો ગાડરીઆ પ્રવાહની પેઠે ગુરૂની માન્યતા ધરાવે છે. કેટલાક શ્રાવકો સદ્‌ગુરૂના જોગ મળતાં પણ તત્ત્વ જાણવાની ઇચ્છા ધરાવતા નથી. શ્રાવક જૈનોની અવદશા દેખીને તેઓને સુધારવા પ્રયત્ન કરવો. તેઓની શ્રદ્ધાવૃદ્ધિ પામે અને સદાચારમાં રૂચિ થાય તેમ ઉપાયો યોજવા પણ તેઓને તરછોડી દેવા નહિ. જૈનોને ધર્મમાર્ગમાં યોજવાને માટે જેટલું બને તેટલું કર્યા વિના રહેવું નહિ. આપણા કરતાં અન્ય જૈનોને નીચે દેખીને તેઓને ધિક્કારવા નહિ પણ તેઓને ઉચ્ચ કરવા બનતા ઉપાયો યોજવા. પોતાનાથી બનતું કર્યાવિના કદિ રહેવું નહિ. જેઓ માર્ગાનુસારીના ગુણોની યોગ્યતાવાળા ન હોય તેઓને માર્ગાનુસારીના ગુણોમાં જોડવા. આપણા કરતાં જેઓ ઉચ્ચ છે, તેની અપેક્ષાએ આપણે નીચા છીએ એમ જાણી આપણા આત્મ સજાતીય બંધુઓપર શુદ્ધ પ્રેમ ધારણ કરીને તેઓનામાં ધર્મરુચિ વધે એવા પ્રયત્નો આદરવા જોઇએ. કોઇ જીવ તે જે શુભમાર્ગમાં પ્રવૃત્તિ કરતો હોય તેનાથી અધિક શુભ માર્ગમાં પોતાનાથી ન લાવી શકાય ત્યાં સુધી તેણે તેને આદરેલા શુભ માર્ગનો ઉત્સાહ ભંગ થાય એમ કરવુ નહિ. શુભ અધ્યવસાયો પણ સર્વ જીવના એક સરખા હોતા નથી. ઉચ્ચ શુભ અધ્યવસાયોના અધિકારી જીવો બને તેમ પ્રયત્ન કરવો ।

× × × ×

સંવત્ ૧૯૬૮ ના માઘ શુદિ ૮ શનીવાર તા. ૨૭-૧-૧૯૧૨. નવસારી.

નિયમસર વિચારો કરવાની ટેવ પાડવી. હદની બહાર મનમાં વિચારો કરવાથી મગજને નુકસાન થાય છે. મનની ઉચ્ચતા વધતી જાય એવા વિચારો કર્યા કરવાથી શુભ સંસ્કારોની વૃદ્ધિ થાય છે. મૈત્રી આદિભાવનાઓ ભાવવાથી આત્માની શુદ્ધિ થાય છે. પ્રથમ તો મનમાંથી રજોગુણ અને તમોગુણના વિચારોને દૂર કરવા અને સાત્વિક વિચારોથી મનને પરિપૂર્ણ વાસિત કરવું. સાત્વિક વિચારો કરવાની ટેવ પાડવાથી રજોગુણના અને તમોગુણના વિચારોનો સહેજે નાશ થાય છે. સુવિચારો કરવાથી કુવિચારો પોતાની મેળે શાન્ત થઇ જાય છે. ચિંતાના વિચારોને હર્ષના વિચારોમાં ફેરવી નાખવા જોઇએ. અસ્થિર વિચારોને સ્થિર વિચારોમાં ફેરવી નાંખવા. અશુદ્ધપ્રેમના વિચારોને શુદ્ધ પ્રેમના વિચારોમાં ફેરવી નાખવા. સારાંશ કે નીચ વિચારોનો ત્યાગ કરવો હોય તો ઉચ્ચ વિચારોજ કર્યાં કરવા. ઉચ્ચ વિચારોમાં વ્યાપૃત થએલું મન પશ્ચાત્ ઉચ્ચ લેશ્યાના વિચારોના અભ્યાસને સેવવા સમર્થ થાય છે. એકવાર શુદ્ધ વિચારોનો અભ્યાસ દૃઢ થવાથી પશ્ચાત્ અશુદ્ધ વિચારોનો એકદમ મનમાં પ્રવેશ થઇ શકતો નથી. શુદ્ધ વિચારોનું બળ વૃદ્ધિ પામ્યા બાદ અશુદ્ધ વિચારોથી ટકી શકાતું નથી. મનમાં પ્રત્યેક ક્ષણે કઇ જાતના વિચારો ઉત્પન્ન થાય છે, તેનો ઉપયોગ ધારણ કરવો. કયા વિચાર પશ્ચાત્ કઇ જાતના મનમાં વિચારો કયા કારણથી ઉત્પન્ન થયા તેનો ખ્યાલ કરી જવો. પશ્ચાનુપૂર્વીએ વિચારો કયા કયા થયા તે જાણવાનો અભ્યાસ પાડવાથી ઉપયોગની વૃદ્ધિ થાય છે, અને મનમાં ઉત્પન્ન થનાર વિચારોપર કાબુ મેળવી શકાય છે. નળમાંથી જળ જેટલું લેવું હોય તેટલુ લઇ શકાય છે. તેવી રીતે મનને પણ નળ જેવું બનાવીને કરવા યોગ્ય વિચારો કરવા જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના માઘ શુદિ ૧૦ સોમવાર તા. ૨૬-૨-૧૯૧૨ સુરત–સંગ્રામપરા.

સદ્ગુણો વિનાનો પરારોપ ઘણા કાલ પર્યંત નભી શકતો નથી. સદ્ગુણોને પ્રકટાવ્યા વિના મનુષ્ય પોતાની કિંમત સમજી શકતો નથી. કથનીક થવા કરતાં કર્તવ્યપરાયણ થઇને પોતાની ફરજ અદા કરવાની ટેવ પાડવી. વખતની કિંમત સમજવાની શક્તિ પ્રાપ્ત થાય છે ત્યારે મનુષ્ય પોતાની ઉન્નતિ કરવા પ્રયત્નશીલ થાય છે. દુર્ગુણોને ટાળવા હોય તો દુર્ગુણોને ભૂલી જઇને સદ્ગુણોનું મનન સ્મરણ કરવું. મનને કોઇ પણ કામે લગાડવાનો અભ્યાસ પાડવો. નકામું પડેલું મન આડું અવળું ભટક્યા કરે છે, અને અવ્યવસ્થાના માર્ગમાં ઉતરી જાય છે. જે કાર્ય કરવાનું હોય તે કાર્યમાં મનને તન્મય કરવાની ટેવ પાડવી. અન્ય દેશનાં મનુષ્યો સાંસારિક કાર્યોમાં પણ મનને તન્મય કરીને લીધેલાં કાર્યને પાર પાડે છે. જે કાર્ય કરવાનું હોય તેમાં તન્મય થઇ જવું. અન્ય કાર્ય કરતી વખતે તે કાર્યમાં તન્મય થઇ જવું. જે કાર્ય હાથમાં લેવું તે કાર્યમાં જ તે વખતે ચિત્તને રાખવાથી તે કાર્યની સારી રીતે સિદ્ધિ થાય છે, અને તે કાર્યનો અનુભવ થાય છે. નિયમસર કાર્ય કરવાથી અને તે તે કાર્યમાં ચિત્ત રાખવાથી મનુષ્ય ગૃહીત કામની સિદ્ધિ કરવા સમર્થ બને છે. જે જે કાર્યો કરવાનાં હોય તેમાં રસ પ્રકટાવવો જોઇએ. જે જે કાર્ય કરવામાં રસ પડે છે તે તે કાર્યની સારી રીતે સિદ્ધિ થાય છે. મગજને હદ બહાર કોઇ પણ કાર્યમાં રોકવાથી મગજ બગડે છે, અને તે કાર્ય ઉત્તમ રીત્યા સિદ્ધ થતું નથી. જે જે કાર્યો કરવાં તે ઉપયોગ રાખીને કરવાં જોઇએ. તન્મય બનીને કાર્ય કરવાથી તત્કાર્ય સંબંધી અપૂર્વ જ્ઞાન મળે છે. વ્યવસ્થાપૂર્વક કાર્ય કરવાની પદ્ધતિને સહજરૂપણે મનુષ્યો જ્યારે જ્યારે અવલંબશે ત્યારે ત્યારે તે કાર્ય યોગના ઉચ્ચ શિખરપર ચઢી શકશે. આંગ્લો અને અમેરિકનો હાલ નિયમસર કાર્ય કરવાની રીતિ તથા તન્મય બનીને કાર્ય કરવાની પદ્ધતિથી તેઓ પ્રવૃત્તિ માર્ગનાં યોગીઓ બન્યા છે. અવ્યવસ્થિત કાર્ય કરવાની પદ્ધતિનો ત્યાગ કરીને વ્યવસ્થિત કાર્ય પદ્ધતિનો સ્વીકાર કરવાની ઘણી જરૂર છે. જે જે બાબતને અંગીકાર કરવી તેમાં તન્મય થઇ જવું. અર્થાત્ તેમાં મનનો સંયમ કરવો. તે તે કાર્ય સંબંધમાં મનનો સંયમ કરવાથી તે તે કાર્યની સિદ્ધિ થાય છે; તેમજ આત્મ શક્તિની વૃદ્ધિ થાય છે. અને તેથી આવતા ભવમાં પણ તે શક્તિનો શીઘ્ર પ્રચાર થાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના માઘ શુદિ ૧૨ બુધવાર તા. ૩૧-૧-૧૯૧૨. સુરત-ગોપીપુરા.

જ્ઞાન આપ્યા વિના બનેલા શિષ્યોને ફરી જતાં વાર લાગતી નથી. આચાર અને સુવિચારોથી જેઓનું મન મળે છે તે શિષ્યો ખરેખર ગુરૂના ઉપાસક બની શકે છે. સામાન્ય જ્ઞાનથી શિષ્ય થએલાની શ્રદ્ધાને અન્ય મનુષ્યો ઉડાવી દે છે. ચતુર્વિધ સંઘરૂપ શ્રીવીરનું શાસન એકવીસ હજાર વર્ષ પર્યંત ચાલશે. એમાં જરા પણ સંશય નથી. તેમાં ઉદયો તથા ધર્મધુરંધર આચાર્યો થવાના છે. પ્રતિદિન પડતી થવાની છે એમ મનમાં લાવીને કદિ ઉદ્યમનો ત્યાગ કરવો નહિ. ભવિષ્યમાં ગમે તે બનનાર હોય તો પણ કદિ ઉદ્યમનો ત્યાગ કરવો નહિ. જૈનશાસનની ઉન્નતિ થવાની છે, એમ મનમાં ભાવ લાવી ને જૈનધર્મની ઉન્નતિના ઉપાયો આદરવામાં જરા માત્ર પણ પ્રમાદ કરવો નહિ. જૈનશાસનની જેઓનાં હૃદયમાં દાઝ છે એવા જૈનોએ ગમે તેવા મતભેદો છતાં સંપ ધારણ કરીને ધર્મકાર્ય કરવાંજ જોઇએ. અંદર અંદરના કલહથી જૈનો જૈનશાસન રૂપ ગાયનો ઘાત થાય તેવી પ્રમાદદશાથી પ્રવૃત્તિ કરે તો ખરેખર તેઓ જૈનશાસનના નાશનું પાપ કરનારા ગણાય એમ માની શકાય. જૈનશાસન રૂપ ગાયનું જે જૈનો રક્ષણ કરે છે તેઓ સુખ સંપદાને પામે છે. ભિન્ન ભિન્ન ગચ્છના જૈનોએ સર્વસાધારણ જૈનશાસનની ઉન્નતિના ધર્મકાર્યમાં એક થવું જોઇએ. સાધારણ ઉન્નતિના કાર્યોમાં એક થઇને જૈનશાસનની ઉન્નતિ કરવા કદિ ચૂકવું નહિ. જૈનશાસનની ઉન્નતિમા તકરારી વિષયને આડો ધરવો નહિ. જૈનશાસનને પોતાના પ્રાણસમાન માનીને તેની રક્ષા કરવા મન વચન અને કાયાનો ભોગ આપવો. ઉદારવૃત્તિથી અન્યધર્મવાળાઓના ઉપર કરૂણાભાવ રાખીને જૈનશાસનને સર્વત્ર ફેલાવવા પ્રયત્ન કરવો.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ શુદિ ૧૪ શુક્રવાર તા. ૨-૨-૧૯૧૨
સુરત-ગોપીપુરા.

સર્વ જીવોને પોતાના આત્માની તુલ્ય માનીને તેઓની રક્ષા કરવી જોઇએ. દયાસમાન કોઇ ધર્મ નથી. પોતાના આત્માના ઉપર જેવો પ્રેમ પ્રકટે છે તેવો પ્રેમ સર્વ જીવો પર પ્રકટાવીને સર્વ જીવોના પ્રાણનું રક્ષણ કરવું. દરરોજ સર્વ જીવોના ઉપર પ્રેમભાવનાને માટે અમુક વખતનો નિર્ણય કરવો. કોઇ પણ મનુષ્ય આપણો પૂર્ણપ્રેમી હોય તેના જેવો પ્રેમ સર્વ જીવો પર પ્રકટાવવાને માટે અમુક પ્રેમમૂર્તિ જેવા સર્વ જીવોને ધારી લેવા. પશુ, પંખી વગેરે પ્રાણીઓ અને ગરીબ નિરાધાર મનુષ્યોના પ્રાણાદિ ના રક્ષણ માટે આપણી પાસે જે જે શક્તિયો હોય તેનો સદુપયોગ કરવો. સર્વ પ્રાણીઓના રક્ષણ માટે જે જે શક્તિયોને વાપરવામાં આવે છે, તે તે શક્તિયોની ખરેખર વૃદ્ધિ થયા વિના રહેતી નથી. જગત્માં દયાધર્મનું સાર્વભૌમ રાજ્ય પ્રવર્તે તો ખરેખર આ દુનિયા સ્વર્ગના કરતાં પણ અત્યન્ત ઉત્તમ બની જાય. પ્રભુને મળવાનું દ્વાર દયા છે. આત્માને પરમાત્મા બનાવનાર દયા છે. એકેન્દ્રિય જીવોપર જેઓ દયાની વૃષ્ટિને વર્ષાવી રહ્યા છે એવા સાધુઓના અંતઃકરણમાં કોઇનું મન વચન અને કાયાથી અશુભ કરવાની ઇચ્છાનો લેશ પણ ક્યાંથી હોય ? દયાથી પોતાના આત્માને પવિત્ર કરનારા સાધુઓની સંગતિ જેઓ કરે છે. તેઓ પોતાના આત્માને દયાથી નિર્મળ બનાવી શકે છે. દયાની ઉત્કૃષ્ટ દશા તેજ જગત્ની ઉન્નતિની ઉત્કૃષ્ટ દશા જાણીને સર્વ જીવોની દયા કરવામાં સદાકાલ તત્પર રહેવું. દયા ધર્મની ભૂમિકા દઢ કરતાં અન્ય સદ્ગુણો પણ પોતાની મેળે પ્રાપ્ત થવાના જગત્ના જીવોની પૂજ્ય માતા દયા છે. એમ મનમાં અવબોધીને દયાનું આરાધન સદાકાલ કર્યા કરવું દયા અને શુદ્ધપ્રેમ વિના દાન પણ દઇ શકાતું નથી. જેઓનું હૃદય દયાના વિચારોથી ઉછળતું થઇ રહ્યું છે તેઓના હૃદયમાં નિંદા, વૈર, ક્લેશ, હિંસા, ક્રોધ અને વિશ્વાસઘાત વગેરે દુર્ગુણો રહી શકે નહિ. દયાના વિચારો પ્રકટાવવાને માટે દરરોજ દયાની ભાવના ભાવવી અને પ્રાણીઓનું રક્ષણ કરવું. પ્રાણીઓને અભયદાન દેવું.

ૐ શાન્તિઃ ૩

× × × ×

સંવત ૧૯૬૮ માઘ વદિ ૨ રવિવાર. તા. ૪-૨-૧૯૧૨.
સુરત-ગોપીપુરા.

જગતને ઉત્તમ બનાવવું હોય તો સુવિચારોનો ફેલાવો કરવો જોઇએ. સુવિચારોનો પ્રવાહ મેઘની પેઠે જગત્માં જ્યાં જ્યાં પૂર જોશમાં ફેલાશે ત્યાં ત્યાં સદાચારો રૂપ અંકુરો પ્રકટી નીકળશે. સુઆચારોનો આધાર સુવિચારો ઉપર છે. દુનિયાની વાસ્તવિક ઉન્નતિ કરનાર સુવિચારો છે. હિંસા, જૂઠ આદિ જ્યાં જ્યાં આચારો દેખવામાં આવે છે ત્યાં ત્યાં પૂર્વે કુવિચારો હોવા જોઇએ એવો નિયમ છે. સુવિચારોના બળ વડે મનુષ્યો ઉત્તમ કાર્યો કરવાને માટે શક્તિમાન્ થાય છે. સુઆચારમાં એકદમ પ્રવેશ ન થાય તો હિમ્મત હારવી નહિ પણ સુવિચારોનો પ્રવાહ વહેવરાવવા પ્રયત્ન કરવો. સુવિચારોની ભાવનાનું બળ એકત્ર થતાં સુઆચાર પોતાની મેળે કાયા અને ઇંદ્રિયો દ્વારા પ્રકટ થાય છે. સુવિચારોના સંબંધમાં જે જે મનુષ્યો આવે છે તેઓનામાં પણ સુવિચારો પ્રકટી નીકળે છે. મનને નઠારા વિચારોથી પાછું વાળીને સદાકાલ મનમાં સુવિચારો કર્યા કરવા. સમુદ્રમાં એક તરંગ જેમ બીજા તરંગને પ્રકટાવવા સમર્થ થાય છે તેમ મનમાં જેટલા જોરથી એક સુવિચાર પ્રકટે છે તેટલા જોરથી તે અન્ય સુવિચારને પ્રકટાવવા સમર્થ થાય છે. સુવિચાર કરતાં કુવિચારમાં બળ વિશેષ હોય છે તો સુવિચારને તે હઠાવી દે છે, કુવિચારોને એકવાર હઠાવી દીધા એટલે નિશ્ચિન્ત બની જવું નહિ. કારણ કે કુવિચારોથી મનમાં જે જે સંસ્કારો પડયા હોય છે તે પુનઃ કુવિચારની સંગતિવા તેવાં કારણો મળતાં જાગ્રત્ થાય છે. માટે મનમાં વારંવાર ધર્મના સુવિચારો કરીને મોહના કુવિચારોના સંસ્કારોને પણ મૂળમાથી ઘસી નાંખવા જોઇએ. શુભ અને શુદ્ધ વિચારોમાં મનને સદાકાલ જોડી દેવાથી રાક્ષસની પેઠે મન, અન્ય ઉત્પાત કરવા સમર્થ થતું નથી. મનમા જે જે વિચારો થાય તે તે ઉપેક્ષાથી જોયા કરવા, અને કુવિચારોને પ્રકટ થતાંને થતાંજ વારવા. મનમાં એક કલાક પર્યંત ભાવના યુક્ત કરેલ એક શુભ વિચારની જેટલી કિંમત છે તેટલી કિંમતને પહોંચી વળવા અન્ય કોઇ અનુષ્ઠાન સમર્થ થતું નથી. શુભવિચારોની ભાવનાનું ફળ સ્થૂલ ભૂમિકામાં એકદમ ન દેખાય તેથી શુભવિચારોની ભાવનાથી કદિ પાછા હઠવું નહિ.

× × × ×



સંવત ૧૯૬૮ માઘ વદિ ૨ રવિવાર. તા. ૪-૨-૧૯૧૨.

સુરત-ગોપીપુરા.

જગતને ઉત્તમ બનાવવું હોય તો સુવિચારોનો ફેલાવો કરવો જોઇએ. સુવિચારોનો પ્રવાહ મેઘની પેઠે જગત્માં જ્યાં જ્યાં પૂર જોશમાં ફેલાશે ત્યાં ત્યાં સદાચારો રૂપ અંકૂરો પ્રકટી નીકળશે. સુઆચારોનો આધાર સુવિચારો ઉપર છે. દુનિયાની વાસ્તવિક ઉન્નતિ કરનાર સુવિચારો છે. હિંસા, જૂઠ આદિ જ્યાં જ્યાં આચારો દેખવામાં આવે છે ત્યાં ત્યાં પૂર્વે કુવિચારો હોવા જોઇએ એવો નિયમ છે. સુવિચારોના બળ વડે મનુષ્યો ઉત્તમ કાર્યો કરવાને માટે શક્તિમાન્ થાય છે. સુઆચારમાં એકદમ પ્રવેશ ન થાય તો હિમ્મત હારવી નહિ પણ સુવિચારોનો પ્રવાહ વહેવરાવવા પ્રયત્ન કરવો. સુવિચારોની ભાવનાનું બળ એકત્ર થતાં સુઆચાર પોતાની મેળે કાયા અને દૃષ્ટિ દ્વારા પ્રકટ થાય છે. સુવિચારોના સંબંધમાં જે જે મનુષ્યો આવે છે તેઓનામાં પણ સુવિચારો પ્રકટી નીકળે છે. મનને નઠારા વિચારોથી પાછું વાળીને સદાકાલ મનમાં સુવિચારો કર્યા કરવા. સમુદ્રમાં એક તરંગ જેમ બીજા તરંગને પ્રકટાવવા સમર્થ થાય છે તેમ મનમાં જેટલા જોરથી એક સુવિચાર પ્રકટે છે તેટલા જોરથી તે અન્ય સુવિચારને પ્રકટાવવા સમર્થ થાય છે. સુવિચાર કરતાં કુવિચારમાં બળ વિશેષ હોય છે તો સુવિચારને તે હઠાવી દે છે, કુવિચારોને એકવાર હઠાવી દીધા એટલે નિશ્ચિન્ત બની જવું નહિ. કારણ કે કુવિચારોથી મનમાં જે જે સંસ્કારો પડ્યા હોય છે તે પુનઃ કુવિચારની સંગતિવા તેવાં કારણો મળતાં જાગ્રત્ થાય છે. માટે મનમાં વારંવાર ધર્મના સુવિચારો કરીને મોહના કુવિચારોના સંસ્કારોને પણ મૂળમાંથી ઘસી નાંખવા જોઇએ. શુભ અને શુદ્ધ વિચારોમાં મનને સદાકાલ જોડી દેવાથી રાક્ષસની પેઠે મન, અન્ય ઉત્પાત કરવા સમર્થ થતું નથી. મનમાં જે જે વિચારો થાય તે તે ઉપેક્ષાથી જોયા કરવા, અને કુવિચારોને પ્રકટ થતાંને થતાંજ વારવા. મનમાં એક કલાક પર્યંત ભાવના યુક્ત કરેલ એક શુભ વિચારની જેટલી કિંમત છે તેટલી કિંમતને પહોંચી વળવા અન્ય કોઇ અનુષ્ઠાન સમર્થ થતું નથી. શુભવિચારોની ભાવનાનું ફળ સ્થૂલ ભૂમિકામાં એકદમ ન દેખાય તેથી શુભવિચારોની ભાવનાથી કદિ પાછા હઠવું નહિ.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ વદિ ૪ મંગળવાર તા. ૬-૨-૧૯૧૨
સુરત

દ્રવ્ય અભયદાનથી મનુષ્યો તીર્થંકરની પદવી પ્રાપ્ત કરે છે. મરતા જીવોને બચાવવાથી મહાન્ લાભ પ્રાપ્ત થાય છે. જે મનુષ્યો અન્ય જીવોને અભયદાન આપે છે, તેઓ પોતાના આત્માને નિર્ભય બનાવે છે. અભયદાન આપવાથી અભય મળી શકે છે, એમાં જરા માત્ર શંકા નથી. પોતાને કોઇ અભય આપે તો જેટલો આનન્દમળે છે તેટલો આનન્દ ખરેખર ! અન્ય જીવોને અભયદાન આપવાથી મળે છે. જેઓ અભયદાન કરે છે તેઓને ત્રણ ભુવનનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. અભયદાન દેનારો પાપકર્મનો નાશ કરે છે અને પુણ્યની રાશિ પ્રાપ્ત કરે છે. પશુઓ અને પંખીઓ વગેરે પ્રાણીઓના પ્રાણ બચાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. પૂર્વે આર્યાવર્તમાં ઘણી દયા હતી. હાલ ઘણાં પશુઓની કતલ થાય છે; ઘણાં પશુઓ ભૂખ્યાં મરી જાય છે. દયાના ભક્તો તેઓને અભયદાન દેવા પ્રયત્ન કરે છે. દયાના વિચારો જગત્‌માં ઘણા ફેલાવાથી અભયદાન દેનારા મનુષ્યોની સંખ્યામાં વધારો થશે. અભયદાનનું માહાત્મ્ય સમજાવે એવા ઉપદેશકો અને એવા ગ્રંથોની ઘણી જરૂર છે. જે ધર્મમાં દયા નથી એ ધર્મ ગણી શકાય નહિ. દયારૂપ નદીના તીરે ધર્મરૂપ અંકુરાઓ ઉગી નીકળે છે. અભયદાન દેવામાં ઉત્તમ મનુષ્યો પોતાની ફરજ સમજે છે. ઇંગ્લાંડ અને અમેરિકામાં પણ દયાનાં તત્ત્વોનો પ્રકાશ થવા લાગ્યો છે અભયદાન દેનાર જીવો આ ભવમાં અને પરભવમાં સુખી થાય છે. અનેક પ્રકારના દાનમાં અભયદાનનો પ્રથમ નંબર છે. અભયદાન દેનારાઓએ કોઇપણ પ્રકારના ક્ષણિક ફળની ઇચ્છા રાખ્યા વિના પોતાની પ્રવૃત્તિ જારૂ રાખવી. સંપ્રતિ, અશોક અને કુમારપાળ વગેરે રાજાઓએ પશુઓ અને પંખીઓની પાંજરાપોળો બંધાવીને ઉત્તમ કલ્પવૃક્ષનાં બીજ વાવ્યાં હતાં. દયા એ સાર્વજનિક ધર્મ છે. સર્વ ધર્મવાળાઓએ દયાનો ફેલાવો કરવા પ્રયત્ન કરવો જોઇએ. રાજ્યની શાન્તિના સમયમાં દયા તત્ત્વનો પ્રકાશ વધતો જાય છે. જેમ જેમ જગત્‌માં જ્ઞાનનો પ્રચાર વધતો જશે અને દુનિયાના લોકોનું ધર્મ પ્રતિ વલણ વિશેષતઃ વળશે તેમ તેમ તેઓની દૃષ્ટિની આગળ દયાની દેવી દેખાશે. અભયદાનનો ફેલાવો કરનારા ઉચ્ચગતિ અને ઉચ્ચસુખને પામ્યા વિના રહેતા નથી.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ વદિ ૬ ગુરૂવાર તા. ૮-૨-૧૨ કતારગામ.

આ કાળમાં ધર્મસ્નેહની ઘણી જરૂર છે. એકદમ કંઇ વીતરાગ દશા પ્રાપ્ત થતી નથી. ધર્મસ્નેહના પગથીએ પગ મૂકવાથી ધર્મ કરવામાં પ્રતિદિન રૂચિ વધતી જાય છે. ધર્મની પ્રાપ્તિનિમિત્તે ધર્મી મનુષ્યોપર સ્નેહ ધારી કરતાં કરતાં અન્તે વીતરાગતાના અન્તઃ પ્રદેશમાં ઉતારી શકાય છે. ધર્મી મનુષ્યને જોઇ જેના હૃદયમાં સ્નેહ વૃદ્ધિ પામતો નથી. વા સ્નેહ પ્રકટ થતો નથી, તે મનુષ્ય ધર્મના ઉચ્ચ પગથીયાપર ચઢવાને માટે અધિકારી બનતો નથી. સંસારનાં સગાંઓ ઉપર જે પ્રેમ હોય છે, તેના કરતાં ગુરૂ આદિ ઉપર જેનો અધિક પ્રેમ નથી તે ધર્મના ઉચ્ચ માર્ગને પ્રાપ્ત કરી શકતો નથી. દુનિયામાં રાગ કર્યા વિના રહેવાતું ન હોય તો ગુરૂની સાથે રાગ કરવો. સદ્‌ગુરૂના ઉપર રાગ કરવાથી અન્ય વસ્તુઓ ઉપર થતો રાગ ક્ષય પામે છે અને ધર્મીના હેતુઓ ઉપર રાગ પ્રકટે છે. છેવટે અન્તરમાં સ્થિરતા થવાથી અપ્રમત્તદશાની પ્રાપ્તિ થાય છે અને તેથી કેવળજ્ઞાનના યોગ્ય શુકલધ્યાનનો આત્મા ધ્યાતા બનીને દશમા ગુણ સ્થાનકમાં રાગનો ક્ષય કરે છે. અપ્રશસ્ય રાગને પ્રશસ્ય રાગમાં ફેરવી નાંખવો જોઇએ. સદ્‌ગુરૂ મુનિપર પ્રશસ્ય રાગ ધારણ કરવાથી અપ્રશસ્ય રાગનો પરિણામ ક્ષય પામે છે. સદ્‌ગુરૂ ઉપર જેમ જેમ અધિક પ્રેમ પ્રકટે છે તેમ તેમ આત્મા ખરેખર ધર્મના માર્ગમાં ઉચ્ચ બનતો જાય છે. સદ્‌ગુરૂના રાગથી આત્મામાં અનેક ગુણો પ્રકટી નીકળે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ વદિ ૭ શુક્રવાર તા ૯-૨-૧૨ સાયણ.

સાધુની સેવા કરવાથી પોતાના આત્માની ઉચ્ચ દશા થાય છે. સાધુની સેવા કરવાથી સાધુના ગુણોનો લાભ મળે છે. સાધુ સંગતિથી અનેક પ્રકારના પાપાચરણો ટળે છે સાધુની સેવાથી ભાગ્ય ભલા મળે છે. સુસાધુની સેવા કરવી જોઇએ. પ્રમોદભાવથી સાધુવર્ગની સેવા કરવા કદિ ઉત્સાહનો ભંગ ન કરવો જોઇએ. અમુક પ્રકારનો મનના ક્ષણિક સ્વાર્થ ધારણ કરીને સાધુની સેવા કરવાના કરતા. નિષ્કામબુદ્ધિથી સાધુવર્ગની સેવા

સંકલ્પને દબાવવાથી અને સમભાવ વિચાર શ્રેણિથી આત્માનું ધ્યાન ધરવાથી આત્માનું સહજ બળ અમુક અંશે પ્રકટ થતું જાય છે. આત્માના અનેક ગુણોમાંથી કોઇપણ એક ગુણ સંબંધી દીર્ઘકાલ પર્યંત વિચાર કરવો. આત્માના ગુણોને પ્રકટાવવામાં વિઘ્નભૂત થતા મોહ વિક્ષેપોને હઠાવવા પ્રયત્ન કરવો. પરમાત્માની સાથે આત્માનું ઐક્ય કરવાથી અને પરભાવનું ભાન ભૂલી જવાથી રાગ દ્વેષની પરિણતિનો અવરોધ થાય છે. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા જેટલા કાલ પર્યંત થાય છે, તેટલા કાલ પર્યંત અન્ય વસ્તુમાં ચિત્ત લાગતું નથી. ધ્યાનમાં પરમાત્માની સાથે આત્માનું ઐક્ય કરવાથી પરમસુખરસનો આસ્વાદ કરી શકાય છે. પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ એ ત્રણ સાલંબન ધ્યાન કહેવાય છે. એ ત્રણ ધ્યાનનું સ્વરૂપ જાણ્યા બાદ એ ત્રણ સાલંબન ધ્યાન વડે આત્માને ધ્યાઇ શકાય છે. સાલંબન ધ્યાનની ભૂમિકા સ્થિર કર્યા પશ્ચાત્ નિરાલંબન ધ્યાનમાં પ્રવેશ કરી શકાય છે. સાલંબન ધ્યાનને સવિકલ્પ ધ્યાન કથે છે. રૂપાતીત ધ્યાનને નિરાલંબન ધ્યાન કથે છે. સાલંબન સવિકલ્પ ધ્યાન કારણ છે અને નિરાલંબન (નિર્વિકલ્પ) ધ્યાન કાર્ય છે. શુભ અને અશુભ વિચારના અનુસારે મનુષ્ય શુભ અને અશુભ ધ્યાનમાં પ્રવર્તે છે. અશુભ ધ્યાનને વારવું હોયતો મોટામાં મોટો ઉપાય એ છે કે શુભ વિચારનું વિશેષતઃ સેવન કરવું.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ વદિ ૯ તા. ૧૨-૨-૧૨ અંક્લેશ્વર.

જૈનધર્મોપદેશકોએ ગામોગામ પરિભ્રમણ કરીને જૈનતત્ત્વોનો ઉપદેશ દેવો જોઇએ. જૈનતત્ત્વોના વિચારોનો દેશોદેશ અને ગામોગામ ફેલાવો કરવો જોઇએ હજારો સંકટો વેઠીને પણ મનુષ્યોને દેવગુરૂ અને ધર્મની શ્રદ્ધા કરાવવી જોઇએ. તનતોડીને જૈનધર્મના વિચારોનો ફેલાવો કરવા અનેક ઉપાયોથી પ્રયત્ન કરવો જોઇએ. એક મરણીઓ સોને ભારે તેની પેઠે એક આત્મભોગ આપનાર જ્ઞાની પુરૂષ ખરેખર લાખો મનુષ્યોને જૈનધર્મની શ્રદ્ધા કરાવે છે હાલ જૈનધર્મનો ઉપદેશ દેવાને સર્વ પ્રકારની સારી સગવડતા છે. જ્ઞાની જૈનોએ જમાનાનો લાભ લેવા ચૂકવું ન જોઇએ.

મગજ થાકી જાય એમ લાગે તે પહેલાં વિચારોની શ્રેણિ બંધ કરવી. શરીરની ક્રિયા કરતાં મનને વિચાર કરવામાં વિશેષ પરિશ્રમ પડે છે. શરીરની મહેનત કરનાર કરતાં જ્ઞાનાભ્યાસીને ઘણો પરિશ્રમ પડે છે. મનની ક્રિયામાં જ્ઞાનબળની જરૂર પડે છે શરીરની ક્રિયા કરતાં માનસિક વિચારની શુભ ક્રિયા સ્વપરને અનન્ત ઘણો ફાયદો કરે છે. કોઇનું મન ફેરવવામાં આવે છે તો ત્વરિત તેની કાયા અને વાણીનો વ્યાપાર ફરી જાય છે. શારીરિક ક્રિયાઓ જે જે થાય છે, તેનાં મુખ્ય રહસ્યોને પણ માનસિક વિચારશક્તિથી પ્રાપ્ત કરી શકાય છે. જ્ઞાનના બળથી જ્ઞાની દ્રવ્ય, ક્ષેત્રકાલાદિક પ્રસંગે નવીન આચરણાઓને આચરી શકે છે. આત્મધર્મસાધક જ્ઞાનીની બાહ્યક્રિયાઓને બાળજીવો દેખી શકે છે. અને તેનો આદર કરી શકે છે. આત્માર્થી જ્ઞાનીની બાહ્ય આચરણાઓ પણ અમુક શુભ અધ્યવસાયના ઉદ્દેશથી યુક્ત હોય છે. બાળ જીવો તે ઉદ્દેશને શોધી કાઢવાને સમર્થ બની શકતા નથી. માનસિક વિચારોના પ્રવાહોથી શરીર અને જગતના ઉપર ઘણી અસર થાય છે. વિચાર શક્તિથી સ્થૂલમાં ફેરફાર કરી શકાય છે એ બાબતના સૂક્ષ્મ રહસ્યને ખરેખર તત્ત્વજ્ઞાનીઓ સમજી શકે છે. મનમાં અમુક વિચાર ઉત્પન્ન થાય છે તેને આંખ આદિની ચેષ્ટાઓથી અનુમેય કરી શકાય છે. વિચાર શક્તિથી પુસ્તકની સૃષ્ટિ રચી શકાય છે અને પુસ્તકની સૃષ્ટિથી મનુષ્યોના આચારો અને વિચારોમાં ફેરફાર કરી શકાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ માઘ વદિ ૧૧ મંગળવાર તા. ૧૩-૨-૧૨ શુક્લતીર્થ.

કેટલાક સાધુનું નામ ધરાવીને પોતાના પક્ષનું બળ જમાવવાને માટે અનેક પ્રકારના મનમાં વિક્ષેપ નાખે છે પોતાના ગચ્છના મમત્વથી અન્ય ગચ્છોની સાથે ક્લેશમાં પડીને બીજા સાધુઓની સાથે પ્રતિકૂલતાને ધારણ કરીને પશ્ચાત્ બીજા સાધુઓના મનમાં વિક્ષેપ નાખે છે. પોતાની વિદ્વત્તાનો વ્યય એક પક્ષની પુષ્ટિમાં કરીને સામાન્યતઃ સર્વ ગચ્છોમાં વર્તી રહેલા સાધુઓની સાથે સામાન્ય રીત્યા સંપ જાળવવાને માટે પણ શક્તિમાન્ થતા નથી. સાધુઓમાં પરસ્પર પ્રેમ રહેશે તો સાધુઓની ઉન્નતિ

સંવત્ ૧૯૬૮ માઘ વદિ ૧૨ બુધવાર તા. ૧૪-૨-૧૨ અંગારેશ્વર.

सेयंवरोवा आसंवरोवा. बुद्धोवा अहवअन्नोवा
समभाव भावी अप्पा, लहइ मुक्खं नसंदेहो ॥ १ ॥

ચાહે તો શ્વેતાંબર હોય, દિગંબર હોય, બુદ્ધ ભક્ત હોય વા અન્ય હોય પણ જેણે સમભાવ વડે આત્મા ભાવ્યો છે, તે મોક્ષ પામે છે, તેમાં સન્દેહ નથી પ્રિય વા અપ્રિય સર્વ પદાર્થોમાં જે સમભાવથી વર્તે છે, તે સકલ કર્મનો ક્ષય કરે છે. રાગ અને દ્વેષનો ક્ષય કરવામાં સર્વ પ્રકારના ધર્મોની આરાધના અવબોધવી. ગમે તે ધર્મના મનુષ્યે સમભાવની કોટી અંગીકાર કરવી જોઇએ. સમભાવ દશામાં બાહ્ય વસ્તુઓની અસ્તિતા છતાં બાહ્યમાં કંઇ સાનુકૂલ વા પ્રતિકુલ જણાતું નથી. સમભાવની દશામાં મોહનો ઉપશમ થાય છે. અન્ય દર્શનોને સમભાવ દૃષ્ટિથી દેખવાથી તેમાં દ્વેષ ઉત્પન્ન થતો નથી, તેમ સ્વપક્ષપર રાગ પણ થતો નથી. સમભાવની દૃષ્ટિથી સત્યને સત્યપણે અવધારતો અને તેનું ધ્યાન કરતો છતો આત્મા અપ્રમત્ત દશામાં ઉતરીને ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી કેવલ જ્ઞાનને પામે છે. સમભાવવડે આત્મા ભાવિત થયો હોય છે, તે વખતે આત્માના શુદ્ધ સ્વભાવનો ખ્યાલ આવે છે, અને જૈન દર્શનની અપૂર્વતાનો નિશ્ચય થાય છે. સમભાવની દૃષ્ટિથી જૈન ધર્મમાં પડેલા ગચ્છાદિ ભેદોમાંથી સત્ય તારવી શકાય છે, અને નયોની અપેક્ષાએ અપેક્ષામય વાક્યોનો અવબોધ થાય છે. જૈન ધર્મ એ મુક્તિનો સાચો માર્ગ છે. એમ નિશ્ચયથી જાણ્યું હોય તો સમભાવ વડે પોતાના આત્માને ભાવો રાગ અને દ્વેષની પરિણતિનો જેમ જેમ વેગ શમે છે, તેમ તેમ સમભાવના પગથીએ પગ મૂકી શકાય છે. રાગ અને દ્વેષનો નાશ કર્યો વિના કદિ મોક્ષ મળનાર નથી. વ્યવહારનય કથિત આવશ્યક ક્રિયાઓને સમભાવના ફલ માટે કરવી જોઇએ. સર્વ જૈનોએ સમભાવરૂપ સામાયક આવશ્યક પ્રાપ્ત કરવું જોઇએ. શ્રી સર્વજ્ઞ મહાવીર પ્રભુએ ગુણસ્થાનકના અધિકાર પ્રમાણે સમભાવની પરિણતિ ઉપર સ્થિર રહેવું એ ઘણું દુર્લભ છે સમભાવ રૂપ સામાયિક આવશ્યક પ્રાપ્ત કરવા માટે સદાકાલ પ્રયત્ન કરવો જોઇએ.

× × × ×

આંખના કરતાં પ્રત્યેક બાબતમાં મનને ત્રણ વા ચાર ગણી મહેનત આપ્યા વિના જ્ઞાનના ઉંડા પ્રદેશમાં પ્રવેશ થઇ શકતો નથી. વાચન પૃચ્છનાદિ નિયમ વડે સ્વાધ્યાય કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે વિષય વાંચવામાં આવે તે વિષયમાં મનને સ્થિર કરવું જોઇએ. જે વિષય વાંચવામાં આવે તેની સાથે મનની એકતા થવાથી તે વિષયની ખરી ખૂબિયોનો હૃદયમાં ભાસ થાય છે. ઉપરચોટીયા વાચનથી ઉપરચોટીયું જ્ઞાન મળે છે; પણ વસ્તુનું ખરૂં જ્ઞાન પ્રાપ્ત થતું નથી. કોઇ પણ બાબતને વાંચીને તેની મૂર્તિને હૃદયમાં ખડી કરી તેના વિચારમાં લીન થઇ જવું જોઇએ. હૃદયપટપર વંચેલી બાબતનું ચિત્ર બરાબર પડે એવી રીતે વાંચીને પશ્ચાત્ તે બાબતનું જ્ઞાન પ્રાપ્ત કરવાને તે બાબતમાં ખૂબ ઉંડા એવા ઉતરી જવું કે જેથી અન્ય વસ્તુનું સ્મરણ પણ ન થાય. આ પ્રમાણે પુસ્તક વાચન વા સ્વાધ્યાય વગેરે કરવામાં આવે તો પ્રતિદિન જ્ઞાનની વૃદ્ધિ થાય અને તત્ત્વજ્ઞાનનો આનન્દ પ્રાપ્ત કરી શકાય. વિષય કષાયમાંથી ચિત્તને પાછું ખેંચીને જ્ઞાનાભ્યાસમાં સ્થિર કરવામાં આવે છે તો જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કયા કયા હેતુઓથી થાય છે, તેનો જે અભ્યાસ કરે છે, તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ફાગણ સુદિ ૨ મંગળવાર તા. ૨૦-૨-૧૨ પાદરા.

અન્ય ધર્મવાળાઓને પ્રતિબોધવા માટે ઉદ્યમ કરનારાઓએ અન્ય ધર્મીનાં શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કરવો જોઇએ. અન્ય દર્શનીઓને તેઓના માન્ય ગ્રન્થોના દાખલાઓ આપીને તેઓને સમજાવવાથી તેઓનામાં વિશ્વાસ બેસાડીને જૈન દર્શનના સિદ્ધાન્તોના આધારે સમજાવવા. અન્ય દર્શનીઓ કરતાં જૈન દર્શનના સિદ્ધાંતોની ઉત્તમતા સમજાવવા પ્રયત્ન કરીને તેઓને જૈનાગમોની પ્રમાણિકતાની સિદ્ધિ કરી બતાવવી. અન્ય દર્શનનાં તત્ત્વો કરતાં જૈન દર્શનનાં તત્ત્વોની ઉત્તમતા સમજાવવી. અન્ય દર્શનોની એકાન્તતા અને જૈન દર્શનની અનેકાન્તતા સમજાવવી. સર્વજ્ઞ પ્રણીત જૈન દર્શન છે. એમ આગમોના આધારે સિદ્ધ કરી બતાવવું. બહિરંગ અને અન્તરંગથી જૈન દર્શન ઉત્તમ છે એમ દાખલા દલીલોથી

ધર્મનું અને પોતાના અધિકાર ધર્મથી નીચેના ધર્મનું કદિ ખંડન ન થવું જોઇએ. ઉપર ઉપરના નયકથિત ધર્મની અપેક્ષાએ અધો અધોનય કથિત ધર્મની અશુદ્ધતા તા અશુદ્ધતમતા દેખીને સાપેક્ષ સ્યાદ્વાદ ધર્મ પ્રરૂપણાનો ત્યાગ કરીને એકાન્ત ઉપદેશ ન દેવો જોઇએ. નયો એ અમુક અપેક્ષાએ વિચારવાળા વિચાર દર્શાવ્યો છે તેથી તેઓને નયભાસ રૂપે ન પરિણમાવવાં જોઇએ. નીચાની અપેક્ષાએ ઉપરના ગુણસ્થાનકો વા ઉપરના નયો શુદ્ધ વા શુદ્ધ દર્શક છે. પણ નીચાની અપેક્ષા ન લેવામાં આવે તો શુદ્ધ, કોની અપેક્ષાએ કહી શકે ! પરસ્પર નયોની સાપેક્ષતાએ પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ અવબોધવું જોઇએ. ધર્માચરણમાં પણ નયોની અપેક્ષાએ અને સ્વાધિકારભેદે ભેદ પડે છે. અમુક નય કથિત ધર્મની ક્રિયા વા રુચિ પ્રાપ્ત થવાથી અન્ય નય કથિત ધર્મક્રિયા વા રુચિનું ખંડન થતું નથી. હે ચેતન ! નયોના સાપેક્ષ ચક્રમાં સમાતા એવા સર્વ ધર્મના રહસ્યરૂપ જૈન ધર્મનું પ્રમાદ દશા ત્યાગીને અપ્રમત્ત યોગવડે આરાધન કર ! તારામાં અસ્તિરૂપે રહેલા જ્ઞાનાદિ અન્વયધર્મનું આરાધન કરતાં છતાં નાસ્તિરૂપે રહેલા વ્યતિરેક ધર્મનું તો સહેજે આરાધન થાય છે.

× × × ×

સવત્ ૧૯૬૮ ના ફાગણ સુદિ ૪ બુધવાર તા. ૨૨-૨-૧૨ પાદરા.

શુદ્ધોપયોગ સમાધિમાં હે ચેતન ! તું વારંવાર રમણતા કર ! રાગ અને દ્વેષની અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરીને સ્વભાવમાં રમ. શુદ્ધ પરિણતિમાં જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ ત્રણનો સમાવેશ થાય છે. દર્શન જ્ઞાનને સહાય કરે છે. ચારિત્ર પોતે જ્ઞાનને સહાય કરે છે. અર્થાત્ ચારિત્રથી જ્ઞાનની શુદ્ધિ થાય છે તેમજ જ્ઞાનથી ચારિત્રની શુદ્ધિ થાય છે. આત્માના ગુણોમાંજ ઉપયોગ રહેવાથી સમરસભાવ પ્રાપ્ત થાય છે. વિભાવ દશામાં પરિણમેલા આત્મવીર્યને સ્વભાવ દશામાં ક્ષણે ક્ષણે પરિણમાવવું જોઇએ. આત્માના ઉપયોગથી અશુદ્ધ ભાવને પણ શુદ્ધ ભાવ તરીકે પરિણમાવી શકાય છે. શુદ્ધોપયોગમાં રમણતા કરવા માત્રથીજ અશુદ્ધ ભાવનો નાશ થાય છે. દુર્ગુણોનો નાશ કરવા માટે સદ્ગુણોનુંજ વારંવાર ધ્યાન ધરવું જોઇએ. જ્યાં ત્યાં દુર્ગુણોને જોવા વા દુર્ગુણોમાં લક્ષ્ય રાખવું તેના કરતાં સદ્ગુણો જ્યાં ત્યાં

સંવત્ ૧૯૬૮ ફાગણ સુદિ ૮ સોમવાર તા. ૨૬-૨-૧૯૧૨ પાદરા.

જે ઉત્તમ શ્રાવક હોય છે તે દ્રવ્ય શ્રાવકના એકવીશ અને ભાવ શ્રાવકના સત્તર ગુણો પૈકી અમુક ગુણોવડે તો અલંકૃત હોય છે. નીતિના સદ્‌ગુણો જેના આચારમાં અને વિચારમાં છે તે શ્રાવક કહેવાય છે. માર્ગાનુસારિના ગુણો વડે શ્રાવક જગતમાં શોભી શકે છે. પરમાર્થબુદ્ધિથી પરોપકારનાં કાર્યો કરીને શ્રાવક પોતાનું જીવન દૃષ્ટાન્તીભૂત કરે છે. ધર્મનાં રહસ્યો સમજવાને માટે સદ્‌ગુરૂના ઉપદેશનું પાન કરે છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથાલક્ષણ એ પાંચ પ્રકારના સ્વાધ્યાયને પોતાના અધિકાર પ્રમાણે કરે છે. મનોથી અને વિશાળદષ્ટિથી અન્ય ધર્મપાલક મનુષ્યોની પ્રશંસાને પાત્ર બને છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગનું આરાધન કરે છે. પોતાના સદ્‌વિચારોનો સર્વત્ર ફેલાવો કરે છે, મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારૂણ્ય આ ચાર પ્રકારની ભાવના વડે પોતાના આત્માને ક્ષણે ક્ષણે શ્રાવક ઉચ્ચ કરે છે. જ્ઞાનને સમજીને સત્ ક્રિયાઓને આચારમાં મૂકે છે. સાધુઓ પર જે પૂજ્યભાવને ધારણ કરે છે અને શ્રાવકોપર ભક્તિભાવને ધારણ કરે છે, અને જૈનેતર મનુષ્યો પર કરૂણાભાવને ધારણ કરે છે વા મધ્યસ્થભાવને ધારણ કરે છે તથા સદ્‌ગુણોથી ઉચ્ચ બનનાર મનુષ્યોપર પ્રમોદ ભાવને ધારણ કરે છે, અને દુર્ગુણો ગ્રહીને પડનાર જીવો પર કરૂણાભાવ ધારણ કરે છે. વિવેકદષ્ટિથી તે સર્વ બાબતનો વિચાર કરે છે, ગુરૂની સેવા-ભક્તિથી તે પોતાના આત્માને નિર્મલ કરે છે. સંસારરૂપ કેદખાનામાંથી છુટવાને માટે તે પ્રયત્ન કરે છે. શાન્તરસ વડે તે આત્માને પોષે છે પોતાના સમાગમમાં આવનાર મનુષ્યોની ધર્મદષ્ટિ ખીલવવા પ્રયત્ન કરે છે. સાધુવર્ગ અને સાધ્વીવર્ગની વૃદ્ધિ થાય એવો ભક્તિભાવ ધારણ કરે છે, ધર્મકૃત્યમાં શૂર બને છે, અને પાપકૃત્ય કરવામાં બીરૂ બને છે, કોઇના છતા વા અછતા દોષોની નિંદા કરતો નથી. ધર્મ જ્ઞાનનો ફેલાવો કરવા પ્રયત્ન કરે છે. સાધુવર્ગ અને સાધ્વી વર્ગને આહારાદિ દાન આપીને પોતાના આત્માની શુદ્ધિ કરે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ફાગણ સુદિ ૧૧ બુધવાર તા. ૨૮-૨-૧૨ પાદરા,

આત્માના જ્ઞાનાદિ ગુણોમાં રમણતા કરવાથી આત્માનું વીર્ય પરભાવમાં પરિણમ્યું હોય છે, તે ટળીને આત્માનું વીર્ય પોતાના શુદ્ધભાવમાં પરિણમે છે. આત્માના સ્વરૂપમાં રંગાવવાનો વીર્યોલ્લાસ જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ આત્મવીર્યની વૃદ્ધિ થાય છે, અને કર્મપ્રકૃતિનું અપવર્તન થાય છે. અશુભ પરિણામ ટળીને શુભપરિણતિથી પરિણમતાં અશુભકર્મનું અપવર્તન થાય છે, અને શુભકર્મનું ઉદ્વર્તન થાય છે. તેમજ અશુભકર્મનું પણ શુભકર્મરૂપે સંક્રમણ થાય છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં વ્યાપી રહેલા જ્ઞાનાદિ ગુણોનું એક સ્થિરોપયોગથી ધ્યાન ધરવાથી શીઘ્ર આત્માની ઉજ્જ્વલતા થાય છે, અને પરભાવપરિણતિમાં પરિણમેલું આત્મવીર્ય પણ સ્વભાવપરિણતિરૂપમાં પરિણમે છે. આત્માના સ્વરૂપનો વિચાર કરતાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયનું ઐક્ય સ્થિરત્વ થતાં તેમાં રત્નત્રયીનો અન્તર્ભાવ થાય છે. આત્માનો શુભ પરિણામરૂપ શુભ અધ્યવસાય પોતે અશુભપુદ્ગલરૂપ પાપદલિકની સાથે સંબંધવાળો થઇને પાપપુદ્ગલોને ગ્રહણ કરીને આત્માના પ્રદેશોની સાથે ક્ષીરનીરની પેઠે પરિણમાવે છે. અશુભ અધ્યવસાયો વા સંકલ્પ કરવાથી પોતાની અને પરજીવોની હાનિ કરી શકાય છે, અને શુભ અધ્યવસાયો વા શુભ સંકલ્પો કરવાથી પોતાને અને પરને શાતા કરી શકાય છે. પરને અમુક ભાવ કારણોથી શાતા કરી શકાય છે. અશુભ અધ્યવસાયો ટાળીને શુભ અધ્યવસાયો કરવા. શુભ વા અશુભ અધ્યવસાયમાં આત્માનું વીર્ય વસ્તુતઃ શુભ અશુભ રૂપે પરિણમેલું હોય છે. આત્માના શુદ્ધ અધ્યવસાયમાં આત્માનું વીર્ય વસ્તુતઃ જેના શુદ્ધ રૂપે પરિણમેલું હોય છે શુભ વા અશુભ કર્મ વા દેહ વગેરેનું મૂળ શુભાશુભ અધ્યવસાયો છે. અશુભમાંથી શુભ અને શુભમાંથી શુદ્ધમાં જવા પ્રયત્ન કરવો, કોઇને શુભ અધ્યવસાયો થતા હોય તો તેમાં વિઘ્ન કરવું નહિ. શુભ અધ્યવસાયો કરતાં ભાવ સંવર રૂપ શુભ અધ્યવસાયો અનન્ત ગુણ ઉત્તમ છે. આત્માને સમ્યગ્ અવબોધીને આત્મારૂપે પરિણમવાથી પરભાવમાં પરિણમેલું અનન્ત વીર્ય પણ પુદ્ગલ ભાવમાંથી છૂટીને પોતાના શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. શુભ અને અશુભ સંકલ્પ ભજાવવા શુભાશુભાદિ પર વસ્તુ સંયોગી વીર્ય થાય છે. અને આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરવાથી આત્માને કર્મ ટળે છે તથા આત્માનો શુદ્ધવીર્ય ઉત્પન્ન થાય છે. તે શુદ્ધવીર્ય મોક્ષ રૂપ કહેવાય છે.

* * * *

સંવત્ ૧૯૬૮ ના ફાગણ સુદિ ૧૫ રવિવાર
તા૦ ૩-૩-૧૯૧૨ પાદરા.

જૈન ધાર્મિક વિચારોનો પ્રચાર કરવાને માટે ઉચ્ચ કેળવણી જેમાં મળે એવી ગુરૂકુલ આદિની સંસ્થાઓ ખોલ્યા વિના જૈનોનો છૂટકો નથી. જૈનોની વસતી છેલ્લા પોણોસો વર્ષથી બહુ ઘટવા લાગી છે જન્મ કરતાં મરણની સંખ્યા વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. આ પ્રમાણે સો વર્ષ સુધી આવી સ્થિતિ ચાલશે તો, જૈનોની સંખ્યા થોડી થવાનો મોટો ભય રહે છે. માટે આ બાબતના ઉપાયો શોધી કાઢવાની ઘણી જરૂર છે. આ કાર્ય શ્રાવકોનું છે, શ્રાવકોને જાગ્રત્ કરવા ગુરૂકુળ વગેરે ઉત્તમ સંસ્થાની ઘણી જરૂર છે. સર્વ જાતો હવે જાગ્રત્ થઇ ગઇ છે. હવે તો જૈનોને જાગ્યા વિના બીલકુલ છુટકો નથી. જૈનો જો પ્રમાદમાં પડી રહેશે ને અમૂલ્ય સમયને નકામો ગાળશે તો તેમના જેટલો કોઇને પશ્ચાત્તાપ કરવો પડશે નહિ. જમાનો હરિફાઇનો આવી પહોંચ્યો છે. જૈનધર્મનાં ઉત્તમ રહસ્યોને બહાર મૂકવાં જોઇએ. સંકુચિતવૃત્તિને દૂર કરીને સર્વજીવોને પોતાના કુટુંબ સમાન માની તેઓના કલ્યાણાર્થે જૈનધર્મનો બોધ દેવો જોઇએ. અન્ય કોમોનું જૈનધર્મ પ્રતિ ચિત્ત આકર્ષાય એવા ઉપદેશો અને ગ્રંથોને રચવા જોઇએ. જૈનધર્મના જેવા આચારો અને વિચારો ખરેખર અન્ય ધર્મમાં નથી. પણ જૈનો પોતે તેમનો યથાશક્તિથી સમ્યગ્ રીત્યા લાભ લઇ શકે એમ પણ સામાજિક વિચારદૃષ્ટિથી અવલોકતાં જણાયું નથી. અન્યધર્મીઓને માટે જૈનધર્મનાં તત્ત્વોનો પ્રકાશ કરવો જોઇએ. જૈનધર્મને અમુક જાતિ સાથે સંબંધ નથી. સ્વદેશીય જાતિવાળાઓને માટે જૈનધર્મ ખુલ્લો છે. અરે ! જૈન શાસન દેવતાઓ ! તમો ઉપયોગ ધારણ કરો ! જૈન ધર્મ અને જૈનોનો અભ્યુદય થાય તેના ઉપાયોમાં જૈનયોદ્ધાઓને સહાય કરો. જૈનધર્મના પરમાર્થ દયદિ વિચારોની દુનિયાને ઘણી જરૂર છે. જૈનધર્મનો ફેલાવો કરે અને જૈનધર્મના ઉદ્ધારમાં ભાગ લે એવા મહાત્માઓ પ્રકટી નીકળો. જૈનોમાં રહેલી સમુચિત શક્તિ પ્રકટ થાઓ. ઇર્ષ્યા, કુસંપ, સ્વાર્થ અને અહંકારના વિચારોનો પરિહાર કરી જીવોના સેવક બનીને ધર્મની સેવા બજાવવી જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ફાગણ વદિ ૨ મંગળવાર તા. ૫-૩-૧૯૧૨ પાદરા.

વિશેષાવશ્યક વિગેરે ઉત્તમ ગ્રન્થો વાંચ્યા વિના વા સાંભળ્યા વિના મનુષ્યો સ્યાદ્વાદમાર્ગનું વિશેષતઃ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. સિદ્ધાંતોનું જ્ઞાન કર્યા વિના ખરેખરો ઉપદેશ આપી શકાતો નથી. ટીકાઓ, વૃત્તિઓ વગેરે વાંચ્યા વા સાભળ્યા વિના પૂર્વાચાર્યોના જ્ઞાનનો તથા તેમની ઉત્તમતાનો ખ્યાલ આવી શકતો નથી. જે જે આચાર્યોના બનાવેલા ગ્રન્થ વાંચવા, સાંભળવા તેમાં વિશેષ એટલું છે, કે તેઓના પ્રતિ ઉચ્ચ પ્રેમરૂપ ભક્તિ દર્શાવવી. એમ કરવાથી તેઓનાં હૃદય ખરેખર શ્રોતાઓ તથા વાચકોના હૃદયમાં ઉતરે છે. પૂર્વાચાર્યોના ગહન ગ્રન્થોનો સાર લીધા વિના તેમના વિષે અભિપ્રાય બાંધી શકાતો નથી. પૂર્વ પુરૂષો પ્રતિ પૂજ્યબુદ્ધિ રાખવાથી શ્રોતા તથા વક્તાને ખરૂં તત્ત્વ પ્રાપ્ત થાય છે. પૂર્વાચાર્યોએ તે તે દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવને લઇ લખેલા ગ્રન્થોને અધિકાર, સમય, હૃદય ધ્વનિના પરમાર્થોનું જ્ઞાન થાય તેવી રીતે વાંચવા જોઇએ. લેખકો ઘણું લખે છે તોપણ જે જાણે છે તેમાંનો ઘણો થોડો ભાગ લખી શકે છે વા બોલી શકે છે. મધ્યસ્થદૃષ્ટિથી લેખ્ય વિષયની તુલના કરવી જોઇએ. પક્ષપાત દૃષ્ટિથી કોઇપણ પુસ્તક વાચવાથી પરિપૂર્ણ સાર ખેંચી શકાતો નથી. કોઇ પણ પુસ્તક ઉપર વિવેચન વા ટીકા કરવી હોય તો મૂળ ગ્રન્થ રચનાર ઉપર પૂજ્ય પ્રેમબુદ્ધિ ગ[illegible]ના સારૂં વિવેચન કરી શકાતું નથી. કોઇપણ સારા મનુષ્યનું ચરિત્ર લખવું હોય તો તેના સદ્‌ગુણોને શોધી કાઢવા અને તેના ઉપર શુદ્ધ પ્રેમ ધારણ કરવો. શુદ્ધ પ્રેમ ધારણ કરીને ચરિત્ર લખતાં જીવન રૂપ રેખા સારી રીતે દોરીને તેને રંગી શકાય છે ઉત્તમ મનુષ્યોનાં ચરિત્રો વાચવાથી તથા લખવાથી પોતાની તથા દુનિયાની ઉન્નતિ થાય છે. ઉત્તમ પૂર્વાચાર્યોના જીવન ચરિત્રો આકર્ષક પદ્ધતિથી લખાવાની ઘણી આવશ્યકતા છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ફાગણ વદિ ૪ ગુરૂવાર તા. ૭-૩-૧૯૧૨ પાદરા.

અનેક પ્રકારની બાહ્યાદિની પદવીઓ મેળવીને જે મનુષ્યો ગર્વ ધારણ કરે છે તે મનુષ્યત્વને યોગ્ય નથી. અન્ય મનુષ્યોની ગમે તે રીતે હલકાઇ કરીને પોતાનો ઉત્કર્ષ કરવાને માટે જેઓ પ્રયત્ન કરે છે. તે અસ્ત થતા દીપકના તેજની ઉપમાને ધારણ કરે છે. જેઓના મનમાં અન્યોનો ઉત્કર્ષ સહન થતો નથી તેઓની પંડિતાઇમાં ધૂળ જાણવી. અધ્યાત્મ યોગમાં રમણતા કરનારની બાહ્ય વિદ્વત્તા સફળ થાય છે. પ્રશસ્યપ્રેમમય જેની દૃષ્ટિ બની નથી તેની આંખમાં દ્વેષનો વિકાર ક્ષણે ક્ષણે ઉત્પન્ન થયા કરે છે. પોતાના આત્માના જ્ઞાનાદિગુણો પ્રકટાવવાની ઇચ્છા જેના મનમાં થઇ નથી તે મૂઢ ઇત્યાખ્યાને પાત્ર ઠરે છે. જે શ્રાવકોમાં શ્રાવકોના એકવીસ ગુણ આવ્યા નથી અને ભાવ શ્રાવકના સત્તર ગુણ આવ્યા નથી તેઓએ સાધુઓ વગેરે અન્યની નિંદામાં ન પડતાં ઉપર્યુક્ત ગુણોને પ્રાપ્ત કરવા જોઇએ. સાધુઓએ પોતાના આચારો અને સુવિચારોથી પ્રવર્તીને શોભાવવા જોઇએ. ઉત્તમ ચારિત્ર વિશિષ્ટ મૌનાવસ્થાથી પણ અન્ય મનુષ્યોપર ચારિત્રની જે અસર કરી શકાય છે તે ઉત્તમ ચારિત્ર વિહીન દશા વિશિષ્ટ ચારિત્રોપદેશથી કદિ અસર કરી શકાતી નથી. મૌન રહીને પણ સદ્ગુણોને જે ઉપાર્જન કરે છે, તેઓના ગુણોની સુવાસના ઓળખ્યા વિના સર્વત્ર પ્રસર્યા કરે છે. લોકોમાં કીર્તિ વધે વા અમુક પ્રકારના સ્વાર્થની સિદ્ધિ વા મારૂં નામ પ્રખ્યાતિમાં આવે ઇત્યાદિ અપ્રશસ્ય ઇચ્છાઓનો ત્યાગ કરીને ઉત્તમ ચારિત્રમાં પ્રયત્ન કરવાથી લોકોને સન્માર્ગે વાળી શકાય છે. કેટલાક નહિ બોલનાર અને ઉત્તમ સદ્ગુણ ચારિત્ર ધારણ કરનાર મનુષ્યોને દેખીને ઘણા લોકો પોતાની મેળે તેવા પ્રકારના ઉચ્ચ ચારિત્રગુણી થવાને માટે પ્રયત્ન કર્યા કરે છે. ઉત્તમ ચારિત્ર હોય અને ઉત્તમ ઉપદેશ દેવાની શક્તિ હોય છે તો દુધમાં સાકર ભળ્યા જેવું થાય છે. અહંકાર ત્યાગીને પંડિતપણું પ્રાપ્ત થતાં ઉત્તમ સદ્ગુણમય ચારિત્રમાર્ગમાં યત્ન કરીને વિદ્વત્તાની સફળતા કરવી જોઇએ. બહુ બોલવા કરતાં થોડું બોલીને પોતાના ગુણોવડે અન્યોને ઘણી અસર કરવી જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ફાગણ વદિ ૫ શુક્રવાર તા. ૮-૩-૧૯૧૨ પાદરા.

દ્વેષાગ્નિ જ્યાં ઉપજે છે તે સ્થાનનો નાશ કરી દે છે. જે મનુષ્યો દ્વેષાગ્નિનું સેવન કરે છે, તેઓ પોતાના આત્માના ગુણોને બાળે છે. દ્વેષાગ્નિને જેઓ શાંત કરી દે છે, તેઓ માનવજાતિનું કલ્યાણ કરવા સમર્થ બને છે. દુર્ગુણો ઉપર જય મેળવ્યા વિના મનુષ્યો ખરા બહાદુર ગણી શકાતા નથી, વિષય વાસનાઓ અને અનેક પ્રકારના સ્વાર્થરૂપ પશુઓનો જ્ઞાનાગ્નિમાં જે હોમ કરે છે તે ખરો ભાવયજ્ઞકરનાર જાણવો. પ્રાણધારી પશુઓને જેઓ હોમમાં હોમે છે, તેઓના કરતાં રાક્ષસોની ઉપમાને અન્ય કયો મનુષ્ય ધારણ કરી શકે ? અશુભ સ્વાર્થ વૃત્તિનો ત્યાગ કર્યા વિના દયા અને દાન કરી શકાતું નથી. જેટલા અંશે દાન કરી શકાય છે તેટલા અંશે ત્યાગ અને મમતાનો ત્યાગ કહી શકાય છે. અશુભેચ્છાઓનો ત્યાગ કર્યા વિના કદાપિ ઉચ્ચપદ પ્રાપ્ત થઇ શકતું નથી. જે મનુષ્યો શુભેચ્છાઓવડે પોતાનું હૃદય ભરી દે છે. તેઓના આત્મામાં સદ્ગુણો ઉગી શકે છે. પ્રબળ પુરૂષાર્થ સ્ફોરવીને અશુભેચ્છાઓની સાથે યુદ્ધ કરીને સાધુઓએ મહાવીર યોદ્ધા તરીકે પોતાનું નામ દીપાવવું જોઇએ. કોઇ પણ સાધુ અગર શ્રાવકના મનમાં અન્યનું બુરૂં કરવાની ઇચ્છા વા પ્રવૃત્તિ થાય, તો તે સાધુ અગર શ્રાવક ખરેખર મહાવીર પ્રભુના માર્ગથી ભ્રષ્ટ થાય છે. શ્રી મહાવીરપ્રભુની જેવી ચંડકોશિક ઉપર અત્યંત કરૂણાદષ્ટિ રહી હતી તેવી મહાવીરના અનુયાયિઓની દષ્ટિ થાય તો તેઓના સહવાસથી અન્ય મનુષ્યો ઉપર પણ સારી અસર થયા વિના રહે નહિ. જૈનોના શુભાચારો અને શુભ વિચારમાં એટલું બધું બળ છે, કે તેની અસર અન્યોને થયા વિના રહેતી નથી. માનવ બંધુઓએ દરરોજ ઉત્તમ આચારો અને વિચારોને વધારવા પ્રયત્ન કર્યા કરવો. અશુભ વિચારોના મૂળને ઉખેડી નાંખવું જોઇએ. હે આર્યજૈનો ! આત્માના સદ્ગુણો ખીલવવાનો અમૂલ્ય સમય મળ્યો છે તેને સફળ કરો !

× × × ×

સંવત્ ૧૯૬૮ ફાગણ વદિ ૭ રવિવાર તા. ૭-૩-૧૯૧૨ પાદરા.

જે જે ગુણો આત્મામાં પ્રકટાવવા હોય તે તે ગુણોને ક્રમવાર વિચારવા. પશ્ચાત્ તે ગુણોની પ્રાપ્તિ માટે અત્યંત ઉત્સાહ ધારણ કરવો. તે તે સદ્ગુણો મારા આત્મામાં ખીલવાજ જોઇએ, એવો નિશ્ચય દૃઢ સંકલ્પ કરવો. દુર્ગુણો પણ સદ્ગુણ રૂપમાં કેટલાક ફેરવી શકાય છે. એમ વિચાર કરવો. ઉત્સાહબળથી ગુણોનાં રોધક કર્માવરણો ટળે છે એમ નિશ્ચય કરવો. મારામાં સદ્ગુણો પ્રકટાવવાની શક્તિ છે એમ નિશ્ચય કરવો, કોઇ પણ બાહ્ય પદાર્થની વાસના કરવી એ આત્માનો મૂળ સ્વભાવ નથી એવો દૃઢ નિશ્ચય કરવો. કોઇ પણ પ્રકારની વાસનાવિના કરવા લાયક કાર્યો મ્હારે કરવાં જોઇએ, એવો દૃઢ નિશ્ચય પ્રકટાવવો જોઇએ. જ્યારે ત્યારે પણ મારૂં કાર્ય પૂર્ણ થવાનું છે એવો દૃઢ નિશ્ચય કરવો. વીતરાગદશામાં ન રહેવાની દશા જ્યાં સુધી મારામાં છે ત્યાં સુધી શુદ્ધ પ્રેમ ધારણ કરીને મારે નિષ્કામ ભાવથી ધર્મસાધના સાધવી જોઇએ, એવા પ્રકારનો દૃઢ નિશ્ચય કરવો. આત્માની પ્રસન્નતાવડે જીવન ગાળવું જોઇએ. એવો દૃઢ નિશ્ચય કરવો. સત્ય પ્રિય અને હિતકારક વચન મારે બોલવું જોઇએ, એવો દૃઢ નિશ્ચય કરવો. જે જે અંશે જેટલું પદાર્થનું સ્વરૂપ જણાય અને તે અન્યને ઉપયોગી થાય તેવું હોય તો તેનું સ્વરૂપ અન્યને કરવું એવો વિવેક કરવો. જેટલું સાંભળવામાં આવે, જોવામાં આવે, અને જાણવામાં આવે તેટલું હૃદયમાં રાખવું અને ગમે તે મનુષ્યોની [illegible] જાણેલું અને દેખેલું એકદમ યોગ્યતા જાણ્યા વિના કહેવું નહિ એવો દૃઢ નિશ્ચય કરવો. વિરોધી ગમે તેવી ઇર્ષ્યાની વાતો કરે તો પણ તેનાનું અશુભ કરવા તેઓના જેવો પ્રયત્ન કરવો નહિ એમ મનમાં દૃઢ નિશ્ચય કરવો. કર્મના અચલ સિદ્ધાંત પ્રમાણે જીવો શુભાશુભ ભોગવે છે. કર્મના સિદ્ધાંત પ્રમાણે દુઃખો પ્રાપ્ત થાય છે એમ જાણી સમભાવ ધારીને નવીન કર્મ બાંધવાં નહિ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ફાગણ વદિ ૯ મંગળવાર તા. ૧૨-૩-૧૨ પાદરા.

કોઇપણ બાબતમાં રસ પડે ત્યારે ઉંઘ આવતી નથી. જેમાં સમજણ પડતી નથી. અને જે વિષય ગમતો નથી ત્યારે તે તરફનો કંટાળો આવે છે. જેની જેટલી દૃષ્ટિ ખીલી છે તેને તે દૃષ્ટિના અધિકારે તે તે વસ્તુમાં રસ પડે છે. બાળકોને જેમાં રસ પડે છે, તેમાં યુવકોને રસ પડતો નથી. ભોગીઓને જેમાં રમ પડે છે, તેમાં યોગીઓને રસ પડતો નથી. યુવાનોને જેમાં રસ પડે છે, તેમાં વૃદ્ધોને રસ પડતો નથી. કથાના અધિકારીઓને કથા સાંભળવામાં રસ પડે છે, તેમાં તત્ત્વવેત્તાઓને રસ પડતો નથી. તત્ત્વવેત્તાઓને જે બાબતમાં રસ પડે છે, ત્યાં અજ્ઞાનીઓને રસ પડતો નથી. શિકારીઓને જેમાં રસ પડે છે, તેમાં દયાળુઓને તત્ત્વથી જોતાં ખરેખર આનંદ દેખાતો નથી. મિથ્યાત્વીઓને જેમાં રસ પડે છે, તેમાં સમ્યગ્દૃષ્ટિયોને રસ પડતો નથી. બકતોને જેમાં રસ પડે છે, તેમાં યોદ્ધાઓને બરાબર રસ પડતો નથી. સર્વ જીવોની ભિન્ન ભિન્ન પરિણતિયો છે, તેથી બુદ્ધિ, રૂચિ અને અધિકારભેદે તેઓમાં ભિન્ન ભિન્ન પરિણતિયોગે રસભેદ પણ ભિન્ન ભિન્ન દેખવામાં આવે છે. બાહ્ય પદાર્થો દ્વારા અજ્ઞાનથી જે આનન્દરસ ભોગવવામાં આવે છે. તે ક્ષણિક હોવાથી ટળી જાય છે. ક્ષણિક વસ્તુઓદ્વારા પ્રાપ્ત થતો આનંદરસ તે વસ્તુતઃ આનન્દરસ નથી. નાટક વગેરે જોઇને વા બાળકો વગેરે રમાડીને જે આનન્દરસ લેવામાં આવે છે તે ક્ષણિક હોવાથી શાતાવેદનીયરૂપ ગણાય છે અને તે દુઃખરૂપજ છે. બાહ્ય પદાર્થ જન્ય આનન્દરસ ટળી જાય છે. માટે આત્મજ્ઞાની યોગીઓ આત્માના સહજાનન્દ રસને પ્રાપ્ત કરવા અન્તરૂમાં લીન થઇ જાય છે. આત્મા સ્વયં નિત્ય હોવાથી આનન્દરસ પણ નિત્ય છે. તેથી સહજાનંદનો ભોગ લેતાં બાહ્ય પદાર્થદ્વારા આનન્દરસ લેવાની ઇચ્છાઓ મરવા માંડે છે અને આત્માના સહજ આનન્દ રસનો અનુભવ થવાથી, તેનો દૃઢ નિશ્ચય થવાથી મન, વાણી અને કાયાના યોગનો વ્યાપાર પણ આત્માના આનન્દરસથી સમ્મુખ થાય છે. જ્ઞાનીઓની છેલ્લામાં છેલ્લી ખરી શોધ સહજાનંદ રસ પ્રાપ્ત કરવાની હોવાથી તેઓને રસના કારણો જે જે હોય છે તેમાં પણ રસ પ્રકટે છે. અને તેથી તેઓનું ચિત્ત તે તે સાધનોદ્વારા સ્થિર થાય છે.

× × × ×

કાર્યોમાં મચ્યા રહેવું જોઇએ જૈનધર્મની વૃદ્ધિ માટે પ્રશસ્ય પ્રેમ, ભક્તિ ઉત્સાહ અને જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરીને પોતાની શક્તિ અનુસારે જૈનોએ ધર્મસેવા કરવીજ જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ફાગણ વદિ ૧૧ ગુરૂવાર તા. ૧૪-૩-૧૨ પાદરા.

નૈગમનયની અપેક્ષાએ ધર્મનો પ્રચાર કરવામાં આવે તો ઘણા અજ્ઞાની લોકો પણ જૈનધર્મના સન્મુખ થઇ શકે. નૈગમનય અને વ્યવહાર નયની અપેક્ષાએ જૈનધર્મ પાળનારાઓ ઘણા થઇ શકે. ઋજુસૂત્રનયની અપેક્ષાએ તે બે નય કરતાં ધર્મપાળનારા ન્યૂન થઇ શકે. ઋજુસૂત્રનય કરતાં શબ્દનયની અપેક્ષાએ જૈનધર્મની સંખ્યા ઓછી ગણી શકાય. શબ્દનય કરતાં સમભિરૂઢનયની અપેક્ષાએ ધર્મીઓની સંખ્યા ન્યૂન છે. સમભિરૂઢનય કરતાં એવંભૂતનયની અપેક્ષાએ ધર્મીઓની સંખ્યા ઘણી થોડી છે. હાલમાં નૈગમનય અને વ્યવહારનયની અપેક્ષાએ ધર્મ સાધનારાઓની સંખ્યા ઘણી છે. કાર ઉપરના નય કરતાં અધોઅધોનયને અનુસરીને ધર્મ પાળનારાઓની સંખ્યા અરેખર દુનિયામાં બહુ બહુતર દેખવામાં આવે છે. એકાન્ત ઋજુસૂત્રનયની અપેક્ષાને લઇ ઉત્પન્ન થએલ બૌદ્ધધર્મ પાળનારાઓની પચ્ચાસ કરોડ ઉપર સંખ્યા છે. એકાન્ત નૈગમનયને અનુસરીને ઇશ્વરને જગત્કર્તા તરીકે માનીને ધર્મ પાળનારા મુસલમાનો અને ખ્રીસ્તીઓ વગેરેની સંખ્યા આશરે અબજ ગણી શકાય વ્યવહારનયને એકાન્તે સ્વીકારીને વ્યવહારિક પ્રત્યક્ષ સ્વીકારનારા નાસ્તિકોની સંખ્યા પણ ઘણી છે એકાન્ત સંગ્રહનય માનીને બ્રહ્મનુંજ એકલું અસ્તિત્વ સ્વીકારનારા અદ્વૈતવાદિઓની સંખ્યા કરોડો મનુષ્યોની છે. આમ એકાન્તે એકેક નયને માનીને અન્યનયોને ઉત્થાપનારાઓની સંખ્યાનો હિસાબ જણાવ્યો. સાત નયોની સાપેક્ષતાએ ધર્મને માનનારા જૈનોના ત્રણે ફીરકાઓની સંખ્યા જેની ગણના તો આશરે તેર લાખ મનુષ્યોની થાય છે નયોની અપેક્ષાએ ધર્મને જાણવામાં ઘણી સૂક્ષ્મબુદ્ધિની જરૂર છે તેથી બુદ્ધિવાળા મનુષ્યો વિના નિરપેક્ષનયધર્મમાં ઘણા મનુષ્યો દાખલ થઇ શકે છે. નૈગમનય અને વ્યવહારનયના ઉપાસના કરીને નિશ્ચયનયની અપેક્ષાએ ધર્મ વધારવામાં

કરનારા નિઃસ્વાર્થી દયાવંત પ્રેમી, જ્ઞાની એવા મુનિવરો હોય છે. ગીતાર્થ ગુરૂઓની વિશાલદષ્ટિ હોય છે. તેઓ શાસ્ત્રોની પેઠે મનુષ્યોના દોષોને ટાળવાનો અને તેમના આત્માઓની ઉન્નતિ કરવાના ઉપાયો જાણે છે. જેઓ દોષી મનુષ્યોને હલકા ગણે છે તેઓ કદિ ઉત્તમ મહાત્માવા ઉત્તમ મનુષ્ય તરીકે ગણી શકાતા નથી. અન્યોને હલકા નહિ ગણનારા ગીતાર્થ મુનિવરો ધર્મનો પ્રચાર કરી શકે છે.

× × × × .

સંવત ૧૯૬૮ ના ફાગણ વદિ ૧૩ શનિવાર તા. ૧૬-૩-૧૨ પાદરા.

શ્રીમાન્ ગૃહસ્થ જૈનો યદિ સામાન્ય ગૃહસ્થજનોને ભક્તિની વૃત્તિ પૂર્વક સાહાય્ય કરે તો સાધર્મિકસેવા કરી એમ ગણાય. લક્ષ્મીમંત જૈનોમાં પ્રાયઃ અજ્ઞાન અને એશઆરામપણું વિશેષ દેખવામાં આવે છે. લક્ષ્મીના લાભથી પ્રમત્ત બનીને શ્રીમંતો પરમાર્થનાં કાર્યોમાં પ્રવૃત્તિ નહિ કરે તો તેમનું ભવિષ્ય અંધકારમય બનશે. કેટલાક વિદ્વાનોમાં અહંકાર અને ઈર્ષ્યાનો વાસ વાસો કરે છે. તેથી તેઓ સર્વે ભેગા મળીને પરમાર્થ કાર્યો કરી શકતા નથી. નિષ્કામ ભાવથી જગત્‌ના લોકોનું ભલું કરવું તે રૂપ જગત્ સેવાને જ્ઞાનીઓ સ્વીકારે છે. પરમાત્માપદની ઉચ્ચ દશાપર ચઢેલા શ્રીમહાવીરે જેમ સર્વને બોધ દેવાનું કાર્ય કર્યું તેમ સર્વજ્ઞ.નીઓ જગત્ ઉપર પરોપકારરૂપ સેવાને આવશ્યક કાર્ય ગણીને કરે છે. અજ્ઞાનીઓ પરમાર્થનાં કાર્યો કરતાં અહવૃત્તિના:ઉછાળાથી લડી મરે છે અને જ્ઞાનીઓ નિષ્કામવૃત્તિથી પરનું ભલું કરવા રૂપ જગત્ સેવા કરતાં કદિ ખેદ, કલેશ, હર્ષ વા શોકને પામતા નથી. સકામવૃત્તિના કરતાં ખરેખર સર્વ પ્રકારની બાહ્યેચ્છા ત્યાગ રૂપ નિષ્કામ વૃત્તિથી જે કાર્યો કરવામાં આવે છે તેથી અલિપ્તદશા રહે છે, અને અનન્ત સદ્‌ગુણોને આત્મામાં પ્રકટાવી શકાય છે. જે જ્ઞાનીઓના નિષ્કામવૃત્તિ રહેતી હોય અને જેઓ પરધનના ત્યાગી હોય તેમના સહાદ લઈને ગૃહસ્થોએ પરમાર્થ સેવા વા જગત્ સેવા કરવી જોઈએ જેઓને બાહ્ય પદાર્થોમાં અહવૃત્તિ પ્રકટતી નથી તેવા મનુષ્યો પ્રત્યેક કાર્યો કરતાં છતાં સમાનભાવમાં રહી શકે છે. માટે એ હું સમભાવમાં રહીને કાર્ય કરશું એમ માનીને પ્રમાદશત્રુને બુધવંતે જોઇએ નહિ, કિન્તુ સર્વ આત્માનો અનુભવ આવતાં પૂર્વના વિચારોમાં કેટલું સત્યત્વ હતું તેને તોલ કરી કાર્યો કરતાં કાલથી ચેતીને ચાલવું જોઇએ

 × × × ×

સંવત ૧૯૬૮ ફાગણ વદિ ૦)) સોમવાર તા. ૧૮-૩-૧૨ પાદરા.

પ્રવૃત્તિમાર્ગમાં અનેક પ્રકારની ઉપાધિયો મનુષ્યોના શીર્ષપર આવી પડે છે, અને ઉપાધિપ્રસંગોમાં મનની નિરાકુલતા જાળવવી એ કંઇ સામાન્ય કાર્ય નથી. અનેક પ્રકારનાં કાર્યો કરતાં ઉપાધિ પ્રસંગો આવે ત્યારે મગજને ખોવું નહિ. એવી દશા પ્રાપ્ત કરવા તેમજ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. ગૃહસ્થ મનુષ્યોનો અધિકાર ભેદે આજીવિકાદિ અર્થે કાર્યો કર્યા વિના તો છૂટકો થવાનો નથી. મનુષ્યો ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરે તો ગૃહસ્થાવાસમાં મગજની સમતોલતા સાચવીને મહાન્ કાર્ય કરવાને માટે શક્તિમાન્ થાય છે. ઉત્તમ સદ્ગુણોવડે સંસ્કારિત મનવાળા ગૃહસ્થો જગત્‌ને દિવ્યલોકસમાન બનાવવા માટે પ્રયત્ન કરે છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ કષાયોની મન્દતાની સાથે ગુણસ્થાનકના ભેદે વ્યાવહારિક તથા ધાર્મિક કાર્યો કરી શકાય છે. જ્ઞાનીના કાર્યોમાં ઘણો સુધારો અને વિવેક વ્યવસ્થા દેખવામાં આવે છે. સત્તા, લક્ષ્મી અને વિદ્યા આદિની પ્રાપ્તિથી જ્ઞાની ગૃહસ્થોના પ્રવૃત્તિમાર્ગમાં અત્યુત્તમતા અવલોકી શકાય છે. મગજનું સમતોલપણું જાળવીને જે મનુષ્યો વ્યાવહારિક પારમાર્થિક કાર્યોને કરે છે તેઓ પોતાના કાર્યની સિદ્ધિ પણ કરે છે, અને અહંવૃત્તિ વિના અલિપ્ત પણ અમુક નયની અપેક્ષાએ રહી શકે છે. અજ્ઞાની ગૃહસ્થો કરતાં જ્ઞાની ગૃહસ્થો નિષ્કામબુદ્ધિથી કાર્ય કરે છે, તેથી તેઓ મગજનું સમતોલપણું જાળવવું ઇત્યાદિ સદ્ગુણો વડે પોતાના સંબંધમાં આવનારાઓને પણ પોતાના ગુણોની અસર કરી શકે છે. અમુક અંશે પણ વ્યાવહારિક ધાર્મિક પ્રવૃત્તિ વિના આ કાલમાં ચાલી શકતું નથી. સાધુઓને પણ ધાર્મિકપ્રવૃત્તિ કરવી પડે છે. ઉત્તમજ્ઞાન વડે મગજનું સમતોલપણું જાળવીને પ્રવૃત્તિ માર્ગને સેવી શકાય એવી દશા પ્રાપ્ત કરવાને મનુષ્યોએ પ્રયત્ન કરવો. પ્રવૃત્તિમાર્ગના મુસાફર બનવા પહેલાં ઉપર્યુક્ત સદ્ગુણોવડે આત્માને શોભાવવો જોઇએ. ગૃહસ્થ વા સાધુ અવસ્થામાં અધિકારભેદે પ્રવૃત્તિ માર્ગના મુસાફર થતા પહેલા અનેક ઉપાધિ છે. પરિષહો અને વિઘ્નોમાંથી પસાર થવાને માટે ઉપર્યુક્ત સદ્ગુણોને મેળવવા જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર સુદિ ૨ બુધવાર તા. ૨૦-૩-૧૯૧૨ પાદરા.

કાયા કરતાં વાણીનું કાર્ય અતિ ઝડપથી થાય છે. અને વાણી કરતાં મનનું કાર્ય અતિ ઝડપથી થાય છે. અને મન કરતાં શુદ્ધ જ્ઞાનનું કાર્ય અતિ વેગથી થાય છે. કાયા કરતાં વાણીની વિશેષ શક્તિ છે, અને મન કરતાં આત્માની વિશેષ શક્તિ છે. સર્વની શક્તિયો પોતપોતાના સ્થાનકમાં બળવાન છે. મન, વચન અને કાયાના યોગ વિના આત્મધર્મની સાધના થઇ શકતી નથી. મન, વચન અને કાયાની શક્તિને આત્માભિમુખ કરવી જોઇએ. આત્માના જ્ઞાનાદિ ગુણોની શુદ્ધિ માટે ત્રણે યોગની જરૂર છે. મન વચન અને કાયાના વ્યાપારથી અન્યોને ઉપકાર થઇ શકે છે. મન વચન અને કાયાનો ઔદયિક ભાવ પણ અન્ય જીવોને સાધ્ય સાપેક્ષાએ ધર્મ હેતુરૂપે પરિણમે છે. મન, વચન અને કાયા થકી પોતાને અને પરને જે લાભ થાય છે તેનું વર્ણન કરતાં પાર આવી શકે તેમ નથી. મન; વચન અને કાયાની શક્તિનો વિભાવ એટલે રાગદ્વેષાદિભાવ આત્મસન્મુખ પ્રકટે તો સંસારની વૃદ્ધિ થાય છે. ત્રણ યોગની શક્તિયો દ્વારા આત્માના શુદ્ધ સ્વરૂપમાં પરિણમવું જોઇએ. ત્રણ યોગની શક્તિનો જેઓ સદુપયોગ કરતા નથી તેઓ પોતાના આત્માનું અને અન્ય જીવોનું હિત કરવાને શક્તિમાન્ થતા નથી. લક્ષ્મી વગેરેથી જે ઉત્તમ કાર્ય થઇ શકતું નથી તે કાર્ય ખરેખર ત્રણ યોગથી થઇ શકે છે. ત્રણ યોગમાં આત્માનું વીર્ય પરિણમેલું હોય છે. આત્માના વીર્યને આત્મરૂપે પરિણમાવવું એજ મુખ્ય ધર્મ છે. ત્રણ યોગની શક્તિયોના સમાન કોઇ વ્યાવહારિક ઋદ્ધિ નથી. મન, વચન અને કાયાના યોગની શક્તિયોને કેળવીને તેને શુભ માર્ગે વાપરવાનો અભ્યાસ કરવો જોઇએ. આત્માની ત્રણ યોગરૂપ શક્તિયોને સદુપયોગ કરનારાઓ જગતમાં ધર્મનો પ્રચાર કરવાને માટે શક્તિમાન્ થાય છે. આત્માના ત્રણ યોગવડે આત્માના શુદ્ધધર્મની પ્રાપ્તિ કરવા માટે વ્યવહાર નયની અપેક્ષાએ ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગનું અવલંબન કરવું જોઇએ. વ્યવહાર નય અને નિશ્ચયનયકથિત આત્મશક્તિયોનો પ્રકાશ કરવો જોઇએ. ઉત્સાહબળથી શક્તિયોની વૃદ્ધિ થાય છે. માટે આલસ્ય વગેરેનો ત્યાગ કરીને આત્મશક્તિયો જેમ પ્રકટે તે પ્રમાણે ત્રણ યોગની પ્રવૃત્તિ કરવી.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર સુદિ ૩ ગુરૂવાર તા. ૨૧-૩-૧૯૧૨ પાદરા.

રાગ અને દ્વેષ વડે જેઓના અંતઃકરણ વાસિત થયાં છે તેઓ મન વાણી અને કાયાના બળને અહિતમાર્ગમાં પ્રવર્તાવી શકે છે તેઓ વાણીવડે લેખવડે અને સત્તાવડે અન્ય જીવોને સતાવવા પ્રયત્ન કરે છે. ક્રોધી મનુષ્યો ક્રોધવડે અશુભ વિચારોનું વાતાવરણ જગત્માં ફેલાવીને એક જાતના હિંસક બને છે. ક્રોધ અને ઇર્ષ્યાદિ દુર્ગુણ ધારક લેખકો પત્રોમાં દારૂ ભરીને વાચકોના હૃદયમાં ક્રોધાદિક દુર્ગુણો ઉત્પન્ન થાય તેવા લેખો લખનારાઓ ભાવકસાઇની પદવીને અનુસરે છે. કેટલાક લેખકો, વૈર વાળવાના માટે અશુભ લેખોરૂપ વિષવૃક્ષોને વાવે છે અને તેનું ફળ પર પરાએ ખરાબ ભોગવવું પડે છે મન, વચન અને કાયાની શક્તિનો દુરૂપયોગ કરનારા પોતાના પગ ઉપર કુહાડો મારીને પોતાનો નાશ કરે છે. જે લેખકો લેખ લખવાથી શુભાશુભ પરિણામો જગત્માં કેવાં આવે છે તેનું સૂક્ષ્મ રહસ્ય અવબોધતા નથી, તેઓ લેખ લખવાને લાયક ગણાતા નથી. પત્રો કાઢીને ગ્રંથો લખીને અમુક કામનાની પૂર્તિ કરવી એજ મુખ્ય ઉદ્દેશ હૃદયમાં રાખીને જેઓ વાચકોના હૃદયને ઝેરી બનાવવામાં મદદગાર બને છે, તેઓના જન્મની ઉપયોગિતા બીલકુલ નથી. જેઓ સ્વાર્થ, તૃષ્ણા અને લોભાદિ પરવશતાથી લેખો લખીને સત્ધર્મથી દૂર જાય છે તેઓ મનુષ્ય તરીકે ગણાવવાને માટે પણ લાયક હોતા નથી. જે લેખોથી મનુષ્યોના મનમાં સદ્ગુણોની અમર થાય અને દુર્ગુણો ટાળવાની રુચિ થાય તેમજ આત્માની ઉન્નતિ માટે પુરુષાર્થ સ્ફોરવવાની [illegible] અને પ્રવૃત્તિ થાય તેજ લેખો જગત્માં સુવર્ણાક્ષરે કોતરી રાખવા લાયક છે, અને તે લેખોના લખનારાઓના નામ સુવર્ણાક્ષરથી કોતરી રાખવા. [illegible] લેખકો જગત્ને દિવ્ય લેખ સમાન સદ્ગુણો વડે બનાવવા પ્રયત્ન કરે છે તેઓ લેખક નામની સાર્થકતા કરે છે. જે લખાણો [illegible] અભ્યંતરથી જન્માવે નહિ અને દોષોના [illegible] ગુણોની રૂચિતા માલુમ પડે તેમજ દોષો અને ગુણોના પાત્ર [illegible] તેજ ઉત્તમ લેખકો છે. અશુભ વિચારોને [illegible] કુવાસનાઓને ફેલાવનાર વાચકો જેવા જાણવા. [illegible] પારખુ બનાવ અને તેમાં ઉત્તમ લેખ અને ઉત્તમ [illegible] પ્રયત્ન થાય તો ઉત્તમ સુધારાનો લાભ પ્રાપ્ત કરી શકાય.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર સુદિ ૪ શુક્રવાર તા. ૨૨-૩-૧૨ પાદરા.

જ્યારે આત્મામાં ક્ષયોપશમજ્ઞાન વડે રમણતા કરવામાં આવે છે ત્યારે આનન્દનો પાર રહેતો નથી. મનની શાન્તાવસ્થા થાય છે ત્યારે દુનિયામાં કંઇ પણ કાર્ય બાકી રહ્યું હોય એમ લાગતું નથી. જેમ જેમ મન શાન્ત થતું જાય છે અને આત્માના સ્વરૂપમાં રમણતા કરે છે તેમ તેમ બાહ્યની દુનિયાને ગતશરીરની પેઠે ભૂલાય છે. તે વખતે મનનો વ્યાપાર બંધ થવાથી લેશ્યા અને કર્મનું ચક્ર પણ અમુક અંશે વ્યાપાર રહિત થાય છે. જે મન વડે કર્મનું ગ્રહણ થાય છે તે મન તો આત્મામાં લાગેલું હોવાથી કર્મનું ગ્રહણ થઇ શકતું નથી. લેખકને આગમોના આધારે મનને આત્મામાં રમાવતાં આવો અનુભવ આવે છે. આત્મામાં લાગેલું અને ત્યાં આનન્દ રસ ભોગવતું મન ખરેખર અદ્વૈતભાવને અનુભવે છે. કોઇ કોઇ વખત તો બાહ્ય પદાર્થોની સાથે મન લાગતું નથી. ક્ષયોપશમ ભાવનો ઉપયોગ સદા કાળ એક સરખો નહિ રહેવાથી આવી દશા સદા કાલ ટકતી નથી, અને શરીરાદિ વા અન્યોના શ્રેયાર્થે મનને અન્ય પદાર્થો સાથે સંબંધિત કરવું પડે છે. તેમજ તે મન પણ એક સરખી રીતે આત્માની સાથે રમણતા કરી શકતું નથી. આત્માની સાથે મન જોડાયલું હોય છે તે વખત જ્ઞાનાવરણીયાદિ કર્મનો બંધ થતો અટકે છે અને જ્ઞાનાવરણીયાદિ કર્મના ક્ષયોપશમ થવાથી આત્માના જ્ઞાનાદિ ગુણોની પુષ્ટિ થયા કરે છે. મનની ચંચળતા ટળતા અને મનને ધ્યાનવડે ધ્યેય વસ્તુમાં સ્થિર કરતા આત્માનો ઉપયોગ વધે છે, એવો અનુભવ આવે છે. બાહ્ય પદાર્થોના સંબંધે મનમાં હર્ષ વા શોકની લાગણી ન થાય એવી કેળવણી ગ્રહણ કરવાથી દુનિયામાં અલૌકિક જીવન પ્રાપ્ત કરી શકાય છે, અને દુનિયાને પોતાના માર્ગમાં દોરી શકાય છે. કોઇ પણ મહાન્ મહાત્મા થઇ શકે તો મનની આવી ઉત્તમ દશા પ્રાપ્ત કર્યા વિના થઇ શકે નહિ. બાહ્યપદાર્થોથી જેના મનમાં હર્ષ અને શોક થાય નહિ એવી દશાવાળો આત્મા ખરેખર દુનિયામાં કમલની પેઠે જ્ઞાની બનીને નિર્લેપ રહી અનેક જીવોનો ઉદ્ધાર કરવા સમર્થ થાય છે. કદાપિ તેવો મનુષ્ય આત્મામાંજ રમણતા કરવાને માટે સમર્થ થાય છે તો આત્માના ગુણોનો આવિર્ભાવ કરીને પરમાત્મપદ પ્રાપ્ત કરી અનંત સુખનો ભોગી બને છે.

× × × ×



સ્થાનોમાં શુભ લેશ્યાનાં પુદ્ગલો ખર્યાં હોય છે. તેથી ત્યાં જનારાઓને ઉત્તમ ભાવનામાં તે પુદ્ગલોની સહાય મળે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર સુદિ ૬ રવિવાર. તા. ૨૪-૩-૧૨ પાદરા.

નીતિના સદ્ગુણો વિના આચાર અને વિચારની શુદ્ધિ રહેતી નથી. પ્રમાણિકતાથી પ્રવૃત્તિ કરનાર મનુષ્યના મનમાં શુભ લેશ્યાનો ઉદય થાય છે. મનોદ્રવ્યનું સમયે સમયે ગ્રહણ થાય છે. અનંત મનોદ્રવ્યને જીવ સમયે સમયે ગ્રહણ કરે છે અને છોડે છે. પ્રામાણિક નીતિ વગેરેના સદ્ગુણોથી ઉત્તમ મનોદ્રવ્યનું ગ્રહણ, આત્મા કરે છે. અને અશુભમનોદ્રવ્યનો ત્યાગ કરે છે. શુક્લ લેશ્યાના પરિણામ પણ ઉત્તમ નીતિના સદ્ગુણો વિના હોઈ શકતા નથી. જેનો અનીતિમય આચાર છે તેના મનમાં શુભ લેશ્યાનો સદ્ભાવ નથી. એમ અનુમાન થાય છે તેમજ તે અશુભ કૃષ્ણ લેશ્યાના પરિણામને તેમજ અશુભ લેશ્યાજનક મનોદ્રવ્યને સમયે સમયે ગ્રહણ કરે છે એમ જાણવું. અશુભ મનોદ્રવ્ય ગ્રહણ કરેલાં આત્માના નીચ પરિણામની પરંપરા વધારવાને માટે સમર્થ થાય છે. હડકાયા કુતરાના વિષની પેઠે અશુભતરમનોદ્રવ્યની પરંપરા અશુભ વિચારોને ઉત્પન્ન કરવા સમર્થ બને છે અનીતિના આચારો અને વિચારોથી પોતાના આત્માને હાનિ થાય છે એટલુંજ નહિ કિન્તુ અનીતિના આચારો અને વિચારોથી સરોવરમાં નાખેલા પત્થરો જેમ આખા સરોવરમાં તરંગોને ઉત્પન્ન કરે છે તેમ સમ્બન્ધમાં આવનાર તથા પરપરાએ થોડી ઘણી અસર, આખા દુનિયાને થયા વિના રહેતી નથી. અનીતિના વિચારોનો ત્યાગ કરવાથી પોતાના આત્માનું હિત થાય છે અને આખી દુનિયાનું હિત પણ પરંપરાએ થોડું ઘણું કરી શકાય છે નીતિના સદ્ગુણોથી એક મનુષ્ય દેવતાની તેજના પેઠે જગત્‌માં પ્રકાશ કરી શકે છે જેથી ધર્મના [illegible] નીતિના સદ્ગુણોથી પોતાના આચારો અને વિચારોને એવા [illegible] નિર્મલ [illegible]

સંવત્ ૧૯૬૮ ના ચૈત્ર સુદિ ૭ સોમવાર તા. ૨૫-૩-૧૨ પાદરા.

જ્યારે મનુષ્યોને ક્રોધ પ્રકટ્યો હોય ત્યારે અને ત્યાંસુધી કોઇની સાથે વાતચીત કરવી નહિ, અને તેમજ મનની શાન્તિ થાય તેવું કોઇ પદ ગાવું, વા મનની શાન્તિ થાય એવું કોઇ પુસ્તક વાંચવું વા કંઇ શાન્ત સ્વરૂપનું મનન કરવું. કોઇ વખતે કપાલપર ચિત્ત સ્થિર રાખવામાં આવે છે તો ક્રોધની શાન્તિ ત્વરિત થાય છે. જે સ્થાનમાં અને જેના નિમિત્તે ક્રોધ થયો હોય તે વખતે સ્થાન અને તે મનુષ્યોથી દૂર ખસી જવું, અને ક્રોધ શાન્ત થતાં પુનઃ તે સ્થાન અને તે મનુષ્યોના પરિચયમાં આવવું. અત્યન્ત ક્રોધ કરવાથી કષાય સમુદ્ઘાત થાય છે, અને તેથી શરીરની બહાર આત્માના પ્રદેશો નીકળે છે. તેમજ મનોદ્રવ્યનું કૃષ્ણાદિલેશ્યારૂપે પરિણમન થાય છે. ક્રોધના ઉદયથી તૈજસ પુદ્ગલોનો પ્રકટભાવ થવાથી શરીરમાં ઉષ્ણતા આપે છે અને તેવા વખતે અત્યંત ક્રૂર પરિણામથી અશુભગતિબંધ પડે છે. ક્રોધના ઉદયથી અગ્નિની પેઠે શરીરની બહાર તે વખતે જે જે પુદ્ગલો નીકળે છે તે પણ તેવા ક્રોધના સંયોગોની ઉદીરણામાં અને ક્રોધોત્પત્તિમાં મદદકારી થાય છે. ગોશાલા ઉપર તેજોલેશ્યા મૂકનાર વૈશ્યાયનને ક્રોધ થયો હતો ત્યારેજ આત્મશક્તિને અવળા માર્ગે પરિણમાવીને તેણે ઉષ્ણપુદ્ગલરૂપે તેજોલેશ્યાને મૂકીને ગોશાલાને દુઃખ દેવા પ્રયત્ન કર્યો હતો. મહા કૃપાળુ શ્રી વીરપ્રભુએ કરૂણા રૂપ આત્મશક્તિના બળવડે શરીરમાં વા શરીર બાહ્યનાં પુદ્ગલોને શીત પુદ્ગલરૂપે પરિણમાવીને તે શીતલેશ્યાના પુદ્ગલોથી તેજોલેશ્યાનાં પુદ્ગલોને શાન્ત કર્યાં હતાં. દયાના વા કૃપાના પરિણામ વડે શાન્તિકારક પુદ્ગલ પ્રવાહને સામા મનુષ્ય ઉપર વહાવી શકાય છે. ક્રોધના ઉદયથી જગત્‌માં ક્લેશના ઉષ્ણ પુદ્ગલોનો ફેલાવો થાય છે, અને તેથી મનુષ્યોના દ્રવ્ય અને ભાવ પ્રાણનો વિનાશ પરંપરાએ કરાય છે. માટે ક્રોધના ઉદયને વારવા ઘણી સાવચેતી રાખવી જોઇએ. શુદ્ધપ્રેમ અને કરૂણાવડે ક્રોધીઓ અને ક્રોધના ઉપર જય મેળવી શકાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ચૈત્ર સુદિ ૮ મંગળવાર. તા. ૨૬-૩-૧૨ પાદરા.

પ્રત્યેક કાર્ય કર્યા બાદ શાન્તિ લેવી જોઇએ. પાંચે ઇંદ્રિયો અને છઠ્ઠા મનને પણ અમુક કાર્ય પર્યંત શાન્તિ આપવી જોઇએ. પ્રત્યેન્દ્રિયથી હદ બહાર કાર્ય લેવામાં આવે છે તો ઇન્દ્રિયની શક્તિ ક્ષીણ થઇ જાય છે. મનોદ્રવ્યદ્વારા ભાવમનનો વિષય પ્રવર્તે છે. ભાવમનનું કાર્ય પણ અનિયમિત અને હદ બહાર થાય છે તો મગજની નસો, થાકી જાય છે, અને તેથી શારીરિક અને માનસિક નબળાઇ જણાઇ આવે છે. કોઇ વખત નસો અને તેના અન્ય અવયવો ઉપર હદ બહાર ભાવમનના ચિંતવનના લીધે બોજો આવી પડે છે, તો ઘડીયાળના યંત્રોના તારોની પેઠે મગજ ખસી જાય છે, અને તેથી ગ્રહિલત્વ પ્રાપ્ત થાય છે. શરીરના મહેનતુઓ કરતાં મનના મહેનતુઓને અમુક સમય પર્યંત આરામ લેવાની ઘણી જરૂર છે. શારીરિક કાર્ય કરવા કરતાં માનસિક કાર્ય કરતાં ત્વરિત થાક લાગે છે. મીલોના સંચાઓમાંના યંત્રોમાં જેમ ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે અને ચરબીનો નાશ થાય છે. તેમ મગજનો સંચો ચાલે છે તે વખતે વીર્યનો અને રક્તનો વ્યય થાય છે એમ અનુભવ આવે છે, માટે હદ બહાર માનસિક વિચારણાઓ પણ કરવા યોગ્ય નથી. ક્રોધ, ભય, લોભ, રાગ અને અન્ય કામના વિચારોથી હૃદય ઉપર ખરાબ અસર થાય છે. અને તેથી પર્વતમાં સુરંગ ફોડવાથી પર્વતની જેવી અવસ્થા થાય છે તેવી મન, કાયા અને આત્માની નિર્બલાવસ્થા થાય છે. શારીરિક બળ અને માનસિક બળને ખીલવીને તેને આત્માના ગુણોને ખીલવવાના કાર્યમાં વાપરવું જોઇએ. કોઇ પણ વસ્તુનું ધ્યાન ધરતાં મન થાકી જાય વા કાયા પણ થાકી ગયેલી દેખાય ત્યારે અવશ્ય અમુક વખત સુધી શાન્તિ લેવી જોઇએ. જેઓના મગજ નબળાં છે તેઓએ મગજને થાક લાગે એમ જણાય એટલે વિશ્રામ લેવો. વિચારનું યંત્ર વિજળીના પાવર કરતાં અત્યંત ઝડપથી ચાલે છે. માટે વિચાર કરનારાઓ બહુ મહેનત કરે છે અને તેઓને ઘણો આત્મભોગ આપવો પડે છે. વિચાર કરનારાઓને પ્રાયઃ વીર્યાદિનો વ્યય કરવો પડે છે. અને તેઓ જ શાન્તિના વિચારો કરે છે તો ઘણા ઠેકાણે શાન્તિ ફેલાવી શકે છે. ખરી શાન્તિ તો પરભાવરમણતાના ત્યાગમાં થઇ શકે છે. તેવી શાન્તિ નાસ થાઓ !

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર સુદિ ૧૦ ગુરૂવાર. તા. ૨૮-૩-૧૨ પાદરા.

આ જગતમાં જ્યાં ત્યાંથી ગુણો ગ્રહણ કરવાનો વ્યાપાર કરવો જોઇએ. પોતાનામાં સર્વ પ્રકારના ગુણો માની લઇને અન્ય જનોની નિંદા ન કરવી જોઇએ. દોષીમાં દોષી એવા મનુષ્યમાં પણ ગુણદૃષ્ટિથી અવલોકતાં અમુક ગુણો દેખાય છે. પોતાનામાં વિશેષ ગુણો પ્રાપ્ત થતાં પોતાનાથી અધિક દોષી જીવોનો પણ તિરસ્કાર વા તેનું બૂરૂં ન ચિંતવવું જોઇએ. શ્રીતીર્થંકર કેવલી ભગવાન્ તેરમા ગુણસ્થાનકમાં હોય છે શ્રી વીતરાગ તીર્થંકરને બેસવામાટે ઇન્દ્રો અને દેવતાઓ રત્ન.સુવર્ણમય સમવસરણ બનાવે છે તે સમવસરણમાં બેસતાં **नमो तित्थस्स** એમ કથીને સમ્યક્શ્રુતજ્ઞાન વા શ્રુતજ્ઞાનના આધારભૂત એવા સાધુ સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને નમસ્કાર કરે છે. ભગવતીસૂત્રના વીશમા શતકમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને સંઘ કથ્યો છે. મૂળ પાઠમાં ચતુર્વિધ સંઘનું પ્રતિપાદન કર્યું છે. શ્રી તીર્થંકર ભગવાન્ પરસ્પર ચતુર્વિધ સંઘને નમસ્કાર કરે છે. તેમાંથી ઘણો સાર ખેંચવાનો છે. સાતમા અને છઠ્ઠા ગુણસ્થાનકમાં સાધુ સાધ્વી હોય છે. તેમનામાં હજી મોહની પ્રકૃતિયો છે. ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં શ્રાવક અને શ્રાવિકાઓનો સમાવેશ થાય છે. તેઓને પણ ઘાતીકર્મરૂપ દોષો રહ્યા હોય છે, છતાં સંપૂર્ણ ગુણમય એવા તીર્થંકર મહારાજા તેઓને નમસ્કાર કરે છે. તેમાં ગૂઢ ભાવ સમાયલો છે. શ્રી તીર્થંકર ભગવાન્ કૃતકૃત્ય છતાં જગતમાં વિનયની પરિપાટી શિખવીને અન્યોને પોતાનું દૃષ્ટાંત આપી પ્રબોધે છે કે શ્રુતજ્ઞાન વા ચતુર્વિધ સંઘથી ધર્મની પરંપરા રહેવાની છે. અને તેમાંથી તીર્થંકરો વગેરેની ઉત્પત્તિ થાય છે. માટે શ્રુતજ્ઞાન વા ચતુર્વિધ સંઘ રૂપ તીર્થને નમસ્કાર કરવો જોઇએ. **विणओ मूलं धम्मस्स** ધર્મનું મૂળ વિનય છે એમ ભગવાન્ સર્વગુણી છતાં સદોષી અને કેટલાક ગુણવાળા એવા તીર્થને નમસ્કાર કરી વિનયની મહત્તા દર્શાવે છે. કેટલાક પોતાના ગુણનું અભિમાન કરનારાઓ શ્રી તીર્થંકરે સંઘને કરેલા નમસ્કાર યાદ કરે તો જૈન સંઘ પૈકી કોઇ પણ મનુષ્યને હલકા ગણવાની અને તેનો અવિનય કરવાની વૃત્તિનો ત્યાગ કરી શકે. તીર્થંકર સંઘને નમસ્કાર કરે છે અને પોતાના દાસભૂત એવા સંઘને નમસ્કાર કરીને જગત્ ઉપર વિનયની અપૂર્વ છાપ બેસાડે છે. તેના પગે ચાલનાર એવા સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓ

સાત્વિકગુણી ભક્તિ ખરેખર અનન્તગુણુ ઉત્તમ છે. પરમાત્માના ગુણોની સાથે એકતાનતારૂપ ભક્તિ પ્રકટવાથી હૃદયરૂપ ક્ષેત્રમાં શુદ્ધ પ્રેમરૂપ પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિ થાય છે, અને તેથી હૃદયક્ષેત્રમાં અનેક સદ્ગુણોરૂપ વૃક્ષો પ્રકટી નીકળે છે. ઉત્તમ ભક્તિરૂપ વૃષ્ટિની ધારા ખરેખર હૃદયક્ષેત્રમાં થાય અને હૃદયમાં ગુણો ન પ્રકટે એમ બને નહિ જેના હૃદયરૂપ ક્ષેત્રમાં ઉત્તમ જ્ઞાન, સત્ય આદિ અનેક ગુણવૃક્ષો ઉગી નીકળ્યાં હોય તો તે વડે જાણવું કે તેના હૃદયમાં ઉત્તમ પ્રભુ ભક્તિની વૃષ્ટિ થઇ છે. પરમાત્માના અનેક ગુણોનું જ્ઞાન કરીને પરમાત્માના અનેક ગુણો આત્મામાં પ્રકટાવવા ઉદ્યમ કરવો. એજ પરમાત્માની આજ્ઞા રૂપ ભક્તિના અમો ઉપાસક છઇએ.

× × × ×

સંવત ૧૯૬૮ ચૈત્ર સુદિ ૧૨ શનિવાર. તા ૩૦-૩-૧૨ પાદરા.

સમ્યગ્દષ્ટિ જીવને સંશય વિપર્યય અને અનધ્યવસાય છે તે પણ જ્ઞાનરૂપજ છે. સંશયનો કથંચિત્ ઇહામાં સમાવેશ કરવામાં આવે છે. મિથ્યાદષ્ટિ જીવે શો અપરાધ કર્યો છે કે જેના સંશય, વિપર્યય અને અનધ્યવસાય અજ્ઞાનરૂપ ગણી શકાય ? શ્રી વિશેષાવશ્યક ભાષ્યની ૩૧૯ મી ગાથામાં મિથ્યાદષ્ટિનું સર્વ જ્ઞાન તે અજ્ઞાનરૂપ છે એમ જણાવ્યું છે. તે ગાથા તથા ૩૨૦ મી ભાષ્યની ગાથાનું મનન કરતાં સમ્યગ્દૃષ્ટિને સંશય વગેરે થાય છે એમ જણાવ્યું છે.

तथा च तद्गाथा.

सदसद्विसेसणाओ भवहेउ जहिच्छिओवलंभाओ
नाणफलाभावाओ मिच्छद्दिट्ठिस्स अन्नाणं ॥ ३१९ ॥
एगं जाणं सव्वं जाणइ, सव्वं च जाणमेगंति ।
इय सव्वमयं सव्वं, सम्मद्दिट्ठिस्स जं वत्थु ॥ ३२० ॥

અજ્ઞાની સત્ અને અસત્ અનંત ધર્મ વડે યુક્ત પદાર્થને જાણી શકતો નથી. તે સંસારના હેતુઓને પણ સમ્યગ્ અવબોધી શકતો નથી. મુક્તિના હેતુઓને પણ સમ્યગ્પણે અવબોધી શકતો નથી. એક આત્મામાં અનંત અસ્તિ ધર્મ રહ્યા છે અને અનંત નાસ્તિધર્મો રહ્યા છે. તેથી એક આત્મા સ્વ અને પર પર્યાયો વડે સર્વ જગત્મય છે. એક

સંશયકાલમાં વા નિર્ણયકાલમાં તે મિથ્યાદષ્ટિયો શ્રીસર્વજ્ઞદષ્ટ અનન્તપર્યાયમયી વસ્તુને જાણતા નથી. કેવળજ્ઞાનિએ દેખેલા યથાવસ્થિત વસ્તુના સ્વીકારનો અભાવ હોવાથી તેઓનો નિર્ણય અજ્ઞાનરૂપ છે. માટે તેઓનું નિશ્ચયરૂપ વા સંશયરૂપ સર્વ જ્ઞાન તે અજ્ઞાનરૂપ છે.

अहवा जहिंदनाणो-पओगओ सम्मयत्तणं होइ ।
तह संसयाइभावे, नाणं नाणोपओगाओ ॥ ३२५ ॥ विशेषा०

પરમૈશ્વર્યાદિ અભાવકાલમાં પણ ઇન્દ્રજ્ઞાનોપયોગી એવો દેવદત્ત જેમ ઇન્દ્રસમયત્વને પામે છે, ભાવેન્દ્ર આ છે એવા વ્યપદેશને પામે છે તે પ્રમાણે સમ્યગ્દષ્ટિને પણ સમ્યગ્દર્શન લાભ કાલમાં સર્વદા જ્ઞાનોપયોગના સદ્ભાવથી સંશયાદિ સર્વ જ્ઞાનરૂપ ગણાય છે. કારિગ્યનો સદ્ભાવ છતાં પણ ઇન્દ્રજ્ઞાનોપયોગથી જ્ઞાતા ઇન્દ્ર જ ગણાય છે તેમજ રજ્જુ વગેરેના અધ્યાર-સમ પહેલું [illegible] સદાચારજ્ઞાનને પામે છે, તેમ સંશય વિપર્યય અને અનધ્યવસાય પણ જ્ઞાનીને જ્ઞાનરૂપે પરિણમે છે. અને મિથ્યાદષ્ટિને તો સર્વ જ્ઞાન, અજ્ઞાનરૂપે પરિણમે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ચૈત્ર સુદિ ૧૫ સોમવાર. તા. ૧-૪-૧૨ પાદરા.

સામાન્યમતિમાં મતિજ્ઞાન અને મતિ અજ્ઞાન એ બેનો સમાવેશ થાય છે સામાન્યમતિના ચાર જાતીય ભેદ કહેવાય છે. ઔત્પાતિકી, વૈનયિકી પારિણામિકી અને કાર્મિકી એ ચાર પ્રકારની મતિના પણ અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ ચાર ભેદ થાય છે તેથી તે ચાર પ્રકારની બુદ્ધિનો પણ મતિના સજાતીય ભેદમાં સમાવેશ થાય છે. એમ સમજવું. [illegible] મતિ [illegible] ભેદ બહુ, બહુ પ્રકારે [illegible] મતિના અનન્ત ભેદ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જ્ઞાન પણ અજ્ઞાનરૂપ ગણાય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] શ્રી વીતરાગ,

એવાં દ્રવ્યોને એ ત્રણ ઇન્દ્રિયો ગ્રહણ કરે છે. ચક્ષુતો અપ્રાપ્ત એવાં વિષયને ગ્રહણ કરે છે. અને તે યોગ્ય દેશમાં રહેલા એવા વિષયને ગ્રહણ કરે છે. શ્રોત્રેન્દ્રિય વિજ્ઞાન પટુતર છે. અને ઘ્રાણાદિક ત્રણ તો પટુતર-વિજ્ઞાનત્વ નથી. નયન, લાખ યોજન પર્યંત દેખી શકે છે. શ્રોત્રેન્દ્રિય ઉત્કર્ષથી બાર યોજનથી આવેલા એવા મેઘ ગર્જિતાદિ શબ્દને ગ્રહણ કરે છે. ઘ્રાણેન્દ્રિય રસનેન્દ્રિય અને સ્પર્શનેંદ્રિય એ ત્રણ ઇંદ્રિયો ઉત્કૃષ્ટ નવ યોજનથી આવેલા એવા પોતપોતાના વિષયોને ગ્રહણ કરે છે. નવયોજનથી આવેલા ગંધવાળા દ્રવ્યમાં રસ પણ હોય છે તેથી રસનેન્દ્રિય તેને ગ્રહણ કરી શકે છે. બાર યોજનથી ઉપરાંતના વિષયોને શ્રોત્રેન્દ્રિય આદિ ઇન્દ્રિયો. ઇન્દ્રિય બળના અભાવે ગ્રહણ કરી શકતી નથી. નયનને વર્જીને બાકીની ઇન્દ્રિયો જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગમાં રહેલા વિષયોને ગ્રહણ કરી શકે છે. અંગુલના અસંખ્યાતમા ભાગમાં ચક્ષુનો વિષય નથી. રજ, મેલ વગેરે ઠેઠ પાસે રહેલા પદાર્થોને આંખ દેખી શકતી નથી. મનનો ક્ષેત્રથકી વિષય જાણવાનો નિયમ નથી.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૨ બુધવાર. તા. ૩-૪-૧૨ વડોદરા.

મન થકી થનાર એવા મતિ અને શ્રુતમાં પુદ્ગલ માત્ર નિબંધનનો અભાવ છે. પાંચ ઇન્દ્રિયોથકી થનાર મતિ અને શ્રુતમાં પુદ્ગલ માત્ર નિબંધનનિયત વિષય પરિમાણ છે. પાંચ ઇન્દ્રિયો પુદ્ગલ માત્ર નિબંધ નિયમ વાળી છે. સર્વ વક્તાઓ કાયાના યોગવડે શબ્દ દ્રવ્યોને ગ્રહણ કરે છે, અને વચનયોગવડે વક્તાઓ શબ્દદ્રવ્યોનું વિસર્જન કરે છે. જે વડે મન વાગ્દ્રવ્યોને ગ્રહણ કરે છે તે કાયિક યોગ છે અને જે સંરંભવડે તે વાગ્દ્રયોને મૂકે છે તે વાચિકયોગ છે. અને જેવડે મનોદ્રવ્યોને ચિંતામા વ્યાપારયુક્ત કરે છે તે મનયોગ છે. એક તનુયોગજ ઉપાધિભેદથી ત્રણ પ્રકારે વ્યવહારાય છે. પરમાર્થથી વિચારતાં તો સર્વત્ર એક કાયયોગજ છે. તનુયોગમાં મન અને વચનયોગનો અન્તર્ભાવ થાય છે કારણ કે કાયયોગવડે શબ્દ અને મનોદ્રવ્યનું ગ્રહણ થાય છે. પ્રાણ અને અપાનનો વ્યાપાર પણ કાયિકયોગથી ભિન્ન નથી. માટે તેનો

છતાં-જે મનુષ્ય પોતાનામાં સર્વ ગુણો ઉત્પન્ન થયા છે એમ માની લે છે તે ગુણોને પ્રકટાવવાને માટે ઉદ્યમ કરી શકતો નથી. આત્મામાં સત્તાએ અનન્ત ગુણો રહ્યા છે, પણ તેઓને પ્રકટાવ્યા વિના તો આત્માની પૂર્ણ સિદ્ધિ થવાની નથી. આગમો, ન્યાય અને વ્યાકરણ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરીને પંડિત થઇ શકાય છે. આગમોનો અભ્યાસ કરીને વિદ્વાન્ થયા બાદ પણ મનમાં ઉત્પન્ન થનાર ક્રોધ, માન, માયા, લોભ, નિંદા, પ્રપંચ, અને ઇર્ષ્યાદિ દોષોનો નાશ કરવા પ્રયત્ન કરવો જોઇએ. દોષોને ટાળ્યા વિના તો કદિ છુટકો થવાનો નથી અને તેમજ ખરી શાન્તિ મળવાની નથી. આગમો, ન્યાય અને વ્યાકરણ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરીને પંડિત થઇ શકાય છે; પણ તેના કરતાં ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, ક્લેશ અને ભેદભાવના આદિ દોષોનો નાશ કરનાર મનુષ્ય અનન્ત ગુણ ઉત્તમ ગણાય છે. જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે અન્તર્માં સદાકાલ ઉપયોગ રાખવો જોઇએ. પ્રમાદદશાના હેતુઓનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનારા અને અન્યોમાં પ્રમાદદશાની પંચાત કરનારા મનુષ્યો તો ઘણા મળી આવે પણ અપ્રમત્તદશાને ધારણ કરીને અન્યોને આદર્શની પેઠે દોષો ટાળવાને માટે નિમિત્તરૂપ બને એવા વિરલા મહાત્માઓ છે. દોષદૃષ્ટિથી અન્યોના મલીનચરિત્રોનો જેમના મનમાં સંસ્કાર પડે છે તે મનુષ્યોમાં અનેક દોષો વગર બોલાવ્યા છતાં આવે છે. માટે તેવા મનુષ્યો અપ્રમત્તદશાની પ્રાપ્તિ વા તેની સ્થિરતા કરી શકતા નથી. દોષદૃષ્ટિધારકોના સમાગમમાં જેઓ આવે છે, તેઓનામાં અપ્રમત્તદશાનો ભાવ પ્રકટી શકતો નથી. અપ્રમત્તદશામાં ચિત્તની સ્થિરતા થવાથી હૃદયમ શાસ્ત્રોનો સાર સારી રીતે પ્રકટી શકે છે. અપ્રમત્તદશાધારક મુનિવરોને સદાકાલ નમસ્કાર થાઓ !

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૫ શનિવાર. તા. ૬ એપ્રિલ ૧૯૧૨ વડોદરા.

આ કાલમાં સરાગ સંયમ છે. પ્રશસ્યરાગાદિના સદ્ભાવે સરાગ સંયમ કહેવાય છે. પણ અપ્રશસ્યરાગાદિના સદ્ભાવે સરાગ સંયમ કહેવાતું નથી. સરાગ સંયમના પણ અસંખ્યાત ભેદ પડે છે. જે રાગ અને દ્વેષ વડે સંવર તત્ત્વ સન્મુખ થવાય તે પ્રશસ્ય રાગ દ્વેષ કહેવાય છે. અપ્રશસ્ય રાગ દ્વેષના પરિણામને. પૂરો જાણવા માત્રથી કંઇ તેનો નાશ થતો નથી. કિન્તુ દેવ ગુરૂ આદિ શુભ આલંબનનું શરણ કરવામાં આવે છે. તોજ અપ્રશસ્ય રાગાદિને પ્રશસ્યરાગાદિપણે ફેરવી શકાય છે. શુભ નિમિત્તો વિના શુભ ભાવનાની પ્રાપ્તિ થઇ શકતી નથી. મનુષ્યે પોતાની ચારે તરફ શુભ નિમિત્તો ગોઠવી દેવાં જોઇએ, કે જેથી અશુભ પરિણામના સંયોગો મળતા છતાં પણ શુભપરિણામ ધારણ કરી શકાય. આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાથી આત્મામાં ઉચ્ચ વિવેક પ્રકટે છે, અને તેથી આશ્રવના હેતુઓને પણ સંવરપણે પરિણમાવવાની શક્તિ પ્રકટે છે. અધ્યાત્મજ્ઞાનની પરિપક્વદશાના તીવ્ર ઉપયોગે આશ્રવના હેતુઓને સંવર રૂપે પરિણમાવી શકાય એમ બની શકે ખરૂં. અનુભવથી જોતાં આ બાબતની શ્રદ્ધા આવે છે. અધ્યાત્મજ્ઞાનની પકવદશાનું અહંત્વ માનીને અજ્ઞાનીઓએ આશ્રવહેતુઓ અમને સંવરરૂપે પરિણમે છે એમ મિથ્યાવિવાદ કરવો નહિ. અનુભવની શાળાના વિદ્યાર્થી બનવું એ કંઇ સામાન્ય બાબત નથી. મનુષ્યોને એક અનુભવ ખરેખર ઉત્તરોત્તર અનેક અનુભવોને આપવા સમર્થ થાય છે. અન્તરંગ અને બાહ્યચારિત્રની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરવો જોઇએ. ચારિત્રધારકોએ સરાગતાનો કદિ દુરૂપયોગ કરવો નહિ આત્મસાધ્ય લક્ષ્યમાં રાખીને સંજ્વલન ક્રોધ, માયા, માન અને લોભને પ્રશસ્યરૂપે પરિણમાવવા જોઇએ. આત્માના શુદ્ધધર્મનો ઉપયોગ ધારણ કરીને તેમાં રમણતા કરનારને ઉચ્ચ પરિણામની ધારા પ્રાપ્ત થાય છે. ગીતાર્થ ગુરૂપર રાગ ધારણ કરવાથી રાગને આત્માના આલંબન રૂપમાં ફેરવી શકાય છે. આત્મરૂપ સાધ્યના રસીયાનું નિશાન તો વીતરાગદશારૂપ હોય છે વીતરાગ-દશાના ઉપયોગીને સરાગસંયમ એક પગથીઆ જેવું છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ચૈત્ર વદિ ૭ સોમવાર તા. ૮-૪-૧૨ વડોદરા.

કોઇપણ પ્રકારની ભાષાના શબ્દોને મગજમાં ભરી રાખવાથી કોઇ તત્ત્વજ્ઞાની ગણી શકાતો નથી. સંસ્કૃત ભાષાને જાણે એ જ્ઞાની ગણાય અને ગુજરાતી વગેરે ભાષાઓ જાણે અને તેમાં ગ્રન્થો લખે એ જ્ઞાની ન ગણાય એવો કંઇ નિયમ નથી. ગમે તે ભાષાનું જ્ઞાન કરવામાં આવે તો પણ તેથી જ્ઞાનીપણું પ્રાપ્ત થઇ શકતું નથી. ભાષા એ જ્ઞાન રૂપ મનુષ્યનાં વસ્ત્રો છે. જ્ઞાનના મકાનરૂપ અનેક ભાષાઓ છે. જે દેશમાં જે કાલે જે ભાષા જીવતી હોય છે તેનાવડે અન્યોને બોધ આપવા માટે ગ્રન્થો વગેરે લખતાં લખાવતાં પાંડિત્ય કદાપિ ઘટતું નથી. જૈનાચાર્યોએ આજ નિયમને અનુસરી સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી વગેરે ભાષાઓનું અવલંબન લઇને અનેક ગ્રંથો રચ્યા છે કોઇપણ ભાષામાં સત્ય તત્ત્વોનો ઉપદેશ દેવો અને કોઇ પણ ભાષામાં સત્ય તત્ત્વના ગ્રંથો રચવા એજ પંડિતોનું ખરૂં પાંડિત્ય છે. સંસ્કૃત ગ્રંથોનું ગુજરાતી વગેરે ભાષાન્તર કર્યા વિના છૂટકો ન થતો હોય તેવા સમયમાં સંસ્કૃતભાષામાં ગ્રંથો રચીને ફક્ત પાંડિત્ય દર્શાવવાની દૃષ્ટિ રાખવી એ વસ્તુતઃ જોતાં યોગ્ય નથી. ભાષાઓ સંકેત રૂપ હોવાથી દેશકાલના યોગે અનેક ભાષાઓ પ્રકટી નીકળે છે. સર્વ જીવો પ્રાયઃ ને તે દેશ અને કાલાનુસારે જીવતી ભાષામાં વિશેષ સમજી શકે છે. તેથી તીર્થંકર ભગવન્તો પણ અર્ધ પ્રાકૃત મિશ્રિત ભાષામાં ઉપદેશ આપે છે તેથી તેમના કેવલજ્ઞાનને કંઇ હાનિ પહોંચતી નથી. જુની ભાષાઓનું અને જુની ભાષાઓમાં લખાયલાં પુસ્તકોનું સંરક્ષણ કરવું એ વાત કદિ ભૂલવા યોગ્ય નથી; ભાષાના પાંડિત્યથી અહંકાર કદિ કરવો જોઇએ નહિ. મગજરૂપ કોથળામાં ભાષાના શબ્દોરૂપ દાણાઓને ભરવા અને મંગાવવા માત્રથી કંઇ પાંડિત્ય પ્રાપ્ત થતું હોત તો રેલવે ગાડીઓને પણ પાંડિત્યપદ પ્રાપ્ત થઇ શકે. શબ્દોદ્વારા વિવેકજ્ઞાનને પ્રાપ્ત કરીને આત્માના સદ્ગુણો મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. શુદ્ધ પ્રેમ, મૈત્રી ભાવના, ક્ષમા આદિ સદ્ગુણો મેળવાય તો ભાષાની સફળતા ગણાય. ભાષાના પાંડિત્યમાત્રથી આત્માની શુદ્ધદશા થતી નથી. ભાષા કરતાં આન્તરિક સદ્ગુણોના સ્ફુરણાઓ વિશેષ પ્રકારે શોભી શકે છે. ગુણોના લાલિત્ય આગળ ભાષાનું લાલિત્ય હિસાબમાં નથી.

× × × ×

ભેદથી વ્યવહાર અને નિશ્ચય ન થતાં જ્ઞાન વડે અધિકાર પરત્વે કેળવણી પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ચૈત્ર વદિ ૮ બુધવાર તા. ૧૦ એપ્રિલ ૧૯૧૨ વડોદરા.

વેષ માત્ર પહેરવાથી સાધુઓ બની શકતા નથી. લોચ કરવાથી વા માથું મુંડાવા માત્રથી કોઇ પણ સાધુ થઇ શકે નહિ. વેષ, આચાર અને ગુણો આ ત્રણ જેઓમાં છે તેઓ સાધુઓ કહેવાય છે. સાધુઓના સદ્ગુણો જેઓમાં છે એવા સાધુઓનું બહુ માન કરવું. સાધુઓના આચારનાં કેટલાંક સૂત્રો અને પક્ષ બાંધવાની શક્તિ થોડી આવી એટલે ગામો ગામ ફરીને અન્ય સાધુઓની નિંદા કરવી અને પોતાનો પક્ષ વધારવો આ કંઇ ઉત્તમ સાધુઓનાં લક્ષણ નથી. કેટલાક જૈન સાધુઓમાં હાલ ગુણાનુરાગ દૃષ્ટિ પ્રાયઃ દોષદૃષ્ટિરૂપે પરિણમી ગએલી દેખાય છે. તેથી જૈનસાધુઓ સાધુના આચાર મળતાં છતાં પણ પરસ્પર એક બીજાની હેલના કરી કરાવીને જૈનશાસનની હેલના કરાવે છે. કેટલાક એકાન્તક્રિયાવાદિ સાધુઓમાં ક્રિયાઓની તકરારો પરસ્પર ચાલ્યા કરે છે. અને તેઓ પરસ્પર એક બીજાની અમત ટીકા કરીને જૈનોમાં જૈનેતર વર્ગમાં પોતાની મેળે હલકા પડે છે. સ્વપક્ષોત્કર્ષ અને પરપક્ષનો અપકર્ષ કરવાનો કેટલાક સાધુઓમાં અને શ્રાવકોમાં જોરશોર [illegible] નીકળી છે તેથી તેઓ પરસ્પરની અમત ટીકાઓથી નવરા થતા નથી. ખટપટ કરનારના પ્રતાપે હાલ શાન્તિનું સામ્રાજ્ય પ્રકટે શે. કેટલાક જૈન સાધુઓની સંકુચિતદૃષ્ટિના લીધે પ્રાય. ઘણા જૈનોમાં વિશાલ વિચારોનો ફેલાવ થવાથી જૈનસંઘથી મહાન્ કાર્યો થઇ શકતાં નથી. કેટલાક [illegible] પૂજાના પ્રવર્તક શુદ્ધરો પણ જૈનોના [illegible] [illegible] [illegible] [illegible] સ્પતકાળમાં પણ કેટલાક જૈનોમાં સાધુઓ પ્રતિ [illegible] દેખાય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે તો ફરે [illegible] જાય છે. તેમ ઘણાં ઘણા ભિન્ન ભિન્નાભિપ્રાયો [illegible] અને એક

બીજાની અપેક્ષામાં [illegible] કલેશ કરાવનાર પણ સાધુએ [illegible] [illegible] [illegible] કેમ કલેશ, કુસંપ, અને નાસ્તિ- [illegible] [illegible] છે. [illegible] મનભેદોના ઝઘડાઓમાંથી કોનનું અને મંડળોનું [illegible] [illegible] [illegible]. જૈનસાધુઓનું [illegible] ભિન્નભિન્ન થવાથી તેઓ શ્રી મહાવીર પ્રભુની દુકાનમાં મનુષ્યોનો [illegible] કરી શકતા નથી. હે શ્રુતદેવતાઓ ! તમો જૈનશાસનને ખીલવો. મતભેદ, ઇર્ષ્યા, નિંદા વગેરેથી જૈનસાધુઓને મુક્ત થવામાં સાહાય્ય કરો. ચતુર્વિધ સંઘની ગુણો- વડે અભિવૃદ્ધિ થાઓ !

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૯ ગુરૂવાર. તા. ૧૧-૪-૧૨ પાદરા.

પાંચ ઇન્દ્રિયોની સાથે મન જોડાય છે ત્યારે ઇન્દ્રિયોથી વિષયનું ગ્રહણ થાય છે. મનને આત્માના શુદ્ધ ગુણોમાં જોડવામાં આવે છે તો બાહ્યની ઇન્દ્રિયોનો વ્યાપાર પ્રવર્તતો નથી. આત્માની સાથે યોજાયેલું મન ખરેખર આત્મિક સુખ પ્રકટાવવા માટે નિમિત્તપણે પરિણમે છે. આત્મામાં પરિણામ પામેલું ભાવ મન ખરેખર બાહ્યના દુઃખ સંયોગોથી દૂર રહે છે. આત્મામાં પરિણામ પામેલું મન વસ્તુતઃ કર્મ બાંધવાને માટે શક્તિમાન્ થતું નથી. કિન્તુ મોહાદિ કર્મનો નાશ કરવાને માટે શક્તિમાન્ થાય છે. બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં રાગ અને દ્વેષપણે ભાવ મન પરિણમતું હોય છે ત્યારે કર્મ બંધાય છે પણ બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં રાગ અને દ્વેષ યુક્ત મન ન જોડાય ત્યારે બાહ્ય વિષયો, કર્મ બંધમાં હેતુ [illegible] નથી. રાગદ્વેષના પરિણામથી રહિત એવું મન તે મોક્ષનું કારણ છે. આત્માના સ્વરૂપમાં રમણતા કરવામાં આવે છે ત્યારે ભાવ ચારિત્ર [illegible] આત્મામાં રમણતા કરતા કરતા આનન્દ રસની ઝાંખી અનુભવાય છે તે વખતે ત્રણ ભુવનના બાહ્ય સુખો તૃણમાત્ર ભાસે છે. એકવાર આત્મ સુખનો અનુભવ આવે છે તો પશ્ચાત્ દુનિયાના પૌદ્ગલિક સુખની સ્પૃહા છૂટે છે. પાંચ ઇન્દ્રિયોની સાથે સ્વાર્થ વિના દુનિયાના શ્રેયઃ માટે મન જોડાય છે, અને પારમાર્થિક કાર્યો કરાય છે; તો નિષ્કામ કર્મ યોગીની દશા પ્રાપ્ત થાય છે. પાંચે ઇન્દ્રિયોનો વ્યાપાર થયા વિના તો રહેતો નથી,

ત્યારે કર્મબંધ ન થાય તેવી રીતે મનને જોડીને કાર્ય કરવામાં આવે તો તેથી દુનિયાની તથા પોતાની ઉન્નતિ સાધી શકાય છે. પરમાર્થ વ્યવહારિક કાર્યો કરવામાં તથા આત્માના સદ્‌ગુણોમાં રમણતા કરવામાં રાગ દ્વેષ રહિત મનની દશા કરવાની ખાસ જરૂર છે. પ્રારબ્ધ કર્મને શરીરદ્વારા ભોગવ્યા વિના છૂટકો થવાનો નથી. ત્યારે તે વખતે મનની સમાનદશા જળવાઈ રહે એવી ઉચ્ચદશા સેવ્યા વિના કાર્યસિદ્ધિ થવાની નથી. લાગણીને દુઃખવનારા અનેક શબ્દો સાંભળવામાં આવે વા અન્ય તરફથી ઉપસર્ગ કરવામાં આવે તોપણ પારમાર્થિક કાર્યો કરવામાં અથવા આત્મરમણતામાં મનને બાહ્ય સંયોગોથી અસર થાય નહિ એવી દશા પ્રાપ્ત કર્યા વિના પોતાનું અને દુનિયાનું ભલું કરવા શક્તિમાન્ થઈ શકાતું નથી. આત્મામાં ઉંડું ઉતરી ગયેલું અને ત્યાં સ્થિર થએલું મન ખરેખર અન્તરના આનન્દથી છકી શકે છે અને તેનું પ્રતિબિંબ જાણે બહિરમાં દેખાતું હોય એવો ભાસ થાય છે, સહજાનંદ રસમાં મનને બોળી દો.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૦ શુક્રવાર. તા. ૧૨-૪-૧૨.

નવા યુગનો આરંભકાલ ખરેખર નૂતન વિચારોથી થાય છે. દોડતા જમાનામાં મનુષ્યોએ દોડવું જોઈએ; પણ પાછળ પડવું જોઈએ નહિ. જુનું તે સારૂં અને નવું તે ખોટું એવી બુદ્ધિ રાખવી નહિ. અને તેમજ નવીન તે સારૂં અને જુનું તે ખોટું એમ માનવાની પણ કદિ ભૂલ કરવી નહિ. જૂનામાંથી જે જે સારૂં લાગે તે લેવું અને નવીનમાંથી જે સારૂં લાગે તે લેવું, અને અભ્યુદયમાર્ગમાં એક સ્થિર દૃષ્ટિ ધારણ કરીને ચાલવા જવું જોઈએ. જૂના અને નવા વિચારો માટે પંથો ઉભા કરવાની જરૂર નથી. નવા અને જૂના વિચારોની તુલના કરવી જોઈએ. અને જુના તથા નવા વિચારોને સાંકળના આંકડાઓની પેઠે ગોઠવીને ઉત્ક્રાંતિક્રમના પગલું ભરવું જોઈએ. સર્વ બાબતોના વિચારોને અપેક્ષારૂપ આંકડાઓથી ગોઠવીને તેઓની વિચાર સાંકળ બનાવવી જોઈએ. આ જમાનો આગળ વધવાનો છે પણ હાથ પગ બાંધીને બેશી રહેવાનો નથી. જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે. અને જે હાલે છે તેનુ નસીબ પણ હાલે છે. જે

રૂપ ગંગા નદી ખરેખર જેઓના હૃદયમાં વહે છે તેઓનામાં પાપરૂપ મેલ રહી શકે નહિ. અધ્યાત્મરસની શીતલતા ખરેખર આન્તરિક સર્વ પાપોને હરવા માટે સમર્થ થાય છે. આખી દુનિઆમાં અધ્યાત્મજ્ઞાનના વિચારો ફેલાવવાથી મનુષ્યો આત્મિક આનન્દ સન્મુખ ગમન કરવા શક્તિમાન્ થાય છે. અધ્યાત્મજ્ઞાન રૂપ સૂર્યકિરણોથી અહમમત્વરૂપ બરફના પહાડો ક્ષણુ માત્રમાં ઓગળી જાય છે. અને આત્મારૂપ આકાશમાં શોક ચિન્તાઓનાં વાદળાં પણ રહી શકતાં નથી. નિત્ય જ્ઞાનપ્રકાશના ઉદયવાળો આત્મા છે. આત્માનું જ્ઞાન કરીને આત્મધર્મમાં પરિણમવાથી આત્માનો આનન્દરસ પ્રકટ્યા વિના રહેતો નથી. દુનિયામાં મરજીવા થઇને આત્માના આનન્દરસનું પાન કરીને આત્મભાવે જીવવું જોઇએ. આત્માના આનન્દરસનું પાન કરનારાઓ જે કંઇ કરે છે, બોલે છે તેમાં સાધ્યશૂન્યદષ્ટિ હોતી નથી આત્માને આત્મરૂપે જાણવાથી સહજાનન્દ રસ પ્રાપ્ત કરી શકે છે. અનેક મહાત્માઓએ પાતાળી કૂવાની સેરોના જેવો ઇન્દ્રિયાતીત આત્માનંદ પ્રાપ્ત કર્યો. વર્તમાનમાં પણ તે અમુક અંશે પ્રાપ્ત થાય છે. આધ્યાત્મજ્ઞાનથી, પરમાત્માના જેવું નિત્ય સુખ આસ્વાદી શકાય છે. અને તેનું સુખ ખરેખર આત્મામાં છે. ત્યારે હવે તેને માટે બહિર્ કેમ ફાંફાં મારવાં જોઇએ. આખ્ખા ! ફાંફાં ન મારવાં જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૨ રવિવાર. તા. ૧૪ એપ્રિલ ૧૯૧૨.

અધ્યાત્મજ્ઞાનથી વિશાલ દષ્ટિ થાય છે. અને તેથી ધાર્મિક આદિ અનેક ક્રિયાઓની વિભિન્નતાઓ છતાં પ્રત્યેકમાંથી સત્ય રહસ્ય સમ્યગ્રીત્યા આકર્ષી શકાય છે. દરેક આચાર્યોના વિચારોનું સાધ્યબિંદુ કયું છે તે અવબોધ્યા સિવાય તેઓના ભિન્ન ઉપદેશ શ્રેણિના પુસ્તકોના વાચનથી પસાર થવું મુશ્કેલ છે. સંકુચિતદષ્ટિને વિશાલદષ્ટિમાં રૂપાન્તર કરવા નાખવી હોય તો અધ્યાત્મશાસ્ત્ર આદિ અનેક શાસ્ત્રો - પ્રાચીન દરેક ગ્રન્થકર્તાઓના આશયોને શોધી કહાડવા જોઇએ. સર્વ નૂતન પુસ્તકોમાંથી સાર ભાગ ગ્રહણ કરવાની શક્તિને પ્રાપ્ત કરવી જોઇએ. હાલનો જમાનો પણ ગુણાનુરાગદષ્ટિથી દરેકમાંથી સારભાગ ખેંચવાનું શિખવે છે. દુનિયા રૂપ

કથળે ઉપદેશ દેવો જોઇએ. વિવિધ પ્રકારના મનુષ્યોને બોધ કેવી રીતે આપવો તે જાણવો જો જે જીવોને અનુભવ હોય તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. શાસ્ત્રોને શાસ્ત્રોના અધિકાર પ્રમાણે તેઓને દેવે અને સમજણ પડે એવો ઉપદેશ દેવો જોઇએ. ક્ષમાને યોગ્ય વિના ઉપદેશ દેવામાં આવે છે તો તેનું સમ્યક્ ફલ પ્રાપ્ત થતું નથી. કોઇનું હિત વા નિંદા વગેરેનો પ્રકાશ ન થાય અર્થાત્ અમુકનામાં અમુક દોષ છે, એમ કોઇ નામપૂર્વક નિશ્ચય કરી શકે એવો ઉપદેશ ન દેવો જોઇએ. ઉપદેશથી મનુષ્યોનું આકર્ષણ થાય અને તેઓ ધર્મમાં પ્રગતિ કરી શકે એવી રીતે બોધ દેવો જોઇએ. ઉપદેશકોએ પોતાનામાં પુષ્ટ પ્રકારના જોઇએ. આજની ઉપદેશકોથી અન્યોના હૃદયમાં અસર અસર કરી શકાતી નથી. વર્તમાનકાળમાં ઘણાં પુસ્તકો વાંચવાથી અને ભિન્ન ભિન્ન ધર્મના ઉપદેશકોની ઉપદેશશૈલીનું નિરીક્ષણ કરવાથી ઔપદેશિક કાર્યમાં વિજય મેળવી શકાય છે. પાલીતાણાના મુનીઓની પેઠે કેટલાક મહાત્માઓ જ્યાંત્યાં આવી શકતા નથી. જમાનાને અનુસરીને મનુષ્યોના વિચારોમાં કેટ કેટ ફેરફારો થાય છે. તે જાણવો જોઇએ ને અનુભવ નથી તેઓ જમાનાને અનુસરી જૈનધર્મનો ઉપદેશકે પણ ફેલાવો કરવા શક્તિમાન થતા નથી. જમાનાને અનુસરી વ્યાપારીઓ વ્યાપારમાં ફાવી શકે છે. અનેક જાતના વ્યાપારીઓ જે જમાનાના અનુસારે જૂનાની સાથે નવી બાબતોને મેળવ ન કરે તો ખતા ખાય છે, તે પ્રમાણે પૂજ્ય મુનિવરોએ પણ ઉપદેશક શૈલી સંબંધી અનુભવ કરવો જોઇએ.

× × × ×

સંવત ૧૯૬૮ ચૈત્ર વદિ ૧૪ મંગળવાર. તા. ૧૬-૪-૧૨ પાદરા.

જ્યાં નીતિના ઉપદેશ પ્રમાણે નીતિનું સદ્વર્તન નથી, તેનો વ્યવહાર તે સત્ય વ્યવહાર તરીકે ગણાતો નથી. અનેક મનુષ્યો ઉપદેશ દેવામાં અને વાતો કરવામાં દેવ જેવા લાગે છે પણ તેઓનું વર્તન તપાસવામાં આવે છે તો તેઓ ફક્ત વાગ્વિલાસીયાજ માલુમ પડે છે. જે વ્યવહારમાં નીતિના સદ્‌ગુણો હોતા નથી, તેઓ માત્ર વ્યવહાર માત્ર બોલનારા છે. જેઓ વ્યવહારને એકાંતે પુષ્ટ ગણીને નિશ્ચયધર્મનો તિરસ્કાર કરે છે;

જોઇ. વારંવાર આવો ઉત્તમ અવસર તને મળનાર નથી. આત્માના શુદ્ધ સ્વરૂપનું શ્વાસોચ્છ્વાસે સ્મરણ કર્યા કર ! હે ચેતન ! આ અસાર સંસારમાં એક ધર્મ છે તે સારભૂત માનીને તેની પ્રાપ્તિ માટે ક્ષણે ક્ષણે પ્રયત્ન કર્યા કર. જ્ઞાન અને સત્તાનો અહંકાર કર નહિ. કોઇ પણ જીવને પીડા થાય, એવો મન વાણી અને કાયાથી પ્રયત્ન કરીશ નહિ. સદ્ગુણો માટે દરરોજ અભ્યાસ કર. પોતાનામાં રહેલા દોષોને ટાળવા માટે પ્રયત્ન કર. ભૂલ્યો ત્યાંથી ફરીથી ગણ. અગમ એવું તારૂં સ્વરૂપ અવબોધવાને માટે દરરોજ આત્મચિંતન કર્યા કર. શ્રી વીતરાગ પ્રભુના સદ્ગુણોની ઉપાસના કરીને જાગ્રત્ રહેવા પ્રયત્ન કર. મનમાં ઉત્પન્ન થનાર મોહના અધ્યવસાયોને ટાળવા માટે સદાકાલ પ્રયત્ન કર્યા કર. રાગદ્વેષના વિકલ્પથી રહિત એવા નિર્વિકલ્પ ચેતન સ્વરૂપનો અનુભવ કરવા ધ્યાન કર. આત્માના શુદ્ધધર્મનો રસિયો થવાને ઉદ્યમ કર કે જેથી પરરાગાદિભાવની રસિકતા ટળે. અને સહજાનન્દ સુખનો ભોગી તું બની શકે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની સેવના કરવી તેજ આત્માની સેવા છે. બહુ બહુ બોલીને પણ હે ચેતન ! તે પ્રમાણે પ્રવૃત્તિ કરીને આગળ વધ. એક સંકલ્પ પણ નકામો જવાનો નથી. માટે આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના ભાવ્યા કર. હે આત્મન્ ! તારા ગુણોને પ્રકટ કરવાનો આ અમૂલ્ય સમય છે, તેની સફલતા કર.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના વૈશાખ સુદિ ૨ ગુરૂવાર. તા. ૧૮-૪-૧૨ પાદરા.

વક્તા કંઠમાંથી જે શબ્દો કાઢે છે. અને તેમાં જે જણાવે છે, તેના કરતાં ઘણું તેના હૃદયમાં રહી જાય છે. લેખક જે કંઇ લખે છે, તેના કરતાં ઘણું જ્ઞાન ખરેખર તેના હૃદયમાં રહી જાય છે. હૃદયમાં જેટલા વિચારો કર્યા હોય છે, તેટલા સર્વે શબ્દોદ્વારા બહિર્ આવી શકતા નથી. બોલેલા શબ્દો ઉપર અનુમાન કરીને હૃદયના સર્વ આશયોનો આધાર રાખવામાં ભૂલ થાય છે. હૃદયમાં જેટલા વિચારો થયા કરે છે, તેટલા વાણી વડે કથી શકાતા નથી. અને જેટલા વિચારો કહેવામાં આવે છે તેટલા લખી શકાતા નથી. અનુભવજ્ઞાનવાળું હૃદય ખરેખર પાતાળીયા કૂવા જેવું છે. તેમાંથી વિચાર રૂપ જલ ખૂટતું નથી. મનુષ્યોના હૃદયમાં ક્ષણે ક્ષણે અમુક

સાહિત્ય સેવા વગેરે કાર્યોનો લાભ ભવિષ્યના મનુષ્યો લેવાના છે. અને તે કાર્યો કરવાં એ પોતાની ફરજ છે. અને તે અદા કર્યા વિના છૂટકો નથી. એમ નિશ્ચય કરીને વિવેકપૂર્વક ખરેખર ધર્મ પ્રગતિ કાર્યોમાં મંડયા રહેવાની જરૂર છે, ધર્મસેવા એજ જૈનોનું ઉત્તમ કર્તવ્ય છે. દુનિયાના સઘળા મનુષ્યોને જૈનધર્મ ઉત્તમ લાભ આપવા સમર્થ છે માટે આખી દુનિયામાં સાર્વભૌમ થવાને માટે જૈનધર્મ લાયક છે. આગબોટને ચલાવનારા કેપ્ટનો જો હુશીયાર હોય છે તો આગબોટને ઇચ્છિત સ્થાનમાં પહોંચાડે છે. તે પ્રમાણે જૈનધર્મનો ફેલાવો કરનારા મહાત્માઓ દેશકાલના જ્ઞાતાઓ અને ગીતાર્થો હોય છે, તો જૈનધર્મની અપૂર્વ મહત્તાનો લાભ ખરેખર આખી દુનિયાને આપવા સમર્થ બને છે. ધર્મના પ્રવર્તકો પરસ્પર હળીમળીને જૈનધર્મના સામાન્ય ઉપાયોના સિદ્ધાન્તોને ફેલાવવા પ્રયત્ન કરે તો ખરેખર તેનો લાભ આગળના અર્થાત્ ભવિષ્યના મનુષ્યોને પ્રાપ્ત થઇ શકશે. અન્યધર્મની ખૂબીઓ કરતાં જૈનધર્મનાં તત્ત્વોની ખૂબીઓ ઉત્તમ છે, એમ જૈનોએ દુનીઆને દેખાડવું જોઇએ. જૈનધર્મની સેવા કરવાથી પોતાના આત્માની શુદ્ધતા થાય છે. માટે સર્વ જૈનોએ હવે જાગૃત થઇ કાર્યમાં પ્રવૃત્ત થવું જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના વૈશાખ સુદિ ૪ રવિવાર તા. ૨૧-૪-૧૨ પાદરા.

જૈનશાસનની પ્રભાવના રાખનારા મુનિવરોએ અષ્ટાંગયોગની આરાધના કરવી. જૈનશાસ્ત્રોની શૈલી પ્રમાણે પર્વતની ગુફાઓ અને નદીઓના કાંઠામાં યોગ્ય વ્યવસ્થાપૂર્વક રહીને આત્માની લબ્ધિયોને પ્રગટાવવા પ્રયત્ન કરવો. સૂરિમંત્ર અને વર્દ્ધમાનવિદ્યા વગેરેની એકાંત ગુફા વગેરે પવિત્ર સ્થાનોમાં અમુક કાળપર્યંત રહીને આરાધના કરવી. હઠયોગના પ્રાણાયામાદિ ભેદો તથા સમાધિવડે મનની સ્થિરતા સાધવાથી ધારેલાં કાર્યો સિદ્ધ થાય છે, ત્રાટક વગેરેની પૂર્ણ સાધના કરનારા યોગીઓનો પ્રભાવ ખરેખર અન્ય મનુષ્યો અને પશુઓ ઉપર પણ પડે છે. મંત્ર યોગીઓ ખરેખર બ્રહ્મચર્યના પ્રતાપે જૈનધર્મની પ્રભાવના કરવા શક્તિમાન્ થાય છે. પણ હઠયોગ વડે મનને તાબામાં કરવામાં આવે છે તો મંત્રોની સિદ્ધિ

પ્રભુ પદપ્રાપ્ત કરવાને મનુષ્ય અધિકારી બને છે. જેઓને દુનિયાના સર્વ જીવો પોતાના આત્મસમાન ભાસે છે, તેઓ કોઇપણ જીવનો ઘાત કરવા ઇચ્છા અને પ્રવૃત્તિ કરે નહિ, એમ બનવા યોગ્ય છે. અનંત જીવો સર્વ-જ્ઞની આજ્ઞા મુજબ દયાને સેવી પરમાત્માઓ થયા, મહાવિદેહમાં થાય છે અને ભવિષ્યમાં થશે. દયા, અનુકંપા, આદિ ભાવને પ્રકટાવવા માટે જીવનું સ્વરૂપ અવબોધવું જોઇએ. વીતરાગ-આગમોનો ફેલાવો કરીને દુનિયામાં સર્વત્ર દયાના વિચારો ફેલાવવા જોઇએ. જેઓ જીવદયાના પ્રતિપક્ષી બને છે અને જીવદયાનું ખંડન કરે છે, તેઓ ધર્મના પ્રતિપક્ષી બને છે, અને સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો પામતા છતાં પરિભ્રમણ કરે છે. આચા-રાંગ વગેરે સૂત્રોમાં જીવદયાનું સારી રીતે પ્રતિપાદન કર્યું છે. શ્રાવક કરતાં સાધુનાં વ્રતો અંગીકાર કરવાથી જીવોની અનંતગણી દયા કરી શકાય છે. સાધુને છકાયના પ્રતિપાલક કહ્યા છે. *अहिंसा प्रथमो धर्मः* જેઓ કોઇ જીવની હિંસા કરતા નથી તેઓ મુક્ત થાય છે. કોઇ પણ જીવને કોઇપણ રીતે પીડા કરવી નહિ, એજ ધર્મનું મૂળ રહસ્ય છે. દુનિયામાં ખરેખરા ધર્મીઓ દયાના સિદ્ધાંતને પાળનારા જૈનો ગણાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ સુદિ ૬ મંગળવાર તા. ૨૩-૪-૧૨ પાદરા.

જૈનશાસનની સેવા કરનારા જૈનોની પ્રશંસા કરવાથી તેઓનામાં જૈનશાસનની સેવા કરવાની શક્તિ વધે છે. જૈનધર્મની પ્રભાવના કર-નારાઓની સહાય કરવી. અંગત વૈરાદિનું વિસ્મરણ કરીને જૈનશાસનની સેવા કરવા માટે સર્વ જૈનોએ સંપીને વર્તવું જોઇએ. જૈનધર્મના ઉપ-દેશકો અને જૈનધર્મના ગ્રન્થો બનાવીને જૈનધર્મનો ફેલાવો કરનારા મુનિવરો વગેરેની ભક્તિ કરવાથી મહા ફલ પ્રાપ્ત થાય છે. જૈનધર્મની ઉન્નતિમાં તીર્થંકરની સેવાનો લાભ મળે છે. હવે જમાનાને પહોંચી વળવા માટે જૈનધર્મના સિદ્ધાન્તોનો જે જે ઉપાયોથી ફેલાવો થાય તે તે ઉપાયોને હાથ ધરવામાં એક ક્ષણ પણ પ્રમાદ કરવાનો સમય નથી. જૈ-નોએ પોતાની જાત માટે પરસ્પર કલેશ વગેરે મર્દન કરીને પણ જૈન-શાસનના કામમાં એક મત ધારણ કરવો જોઇએ. નાતજાતના અને

આપવાની જરૂર છે. વ્યભિચાર, પ્રપંચ, મોજશોખ અને અવિવેકના વગેરે દુર્ગુણોને ઉત્પન્ન કરનારાં પુસ્તકો રચવાથી દુનિયાને અવનતિના ખાડામાં ફેંકનારી શકાય છે. હિંસા, જુઠ, ચોરી, વ્યભિચાર, છળ, વિશ્વાસઘાત, વૈર, અહંકાર અને સ્વચ્છંદતાને વધારનારાં પુસ્તકો અને લેખો લખવાથી દેશનું વા કોમનું કલ્યાણ થઇ શકતું નથી. જે ભાષાને મનુષ્યો બાલ્યાવસ્થાથી બોલતા હોય એવી ભાષામાં ગ્રંથો વા લેખો લખવાથી લાખો અને કરોડો મનુષ્યો ઉપર વિચારોની અસર કરી શકાય છે. શ્રી તીર્થંકરો અને આગમોએ આવી ઉત્તમ શૈલીને અનુસરી જીવતી ભાષામાં ઉપદેશ અને ગ્રંથ લખવાનો પ્રયાસ કર્યો છે. પ્રગતિમાર્ગ તરફ મનુષ્યોનું ધ્યાન ખેંચાય અને જૈનાગમોથી અવિરૂદ્ધ એવા અને પ્રત્યેક મનુષ્યના સ્વાધિકારને જણાવનાર ગ્રંથો લખી છપાવીને તેનો સર્વત્ર ફેલાવો કરવો જોઇએ. ધાર્મિક ગ્રંથોનાં રહસ્યોનો જગત્માં ફેલાવો કરવાની જરૂર છે. દુનિયામાં સર્વ પ્રકારનું જ્ઞાન કરવાની આવશ્યકતા છે. સર્વ પ્રકારનું જ્ઞાન કરતાં ઉત્તમ વિવેક પ્રકટી શકે છે. મનુષ્યોએ પોતાની ઉન્નતિમાં સહાયકારી ગ્રંથોને અવશ્ય વાંચવા જોઇએ. શારીરિક, વાચિક, માનસિક અને છેવટમાં છેલ્લી આત્મિક ઉન્નતિ છે. અધ્યાત્મ ગ્રંથોના પરિશીલનથી આત્મિક ઉન્નતિ થાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ શુદિ ૯ ગુરૂવાર. તા૦ ૨૫-૪-૧૨ પાદરા.

સર્વધર્મનું મૂળ વિનય છે. વિનય વિના શ્રી સદ્ગુરૂની ઉપાસના થઇ શકતી નથી, અને વિનય વિના સદ્ગુરૂ પોતાના અંતઃકરણથી ગુપ્ત વિદ્યાઓ આપતા નથી. ગમે તેવો મનુષ્ય વિદ્વાન્ હોય અને લાખો મનુષ્યો તેને માનતા હોય તો પણ તે ઉચિત વિનય વિના શોભાને ધારણ કરી શકતો નથી. લૌકિક અને લોકોત્તર ભેદથી વિનયનું સ્વરૂપ અવબોધીને જેજે સ્થાને જે જે પ્રમાણે વિનયની આચરણા કરવી ઘટે તે તે સ્થાને તે તે પ્રમાણે વિનયની આચરણા આચરવી જોઇએ. લોકોત્તર ગુણવંતોનો વિનય કરવાથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે. વિનય કરતી વખતે પ્રશસ્ય પરિણામનો પ્રવાહ વધે છે અને હૃદયમાં લઘુતા ઉત્પન્ન થાય છે, તેથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે, અને તેમજ પુણ્યબંધ થાય છે. સમ્યક્ત્વવંત જીવ

અમુક ગુણસ્થાનકના હદ વાળી કરી શકાય છે. સાધુ અવસ્થામાં બહુ શ્રુત દશા પ્રાપ્ત કરીને ઉપર્યુક્ત સામગ્રીનો સંયોગ પ્રાપ્ત કરવામાં આવે તો આત્મસુખની પ્રતીતિનો અનુભવ સારી રીતે પ્રાપ્ત કરી શકાય છે, તેમાં કોઇ પ્રકારની શંકા નથી. આત્માર્થી સાધુને છેવટ આવી ઉત્તમ અવસ્થા ઇચ્છવા યોગ્ય છે. સાધુના આચાર સચવાતા હોય અને આત્માનો સહજ આનંદ જે સામગ્રીથી અનુભવાતો હોય તેવી સામગ્રીની પ્રાપ્તિ થાઓ. સદાકાલ વ્યવહાર અને નિશ્ચયનય પૂર્વક સમાધિ દશાને ઇચ્છવામાં આવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પંચ આચારનું સમ્યગ્રીત્યા આરાધન થાઓ. આત્માની પરમાત્મતા પ્રકટ કરવા માટે સદાકાલ આત્માના શુદ્ધ ધર્મનું રમણ થવા કરો. આત્માની શક્તિઓ પ્રતિદિન વિશેષ ખીલે એવાં સાધનોની પ્રાપ્તિ થાઓ. જે જે ભાવવડે રાગદ્વેષની પરિણતિ મંદ પડે અને આત્માની શુદ્ધ પરિણતિ સન્મુખ થવાય તે તે ઉપાયોની પ્રાપ્તિ થાઓ. સતત ધ્યાન ધારાનો પ્રવાહ ચાલ્યા કરે એવી પુષ્ટ સામગ્રી મળો. આચારો અને વિચારોની શુદ્ધતામાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાઓ, એમ ઇચ્છું છું. ધ્યાન અને સમાધિમાં આયુષ્યનો ઘણો ભાગ જાય અને ધર્મનાં ઉપદેશાદિક કાર્યોમાં બાકીનું વહો, એમ ભાવના ભાવું છું.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ શુદિ ૧૧. શનિવાર તા. ૨૭-૪-૧૨ ઉમેટા.

જ્ઞાનરૂપ દીપવડે આત્મારૂપ ઘરમાં રહેલી ઋદ્ધિને દેખવી જોઇએ. જે યોગી હોય છે તે આન્તરિક લક્ષ્મીને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. આત્મા પ્રસન્ન હોય છે, ત્યારે સદ્ગતિ થાય છે, અને આત્મા પ્રતિ આત્મા અપ્રસન્ન હોય છે ત્યારે દુર્ગતિ થાય છે. માટે આત્માવડે આત્માનું ધ્યાન ધરવું જોઇએ. સર્વતીર્થને પૂજીને સર્વતીર્થરૂપ બનનાર આત્મા શરીરમાં રહેલો છે. એવા આત્મારૂપ તીર્થના દર્શન કરવા જોઇએ. સત્વ, રજો અને તમો ગુણાતીત આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. આત્મારૂપ દેવ વસ્તુતઃ સાત ધાતુથી રહિત છે. પોતાના જ્ઞાનાદિ ગુણમાં રમણ કરનાર આત્મા પોતે દેવ બને છે. સંતોષરૂપ અમૃતમાં મગ્ન રહેનાર અને જેને શત્રુ મિત્ર સમ છે, એવા તથા શાતા અને અશાતાને સમભાવે વેદનાર રાગદ્વેષથી પરાઙ્મુખ અને આત્મજ્ઞાન વડે બાહ્ય સાંસારિક ક્લેશોને ભૂલનાર એવા પૂજ્ય મહાત્માઓ મોક્ષ પ્રાપ્ત કરે છે.

શમાં ઉડવાને સમર્થ થાય છે. આત્મજ્ઞાનનો પરિપકવ અનુભવ થયા વિના મનની ચંચલતાને ટાળવા કોઇ સમર્થ થઇ શકતો નથી. આકાશની સાથે અનેક તોપો વગેરેથી લડવું તેની બરોબર મનને તાબે કરવાનું કાર્ય છે. આત્માના તાબામાં ન આવેલું એવું મન પોતાની ઇચ્છા પ્રમાણે ભટકયા કરે છે. મનને ઇચ્છાના ઘોડાના દર જેટલો માર્ગ આપવામાં આવે છે તો તે ધીમે ધીમે આકાશ જેટલો ઇચ્છા માર્ગ કરી દે છે. મનને ગાળો દેવાથી વા તેની નિંદા કરવા માત્રથી કંઇ તે આત્માના વશમાં આવતું નથી. મનને વશ કરનારા ખેલાડીઓ કે જેને યોગીઓ કહે છે, તેઓ ધીમે ધીમે આત્મજ્ઞાન વડે મનને વશ કરવા યુક્તિઓ રચ્યા કરે છે, અને મનને અંતરમાં હળવે હળવે ચોટાડે છે, પશ્ચાત્ તેઓ મનને રાજયોગવડે નિર્વિષ બનાવે છે. રાગ અને દ્વેષરૂપવિષથી રહિત મન કરવાને માટે સર્વજ્ઞોએ સર્વ જીવોના ભિન્ન ભિન્ન અધિકાર જાણીને અધિકારભેદે અનેક ઉપાયો દર્શાવ્યા છે. જલના કલ્લોલોની શાંતિ થતાં સરોવરમાં જેમ ચંદ્રનું પ્રતિબિંબ પડે છે, તેમ મનમાં ઉઠતા રાગ-દ્વેષના અધ્યવસાયરૂપ કલ્લોલો શમતાં મન રૂપ માનસ સરોવરમાં આત્માનું ધ્યાન પ્રકટે છે, અને તેથી આત્માનું દર્શન ખરેખર આત્મા પોતે કરે છે. જે ચમત્કારો દુનિયામાં ગુપ્ત રહેલા છે, તે સર્વનું જ્ઞાન કરવું હોયતો યોગવિદ્યાનો અભ્યાસ કરીને મનને આત્માના વશમાં કરવું. મનને વશ કરીને યોગીઓ અનેક પ્રકારના ચમત્કારો કરી બતાવે છે. આર્યાવર્તમાં મનને વશ કરવાનો અભ્યાસ કરનારા ઘણા મુનિવરો ઉત્પન્ન થાઓ.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ શુદિ ૧૩ સોમવાર. તા. ૨૯-૪-૧૨ આંકલાવ.

સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રના નિમિત્ત હેતુઓનું આલંબન લેવું. નિમિત્તવાસી આત્મા છે. એ વાત કદાપિ ભૂલવા યોગ્ય નથી. નિમિત્ત પામીને જીવ પાછો શુભમાર્ગમાં આવે છે. દિવસમાં અનેક શુભ અને અશુભ નિમિત્તોનો સંયોગ પ્રસંગોપાત્ત થયા કરે છે. અશુભ આલંબનથી આત્માની પરિણતિ બગડે છે. પ્રસન્નચંદ્ર-રાજર્ષિએ દૂતના શબ્દો સાંભળીને અશુભ ધ્યાન ધર્યું અને પોતાના મસ્તકનો મુકુટ મારવા માટે

ફંડ ખોલવું જોઇએ. સાધર્મિક વાત્સલ્યને માટે ઉઘાડેલા ફંડો ઉપયોગ જૈનોને સહાય કરવામાં થવો જોઇએ. નવીન જૈનોને બનાવવા માટે જે ફંડની યોજનાઓ યોજવાની હોય તે પહેલાં આર્ય અને ખ્રીસ્તીઓના ફંડની યોજનાનો અનુભવ લેવો જોઇએ. જૈનધર્મના આચારો અને વિચારોની ઉત્તમતા જણાવે એવાં વર્તમાનકાળ જમાનાને અનુસરી જે જે લેખકો, પુસ્તકો લખતા હોય તેઓને સહાય આપવી જોઇએ, તથા તેઓની ભક્તિ કરવી જોઇએ. જૈન સાધુઓ જાહેરમાં ધર્મોપદેશ આપે એવી પ્રેરણા થવી જોઇએ. અને તેઓને ધર્મોપદેશ આપવાનાં અત્યંત ઉત્સાહ પ્રકટે એવા સંયોગો મેળવી આપવા જોઇએ. પૂર્વકાલની પેઠે જૈનોએ ધર્મપ્રચારક હેતુઓને પુનઃ વધાવી લઇ જૈનશાસનની ભક્તિ કરવાને કટિબદ્ધ થવું જોઇએ. જૈનશાસનની સેવા કરનારા જૈન બંધુઓના હૃદયમાં પ્રતિદિન અધિક ઉત્સાહ પ્રકટે એવા ઉપાયોને જૈનોએ આદરવા જોઇએ. જૈનોના ઉપર પ્રેમ હોય છે તેનામાં જૈનશાસનની ભક્તિસેવા હોય છે એમ અવબોધવું જોઇએ. જૈનોની સેવા કરનારાઓ જૈનશાસનની વસ્તુતઃ સેવા કરે છે. જૈનધર્મની ઉન્નતિ કરનાર એવી જૈનસભાઓને ઉપર્યુક્ત બાબતમાં જોડી દેવી જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ શુદિ ૧૫ બુધવાર. તા. ૧-૫-૧૨ બોરસદ.

कश्चिच्छुभोऽपि विषयः, परिणामवशात् पुनर्भवत्यशुभः ।
कश्चिदशुभोऽपि भूत्वा, कालेन पुनः शुभीभवति ॥ ४९ ॥ प्र० र.
कारणवशेन यद्यत्, प्रयोजनं जायते यथा यत्र ।
तेन तथा तं विषयं शुभमशुभं वा प्रकल्पयति ॥ ५० ॥ प्र. र.
अन्येषां यो विषयः, स्वाभिप्रायेण भवति पुष्टिकरः ।
स्वमतिविकल्पाभिरतास्, तमेव भूयो द्विषन्त्यन्ये ॥ ५१ ॥ प्र. र

ભાવાર્થ —કોઇ પણ શુભ વિષય (પદાર્થ , પરિણામવશથી પુનઃ અશુભ થઇને કાળાન્તરે શુભ પણ પુનઃ થાય છે. કારણવશથી જ્યાં જે પ્રમાણે જે જે પ્રયોજન ઉત્પન્ન થાય છે, તે વડે તે પ્રમાણે તે તે વિષયને શુભ

સાધુઓના છતા સદ્ગુણોને પણ દેખી શકતા નથી. અને તેઓ સાધુઓની નિંદા કરીને ગુણાનુરાગદષ્ટિથી દૂર જાય છે. ઉત્સર્ગ અને અપવાદ એ બે માર્ગના આચારો જેમાં દર્શાવ્યા છે, તેવાં શાસ્ત્રોનું ગુરુગમપૂર્વક જ્ઞાન કરીને સાધુઓની તરતમ યોગે પરીક્ષા કરીને સાપેક્ષનયવાદપૂર્વક તેઓની સેવના કરવી જોઇએ. સાધુઓને ચારિત્ર પાળવામાં સાહાય્ય કરવી જોઇએ. સાધુઓને કોઇ ઉપદ્રવ કરતું હોય તો તેનું નિવારણ કરવું જોઇએ. તેમજ માનુદષ્ટિથી પડી ગયેલા સાધુઓને શિખામણ આપીને ઠેકાણે લાવવા જોઇએ. સાધુઓની ઉન્નતિ અર્થે ઉત્તમ શ્રાવકો તેઓની સેવા ભક્તિ કરે છે અને તેઓએ કરેલા ઉપકારને ભૂલી જતા નથી. સાધુઓના સદ્ગુણોને દેખનારાઓ ખરેખર ચારિત્ર માર્ગ પર પ્રેમ ધારણ કરી શકે છે, અને તેઓ ચારિત્રમાર્ગના આરાધક બને છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૨ શુક્રવાર. તા. ૩ મે ૧૯૧૨ બોરસદ.

સાધુઓ વિચાર કરીને બોલે છે અને યોગ્ય શબ્દોથી અન્યોના પ્રશ્નોનો ઉત્તર આપે છે. પોતાના આત્માના સદ્ગુણો ખીલવવા માટે મન, વચન અને કાયાથી પ્રયત્ન કરે છે. કોઇની નામ દઇને નિંદા કરતા નથી, અને તેમજ કોઇનું નામ દઇને તેનાં છિદ્રોને અન્યોની આગળ કહેતા નથી. નામ દઇને કોઇનું મર્મ પ્રકાશતા નથી. સાધુઓ હાસ્યની કથાઓ કરીને કલેશની ઉદીરણા થાય તેમ પ્રવૃત્તિ કરતા નથી. જ્યારે મુનિવરો બોલે છે ત્યારે તેઓ ભાષાસમિતિનો ઉપયોગ ધારણ કરીને બોલે છે. જૈનધર્મની આરાધના પોતે કરે છે અને અન્યોને જૈનધર્મની આરાધના માટે ઉપદેશ આપે છે. અન્ય જીવોના હૃદયમાં સમ્યગ્જ્ઞાનરૂપ દીપક પ્રકટાવવાને માટે તેઓ ઉપદેશ આપે છે. સર્વ જગતના જીવોનું તેઓ શ્રેયઃ ઇચ્છે છે. સાધુઓ સર્વ જીવોની સાથે મૈત્રીભાવ ધારણ કરે છે, અને કોઇનું અશુભ કરવા પ્રવૃત્તિ કરતા નથી. ઉત્સર્ગમાર્ગ અને અપવાદના હેતુઓ અવબોધીને ઉત્સર્ગના વખતે ઉત્સર્ગ અને અપવાદની વખતે અપવાદ સેવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનું યથાર્થ સ્વરૂપ અવબોધીને વ્યવહાર અને નિશ્ચય

માન્યતામાં લાવવાને માટેજ પોતાના મતના રાગથી અન્ય સંઘાડાનું વા અન્ય ગચ્છનું સર્વ ખોટું બતાવીને પોતાના પક્ષની બળવત્તામાં આત્મવીર્યનો ઉપયોગ કરવામાં આવે તો શરીરના અવયવોને જુદા પાડવાથી જેવી શરીરની અવસ્થા થાય, તેવી અવસ્થા ઉત્તરોત્તર ભવિષ્યમાં જૈનકોમની થાય એમ કહી શકાય. કિન્તુ જૈનકોમના આગેવાનો હવે આ બાબતનો વિચાર કર્યા વિના રહી શકતા નથી, અને વિચારોની સહિષ્ણુતા પરસ્પર રાખીને પરસ્પર માન્ય એવા આચારો અને વિચારોમાં ભેગા રહી સંપીને ઉન્નતિનાં કાર્યો નહિ કરે તો જૈનકોમને પાછળ પાડનારા પોતે ગણાશે, મૈત્રી, પ્રેમ, સંપ, એક બીજાને સહાય આપવી ઇત્યાદિ સદ્‌ગુણોને વધુ પ્રમાણમાં ખીલવીને જૈનશાસનની સેવા કરી શકાશે.

× × × ×

સંવત્ ૧૯૬૮ નાં વૈશાખ વદિ ૪. તા. ૫ મી મે ૧૯૧૨. બોરસદ.

આત્માના શુદ્ધ ધર્મનું સ્મરણ કરવામાં આવે છે ત્યારે બાહ્યાચારથી વધી પડેલા મતભેદોથી મહત્ત્વ જણાતું નથી, સર્વ પ્રકારના મતભેદોવાળી બુદ્ધિ જેનામાં ઉત્પન્ન થાય છે એવા આત્માના ગુણોની શુદ્ધિ કરવામાં આવે તો પોતાના આત્મ[illegible] સાધી શકાય. પોતાના આત્માની શુદ્ધિ કરવામાં અન્યોમાં [illegible] ભેદોનું નડતર પ[illegible] થતું નથી. જેને પોતાના આત્માની શુદ્ધતારૂપસાધ્યના સમ્યગ્ ઉપયોગ નથી. તેને એકેક નયથી ઉઠેલા એકાંત મતભેદોની અસર થાય છે. સમુદ્રમાં શૃંગી મત્સ્ય રહે છે, અને ખારા જલમાં વહેતી એવી મીઠી વેલનું પાણી પીવે છે. તેમ સમ્યગ્જ્ઞાની આત્મા આ સંસારમાં એકેક નયથી ઉઠેલા એવા અનેક પન્થ રૂપ ખારો સાગર છતાં, અનેકાન્તનયના વિચારોરૂપ મીઠા જલનું પાન કરે છે. દ્રવ્યાનુયોગવડે આત્માનું સમ્યક્ સ્વરૂપ વિચારવામાં આવે છે ત્યારે અન્ય પંથો અને અન્ય મતવાદિયોપર મૈત્રી ભાવના રહે છે, અને મતસહિષ્ણુતા નામનો ગુણ પ્રકટવાથી અન્ય ધર્મ પાળનારાઓ ઉપર પણ કારુણ્યભાવના ખીલી ઉઠે છે. આત્મધર્મસાધક બંધુઓએ સમજવું કે અમારો જન્મ જગતમાં ઉત્તમ કાર્યો કરવાને માટે થયો છે. માટે સર્વ જીવોને પોતાના આત્મા સમાન માનીને પોતાના આત્માની પેઠે અન્યોના

આત્માઓનું શ્રેયઃ કરવા પ્રયત્ન કરો. વીતરાગધર્મથી દૂર રહેલા મનુષ્યો પર કદિ શત્રુતા ધારણ કરવી નહિ; તેમજ જૈનધર્મને નહિ પાળનારા મનુષ્યોની જાતિનિંદા કરવી નહિ. વિશાલદૃષ્ટિમાં લોહચુંબક જેવી શક્તિ રહી છે, જેઓ અનેકાન્ત વિશાલદૃષ્ટિને ધારણ કરે છે, તેઓ અન્ય મનુષ્યોને પોતાના સદ્વિચારોનું દાન આપી શકે છે. જૈનશાસ્ત્રો અને જૈનેતર ધર્મશાસ્ત્રોના રહસ્યોને જેઓ સારી પેઠે જાણી શકે છે અને જેઓ વિશાલદૃષ્ટિથી આત્માના સત્ય ધર્મને અવબોધે છે તેઓ જૈનધર્મની ઉન્નતિ કરવાને સમર્થ થાય છે. અનેક પન્થોના વચ્ચે ઉભા રહીને તેવા જૈનો ખરેખર અનેક મતવાદીઓને પણ અનેકાંતધર્મનું આસ્વાદન કરાવવા સમર્થ થાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના વૈશાખ વદિ ૫ સોમવાર. તા. ૬ મે ૧૯૧૨. બોરસદ.

વિચારથી નાસ્તિક બનવા છતા પણ કદિ નીતિ આદિના સદાચારોનો ત્યાગ કરવો નહિ. સદાચારો પાછા સદ્વિચારોને ખેંચી લાવે છે. મનમા પ્રકટેલા અશુભ વિચારોને કદિ કાયા થકી આચારમા મૂકવાને સાહસ ખેડવું નહિ. મન બગડે તો પણ કાયાને અશુભ માર્ગમા જવા દેવી નહિ. અન્તે તેથી મન પણ સુધરે છે. કાયા થકી શુભાચારોમા દૃઢ રહેવાથી મનના વિકારો પણ ટળે છે. મનમા કોઇ પાપ કરવાનો વિચાર આવ્યો અને મન તે પાપ કરવાને તલપાપડ થઇ રહે તોપણ કાયાને તેમા જોડવવામાં ન આવે તો મનને પણ ઠેકાણે લાવી શકાય છે. મનમા પાપ કરવાની ઇચ્છા પ્રકટી પણ કાયા થકી તે પાપને ન કરવામા આવે ત્યાં સુધી જાહેરમાં પાપ કર્યું કહેવાય નહિ. મનમા વ્રત ભાગવાની ઇચ્છા થઇ હોય પણ જ્યાં સુધી કાયાના યોગથી વ્રત ન ભાગ્યું હોય ત્યા સુધી તે વ્યવહારથી વ્રતનો ધારક ગણી શકાય છે. આજ સિદ્ધાંતને અનુસરીને એક કબીર કવિએ કહ્યું છે કે, **मन जाय तो जाणे दो, मत जाणे दो शरीर, वीन चढाइ कामठी, क्युं लगेगा तीर** ' આ કહેવત પણ જૈનધર્મના વ્યવહારમાર્ગને પુષ્ટિ આપનારી છે. લાખો વિચારો મનમાં કરીને કાયાને વિવેકથી કોઇપણ

કાર્યમાં જોડવી જોઇએ. મન જો અશુભ માર્ગમાં મોજાઇ જાય છે, તો અશુભ માર્ગથી દૂર થવું એ મુશ્કેલ કાર્ય થઇ પડે છે. શુભ માર્ગમાં મનની સાથે કાયાને પણ યોજતાં શુભમાર્ગમાં દ્દઢતા થાય છે, અને શુભ માર્ગથી એકદમ પાછું પડાતું નથી. આત્માના જ્ઞાનબળથી શુભમાર્ગ અને અશુભમાર્ગનો નિશ્ચય થાય છે. શુભાચારો પણ રૂઢિના વશથી કરાતા હોય, અને તે કેટલાંક કારણોથી સદ્‌વિચારોને પ્રકટાવવા સમર્થ ન થતા હોય, તથા તે અશુભ આચારોના સડારૂપે પરિણામ પામતા હોય; તો તેમાં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી સુધારો કરી મોક્ષ માર્ગમાં વિચરવું. આ બાબતનો વિશેષ નિર્ણય કરવો. કોઇને માનસિક વિચારોની અસર કાયા ઉપર તુર્ત થાય છે, અને કોઇને તુર્ત થતી નથી; ઇત્યાદિ ઘણી ચર્ચા છે.

× × × ×

સંવત ૧૯૬૮ ના વૈશાખ વદિ ૬ મંગળવાર. તા. ૭ મે ૧૯૧૨. બોરસદ.

ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવાથી અવધાનશક્તિ ખીલે છે અને ધાર્યા પ્રમાણે મનની પાસેથી કામ લઇ શકાય છે. કોઇ પણ બાબતમાં મનને ગોંધી રાખીને તે પદાર્થના ઉંડા પ્રદેશમાં ઉતરીને તેની સર્વ દિશાઓ તપાસવી.આ પ્રમાણે પદાર્થનું જ્ઞાન કરવામાં મનને યોજવાથી તે તે વસ્તુઓના સત્યસ્વરૂપને પ્રાપ્ત કરી શકાય છે. મનમાં કોઇ પણ પદાર્થ ધારણ કરતાં તે ધ્યેયરૂપે બને છે, એટલે તે પદાર્થ સંબંધી સંયમની સિદ્ધિ થાય છે, અને તેથી મનની શક્તિ વધે છે અને દીર્ઘકાલ યત્નના સારને અલ્પકાલ વડે પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે કોઇ અમુક બાબતમાં ઉંડા ઉતરવું હોય ત્યારે મનને અન્ય પદાર્થોથી મુક્ત કરીને ફક્ત તે અમુક પદાર્થ સંબંધીજ વિચારો કર્યા કરવા. આ પ્રમાણે મનની એકાગ્રતાપૂર્વક સતત અભ્યાસ કરવાથી તત્ત્વજ્ઞાનના ઉંડા પ્રદેશમાં ઉતરી શકાય છે; જે પદાર્થોનું જ્ઞાન કરવાની ઇચ્છા હોય તે પદાર્થો સંબંધી મનમાં પ્રથમ રસવૃત્તિ પ્રકટાવવી જોઇએ. હું તે પદાર્થોના સમ્યગ્સ્વરૂપને જાણી શકીશ. મારામાં તે તે પદાર્થોને જાણવાની શક્તિ ખીલવાની; એમ નિશ્ચય કરીને મનમાં તે તે પદાર્થો

નહિ. આત્મિક ગુણોનો લાભ પામીને પણ વિસ્મય થવું નહિ. સર્વ વસ્તુ પોતપોતાના સ્વભાવે વર્ત્યા કરે છે. અનેક પ્રકારના પર્યાયો પોતપોતાનું કાર્ય બજાવે છે. તેથી હર્ષ વા શોક કરવાની કંઇ જરૂર નથી. લોકચિંતાનો ત્યાગ કરીને આત્માના પરિજ્ઞાન ચિંતનમાં સદાકાલ જે આસક્ત રહે છે, અને જે.રોષ લોભ અને કામને જીતે છે તેવો નિર્જર સાધુ સદાકાલ સુખી રહે છે. જે પોતાના શરીરમાં રંગાતો નથી અને શત્રુ ઉપર પણ દ્વેષ કરતો નથી. અને જે રોગ જરા મરણ ભયો વડે અવ્યથિત છે તે નિત્ય સુખભોક્તા છે. સાધુઓએ આવી નિત્ય સુખની દિશા તરફ લક્ષ્ય રાખવું જોઇએ. આત્માને નિર્ભય ભાવના ભાવીને નિર્ભય બનાવવા સદાકાલ પ્રયત્ન કરવો જોઇએ. સાધુઓ ચક્રવર્તિની પણ સ્પૃહા રાખતા નથી. અને આત્માના સહજ સુખની દિશા તરફ તેઓ સદાકાલ પ્રયત્ન કરે છે. ભવ્ય જીવોએ આત્માના સદ્ગુણોનો માર્ગ લેવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૮ ગુરૂવાર. તા. ૯ મી મે ૧૯૧૨. કાવીઠા.

કોઇપણ મનુષ્ય પોતાના વિચારોથી વિરૂદ્ધ મતનો હોય તો તેના ઉપર તિરસ્કાર કરવો નહિ. તેમજ તેની નિંદા કરવી નહિ. કિન્તુ તેને જે જે ઉપાયોથી બોધ થાય તેતે ઉપાયો વડે સમજાવીને ઠેકાણે લાવવો જોઇએ. પોતાના વિચારોને સારી રીતે દર્શાવવા અને વિરૂદ્ધ પ્રસંગોમાં પણ મગજનું સમતોલપણું ખોવું નહિ. પોતાનાથી વિરૂદ્ધ વિચારકોના હૃદયમાં પોતાના વિચારો દસાવવાનો યત્ન કરનારાઓએ મૈત્રી ભાવનાનો કદિ ત્યાગ કરવો નહિ. બાળકનું મુખ કાળું થયું હોય છે, અને તેને એમ કહેવામાં આવે છે, કે તારૂં મુખ કાળું થયું છે; તું કાળો છે, એમ કહેવાથી તે કપાલ અને નાક ઉપર પડેલા કાળા ડાઘા કાઢી ન નાખે તો તેના ઉપર આરીસો ધરવો. આરીસામાં પોતાના મુખપર પડેલા ડાઘાઓને દેખી તેઓને કાઢી નાંખવા તે અવશ્ય પ્રયત્ન કરશે. જે મનુષ્યો પોતાના વિચારોમાં દોષો છતાં દોષો ન દેખતા હોય તેઓને સદ્યુક્તિરૂપ આરીસાઓ દેખાડવાથી પોતાની મેળે તેઓ પોતાના વિચારોમાં થતી ભૂલોને દેખીને તેનો સુધારો

અપેક્ષાએ બોધ કરીને આત્મામાં રમણતારૂપ ક્રિયા કરવાથી શાસ્ત્રોમાં કથેલા આત્મતત્ત્વોનો અન્તર્ થકી નિર્ધાર થાય છે. વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ આદિ ધર્મના અનેક ભેદનું કથન કરવામાં સર્વ પ્રકારે યત્ન કરવો જોઇએ. શ્રીમદ્ ઉમાસ્વાતિ મહારાજે આ શ્લોકમાં પ્રશસ્ય યત્નની દિશા દર્શાવી છે. તેમના ઉપદેશાનુસારે જો યત્ન કરવામાં આવે તો ખરેખર આત્મા પોતાના શુદ્ધ ધર્મના ઉચ્ચ પ્રદેશ તરફ ગમન કરી શકે. ઉત્તમ પ્રશસ્ય યત્ન કરવાથી અશુભ વ્યાપારની શક્તિયો પણ શુભ વ્યાપારશક્તિયોરૂપે પરિણામ પામે છે. ઉપર્યુક્ત શ્લોકમાં જૈનશાસનની ઉન્નતિનો પરમ માર્ગ દર્શાવ્યો છે. જૈનધર્મના સદ્વિચારોનો ફેલાવો કરવાની ઇચ્છાવાળા જીવોએ ઉપર્યુક્ત શ્લોકના ભાવાર્થને આચારમાં મૂકવો જોઇએ. શ્લોકના ભાવાર્થ પ્રમાણે ઉદ્યમ કરવાથી શ્લોકની ઉત્તમતાનો ખ્યાલ આવે છે. જે કાળમાં આવા ઉત્તમ મુનિવરો વિચરતા હતા તે કાળમાં આર્યાવર્તની ધાર્મિક ઉન્નતિ કેવી ઉચ્ચ હતી, તેનો ખ્યાલ કરવો જોઇએ, અને વર્તમાનકાળને સુધારવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૧૦ શનિવાર. તા૦ ૧૧ મી. મે ૧૯૧૨. કાવીઠા.

મોહથી મુંઝાયલો આત્મા ખરેખર પોતાનુ આત્મબળ, સત્તા, ધન વગેરેનો પરમાર્થકૃત્યોમાં સદુપયોગ કરી શકતો નથી. મોહને સમાવ્યા વિના ધન વગેરે પરથી મમત્વ ટળતું નથી, અને મોહના જોરે વીતરાગધર્મનો જગતમાં ફેલાવો કરવાને આત્મવીર્ય ફોરવી શકાતું નથી. સદ્ગુરુ બોધ આદિ પ્રસંગોથી આત્મામાં કંઇક શુભોત્સાહ પ્રકટે છે, પણ જલમાં કાઢેલા લીસોટાની પેઠે મૂઢ જીવોનો અલ્પવીર્યરૂપ ઉત્સાહ કંઇક અશુભ સંયોગો પામતાં સ્વપ્નની સુખલડી પેઠે ટળી જાય છે. બાલજીવોનો પારમાર્થિક ઉત્સાહ, જલના બુદ્બુદ જેવો હોય છે. અગ્નિના તણખાની પેઠે અલ્પ એવો પણ વૃદ્ધિ પામનારો એવો આત્મોત્સાહ ખરેખર ધર્મની પ્રવૃત્તિ માટે બાહ્ય સર્વ વસ્તુઓના મમત્વનો ત્યાગ કરાવે છે. અત્યંત તીવ્ર ઉત્સાહના વેગથી પારમાર્થિક કૃત્યોને માટે આત્મભોગ આપી શકાય છે. જગત્ના

વાની મોટી મોટી વાર્તાઓ માત્ર કરવાથી દાનાદિકનું ખરૂં ફલ પ્રાપ્ત થઇ શકતું નથી, પણ દાનાદિક કરવાથી અનુભવ અને ફલ પ્રાપ્ત થાય છે. જે જે ઉત્તમ કાર્યો કરવાની રૂચિ થાય તેના પ્રદેશ તરફ સંચરવા આત્મબળ ફેરવવાથી તે કાર્યોનો અનુભવ આવે છે. સાધુપણું આમ પાળવું જોઇએ અને શ્રાવકપણું આમ પાળવું જોઇએ. ઇત્યાદિ વાર્તાઓ કરવાના કરતાં પોતે તે પ્રમાણે કરીને મનુષ્યોને દૃષ્ટાન્તભૂત થવું એ અનન્તગુણ ઉત્તમ કાર્ય છે. કોઇ બાબતનો ઉપદેશ દેનારાઓ પોતે તે પ્રમાણે કેટલું વર્તે છે તે ઉપર ઉપદેશની અસર અન્ય મનુષ્યોને કરી શકે છે. ઉત્તમ ધાર્મિક કાર્યોને આચારમાં મૂકનારા મનુષ્યો આત્માના સદ્ગુણોની વૃદ્ધિ કર્યા કરે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ વૈશાખ વદિ ૧૨ સોમવાર. તા. ૧૩-૫-૧૯૧૨. વડતાલ.

ભિન્નભિન્ન રૂચિવાળા મનુષ્યો જગત્માં છે. ખાવામાં, પીવામાં, પહેરવામાં, ભણવામાં, ગણવામાં, બેસવામાં, ઉઠવામાં, જવામાં, આવવામાં, ધર્મમાં, કર્મમાં, મનુષ્યોની ભિન્નભિન્ન પ્રકારની રૂચિ હોય છે. તેથી દુનિયાના સર્વ મનુષ્યોને કોઇ પણ વસ્તુ એક સરખી રૂચતી નથી. **भिन्न रुचिर्हि लोकः** આ સંસ્કૃત કહેવત અક્ષરે અક્ષર સત્ય છે ધર્મની ક્રિયાઓ પણ એક સરખી સર્વને રૂચતી નથી. ધર્મીઓના અને અધર્મીઓની રૂચિમાં પણ આકાશ પાતાલ જેટલું અન્તર્ અવલોકવામ આવે છે વિદ્વાનો અને મૂર્ખાઓની રૂચિમાં પણ ઘણું અન્તર્ હોય છે. ભોગી અને યોગીની રૂચિમાં પણ ઘણું અન્તર્ વિલોકવામા આવે છે. અનેક પ્રકારનાં શાક કરેલાં હોય છે, પણ કોઇને કોઇ શાક રૂચે છે અને કોઇને કંઇ શાક રૂચે છે, અનેક પ્રકારનાં ભોજન કર્યાં હોય છે પણ કોઇને કંઇ રૂચે છે ને કોઇને કઇ રૂચે છે. શાસ્ત્રોમાં પણ અનેક પ્રકારનાં છે તેમાંથી કોઇને કોઇ શાસ્ત્ર પર રૂચિ થાય છે, તો કોઇને કોઇ શાસ્ત્રપર રૂચિ થાય છે. સાધુઓ અનેક પ્રકારના હોય છે, તેમાં કોઇને અમુક સાધુપર રૂચિ થાય છે, અને કોઇને અમુક સાધુ ઉપર રૂચિ થાય છે. દુનિયામા ધર્મના અનેક પંથો છે

સંવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૨ શનિવાર. તા. ૧૮ મી મે ૧૯૧૨. વસો.

સદાચાર વિનાનાં મનુષ્યો વિદ્વાનો છતા પણ શોભી શકતા નથી. સદાચારોના રહસ્યોથી આત્માના સદ્‌ગુણોની વૃદ્ધિ થાય એજ હેતુ પ્રકટપણે ભાસે છે. વ્યાવહારિક અને ધાર્મિક એ બે પ્રકારના સદાચારો હોય છે. જૈનધર્મમાં સદાચારો સંબંધી ઘણું વિવેચન કરવામાં આવ્યું છે. જૈનધર્મના સદાચારો ખરેખર ઉંડા રહસ્યથી ભરપૂર છે. તેનું ગુરૂગમ પૂર્વક રહસ્ય સમજવાથી તેમાંથી ઘણું જાણવાનું મળે છે. યોગવિદ્યા, વૈદવિદ્યા, અને સાયન્સ વિદ્યાથી પણ અનુભવ કરતાં જૈનધર્મના સદાચારો હેતુપૂર્વક અને સર્વજ્ઞદૃષ્ટિથી રચાયલા માલુમ પડે છે. કોઇ પણ સદાચારનું ઉંડું રહસ્ય અવબોધ્યા વિના તેની નિરૂપયોગિતા બનાવવા પ્રયત્ન કરવો એ અજ્ઞાનચેષ્ટા છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી બાહ્ય સદાચારોને અધિકાર અને અધિકારી ભેદે તપાસવામાં આવે છે, તો અનેક શંકાઓનું સમાધાન થાય છે. તથા દંડ કદાગ્રહ તથા વિવાદના કલેશો શમે જ. આત્મા પોતાના યોગ્ય એવા સદાચાર પાળવાને માટે રૂચિવંત થાય છે. સદાચાર પાળવાની રૂચિ થતાં ચારિત્ર ગુણની પ્રાપ્તિ થાય છે. અને મન, વાણી અને કાયાના યોગનો સુધારો કરી શકાય છે. જે જે સદાચારો સેવવામાં આવે છે તેઓનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને અધિકારથી જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે તો કોઇ વખત પ્રાયઃ આચારથી ભ્રષ્ટત્વ થતું નથી. પ્રત્યેક જીવોની આચારો સંબંધી ભિન્નભિન્ન રૂચિ હોય છે, તેના હેતુઓનું પણ સમ્યગ્‌રીત્યા જ્ઞાન થાય છે. વય, જ્ઞાન, રૂચિ અને અધિકારના ભેદે આચારોમાં ફેરફાર કરવા પડે છે. તત્સંબંધી ઉંડા ઉતરીને સમ્યગ્ અવબોધ પ્રાપ્ત કરવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ જેઠ સુદિ ૪ સોમવાર. તા. ૨૦ મી મે ૧૯૧૨. વગેરે.

આત્માને આગમ કરીને યુક્તિનો વાદ કરવાથી તેમાંથી કંઈ સાર મેળવી શકાય છે. જે મનુષ્યો યુક્તિનો તિરસ્કાર કરીને સ્વપક્ષ સ્થાપન કરવાને ઇચ્છતા હોય છે તેઓ હઠીલા હોવાથી સત્યના માર્ગને પ્રાપ્ત કરી શકતા નથી. મૂર્ખાઓ અને હઠાગ્રહીઓ સાથે વિવાદ કરવાથી ખેદરૂપ ફલ પ્રાપ્ત થાય છે જે પુરુષ સત્યમાર્ગનિષ્ઠાથી તત્ત્વ જાણવાને માટે પ્રશ્નો કરતો હોય તે પુરુષને યુક્તિથી બોધ આપી શકાય છે. યુક્તિવાદને વિદ્વાનો માન્ય કરે છે. પણ તે યુક્તિવાદના અધિકારી મનુષ્યોએ તેનું સેવન કરવું જોઈએ.

× × × ×

સંવત ૧૯૬૮ ના જેઠ સુદિ ૫ મંગળવાર તા. ૨૧ મી મે ૧૯૧૨. વગેરે.

હે આત્મન્ ! તું [illegible]

જે જૈનો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવને જોઇ શકતા નથી. તે જૈનો જૈન શાસનનો વિજય વાવટો ફરકાવવાને શક્તિમાન્ થતા નથી. જૈનશાસનની જેઓના હૃદયમાં ઉંડી દાઝ છે. તેઓ હઠ કદાગ્રહનો ત્યાગ કરીને જૈનોનું સારું કરવા અને સંપ વધારવા સદાકાલ પ્રયત્ન કરે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ જેઠ શુદિ ૭ ગુરૂવાર. તા. ૨૩ મી મે ૧૯૧૨. વસો.

પરોપકાર, સ્વાર્થત્યાગ, દાન આદિ સદ્ગુણો જેઓનામાં હોય છે; તે ઉત્તમ મનુષ્યો ગણાય છે. ઉત્તમ કુલમાં ઉત્પન્ન થએલાજ કંઇ ઉત્તમ મનુષ્યો હોતા નથી. જે મનુષ્યો અન્યોનાં દુઃખ દેખીને તેઓને સહાય આપતા નથી, અન્ય મનુષ્યોને સારી સલાહ આપી શકતા નથી, પોતાની પાસે જે જે વસ્તુઓ હોય છે તે તે વસ્તુઓનું જગતના શ્રેયઃમાટે દાન કરી શકતા નથી, અન્ય લોકોને નીચ ગણીને ધિક્કારે છે, તેઓ ઉચ્ચ જાતમાં ઉત્પન્ન થયેલા હોય તો પણ તે મોટા ગણી શકાય નહિ. જે મનુષ્યો મોટા મોટા પ્રોફેસરો, પ્રીન્સીપાલો અને આચાર્યો બન્યા હોય પણ જેઓ દયા, દાન, પરોપકાર, સૌજન્ય, ઉદારભાવ, સહનશીલતા, સંતોષ, શુદ્ધ પ્રેમ, મીઠી વાણી, સદાચાર વગેરેથી દૂર હોય છે તો તેઓ વસ્તુતઃ ઉપર્યુક્ત ગુણોવાળા સાધારણ મનુષ્ય કરતા પણ ઉચ્ચ ગણાય નહિ. એક ગરીબ મનુષ્ય નીચ ગામમા જન્મ્યા છતા મહિને સો રૂપિયા રળે છે. તેમાંથી પચીશ રૂપીયા ઘર ખર્ચ પેટે રાખીને પચોતેર રૂપીયા જગતના જીવોને દેખવવા, સુખી બનાવવા, દુઃખ ટાળવા, અને સદ્ગુણોની મૂર્તિ બનાવવા ખર્ચે છે. અને એક ઉચ્ચકુળમા જન્મેલો લાખો રૂપિયાનો માલીક અને વાર્ષિક પચ્ચીશ હજારની આવક છતા પાંચ હજાર રૂપિયા પણ જગતના જીવોના કલ્યાણાર્થે ખર્ચતા નથી તેવા ઉચ્ચકુલમા જન્મેલા લક્ષાધિપતિ કરતા પેલા નીચ ગામમાજ જન્મેલો પારમાર્થિક કૃત્યમા જીંદગી અને લક્ષ્મી ખર્ચનાર વિશેષ શ્રેષ્ઠ જાણવો. મનુષ્ય ફક્ત એક ઉચ્ચકુલમાં જન્મ્યો એટલા માત્રથી શ્રેષ્ઠ બનતો નથી. પણ ઉત્તમ ગુણો, ઉત્તમ આચારો અને ઉત્તમ કૃત્યો જે કરે છે. તે ગમે તેવા કુલમા જન્મ્યો હોય છે તો પણ તે

સંવત ૧૯૬૮ ના જેઠ સુદિ ૧૨ સોમવાર. તા. ૨૭ મી મે ૧૯૧૨ કણેરા.

જૈનધર્મસાધકોને ધર્મતત્ત્વની પ્રાપ્તિ માટે અન્યત્ર પરિભ્રમણ કરવાની જરૂર નથી. કારણ કે સર્વજ્ઞકથિત શ્રીજૈનધર્મમાં કોઇ પણ બાબતની ન્યૂનતા નથી. જૈનધર્મના સિદ્ધાંતો પરિપૂર્ણ સત્ય હોવાથી અન્ય ધર્મના સર્વાંશે અપરિપૂર્ણ એવા સિદ્ધાંતોનો આશ્રય લેવાની આવશ્યકતા સિદ્ધ કરતી નથી. જૈનધર્મસાધકો દયાળુ બની જાય છે, અને તેથી તે દેશની પરતંત્રતા કારણીભૂત થાય છે, આમ કહેનારાઓ જૈનધર્મને અન્યાય આપે છે. જૈનધર્મ માનો કે આખી દુનિયા પાળે અને આખી દુનિયા દયાળુ બની જાય તો મહાભયંકર યુદ્ધો કરવાને કોણ શસ્ત્રોને સજ્જ કરે ? આખી દુનિયામાં દયાના તત્ત્વથી શાન્તિ ફેલાવનારા જૈનો પ્રકટે તો આર્યાવર્તને દુઃખ આપવા કોઇ પણ દેશ તૈયાર થાય નહિ. તેમજ જૈનધર્મમાં મુખ્યતાએ ગણાતી એવી દયાની ઉપાસના કરનારાઓ અન્ય દેશોને સ્વાર્થબુદ્ધિ વડે પરતંત્રતાની બેડીમાં નાંખવાને માટે તૈયાર થઇ શકે નહિ. જૈનધર્મમાં કથેલી ઉદાર દયાનો પ્રચાર કરવાને માટે જેઓ પ્રયત્ન કરે છે તેઓ અમુક અંશે જૈનધર્મમાં કહેલા માર્ગાનુસારિગુણોના ઉપાસક બને છે, અને તેઓ જૈનધર્મની આરાધનાસન્મુખ થતા જાય છે. જૈનધર્મમાં ઉત્તમ આચારો અને વિચારો જણાવ્યા છે. જૈનાગમોમાં અપૂર્વ શૈલીસોરી છે જ. મનુષ્યો જૈનાગમાનું પરિપૂર્ણ સંશોધન કરે છે તેઓ જૈનતત્ત્વોની અપૂર્વ ખૂબીઓ સમજી શકે છે જૈનાગમોનો અભ્યાસ કરનારાઓ આય-વ્યવધા ઉપર માઠું અજવાળું પાડી શકે છે. જૈનાગમોના સમ્યગ્રીત્યા પરિપૂર્ણ અધ્યયન કરનારાઓ જે આય-અવિદ્યા તરફ લક્ષ્ય આપે [illegible] તેઓને અર્થે જણાય કે સ[illegible]વિદ્યાઓ ચારિત્ર [illegible] જે સોધી [illegible] નથી તેને સર્વજ્ઞદૃષ્ટિથી શ્રીજિનાગમ સત્ય પૂર્વે [illegible] જૈનો જૈનાગમોનું સમ્યગ્રીત્યા પરિપૂર્ણ [illegible] જૈનધર્મના [illegible] [illegible] પણ [illegible] જૈનોના [illegible] યથાનુક્રમથી જૈનધર્મશાસ્ત્રોનો અભ્યાસ [illegible] ગુરુઓથી [illegible] [illegible] કરે.

* * * *

સંવત ૧૯૬૮ જેઠ સુદિ ૧૪ બુધવાર તા૦ ૨૯ મી મે ૧૯૧૨ અમદાવાદ.

પરોપકાર કરવા માટે જીવવાનું છે. અન્ય જીવોનું સારું કરવું એજ પરોપકાર છે. પરોપકાર વિનાના દિવસો શાપસમાન છે તમારી પાસે જે કંઇ સારું હોય તે અન્ય જીવોના ભલા માટે વાપરો. અનેક પ્રકારની ક્ષુદ્ર કામનાઓની તૃપ્તિ માટે મનુષ્યનું જીવન નથી. પોતાના અને અન્યોના ઉદ્ધારાર્થે મનુષ્ય જીવન છે. પરોપકારની સાંકલથી બંધાયલું બધું જગત્ છે, તેમ છતાં જે પરોપકારને ભૂલે છે. તે મનુષ્ય છતાં રાક્ષસ જેવો છે. પરોપકારી મનુષ્યોનાં હાડકાં રાખ અને તેઓનાં નામ પૂજાય છે. જેઓ પરોપકારને સેવતા નથી. તેઓની લક્ષ્મી સત્તા વિદ્યા, શારિરેક સંપત્તિ અને વાણીનું બળ ખરેખર બકરીના ગળા પાસે લટકતા આંચળથી વિશેષ શોભાને આપતું નથી. પ્રેમ દૃષ્ટિથી સર્વ જીવોને ચાહો અને તેઓનું ભલું કરવા પ્રયત્ન કરો. મારા શત્રુઓ છે. મારું બુરું ઇચ્છનારાઓ છે એ, વાત ભૂલી જાઓ, અને સર્વને શુદ્ધ પ્રેમથી નિહાળો. તમારી શક્તિના અનુસારે પરોપકાર કરવામાં પાછળ ન પડો ભારત વાસીયોનો મુખ્ય ગુણ પરોપકાર છે.

જે કોઇ પરોપકાર કરો છો તે પોતાની ફરજ માનીને કરો. પરંતુ બદલો લેવાની બુદ્ધિથી જે પરોપકાર કરવામાં આવે છે તે પરોપકાર નથી.

પરોપકાર કરવામા જાગ્રત થાઓ અને કદિ તેથી વિરમો નહિ. દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારે પરોપકારના ભેદ છે પરોપકારના કાર્યો કરવામાં તમારું બળ વાપરો. આપણે પ્રત્યેક મનુષ્યોની સાથે રહીને પરોપકારનાં કાર્યો કરવાનાં છે. એ સિદ્ધાંતને લક્ષ્ય બહાર ન રાખો.

સંપદા, કીર્તિ, ભોગવિલાસ, શરીર આદિ ક્ષણિક વસ્તુઓ સદાકાલ રહેવાની નથી, માટે જાગ્રત્ થઇને સર્વ મનુષ્યોને સુખની દિશા દેખાડવા અને જાગ્રત્ કરવા હે બન્ધુઓ ! ઉદ્યમ કરો ! સત્ય ધર્મ અને સત્ય કાર્ય કરવામાં જીંદગી પસાર થાય તેજ ઉત્તમ કાર્ય છે. હિંમત રાખો અને પરોપકારના કાર્યો કર્યો કરો. સત્પુરૂષોની પાસે જે કંઇ હોય છે તે પરોપકારને માટેજ છે. સત્પુરૂષ થાઓ અને આગળ વધો. જે કંઇ નવું અનુભવવાનું છે તે આગળ ગમન કર્યાથી જણાશે.

40 × × × ×

સંવત્ ૧૯૬૮ ના જેઠ વદિ ૧ શુક્રવાર તા. ૩૧ મી મે ૧૯૧૨ અમદાવાદ.

જે મનુષ્યો ઉપકારને ભૂલી જતા નથી તેઓ મનુષ્યત્વને લાયક છે. ઉત્તમ પુરૂષો ઉપકારનો પ્રતિ બદલો વાળવા માટે વખત આવે ભૂલ કરતા નથી. જગત્‌માં કોઇપણ મનુષ્ય એવો નથી કે જે કોઇના ઉપકાર તળે ન દબાયો હોય ? પામર મનુષ્યો ઉપકારને ભૂલી જાય છે, અને ઉપકાર કરનાર એવા ગુરૂ માતા પિતા કલાચાર્ય મિત્રો વગેરેનું પણ અશુભ કરવા બાકી રાખતા નથી.

મારા ઉપર નાના મોટા જે જે જીવોએ ઉપકારો ભૂતકાલમાં કર્યા હોય, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે તેઓનું ભલું થાઓ એમ બે હાથ જોડીને પરમાત્મ દેવની આગળ પ્રાર્થના કર ! ! ! કોઇ પણ જીવ આ જગત્‌માં કોઇના ઉપર ઉપકાર કરતો હોય તેના કાર્યમાં આવનાર વિઘ્નોનો નાશ થાઓ એવી પરમાત્મ દેવ પ્રતિ પ્રાર્થના કર !!! કોઇપણ જીવ ઉચ્ચ કોટિપર ચઢવા પ્રયત્ન કરતો હોય તેના માર્ગમાં મારાથી અન્તરાય ન થાઓ એવી ભાવના ભાવું છું. તેમજ જે જીવો ઉચ્ચ કોટિપર ચઢતા હોય અને સહજ સુખનો માર્ગ ગ્રહણ કરતા હોય તેઓના ગમનમાં હું સહાયકારી બનું એવી પ્રાર્થના કરૂં છું. કોઇપણ જીવે મારા ઉપર અમુક અંશે ઉપકાર કર્યો તે ઉપકાર કદિ ન ભુલાઓ અને તે ઉપકારનો પ્રતિબદલો કોઇપણ રીતે તેને મળો એવી ભાવના ભાવું છું. ગમે તેવી સ્વાર્થની ઇચ્છાઓ પ્રકટે છે. તેવી દશામાં પણ ઉપકારીનો ઉપકાર ન ભુલાઓ એજ વારંવાર ઇચ્છું છું. હૃદયની કેળવણી વિના દુનિયા ઉપકારજ્ઞ બની શકતી નથી. અજ્ઞાનના આવરણથી મનુષ્યો ઉપકાર તત્ત્વને સમજી શકતા નથી, અને તેથી તેઓ ઉપકારીઓને પણ ઇતર મનુષ્યોની માફક ગણીને તેઓની સેવા કરી શકતા નથી. ઉપકાર કરનારાઓએ ઉપકારનો બદલો ન ઇચ્છવો જોઇએ, પણ ઉપકાર તળે દબાયલાઓએ પરમાણુ જેટલા ઉપકારને પણ પર્વતસમાન માનીને ઉપકારીની સેવા કરવી જોઇએ. અરે તું કદિ ઉપકારને ભૂલીશ નહિં. તારા ઉપર ઘણાઓના ઉપકાર થયા છે. સર્વ જીવોના ભલા માટે પ્રયત્ન કરીને જગતનું દેવું ચુકવી દે. તું ઉત્તમ સેવાને ઇચ્છતો હોય તો મન, વાણી, કાયા, સત્તા, અને લક્ષ્મીનો જગતનું ઉપકારરૂપ દેવું ચુકવવા સદુપયોગ કર.

ॐ × × ×

સંવત્ ૧૯૬૮ જેઠ વદિ ૨ રવિવાર તા. ૨ જી જુન ૧૯૧૨ અમદાવાદ.

મનુષ્યોમાં જે જે અંશે સદ્ગુણો હોય તે તે અંશે તેઓની પ્રશંસા કરવી. મનુષ્યોના દોષો નહિ દેખતાં તેઓનામાં રહેલા ગુણો દેખવા જોઇએ. કોઇપણ મનુષ્યથી જગતના જીવો પ્રતિ અત્યંત ઉપકાર થતો હોય તેઓની હેલના કરવાથી, તેઓના શુભ કાર્યમાં હાનિ પહોંચાડવાથી જગતના જીવોને પરંપરાએ હાનિ પહોંચાડી શકાય છે. મનુષ્યોને કદિ તેઓની નિંદા કરીને સુધારી શકાતા નથી. મનુષ્યોને સદ્ગુણો તરફ રૂચિ કરાવવાથી તેઓની દોષો તરફની પ્રવૃત્તિ મંદ પડે છે, અને સદ્ગુણોની પ્રવૃત્તિ શરૂ થાય છે. *શુદ્ધ પ્રેમ દૃષ્ટિથી સર્વ જીવોને દેખવાનો અભ્યાસ પાડવાથી કોઇપણ જીવના* ગુણો દેખવા તરફ લક્ષ્ય ખેંચાય છે. જેના ઉપર આપણો પ્રેમ હોય છે, તેના ગુણોજ આપણે દેખીએ છીએ અને તેના દોષો ઢાંકવાની પ્રવૃત્તિ થાય છે. આપણો તેવો પ્રેમ જો જગતના સર્વ જીવો સાથે વર્તે તો કોઇપણ જીવની નિંદા વા તેની હેલના કરવાની વૃત્તિ થાય નહિ. આવી પ્રેમ દૃષ્ટિમાં અનેક વિઘ્નો આવે છે, અને જેથી જેના ઉપર પ્રેમ હોય છે, તેના ઉપર દ્વેષ થવાથી પ્રેમીને દ્વેષી માનીને તેના ગુણોને પણ દુર્ગુણોના રૂપમાં ફેરવી નાંખવામાં આવે છે. પાછો દ્વેષીના ઉપર પ્રેમ થવાથી તેના સદ્ગુણોને સદ્ગુણો *તરીકે* દેખવામાં આવે છે, અને દુર્ગુણો તરફ લક્ષ્ય રહેતુ નથી. મોક્ષમાર્ગની નિસરણી ઉપર પગ દેતાં પહેલાં મનુષ્યોએ શુદ્ધ પ્રેમનો સંબંધ સર્વ જીવોની સાથે બાંધવો જોઇએ. જેમ જેમ સર્વ જીવોપર શુદ્ધ પ્રેમ વિસ્તરે છે તેમ તેમ સર્વત્ર સદ્ગુણો દેખાય છે. પ્રારંભાવસ્થામાં આજ પગથીએ આગળ ચઢી શકાય છે, પછી કર્મના યોગે ગમે તે સ્થિતિમાં મૂકાયેલા મનુષ્યોએ પ્રથમ આ માર્ગે ગમન કરવું એ ઉત્તમ ઉપાય છે. પ્રથમાભ્યાસની ભૂમિકામાં જેઓ [illegible] વેઠીને રહે છે, તેઓ સર્વ જીવોની સાથે ગંભીરતા રાખીને સદ્ગુણોના પાત્રભૂત બને છે. દુનિયાને આવી સ્થિતિમાં લાવવાને માટે સત્ પુરૂષોએ પ્રયત્ન કરવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ના જેઠ વદિ ૪ મંગળવાર તા. ૪ થી જુન ૧૯૧૨ અમદાવાદ.

અતિ આચાર અને અતિ વિનયમાં કપટ હોય છે. જે મનુષ્યો અમુક સ્વાર્થના યોગે ઉગ્ર આચાર અને વિનયને દેખાડે છે તેને જ્ઞાની પુરૂષો પારખી શકે છે. સરલાચારમાં કપટભાવ હોતો નથી. વાણી અને આચારોથી કોઇપણ મનુષ્ય સંબંધી અભિપ્રાય એકદમ બાંધવો નહિ. આચારો અને વાણીથી હૃદયની ભિન્નતા ઘણે ઠેકાણે અવલોકવામાં આવે છે. હૃદયની અવિરૂદ્ધ એવી વાણી અને આચારો તો કોઇ ઠેકાણે જોવામાં આવે છે. વાણી અને આચારોનું વારંવાર પરિવર્તન થયા કરે છે. વાણી અને આચારોથી કોઇપણ મનુષ્યના હૃદયના આશયો અવબોધવા એ કંઇ સામાન્ય કાર્ય નથી. ચિત્ત, વાણી અને ક્રિયાનું ઐક્ય તો કોઇ ઉત્તમ મનુષ્યો દેખાય છે. ચિત્ત, વાણી અને કાયાની ભિન્નતા તો ઠેકાણે ઠેકાણે દેખવામાં આવે છે. ઉત્તમ મનુષ્યો સદ્‌વિચારોને વાણીદ્વારા યથાર્થ જણાવી શકે છે. સદાચારોને પોતાની શક્તિ પ્રમાણે સેવવા જોઇએ. દંભ રાખીને આચારો સેવવાથી ફલની પ્રાપ્તિ થતી નથી, અને તેમજ અન્યોનો વિશ્વાસ પણ મેળવી શકાતો નથી. કેટલાક મનુષ્યો રૂઢિ પ્રમાણે ધર્મની ક્રિયાઓ કરે છે પણ નીતિ પ્રમાણિકતા અને માર્ગાનુસારિના ગુણો વગેરેથી શૂન્ય હોવાથી તેઓ ધર્મની ક્રિયાઓનું ઉત્તમ ફલ પોતે પ્રાપ્ત કરી શકતા નથી. મૂઢ મનુષ્યો ગુણોની નિરપેક્ષતાએ ધર્મ રૂઢિની ક્રિયાઓને કરીને પોતાને ધર્મી માની લઇ મિથ્યાભિમાન ધારણ કરે છે. જેનું સેવન કરવાથી સત્ય શુદ્ધ પ્રેમ, વિનય વિવેક ભક્તિ આદિ સદ્‌ગુણો જો ઉત્પન્ન ન થાય તો તે ધર્મની ક્રિયાઓનું સેવન ખરેખર ઉપયોગી થઇ શકતું નથી. વેષ, તિલક અને ધર્મની રૂઢિ પ્રમાણે અમુક ક્રિયા કરવા માત્રથી કોઇ સદ્‌ગુણી પ્રમાણિક છે એવો કદિ ખ્યાલ કરવો નહિ. તેમજ ધર્મવેષ અને ધર્મની ક્રિયાઓ કરવા માત્રથી કોઇ અપ્રમાણિક છે એવો પણ કદિ ખ્યાલ કરવો જોઇએ નહિ. માનસિક વિચાર બળની વાણી તથા કાયા ઉપર અસર થાય છે. અર્થાત્ માનસિક બળવડે વાણી અને કાયાની પ્રવૃત્તિ થાય છે. મનવાણી અને કાયાની પવિત્રતા રાખવા સદાકાલ પ્રયત્ન કરવો એજ ઉત્તમ થવાનું પગથીયું છે.

× × × ×

મળો ! સંસારમાં કોઇ અમર રહ્યો નથી. અને કોઇ અમર રહેનાર નથી. મૃત્યુના પંઝામાં ફસાતાં પહેલાં ધર્મની આરાધના કરી લેવી જોઇએ. આ ક્ષણિક સંસારમાંથી પરમશાન્તિનો માર્ગ ગ્રહી લેવો જોઇએ.

× × + × . .

સંવત્ ૧૯૬૮ જેઠ વદિ ૬ ગુરૂવાર તા. ૬ ઠ્ઠી જુન ૧૯૧૨ અમદાવાદ.

મુખમાંથી વાત કરતાં મુખમાંથી એક પણ તોછડો શબ્દ નીકળે નહિ તેના ખાસ ધ્યાન રાખવું. માન, આદર અને સત્ય વિના ગુરૂની પાસેથી લીધેલી વિદ્યા ફલ આપતી નથી. તંદુરસ્તીનો પાયો બ્રહ્મચર્ય છે, એમ હૃદયમાં દૃઢ નિશ્ચય કરવો જોઇએ. શરીર તંદુરસ્ત હોય છે ત્યારે મન તંદુરસ્ત રહે છે. શરીરની આરોગ્યતા કસરતથી રહે છે. ચિંતા, શોક રહિત મન રાખવું એ આરોગ્યતાનો આન્તરિક ઉપાય છે. મનને આનન્દમાં રાખવાથી શરીરની આરોગ્યતામાં વૃદ્ધિ થાય છે. શરીરની કિમ્મત કરતાં આત્માની અનન્તગણી વિશેષ કિમ્મત છે. માટે શરીરની આરોગ્યતા કરતાં સદ્ગુણો વડે આત્માની પુષ્ટિ કરવા વિશેષ લક્ષ્ય આપવું.

સર્વ કલ્યાણનું કારણ જ્ઞાન છે. ઉત્તમ ધર્મનો પાયો જ્ઞાન છે. જ્ઞાનીની સંગતિમાં સુખ સમાયું છે. શરીર અને મન તાજું હોય તે વખતે વાંચવું. નિયમિત વખતે કોઇ પણ પુસ્તક વાંચવું. જે વાંચવું તે સારી રીતે સમજીને વાંચવું. જે વાંચવું તે એક સ્થિર ચિત્તથી વાંચવું. ઉત્સાહ ધારણ કરીને વાંચવું. હેતુ પૂર્વક વાંચવું. અને જે વાંચ્યું હોય તેનું હૃદય પટમાં ચિત્ર ખડું થાય તેવી રીતે વાંચવું, અને તે પણ પોતાના આત્મબળથી વાંચવું.

જગતની નીતિ બંધારણનો પાયો ડગાવનાર અસત્ય છે. પક્ષપાતથી અસત્ય બોલાય છે. ક્રોધ, માન, માયા, લોભ, ભય અને હાસ્યથી અસત્ય બોલાય છે. અનેક સ્વાર્થિક ઇચ્છાઓના તાબે થઇને જે મનુષ્યો પરમાર્થ તત્ત્વને ભૂલે છે. તેઓ અસત્યના અંધકારમાં પ્રવેશે છે, અને ગુનેગાર જેવા બને છે. બાહ્ય આકારથી જે સત્ય હોય પણ અન્તરના ન ... તે સત્ય ગણાય નહિ. સ્વાર્થ અને અજ્ઞાન યોગે ઢોંગ કરી શકાય ... પણ પ્રકારનો ઢોંગ અન્તે ખુલ્લો થાય છે ઢોંગ વિનાનું જીવન ખરેખર

વિરલા હોય છે. તે પ્રમાણે સત્પુરૂષોની પાસે વસનારા-બેસનારા તો ઘણા હોય છે. પરંતુ સત્પુરૂષોના હૃદયને પ્રાપ્ત કરનારા તો વિરલા વિજયી મનુષ્યો હોય છે.

ઉત્તમ સત્પુરૂષો તરફ પૂજ્યભાવ, ભક્તિ, પોતાનાં કરતાં નીચી કોટીના જીવો પર દયા, સ્વધર્મી મનુષ્યો પર સ્નેહ દૃષ્ટિ અને ગુણી જનોપર પ્રમોદ ભાવના જેઓ ધારણ કરે છે, તેઓ આગળનો માર્ગ પ્રાપ્ત કરે છે.

સન્તોનો પ્રેમ સદાકાલ ઇચ્છવો. સત્પુરૂષોની કૃપાદૃષ્ટિ જેના ઉપર પડે છે, તેનો ઉદ્ધાર થયા વિના રહેતો નથી. માટે, ગમે તેવા સાનુકૂલ સંયોગોમાં અને ગમે તેવી ઉચ્ચ દશામાં પણ સંતોની કૃપા મેળવવા પ્રયત્ન કરવો.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના જેઠ વદિ ૮ શનિવાર તા. ૮ મી જુન ૧૯૧૨ અમદાવાદ.

અમુક મનુષ્યની સાથે અણબનાવ થવાથી ઉપાડેલા કાર્યથી દૂર રહેવું એ ઉત્તમ મનુષ્યનું લક્ષણ નથી. જે બાબતમાં મતભેદ હોય તે વિના અન્ય સર્વ બાબતોમાં બન્ને સાથે રહીને કાર્ય કરવું જોઇએ. અપમાન વગેરે સહન કરીને અણબનાવ ભૂલી જઇ સર્વની સાથે રહીને કાર્ય કરવાં જોઇએ. કોઇ પણ ગરીબના આંતરડી દુઃખવવી એના જેવું કોઇ અઘોર કર્મ નથી. એવા પાપની સજા, કર્મના નિયમ પ્રમાણે વહેલી મોડી થાય છે.

મીઠાશ ભરેલા શબ્દો બોલનારાઓ દેવો સમાન છે. જે મનુષ્યો મીઠાશ ભરેલા શબ્દોથી અન્યોને ચાહે છે તેને સર્વે ચાહે છે. વેરનું ઔષધ પ્રેમ છે. કોઇપણ મનુષ્ય આપણા ઉપર વેર રાખે તો આપણે તેના ઉપર પ્રેમ ધારણ કરવો જોઇએ. આપણું બુરૂં કરનારનું કદિ નુકશાન કરવા પ્રવૃત્ત થવું નહિ. એ દુનિયામાં પૂજ્ય મહાત્માઓ થવાનું પ્રથમ પગથીયું છે.

હે ચેતન! તારા ઉપર કોઇ અરૂચિ ધારણ કરે તો તારે સામા ઉપર કદિ અરૂચિ ધારણ કરવી નહિ. તારૂં અશુભ કરનારાઓને માફી આપ. શઠની સામે શઠતા ધારણ કરવી એ કંઇ સત્વ ગુણી મનુષ્યનું લક્ષણ નથી. અપરાધી જીવો ઉપર સદા કરૂણાભાવના ધારણ કરવી. ભુંડાઇનો

જે જે છે તેમાં સર્વનો હક છે, એમ માનીને અન્યોને ઉદારભાવથી જે જે આપવાનું હોય તે આપ ! એકનું અનન્ત ગણું થાય તેવું અન્યોને આપ ! ભવિષ્યમાં પરંપરાએ પ્રતિદિન વૃદ્ધિ પામે તેવું અન્યોને આપ. જે જે મનુષ્યોને જે જે સમયે જે જે ઉપયોગી હોય અને તે તે તારી પાસે હોય તે આપ ! તું આપવા માટે જન્મ્યો છે. જે જે આપવાથી પ્રતિબદલા તરીકે જે જે પાછું મળે છે તેનીઇચ્છા ન રાખ. જે જે આપે તે બહુમાન અને શુદ્ધપ્રેમથી આપ !

અતિથી સત્કાર એ આર્યોનું મુખ્ય લક્ષણ છે. જેના હૃદયમાં અતિથી સત્કાર નથી તે પોતાના દેશની, ધર્મની અને આત્માની અવગણના કરે છે. શત્રુ પણ અતિથિ થઇને આવે તો તેની ગુરૂજનની પેઠ સેવાભક્તિ અને બહુમાન કરવું. શત્રુ પણ અતિથિ થઇને આવે તો તેના ઉપર અરિબુદ્ધિ ધારવી નહિ, પણ તે પોતાનો છે એવી બુદ્ધિ ધારણ કરવી કે જેથી ભવિષ્યમાં ઘણાભવ પર્યંત વૈર સંસ્કારો પડવાના હોય તે ન પડે અને વર્તમાનમાં તે સંસ્કારો ટાળીને મહાન્ ઉપકાર કરી શકાય. તથા સત્પુરૂષોની કોટિમાં પ્રવેશ કરી શકાય. જેની પાસે પ્રતિપક્ષી પણ અતિથિ થઇને આવે અને તેને જે માન આપતો નથી તે મનુષ્યની કોટીમાં ગણાવવાને લાયક નથી. જે અતિથિનો અનાદર કરે છે, તેનો સદ્ગુણો અનાદર કરે છે. સાધુઓમાં, ત્યાગીઓમાં, ગૃહસ્થોમાં અતિથિ સત્કાર ગુણ ખીલવવા જેઓ ઉદ્યમ કરે છે તેઓ પરમાત્માના સાચા સેવકો છે. પોતાની પાસે આવેલા કોઇપણ આત્માનો તિરસ્કાર કરવો એ પોતાનો તિરસ્કાર કરવા બરોબર છે. જે મનુષ્યોમાં અતિથિ સત્કાર ગુણ છે તે આર્યો છે. અતિથિ સત્કાર કરવો એ પરમાત્માના સેવક બનવાની ઉત્તમ નિશાની છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના જેઠ વદિ ૧૦ સોમવાર તા. ૧૦ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

જેનું મન નાના બાળકની પેઠે સરળ છે તે સત્પુરૂષ કહેવાય છે. જેના મનમાં કપટની મલીનતા નથી અને સદાકાલ આનન્દી રહે છે તે યોગી થવાને માટે લાયક છે. જેના મનમાં પ્રતિક્રમણ કર્યાબાદ પાપ સેવ-

સંવત્ ૧૯૬૮ ના જેઠ વદિ ૧૧ મંગળવાર તા. ૧૧ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

શ્રીમદ્ રવિસાગરજી મહારાજને સ્વર્ગગમન થયાં આજ ચોદ વર્ષ પૂર્ણ થયાં છે: શ્રીમદ્ રવિસાગરજી મહારાજની અનુભવબુદ્ધિ ઘણી હતી. તે કાલમાં તે ઉત્કૃષ્ટ ચારિત્ર ધારક હતા. તેમનો મનુષ્યોપર સારો પ્રભાવ પડતો હતો. શ્રીમદ્‌ની દીર્ઘ દૃષ્ટિ હતી. મનુષ્યની પરીક્ષા કરવામાં તે એક્કા હતા. તે પચ્ચીશ વર્ષપર મળેલા મનુષ્યને પણ અર્ધ રાત્રીએ બોલાવા માત્રથી ઓળખી કાઢતા હતા: તેમણે સીત્તોતેર વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું. પાંચ સમિતિનો સારી પેઠે ઉપયોગ ધારતા હતા. ગમે તેવા વિકટ પ્રસંગોમાં દીર્ઘદૃષ્ટિ અને સમય સૂચકતાને વાપરી નિર્લેપ રહીને અન્યો ઉપર પોતાનો પ્રભાવ પાડતા હતા, અને અન્યોને ધર્માનુયાયી બનાવતા હતા. તેમનામાં પ્રમાણિકત્વ હતું. તેથી તેમના બોલોનો ભાર જૈનકોમ ઉપર ઘણો પડતો હતો. એક આંખમાં ચંદ્ર અને એક આંખમાં સૂર્ય એવી સ્થિતિથી શ્રીમદ્ શિષ્યોનું હિત કરતા હતા. તેમના સમાગમમાં આવનાર મનુષ્યોનાં મન તેઓ પોતાની તરફ આકર્ષી શકતા હતા. નાની ઉમ્મરના સાધુનું પણ વ્યાખ્યાન સાંભળવામાં રૂચિ ધારણ કરતા હતા, અને તે પ્રમાણે વર્તીને સાધુઓને [illegible] પોતાનો અનુભવ આપતા હતા. શ્રીમદ્ અખંડ બ્રહ્મચર્ય [illegible] હતા તેથી તેમનામાં વચન સિદ્ધિ હતી. શ્રીમદ્‌નો પહેલાં જરા ગરમ સ્વભાવ હતો, પણ હળવે હળવે ઉમ્મર વીતતાં તે ઘણો ન્યૂન થઇ ગયો હતો. શ્રીમદ્ અન્ય સાધુઓની સાથે સંપીને ચાલતા હતા, અને કદિ કોઇ જાતના કલેશ અને જૈનશાસનની હીનતા કરાવે એવી ધમાધમમાં પડયા નહોતા. તેમના સમકાલીન સાધુઓ અને જૈનકોમમાં [illegible] સારી પ્રતિષ્ઠા હતી. તેઓ ચારિત્ર ધર્મના અભિમાન કરતા નહોતા. ગચ્છની ખંડન મંડન ચર્ચામાં શ્રીમદ્ પડયા નહોતા. પંચાચાર પાળવામાં પ્રમાદ દશા ટાળીને યથાશક્તિ પ્રયત્ન કરતા હતા. ક્રિયા [illegible] સંઘાડો વખણાય છે. તે બાબતમાં શ્રીમદ્ વખણાતા હતા. તેમનો [illegible] કોઇ ગ્રંથ નથી. હૃદય સદ્‌ગુણોને તેમણે માગ પેઠે [illegible] હતા અને આગળ ખીલવવા પ્રયત્ન કરતા હતા. શ્રીમદે પોતાની [illegible] પડાવી નથી. મરણ વખત અમોએ ઘણું કથ્યું હતું, પણ તેમણે સ્પષ્ટ ના કહી હતી. શ્રીમદ્‌ના ધર્માચારો સારા હતા. શ્રીમદ્ જુના જમાનાને અનુસરીને પ્રવર્તનારા હતા. તે વખતમાં ઘણા સાધુઓની તેવી દૃષ્ટિ હતી. શ્રીમદ્ વક્તા, ધર્મપ્રચારક,

ભક્ત, અનુમતી કરી શકાય, હજારો મનુષ્યને ધર્મમાર્ગમાં જોડનાર એવા શ્રીમદ્‌ના આત્માને શાન્તિ મળો.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના જેઠ વદિ ૧૨ બુધવાર તા. ૧૨ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

પ્રતિજ્ઞા પાળનાર શૂરવીર મનુષ્યો જણાય છે. પ્રથમ વિવેક બુદ્ધિથી મનમાં ચોક્કસ વિચાર કરીને સ્વપરને જેથી લાભ થાય એવી પ્રતિજ્ઞા લેવી જોઇએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, વય, આજુબાજુના સંયોગો અને પોતાના સામર્થ્યનો વિચાર કરીને પ્રતિજ્ઞા લેવી જોઇએ. જે બાબતની પ્રતિજ્ઞા લેવા વિચાર હોય તે બાબતનું પૂર્ણ જ્ઞાન મેળવવું જોઇએ. દેવ-ગુરૂ અને ઉત્તમ મહાત્માઓની સાક્ષીએ લીધેલી પ્રતિજ્ઞા પ્રાયઃ પૂર્ણ નિર્વહી શકાય છે. અમુક સંયોગોમાં અમુક બાબતમાં ચોક્કસ રહેવા માટે અમુક શક્તિ પ્રકટાવવાને માટે પ્રતિજ્ઞા કરવામાં આવે છે. જે બાબતની પ્રતિજ્ઞા કરવામાં આવે છે, તે તરફ વારંવાર ઉપયોગ રહે છે અને તથા આત્મામાં તે બાબતની સિદ્ધિ થાય એવું વીર્ય પ્રકટી નીકળે છે. જેનું મન મજબૂત હોય છે, અને જે ભય, ખેદ, કાયરપણાથી રહિત હોય છે તે પ્રતિજ્ઞાને પાળી શકે છે. જે મનુષ્યો ચંચળ અને ડરપોક હોય છે, તે મનુષ્યો પાળેલી પ્રતિજ્ઞાને અનેક પ્રકારની આપત્તિઓ નડતાં ભંગ પણ કરે છે. જે મનુષ્યો પ્રતિજ્ઞાનો ભંગ કરે છે, તેમના આત્માનો પાયો [illegible] થાય છે, અને [illegible] કાયર પુરૂષોની [illegible] જણાય છે. જે મનુષ્યો [illegible] પાળવાની [illegible] પ્રતિજ્ઞાઓ [illegible] પોતાના આત્માની દયા કરે છે. [illegible] મનુષ્યોને [illegible] થવા પણ મુશ્કેલ છે. જે મનુષ્યો પ્રતિજ્ઞાની કિમ્મત સમજી શકતા નથી તે, ભક્ત, દાતાર અને શૂર એ ત્રણમાંથી એક પણ બની શકતા નથી. [illegible] લઇને જે મનુષ્યે [illegible] છે, [illegible] આત્માને [illegible] [illegible] [illegible] આવે [illegible] મનુષ્ય [illegible] પ્રતિજ્ઞા [illegible] [illegible] પાળી શકે છે તે મનુષ્ય થઇ શકે છે. [illegible] હોય [illegible]

ત્યાગ કર્યો હોય પણ પ્રતિજ્ઞાપાલનશક્તિ વિનાના મનુષ્યો સર્પ, રાક્ષસ અને ધૂમકેતુ કરતાં વિશેષ ભય કરે છે. કપટ, દ્રોહ, વિશ્વાસઘાત, સ્વાર્થ, તુચ્છતા, લોભ, ભય, નિર્બળ મન, અને ધર્મપર અવિશ્વાસ ઇત્યાદિ દુર્ગુણો જેનામાં હોય છે તે મનુષ્ય પ્રતિજ્ઞાના નામને લજાવે છે, અને ખરના જેવો છતાં સિંહનું ચામડું ઓઢી સિંહ જેવો બનવા ધારે છે પણ અન્તે તેનો નાશ થાય છે. જે મનુષ્ય પ્રતિજ્ઞા પાળવાને માટે શક્તિમાન્ થાય છે તે મનુષ્ય ગુણોને ખીલવવા માટે શક્તિમાન્ થાય છે. જે મનુષ્ય ફક્ત પ્રતિજ્ઞા પાળવાની રૂચિ ધરાવે છે અને તે પ્રમાણે વર્તે છે તેનામાં સર્વ પ્રકારના ગુણો ધીમે ધીમે આવે છે. ગમે તેવા સંયોગોમાં પ્રતિજ્ઞા પાલન શક્તિ ખીલવો. સર્વ ગુણો મેળવવાની પૂર્વે પ્રતિજ્ઞા ગુણને ખીલવો. પ્રતિજ્ઞા પાલનશક્તિમાં પાસ થાઓ. પ્રતિજ્ઞાપાલનશક્તિ ખીલવવાથી મનુષ્યો દેવ સમાન બને છે અને દુનિયાને સ્વર્ગ સમાન બનાવે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ જેઠ વદિ ૧૪ ગુરૂવાર તા. ૧૩ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

મનુષ્યોને અન્નદાન આદિ દાન આપ્યાથી તેઓને પોતાના ધર્મમાં દાખલ કરી શકાય છે. તે માટે ખ્રીસ્તીઓનો દાખલો મોજુદ છે, અને આજ કારણથી સાધર્મ્ય વાત્સલ્ય કરવાની જરૂર છે. મનુષ્યોને પોતાના ધર્મમાં દાખલ કરવા હોય તો તેમને જે જે બાબતની સહાય આપવી ઘટે તે આપવી જોઇએ. આ રિવાજ ઘણા સૈકાથી ચાલ્યો આવે છે, અને તે અનેક આકારોવડે પોતાનું અસ્તિત્વ ધરાવી રહે છે. અન્ય મનુષ્યોને પોતાના ધર્મમાં લેવાને માટે અન્ય ઉપાય એ છે કે તેઓના આત્માનું કેઇપણ રીતે ભલું કરવા અનેક ઉપાયો કરવા. પ્રભાવનાનો મુખ્ય ઉદ્દેશ ઉંડા ઉતરીને તપાસીએ છીએ તો તેમાંથી ઘણું જાણવાનું મળી આવે છે, અને તે ધર્મનો પાયો ઉંડો નાંખવામાં ઉપયોગી નિમિત્ત કારણ છે. મનુષ્યોમાં ધર્મની ભાવનાની વૃદ્ધિ થાય એવી પ્રભાવનાની મુખ્ય સરલ વ્યાખ્યાનો અર્થ છે, અને તેના અર્થ પ્રમાણે પ્રવૃત્તિ થાય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રભાવના કરનારને મહાન્ લાભ પ્રાપ્ત થઇ શકે. ધર્મની

વાદિમનુષ્યોથી થઇ છે. જે મનુષ્ય જ્યાં સુધી સત્યના માર્ગપર એક ટેકથી ચાલી શકતો નથી, તે મનુષ્ય ખરેખર ત્યાંસુધી ધર્મી બની શકતો નથી. જે મનુષ્ય સત્ય બોલવું એ મહા સિદ્ધાંતને ધર્મ તરીકે સ્વીકારતો નથી તેની અન્યધર્મ ક્રિયાઓ નિષ્ફલ છે. ઘણા મનુષ્યો તપ જપ અનુષ્ઠાન અને ટીલાં ટપકાં કરીને પ્રભુના નામની માળાઓ ગણનારા એવા અસત્ય બોલતાં સાંભળ્યા છે. ધર્મના ઉપાસકો બનીને ધર્મના ઉપદેશકો ક્ષુદ્ર લાલસાઓના તાબે થઇને અસત્ય બોલતાં દેખ્યા છે. આનું કારણ એ છે કે તે મનુષ્યોના હૃદયમાં સત્યનો પૂર્ણ મહિમા સમજાયો નથી, અને તેમજ તેઓ સત્યની કિંમત સમજનારા એવા ઉત્તમ મહાત્માઓના ઉપદેશને તેઓએ સાંભળ્યો નથી. જૈનોમાં પણ જે જૈનો સત્યનું સ્વરૂપ સમજીને સત્યને બોલે છે તેવા વિરલ મનુષ્યો દેખવામાં આવે છે. અસત્ય બોલવું આદિ કેટલાક દુર્ગુણો તો બાલ્યાવસ્થાથી શરૂ થાય છે. સત્યનો પ્રકાશ થયા વિના આર્યાવર્ત આદિ દેશોની સાત્વિક ઉન્નતિ થઇ શકનાર નથી, અને તેના અભાવે દુનિયા સત્ય સુખને પ્રાપ્ત કરી શકનાર નથી. બાલ્યાવસ્થાથીજ ઉપાસના કરવામાં આવે જ્યાંસુધી કેળવણી મળ્યા વિના દુનિયામાં ઉત્તમ વ્યવહાર, સુખ પ્રાપ્તિ અને દુઃખનો નાશ થનાર નથી. સત્યવિના સાધુ કોઇ બની શકે નહિ. મનુષ્યો મોહથી અસત્ય બોલે છે, અને તેમજ મનુષ્યો મોહના ઉપર પગ દઇને સત્ય વદે છે. હરિશ્ચંદ્ર રાજાની પેઠે અન્તે સત્યથી સુખ પ્રાપ્ત થાય છે સત્યથી મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્યાં સત્ય નથી ત્યાં ધર્મ નથી. સત્ય બોલતાં વિચાર કરવો પડતો નથી, અને અસત્ય બોલતાં મનમાં જાળ ગુંથવી પડે છે. સત્યવિના શાન્તિથી સત્યરૂપ ધર્મ મંદિરમાં પ્રવેશ કર્યા વિના મનુષ્ય પરમાત્માનું દર્શન કરી શકતો નથી. સત્યને પૂજો. સત્ય બોલો સત્ય એ સુખનો સાથી છે.

* * * *

સંવત્ ૧૯૬૮ ના અધિક અષાડ સુદિ ૧ રવિવાર તા. ૧૬ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

પ્રભુના ભક્તો થવાની ઇચ્છા સર્વે મનુષ્યો કરે છે પરન્તુ ભક્તના ગુણોને પ્રાપ્ત કર્યા વિના કદિ પ્રભુના સાચા ભક્ત બની શકાતું નથી. સાધુ થવાની ઇચ્છા કરનારે સર્વ વસ્તુઓની મમતાને ત્યાગી દેખાડવી જોઇએ. ત્યાગ વિના સાધુત્વ પ્રાપ્ત થઇ શકતું નથી. આપણે અન્ય મનુષ્યોની પાસેથી જે લેવા ઇચ્છીએ છીએ તે કરતાં કરોડગણું ગમે તે રીતે અન્યોને આપવા ઇચ્છા કરવી જોઇએ. પરસ્પર આપવું અને લેવું એ પોતાની ફરજ છે એમ વિચારીને પોતાની ફરજ બજાવ્યા વિના કદાપિ કોઇએ ન રહેવું જોઇએ. મન વચન અને કાયાનું ધન આપણી પાસે પુષ્કળ છે, મન વચન અને કાયાના ધન ને કેળવણીનો અન્યોના ભલા માટે ઉપયોગ કરવાની જરૂર છે. ધર્મનાં મોટાં મોટાં અનુષ્ઠાનો કર્યા પહેલાં પોતાની માનસિક આદિ શક્તિયોનો સદુપયોગ કરવાનું કાર્ય શિખવું જોઇએ. જે ધર્મ, મનુષ્યોની આંતરડી ઠારવાનો ઉપદેશ દેતો નથી અને સ્વાર્થની ખાડમાં ઉતરવાનું કહે છે તે ધર્મને દૂરથી નમસ્કાર થાઓ. આપણોજ આત્મા આપણને કહી આપે છે કે સર્વનું ભલું ચિંતવવું અને સર્વનું ભલું કરવું. જે મનુષ્યની આંખમાં સ્નેહ નથી, અન્યને માટે ક્ષમા નથી, અને અન્યોનું ભલું કરવાની વૃત્તિ નથી તે મનુષ્ય હજુ પ્રભુના ધર્મની ગંધ પણ પામી શકતો નથી. પ્રભુના જેવા ગુણો ધારણ કર્યા વિના પ્રભુનાં દર્શન અને પ્રભુની પ્રાપ્તિ થઇ શકતી નથી. મારો ધર્મ શ્રેષ્ઠ છે એમ તો વગડામાં રહેનાર ભિલ્લ પણ કહે છે, પણ પોતાના ધર્મ પ્રમાણે વર્તીને જગત્‌ને પ્રભુના દિવ્ય માર્ગમાં વહેવરાવે એવો જે કોઇ બને છે તેને ધન્યવાદ ઘટે છે. ઉદારભાવ અને દાન વિના પ્રભુના માર્ગમાં વહી શકાતું નથી. પ્રભુના સત્ય ધર્મમાં અસત્યની મલીનતા હોયજ નહિ. પ્રભુ પ્રાર્થના વગેરે ક્રિયાઓ કરનારાઓ જો મનનું પાપ ન ત્યાગે તો પ્રભુની પ્રાર્થનાથી તેઓ લાભ પ્રાપ્ત કરી શકે નહિ. મનુષ્યો સ્વાર્થાદિવડે પ્રભુને છેતરવા જાય છે પણ તેઓ જાણતા નથી કે કદિ પ્રભુને છેતરી શકાયજ નહિ. મલિનવાસનાઓની તૃપ્તિ માટે જે પ્રભુની ભક્તિ કરે છે તે મનુષ્ય અજ્ઞાની છે. અજ્ઞાની મનુષ્યો પોતાની વૃત્તિ પ્રમાણે પ્રભુને કલ્પે છે અને પોતાની વૃત્તિ પ્રમાણે અનુષ્ઠાનો કલ્પે છે. જગત્‌માં અજ્ઞાનીયો ઘણા છે, અને જ્ઞાનિયો થોડા છે. નાનામાં નાના બાળકની પેઠે સરલ થવું એજ પ્રભુને મેળવ-

સ્થિતિને દેખે છે, અને તેથી તેઓની વિશાલદૃષ્ટિ સહેજે ઉત્પન્ન થાય છે. આપણે સંગ્રહનયની સત્તા વડે સર્વ આત્માઓને પરમાત્મભાવથી દેખવાનો અભ્યાસ પાડીએ તો અલ્પ કાળમાં ઘણા દુર્ગુણોને હઠાવી શકીએ. રાગ-દ્વેષ આદિ આઠ, પ્રકૃતિયોનું જોર પણ ધીમે ધીમે ટળવા માટે એવી રીતે આત્માને આત્મભાવે દેખીને આત્મસ્વરૂપ રમણતા રૂપ ચારિત્ર પ્રકટ કરવાનો વખત પ્રાપ્ત કરી શકું ! આવી ઉત્તમ દૃષ્ટિની ભાવનાથી ધર્મ આદિ તકરારી ભેદોનો નાશ થાય છે, અને આત્મા જાણે પરમાત્માજ હોય એવો ભાવ હૃદયમાં પ્રકટ થાય છે. ભય, દ્વેષ, ખેદ આદિ દોષોના આવરણો ટળે છે અને પરમાત્મ સત્તાની ભાવનાથી ઉચ્ચ દૃષ્ટિના શિખર પર ચઢી શકાય છે. જ્ઞાનીઓ સંગ્રહનય વડે સર્વ આત્માઓ સત્તાએ પરમાત્માઓ છે, એમ સ્વીકારે છે અને નયોની અપેક્ષાએ સંગ્રહનય સત્તાવડે ભાવના ભાવે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ સુદિ ૪ મંગળવાર તા. ૧૮ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

દુનિયાને સુખી કરવી એમ અનેક વિદ્વાનો વદે છે. કિન્તુ દુનિયાને આત્મજ્ઞાન વૈરાગ્ય સંતોષ આદિ ગુણોનો બોધ આપ્યા વિના તેની સુખની દિશા તરફ પ્રવૃત્તિ થવાની નથી. પ્રાણવાયુ વડે જેમ જીવો જીવી શકે છે, તેમ સંતોષરૂપ પ્રાણવિના સુખની સૃષ્ટિમાં જીવી શકાતુ નથી. મનુષ્યો અનેક પ્રકારની બાહ્ય પદાર્થોની લાલસાઓના દાસ બૂન બનીને બાહ્ય પદાર્થોની ઋદ્ધિવડે ખરેખરા સુખી થવાના નથી. જો મનમાં સંતોષ થયો તો બાહ્યનું ચક્ર મંદ પડવાથી આત્માના સુખનો ભાસ થયા વિના રહેતો નથી. આહાર, પાણી, અને શરીર સંરક્ષા તથા સંતોષ વૈરાગ્ય, સમાનતા આદિ સદ્ગુણો વડે આત્મા પોતાની મૂળ દશાને ધારણ કરતો હોય તો દુનિયાનાં દુઃખોની પેલી પાર જાય છે. યોગ્ય એવી પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગની ઉપાસનાથી મનુષ્યો સહજ સુખની દિશા તરફ ગમન કરે છે અને તેઓ સુખને પ્રાપ્ત કરે છે. પ્રવૃત્તિ માર્ગના કીડા બનીને જે મનુષ્યો, સર્વ મનુષ્યની લક્ષ્મીનું હરણ કરીને પોતેજ ધનપતિ બનીને સુખ

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ સુદિ ૬ ગુરૂવાર તા. ૨૦ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

અપરાધીઓ ઉપર દયા કરવી અને તેઓના દોષોની માફી આપીને તેઓના દોષો ટાળવા એજ આર્યોના ઉન્નતિનું પ્રથમ ચિન્હ છે. આર્યનું લક્ષણ આ છે, અને અનાર્યનું લક્ષણ વિપરીત છે. દોષીઓ અને અપરાધીઓ પ્રતિ જ્યાં સુધી પ્રેમ અને દયાલુના નહિ દેખાડીએ ત્યાં સુધી આપણા અપરાધો અને દોષોને માટે પ્રભુની પાસે માફી માગવી વા જીવોને ખમાવવાનો વિવેક કરવો એ સર્વ શુષ્ક હૃદયથીજ અવબોધવું. આપણે મોટા થવું હોય તો અપરાધીઓ પ્રતિ ઉદાર ભાવ રાખીને તેઓને ક્ષમા કરવાનો પાઠ શિખવાની જરૂર છે. અન્યોના ઉપર ઉદાર ભાવ રાખ્યા વિના આપણા ઉપર અન્યોનો ઉદાર ભાવ ક્યાંથી રહી શકે ? મનુષ્ય માત્ર દોષોને માટે તિરસ્કારને પાત્ર છે, અને તે ગુણોને માટે ધન્યવાદને પાત્ર છે. મનુષ્ય માત્રમાં કેટલાક દોષો હોય છે અને કેટલાક ગુણો હોય છે. દોષોની અપેક્ષાએ થોડા ઘણા અંશે સર્વ મનુષ્યો ધિક્કારપાત્ર ઠરી શકે છે, અને ગુણોની અપેક્ષાએ મનુષ્ય માત્ર થોડા ઘણા અંશે ધન્યવાદ પાત્ર ઠરી શકે છે, સામાન્ય અધમ મનુષ્યો તો મુકીને દોષો દેખીને દોષીઓને ધિક્કાર્યા કરે છે. મધ્યમ મનુષ્યો દોષોને પણ દેખે છે અને ગુણોને પણ દેખે છે પણ દોષોની અપેક્ષાએ મનુષ્ય માત્રને તેઓ ધિક્કારે છે, અને ગુણોની અપેક્ષાએ મનુષ્ય માત્રને ધન્યવાદ આપે છે. ઉત્તમ મનુષ્યો મનુષ્ય માત્રના દોષો હોય છે, અને તે દેખીને તેઓ આશ્ચર્ય માનતા નથી. દોષીઓના ઉપર કરૂણા ધારે છે અને તેઓના સદ્‌ગુણો દેખીને તેઓને સ્વાત્મ સમ [illegible] તેઓ આત્માને મહાન્ ઉચ્ચ દેખે છે. તેઓ દોષીના આત્માને પણ નહિ ધિક્કારતાં તેને સુધારે છે અપરાધીઓને માફી આપીને તેઓને ઉત્તમ હિતશિક્ષાના પાઠો ભણાવે છે વેરનો બદલો વેરથી લેવા [illegible] અપરાધના બદલા અપરાધીને શિક્ષા અપાવીને લેવો એમ ઉત્તમ સત્પુરૂષોના નાતકુળ માન્યતા હોતી નથી. ચંદનના જેવો તેઓનો સ્વભાવ હોવાથી આત્માના [illegible] ગુણોને ખરી દુઃખની વેળાએ પણ ત્યાગતા નથી. ઉત્તમ આત્મા ઉત્તમ ગુણ છે. તે સમે તે દેખવા અન્યો હોય તો પણ તે ગુણ [illegible] આર્ય છે રજોગુણ અને તમોગુણથી પોતાના [illegible] માનનારા મનુષ્યો આર્યાવર્તની અવનતિ કરી છે, અને તેના [illegible] પણ ભારતવાસીઓ ભોગવે છે. રજોગુણી અને તમોગુણી આહારના તેઓ ત્યાગ કરે છે, અને સત્વગુણી

આધાર મદદ કરે છે, તેવા મનુષ્યો ખરેખર અપરાધીઓને માફી આપી શકે છે, અને વૈરી ઉપર પ્રેમ અને રોગીજનો ઉપર દયા બુદ્ધિ ધારીને તેઓને સુધારી શકે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ સુદિ ૭ શુક્રવાર તા. ૨૧ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

મન વચન અને કાયાથી અખંડિત બ્રહ્મચર્ય ધારણ કરનાર ખરેખર દેવ સમાન ચમત્કારિક કાર્યો કરી શકે છે. નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિયો સાચવીને જે મનુષ્યો બ્રહ્મચર્યના ઉપાસક બને છે, તે મનુષ્યો અનેક રોગોમાંથી બચી જાય છે, અને વીર્યના સંરક્ષણથી દીર્ઘકાલિક ધ્યાન ધરવાને સમર્થ બને છે. મેસ્મેરિઝમ, હિપ્નોટિઝમ વગેરે પ્રયોગો સારી રીતે કરવા હોય તો બ્રહ્મચર્ય ધારણ કરવાની ખાસ જરૂર છે. તત્ત્વવિદ્યાનો અભ્યાસ કરવાને માટે બ્રહ્મચર્ય ધારણ કરવાની ખાસ જરૂર છે. ગુરૂકુલમાં બ્રહ્મચારી અવસ્થામાં પૂર્વે અભ્યાસ કરવાને વિદ્યાર્થીઓ રહેતા હતા, અને ગુરૂની પાસેથી અપૂર્વ વિદ્યાઓની પ્રાપ્તિ કરતા હતા. આખા શરીરના સંચાને નભાવનાર વીર્ય છે, અને તે વીર્યનું રક્ષણ કરીને જેઓ ઉર્ધ્વરેતા બને છે તે મનુષ્યો સંકલ્પ બળને ખીલવી શકે છે તથા ધારેલાં કાર્યોની સિદ્ધિ કરી શકે છે. માબાપોએ પોતાના પુત્રો અને પુત્રીઓને સારા સંયોગોમાં રાખીને તેઓને બ્રહ્મચારી બનાવવા જોઇએ. બ્રહ્મચર્યના બળથી અનેક પ્રકારના મન્ત્રોને સાધી સિદ્ધ કરી શકાય છે. બ્રહ્મચર્ય બળવડે દેવતાઓને વશ કરી શકાય છે. જે પુરૂષ પચ્ચીશ વર્ષ પર્યંત અને સ્ત્રી જે વીશ વર્ષ પર્યંત ગૃહસ્થાવાસમાં બ્રહ્મચર્ય ધારણ કરે છે. તે બન્ને દેશની, ધર્મની અને સમાજની ઉન્નતિ કરવા સમર્થ થાય છે. હજારો ઇચ્છાઓ જીતીને બ્રહ્મચર્ય પાળવું જોઇએ. બ્રહ્મચર્યરૂપ કલ્પવૃક્ષને જે મનુષ્યો ઉછેરીને મોટું કરે છે, તેઓ તેના સ્વાદુફલ ચાખે છે, અને વંશ પરંપરાની ઉન્નતિના તેઓ હેતુભૂત થાય છે. ગામ વા શહેરની બહાર, વનોદ્યાનમાં વા નદીના કાંઠે ગુરૂકુલો સ્થાપીને આર્યાવર્તના ઉછરતા બાળકોને કસરત કરવાનાં સાધનો પૂરાં પાડવાં જોઇએ. ઉછરતા બાળકોમાં સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ

ખીલવી જોઇએ અને તેઓને આર્ય જૈન બનાવવા માટે પ્રયત્ન કરવે જોઇએ. બ્રહ્મચર્ય ધારણ કરનાર સાધુઓનાં સ્થાનો હોવાં જોઇએ. જેમાં આત્મારૂપ પરમાત્મા રહ્યા છે, એવા શરીરની કિંમત નથી. લાંબી વય સુધી જીવવાની આશા રાખનારાઓએ બ્રહ્મચર્યને સારી રીતે પાળવું જોઇએ. વીર્યની સંરક્ષાથી દેહનું આરોગ્ય વધે છે. અસંખ્ય વા અનન્ત હીરા કરતાં મનુષ્ય શરીરની કિંમત ઘણી છે, અને તેના કરતાં શરીર વીર્ય સંરક્ષા કરીને બ્રહ્મચર્ય પાળવું તેનું તો મૂલ્યજ ક્યાંથી થઇ શકે ?

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ શુદ ૮ શનિવાર તા. ૨૨ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

સંસ્કારો અને તેના મંત્રોનું ગુપ્ત રહસ્ય યોગીઓ અવબોધી શકે છે. ખેતરમાંથી ભૂમિને જેમ ખેડ ખાતર વગેરેના સંસ્કારો આપવામાં આવે છે, તેમ મનુષ્યના આત્માને પણ સંસ્કારો આપવાથી અમુક ચોક્કસ ધારેલું પરિણામ લાવી શકાય છે. સંસ્કારોની આવશ્યકતા છે, એમ દલીલોથી સ્પષ્ટ સમજાવી આપનાર અનેક પુસ્તકો રચવાની જરૂર છે સંસ્કારોના જે મંત્રો ઠગવવામાં આવ્યા છે, તેનું જ્ઞાન ખરેખર વક્તા તથા શ્રોતાને હોવું જોઇએ વેદીઓ દાનની પડે ત સંસ્કારોના મ [illegible] ન ગોખાવવા જોઇએ. દરેક વસ્તુને ઉત્તમ બનાવવાને અનેક પ્રકારના સંસ્કાર આપવામાં આવે છે. જે ક્રિયાઓથી અને વિચારોથી જેના ઉપર સંસ્કાર કરવામાં આવે છે, તેને અમર કરવા જોઇએ માતા અને પિતાએ ગમનના પહેલાં ઉત્તમ દયાદિ ધર્મયોગ અને દયાના ધર્મના વિચારો વડે [illegible] આત્માને પોષવા જોઇએ જે માતા અને પિતા પોતાના આત્માના સદ્ગુણોને [illegible] નથી, તે માતા અને પિતાથી થનાર સન્તતિન તરીકે ઉત્તમ થતા [illegible] શકતા નથી. પોતાની સન્તતિને ઉત્તમ [illegible] માતા અને પિતાએ પ્રથમ [illegible] આપ તેવા બેટા અને વડ તેવા [illegible] આવે છે. માતાના આચારોની અને [illegible] અમર થાય છે. માતા [illegible] ગર્ભ

ઉપર અસર કરે છે. ગર્ભમાં રહેલા આત્મા ઉપર સારા સંસ્કાર પાડવામાં નથી આવતા તો તે આત્મા મોટો થાય છે. તો પણ તેને કેળવણી અને સુસંગતિની પણ જોઇએ તેવી સારી અસર થઇ શકતી નથી. જૈનોમાં સંસ્કારનું જ્ઞાન અને સંસ્કાર વિધિનો હાલ પ્રાયઃલોપ થવા જેવું થઇ શક્યું છે. ઉત્તમ સંસ્કારો વિના દુનિયાના મનુષ્યો સુધરતા નથી. એક કવિ કથે છે, કે ખરી કેળવણી તો સંસ્કારોની મનુષ્યના આત્માને ગર્ભમાં મળે છે. જે આત્માને ગર્ભ સમયમાં સુસંસ્કારોની કેળવણી આપવામાં આવે છે, તેને નઠારા સંયોગોની એકદમ અસર થઇ શકતી નથી, અને શુભ સંયોગોની સારી રીતે અસર થાય છે. સંસ્કારોના ઉંડા રહસ્યોનું દુનિયા જ્ઞાન મેળવે તે માટે સત્પુરૂષોએ તન વાણી મનથી દરરોજ પ્રયત્ન કરવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અશાડ સુદિ ૧૦ સોમવાર તા. ૨૪ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

અશુભ કર્મનો નાશ કરવાને શુભ કર્મોને પ્રથમ સેવવાની જરૂર છે. શુભ પરિણામ અશુભ પરિણામ એ બે પરિણામ મનમાં ઉત્પન્ન થતા હોય ત્યાં સુધી શુભ પરિણામ અને શુભ પરિણામના હેતુઓને સેવવાની ઘણી જરૂર છે. કાયા અને વાણીદ્વારા પુણ્ય અને પાપ અને તેના હેતુઓ આચરી શકાય છે. પુણ્ય કાર્ય અને તેના હેતુઓનું સંસેવન કરતાં પાપ અને તેના હેતુઓથી છૂટી શકાય છે કાંટાવડે પગમાં લાગેલો કાંટો કાઢી શકાય છે. પશ્ચાત્ કાંટાની જરૂર રહેતી નથી. તદ્વત્ પાપ કૃત્યોને પુણ્ય કૃત્યો વડે હઠાવી શકાય છે, અને પશ્ચાત્ આત્માના શુદ્ધ ધર્મમાં રમણતા થતાં સત્કર્મોની પણ જરૂર રહેતી નથી. અશુભક્રિયા વડે આત્મા ન લેપાય તે માટે શુભ ક્રિયાઓના સંયોગોમાં રહેવું જોઇએ. શુભ ક્રિયા વા શુભ પ્રવૃત્તિ કરવા માત્રથીજ અશુભક્રિયા અસત્ક્રિયા, વા અશુભ પ્રવૃત્તિને હઠાવી શકાય છે. શુભ ક્રિયા વા શુભ પ્રવૃત્તિમાં કેટલીક શુભેચ્છા રહે પ્રધાન થાય છે અને કેટલાંક ફરજ અદા કરવા જેવી [illegible] તેથી નિર્લેપપણું પ્રાપ્ત થાય છે. સારાંશ કે કેટલાક મનુષ્યો શુભ કાર્યો કરે છે પણ તેને પૌદ્ગલિક શાતારૂપફલની

ગુરૂ બને છે એવા સાધુ મહાત્માઓમાં હૃદયની પરિપૂર્ણ પવિત્રતા હોવાથી તેઓ જગત્‌નું કલ્યાણ કરી શકે છે. જેના આત્માએ બહુ જાણ્યું નથી, ઘણું જોયું નથી અને અનેક પ્રકારનો અનુભવ કર્યો નથી અને જેનો આત્મા વિશાલદષ્ટિના શિખરે પહોંચીને સત્ય અભિપ્રાય તથા સત્ય વર્તન ચલાવવા સમર્થ થયો નથી, તથા જેનો આત્મા અમુક પ્રકારની એક દેશીય ધાર્મિક રૂઢિમાં એકાન્તપણે આત્મ કલ્યાણ માનીને અન્ય ધર્મ ક્રિયાઓને ધિક્કારે છે તેનો આત્મા દુનિયામાં સૂર્યની પેઠે પ્રકાશ કરવા સમર્થ થતો નથી. ઉચ્ચજ્ઞાનદશાએ પહોચેલા જ્ઞાની મહાત્માઓ ધર્મ પ્રોફેસરો ગણાય છે, અને તેઓના મનમાં એકાંત કદાગ્રહ બંધાયેલા મનુષ્યો, એકડીયાંની શાળાના બાળકોની દશા જેવા લાગે છે, અને તેથી તેઓની ભૂલો તરફ મહાત્માઓ ઉપેક્ષા કરીને તેઓને જેટલી બુદ્ધિ ખીલી હોય છે તદનુસારે ધર્મ પ્રવૃત્તિને દર્શાવે છે, પણ તેઓ બાળકોની પેઠે જે જે કરે છે તે સત્ય માને છે, અને બાકીનું અસત્ય માને છે. તથા પરસ્પર કદાગ્રહથી ચર્ચા કરી કલેશના વિચારોને ફેલાવે છે, પણ અલ્પ દષ્ટિના યોગે અનેકાંત જ્ઞાનરૂપ સાગરમાં ઝીલી શકતા નથી. એકાન્ત દૃષ્ટિ ધારક મનુષ્યો નાનાં બાળકો જેમ ઢબુડીઓનેમાટે લડી પડે છે તેમ ધર્મના સાધનભૂત વસ્તુઆને માટે લડી મરે છે. તેવા અજ્ઞાની જીવોને સંવરના હેતુએ પણ આશ્રવપણે પરિણમે છે. જેઓ અનેક અપેક્ષાઆવાળા નયોના જ્ઞાનવડે અનેકાન્ત તત્ત્વને પામ્યા છે એવા સત્પુરૂષો જગત્‌ના જીવોની અપેક્ષાવાળી દિવ્ય ચક્ષુઓને ઉઘાડવા પ્રયત્ન કરે છે. તેઓને શુભ માર્ગે ચઢાવે છે. તેઓની લાતો સહન કરીને પણ તેઓના ઉપર કરૂણા દૃષ્ટિ રાખીને ધર્મ માર્ગ પર ચઢાવે છે. ઉત્તમ અનેક સદ્દગુણોના ધરભૂત એવા સાધુઓ સદા જીવોની આન્તરિકદશા સુધારવા પ્રયત્ન કરે છે. ભાષા, વેષ અને બાહ્ય ક્રિયામાં જેઓને મમત્વ હોતું નથી, તેઓનો આત્મા ક્ષણે ક્ષણે દુનિયા ઉપર વિશેષ પ્રકાશ કરતો જાય તેટલો ઉચો ચડયા કરે છે. કુવામાં હોય તો હવાડામાં આવે તેની પેઠે સાધુઓના ગુણો ગૃહસ્થોમાં આવશે. અથવા ગૃહસ્થો ઉચ્ચ સદ્દગુણોથી ખીલ્યા હશે તો તેમાથી કોઇ સાધુ થશે. તેનામા ઉત્તમ અનેક સદ્દગુણો પ્રકટશે, અને અપરનું કલ્યાણ કરવા સમર્થ થશે.

× × × ×

પ્રત્યાખ્યાન અવબોધવાં જોઇએ. પ્રત્યાખ્યાન ભાષ્યમાં પ્રત્યાખ્યાન સંબંધી એકંદર સારૂં વિવેચન કરવામાં આવ્યું છે. સત્તરમા સૈકામાં વિજયદેવસૂરિના રાજ્યમાં એ ત્રણ ભાષ્યપર ભાષાટબો લખવામાં આવ્યો છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ સુદિ ૧૩ ગુરૂવારે તા. ૨૭ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

ક્રિયા માર્ગનું પ્રાધાન્યતઃ વર્ણન અન્ય ધર્મ માર્ગોનો નિષેધ કરવાને માટે નથી, પણ તે તે ક્રિયાના અધિકારીઓને તેમાં રૂચિ કરાવવા માટે છે. જ્ઞાનમાર્ગનું પ્રાધાન્યતઃ વર્ણન જીવોને જ્ઞાનમાર્ગમાં રૂચિ કરાવવાને માટે છે, પણ અન્ય માર્ગો તરફ અરૂચિ કરાવવા માટે નથી. ભક્તિ માર્ગનું વર્ણન અન્ય માર્ગોના ખંડન માટે નથી, પણ ભક્તિમાર્ગમાં ભક્તિમાર્ગના અધિકારી જીવોને રૂચિ કરાવવા માટે છે. ચારિત્ર માર્ગનું પ્રાધાન્યતઃ વર્ણન ખરેખર અન્ય માર્ગોના નિષેધ માટે નથી, કિન્તુ ચારિત્ર માર્ગ તરફ જીવોને પ્રેમ થાય તે માટે ચારિત્ર મહિમા વર્ણન જાણવું. એ પ્રમાણે દર્શન માટે અવબોધવું. સુધારા કરવાના જે જે વિચારો કહેવામાં આવે છે તેમાં કંઇ પ્રાચીનતામાં જે કંઇ સત્ય રહેલું છે તેના નિષેધ માટે નથી કિન્તુ સુધારાના વિચારોથી પ્રગતિનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે છે. ધ્યાન સમાધિનું મુખ્ય રીત્યા જે જે વર્ણન કરવામાં આવે છે તે તેના અધિકારી જીવોની રૂચિ પ્રકટાવવા માટે છે, પરન્તુ અન્ય માર્ગના નિષેધ માટે નથી. પ્રાચીન આચારોની મહત્તા વર્ણવવામાં આવતી હોય તો તેના સત્ય માટે છે, પણ નવ્ય સુધારાના સત્યવિચારોના નિષેધ માટે નથી. સાધુઓનું વિશેષતઃ માહાત્મ્ય વર્ણવવામાં આવે તે સાધુ ધર્મના વાસ્તવિક ગુણો અને સાધુઓ દ્વારા જગતનું કલ્યાણ થાય છે, તેને ઉદ્દેશીને છે, પણ તેથી અન્ય કુસાધુઓની પુષ્ટિ માટે વા અન્ય માર્ગોના નિષેધ માટે ન અવબોધવું. તીર્થોનું વર્ણન કરવામાં આવે છે, તે તીર્થોથી થતા લાભને સલક્ષી છે, પણ તેથી અન્યનું ખંડન વા નિષેધ સમજવો નહિ. કેલવણીનુ વિશેષતઃ વર્ણન કરવામાં આવે છે તે કેલવણીના વાસ્તવિક ગુણોને લક્ષીને છે, પણ તેથી અન્ય બાબતોનું ખંડન સમજવું નહિ,

અને ઉલટું લીંટમાં પડેલી માખીની પેઠે તેની દુર્દશા થાય છે. સદ્ગુણી મનુષ્યના ઉપર સૂર્યને જેમ ગ્રહણ લાગે છે તેની પેઠે દુઃખો આવી પડે છે, પણ તેના ઉપર દુઃખો સદાકાલ રહેતાં નથી. આ દુનિયામાં જીવો દુર્ગુણોથી દુઃખી થાય છે તો પણ તેઓને દુર્ગુણો પ્રતિ અરૂચિ થતી નથી. સદ્ગુણોના માર્ગ તરફ ગમન કરતાં દુઃખો પડે તો પણ તે સારાં, પણ દુર્ગુણોના માર્ગ તરફ ગમન કરતાં સુખની આશા બધાની હોય તો પણ કદિ તે તરફ ગમન કરવું નહિ. દુર્ગુણો તરફ એકવાર પ્રવૃત્તિ કરવામાં આવે છે તો વારંવાર તે તરફ પ્રવૃત્તિ થયા કરે છે. દુર્ગુણોનો અનાદિ કાળથી અભ્યાસ કરાયેલો હોય છે માટે સદ્ગુણોની પ્રાપ્તિ માટે શીઘ્ર સારો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. દુર્ગુણોના હેતુઓ ઘણા હોય છે અને તે ચારે તરફ હોય છે. શુભ સંયોગોની વચ્ચે રહેવાથી સદ્ગુણોની અસર થયા કરે છે. જે મનુષ્યો પોતાની જાતની ઉન્નતિ ઇચ્છે છે તેઓ ખરા અંતઃકરણથી સદ્ગુણો લેવા પ્રયત્ન કરે છે, અને દુર્ગુણો તરફ અલક્ષ ધારે છે. આપણે દુર્ગુણોને ટાળવા માટે સદ્ગુણોનું વારંવાર હૃદયમાં સ્મરણ કરવું જોઇએ. જેટલો સદ્ગુણો ઉપર પ્રેમ તેટલોજ દુર્ગુણોનો નાશ અવબોધવો. અન્ય મનુષ્યો સદ્ગુણો તરફ ન ગમન કરે તો તેમના ઉપર કરૂણા ચિંતવવી. આપણે સદ્ગુણોની પ્રાપ્તિમાં તનતોડ મહેનત કરવી જોઇએ, અને એવો નિશ્ચય હૃદયમાં ધારવોજ જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ સુદિ ૧૫ શનિવાર તા. ૨૯ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

જે મનુષ્ય અન્યોને હલકા પાડવા પ્રયત્ન કરે છે તે કદિ હલકો પડયા વિના રહેતો નથી. જે મનુષ્ય પોતાના દુર્ગુણોને પોતે જાણી જોઇને વધારે છે તેનું કલ્યાણ કરવા કોઇ સમર્થ થતું નથી.

તને દુઃખના પ્રસંગે મળે છે તે તારી કસોટી છે. તું સુવર્ણની પેઠે કષ છેદ અને તાપને સહન કરે છે કે નહિ ? તેને તને જેમ સંયોગો રૂપરથી અનુભવ મળે છે સોનાની પેઠે પ્રતિકુલ ચન્દ્રરેખા ન । પરીક્ષા કર તેથી તારે જરા માત્ર દીલગીર થવું ન જોઇએ. અજ્ઞાની અને પ્રપંચી એવા

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ વદિ ૧ રવિવાર તા. ૩૦ મી જુન ૧૯૧૨. અમદાવાદ.

વિચારભેદે અન્ય મનુષ્યો ઉપર ગુસ્સે ન થતાં અન્યોના વિચારોનું સમાધાન કરવા પ્રયત્ન કરવો જોઇએ. મિથ્યાત્વ વિચાર કરનારા ઉપર દ્વેષ ન કરતાં મિથ્યાત્વિયોના મિથ્યા વિચારોને ફેરવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. મિથ્યાત્વી જીવોના ઉપર દ્વેષ કરવાથી વા તેઓને ધિક્કારવાથી તેઓનું શ્રેયઃ થતું નથી. તેમજ પોતાના આત્માની પણ ઉન્નતિ થઇ શકતી નથી. મિથ્યાત્વી મનુષ્યોના મિથ્યાત્વ વિચારોને સમ્યક્ત્વ વિચારોથી જીતી લેવા જોઇએ. સમ્યક્ત્વવિચારોને ફેલાવ્યા વિના મિથ્યાત્વવિચારો ટળી શકતા નથી. આપણે જ્યારે ત્યારે પણ મિથ્યાત્વ વિચારોને સમ્યક્ત્વ વિચારોથી હઠાવી શકીશું. સમ્યક્ત્વનો ઉપદેશ અને સમ્યક્ત્વ વિચારોનાં પુસ્તકોનો ફેલાવો કર્યા વિના કદિ મિથ્યાત્વ વિચારોનું જોર ટળનું નથી. બાઇબલ આઠસેં ભાષામાં છપાયું છે. તેનો ફેલાવો આખી દુનિયામાં થઇ ગયો છે. વેદાન્તીઓની ભગવદ્‌ગીતાનો આખી દુનિયામાં પ્રાયઃ ફેલાવો થવા લાગ્યો છે. જૈનધર્મનાં પુસ્તકોનો આખી દુનિયામાં ફેલાવો કર્યા વિના સમ્યક્ત્વ વિચારોનો પ્રચાર થઇ શકવાનો નથી. મનુષ્યો પરમાત્મનો ધર્મ ફેલાવીને પરમાત્માના પગલે ચાલી શકે છે. શ્રી જિનેશ્વર પરમાત્માનો ઉપદેશ જે અંગીકાર કરે છે. તેનું કલ્યાણ થયા વિના રહેતું નથી. વિચાર કરવાથી **મનુષ્ય ફરે છે એવી કિંવદન્તી વારંવાર મનન કરીને મનુષ્યોના વિચારો ઉત્તમ માર્ગ પ્રતિ ફેરવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.** જે જે બાબત તરફ મનુષ્યોને લઇ જવા હોય તે તે બાબતના વિચારોવડે મનુષ્યોને ફેરવવા જોઇએ. મનુષ્યોનું આન્તરિકબળ વિચાર છે. ધર્મના વિચારોની અન્ય મનુષ્યો ઉપર અસર કરીને અન્ય મનુષ્યોને આપણે ધર્મી બનાવી શકીએ. સદ્‌વિચારોવડે આપણે અન્યોનું મન ફેરવીને ઉત્તમ બનાવીશું. સદ્‌વિચારોના બળે પોતાના મેળે અન્ય મનુષ્યોની વાણી અને કાયા પણ કલ્યાણ માર્ગ તરફ ગમન કરશે. સર્વ **સ્થૂલ વસ્તુઓના બલ કરતાં સદ્‌વિચારોનું અનન્તગણું વિશેષ બળ** છે. માટે સદ્‌વિચારોનો ફેલાવો કરીને દુનિયાને સ્વર્ગ સમાન ઉત્તમ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ શ્રી વીરપ્રભુના અમૃત ઉપદેશની પ્રસાદીનો લાભ આખી દુનિયાને આપવા સત્પુરૂષો તનતોડ મહેનત કરીને મનુષ્ય જન્મની ફરજ અદા કરે છે. જે જે માર્ગે જે જે અંશે જે જે ઉપાયે દુનિયા ધર્મ

તો પશ્ચાત્ તે નિર્લજ્જ બનીને તે તે દોષોને સેવે છે. દોષી મનુષ્યોના દોષ ધોવા માટે દોષોને દુર્ગુણો ઉપર અરૂચિ થાય તેવા ઉપાયો યોજવા જોઇએ. મનમાંથી જે જે દોષો કાઢવા હોય તે વખતે દોષોની હાનિ વિચારવી અને તે તે દોષોના કાઢવાથી ઉત્પન્ન થનાર સદ્ગુણોનો લાભ વિચારવો. ક્રોધ, માન, માયા અને લોભથી મનુષ્યો પરતંત્ર બનીને અન્ય મનુષ્યોપર અછતા દોષોનો આરોપ મૂકીને પોતાના હાથે દુઃખનો ખાડો ખણે છે સત્પુરૂષો કોઇના ઉપર આળ ચઢાવતા નથી. કોઇના આત્માને દુઃખ થાય તેવું બોલતા નથી, અને જેમાં કોઇ દુર્ગતિ થાય તેવી કાયાથી ચેષ્ટા કરતા નથી. ચારે તરફ બળતા એવા પ્રમાદ અગ્નિ વચ્ચે શીતલ રહેનાર સત્પુરૂષો શ્રેષ્ઠ છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ વદિ ૩ મંગળવાર
તા. ૨ જી જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

જે [illegible]ા ઉપર સૂર્યનાં કિરણ પડતાં નથી, તેની વૃદ્ધિ થતી નથી. તદ્વત્ જે [illegible] ઉપર જ્ઞાનરૂપ સૂર્યનાં કિરણ પડતાં નથી તે સમાજની [illegible] થતી નથી. જૈન સમાજની ઉન્નતિ માટે જ્ઞાનરૂપ સૂર્ય કિરણોની આવશ્યકતા છે. જે વૃક્ષને ઉધેહી લાગે છે તે વૃક્ષનો અંતે નાશ થાય છે. તેમ જે સમાજરૂપ વૃક્ષમાં ઇર્ષ્યા વૈરરૂપ ઉધઇ લાગે છે તે સમાજની પડતી દશા થયા વિના રહેતી નથી. જે મનુષ્યને ક્ષયરોગ લાગુ પડે છે તેનો યોગ્ય ઇલાજોના અભાવે નાશ થાય છે. તેમ જે ધર્મ આદિની સમાજમાં કુસંપરૂપ ક્ષય જંતુઓનો પ્રવેશ થાય છે તેનો કુસંપ આદિ યોગ્ય ઉપાયોના અભાવે ક્ષય થાય છે. જે સમાજના મનુષ્યો ગંભીર અને સહનશીલ નથી તે સમાજથી દુનિયામાં મહાન્ સુકાર્ય થઇ શકતું નથી. જે ધર્મની સમાજ પોતાની શક્તિ ઉપર વિશ્વાસ રાખીને આત્મભોગ આપવા સમર્થ થતી નથી, તે ધર્મની સમાજ ખરેખર પ્રગતિના માર્ગમાં પ્રવેશ કરી શકતી નથી. જે ધર્મના મનુષ્યો સદ્ગુણો એજ મુક્તિનો માર્ગ છે એમ માની તેમાં પ્રવૃત્તિ કરતા નથી તેઓ પોતાના ધર્મને વગોવે છે, અને તેનો પોતાના હાથે નાશ કરે છે. જે ધર્મના પ્રવર્તકોમાં ઉત્તમ

વૈકાલિકમાં પ્રાયઃ સાધુના ઉત્સર્ગ માર્ગનું વિવેચન છે. દરેક સાધુ અને સાધ્વીએ દશ વૈકાલિકનું મનન કરવું જોઇએ. વિનય અને ભાષા સંબંધી અધ્યયનમાં વિશેષ લક્ષ્ય દેવા યોગ્ય છે. ગુરૂગમપૂર્વક દશ વૈકાલિક સૂત્રનું અધ્યયન કરવું જોઇએ. સાધુની મન વાણી અને કાયા ઉપર અંકુશ મૂકનાર દશ વૈકાલિક સૂત્ર છે. સંયમમાર્ગમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે દશ વૈકાલિક સૂત્રની જરૂર છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ વદિ ૫ ગુરૂવાર તા. ૪ થી જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

મન જે વખતે ચિંતાતુર બન્યું હોય તે વખતે આત્માના શુદ્ધ ધર્મના વિચારો કરવા. આત્માનો સ્થિરતા ગુણ ધ્યાવવાથી અસ્થિરતા ટળી જાય છે. હું મેરૂપર્વત પેઠે મારા ધર્મે સ્થિર છું, એવી ભાવના ભાવવાથી અનેક વિપત્તિયો સામું અડગ રહી શકાય છે, અને દુઃખના ઘેરામાં હિંમત હારી શકાતી નથી. ઉપસર્ગો, દુઃખો અને અન્ય જીવો મારા આત્માનું કશું કરી શકવાના નથી, એવો દૃઢ સંકલ્પ કરીને એક કલાક પર્યંત ધ્યાન ધરવાથી પ્રતિકૂલ ઉપસર્ગોની વચ્ચોવચ્ચ હસતા ઉભા રહેવાની શક્તિ પ્રાપ્ત થાય છે. અનેક ઉપસર્ગો અને દુઃખો વચ્ચે ઉભા રહીને આત્માની સમાન ભાવ શક્તિ ખીલવવી જોઇએ. જ્ઞાનીનો આત્મા દુઃખોની કસોટીથી કસાઇને ધૈર્યશક્તિ પ્રાપ્ત કરે છે. દુઃખો કંઇ અનુભવ આપવા માટે પ્રાપ્ત થયાં છે, એવો ભાવ લાવીને પ્રાપ્ત દુઃખોથી ચચળ ન થતાં તેઓના સામા ઉભા રહેવું. મનમાં જો દુઃખની કલ્પના ન કરવામાં આવે તો દુઃખનાં હેતુઓ ભાસતા નથી. વ્યાધિ અને ઉપાધિને પણ મનમાં દુઃખની કલ્પના કર્યાવિના વેદવામાં આવે છે તો ઉપાધિ અને વ્યાધિના સમયમાં પણ આત્મા સ્વતંત્ર ઉપયોગી બની રહે છે. હે આત્મન્ ! આત્મશક્તિને ખીલવ ! ઉપર્યુક્ત ઉપાયોને અન્તરમાં ધારણ કરી સાવધાન થઇ આગળ ચાલ ! જ્ઞાનની પરીક્ષા, દુઃખમાં થાય છે.

× × × ×

વિમળ સ્વભાવ છે. મારૂં આનન્દ સ્વરૂપ છે, તેનો હું ભોક્તા છું, એમ વારંવાર ભાવના ભાવવી.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાઢ વદિ ૭ શનિવાર તા૦ ૬ ઠ્ઠી જુલાઇ ૧૯૧૨ અમદાવાદ.

અજ્ઞાનથી મમત્વ વધે છે, અને જ્ઞાનથી મમત્વ ટળે છે. મમત્વથી મનુષ્યો પોતાના આત્માની ઉન્નતિમાં પોતાના હાથે વિઘ્નો ઉભાં કરે છે. મમત્વથી વિશાલ હૃદય પણ સંકુચિત થઇ જાય છે. અશુભ મમત્વથી ગમે તેવું અશુભ થયા વિના રહેતું નથી. મમત્વને ઉપજાવતાં વાર લાગતી નથી પણ તેનો નાશ કરતાં વાર લાગે છે. મમત્વથી જો કે જુસ્સો પ્રકટે છે પણ તેમાં ખરા વિવેકની ખામી રહે છે. પ્રથમ દશામાં શુભ મમત્વની આકાંક્ષા અને તેની જરૂર છે પણ જેમ જેમ જ્ઞાનથી વિશાલ હૃદય થાય છે, તેમ તેમ મમત્વ વિના પણ પોતાની ફરજ સમજીને સર્વ કાર્યો કરી શકાય છે, અને તેથી નિર્લેપ અવસ્થા રહે છે તથા આત્માની ઉચ્ચ દશા વૃદ્ધિ પામે છે. મમત્વ દશાના જીવનમાં ઘણો ફેર છે અને તે ઉચ્ચ કોટી પર ચઢેલો મનુષ્ય તેનો અનુભવ કરવા સમર્થ બને છે. અશુભ મમત્વથી પ્રવૃત્તિ કરનારા મનુષ્યો પોતે લેપાય છે અને અન્યોને પણ લેપ લગાવે છે. મમત્વથી અને અમમત્વભાવથી કાર્યો કરનારાઓ ખરેખર કાર્યોની અપેક્ષાએ તો અજ્ઞાનીઓને એક સરખા લાગે છે. પણ જ્ઞાનીઓ તેઓની પરિણામની અપેક્ષાએ ભેદ દશા અવબોધી શકે છે.

આત્મજ્ઞાનથી નિર્મમત્વપણે સત્કાર્યો કરવાની અભ્યાસ વૃત્તિ ખીલવી શકાય છે. મમત્વના પણ અસંખ્ય ભેદ છે પણ તીવ્ર મમત્વની અપેક્ષાએ, તેના કરતા મંદ મમત્વવાળો નિર્મમત્વ કથી શકાય. આમ અમુક હદ સુધી નિર્મમત્વ કહી શકાય.

નિર્મમત્વ ભાવે ભલા કાર્યો કર. વિશાલ દૃષ્ટિથી મમત્વ છેદીને નિર્મમત્વ થા. નિર્મમત્વ ભાવ એજ પોતાનો ધર્મ અવબોધીને નિર્મમત્વ થા. નિર્મમત્વ ભાવ એજ મુક્ત થવાની છેલ્લામાં છેલ્લી પરમ કુંચી છે. એમ અવબોધીને નિર્મમત્વ પણે કરવા યોગ્ય કાર્ય કર. જગત્‌માં સ્વતંત્રતા

મન ન મેલાય તેમ ઉપયોગ રાખ. શરીરપર નિર્મમત્વ ભાવ રાખ। ઋદ્ધિ આદિ ધન કરતાં શરીર ધનની અનન્ત ઘણી કિંમત અવબોધીને તદ્દ્વારા ધર્મ કાર્યો કર. પ્રત્યાખ્યાન કર. યમ, નિયમ, આસન, પ્રાણાયામ આદિ વડે શરીરને ધર્માર્થે વાપર. આ કાળમાં પણ આ શરીરદ્વારા આત્મ ધર્મનું સાધન અમુક અંશે કરી શકે. પ્રમાદનો ત્યાગ કર.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અધિક અષાડ વદિ ૯ સોમવાર
તા. ૮ મી જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

રોગના સામું આત્મ બળ કેટલું ટકી રહે છે તેનો અનુભવ થયો. આ કાલમાં પૂર્વના જેવાં શરીર ન હોવાથી સાધુઓ પૂર્વની પેઠે બાહ્ય ચારિત્ર ઉત્કૃષ્ટ યથાયોગ્ય પાળી શકે નહિ એમ બનવા યોગ્ય છે, અને તેમ બને છે. રોગાદિક થએ છતે દવા વાપરવાથી શરીરની આરોગ્યતા પ્રાપ્ત થાય છે. આ કાલમાં કેટલાક ઉત્તમ પુરૂષો સાધુઓની વૈયાવચ્ચ કરી શકે છે. કેટલાક નામધારી શ્રાવકો તો સાધુઓએ કરેલા ઉપકારને ભૂલી જાય છે, અને ગુરૂના સામા થાય છે. કેટલાક શ્રાવકો તો સ્વાર્થ હોય છે ત્યાં સુધી સાધુની હાજી હા અને કપટ વિનયની રીતિ બતાવે છે, પશ્ચાત્ સાધુની પાસે પણ આવતા નથી. આ કાલમા શ્રાવકોની સાધુઓ ઉપર એક સરખી રૂચિ રહેવી એ દુર્લભ છે. કેટલાક નામધારી શ્રાવકો પોતાના ગુરૂને પણ હિસાબમાં ગણતા નથી. કેટલાક શ્રાવકો તો ભમાવ્યાથી ભમી જઇને એક ગુરૂને છોડી બીજાને કરે છે અને બીજાને છોડી ત્રીજાને ગુરૂ કરે છે. પહેલાને છોડી બીજાને ગુરૂ કરે છે ત્યારે પહેલા ગુરૂની પાસે જતા નથી તેમજ તેમનો ઉપકાર જે કર્યો હોય છે તેનો પણ નિંદાના રૂપમા પ્રતિ બદલો આપે છે. બીજાને છોડી ત્રીજાને ગ્રહણ કરે છે ત્યારે બીજાના પણ પ્રતિપક્ષી બને છે. કેટલાક નામધારી શ્રાવકો શ્રાવકની ઉપર ઉપરની કરણી સાચવે છે, પણ તેમની વર્તણુકમાં તો નીતિના ગુણો પણ પ્રાય: હોતા નથી. કેટલાક શ્રાવકો તો ગુરૂપ્રતિ બજાવવાની ફરજને પણ જાણતા નથી. ફક્ત તેઓ કુલાચારથી શ્રાવકો ગણાય છે. કેટલાક શ્રાવકો સ્વાર્થાદિ પ્રસંગે ધર્મને પણ પી જાય તેવા હોય છે.

ઉપાયોથી રાગદ્વેષ ટળે તે તે ઉપાયો ધર્મરૂપ કહેવાય છે. વિવેકથી સત્યનો નિશ્ચય કરવો એ ધર્મ છે. મનુષ્યોને સદ્ગુણોની કેળવણી આપવી એ ધર્મ છે. કાયિક અને માનસિક દુઃખોનો નાશ થાય એવા સદુપાયો યોજવા તે ધર્મ છે. દીન, અનાથ, રોગી, અપંગ વગેરે દુઃખી મનુષ્યોને તથા પશુ પંખી જલચરાદિ જીવોની દયા કરવામાં તન મન ધનથી ઉદ્યમ કરવો એ મહાન્ ધર્મ છે. પ્રથમ તો નીતિ પાળવાથી મનુષ્ય પોતે મનુષ્ય તરીકે ગણાય છે. નીતિ વિના ગમે તે ધર્મના પન્થમાં રહેલો મનુષ્ય તે હજી મનુષ્ય તરીકે ગણાવાને લાયક બની શકે નહિ. પ્રતિજ્ઞા પાળવી. મોટાઓનો વિનય કરવો. ગુરૂની ભક્તિ કરવી. ઉપકારીના ઉપકારને કદિ ભૂલવો નહિ. અર્થાત્ ઉપકારીનું ભલું કરવું. ગમે તેવા શત્રુના પણ છતા ગુણોની પ્રશંસા કરવી. કોઇપણ આત્માના ઉપર વૈર ન રાખવું. દ્વેષનો બદલો શુદ્ધપ્રેમથી વાળવો ઇત્યાદિ ગુણો તે ધર્મ છે. આખી દુનિયાને માટે ઉપર્યુક્ત ગુણોરૂપ ધર્મ ખુલ્લો છે. મનુષ્ય ગમે ત્યારે આવો ધર્મ સેવી શકે છે. આવા સદ્ગુણોથી મુક્તિ મળે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ૦ અષાડ વદિ ૧૧ બુધવાર
તા. ૧૦ જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

આત્માના સદ્ગુણોનો પ્રકાશ કર્યાવિના કદિ કોઇનો પણ ઉદય થવાનો નથી. જ્યારે ત્યારે આત્માના સદ્ગુણોજ પોતાનો ઉદય કરે છે. જે જે અંશે આત્મશક્તિયોનો પ્રકાશ થયો હોય છે, તે તે અંશે સ્વ અને અન્યોનું ભલું કરી શકાય છે. રજોગુણ અને તમોગુણનો ઉદય કદિ સ્થિર રહેતો નથી રજોગુણી અને તમોગુણી બુદ્ધિથી પણ જે ઉદય થાય છે તે સદાકાલ સ્થિર રહેતો નથી અને તેનું અંતે પરિણામ સારૂં આવતું નથી. કોઇ પણ દેશ વા જાતિ વસ્તુત રજોગુણ અને તમોગુણની બુદ્ધિવડે દીર્ઘકાલિક વ્યાવહારિક વા ધાર્મિક અભ્યુદય કરી શકે નહિ. અજ્ઞાનાવસ્થામાંથી રજોગુણ અને તમોગુણના બળવડે ઉદય થાય છે એવો નિશ્ચય થાય છે. પણ જ્યારે હૃદયમાં સત્વગુણ બુદ્ધિ ઉત્પન્ન થાય છે ત્યારે સત્વગુણની બુદ્ધિવડે વ્યાવહારિક તથા ધાર્મિક અભ્યુદય થવાનો છે

છે. પરોપકાર કર્યા વિના કોઇપણ મનુષ્યને પોતાની તરફ આકર્ષી શકાય નહિ. પૂર્વે આર્યો પરોપકાર કરવામાં દક્ષ હતા, તેથી આર્ય દેશની ઉન્નતિની ધ્વજા સર્વત્ર ફરતી હતી. પૂર્વે આર્ય જૈનો પરોપકારના સદ્‌ગુણ વડે અન્ય ધર્મીઓને જૈનધર્મી ત્વરિત બનાવી શકતા હતા. પરોપકાર કર્યા વિના પુણ્યની આશા રાખવી એ વ્યર્થ છે. હાલમાં જૈનો જો પરોપકારનાં કાર્યોથી મનુષ્યોનું શ્રેયઃ કરવા વિશેષ પ્રવૃત્તિ કરે તો ખરેખર હાલના સુધરેલા જમાનામાં તેઓ ઘણા જૈનો બનાવવાને શક્તિમાન્ થાય. નિષ્કામ બુદ્ધિથી શત્રુ ઉપર પણ દાનાદિક વડે પરોપકાર કરવા કદિ ચુકવું નહિ. સુધરેલા જમાનામાં પરોપકાર કરવાના માર્ગો પણ સુધરેલા હોય છે. પરોપકાર કરવાના અનેક માર્ગો હોય છે. આપણા અસલના પરોપકાર કરવાના માર્ગો ઘણા સરસ હતા. વિદ્વાન વા ધનવંતજ પરોપકાર કરી શકે તેવો નિયમ નથી. સર્વ જીવો પરસ્પર એક બીજાને પરોપકાર કરી શકે છે. જ્ઞાનદાન, અન્નદાન, ઔષધદાનાદિક વડે પરોપકાર કરનારા સંતપુરૂષોવડે પૃથ્વી રત્નગર્ભા ગણાય છે. જલ, વાયુ, વનસ્પતિ વગેરે કરતાં મનુષ્ય ધારે તો ઘણો પરોપકાર કરી શકે! સ્વાર્થ ત્યાગી મહાત્માઓ પરોપકારના વ્યસની બને છે, અને તેઓને પરોપકાર કર્યા વિના ગમતું નથી. છ કાયના રક્ષક મુનિરાજાઓ સમ્યગ્ ધર્મના ઉપદેશવડે ઉત્તમોત્તમ પરોપકાર કરવાને માટે શક્તિમાન્ થાય છે. પરોપકાર કરનારનું અંશે અંશે વિશાળ હૃદય થતું જાય છે. પરોપકારી મનુષ્ય ખરેખરો ત્યાગી બની શકે છે. પોતાની પાસે રહેનારાઓ ઉપર, શેરીમાં રહેનારાઓ ઉપર, મિત્રો ઉપર, શહેરમા, દેશમાં રહેનારાઓ ઉપર અને અંતે સર્વ દેશના જીવો ઉપર પરોપકાર કરવા માટે તત્પર થવું. પરોપકારી મનુષ્યો દુનિયામાં ઘણા થાઓ. પરોપકાર કરવામાં તત્પર થા! સર્વ જીવોને જ્ઞાનદાન આપવાનો પરોપકાર કર! પોતાના આત્માના ગુણો વધે એવા પરોપકારમાં લક્ષ રાખ! પરોપકાર એ પોતાની ફરજ છે એમ ગણી પરોપકાર કર!

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ વદિ ૧૩ શુક્રવાર તા. ૧૨ મી જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

આખી દુનિયાના ખૂણાઓપર જૈનધર્મનો ફેલાવો કરવા પ્રયત્ન કરો પશ્ચાત્ જુઓ કે દુનિયામાં મનુષ્યોમાં દયાતત્ત્વ કેટલું જોસબંધ વધે છે. આખી દુનિયાના મનુષ્યોને શાન્તિમાં ઓતપ્રોત કરનાર દયાદેવી છે. આર્ય જૈનોએ પાશ્ચાત્યોને દયાતત્ત્વ આપવાનું છે. પોતાના શુદ્ધાચારોને આચારમાં મૂકીને પાશ્ચાત્ય પ્રજાને પોતાના માર્ગે દોરવી જોઇએ. પાશ્ચાત્યો ખરેખર જૈનશાસ્ત્ર વાંચશે તો તેમાંથી ઘણું તત્ત્વ ગ્રહણ કરી શકશે. આપણને પાશ્ચાત્ય પ્રજાની રીતિ રીવાજોની જરૂર નથી પણ આપણને તો આપણા રીત રીવાજોની જરૂર છે. કારણ કે આપણા હજારો વર્ષોથી ચાલતા આવેલા રીતરીવાજોથીજ આપણો ઉદ્ધાર થવાનો છે. શ્રીમદ્ મહાવીર પ્રભુના વચનમાં જે આચારો [illegible] ના હત તે આચારોની આપણને જરૂર છે. આપણે તે ઉત્તમ આચ[illegible] [illegible] આત્માને પોષવો જોઇએ. આપણા સનાતન રીત [illegible] મટો પેસી ગયો છે તેને દૂર કરવો એજ આપણો સુધારો [illegible] આચારોના ખોખામાં સદ્વિચારોનો રસ રેડીને નઆન મ[illegible] આપણા આચારોમાં શું રહસ્ય સમાયું છે તેનું રહસ્યાર્થ [illegible] જે ભૂલો થઇ હોય તેનો પરિહાર કરવો, એજ આપણો ખરો સુધારો છે. આપણે આપણા સનાતન આચારો છે. હજારો વર્ષોથી અનેક [illegible] શક્યા છીએ. તેનો ત્યાગ ન કરતા માતાની પેઠે તેઓને પૂજ્ય ગણીને તેઓમાં દેશકાલ પરત્વે યોગ્ય સુધારો કરીને આપણું ઉત્તમ જીવન બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. દુનિયામાં સુધારાના છેલ્લા શિખર તરીકે જે સુધારાઓ કરવાના છે, તે સર્વ સુધારાઓનો જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદેલા આચારો અને વિચારોને પરિપૂર્ણ અમલમાં મૂકતા સર્વથા શક્તિમાન્ થવા નથી. દુનિયામાં જૈનધર્મના સદ્વિચારોનો એકવાર ફેલાવો થવા દો અને પછી જુઓ કે જૈનધર્મની મનુષ્યોપર અસર થાય છે. હાલમાં જૈનધર્મનો ચાર દિશાએ ફેલાવો કરવાને ચાર મહાત્માઓને પ્રકટાવવા જોઇએ. જૈનધર્મમાં રહેલા દયા વગેરે અનેક સમુદ્રના તળીયેથી પણ બહાર આવ્યા વિના રહેવાના નથી. [illegible] મનુષ્યો. કે જે જૈનધર્મ ગ્રહણ કરશે [illegible] જૈનધર્મનો ફેલાવો કરશે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અ. અષાડ વદિ ૧૪ શનિવાર તા. ૧૩ મી જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

નવીન સાધુએ વૃદ્ધ સાધુની સેવા કરીને અનુભવ પ્રાપ્ત કરવો જોઇએ. વૃદ્ધ સાધુઓની સેવા કરવાથી સ્થિરતા પ્રાપ્ત થાય છે. જેઓએ વૃદ્ધ સાધુની સેવા કરી નથી તેઓને ગુરૂપરંપરાનું જ્ઞાન મળતું નથી. ગૃહસ્થો પણ ગુણવંત એવા વૃદ્ધોને અનુસરીને ધર્મના અધિકારી બને છે. વૃદ્ધ સાધુઓ પોતાની સેવા કરનાર બાલ સાધુઓને સાધુ સમાચારી શિખવે છે. જે સાધુઓ ગુરૂકુલ વાસમાં રહીને વૃદ્ધ સાધુઓની સેવા કરે છે અને શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓને ઉત્તમ ચારિત્ર પ્રાપ્ત થાય છે. વિનીત સાધુઓ ખરેખર ગુરૂકુલ વાસ સેવીને વૃદ્ધોની સેવા કરી શકે છે, અને તેઓના હૃદયને પોતાના હૃદયમાં ઉતારવા સમર્થ બને છે. ગુરૂકૂલ પરંપરાએ ચાલતી આવેલી વિદ્યાઓને પ્રાપ્ત કરવી હોય તો ગુરૂકૂલવાસમાં વસવું જોઇએ. અયોગ્ય, અપાત્ર, કુશિષ્યો ખરેખર ગુરૂકુલ વાસમાં રહી શકતા નથી. જ્ઞાન-દર્શન અને ચારિત્રની વૃદ્ધિનું કારણ ખરેખર વૃદ્ધ સાધુઓની સેવા છે. ગુરૂકુલવાસમાં રહીને ગુરૂના મુખથી આત્મતત્ત્વ સંબંધી જ્ઞાન મેળવવાથી તે જ્ઞાન ફળે છે અને ઉત્તરોત્તર ઉત્તમ ફળ પ્રકટાવે છે. અનેક ગુણનું ધામ થવું હોય તો ગુરૂકૂલમાં વસીને વૃદ્ધ સાધુઓની સેવા કરવી જોઇએ. જેઓએ વૃદ્ધ સાધુઓની સેવા કરી નથી, તેવા સાધુઓનો અન્ય મનુષ્યો પર જોઇએ તે પ્રમાણમા પ્રતાપ પડતો નથી. સદ્‌ગુરૂની આજ્ઞાના આરાધક શિષ્યો પોતાના આત્માની ખરી શાન્તિ પ્રાપ્ત કરે છે અને પોતાના સમાગમમા આવનાર મનુષ્યોને પણ ખરી શાન્તિ પ્રાપ્ત કરાવે છે. ગુરૂકુલમા વસીને સદ્‌ગુરૂની સેવા કરનારા આત્માર્થીસાધુઓ દ્રવ્ય ક્ષેત્રકાલ ભાવને જાણી શકે છે ને વીતરાગના માર્ગમા ગમન કરે છે. ગુરૂની આજ્ઞાના આરાધક સુશિષ્યો જૈન શાસનની ઉન્નતિ કરે છે. વ્યવહાર અને નિશ્ચય ધર્મનુ તેઓ આરાધન કરે છે અને ગચ્છના તથા સંઘના આધાર ભૂત થાય છે.

× × × ×

યવાથી સર્વ ધર્મ નિવિદ્દપ જૈનધર્મની બહીહારી જાઉં છું. હાલમાં એવા ઉત્તમ જૈનધર્મના સાપેક્ષ બોધનો ફેલાવો થાઓ.

\+ × × ×

સંવત ૧૯૬૮ ના અષાડ શુદિ ૧ સોમવાર તા. ૧૫ જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

પૂર્વે હિંદુસ્તાનના લોકો ઉત્તમ હતા, અને હિંદુસ્તાન સુવર્ણ ભૂમિ દેશ ગણાતો હતો. તેનું કારણ એ છે કે તે વખતના લોકો પરમાર્થી, શુદ્ધપ્રેમી, પરોપકારી આદિ અનેક ગુણના ભંડાર હતા. હાલ આર્યાવર્તની પડતી દેખાય છે તેનું કારણ એ છે કે હિંદુસ્તાનના લોકોમાં દુર્ગુણોનો વાસ થયો છે. દુર્ગુણોને દેશવટો ન આપવામાં આવે ત્યાં સુધી આર્યાવર્તનો ઉદય થઇ શકે નહિ. હિંદુસ્તાનના લોકોમાં અજ્ઞાન, વ્હેમ, કુસંપ, ઇર્ષ્યા, વિશ્વાસઘાત, અસત્ય, દારૂમાંસ ભોગ, વ્યભિચાર, બાળલગ્ન, સ્વાર્થ, સ્વાર્થી, પ્રેમી, ભેદભાવ, સંકુચિત દૃષ્ટિ, કૃતઘ્ન, આલસ્ય, તૃષ્ણા, અહંકાર, લોભ, નિરર્થક ક્લેશ અને ફાટફુટ વગેરે દુર્ગુણોનું જોર વધી જવાથી હાલ પડતી દેખવામાં આવે છે ! નીચ ગરીબોને અને સ્ત્રીઓને જ્યાં સુધી ધિક્કારવામાં આવશે, અને મિથ્યાભિમાન રાખીને જ્યાં સુધી અન્ય દેશના મનુષ્યોના સદ્ગુણો ન લેવાશે ત્યાં સુધી આર્યાવર્ત પાછું અસલની સ્થિતિએ આવી જાય એમ બનવું અશક્ય છે. આર્યાવર્તના લોકો પોતાના આત્માના સમાન અન્ય આત્માને માનશે, અને અન્ય દેશના મનુષ્યો ઉપર પણ ઉપકાર કરવા લાયક બનશે, ત્યારે તેઓનો વ્યાવહારિકોદય થશે. આર્યાવર્તના લોકોને અન્ય દેશો પાસેથી ઘણું શિખવાનું છે, અને અન્ય દેશીય મનુષ્યોને અધ્યાત્મ વિદ્યા જણાવવાની છે. ઇંગ્લીશ સરકારના શાન્ત રાજ્ય તળે રહીને ઘણા અનુભવો લેવાના છે, અને તે માટેજ તેમનું પારતંત્ર્ય ભોગવીને આગળ વધવાનું છે. હિંદુસ્તાના લોકોમાં અનેક પ્રકારની વિદ્યા, પ્રેમ, સંપ, પરોપકાર, જગત સેવા, સમાનતા, ધર્મભેદસહિષ્ણુતા, વિશાળદૃષ્ટિ, નીતિ, પ્રમાણિકતા, દયા, સત્ય, પરમાર્થ બુદ્ધિ, રાજ્ય ચલાવવાની શક્તિ, સ્વાર્થત્યાગ, ઉદ્યમ, ઐક્ય, બ્રહ્મચર્ય, સત્યગ્રહણ, સત્યબોલવું, ઇર્ષ્યાત્યાગ, સંતોષ, ગુણાનુરાગ વગેરે સદ્ગુણો ન આવે ત્યાં સુધી

સંપ દેખાતો નથી. શ્રાવકોની સાધુ વર્ગ પરથા શ્રદ્ધા ઉઠતી જાય છે. જૈનોમાં સદ્ગુણો ખીલે અને તેઓ આખી દુનિયામાં આગળ પડતા થાય એવી ધાર્મિક શુભ પ્રવૃત્તિ આગળ વધતી હોય એમ હાલનો પ્રાયઃ જણાતું નથી. હવે કેટલાક સાધુઓ તથા શ્રાવકોની આંખ ઉઘડી છે અને તેઓ પ્રયત્ન કરવા લાગ્યા છે. તેઓના પ્રગતિ કાર્યમાં વિઘ્ન સંતોષીઓ વિઘ્ન નાંખ્યા કરે છે. જૈનો હવે કંઇક સારૂં ખોટું પારખવા લાગ્યા છે.

હે વીરશાસન અધિષ્ટાતા દેવતાઓ ! તમે હવે ભારતવાસીઓની આંખ ઉઘાડો અને દયામય એવા જૈનધર્મના ફેલાવા માટે અમને વા અમારા જેવા અન્યો વા જેનામાં ધર્મનો પ્રકાશ કરવાની યોગ્યતા હોય તેવા મનુષ્યોને સહાય થાઓ. જૈનધર્મ તે આખી દુનિયાનો ધર્મ બનાવવામાં હે શાસન દેવતાઓ સહાય કરો. આખી દુનિયાના ધર્મમાં જે કંઇ અપેક્ષાએ સત્ય છે,.તે સત્યનો ઉપદેશ દેનાર શ્રીમહાવીરપ્રભુ હતા અને તેમણે જૈનાગમોમાં તે સત્યનો સાર કહ્યો છે. માટે જૈનશાસનમાં સત્યધર્મને અનેક દૃષ્ટિએ બતાવ્યો છે. તે શ્રી જૈનશાસનનો ફેલાવો કરવાને હે શાસન દેવતાઓ તમે સહાય કરો ! પરમાર્થ બુદ્ધિ અને જગત્ સેવા કરવાની આજ્ઞા ફરમાવનાર એવા જૈનધર્મનો ઉદય થાઓ. આત્મામાંજ સત્યધર્મ બતાવી આખા દુનિયાને શાન્તિના માર્ગ તરફ વાળનાર એવા જૈનધર્મનો ઉદય થાઓ જૈનોના ગચ્છ ફીરકાઓનુ ઐક્ય થાઓ, અને એક બીજા તરફ થતી અશુભ વૃત્તિનો નાશ થાઓ. ઉચ્ચ ચારિત્ર ધારક એવા સાધુઓ અને સાધ્વીઓની વૃદ્ધિ થાઓ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અષાડ સુદિ ૪ ગુરૂવાર તા. ૧૮ મી. જુલાઇ. ૧૯૧૨ અમદાવાદ.

વદીત સાંખ્ય બૌધ દર્શન વગેરેના તત્ત્વોનો અને જૈન તત્ત્વોનો મુકાબલો કરતા જૈનાગમ તત્ત્વોની સત્યતા અને શ્રેષ્ઠતા અનુભવાય છે આચારો અને વિચારોમા પણ જૈન દર્શનના ઉત્તમતા અને સત્યતા ખરેખર અનુભવાય છે. બાહ્ય અને અન્તરથી જૈન દર્શનની શ્રેષ્ઠતા અનુભવાય છે. જૈનદર્શન માનનારા કેટલાક અજ્ઞ જૈનોના શાસ્ત્રથી વિપરીત આચારો

સંવત્ ૧૯૬૮ ના અષાડ સુદિ ૫ શુક્રવાર તા. ૧૯ મી જુલાઈ ૧૯૧૨. અમદાવાદ.

જૈનેતર દર્શનીઓને કદિ ધિક્કારવા નહિ કિન્તુ તેઓના ઉપર માતૃદૃષ્ટિ ધારણ કરીને તેઓની સમ્યગ્ દૃષ્ટિ થાય તેવા ઉપાયો યોજવા જોઇએ. કીડી, કંથુઆ અને જલના ઉપર પર દયા કરનારા એવા જૈનોએ અન્યધર્મિમનુષ્યોપર મૈત્રીભાવના ધારણ કરવી જોઇએ. તેઓને સમ્યગ્ ધર્મ માર્ગ તરફ વાળવા અને તે માટે તેઓના ઉપર જે જે ઉપકારો કરવા એ ખરેખરી ધર્મસેવા છે. જૈનેતરદર્શનીઓમાં કેટલાક માર્ગાનુસારી આત્માઓ હોય છે. હલકા પ્રાણીઓની પણ દયા કરનારા અને તેઓના માટે પાંજરાપોળો વગેરે કરનારા જૈનો અહો અન્યધર્મી એવા મનુષ્યોનો ભલા માટે શું ન કરી શકે ? અર્થાત્ સર્વ પ્રકારે તેઓનું ભલું કરી શકે. સર્વધર્મી એવા જૈનોની ભક્તિ માટે ખરેખરા જૈનો પોતાના પ્રાણું પાથરે છે, અને તેઓની ભક્તિ કરે છે. અન્યદર્શનીઓમાં પણ કેટલા એવા માર્ગાનુસારીગુણો પ્રશંસવા યોગ્ય છે. અન્યદર્શનીયાને જૈનધર્મની પ્રાપ્તિ થાય તે માટે શુદ્ધપ્રેમથી તેઓના ઉપર ઉપકાર કરવો જોઇએ, અને અન્યદર્શનીઓને શ્રી મહાવીર કથિત ધર્મ ઉપર રૂચિ થાય એવા ઉપાયો યોજવા જોઇએ. આખી દુનિયામાં શ્રીવીરપ્રભુનો ઉપદેશ ફેલાવીને આપણે શ્રીવીરપ્રભુના આજ્ઞાધારક બની શકશું. જૈનધર્મનો ફેલાવો કરવા માટે આપણામાં અને આપણી ભવિષ્યની સંતતિમાં ઘણા ગુણો ઉત્પન્ન થાય તેવા આજથી સદુપાયો હાથમાં ધરવા જોઇએ. જગતનો દયાથી ઉદ્ધાર થઇ શકશે. જૈનોએ આ માટે મહાસંઘની યોજના કરવી જોઇએ અને સદ્‌ગુણોથી ઉપદેશક બનેલા મહાત્માઓને સહાય આપીને આગળ વધવા પ્રયત્ન કરવો જોઇએ. જૈનધર્મમાં જે સત્ય રહેલું છે, તેનો પ્રકાશ થવાનો હવે સમય દેખાય છે. વેદાંત અને બૌદ્ધધર્મ તરફ લોકોની દૃષ્ટિ ગઇ છે, અને પછીથી જૈનધર્મ તરફ તે લોકોની દૃષ્ટિ પડશે અને માર્ગાનુસારી જીવોનું ધ્યાન શ્રી જૈનધર્મના તત્ત્વોના અભ્યાસ તરફ ખેંચાશે. સર્વ દર્શનમાંથી નયોની અપેક્ષાએ સત્ય શોધનાર એવા જૈનધર્મને ઉદાર વિચારકો પસંદ કરશે અને સ્યાદ્વાદ દર્શનની ખૂબીઓને પાશ્ચાત્યો પણ સ્વીકારશે; અને શ્રદ્ધા કરશે. પશ્ચાત્ જૈનધર્મના આચારોથી વ્યવહાર જૈન બનશે.

× × × ×

નાશ કરે છે. આત્મા જો આત્મભાવે વર્તે તો પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. વેદાન્તિઓ, પૌરાણિકો, અને બૌદ્ધો પણ કર્મનું અંશે અંશે અપેક્ષાએ અસ્તિત્વ માને છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ અષાડ સુદિ ૮ રવિવાર. તા. ૨૧ મી જુલાઈ ૧૯૧૨. અમદાવાદ.

સંસાર અસાર છે, એટલું બોલવા માત્રથી કંઇ વૈરાગ્ય ગણી શકાય નહિ. ત્યાગીનો વેષ પહેરવા માત્રથી કોઈ ત્યાગી બની શકે નહિ. નામ માત્ર વૈરાગ્ય અને ત્યાગથી કંઇ કાર્ય સરતું નથી. બાળજીવો જેમાં અસારના દેખે છે તેમાં જ્ઞાની પુરૂષો સાર દેખે છે. અસાર અને સારની માન્યતા સર્વ મનુષ્યો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે માને છે. જ્ઞાનીપુરૂષો મોહને અસાર માને છે. વિવેકબુદ્ધિથી વિચારતાં અપેક્ષાએ દુનિયા સારભૂત લાગે છે અને અપેક્ષાએ વિચારતાં દુનિયા અસારભૂત પણ લાગે છે. અજ્ઞજીવો પોતાની બુદ્ધિથી સાંસારિક વસ્તુઓ કે જેના ઉપર મમત્વ થાય છે તેઓનો ત્યાગ કરે છે. મધ્યમ જીવો મમત્વ પરિણામનો ત્યાગ કરે છે, અને ઉત્તમ મહાત્માઓનો તો એટલો બધો અધિકાર વધી ગયો હોય છે કે તેઓનામાં ત્યાગ વા અત્યાગની કલ્પના પણ સ્ફુરતી નથી. આત્માની સાથે જે જે વસ્તુઓનો સંબંધ હોય તે આત્માની નથી એવા પરિણામથી વર્તાય અને સર્વ વસ્તુઓમાંથી ઇષ્ટાનિષ્ટ કલ્પના ટળી જાય ત્યારે ખરો ત્યાગ પ્રાપ્ત થાય છે. ત્યાગની કોટી ઉંડામાં ઉંડી છે. અન્તરથી મમતાનો ત્યાગ થયા વિના બાહ્ય ત્યાગ ટકી શકતો નથી. મૂર્છારૂપ પરિગ્રહના ત્યાગથી ત્યાગી બનેલાઓ ખરેખરા ત્યાગી ગણાય છે. મનમાંથી વાસનાઓને ટાળી એ ખરો ત્યાગ છે. આડંબર, ભય, અહંકાર દશાથી કંઈ ત્યાગદશા ઉત્પન્ન થતી નથી. અધ્યાત્મજ્ઞાનથી ખરેખરી ત્યાગદશા પ્રાપ્ત થાય છે. કોઇ રૂપ વસ્તુઓના અભાવે ત્યાગ [illegible] પણ તે ખરેખરો ત્યાગી નથી. માત્ર [illegible] વસ્તુઓનો [illegible] ત્યારે મમત્વનું [illegible] છે. તેને ત્યાગ [illegible]

ઉતરે છે અને તેથી શિષ્યમાં યોગ્ય સદ્દગુણો પ્રકટ થાય છે. ગુરૂનો ઉપદેશ યોગ્ય શિષ્યના હૃદયમાં ઠરી શકે છે. અપાત્ર શિષ્યને શ્રી સદ્દગુરૂનો ઉપદેશ અસર કરી શકતો નથી. ગુરૂઓ પાસેથી એકદમ ચમત્કારો પ્રાપ્ત કરી શકાતા નથી, કદાપિ કોઇક ચમત્કાર પ્રાપ્ત કરી શકાય છે તો યોગ્યતા વિના તેનો દુરૂપયોગ કરી શકાય છે. અને તેથી અન્ય જીવોને હાનિ પહોંચાડી શકાય છે. શિષ્યોએ વિનયાદિ ગુણો વડે પાત્ર બનવું જોઇએ. જો તેઓમાં યોગ્યતા પ્રકટશે તો ગુરૂઓ પોતાની મેળે તેઓને આગળનો માર્ગ બતાવશે. પુસ્તકો શિષ્યોને દિશા દેખાડી શકે છે પણ તેનો અનુભવ તો ગુરૂઓજ શિષ્યોના હૃદયમાં ઉતારી શકે છે. ગુરૂઓ અપૂર્વ અનુભવ આપવાને માટે સદાકાલ તૈયાર હોય છે પણ શિષ્યોની યોગ્યતા થવામાં જે વાર થાય છે તેજ વાર સમજી લેવી. સમુદ્રના તળીયામાં થતી લીલાઓનો પાર પામી શકાય પણ ગુરૂના હૃદયના આશયો અને તેમની અપેક્ષામય વાણીનો પાર પામી શકાય નહિ. સ્વ અને અન્યાત્માઓને ઉન્નતિક્રમમાં યોજવા એજ ગુરૂઓનું મુખ્ય કર્ત્તવ્ય છે. શ્રી સદ્દગુરૂની આજ્ઞામાં રહેનારાંઓ આત્મશક્તિયોને પ્રાપ્ત કરે છે. ૐ શાન્તિઃ । શાન્તિઃ ૨

×　　×　　×　　×

સંવત્ ૧૯૬૮ ના અષાડ સુદિ ૧૦ મંગળવાર તા. ૨૩ મી જુલાઇ ૧૯૧૨ અમદાવાદ.

હે આત્મન્ ! તું મનની કલ્પના વડે પોતાની મેળે શામાટે ભયનાં વાદળ ચારેતરફ ઉભાં કરે છે ? ભયની કલ્પના કરવાથી ભય ઉત્પન્ન થાય છે. હે આત્મન્ ! તુ અન્યજીવોનો ભય રાખે છે પણ તે ત્હને યોગ્ય નથી, કારણ કે તારા શુદ્ધ સ્વરૂપને અન્ય કોઇ હાનિ પહોંચાડવા સમર્થ નથી. હે આત્મન્ ! જો તુ પોતાના સ્વભાવે રમે છે તો અન્યોની ભિન્ન કલ્પના વડે તારૂં કંઇ બગડવાનું નથી. તેમજ હે આત્મન્ ! જો તું સ્વકીય શુદ્ધ સ્વભાવે રમણતા નથી કરતો તો અન્યોની પ્રશંસા વડે તારૂં કંઇ હિત થવાનું નથી. હે આત્મન્ ! યશ, પ્રતિષ્ઠા, કીર્તિ, દાના વગેરેના લાભની હાનિના સંબંધી તને કદિ કોઇપણ કાળમાં ખરી શાન્તિ પ્રકટવાની નથી. હે આત્મન્ ! જો

સંવત્ ૧૯૬૮ ના અષાડ શુદિ ૬૧ બુધવાર. તા. ૨૪ મી જુલાઇ ૧૯૧૨. અમદાવાદ.

પરસ્પર એક બીજાની ઇર્ષ્યા કરીને આગ ચઢાવનારા મનુષ્યોની ધર્મ ક્રિયા છારપર લીંપણના સમાન છે. અન્યાયથી વિત્ત પેદા કરીને આજીવિકા ચલાવનારા મનુષ્યોની શોભા પલાશ પુષ્પ જેવી છે. પોતાનું હૃદય વેચીને અન્યની હાજી હા કરીને અસત્યના માર્ગમાં જનાર મનુષ્યોની વાણી કરતાં ધુળની પણ કિંમત વિશેષ ગણી શકાય. ચાડી ચુગલી કરીને પેટ ભરનારા મનુષ્યો કરતાં વિષ્ઠાથી ઉદર ભરનાર રાસભસારો. હજારો વા લાખો જીવોના પ્રાણ ચુસીને પેટ ભરનાર મનુષ્યોનું જીવન કદિ સુખમય થતું નથી અને તેઓ જીવતાંજ પોતાની ઘોર, પેટમાં બનાવે છે. જે મનુષ્યો પ્રભુના ભક્ત એવું નામ ધરાવીને જગતને ઉતરે છે, અને અન્યાય કરી જીવે છે તેઓનો ઉદ્ધાર થવો દુર્લભ છે. જે મનુષ્યની મન, વાણી અને કાયામાં પરનું અશુભ કરવાનો વ્યાપાર છે તે પ્રભુની પાસે માફી માગે તો કેવી રીતે છૂટી શકે ? જે મનુષ્ય પોતાના અસદ્વિચારોનો કોઇ પણ રીતે ફેલાવો કરે છે તે ખરેખર પ્લેગ રોગ સમાન અન્ય મનુષ્યોને દુઃખદ જાણવો. જે મનુષ્ય પોતાના આત્માને શુભ માર્ગમાં લાવવા પ્રયત્ન કરે છે તે સર્વ જીવે ... ચ ... , અને સર્વ જીવોની સાથે મૈત્રીભાવ ધારણ કરે છે. **જે મનુષ્ય શ્રી સદ્ ગુરૂના ચરણકમળમાં આલોટયો નથી અર્થાત્ શ્રી સદ્ગુરૂનાં જેણે ચરણકમળ સેવ્યાં નથી, અને ગુરૂની કૃપા જેણે મેળવી નથી, તે અન્યોને શિષ્ય કરવાને લાયક બનતો નથી, અને કદાપિ પોતે લાયક બન્યા વિના શિષ્ય કરે છે તો તેનું પરિણામ સારૂં આવતું નથી.** જે પુત્રના ગુણો ધારણ કરવાને સમર્થ થયો નથી, તે પિતા બનવાને લાયક નથી, જે શિષ્યના ગુણો ધારણ કરવાને પણ સમર્થ થયો નથી, તે ગુરૂ બનવાને લાયક બન્યો નથી. જે સેવકના ગુણો ધારણ કરવાને પણ લાયક બન્યો નથી. તે રાજા-શેઠ બનવાને માટે લાયક નથી, પોતાના અધિકાર પ્રમાણે જે મળે વા જે થાય વા જે ભોગવવું પડે તેમાં મનુષ્યોએ સંતોષ માનવા જોઇએ. કર્મથી જે સ્થિતિમાં આવવાનું થાય તે સ્થિતિ પ્રાપ્ત થતા હર્ષ વા શોક ન કરતાં આનન્દથી વર્તવું. સમુદ્રના ભરતીઓટ જેમ ક્ષણિક છે, તેમ મનુષ્યને જે જે પ્રાપ્ત થાય છે, તે ક્ષણિક હોવાથી ફોગટ શા માટે અજ્ઞાનથી બંધનમાં પડવું જોઇએ. એમ સદાકાળ ભાવના-ભાવથી રાગના પ્રસંગે વૈરાગ્ય પ્રકટે એજ ઉત્તમ જ્ઞાનનો વ્યાપાર છે.

સુજ્ઞો કે તે [illegible] ...ઓ. મ...ના નામે અપકૃત્ય પાપ કરવાનું ના એમ જ ...વનું ઉપદેશ દે છે. અન્ય દર્શનીઓને પણ હરકત કરવાનું ખરેખર જૈન દર્શન જણાવતું નથી.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અષાડ સુદિ ૩ શુક્રવાર તા. ૨૬ મી જુલાઈ ૧૯૧૨. અમદાવાદ.

જેનાથી ઇર્ષ્યા કર્યા વિના આગળ વધાય તેવી શુભકાર્યમાં સ્પર્ધા કરવી એવી સ્પર્ધા કથંચિત્ ઉપયોગી છે. ગમે તે રીતે અન્યનું અશુભ કરીને પોતાની મહત્તા વધે એવા રૂપમાં સ્પર્ધાનો ઉપયોગ કરવો તે ખરેખર અનાર્ય રાક્ષસ કાર્ય ગણાય.

મધ્યસ્થ નીમીને માધ્યસ્થ દૃષ્ટિથી સત્ય તત્ત્વના નિર્ણય માટે પરસ્પર દલીલોપૂર્વક વાદ કરવાથી તત્ત્વની પ્રાપ્તિ થાય છે. રાગ અને દ્વેષથી જે વાદ કરવામાં આવે છે તેમાં કુયુક્તિ, હઠ અને અન્તે ક્લેશજ પરિણામરૂપ ફલ દેખાય છે. મારૂં તે સત્ય આવી બુદ્ધિથી કરાતાવાદમાં પક્ષપાત હોય છે. પણ સત્ય તે મારૂં આવી બુદ્ધિ રાખીને જે વાદ કરવામાં આવે છે, તેમાંથી સત્ય ગ્રહી શકાય છે. જેનું વચન યુક્તિવાળું હોય તે ગ્રહણ કરવું આવી જેની બુદ્ધિ હોય છે, તે મનુષ્યો સત્યની પ્રાપ્તિ કરી શકે છે. મમત્વ ભાવ-રહિત, યુક્તિસહિત, અભિમાનરહિત, ન્યાયસહિત સભ્યતાસહિત અને શુદ્ધપ્રેમ-સહિત વાદમાં વાદીઓને એક બીજામાંથી સત્ય લેવાનો પ્રસંગ મળે છે. દરેક ધર્મના વક્તાઓમાં, લેખકોમાં અને વાચકોના હૃદયમાં જો સત્ય ગ્રાહિણી બુદ્ધિ જાગ્રત્ થાય તો ખરેખર પ્રાચીન આધુનિક ધર્મનાં પુસ્ત-કોમાંથી ઘણું ગ્રહણ કરી શકે. શ્રી વીરપ્રભુની વાણી જેના હૃદયમાં ઠરી છે તે એક ન્યાયાધીશ બને છે, અને તે સર્વ પુસ્તકોને અપેક્ષાબુદ્ધિરૂપ ત્રાજવામાં તોલીને તેની કિંમત આંકી શકે છે. જેમ જેમ રાગદ્વેષની પરિણતિ મંદ પડતી જાય છે, અને મનમાં વિવેક જાગે છે; તેમ તેમ મતમતાંતર મમત્વથી જે હઠ કદાગ્રહ બંધાઈ ગયા હોય છે, તે સર્વે કે માટીની પાળથી ક્યારાઓનાં જુદી જુદી મર્યાદા હોય છે, પણ જલનો પ્રવાહ અત્યંત વધતાં અર્થાત્ રેલ આવતાં માટીની પાળથી કરેલી મર્યાદા રહેતી નથી તેમ એકાંત

શાન્તિ કરી શકે છે. કામી યુવક સુંદર શરીરનો સ્પર્શ જેમ કામાવસ્થા પ્રકટાવવા સમર્થ થાય છે, તેમ શાંત બ્રહ્મચારી સાધુ મહાત્માઓનાં શરીરોનો સ્પર્શ ખરેખર વૈરાગ્ય, સંતોષ આદિ ગુણો પ્રકટાવવા સમર્થ થાય છે. જેની પાસે શુભ શક્તિ હોય છે, તેની પાસે રહેવાથી શુભ શક્તિનો લાભ મળે છે. જે મનુષ્યોમાં દુર્ગુણોની શક્તિયો વધી ગઇ હોય છે, એવા અસત્ મનુષ્યોના સહવાસથી અશુભ પુદ્ગલોની અને અસદ્‌વિચારોની અસર ખરેખર સામાન્ય શક્તિવાળા જીવોને થાય છે. સત્પુરૂષોના સદ્‌ગુણોની અન્ય જીવો ઉપર સારી અસર થાય છે. જેઓનામાં ઉત્તમ જ્ઞાન, વૈરાગ્ય, શુદ્ધ પ્રેમ, ચારિત્ર આદિ સદ્‌ગુણો ખીલ્યા હોય છે. તેવા મુનિ મહાત્માઓ અન્ય દુર્ગુણી જીવોને પણ પોતાના સહવાસનો શુભ લાભ અર્પે છે. सत् संगतिः किं न करोति पुंसां, दुष्टजन संगति परिहरी, भजे सुगरु संतानरे, योग सामर्थ्य चित्त भावथी, धरे मुगति निदानरे, शान्ति जिन एक मुज वीनति ॥ દુષ્ટજનોની સંગતિનો ત્યાગ કરીને સત્પુરૂષોની સંગતિ કરવી જોઇએ. દુષ્ટ મનુષ્યોની સંગતિ ન કરવી; પરંતુ દુષ્ટ મનુષ્યોને સજ્જનોએ ધિક્કારની નજરથી ન જોવા. તેમજ દુષ્ટ મનુષ્યો ઉપર શુદ્ધપ્રેમથી મૈત્રીભાવના ધારણ કરવી કે જેથી સત્પુરૂષોની વા મુનિવરોની સંગતિ કરવાને તેઓ યોગ્યતા પ્રાપ્ત કરી શકે. સન્તસાધુઓની મન, વાણી અને કાયાવડે સેવા કરવી અને તેમના ગુણો લેવા.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અષાડ સુદિ ૧૪ રવિવાર. તા. ૨૮ મી જુલાઇ. ૧૯૧૨ અમદાવાદ.

કોઇપણ પણ આશા રાખ્યા વિના સ્વાશ્રયી બની ત્હારાં કાર્યો કર્યા કર. ખરા રૂપમા આવ્યા વિના અર્થાત્ આત્માનો જુસ્સો પ્રગટાવ્યા વિના અને તેમજ ખંતથી કાર્યમા મંડી રહ્યા વિના કાર્ય સિદ્ધિ થવાની નથી. ત્હાર કાર્યોમા આનન્દથી પ્રવૃત્તિ કર્યા કર ! આખી દુનિયા સામું ન દેખ પણ ત્હારા સત્ય વિચારપર ધ્યાન આપ. મહાત્માઓએ કરેલા સુગમ માર્ગમા કસમા જળ વહે છે તેની પેઠે પાછળથી મનુષ્યો વહ્યા કરે છે. લોકપ્રતિષ્ઠા અને યશની ઇચ્છા રાખ્યા વિના સત્યનું અવલંબન કર.

અસંખ્ય વા અનન્ત ગુણો ઉપયોગ રાખવો ઘટે છે. તું ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણ કાલમાં નિત્ય છે. રાગદ્વેષની પરિણતિ વિના સર્વ દેખાય એવી વસ્તુતઃ તારી સત્તા છે. તે સત્તાનો ઉપયોગ ધારણકર અને રાગદ્વેષરહિતદશાએ જેમ વર્તવાનું થાય તેમ અન્તર્ અને બાહ્યથી પ્રવૃત્તિ કર. ત્હારા સંબંધમાં આવનારાઓને તું જાગ્રત્ કર અને તેમજ તારાથી જે આગળ હોય તેઓના ઉપદેશ તરફ ધ્યાન આપ. કષાયપરિણતિથી હે આત્મન્ તું ન્યારો છે. બાહ્ય પદાર્થોથી ભિન્ન એવા આત્માનું જ્ઞાન થવાથી બાહ્ય પદાર્થો છે તે આશ્રવમાં હેતુભૂત થતા નથી, પણ સંવરમાં હેતુભૂત થાય છે, એમ તું જાણે છે માટે હવે તારી શક્તિનો ખ્યાલ કરીને અખંડ, અછેદ્ય, અભેદ્ય એવા પોતાના ધર્મ પ્રમાણે પોતાને માન અને તે પ્રમાણે મનથી પ્રવૃત્તિ કર, વ્યવહારથી સદ્નિમિત્તોનું ત્હારે આલંબન લેવું ઘટે છે. પણ નિશ્ચયથી તો પોતેજ પોતાનું આલંબન છે, એમ સમ્યગ્ અવબોધીને શુદ્ધ ચૈતન્યનો ઉપાસક બન. ધ્યાનવડે આત્મધર્મની શુદ્ધિ કરનાર તું પોતાને આનન્દરસમાં રસીલો બનેલો દેખીશ. હાલ તું જે પોતાના ઉપયોગમાં રહેવા પ્રયત્ન કરે છે તેના કરતાં હવે પછીના જીવનમાં અપ્રમત્તદશાવડે વિશેષ આત્મોપયોગમાં વર્તાય તેમ કર. હે આત્મન્ તું પરમાત્મા છે, અને આવો તને વસ્તુતઃ દૃઢ નિશ્ચય છે તો હવે ત્હારે શરીરમાં રહેલા આત્મા એજ પરમાત્મા વિના હવે બીજું કયું ઇષ્ટ અને પ્રાપ્ત કરવાનું બાકી છે. અર્થાત્ હવે અન્ય કોઇ પ્રાપ્ત કરવાનું બાકી નથી. આત્મા એજ પરમાત્મા છે એમ જાણનાર તથા આનંદ લેનાર પણ આત્મા પોતે છે. પોતાને કથવાનું છે અને પોતાનું ધ્યાન ધરવાનું છે. પોતાના જ્ઞાન પ્રકાશવડે અનંત જ્ઞેયનો પ્રતિભાસ થાય છે. જે જે ઉપાયોવડે પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય એજ કર્તવ્ય છે. ત્રણ ભુવનના ભાવનો સાક્ષી પોતાનો આત્મા છે. આત્માનો નિષેધ કરનાર અને આત્માનું અસ્તિત્વનું પ્રતિપાદન કરનાર પણ આત્મા છે. સર્વ પદાર્થોથી ભિન્ન અને સર્વ પદાર્થોને જાણનાર સ્વયં તું આત્મા છે. હે ચેતન! પ્રમત્ત વાદળાને દૂર કરીને ત્હારા શુદ્ધરૂપને પ્રકાશ કર. હે ચેતન! તારા ધર્મને પ્રકટાવવા માટે યથા શક્તિપ્રયત્ન કર. પોતાનો તું અનુભવ કર. મોક્ષ ત્હારામા છે અને તું પોતે સ્વતંત્રપણે મોક્ષનો કર્તા છે એમ ઉપયોગ રાખ.

× × × ×

વધારો થાય છે. કોઇ પણ મનના અશુભ વિચારથી મનની મલીનતા થાય છે; માટે ઉત્તમ શુભ વિચારોથી મનનો વ્યાપાર સદાકાલ ચલાવ્યા કરવો. ॐ શાન્તિઃ

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અષાડ વદ ૨ બુધવાર. તા. ૩૧ મી જુલાઈ ૧૯૧૨. અમદાવાદ.

જેટલું બને તેટલું આચારમાં મૂકવા પ્રયત્ન કરવો અને જેટલું બને તેટલું આચારમાં મૂકવા ભાવ રાખવો. મનમાં શુભ વિચારો તો જેટલા બને તેટલા કરવા જોઇએ. ચારિત્રાદિગુણો પ્રાપ્ત કરવા માટે જે જે સદ્વિચારો કરવામાં આવે છે તેનું ફળ પરભવમાં પણ મળી શકે છે. સદ્વિચારો કરેલા કદિ નકામા જવાના નથી. જે જે હેતુઓનું આલંબન લેવાથી સદ્વિચારો પ્રગટે તે તે હેતુઓનું આલંબન લેવા કદિ ચુકવું નહિ. ઉત્તમ ભાવનાઓના વ્યાપારમાં સદાકાલ મનને યોજ્યા કરવું. મનમાં ગમે તે તે તે અશુભ વિચાર પ્રગટવા ન દેવો. સદ્વિચારો પ્રમાણે વર્તન કરવું જોઇએ, એમ મનમાં યાદી રાખવી જોઇએ. જગતમાં જે જે મહાત્માઓ થયા છે, અને થશે તે સદ્વિચારના પ્રતાપેજ, એમ મનમાં ખૂબ નિશ્ચય કરવો. મનમાં સદ્વિચારોનો પ્રવાહ વહેશે એટલે તુર્ત સદાચાર રૂપ અંકુરે ફૂટી નીકળવાના. જલની વૃષ્ટિ થતાજ જેમ વનસ્પતિ ઉગી નીકળે છે તેમ સદાચારોના-વિચારોનો પ્રવાહ જોસબંધ મનમાં વહેતો અંશે અંશે પણ સદાચારો પ્રકટ્યા વિના રહેતા નથી. સદાચારો અને સદ્વિચારોની અનુમોદના કરનાર મનુષ્યો મહાત્માઓ બની શકે છે. જે જે મનુષ્યોમાં જે જે અંશે સદ્વિચારો અને સદાચાર હોય તેઓની તે તે અંશે અનુમોદના કરવાથી અંતરમાં તે તે ગુણો પ્રકટી નીકળે એવા અનુમોદના કરનાર મનુષ્યો બીજે વાવે છે.

મને તો આ બાબતનો અનુભવ આવ્યો છે. સદ્વિચારનું એટલું બધું બળ છે કે તે અસદ્વિચારોના સામે ટક્કર ઝીલી શકે છે. કોઇ આત્માને મારો અહિત કર્તા છે એમ ન ધાર. શ્રી વીરપ્રભુના ચારિત્રનો ઉપયોગ ધારણકર. શ્રી હરિભદ્ર અને શ્રી હેમચંદ્રસૂરિના સદ્વિચારો અને

સત્કાર્યેનું મનન કર. મહદ્વિચારોને મહાસાગરમાં મૂકવાને માટે આત્મબળ ફોરવ. આત્માનું જેટલું બળ તેટલું બળ ફોરવ. સર્વ આત્માઓમાં પરમાત્મ સત્તા રહી છે. આત્માજ પરમેશ્વરૂપ છે, એવું જાણીને તેની ભાવનામાં મસ્ત રહે કે જેથી તે વ્યક્તિપણે રૂ થઇ શકે. अरिहंत तेहिज आतमा-धीर जिनेश्वर उपदिसे.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અષાડ વદિ ૩ ગુરૂવાર તા. ૧ લી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

જે વખતે ચારે વર્ણના લોકો જૈનધર્મ પાળતા હતા, ત્યારે દરેક વર્ણના શ્રાવક લોકોના ઘેરથી સાધુઓ આહાર લેતા હતા એમ કેટલીક ચર્ચા પશ્ચાત્ કથવું પડે છે. અતિથિસંવિભાગ ચારે વર્ણના શ્રાવકો અંગીકાર કરી શકે, અને ચારે વર્ણના શ્રાવકો સાધુઓને વહોરાવ્યા વિના અતિથિ સંવિભાગ વ્રતને આરાધી શકે નહિ, એમ સિદ્ધ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં હરિકેશીનું અધ્યયન મનન કરવા યોગ્ય છે. ચાર વર્ણના લોકો શ્રાવકના વ્રત લઇ શકે છે અને વીતરાગ ધર્મ આરાધી શકે છે તથા તેઓને વ્રતો લેતાં ધર્મ કરતાં કોઇ અંતરાય કરે તો અંતરાયકર્મ બંધે. અમુક વર્ણના લોકોજ જૈનધર્મ પાળી શકે અને કોઇ વર્ણને તિરસ્કાર કરી આ-વામાં આવ્યું નથી. શ્રી મહાવીર પ્રભુના લગભગ સમયમાં હાલના જેટલા નાતો-વર્ણોના ભેદ નહોતા એમ લાગે છે, અને તેની સાબિતી માટે ઘણી દલીલો આપી શકાય તેમ છે. સંપ્રતિ સમયમાં જૈનધર્મની દૃષ્ટિએ જોતાં પહેલા કરતાં હાલ ઘણો ફેરફાર થઇ ગયેલો માલુમ પડે છે. શ્રી શ્રેણિક રાજાએ મેતાર્યમુનિ કે જે ગૃહસ્થાવાસમાં ચંડાલ હતા, તેમને ગૃહસ્થ દશામાં પોતાની પુત્રી પરણાવી હતી. આર્દ્રમુનિ ગૃહસ્થાવાસમાં અનાર્ય દેશના મ્લેચ્છ રાજાના પુત્ર હતા, તેમને વેરે આર્યાવર્તના શેઠે પોતાની પુત્રી પરણાવી હતી. સોમિલ બ્રાહ્મણે પોતાની પુત્રીનું લગ્ન શ્રી ગજસુકુમાર કુંવરની સાથે કર્યું હતું. પૂર્વના સમયનો ઇતિહાસ અવલોકતાં અને હાલનો જમાનો અવલોકતાં મનભેદો અને આચારભેદો કેટલાક પડ્યા એમ અવબોધાય છે. પૂર્વના સમયમાં ઉદાર વિચાર અને આચારોની ઉત્તમતા હતી. સંકુચિતોથી

મનુષ્ય ઉત્તમ કહેવાય છે પણ વર્ણથી ઉત્તમ થઇ શકતો નથી. એમ ધર્મ દૃષ્ટિએ પ્રરૂપણા થતી હતી. પૂર્વે કાલમાં વિચારોની ઘણી સ્વતંત્રતા હતી તિર્યંચ પણ જો જૈનધર્મની આરાધના કરીને દેવલોકમાં જાય એવા જૈનધર્મ દુનિયાના સર્વ મનુષ્યો પાળે અને તેમને કોઇ જાતની ધર્મ કરવામાં કોઇ તરફથી હરકત થવી ન જોઇએ. આખી દુનિયાના મનુષ્યો માટે જૈનધર્મનાં દ્વાર ખુલ્લાં છે. જૈનધર્મે આત્મા તે પરમાત્મા છે એવું સત્ય જણાવીને સર્વે પરમાત્માઓ સત્તાએ છે એવું ભાન કરાવ્યું છે, એવું સ્વતંત્રપદ અર્પનાર જૈનશાસન સદાકાલ જયવંતું વર્તો. પોતાના આત્મામાં વાડાનું બંધન નથી. આચારોની અપેક્ષાએ જૈનધર્મને વાડો માનવામાં આવે તો ખરેખર જૈનધર્મના આચારરૂપ વાડામાં રહેલા જીવો ધર્માચાર સેવી પણ ટળી દેવ થઇ જાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના અષાડ વદિ ૪ શુક્રવારે. તા૦ ૨ જી ઓગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

સામાન્ય મતભેદોને આગળ કરીને કલેશી મનુષ્યો નાતજાતમાં-સંઘમાં મોટા મોટા વિગ્રહો ઉત્પન્ન કરે છે. કેટલાક મનુષ્યો સ્વપક્ષ સ્થાપવાને માટે સામાન્ય મતભેદોથી થતા કલેશને એક મહાભારત યુદ્ધનું રૂપ આપીને સમાજની -સંઘની છિન્નભિન્ન વ્યવસ્થા કરી નાંખે છે. કેટલાક મનુષ્યો ભવિષ્યકાલની ઉન્નતિને વર્તમાનમાં અવરોધી શકાય એવા સંકુચિત દૃષ્ટિથી વિચારો ફેલાવે છે, અને પોતાના પગ પર કુહાર મારવા જેવું કરે છે. ઉત્તમ સન્ત મનુષ્યો સામાન્ય મતભેદોથી વધુ હાનિ અને અલ્પ લાભ થાવે તેવી તકરારો ઉઠાવતા નથી. સન્ત મનુષ્યો વિશાલદૃષ્ટિથી વસ્તુતઃ તત્ત્વેનું અવલોકન કરીને સુસંપ વધે અને ઉન્નતિક્રમના પગથીઆ પર પ્રતિદિન આગળ ચઢી શકાય એવા માર્ગનું અવલંબન કરે છે. આત્મારાધક સન્ત બંધુઓ મૈત્રીભાવનાથી પવિત્ર જીવન ગાળવા પ્રયત્ન કરે છે. સન્ત મનુષ્યો, વૈર વિરોધની ઉદીરણાને પોતે જાણી જોઇને કરતા નથી. સન્ત મનુષ્યો વૈરનાં સ્થાનકોનો પરિહાર કરે છે. આખી દુનિયાના મનુષ્યોના આત્માઓને સ્વાત્મવત્ દેખનારાઓ ભેદભાવને ધારણ કરી શકતા નથી. ઉત્તમ સદ્ગુણોના

પોતાની આત્મદશાએ જાગ્રત્ થાય છે. કર્મના મહાબળવાન્ ઉદયથી સત્પુરુષોની આત્મદશા પૂર્વના જેવી ન રહે તો પણ તેઓના અન્તરના પરિણામ તો આત્માના મૂળરૂપથી અભિમુખપણે વર્તે છે. જ્ઞાની અને અજ્ઞાનીની અન્તર્ દશામાં આકાશ અને પાતાળ જેટલો તફાવત રહે છે. કર્મના મહાબળવાન્ ઉદયથી મહાત્માઓ પણ છૂટતા નથી તો બાળજીવોનું શું કહેવું ? કર્મના મહાબળવાન્ ઉદયને જે ભોગવે છે તે તેનું સ્વરૂપ જાણી શકે છે. દારૂપાનથી જેમ ચતુર પુરુષની બુદ્ધિમાં પણ વિભ્રમતા આવી જાય છે; તેમ કર્મના બળવાન્ ઉદયથી ઉત્તમ મહાત્માઓની બુદ્ધિમાં પ્રાયઃ વિભ્રમતા આવી જાય છે. મહાત્માઓ કર્મના બળવાન્ ઉદય સામું ટકી રહેવાને આત્મબળ ફોરવે છે. પોતાનાથી જેટલું બને તેટલું કર્યા વિના રહેતા નથી. કર્મનો ઉદય હઠાવવા માટે મહાત્માઓ ધ્યાનનું શરણ અંગીકાર કરે છે. અને શરીર-પ્રાણને પણ તૃણવત્ ગણે છે; તેમ છતાં ન ચાલે અંતરંગ નિર્લેપ દશાએ ભોગકર્મને ભોગવે છે. તેવા પ્રસંગે ભવ્ય જીવોએ આત્મબળ ફોરવવા પ્રયત્ન કરવો. આત્માની શક્તિનો અને આત્મસુખનો વિશ્વાસ ધારણ કરીને પરભાવથી દૂર રહેવા પ્રયત્ન કરવો. આત્માના પરિણામ શુદ્ધ રાખવા પ્રયત્ન કરવો. પુષ્ટ આલંબનોનો આશ્રય લેવો અને ઉત્તમ પુરુષોના ચરિત્રોનું સ્મરણ કરવું. આત્માની આગળ પુદ્ગલ વસ્તુ વા કર્મ કંઇ હિસાબમાં નથી, એવી ભાવના ભાવીને અધ્યાત્મજ્ઞાનવડે આત્માના શુદ્ધ ધર્મનું અવલંબન કરવું. ધૈર્યતા ધારીને નિર્ભયદશા પ્રગટાવવી. આત્માના ધર્મમાં એટલું બધું લીન થઇ જવું કે જેથી બાહ્ય પદાર્થોમાં ઇષ્టત્વ વા અનિષ્ટત્વ રહેજ નહિ. આવી ઉપર્યુક્ત દશાવડે ઉદયને વિરૂપ કરવા પ્રયત્ન કરવો. સમભાવવડે શુદ્ધ ચૈતન્ય પ્રભુના ઉપયોગમાં સ્થિર રહેવું.

× × × ×

સંવત્ ૧૯૬૮ અષાડ વદિ ૮ મંગળવાર. તા. ૬ ઑગસ્ટ ૧૯૧૨.
અમદાવાદ.

અજ્ઞાન મોહથી મેરૂ પર્વતના કરતાં મોટા દુઃખના પર્વતોને તું ઉભો કરે છે, અને તેમાં દેહાત્મબુદ્ધિથી બંધાય છે. વાસનાઓના તંતુઓ વડે સિંહ સમાન એવા હે આત્મન્ ! હારે હવે બંધાવું ન જોઇએ, તું સ્વતંત્ર છે. કોઇ પણ વસ્તુમાં આત્મા તારો સ્વાર્થ નથી. ભ્રાંતિથી અનેક કલ્પનાઓ કરીને નિર્ભય એવો તું ભય પામે છે. એ ખરેખર તને ઘટતું નથી. હે આત્મન્ ! ! તું સૂર્યસમાન વા તેના કરતાં અનન્ત ગુણો પ્રતાપી છે. હારા જ્ઞાન પ્રતાપે કર્મના હિમ પર્વતો ઓગળી જાય છે. શરીર એ હારે જગત્માં શુભ કાર્ય કરવાનું હથિયાર છે. શરીર એ હારી ગાડી છે, મન રૂપ સારથી છે અને તેમાં બેઠેલો હે આત્મન્ ! તું રાજા છે, તું ત્રણ ભુવનનો શહેનશાહ છે. હારૂં અપરંપાર સામર્થ્ય છે. તું સૂક્ષ્મથકી પણ સૂક્ષ્મ છે. હે આત્મન્ ! તું દેવ છે. હે આત્મન્ તું સત્તાએ પરમાત્માજ છે. પ્રારબ્ધ કર્મ ભોગવવાં પડે, તે તે પ્રારબ્ધ કર્મનો કર્તા તું છે, અને તેનો ભોક્તા તું છે તેમજ તેનો હર્તા પણ તું, છે. પિંજરામાં રહેલો સિંહ કંઇ અસિંહ થઇ જતો નથી તેમ કર્મ રૂપ પિંજરમાં રહેલ હે આત્મન્ ! તું કંઇ જડ બની શકતો નથી. તું આનન્દનો સમુદ્ર છે. હારૂં તેજ અપરંપાર છે. દેહાત્મબુદ્ધિનો સ્વપ્નમાં, પણ ખ્યાલ ન આવે એવો તીવ્ર ઉપયોગ ધારણ કર. શુદ્ધ સ્વરૂપમય એવા હારા પદનો તું ખ્યાલ કર ! મનોવૃત્તિથી ભિન્ન ભિન્ન કલ્પનાએ કલ્પાયેલ હે આત્મન્ ! હવે તું હારા શુદ્ધ ધર્મનો ખ્યાલ કર. પુદ્ગલ પર્યાયોના સંબંધને પોતાના ન માન ! આરોપિત સુખ ભ્રમને દૂર કરીને સહજ સુખના સાગરને એક સ્થિરોપયોગથી અવલોક અને તેમાં નિમગ્ન થા. બાહ્યારોપ જીવનાત્માવડે હારે જીવવાનું નથી પણ હારા શુદ્ધ ધર્મ રૂપ જીવન વડે જીવવાનું છે, એમ ખરો ખ્યાલ હૃદયમાં ધારણ કર. સાધુ દીક્ષાએ હારો આન્તરિક પુનર્ જન્મ છે. દરેક આત્માઓને આન્તરિક પુનર્ જન્મે જીવવાનુ છે અને તે માટે બાહ્ય વેષ એ નિશાની રૂપે અવબોધવાનો છે. મરજીવો થઇને મુક્ત થવાનું છે એનો અર્થ ઉપર્યુક્ત ભાવમાંજ સમાય છે એમ અન્તર્માં પુનઃ ! પુનઃ ! વિચાર.

\+ × × ×

સંવત ૧૯૬૮ ના અષાડ વદ ૧૦ ગુરૂવાર. તા. ૮ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

આપણે અન્ય મનુષ્યોને જેમ જેમ ક્ષમા આપીએ છીએ, તેમ તેમ મોક્ષમાર્ગમાં આપણે આગળ વધીએ છીએ. ઉપકારી અને નિરપરાધિ મનુષ્યોના ઉપર તો ક્ષમા રાખી શકાય. પણ પ્રતિકુલ દુર્જન મનુષ્યોના ઉપર ક્ષમા ધારણ કરવી એ કંઇ સામાન્ય કાર્ય ગણાય નહિ. અન્યાત્માઓના દોષો ટાળવા માટે જેમ પ્રયત્ન કરવામાં આવે છે, તેમ પોતાના આત્માના દોષો ટાળવાને માટે પણ પ્રયત્ન સેવવાની જરૂર છે. ભૂતકાળનાં કાળાં ચિત્રોનું વર્તમાનકાળમાં સ્મરણ કરીને વર્તમાન કાળમાં ધોળાં ચિત્રોને હૃદયમાં ન પ્રકટાવવાં એ ખરખર ભવિષ્યની ઉન્નતિમાં એક મોટું વિઘ્ન છે. ભૂતકાલના પાપોનું સ્મરણ કરીને વર્તમાનકાળમાં દુઃખી થવાના બદલે વર્તમાન કાલમાં ઉત્તમ વિચારોવડે હૃદયને ભરી દેવું એ અનન્ત ગણું કાર્ય છે. આપણે અન્યોને જેમ માફી આપીએ છીએ તેમ પોતાને પણ માફી આપવી જોઇએ. અન્યોના ઉપર જેટલી પૂજ્ય બુદ્ધિ રાખીએ છીએ તેટલી આપણા પોતાના આત્મા ઉપર પણ રાખવી જોઇએ. અન્યોના આત્માઓને સુખી કરવા પ્રયત્ન કરીયે છીએ. તેવી રીતે શુદ્ધ ગુણોની પ્રાપ્તિ વડે પોતાના આત્માને સુખી કરવા પ્રયત્ન કરવો જોઇએ. પોતાના આત્માને વસ્તુતઃ ગરીબ માનીને કોઇ સુખી થઇ શકતો નથી. પોતાની ચારે તરફ દુઃખનાં વાદળ કલ્પીને આપણે પોતાના આત્માને નાહક આર્ત ધ્યાનમાં ઉતારીયે છીયે. પોતાના શુદ્ધ સ્વરૂપની ભાવનાથી જેટલું દૂર રહેવામાં આવે છે, તેટલુંજ દુઃખ જાણવું. પોતાને પોતે જાગ્રત્ કરી શકાશું. જાગ્રત્ કરવાને માટે ગુરૂઓ. જ્ઞાન શબ્દોની લાકડીઓ ઠપકારે છે તો પણ જાગ્રત્ થવાતું નથી તેમાં પોતાનો દોષ છે. અજ્ઞાનથી સહજાનંદ પોતાની પાસે છતા તેનો ભોગ કરવાને ઉપાયો લઇ શકાતા નથી. આંખો મીંચીને બેસી રહેવું છે અને પશ્ચાત્ કહેવું છે કે હું કંઇ દેખી શકતો નથી. આખી દુનિયાના જડપદાર્થો કરતા પોતાનું ધૈર્ય અનન્ત ગણું વિશેષ છે, તેને પ્રગટાવવાની લાંબી લાંબી વાતો કરવાની છે; પણ તે પ્રમાણે પ્રવર્તવાનું નથી. લોકોમાં આત્માનો મહિમા પ્રકટાવવાનો છે, અને લોકોથી બ્હીને આત્મપણું તજી દેવું છે. તેથી બસવું અને આટો ફાકવો એવું બનવાથી કાર્યસિદ્ધિ કેમ થઇ શકે ? આત્મા પોતાના સ્વરૂપે રહીને અન્યોને જાગ્રત કરી શકે છે, અને તેમજ બને છે મોહભાવથી આત્મ-

સંવત્ ૧૯૬૮ના અષાડ વદિ ૧૨ શનિવાર. તા: ૧૦ ઑગષ્ટ ૧૯૧૨. અમદાવાદ.

પોતાનાથી ભિન્ન આચાર ધરનાર ઉપર અરુચિ ધારણ ન કર. કોઇ પણ મનુષ્યોના આચારો અને વિચારોની નિંદા ન કરતાં તેઓના આચારો અને વિચારોમાં યોગ્ય સુધારણા કરવા પ્રયત્ન કર. દુનિયાના ઘણા મનુષ્યોના આચારો પોતાનાથી ભિન્ન હોય તેથી તે ઘણા લોકોની સાથે યુદ્ધ કરવાની જરૂર નથી, પણ તેઓ સારા આચારો પાળી શકે એવા ઉપાયો શોધ અને તેનો ફેલાવો કર. આખી દુનિયાના ધર્મોના આચારોનું મનન કર અને તે કેવા ધોરણ ઉપર રચાયેલા છે તેનો ખ્યાલ કર, પશ્ચાત્ પોતાના ધર્મના આચારોની સાથે અન્યધર્મોના આચારોનો મુકાબલો કર. પશ્ચાત્ પોતાના ધર્મના આચારો કઇ કઇ અપેક્ષાએ ઉત્તમ છે અને અન્ય ધર્મના આચારોમાં કઇ કઇ અપેક્ષાએ ન્યૂનતા છે તે અન્યોને જણાવવા પ્રયત્ન કર. દરેક ધર્મના ભિન્ન ભિન્ન આચારો થવાનું શું ? કારણ છે અને ભિન્ન ભિન્ન આચારોમાં કઇ કઇ અપેક્ષાએ સત્યત્વ છે તે પણ શોધી કહાડ અને કઇ કઇ અપેક્ષાએ અસત્યત્વ છે તે પણ શોધી કહાડ. કયા ધર્મના આચારો આ દુનિયામાં સર્વ લોકોને અનુકુળ થઇ શકે તેમજ કયા ધર્મના આચારો ઉપર લોકોનું વિશેષ ચિત્ત આકર્ષાય છે, તેનો વિશેષ વિશેષ ઉપયોગ ધારણ કરીને નિશ્ચય કર કે જેથી તારા બોલોની વિશેષ કિંમત થઇ શકે. જમાનાને અનુસરી જૈનધર્મના આચારો દુનિયાને કેટલી અસર કરી શકે અને દુનિયાના મનુષ્યોનું તે તરફ કેવી રીતે આકર્ષણ કરી શકે તેનો ખ્યાલ કર. જૈનધર્મના આચારો તરફ લોકોની રૂચિ વધે એવા કયા કયા ઉપાયો લેવા જોઇએ, તેનો ખ્યાલ કર. જૈનધર્મના આચારોવડે જૈનોની અભિવૃદ્ધિ કરી શકાય કે જૈનધર્મના વિચારોવડે જૈનોની અભિવૃદ્ધિ કરી શકાય તેનો ખ્યાલ કર. આધુનિક જૈનો, જૈનધર્મના આચારો તરફ કેટલી રૂચિ ધારણ કરે છે તેનો અનુભવ કર. ભવિષ્યમાં જૈનધર્મના કયા કયા આચારો તરફ લોકોનું મન દોરાશે તેનો વિચાર કર. સાયન્સ વિદ્યાના વિચારોની અપેક્ષાએ જૈનધર્મના કયા કયા આચારોમાં વિશેષ મહત્વ અવબોધાય છે તેનો ખ્યાલ કર. યોગ વિદ્યાની અપેક્ષાએ જૈનધર્મના કયા કયા આચારોની મહત્તા છે તેનો અનુભવ કર, અને ધર્માચારોની સિદ્ધિ માટે વિશેષ અનુભવ કર.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ સુદિ ૨ બુધવાર. તા. ૧૪ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

દેશકાલના સંયોગોના આધારે દરેક દેશના લોકોમાં અને દરેક ધર્મના આચારોમાં ફેરફારો થયા કરે છે. દેશકાલના સંયોગોમાં જે જે આચારોનો ફેરફાર કરવો પડે તે કર્યા વિના છૂટકો થતો નથી. દેશકાલને અનુસરી હાલ તપાસ કરતાં ઘણી બાબતોના આચારોમાં ફેરફાર થયો છે અને ભવિષ્યમાં થશે. ધર્મના આચાર્યો દેશકાલને અનુસરી પ્રવૃત્તિ કરે છે તો દેશકાલાનુસારે મનુષ્યોને ધર્મમાર્ગમાં લાવી શકે છે. **પૂર્વની બીનઉપયોગી કેટલીક બાબતો આગળ ધરીને વર્તમાન જમાનામાં વહોરાના નાડાની પેઠે પકડયું તે પકડયું કરીને જે લોકો પ્રગતિ માર્ગમાં આગળ વધાય તેવા સાનુકુલ સંયોગોમાં-આચારોમાં ફેરફાર કરીને જમાનાના સામા ટકી શકતા નથી, તેઓ જમાનાની પાછળ રહી જાય છે અને તેઓના હાથે ધર્મની હાનિ થાય છે.** પૂર્વકાલમાં આર્યાવર્તના લોકોની આજીવિકા અલ્પારંભથી થતી હતી. હાલમાં તે પ્રમાણે વ્યવસ્થા નથી. વસ્ત્ર વેષ વગેરેમાં પૂર્વના કરતાં વર્તમાન કાલમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. પોતાની શક્તિ પ્રમાણે ધર્મના આચારોને આચરવા જોઇએ. પૂર્વે નાતજાતના ઘણા ભેદો ન હતા. ઓશવાલ, પોરવાડ, શ્રીમાલી લોકો પૂર્વે ક્ષત્રિયો હતા. કેટલાક સૈકાં પૂર્વે તેઓને જૈન કુલ તરીકે સ્થાપવામા આવ્યા તેયો તે લોકો વાણીયા તરીકે પોતાને ઓળખે છે, અને અમારા વિના અન્ય વર્ણથી જૈનધર્મ પાળી શકાય નહિ, એમ કેટલાકો સંકુચિત દષ્ટિથી માની લે છે, પણ હવે એ સંકુચિત દષ્ટિ ચાલવાની નથી. શ્રી વીરપ્રભુના સમયની પેઠે હવે જૈનધર્મમાં વર્ણાવર્ણનો ભેદ માનીને લડી મરવાનુ રહ્યું નથી. હિંદુઓના વર્ણભેદે ખરેખર જૈનોને ઘણી અસર કરી છે અને તેમની પ્રબળતાથી જૈનો પણ નાતજાતના ભેદો માની સંકુચિત દષ્ટિ ધારવા લાગ્યા છે. હવે કેળવણીના જમાનામાં કેળવાયેલો વર્ગ એ બધું માની શકે તેમ નથી, અને નાતજાતના ભેદોથી જૈનધર્મને સંકુચિત કરવો એ કોઇ રીતે યોગ્ય નથી.

× × × ×

પ્રમાદ, ભય થતો જાય છે. જેવા આપણા વિચારો તેવોજ આપણો આત્મા માનીને સદ્‌વિચારોથી ઉત્તમ આત્મા કરવા સતત પ્રયત્ન કર !!!

× × × ×

સંવત ૧૯૬૮ શ્રાવણ સુદિ ૪ શુક્રવાર. તા. ૧૬ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

રાત્રીના ચરમ પ્રહરમાં દેવ. જ્ઞેય, ઉપાદેયનો મનન વિચાર કરવો. ઇન્દ્રિયાતીત આત્માનું સ્વરૂપ વિચારવું. બાહ્ય પદાર્થોમાં ચિંતા પ્રગટે છે તેનાં કારણો વિચારવાં ચિંતા એ આત્મામાંથી ઉદ્‌ભવે છે કે જડમાંથી ઉદ્‌ભવે છે તેનો વિચાર કરવો. બાલ્યાવસ્થાથી પ્રારંભીને જેટલી ઉમ્મર થઇ હોય ત્યાં સુધી ચિંતામાં થયેલ ભિન્ન ભિન્ન પરિભ્રમણ સંબંધી વિચાર કરી જવો. પ્રેમ અને આત્માને શો સંબંધ છે તેનો વિચાર કરી જવો. આત્મા સંબંધી પૂર્વે કરતાં વર્તમાનમાં વિશેષ શું વિચાર્યું-મનન કર્યું તેનો વિચાર કરી જવો. આત્માનું સ્વરૂપ વિચારતાં મોહનીય કર્મની કઇ પ્રકૃતિ મુખ્યતાએ વિક્ષેપ કરે છે તેનો વિચાર કરી જવો. આત્માનું ધ્યાન ધરતાં ક્યાં ક્યાં આલંબનો લેવાની જરૂર છે તેનો વિચાર કરી જવો. આત્માનુ સ્વરૂપ વિચારતાં મોહનીય કર્મની કઇ પ્રકૃતિ મુખ્યતાએ વિક્ષેપ કરે છે તેનો વિચાર કરી જવો. આધિ અને ઉપાધિથી રહિત કાલમાં આત્માની કેવી પરિણતિ વર્તે છે તેનો તેવી દશામાં રહીને અનુભવ કરવો. દૃઢ સંકલ્પ કરીને તે પ્રમાણે વર્તવાનાં સાધનો સંબંધી વિચાર કરી જવો. કદેક આત્માનું સ્વરૂપ અવબોધતાં છતાં અને મોહનીય કર્મની પ્રકૃતિ તરફ અરુચિ છતાં મોહનીયકર્મ પ્રકૃતિયો કેવા સંયોગોમાં કેવી રીતે પ્રગટે છે અને તેનુ વાસ્તવિક કારણ અને નિમિત્ત કારણ શોધવા વિચારો કરવા. આત્માની શુદ્ધ પરિણતિ વહે તેવા ઉપાયો કયા કયા આદરવા યોગ્ય છે તેના વિચારો કરી જવા. પશ્ચાત્ આત્માના ગુણ પર્યાયના ચિંતવનમા સતત ઉપયોગની ધારાએ પ્રવૃત્તિ કરવી. પશ્ચાત્ આત્મસ્વરૂપમાં ચિંતવન કરતાં મન થાકે ત્યારે વખત થતાં પ્રતિક્રમણ ક્રિયા આરંભવી. ષડાવશ્યકના સૂત્રો સંબંધી ઉપાદેયપણે અર્થ વિચારના વિચારતાં ક્રિયાઓ

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ સુદિ ૭ સોમવાર. તા. ૧૯ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

ચેતના એ આત્માની સત્ય સ્ત્રી છે. આત્મારૂપ યોગી છે અને શુદ્ધ ચેતના યોગિની છે. શુદ્ધ ચેતના પોતાના આત્મ સ્વામિનું દર્શન કરી શકે છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં શુદ્ધ ચેતના વ્યાપી રહી છે. આત્માના. અસંખ્યાત પ્રદેશ રૂપ સર્વાંગે શુદ્ધ ચેતના વ્યાપી રહી છે. આત્મ પ્રભુને ત્રયોદશમા ગુણસ્થાનકમાં શુદ્ધ ચેતના રૂપ સ્ત્રી મળે છે. શુદ્ધ ચેતનાનો વિરહ તેરમા ગુણ સ્થાનકમાં ભાગે છે. આત્મપતિનું સાક્ષાત્ દર્શન કરીને શુદ્ધ ચેતના સહજાનન્દ ગુણ પ્રકટ કરે છે. ક્ષાયિક ભાવે શુદ્ધ ચેતના વસ્તુતઃ ગણાય છે. ક્ષયોપશયભાવની ચેતનાજ ક્ષાયિક ભાવની ચેતના તરીકે પરિણામ પામે છે. ક્ષયોપશમ ભાવની ચેતના. પોતાના ચેતન પતિની પ્રાપ્તિ માટે તેની શોધ કરે છે, અને સમ્યગ્ ચારિત્ર વડે આત્મપતિનું ધ્યાન ધરતી ધરતી તેરમા ગુણસ્થાનકમાં આત્મપતિનું સાક્ષાત્ દર્શન કરે છે. પશ્ચાત્ તે ક્ષાયિક ભાવની શુદ્ધ ચેતના તરીકે પરિણમે છે. શુદ્ધ ચેતના કદી પોતાનું રૂપ બદલતી નથી. કારણ કે ઘાતી કર્મોનો ક્ષય થવાથી પોતાના પ્રગટેલા રૂપમાં કોઇ હાનિ કરવા સમર્થ થતું નથી. દુનિયામાં જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમ ધારણ કરે છે અને તેની નવધા પ્રકારે ભક્તિ કરે છે; તેમ ચેતના પણ ચેતન પતિ પર અત્યંત પ્રેમ ધારણ કરે છે અને તેની નવધા ભક્તિથી ઉપાસના કરે છે. પતિના વિરહે પતિવ્રતા સ્ત્રીની જેવી દશા થાય છે તેવી આત્મપતિના વિરહે ચેતનાની પણ દશા થાય છે. પોતાના પતિ પર પ્રેમ ધારણ કરતી એવી પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામીનું ધ્યાન ધરતી છતી જ્યાં ત્યાં પોતાના સ્વામીની અનેક આકૃતિયો દેખી શકે છે. ચેતના રૂપ સ્ત્રી પોતાના સ્વામી પર અત્યંત પ્રેમ ધારણ કરતી છતી પતિની ધારણાથી મનના અણુ અણુમાં અર્થાત્ [illegible] ભાગમાં આત્મારૂપ ધ્યેયની જ્ઞાનાદિ પર્યાયો રૂપ અનેક આકૃતિયોને [illegible] શકે છે એમ અવબોધવું. મનના અણુ અણુમાં આત્મપતિની અનેક આકૃતિયોને ચેતના દેખી શકે છે, તેનો અર્થ પ્રેમના અતિશયથી આત્માની ધારણામાં આત્માના અનેક પર્યાયો દેખાય છે, એમ અવબોધવું.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ સુદિ ૭ સોમવાર. તા. ૧૯ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

ચેતના એ આત્માની સ્ત્રી છે. આત્મારૂપ યોગી છે અને શુદ્ધ ચેતના યોગિની છે. શુદ્ધ ચેતના પોતાના આત્મ સ્વામિનું દર્શન કરી શકે છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં શુદ્ધ ચેતના વ્યાપી રહી છે. આત્માના અસંખ્યાત પ્રદેશ રૂપ સર્વાંગે શુદ્ધ ચેતના વ્યાપી રહી છે. આત્મ પ્રભુને ત્રયોદશમા ગુણસ્થાનકમાં શુદ્ધ ચેતના રૂપ સ્ત્રી મળે છે. શુદ્ધ ચેતનાનો વિરહ તેરમા ગુણ સ્થાનકમાં ભાગે છે. આત્મપતિનું સાક્ષાત્ દર્શન કરીને શુદ્ધ ચેતના સહજાનંદ ગુણ પ્રકટ કરે છે. ક્ષાયિક ભાવે શુદ્ધ ચેતના વસ્તુતઃ ગણાય છે. ક્ષયોપશમભાવની ચેતનાજ ક્ષાયિક ભાવની ચેતના તરીકે પરિણામ પામે છે. ક્ષયોપશમ ભાવની ચેતના પોતાના ચેતન પતિની પ્રાપ્તિ માટે તેની શોધ કરે છે, અને સમ્યક્ ચરિત્ર વડે આત્મપતિનું ધ્યાન ધરતી ધરતી તેરમા ગુણસ્થાનકમાં આત્મપતિનું સાક્ષાત્ દર્શન કરે છે. પશ્ચાત્ તે ક્ષાયિક ભાવની શુદ્ધ ચેતના તરીકે પરિણમે છે. શુદ્ધ ચેતના સ્ત્રી પોતાનું રૂપ ભજવી નથી. [illegible]

ધ્યાતા, ધ્યેય અને ધ્યાનના એકતાનમાં આત્માનુભવરૂપ અમૃતરસનો પ્રાદુર્ભાવ અનુભવાય છે. આવી સ્થિતિમાં ઘણો કાલ રહી શકાતું નથી. એકતાનતા થતાં સહજાનંદરસ એટલો બધો પ્રગટે છે કે જાણે ત્રણ ભુવનમાં પણ માઇ શકે નહિ. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ એકતાનતા છૂટયા બાદ પણ આનન્દનું ઘેન રહે છે. આવો આનન્દ કોઇપણ દુનિયાના જડ પદાર્થોના ભોગ વા ઉપભોગથી પ્રાપ્ત થતો નથી; તે માટે આત્માનું એકતાન કરવા વારંવાર અન્તરૂરૂચિ ઉત્પન્ન થાય છે. અનુભવરૂપ અમૃત રસનું ભોજન સદાકાળ મળવું મુશ્કેલ છે; કારણ કે કર્મની પ્રકૃતિયોના વિપાકો-વિઘ્નો નાંખ્યા કરે છે તેથી આત્મધ્યાનનો સદાકાળ ઉપયોગ રહી શકતો નથી; પણ લબ્ધિપણે તો ઉપયોગ રહે છે તેથી પાછી ધ્યાનની સામગ્રી પ્રાપ્ત થતાં પુનઃ અલ્પકાળપર્યંત ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ અનુભવભાવ જાગ્રત્ થાય છે અને તેથી આનન્દની ઝાંખી પ્રકટે છે. अवधू पीयो अनुभव रस प्याला कहत प्रेम मतिवाला એ પદનો સાર અમુક અંશે આત્મામાં અનુભવાય છે. ધ્યાનાદિ વડે આત્માની સાધના કરવી. આત્મધ્યાનનો વારંવાર અભ્યાસ કરવાથી આત્માનું સામર્થ્ય ખીલે છે. સરાગ સંયમમાં પણ આનન્દ અનુભવાય છે. આગળ વધવા પ્રયત્ન કર. ચારિત્રની આરાધના કરવા પ્રયત્ન કર !

× × × ×

સંવત્ ૧૯૬૮ શ્રાવણ સુદિ ૧૧ શુક્રવાર. તા. ૨૩ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

હે આત્મન્ ! દુઃખોને સહન કરવાનું ધૈર્ય ધારણ કર. ગમે તેવી વિપત્તિઓ પડે તોપણ જાણે કંઇ થતું નથી, એવી અન્તર્ દશા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર. જે જે કર્મવિપાકો ઉદયમાં આવે તે તે વિપાકોને અદીન મનથી ભોગવ. વિપાકોને ભોગવતાં હું દુઃખી છું, ગરીબ છું, સંકટમાં આવી પડયો છું એવી ઉપાધિ કલ્પનાનો ત્યાગ કરીને આત્માને આત્મસ્વભાવ ! ભાવોન્નતિનો મુસાફર બનીને સદાકાલ આગળ ચાલ્યા કર. પોતાના શુદ્ધધર્મનો તું ભોક્તા છે એવો ઉપયોગ રાખ. સ્વપ્નમાં પણ અતન્રૂમાં પ્રગટતી સૂક્ષ્મવાસનાઓનો નાશ કરવા પ્રવૃત્તિ કર. જે જે ઇચ્છાઓને તીવ્ર

આપતાં ગુણોના ઉપર અત્યંત પ્રીતિ ધારણ કરવાથી અન્તરૂમાં રહેલો દોષરૂપ દષ્ટિકાક ખરેખર દૂર જાય છે. અન્યોના ગુણોની સાથે સંબંધ રાખવો જોઇએ. ગુણદૃષ્ટિને ખીલવતાં ખીલવતાં એટલી બધી ખીલવવી કે જેથી પોતાના આત્મામાંજ રહેલા ગુણોની ધારણા ધારી શકાય. અને અન્તરૂમાં રહેલા ગુણોનુંજ ધ્યાન ધરી શકાય. પોતાના ઘરનો કાજો કાઢવાની શક્તિ ન હોય અને અન્યોના ઘરનો કાજો કાઢવા જવું અને તે પણ અન્યોની આજ્ઞા લીધા વિના જવું એ કેટલું બધું અયોગ્ય ગણાય. અન્યોના ઘરમાં અમુક જાતનો દુર્ગંધી પદાર્થ છે, એમ બોલવાના કરતાં અન્યોના ઘરમાં રહેલો દુર્ગંધી પદાર્થ દૂર કરવો એ લાખગણું ઉત્તમકાર્ય છે. અન્યોના દુર્ગુણો દેખીને નિંદા કરવામાં પોતાનો આત્મા શોભી શકતો નથી. પોતાના આત્માને શોભાવવો હોય તો અન્યો તરફ લક્ષ ન દેતાં પોતાના ઘરની સ્વચ્છતા કરવી. પોતાના ઘરની સ્વચ્છતા કરવાથીજ પોતાની મહત્તા વધે છે. કર્મરૂપ કચરો કાઢીને પોતાના અસંખ્યાત પ્રદેશરૂપ ઘરને નિર્મલ કરવું એજ ખરૂં કર્તવ્ય છે. દરરોજ બે વખત દ્રવ્યભાવપ્રતિક્રમણ રૂપ આવશ્યકની પુંજણી વડે આત્મઘરનો કચરો કાઢી નાંખવો. પોતાના ગુણો પ્રતિ અવલોકતાંજ ગુણોને આચ્છાદન કરનાર કચરો કાઢી નાંખવાની વૃત્તિ ઉદ્ભવે છે. સેવક બનીને અન્યોના ઘરના કચરા કાઢવામાં સેવા ધર્મ બજાવ્યો એમ કહી શકાય છે. ગુણદૃષ્ટિ ખીલવાથી પોતાના આત્માના ગુણો ઉપર પ્રેમ જાગ્રત્ થાય છે, અને તેથી આત્માના ગુણો વિના સુહાતું નથી. આત્માના ગુણો પ્રાપ્ત કરવા માટે સત્પુરૂષોના ઉપદેશની જરૂર છે. સાધુઓની સંગતિ કરતાં મન વાણી અને કાયાને શુભ માર્ગમાં વાપરી શકાય છે. ગુણદષ્ટિ ગ્રહણ કર ! ગુણ દૃષ્ટિથી દેખતાં અશુદ્ધ પરિણતિ મંદ પડશે. ખરેખર હે ચેતન ! વારંવાર આવા વિચારો કરીને; તેને આચારમાં મૂકીને ગુણદૃષ્ટિની મૂર્તિ બન !

× × × ×

સંવત ૧૯૬૮ ના શ્રાવણ શુદિ ૧૩ રવિવાર. તા. ૨૫ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

સાડાઆઠ વાગે આંબલીપોળના ઉપાશ્રયે નગરશેઠ ચમનભાઈ લાલભાઈના આત્માના સદ્ગુણો વિવેચનાર્થે એક સભા શ્રાવકો તરફથી બોલાવવામાં આવી હતી, તેમાં પ્રમુખ તરીકે ચમનભાઈમાં રહેલા કેટલાક સદ્ગુણોનું વિવેચન કર્યું અને નગરશેઠ ચમનભાઈના આત્માને શાન્તિ ઇચ્છી.

જૈનોમાં જૈનકોમની સેવા બજાવનારાઓની ઓછી કદર થાય છે. એમ પણ જૈનો તરફથી ફરીઆદીઓ આવે છે. જૈનો જેમ જેમ ઉપકાર કરવામાં તત્પર થશે ત્યારે ઉપકાર કરનારાઓની કદર કરવાને પણ સમર્થ થશે. વિધવા, ગર્ભિણીની વેદના ન જાણી શકે તેમ જેઓ અન્યોપર ઉપકાર કરીને પોતાના સમયનો સદુપયોગ કરી શકે છે, તેઓજ અન્યોના ઉપકારની કિંમત આંકી શકવાને શકવાને સમર્થ બને છે. જૈનો એક રોગથી પણ ગુણવાળા મનુષ્યને પણ ધિક્કારે છે. અને તેને પશુના આત્મા કરતાં હલકો ગણે છે. જે જૈનો પાંજરાપોળના અવિવેકી પશુઓ અને પંખીઓ ઉપર પણ રાગ ધારણ કરે છે, તે જૈનો કોઇ મનુષ્યના એક રોગથી વા તેની એક ભૂલથી પશુપંખીના આત્મા કરતાં પણ તેને હલકો ગણે છે તથા જૈનોની હલકાઇ દેખાય છે, એમ ઘણાઓ તરફથી અમને કહેવામાં આવે છે, પણ આ બાબતમાં એટલોજ વિચાર થાય છે કે જૈનોમાં જો ગુણાનુરાગદૃષ્ટિનો ફેલાવો થશે તો ઘણું કરી ફરીયાદી કરવાનો સમય રહેશે નહિ. ધર્મના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓમાં જો આ ગુણ વિશેષ પ્રમાણમાં ખીલશે તો શ્રાવકો ઉપર પણ તેની અસર થયા વિના રહેશે નહિ. કૂવામાં હશે તો હવાડામાં આવશે. સાધુઓમાં આચારની પેઠે સદ્ગુણો પણ જેમ જેમ વૃદ્ધિ પામે છે, તેમ તેમ સાધુઓમાં પરસ્પર ઐક્ય વધે છે. મનુષ્યના આત્માને પશુપંખીના કરતા હલકો ગણવાનું કોઇ ઠેકાણે જૈનશાસ્ત્રમાં કહ્યું હોય એવું વાંચવામાં વા સાંભળવામાં પણ આવ્યું નથી. શ્રાવકોએ શ્રાવક થવાને માટે એકવીશ ગુણો ધારણ કરવા જોઇએ. જે જૈનો પોતાના આત્માની કિંમત આંકી શકતા નથી, તેઓ અન્યના આત્માની મહત્તા સમજીને તેનો સત્કાર કરવાને ક્યાંથી લાયક બની શકે ? પોતાના આત્મામાં ગુણો પ્રકટાવવા

પ્રયત્ન કર્યા છતાં જેમ એકદમ સર્વ ગુણો કર્મના યોગે પ્રકટતા નથી તેમ સર્વત્ર એવું જૈનો સમજશે ત્યારે જૈનોનો ઉદય પાસે છે એમ જાણવું.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ સુદિ ૧૫ મંગળવાર. તા. ૨૭ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

પર્વના દિવસોમાં ગૃહસ્થોએ વિશેષતઃ ધર્માનુષ્ઠાનો સેવવાં જોઇએ. ધાર્માનુષ્ઠાનો સેવતાં અવિધિ આદિ દોષ લાગે તેના ભયથી ધર્માનુષ્ઠાનની સેવા કરવાનો ત્યાગ ન કરવો. ધર્માનુષ્ઠાનોમાં જે જે દોષ લાગે તે તે દોષોનો ત્યાગ કરવાની બુદ્ધિ રાખવી, પરન્તુ ધર્મક્રિયાઓ-ધર્માનુષ્ઠાનો નિયમસર સેવ્યા કરવાં. ધર્માનુષ્ઠાનોમાં ઘણું ગુપ્ત રહસ્ય સમાયું છે, અને તેનો આદર કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે. ગાડરીયા પ્રવાહ આદિ દોષો ટાળવાનો પ્રતિદિન ખપ કરવો. ઉપાધિનો ત્યાગ થાય તેમ પ્રવૃત્તિ કરવી. તિથિના દિવસે પૌષધ કરનારા શ્રાવકોના ભાવ ઘણા ઉત્તમ રહે છે. ધર્માનુષ્ઠાનોપર રૂચિ પ્રકટે એવા ઉપાયો યોજવા. શ્રાવકો એક દિવસનો પૌષધ ગ્રહણ કરીને નિરૂપાધિદશાનો અનુભવ કરી શકે છે. સાધુઓ, સાધુધર્મના અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરીને પૂર્વના મુનિવરોની આત્મદશાસુખની વાનગીનો લાભ મેળવી શકે છે. સાધુપણું લેવાનો ભાવ રાખવો પણ સાધુપણામાં કોઇ દોષ લાગી જાય એવો વિચાર કરીને સાધુ ન થવું એવો નિશ્ચય કદિ કરવો નહિ, જે કરે છે તેને દોષ લાગે છે અને પશ્ચાત્તાપ પણ તેના હૃદયમાં પ્રકટે છે પણ જે નથી કરતા તેને તો પશ્ચાત્તાપનો વખત પણ આવતો નથી, અને તેનાથી આરાધકપણું પ્રાપ્ત કરી શકાતું નથી. સાધુપણું વા શ્રાવકપણું ગ્રહણ કરવું અને વિધિનો ખપ કરવો, ઉત્સાહ પરિણામ વધે અને ધર્મની ઘણી રૂચિ વધે એવી રીતે અન્તરમાં ભાવ રાખવો. જે લોકો સાધુપણું લેતાં બીવે છે, અને દોષ લાગે માટે ન લેવું એમ કહીને બેસી રહે છે અને અન્ય સાધુઓની ટીકા-નિંદા કરે છે તેના કરતાં જે સાધુઓ થાય છે, અને દોષ લાગે છે તે ટાળવાની બુદ્ધિ રાખે છે તથા આગળ વધવા પ્રયત્ન કરે છે તેવા સાધુઓ અનન્તગુણા ઉત્તમ અવબોધવા. અન્તરના પરિણામની શુદ્ધિ એવી રીતે બાહ્ય ધર્માનુષ્ઠાનોવડે પ્રયત્ન

ચડેલા મનુષ્યો મનમાં એમ જાણે છે કે ઉત્સર્ગ આચારનાં પ્રરૂપનારાં આચારાંગ આદિ સૂત્રોવડે લોકોની સાધુ વર્ગ તરફથી રૂચિ ઘટે એવી ઉપદેશ શૈલી અંગીકાર કરવી જોઇએ. આવો વિચાર કરીને તેઓ સાધુવર્ગ તરફ અરૂચિ થાય એવા ઉત્સર્ગ આચારોની વાતો કરીને પશ્ચાત્ પોતાની જે તરફ માન્યતા હોય તે તરફ લોકોને ઘસડી જાય છે. આવા જીવો ઉત્સર્ગ અને અપવાદ સૂત્રોનો મધ્યસ્થપણે વિચાર કર્યા વિના કોઇ જાતના અભિનિવેશથી સાધુવર્ગનો નાશ થાય એવી પ્રરૂપણા કરીને જૈનશાસનનો ઘાત કરવા અજ્ઞાનતાનું શરણ લે છે.

× × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૨ ગુરૂવાર તા. ૨૯ મી ઑગસ્ટ ૧૯૧૨ અમદાવાદ.

આત્માના પરિણામની શુદ્ધિ વૃદ્ધિ પામે એવી પ્રવૃત્તિ આદર !!! આત્માના અધ્યવસાયો શુદ્ધ કરવામાં ઉત્સાહ ધારણ કર. હે ચેતન ! ત્હારા શુદ્ધ ધર્મનું [illegible] અંગીકાર કર ! અધ્યવસાયની મલીનતા ન થાય તેવો ઉપયોગ ધારણ કર. [illegible] મનની મલીનતાનું દૃષ્ટાંત વિચારીને ઉત્તમ લેશ્યાના [illegible] પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત સ્મરણ કરીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી વિશેષતઃ મુક્ત થા. હે ચેતન ! હાલ ત્હારી જે દશા વર્તે છે તેના કરતાં આગળ વધવા અપ્રમત્ત બનીને વિશેષ પ્રકારે પ્રયત્ન કર ! ચાલતા ભમતા એવા મનને આકર્ષીને આત્મામાં સ્થિર કર ! હાલ તું જે ધ્યાનનો અભ્યાસ સેવે છે, તેને આગળ વધારવા પ્રયત્ન કર ! ક્રોધાદિકનો પુનઃ ઉદય ન થાય એવી રીતે પ્રવર્ત !!! વેદાદિકનો અંશ માત્ર પણ [illegible] ન પ્રગટે એવું આત્મબળ પ્રકટાવવા ઉપયોગી થા. ઉપાધિ રહિત [illegible] નિર્મલ જીવન ગાળવાની તીવ્રેચ્છાથી [illegible] ન થાય એવો ઉપયોગ ધારણ કર ! અન્તર્ અને [illegible] પ્રયત્ન કર ! [illegible] ધારણ કર ! [illegible] તેનો ઉચ્છેદ કરવા પ્રયત્ન કર ! જે દોષો થઇ જાય તે જાતનો પશ્ચાત્તાપ કરીને પુનઃ દોષ ન સેવાય એવો ઉપયોગ વિશેષ પ્રકારે

કાલ રાખ!!! તારા સમાગમમાં આવનારા જીવોને ધર્મમાર્ગની પ્રાપ્તિ થાય એવો ઉપદેશ આપ્યા કર. સત્યનો ઉપદેશ દેવામાં વિશેષતઃ આત્મવિશ્વાસ મહોપદેશ દેતાં જરા પણ ડર નહિ. સત્ય એ તારૂં ખરૂં જીવન છે. એમ આત્મોન્નતિ નયોની સાપેક્ષતાએ બોધ આપ! સત્યનો ઉપદેશ આપતાં અનેક પ્રકારની ઉપાધિઓ આવી પડે તેથી ગભરામણ થા નહિ. જ્ઞાનદર્શનચારિત્ર વીર્યાદિ ગુણોમાં સદાકાલ રમણતા કર!

* * × ×

સંવત ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૪ શનિવાર. તા. ૩૧ મી ઑગસ્ટ ૧૯૧૨. અમદાવાદ.

આત્માનો સદાકાળ એકસરખો પરિણામ રહેતો નથી. નિમિત્તના અનુસારે પરિણામની તીવ્રતા મંદતા થયા કરે છે. ધર્મનાં નિમિત્ત સેવ્યા છતાં પણ કોઇ વખત આત્માના શુભાધ્યવસાયની વૃદ્ધિ દેખવામાં આવે છે અને કોઇ વખત મંદતા દેખવામાં આવે છે. સર્વ જીવને એક ધર્મ નિમિત્તની સેવામાં એકસરખી રૂચિ હોતી નથી. સર્વ જીવને એક વસ્તુ એકસરખી રીતે ગમતી નથી. શુભ નિમિત્ત કારણ સેવવાં કે જેથી પરિણામની ધારા વૃદ્ધિ પામે. કોઇની જ્ઞાનની આરાધના કરવામાં વિશેષ રૂચિ હોય છે, અને અન્યમાં સામાન્ય રૂચ્ય હોય છે. કોઇની પ્રભુ સેવા ભક્તિમાં વિશેષ રૂચિ જણાય છે, અને જ્ઞાનમાં તેની સામાન્ય રૂચિ જણાય છે. દરેક આત્માઓમાં ભિન્ન ભિન્ન જાતના ક્ષયોપશમથી ભિન્ન ભિન્ન પ્રકારના આત્માઓ હોય છે. જેમ આત્મા ઉચ્ચ કોટીપર ચઢતો જાય છે, તેમ તેની રૂચિ પણ ઉચ્ચ પ્રકારની થાય છે. જેટલા ઉત્સર્ગ માર્ગો છે, તેટલા અપવાદ માર્ગો છે; જેટલા ટેકરા તેટલા ખાડા. ઉત્સર્ગ અને અપવાદ માર્ગદ્વારા આત્માની શુદ્ધ પરિણતિનું સંરક્ષણ કરવું એજ મુખ્ય લક્ષ્ય ભૂલવા યોગ્ય નથી. એકાન્ત ઉત્સર્ગ માર્ગથી ચારિત્ર માર્ગ નભી શકતો નથી, તેમ એકાંત અપવાદ માર્ગથી ચારિત્ર માર્ગ નભી શકતો નથી તેમ એકાન્ત અપવાદ માર્ગથી ચારિત્ર માર્ગ ચાલવાનો નથી. ઉત્સર્ગ માર્ગના રક્ષણ માટે અપવાદ માર્ગ છે. ઉત્સર્ગ અને અપવાદ માર્ગથી અનેક

આત્માવડે ધર્મની આરાધના કરીને અન્તરંગ પરિણામની વિશેષ શુદ્ધિ થાય તેમ પ્રવર્તવું. આત્માના પરિણામની શુદ્ધિમાટે ધર્મનાં સર્વ બાહ્ય નિમિત્તો કથ્યાં છે. આત્માના પરિણામની શુદ્ધિ રહે એવા ઉપાયો બાજ્યા. કોઇનો પણ શુભ પરિણામ વધે એમ ઉપદેશ દેવો. જે મનુષ્યોને જે ધર્મસાધન વા જે ગુણ ઉપર રૂચિ હોય તો તેનું ખંડન ન કરવું. તેમાં તેની પ્રવૃત્તિ થવાથી તે ગુણની તે શીઘ્ર પ્રાપ્તિ કરે છે, તેમાં જે કોઇ વિઘ્ન કરે તો તેને અન્તરાયકર્મ બંધાય છે, એકાન્તે ઉત્સર્ગ માર્ગથી ચારિત્રની પ્રરૂપણા કરવાથી જૈનશાસનનો ઉચ્છેદ થાય છે, એ વાત ગીતાર્થ સાધુઓએ અનુભવવી જોઇએ. ઉત્સર્ગમાર્ગથી ચારિત્રની દેશના દેવામાં આવે છે તે કંઇ અપવાદ માર્ગનો નાશ કરવાને માટે નથી. અપવાદથી ચારિત્રની દેશના દેવામાં આવે છે, તે કંઇ ઉત્સર્ગમાર્ગચારિત્રનો નાશ કરવા માટે નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના અનુસારે ઉત્સર્ગ અને અપવાદ માર્ગથી ચારિત્રની દેશના દેવી અને સાધુમાર્ગનો નાશ ન થાય તેનો ખાસ ઉપયોગ રાખવો.

× × × ×

સંવત ૧૯૬૮ ના શ્રાવણ વાદ ૫ રાવવાર. તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

જે જાતના મનમાં વિચારો ઉત્પન્ન થાય છે તે જાતની અસર પ્રાયઃ શરીરની ચેષ્ટામાં, વાણીમાં અને કાર્યોમાં દેખાય છે. ઉત્તમ વિચારો કર્યાથી ઉત્તમ મનોદ્રવ્યનું આકર્ષણ થાય છે. જ્ઞાનિમનુષ્યોના સમાગમથી મનની શુદ્ધિ થાય છે. ઉત્તમ મનુષ્યોના સમાગમથી કૃષ્ણ લેશ્યાદિનો નાશ થાય છે, અને શુભ લેશ્યા પ્રગટે છે. જે સ્થાનમાં વા જેના સમાગમથી અશુભ વિચારો પ્રકટે ત્યાંથી દૂર રહેવું. જ્ઞાનિપુરૂષોને તો આસ્રવના કારણો તે સંવરરૂપે પરિણમે છે, અને અજ્ઞાનિમનુષ્યોને સંવરના કારણો પણ આસ્રવરૂપે પરિણમે છે. અજ્ઞાનિયો સંવરનાં હેતુઓ કે જે ધર્મના સાધનો તરીકે ગણાય છે. તેમાં મ્હારૂં ત્હારૂં કરીને કલેશ કરે છે. ધર્મના નિમિત્ત સાધનોમાં અહંતા મમત્વ માનનારા અજ્ઞાનિયો અસત્ય, હિંસા, કપટ, વિશ્વાસઘાત અનીતિ, લોભ, ઇર્ષ્યા, ચોરી વગેરે દોષોના ભાગી બને છે, અને પોતે

પ્રકૃતિને કદાપિ ત્યજતા નથી. જ્ઞાની પોતાના આત્માને શુદ્ધ પરિણામવડે ઉચ્ચ બનાવે છે. વ્યાપારીઓ અફીણ વગેરે ઝેરની વસ્તુઓનો વ્યાપાર કરે છે, આંખે પણ દેખે છે, દેશદેશ મોકલાવે છે પણ તેનું ભક્ષણ કરતા નથી, ઝેર વહેનારી વસ્તુઓ પાસે હોય એટલા માત્રથી કંઇ ઝેર ચઢી શકતું નથી, તદ્વત્ જ્ઞાનિપુરૂષો આસ્રવના હેતુઓ દેખે છે, તો પણ તેથી તેમને કર્મરૂપ ઝેર ચઢી શકતું નથી. ઝેર ખાવાથી મૃત્યુ થાય છે પણ કોઇ ઝેરની વસ્તુઓ પાસે હોય તેટલા માત્રથી મૃત્યુ થતું નથી. નાટક કરનારાઓના મનમાં, નાટક દેખનારાઓના જેટલો દેખવાનો પ્રેમ હોતો નથી તેમ જ્ઞાનિમનુષ્યોને પણ આંખે દેખાતી સ્થૂલ વસ્તુઓ પર મમત્વરાગ હોતો નથી. સન્તો પોતાના મનને શુદ્ધ રાખવા પ્રયત્ન કરે છે. તેઓ હૃદયમાં ભરાયેલા એવા પાપ કચરાને કાઢે છે. જ્ઞાનિસન્તોનો બાહ્યાડંબર હોતો નથી. બાહ્યાડંબરથી સન્તપણું કંઇ નિર્ધારી શકાય નહિ. જ્ઞાનિ સંતોને ઓળખવા એ ઘણું મુશ્કેલ છે. રત્નની પરીક્ષા તો ઝવેરી કરી શકે, પણ જ્ઞાનિસાધુની પરીક્ષા તો અન્તરના જ્ઞાન વિના બની શકે નહિ. જ્ઞાનિસંતોના હૃદયમાં ઉંડા ઉતરવાથી અને તેમના અત્યંત સહવાસથી તેમના ગુણો અવબોધી શકાય છે. ઉત્તમજ્ઞાનિમનુષ્યો ગુણોવડે ઓળખી શકાય છે, તેઓની સંગતિ કરવાથી કૃષ્ણ લેશ્યાદિનો નાશ થાય છે અને સદ્વિચારોથી મન સુધરતું જાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૬ સોમવાર તા. ૨ જી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

હે આત્મન્! મધ્યસ્થ ભાવનાથી વર્ત અને મધ્યસ્થ ભાવનાના પ્રસંગે મધ્યસ્થ ભાવ ધારણ કર્યા કર. મધ્યસ્થભાવનાના બળથી ત્હારા હૃદયમાં ખરૂં સત્ય જણાશે, અને પક્ષપાતદૃષ્ટિનો નાશ થશે. ગમે તેવા ઉપસર્ગોના પ્રસંગોમાં અશાતા વેદનીયાદિ પ્રાપ્ત થયે છતે આત્મસન્મુખ દૃષ્ટિ રાખીને પ્રવૃત્તિ કર! ત્હારૂં આત્મવીર્ય મેરૂપર્વતની પેઠે અચળ રહે એવો ઉપયોગ રાખ. મોહના યોગથી અનેક બાબતોમાં મતિ મુંઝાઇ જાય છે. રાગ અને દ્વેષના યોગથી મતિનો પ્રકાશ ખીલતો છતો મંદ પડી જાય છે.

રાગ અને દ્વેષના પરિણામયોગે મતિજ્ઞાનરૂપ આગમોટમાં ગાબડાં પડી જાય છે. રાગદ્વેષનો પરિપૂર્ણ નાશ કરવાથી કેવલ જ્ઞાન ઉત્પન્ન થાય છે. રાગદ્વેષનો નાશ કરનાર વીતરાગદેવના પગલે ચાલીને રાગદ્વેષથી રહિત આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું છે. આત્મા તે પરમાત્મા છે, એમ સંગ્રહનય સત્તાથી અવબોધ્યું એટલા માત્રથી કંઇ આત્મા પરમાત્મા બની જતો નથી, પણ શુદ્ધ વ્યવહારધર્મની આરાધના કરીને આત્માની પરમાત્મદશા કરવામાં અંતરાય કરનાર એવાં કર્મ છે, તેનો નાશ છે. કરવાથી આત્મા તે પરમાત્મા થાય છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને આત્માની પરમાત્મદશા કરવા માટે સંવર અને નિર્જરા તત્વની આરાધના કરવી જોઇએ. આત્મા આત્મા એમ બોલવા માત્રથી કંઇ આત્માને પરમાત્મા બનાવી શકતો નથી, પણ આત્માના ગુણો જે જે માર્ગે પ્રકટ થાય તે તે માર્ગે પ્રવર્તવાથી આત્માની પરમાત્મદશા થાય છે. મોહના સામું યુદ્ધ કરવાથી આત્માની ક્રમે ક્રમે શુદ્ધતા થતી જાય છે, અને છેવટે પરિપૂર્ણ શુદ્ધતા થતી જાય છે. આત્માની પરમાત્મદશા કરવામાં રાગ અને દ્વેષ સામા આવીને સાધકને વિઘ્ન કરે છે. માટે હે ચેતન! તરવારની ધાર પર ચાલવાના કરતાં અત્યંત કઠિન એવા મોક્ષમાર્ગમાં જે જે ઉપાયોથી રાગદ્વેષનો ક્ષય થાય તે તે ઉપાયોને ધારણ કરીને કર્તવ્યનિષ્ઠ થા. રાગ અને દ્વેષના પરિણામથી રહિત એવી બુદ્ધિ પ્રાપ્ત કરીને આત્માનો ધર્મ પ્રાપ્ત કરવા તીવ્રભાવના ધારણ કર !

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૭ મંગળવાર. તા. ૩ જી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

હાલમાં શ્વેતાંબરો અને દિગંબરોના મતભેદોની કેટલીક ચર્ચાઓની ઉદીરણા કરીને કલેશની વૃદ્ધિ કરવી તે યોગ્ય નથી. જમાનો ઓળખી પ્રવર્તવાની જરૂર છે. શ્વેતાંબરોની અને દીગંબરોની ચર્ચાઓ અને કલેશથી જૈનોની પડતી થઇ અને હિંદુઓની સંખ્યામાં વધારો થયો. સ્થાનકવાસીઓની સાથે પણ સનાતન મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોને લાભશૂન્ય મતભેદની ચર્ચાઓની ઉદીરણા કરીને કલેશ કરવો એ કોઇ રીતે યોગ્ય નથી.

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૮ બુધવાર. તા. ૪ થી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

શાસ્ત્રોમાં લોચાદિ કાયક્લેશ જણાવ્યાં છે તેની પણ ઉપયોગિતા અપેક્ષાએ વિચાર કરતાં અમુક અધિકારે જણાય છે. કાયક્લેશ અનુષ્ઠાનો એ, જ્ઞાનિપુરૂષોને પણ એક કસોટીરૂપ પ્રસંગે જણાય છે. શુષ્કજ્ઞાનિઓ કાયાને કષ્ટ પડે તેવા પ્રસંગે ચંચળ ચિત્તવાળા બને છે, અને પોતાની ભૂમિકાને છાજે તેવું પરાક્રમ બતાવવા શક્તિમાન્ થતા નથી. બાળ જીવો કાય ક્લેશાનુષ્ઠાનોમાં એક મોટું માહાત્મ્ય અવબોધે છે તેથી તેઓની દૃષ્ટિમાં કાયક્લેશાદિમાં સ્થૂલ ધર્મત્વ ભાસે છે. બાળ જીવો એવા ઔપચારિક કાયક્લેશધર્માનુષ્ઠાનરૂપ સાધનમાં સાધ્યત્વ કલ્પી લે છે, અને તેથી તેઓની દૃષ્ટિ પ્રમાણે જ્યાં કાયક્લેશાદિક અનુષ્ઠાનો હોય ત્યાંજ ધર્મત્વ માની લે છે અને સાધ્ય છે તેનાથી દૂર રહી શકે છે. સાપેક્ષ દૃષ્ટિથી જ્ઞાનિમનુષ્યો, દ્રવ્યક્ષેત્રકાલભાવ પ્રમાણે બાહ્ય અને અન્તરંગ ધર્મહેતુઓનું અવલંબન કરીને એકાંતમાર્ગમાં ગમન કરે છે. જ્ઞાનિ મનુષ્યોને સાધનોમા સાપેક્ષદૃષ્ટિ હોવાથી સાધનો કદિ બંધનભૂત થતાં નથી. અજ્ઞાનિજીવોની નિરપેક્ષદૃષ્ટિ હોવાથી તેઓ સાધનોમાં હઠ, કદાગ્રહ, મમત્વ ઇર્ષ્યા આદિ દોષો વડે બંધાયલા હોવાથી તેઓને સાધનો તે બંધનભૂત થાય છે. व्यापारी व्यापारमें, सुख करी माने दुःख, क्रिया कष्ट सुखमें गिने, शुं वंछित मुनि सुख. આત્માના આનંદરસમાં રસીલા બનેલા મસ્ત મુનિવરો કાયાકષ્ટાદિ દુઃખને હીસાબમાં ગણતા નથી. બાહ્ય સાધનોને ઉત્સર્ગ અને અપવાદથી જાણીને જ્ઞાનીઓ જે કાળે જે આચરવાનું હોય છે તે કાળે તે આદરે છે. આત્મજ્ઞાનના બળથી કાય ક્લેશાદિક અનુષ્ઠાનથી સકામ નિર્જરા કરી શકાય છે.

× × × ×

કરતાં, આત્માને આત્મ સ્વરૂપે જોવાનો ઉપયોગ ધારણ કર. ક્ષણે ક્ષણે કયા કયા ભાવમાં પરિણમન થાય છે તેનો ઉપયોગ ધારણ કર. આત્માની શુદ્ધતા થાય તેવો ઉપયોગ રાખ.

× × × ×

સંવત્ ૧૯૬૮ના શ્રાવણ વદિ ૧૦ શુક્રવાર. તા. ૬ ઠી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

ધર્મી મનુષ્યોને ધર્મના કાર્યોમાં ઉત્સાહ આપવાથી કાર્ય કરવામાં ઘણું જોર પ્રાપ્ત થાય છે. ધર્મના ઉપદેશકોને અને ધર્મના લેખકોને ઉત્સાહ આપવો. યોગ્ય સુધારા કરનારાઓને ઉત્સાહ આપવો, ધર્મનો ફેલાવો કરવામાં જે જે મનુષ્યોએ આત્મભોગ આપ્યો હોય તેઓની સેવાની કદર કરવી, અને તેઓનો ઉપકાર માનવો. ઉત્તમ લેખકોની પ્રશંસા કરી તેમને ઉત્સાહ આપ્યા કરવો, વ્રતો પાળનારને વ્રતો પાળવામાં ઉત્સાહ આપવો, શોધકોને શોધ કરવામાં ઉત્સાહ આપવો, ત્યાગીઓને ત્યાગમાં ઉત્સાહ આપવો, ધ્યાનીઓને ધ્યાનમાં ઉત્સાહ આપવો, વિશાલદૃષ્ટિધારકોને વિશાલદૃષ્ટિ ધારણ કરવામાં ઉત્સાહ આપવો, લેખકોને લેખકો સાથે સંબંધ જોડી આપવો, ઉપદેશકોને ઉપદેશકોની સાથે સંબંધ જોડી આપવો, એક જાતના બે વિચાર કરનારાઓ જો ભેગા થાય છે તો અગીઆરગણું જોર વધે છે. યોગીની સાથે યોગીનો સંબંધ જોડી દેવો, સૈદ્ધાન્તિકની સાથે સૈદ્ધાન્તિકનો સંબંધ જોડી દેવો, પત્રકારોની સાથે પત્રકારોનો સંબંધ જોડી દેવો. કોઇ પણ મનુષ્યધર્મનું કૃત્ય કરવામાં નિરુત્સાહી બન્યો હોય તો તેને ઉત્સાહ આપીને-ચુસ્ત બનાવી તે ધર્મકાર્યમાં સ્થિર કરવો. જે મનુષ્યમાં મુખ્ય ગુણ હોય તે ગુણનો અન્યો લાભ લે તેવી રીતે બંદોબસ્ત કરવો. ધર્મી મનુષ્યોને ધર્મમાં ઉત્સાહ આપીને પડતાં વારવા. ધર્મી મનુષ્યોને મદદ કરવી, અને તેના દુઃખમાં ભાગ લેવો. ધર્મી મનુષ્ય પોતાની પાસે આવે તો દેવતાની પેઠે તેનો સત્કાર કરવો. ધર્મિમનુષ્યોને જમાડીને જમવું, અને તેમની પોતાની શક્તિ પ્રમાણે ભક્તિ કરવી. કોઇ પણ જૈન-બન્ધુ પોતાની પાસે આવે ત્યારે પોતાનામાં અને તેનામાં ભેદભાવ રાખવો નહિ. કોઇ પણ સ્વધર્મી મનુષ્યોનો અનાદર કરે તે ખરો ધર્મી નથી. સ્વ-

ગુણનું ઝેર સિંદ અને ગુત્તરના જેવું નિરૂપયોગી સમજવું. સત્વગુણનું બળ ઘણું ઉપયોગી છે, અને તેનાથી આગળ ચાલી શકાય છે. રજોગુણ અને તમોગુણનો પરિહાર કરવાથી અને સત્વગુણની ઉપાસના કરવાથી સાધુત્વ પ્રાપ્ત થાય છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૧૨ રવિવાર. તા. ૮ મી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

જે મનુષ્યો. સ્વાર્થાદિવડે પરસ્પર સંબંધ બાંધે છે, તેઓના સંબંધમાં કંઇ આનન્દરસનાં ઝરણાં પ્રવહતાં નથી. જે શ્રાવકો સાધુઓને ઉપર ઉપરથી ગુરૂ માનીને વણિક્ચેષ્ટાનું નાટ્ય ભજવે છે, તેઓ સાધુની પાસે આવીને હૃદયમાં ભક્તિઆદિ ગુણોને પ્રકટાવી શકતા નથી. લોકો કયે છે કે વાણિયા ગારના ખીલાની પેઠે ગુરૂના ભક્તો બને છે. જૈનો પોતાના ઉપર ઉપકાર થયો હોય છે, એવા ગુરૂને પણ કહેવાતા જૈનો ગારના ખીલાની પેઠે બનીને મોહચેષ્ટાત્વ જણાવે છે. મુખથી ગુરૂ કથીને પણ હૃદયમાં કપટદશા ધારણ કરનાર જે વણિક્ જૈનો પોતાનું નંદપણું દર્શાવવા પ્રયત્ન કરે છે, તેઓ ખરેખર ધર્મના બારણામાં પ્રવેશ કરવાને લાયક બની શકતા નથી. કેટલાક નામથી કહેવાતા જૈનો બજારના માલની પેઠે પ્રસંગોપાત્ત ગુરૂને બદલ્યા કરે છે. અને સદ્ગુણોના માર્ગથી પતિત થઇને જ્યાં ત્યાં હરાયા ઢોરની પેઠે રખડયા કરે છે. કેટલાક જૈનો જેને ગુરૂ માને છે, અને જેણે પોતાના ઉપર સમ્યક્ત્વબોધનો ઉપકાર કર્યો હોય છે તેને ઘડીમા પરિહરે છે. ઉપકાર કરનારના ઉપકારને જાણવા માટે પણ જે લોકો લક્ષ્ય દેતા નથી તે લોકો કદિ જગત્માં સદ્ગુણોવડે ઉચ્ચ થઇ શકે નહિ. જેના મન વાણી અને કાયાના યોગો પારકાના બન્યા હોય એવા મનુષ્યો પોતાના વિચારોને દબાવીને મૂર્ખાઓના તાબેદાર બની પશુ કરતાં પણ હલકી પરતંત્ર જીંદગી ગાળે છે. જે જૈનો હૃદયના નબળા અને પરનીજીહ્વા કરીને જગતને પુઠે રે છે. તેવા જૈનો ખરેખર મહાન્ ધર્મકાર્ય કરવાને શક્તિમાન્ થતા નથી. પોતાના હૃદયથી વિરૂદ્ધ માન્યતા પ્રમાણે વર્તવાથી આનંદ મળતો નથી. જે વચનોમા પોતાની શ્રદ્ધા ન બેસે તેની પરના

દ્યાણથી વા લોકવિરૂદ્ધથી મને તે શ્રદ્ધામાં બેસે છે-રૂચે છે એમ થવું તે સત્યની બહાર છે. જે વચનો પોતાને ન રૂચે વા શ્રદ્ધામાં ન બેસે તેનાં આન્તર રહસ્યો જાણવા પ્રયત્ન કરવો એ સત્યની પાસે જવા હેતુ ઉપાય જાણવો. જે જૈનો પોતાની સ્વચ્છંદતા પ્રમાણે પ્રવર્તે છે અને ગુરુઓ વિના મોક્ષનો દ્વાર ઉઘાડવાનો શોખ રાખે છે તેઓ નામથી જૈનો જાણવા.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૧૩ સોમવાર તા. ૯ મી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

સાધુઓ નિઃસ્પૃહદશાથી રહિત થાય છે, તેમ તેમ તેઓ ગૃહસ્થના પ્રતિબંધમાં આવતા જાય છે. ગૃહસ્થોની સ્પૃહા રાખવાથી તેઓના અનુકૂલ રહેવું પડે છે. ગૃહસ્થોના કહેવા પ્રમાણે વર્તનાર સાધુઓ પોતાની પદવીની શોભા ઘટાડે છે. ગૃહસ્થો ગમે તેવા હોય પણ સાધુઓના પદવી કરતાં તે નીચા છે. અન્યદર્શનીમાં પણ કહ્યું છે કે વિષ્ણુ ભગવાન્ પણ સાધુઓને પગે લાગતા હતા. અને સાધુઓની ભક્તિ કરતા હતા. સાધુએ કદિ પરતંત્રતા સ્વીકારવી નહિ. સાધુઓનો એવો આચાર સ્થાપન કરવામાં આવ્યો છે કે જેથી ગૃહસ્થોની સ્પૃહા રાખવામાં આવી શકે નહિ. ઉપાધિ રહિત સાધુની દશા છે. સાધુઓ પોતાના ધર્મ પ્રમાણે વર્તીને પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. ખરા સાધુઓની દુનિયામાં ઘણી જરૂર છે. સાધુઓ પોતાની સ્વસ્વભાવરમણતારૂપસ્વતાનંદશામાં વર્તે છે, તેથી આખી દુનિયામાં તેમના કરતાં કોઇ સુખી અન્ય નથી. ઉપાધિ દ્વારા મનમાં થનાર ચિંતા, ચંચલતા, ભય, કલેશ, અને સ્પૃહા વગેરેથી મુક્ત એવા સાધુઓ સહજ સુખરૂપ સ્વર્ગના ભોગીઓ જાણવા. સાધુઓ વસ્ત્ર, પાત્ર, પુસ્તક વગેરે ઉપકરણો રાખે છે પણ તેમાં તેઓનું મમત્વ નહિ હોવાથી [illegible] દશાએ નિષ્પરિગ્રહી ગણાય છે. સાધુપદ ગ્રહણ કર્યું હોય તેમજ જૈનસિદ્ધાન્તોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ કરી હોય, અને અપ્રતિબદ્ધપણે વિહાર થતો હોય તો સાધુના મનમાં પ્રગટતા આનંદને કોઇની ઉપમા આપી શકાય નહિ. સાધુઓ આખી દુનિયામાં સદ્વિચારો અને સદાચારો ફેલાવે છે. પ્રભુના તે ખરા ભક્તો છે, પ્રભુના આજ્ઞા

પ્રમાણે દુઃખ વેઠીને ચાલે છે, અને દુનિયાને પ્રભુના માર્ગમાં અનેક દુઃખો વેઠીને લાવે છે. રાજા, બાદશાહ અને શહેનશાહોના ગુરૂઓ પણ સાધુઓ છે. આખી દુનિયામાં ખરા સુખને દેનારી સાધુપદવીસમાન અન્ય કોઇ પદવી નથી. સાધુ થઇને આત્મસ્વભાવમાં રમણતા કરી સાધુ પદવીનો અનુભવ કરે તે સાધુ માહાત્મ્ય અવબોધવાને શક્તિમાન્ થાય છે. ગૃહસ્થોએ સાધુઓની ભક્તિ કરવી અને તેઓની સેવા અને તેઓના હૃદયના આશીર્વાદથી પોતાના આત્માને તારવા પ્રયત્ન કરવો.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના શ્રાવણ વદિ ૧૪ મંગળવાર. તા. ૧૦ મી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

સન્તોની સેવા કરવાથી મોક્ષનું દ્વાર ઉઘડે છે. સત્યગુણધારક સંતોની સેવા કરવાથી આત્માના પરિણામની શુદ્ધિ થાય છે, અને સંસારની દુઃખદ ઉપાધિ ત્યાગ કરવાની રૂચિ પ્રગટે છે. **સંતોની આંતરડી દુઃખવવાથી ભૂતકાલમાં કોઇનું સારૂં થયું નથી, વર્તમાનમાં થતું નથી અને ભવિષ્યમાં કદિ કોઇનું સારૂં થશે નહિ.** પગની ઠેસથી ઉડેલી ધૂળ પણ ઠેસ મારનારના શિર્ ઉપર ચઢી તેનો તિરસ્કાર કરે છે. સંતોનો તિરસ્કાર કરવાથી પોતાના આત્માનો ઉદ્ધાર થતો નથી. સાધુઓની ભક્તિ કરનારાઓ સ્વર્ગ અને મોક્ષ મેળવે છે. અને સાધુઓની નિંદા–હેલના કરનારાઓ નરકગતિ આદિનાં દુઃખો પ્રાપ્ત કરે છે. સાધુઓની ભક્તિ કરનારાઓ અનન્ત કર્મની નિર્જરા કરે છે. પુણ્યાનુબંધી પુણ્યવંત જીવો સાધુઓની ભક્તિ પ્રાપ્ત કરી શકે છે. શ્રી સર્વજ્ઞવીરપ્રભુના વચનોની શ્રદ્ધા ધારણ કરનારાઓ સાધુને ગુરૂસ્વીકારીને પરમાત્માની આરાધનામાં વિધિપૂર્વક આગળ પગલું ભરી શકે છે. કોઇ પણ રીતે સાધુઓની હેલના–નિન્દાથી દૂર રહીને ગૃહસ્થોએ ધર્મનું આરાધન કરવું. શ્રીવીતરાગદેવની આજ્ઞા છે કે રાગદ્વેષનો નાશ કરવો હોય તો ગૃહસ્થોએ સાધુઓની સેવાભક્તિ કરવી. જે છ કાયની હિંસામાંથી છૂટયા નથી, એવા ગૃહસ્થો સંસારમાં આસ્રવકર્મમાં આસક્ત હોવાથી જૈનશાસનમાં તેમનો દરજ્જો બારવ્રતને ધારણ કરે છે, તો પણ અણુવ્રતમાં ગણ્યો. છે. જૈનાગમોની શ્રદ્ધા જેના

કરવાં અને મરવા જેવું થાય તો તેમાં જાતિનિંદા, દ્વેષ, ક્લેશ વગેરેનો પ્રભાવ થાય, અને તેથી નીતિમાર્ગથી પણ ભ્રષ્ટ થવાય. અને આગળ ઉત્તમ સદ્ગુણોના માર્ગે જતાં પાછું પડવાનું થાય એ વાત લક્ષમાં રાખવા જેવી છે. જૈનદર્શનનું પારસીરીક મહાસાગર કરતાં અનન્તગણું મોટું પેટ છે. અને તે એમજ જણાવે છે. ધર્મના મતભેદો છતાં કોઇપણ સ્વપરઆંખ લાલ કરીને જોવું નહિ. કોઇપણ ધર્મ એવો નથી કે તેમાં મતો ન પડ્યા હોય. અન્ય ધર્મવાળાઓએ મતભેદથી જાતિદ્વેષ કરીને, તરવારોથી લડીને, લોહીની નદીઓ વહેવરાવી છે, અને જૈનદર્શનમાં તો દયા ક્ષમા અને ધર્મભેદ છતાં જાતિદ્વેષનો અત્યંત વેગ ન હોવાથી ધર્મ મતભેદથી તરવારો વડે મહાયુદ્ધો થયાં નથી માટે આખી દુનિયામાં ઉત્તમોત્તમ એવો જૈનધર્મનો ફેલાવો કરવા આર્ય લોકોએ પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી આખી દુનિયામાં સદ્ગુણોનું રાજ્ય ખીલવા માટે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા સુદિ ૧ શુક્રવાર. તા. ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

અધ્યાત્મજ્ઞાનિયોએ અધ્યાત્મજ્ઞાનમાં આગળ વધવા પ્રયત્ન કરવો, પણ વ્યવહાર માર્ગનો નાશ થાય એવી પ્રરૂપણા કરી અધ્યાત્મની ધૂનમાં ચઢી જઇને કરવા નહીં. અધ્યાત્મજ્ઞાનિયોએ આગમ વચનોના દરેક આશયને જાણવા અને અપેક્ષાએ જણાવેલા આગમોના આશયને સત્ય તરીકે સ્વીકારવા, અધ્યાત્મજ્ઞાનિયોએ વ્યવહારમાર્ગને અનુસરીને બાહ્યથી ચાલવું કે જેથી તેઓના વચનની જનસમાજ ઉપર અસર થાય. અધ્યાત્મ જ્ઞાન એ પાયા જેવું છે, તેના પચાવવાથી આત્માની ઘણી પુષ્ટિ થાય છે, અને જો તેને પચાવવામાં નહીં આવે તો હાનિ પણ વિશેષ પ્રમાણમાં કરે છે. વ્યવહાર માર્ગના સદાચરણનો મજબૂત પાયા રચીને તેના ઉપર અધ્યાત્મજ્ઞાનનો મહેલ બાંધવામાં આવે તો કદી તે પડે તેવો ભય રહે નહિ. અધ્યાત્મજ્ઞાનિયોએ ધર્મની બાહ્ય ક્રિયાઓ કરનારાઓને ધર્મ ક્રિયા કરતા અટકાવવા નહીં પરંતુ તેઓને પોતાના આત્મસમાન ગણીને તેઓને ક્રિયાયોગ થતા લાભ અને ક્રિયાનું સ્વરૂપ સમજાવવા પ્રયત્ન કરવો.

જે શોધો હાલ થાય છે, તેઓનો જૈન સિદ્ધાન્તોની સાથે મુકાબલો કરવામાં આવે તો તુર્ત માલુમ પડશે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વોના દર્શાવનાર શ્રી વીર પ્રભુ હતા. જૈન સિદ્ધાન્તોનો ફેલાવો જેમ વિશેષ પ્રમાણમાં કરવામાં આવશે તેમ તેમ અન્યદર્શનીઓના સિદ્ધાન્તોની આગળ જૈન સિદ્ધાન્તો પોતાની ઉત્તમતા દર્શાવી શકશે. આત્મભોગ આપીને જૈન ધર્મની સેવા કરનારા નિઃસ્પૃહ જ્ઞાનિઉપદેશકોની ઘણી જરૂર છે. પ્રથમ તો જૈન વિદ્વાનો લાખોની સંખ્યામાં ઉભા કરવા માટે મોટી મોટી પાઠશાળાઓ સ્થાપન કરવી. જૈનધર્મનો હૃદયમાં રસ રેડનાર એવા ગુરુકુળો સ્થાપવાં જોઇએ. હવે તો બેશી ન રહેતાં એટલે ફક્ત વાતો કરીને આનન્દ નહિ માનતાં, જૈનોએ આગળ વધીને પોતાના બાપદાદાઓના બાપદાદાઓની પેઠે જૈનધર્મની સેવામાં સર્વસ્વ અર્પણ કરવું જોઇએ. ક્ષત્રિય જૈનોએ વણિક્વૃત્ત અંગીકાર કર્યા પશ્ચાત્ ખરૂં શૌર્ય ઘણા ભાગે ખોયું છે, અને તેથી તેઓ પોતાના કુળને લજાવવા જેવી સ્થિતિમાં આવી પડ્યા છે. સિંહના પુત્રો સિંહ જેવાજ હોવા જોઇએ, એમ હૃદયમાં ધારણ કરીને ખરા અંતઃકરણથી આત્મભોગ આપીને જૈનધર્મનો ફેલાવો કરવા કટિબદ્ધ થવું જોઇએ, જૈનોએ આળસથી ઘણું ખોયું છે. આપણા જૈનધર્મનાં તત્ત્વો અન્યધર્મીઓનાં તત્ત્વોની હરિફાઇમાં સત્ય તરીકે આગળ તરી આવે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા સુદિ ૪ ને શનિવાર. તા. ૧૪ મી સપ્ટેમ્બર ૧૯૧૨. અમદાવાદ.

આજનો આત્માના મન્દ વીર્યનું ઉત્કૃષ્ટ વીર્ય કરવા પ્રયત્ન કરૂં છું. પરમવીર્યમય હું છું, અને સત્તાએ રહેલું મારૂં પરમવીર્ય પ્રગટાવવા પ્રયત્ન કરૂં છું. હું મારા આત્મવીર્યે અશુભ વિચારો અને અશુભ આચારોનો ત્યાગ કરૂં છું. મારા આત્માની શક્તિએ ન આત્મવીર્યના સ્ફુરણાથી પ્રગટાવું છું અને તેઓ ખરી ખરી પ્રગટ થતી જાય છે. આત્માના વીર્યે હું નિર્લેપ રહેવા સંકલ્પ કરૂં છું. મારા આત્મબળનો ઉત્સાહ મને નવું જીવન અર્પે છે, અને નવીનભાવજીવન રસનો ભોક્તા બનું છું. આત્મ-

જીવોને ખરા અંતઃકરણથી મારી આપ ! ખરેખર તેઓને હું માફી આપું છું. પૂજ્ય મુનિવર્ગોને ભક્તિ અને બહુ માનથી ખમાવું છું. સાધ્વીઓને આત્મભાવે ખમાવું છું. શ્રાવકો અને શ્રાવિકાઓને ખમાવું છું અને તેઓના અપરાધોની અંતઃકરણપૂર્વક માફી આપું છું અને ખમાવું છું. મારા અધિકાર પ્રમાણે અને મારા અધિકારની દૃષ્ટિ પ્રમાણે સર્વ જીવોની સાથે ન વર્ત્યું હોય તેની પરમાત્માની પાસે માફી માગું છું. મન, વાણી અને કાયાના યોગથી અન્ય જીવોની સાથે પ્રતિકૂલપણે વર્ત્યું હોય તેની માફી માગું છું. મારો આત્મા દેવમમાનં મનાય છે. તેની શુદ્ધતા કરવામાં જે પ્રમાદ સેવાયા હોય તેની આત્માની પાસેથી માફી માગું છું. આત્માને મોહની સંગથી પામર બનાવી જે કાંઈ ભૂલો કરી હોય તેની આત્માની પાસેથી માફી માગું છું, અને હવેથી આત્માની શુદ્ધિ કરવા ઉપયોગી થાઉં છું. જ્ઞાનાદિ પંચાચારવડે આત્માની પુષ્ટિ ન કરી હોય તેનો પશ્ચાત્તાપ કરું છું. હે વીતરાગ દેવ ! તમારી આજ્ઞાઓ પ્રમાણે વર્તવાને ભાવ છે, તમારી આજ્ઞાઓ બહુ પ્રિય લાગે છે, તમારી આજ્ઞાઓ પ્રમાણે વર્તવાને કંઈક કંઈક ભાવપૂર્વક પ્રયત્ન કરાય છે. તેમ છતાં આત્મોપયોગ અને આત્મવીર્યની મન્દતાથી જે કંઈ દોષો થયા હોય તેનો અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરું છું. હું હજી ભૂલને પાત્ર છું તેમ અન્ય જીવો પણ ભૂલને પાત્ર છે, તેથી અન્ય જીવો ઉપર પોતાના આત્માની સમાનદૃષ્ટિ ન રખાઈ હોય અને અન્યોને વિપરીતદૃષ્ટિથી દેખ્યા હોય તેની હે વીતરાગ ! તમારી પાસે માફી માગું છું, અને હવેથી સર્વ જીવોની સાથે આત્મદૃષ્ટિથી વર્તવા પ્રયત્ન કરવા મનમાં ધારું છું. खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे, मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ॥ १ ॥

સંવત ૧૯૬૮ ના ભાદરવા સુદિ ૭ ને મંગળવાર. તા. ૧૭ મી સપ્ટેમ્બર. સને ૧૯૧૨.

૧૦ મીઠાં મીઠાં હાલ કર્યાં, ભાવનાં નીર લેવું,
પૂરે ભરે હાલ મનને નિત્ય દૃષ્ટિ ભાવવે;
જ્યાં મારે સહજ હિતના દુઃખના લેપ થાશે,
રૂડા ઉંચા સત્પુરુષની ઉન્નતિ ગતિ આવે. ૧

ભાવે મૈત્રી નવલ મનની દુઃખના નાશનારી,
સ્નેહ ભાવે પ્રતિદિન થજો શીલના આંકડામાં;
કરીશું એ પરમપુરુષનો મુક્તિનું ભાસવું એ,
આવું છેલ્લે સહજ વતનમાં ફરી જ્યાં અમારો. ૨

શિખે ભર્યાં હાલ પુરુને દેવની દૃષ્ટિ જોઉં,
સાચા એ છે સહજ વિભુને દેખવા શુદ્ધ દૃષ્ટિ.
આવો પ્યારાં હાલ વમનો શાન્તિને આપનારાં,
બુદ્ધ્યબ્ધિ હા પ્રતિદિન થજો આત્મમાં એ મનાનાં. ૩

× × × ×

સંવત ૧૯૬૮ ના ભાદરવા સુદિ ૯ ને ગુરૂવાર. તા. ૧૯ મી સપ્ટેમ્બર. સને ૧૯૧૨.

દુનિયામાં કોઇની સાથે વૈર-વિરોધ થવો ન જોઇએ. સ્વાર્થાદિ પ્રસંગે વૈર-વિરોધ હોઇ છે. કિન્તુ સ્વાર્થાદિ દૃષ્ટિ દૂર કરીને વિચારીએ તો વૈર વિરોધ કરવાની જરૂર જણાતી નથી. સત્સંગ ને સત્ત્વગુણે કેટલીક ઉપાધિ પ્રગટે છે. આખી દુનિયાના જીવોને નિરોધ આનન્દના માર્ગે વાળવા માટે દિવ્યચક્ષુ ખુલવવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. અન્યોની તરફથી માઠું ભાસીને પણ વૈર વિરોધ ન થાય એવો આત્મભાવ પ્રગટ કરવાની જરૂર છે. કર્મના ઉદયે અનેક જીવો દુઃખમાં નિમિત્તભૂત થાય તોપણ દુઃખનું વાસ્તવિક કારણ કર્મ છે, એવું અવબોધીને તથા નિશ્ચય કરીને મનમાં અન્ય જીવો સબંધી કોઇ પણ પ્રકારનો વિરોધ પ્રગટ કરવો નહીં. મનમાં વૈર વિરોધના સૂક્ષ્મ વિચારો પ્રગટ થતાંજ મનમાંથી દૂર કરી દેવા કે જેથી ભવિષ્યમાં કોઇ પણ જાતનો વેર વિરોધનો સંસ્કાર પ્રગટ થઇ શકે નહીં.

ધ્યેય રૂપે ભાસ થવાથી આત્મા તે પરમાત્મપણે અંશે અંશે પ્રગટ થવા પામે છે. જેનું ધ્યાન કરવાનાં આવે છે તેની પ્રાપ્તિ થાય છે. આત્મામાં રહેલ પરમાત્મત્વનું ધ્યાન કરવામાં આવે તો પરમાત્મત્વની પ્રાપ્તિ થાય છે. ધ્યાન કરનાર આત્મા ખરેખર ધ્યેયરૂપે પરિણમી જાય છે. હું આત્મા પોતેજ પરમાત્મા છું એમ સ્મરણ થતાંજ માયાનું આવરણ ખસી જાય છે. અને આત્મામાં વિશાલદષ્ટિ ઉત્પન્ન થાય છે. હું આત્મા પોતે પરમાત્મા છું એવું ભાન થતાં પરમાત્માના ગુણોનું હૃદયમાં ચિંતવન થાય છે, અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાને ભાવ ઉત્પન્ન થાય છે. આત્મા એ પોતે પરમાત્મા છે એવું ભાન થતાં સર્વ સુખનો પોતાનામાં વિશ્વાસ થાય છે, અને તેથી જડ વસ્તુઓમાં સુખની ઇચ્છાઓ, અહંવૃત્તિ વગેરેનો અધ્યાસ થયો હોય છે તેનો નાશ થાય છે. આત્મા હું પરમાત્મા છું એમ ભાન થતાં સર્વ પ્રાણીઓની સત્તાએ ઉત્તમતા સમજાય છે. આત્મા તેજ પરમાત્મા છે અને તે પરમાત્મા તેજ હું છું એવું ભાન થતાં **सोऽहं सोऽहं** ની રટના લાગે છે અને **सोऽहं** ની ધૂનમાં વિકલ્પ સંકલ્પ ટળી જતાં અલૌકિક સુખનો ભાસ થાય છે. આવી જ્ઞાનપૂર્વક **सोऽहं** ની ધૂનમાં ઉંડા ઉતરીને મસ્ત બનેલા સ્યાદ્વાદીયોગીઓ ચિત્તવૃત્તિને આત્મામાં રમાડીને પરમસુખનો રસ આસ્વાદે છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા સુદિ ૧૦ ને શનિવાર. તા. ૨૧ મી સપ્ટેમ્બર સને ૧૯૧૨.

મુનિવરોની સેવા કરવાથી મુક્તિ માર્ગમાં વેગે ગમન કરી શકાય છે. મહાત્માઓ કે જે પરમાત્માના ભક્તો છે તેમની કૃપાથી ઇચ્છિત ફળની સિદ્ધિ થાય છે. મહાત્માઓના અન્તરની આંતરડીના આશીર્વાદો અર્થાત્ ખરા જીગરના આશીર્વાદો દેવોની પેઠે ફળ આપવા સમર્થ થાય છે, એવો નિશ્ચય છે. મહાત્માઓની સેવા કરવી એ નાઇ સામાન્ય વાત નથી. મહાત્મા (સાધુઓ) ની સેવા કરતા પહેલાં તેને હૃદય સોંપવું પડે છે, તેમના આજ્ઞાઓ ઉઠાવવી પડે છે, તેમનું હૃદય તેજ પોતાનું હૃદય માનીને વર્તવું પડે છે, તેમનું હૃદય કોઇ પણ પ્રકારે ન દુઃખાય એવો ઉપયોગ

નવ તેમના આંગણામાં રહિયા કાળ એટલો રહું,
કલા અને ભાવ બહુ એ તેમ એનાં છે નહીં. ૨

ભાઈ દાસ કેટલું તને એ દિશમાં અર્પણ બહુ,
અમે જાણો એટલ નહીં ના જો દાતા માનવા:
જે હું અને જેનું અને એ જનિતા પાસે રહ્યું,
તે શુદ્ધ નર્તાવાણમાનાં મગ્ન હું રાખી રહું. ૩

અંતર તારા રૂપનો પાર જ લહું નહિ ધ્યાનમાં,
રૂપમાં ધાયું જાણી રહે એ વાતનો મૂકી બુદ્ધિ;
તારા વિના મળતું નથી મનમાનતું નહિ અન્યને,
અદેખાર નહિ વિવેકનો કંઈ લાભ થયો મમ થવે. ૪

જે દિલમાં આવે અને તે કંઈની સમજી નથી,
વાણી બહુ કહેતી નથી એ દીલ નકી દિલને;
તારા વિના કહી નથી તારા વિના રહેવું નથી,
તારા વિના થતું નથી તારા વિના જીવું નથી. ૫

જે તું અને તે હું અને જે તું નહીં તે હું નહિં,
જે જ્યોતિ તે હું જ્યોત છું હું અંતરમાં ખોયું નથી.
જે જે ગુણો તારા અને મ્હારા અને તે તે ગુણો,
તારાં અને મ્હારાં અભેદ ભાવ છે એ વસ્તુતઃ ૬

કંઈ ભાવમાં વિશમા ન્હરે એ મર્મ તારું થઈ રહ્યું.
તારું અને મ્હારું અને એ ભેદ પણ ભૂલી ગયો.
આવિશને આધાર તું જિનરાજ ધ્યાને તુ રહો,
બુદ્ધ્યબ્ધિ કર્મયોગના હરસાધની ધ્વનિઓ કરે. ૭

× × × ×

સંવત ૧૯૬૮ ના ભાદરવા સુદિ ૧૫ ને ગુરૂવાર. તા. ૨૬ મી સપ્ટેમ્બર. સને ૧૯૧૨.

સાધુઓ અને મહાત્માઓમાં પરસ્પર સ્વભાવના યોગે નિન્દાદિ દોષોની વૃદ્ધિ થાય છે, તેથી તેઓ પરસ્પર એક બીજાની નિન્દા કરીને હલકા પડે છે. જો તેઓ પરસ્પર એક બીજાના ગુણો તરફ દૃષ્ટિ ધારણ કરે અને દુર્ગુણો તરફ લક્ષ ન રાખે, તો તેઓ ઉત્તમભાવ ધારણ કરીને એક બીજાના ગુણોની પરસ્પર અનુમોદના કરી શકે. એક ગામની પૂર્વદિશામાં એક મહાત્મા આવીને ઉતર્યો અને તે ગામની પશ્ચિમ દિશાએ બીજો મહાત્મા આવીને ઉતર્યો. ગામના આગેવાનો પૂર્વ દિશાના મહાત્માને કહેવા લાગ્યા કે મહારાજ પશ્ચિમ દિશાનો મહાત્મા કેવો છે? ત્યારે તેણે કહ્યું કે એ તો ગધેડો છે. બ્રાહ્મણોએ પશ્ચિમ દિશાએ ઉતરેલા મહાત્માને કહ્યું કે પૂર્વ દિશાએ ઉતરેલો મહાત્મા કેવો છે? ત્યારે તેણે કહ્યું કે એ તો પાડો છે. ગામના લોકોએ બન્ને મહાત્માઓ પાસે ઘાસનું ખાણ મોકલાવ્યું. મહાત્માએ કહ્યું કે અમારી પાસ ઘાસ અને ખાણ કેમ મોકલાવ્યા? ત્યારે સેવકોએ કહ્યું કે ઢોરોને ઘાસ અને ખાણ આપવું જોઇએ. મહાત્માએ કહ્યું કયા ઢોર છે? ત્યારે પેલા ઘાસ લાવનારે કહ્યું કે જેની દૃષ્ટિમાં અન્ય મહાત્મા ગધેડા સમાન લાગે છે તેની તેવી દૃષ્ટિ હોવાથી તે ગધેડો કહેવાય. અને તેને ઘાસ આપવું જોઇએ. અને જેની દૃષ્ટિમાં અન્ય મહાત્મા પાડા જેવો દેખાય છે તે પાડા જેવી દૃષ્ટિને ધારણ કરનાર હોવાથી તેને ઘાસ અને ખાણ આપવું જોઇએ. બન્ને મહાત્માઓનું તે ગામમાં અપમાન થવાથી બન્ને ત્યાંથી ચાલી નીકળ્યા. માર્ગમાં બન્ને ભેગા મળી પોતાની વિતકવાર્તા કરીને કહેવા લાગ્યા કે આપણે કોઇની નિન્દા કરવી નહીં અને એક બીજાના ગુણોનું વર્ણન કરવું. તેઓ બન્ને એક ગામના પૂર્વની પેઠે પૂર્વ અને પશ્ચિમ દિશાએ ઉતર્યા. બન્નેના પાસે ગામના લોકો જવા લાગ્યા અને એક બીજાના ગુણોની પ્રશંસા સાંભળીને ગામના લોકોએ વિચાર કર્યો કે આ બન્ને મહાત્માઓ છે. કારણ કે એક બીજાના ગુણની પ્રશંસા કરે છે પણ એકબીજાના દોષની નિન્દા કરતા નથી. ગામના લોકોમાં તે બન્ને પૂજ્ય થયા; તેમ સાધુઓએ પણ એક બીજાના ગુણો ગ્રહણ કરવા લક્ષ્ય દેવું જોઇએ, અને કોઇના ઉપર દુર્ગુણ પણ નિન્દા ન કરવી જોઇએ. અન્ય સાધુઓની નિન્દા વગેરેથી હલકાઇ થાય તેમ વર્તવાથી અન્યોની હલકાઇ થતી નથી, પણ ઉલટી નિન્દકની હલકાઇ થાય છે. અને ઘણ

આત્માનું સ્વરૂપ વિચારતાં ધ્યાવતાં આત્મામાં મન વિશ્રામ પામે છે. અને આત્માના સ્વરૂપમાં રમણતા કરતાં આનંદરસની ઘેન ચઢે છે. એવી આત્માની દશામાં અનુભવ જ્ઞાન પોતાને પ્રાપ્ત થાય છે, એમ આત્મતત્ત્વ ધ્યાનીઓ નિશ્ચય કરે છે, અને આગળ વધવા પ્રયત્ન કરે છે. આત્માનો અનુભવ થતાં આનંદના ઓઘ પ્રગટે છે. હે આત્મન્ ! ત્હારા શુદ્ધ ધર્મના ઉપયોગે રહી સહજાનંદરસનો રસીલો થા ! ! ! એજ તારો મૂળ ધર્મ છે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા વદિ ૬ ને બુધવાર. તા. ૨ જી અક્ટોબર સને ૧૯૧૨.

જે જે મનુષ્યો આ ભવમાં જે જે ધર્મકાર્યો ભેગા મળીને કરે છે, તે તે મનુષ્યો પરભવમાં પણ ભેગા મળે છે. અને ધર્મકાર્યો પણ પ્રાયઃ ભેગા મળીને કરે છે. પાપકાર્યોના પણ તેવીજ રીતે સમજવું. સગર ચક્રવર્તિના સાઠ હજાર પુત્રોનું દૃષ્ટાન્ત સમજી લેવું. શ્રી નેમિનાથ પ્રભુ શ્રી રાજીમતીના આઠ ભવથી સાથે હતા, તેથી નવમા ભવમાં પણ બન્ને ભેગા થયા. દેવદર્શન, પ્રભુપૂજા, પૌષધ, દીક્ષા, યાત્રા, ધર્મગોષ્ઠી વગેરેમાં જે જે મનુષ્યો પરસ્પર પ્રેમથી મળીને ભેગા થઇ પ્રવૃત્તિ કરે છે તેઓ પ્રાયઃ પરભવમાં ભેગા મળે છે. દેખવા માત્રથી જેના ઉપર આપણને અત્યંત પ્રેમ ઉપજે છે તે પૂર્વભવનો આપણો સંબંધી જાણવો. તેમજ અકારણ-દેખવા માત્રથી જેના ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે, તેના ઉપર પૂર્વભવમાં વૈરની ભાવના કરી હશે એમ સમજવું. આ જન્મમાં જે જે જીવો ઉપર પ્રેમ ધારણ કરવામાં આવે છે તે જીવો પરભવમાં આપણા મિત્રો સંબંધીઓ બને છે અને જેઓના ઉપર આપણે ખરાબ શત્રુપણાના વિચારો કરીએ છીએ તેઓના ઉપર પ્રાયઃ પરભવમાં સંબંધમાં આવતાં પાછું વૈર વધે છે. અગ્નિશર્માએ સમરાદિત્ય ઉપર ચિંતવેલા વૈરના વિચારોનો અનુભવ કરો. વીર પ્રભુ ઉપર પૂર્વભવમાં શય્યાપાલકે પોતાના કાનમાં સીસું રેડાવ્યું હતું, તે વખતે શ્રી વીરપ્રભુના આત્મા ઉપર વૈર ધારણ કર્યું હતું, તેથી વીરપ્રભુ ઉપર શય્યાપાલકનો આત્મા ગોપાળ થયો અને તેણે પૂર્વભવના વૈર સંસ્કારોથી વીરપ્રભુના કાનમાં ખીલા ઠોક્યા. શ્રી

જીવો પોતાનું શુદ્ધ સ્વરૂપ ધ્યાઇને અને પ્રાપ્ત કરીને મુક્ત થયા; અને ભવિષ્યમાં મુક્ત થશે. આત્માનું સ્વરૂપ વિચારતાં કર્મની વર્ગણાઓ ખરે છે, આત્માની મૂળ સત્તાના ધ્યાન ઉપર લક્ષ આપ, આત્માની મૂળ સત્તાના ધ્યાનમાં નિર્વિકલ્પ થઇ જા, રાગદ્વેષાદિના વિકલ્પો સમાવવાને માટે આત્માની મૂળ સત્તાનો ઉપયોગી થા. હું ધ્યાન કરનાર ભિન્ન છું, ધ્યાન ભિન્ન છે અને ધ્યેય ભિન્ન છે એવું ભેદધ્યાન પ્રથમ તો સર્વને પ્રાપ્ત થાય છે. આત્માનું ધ્યાન ધ્યાતાં ધ્યાન ધ્યેયની એકતાએ અભેદ સમાધિમાં પ્રવેશ કરી શકાય છે. કર્મની વર્ગણાઓને બાંધનાર તું છે, અને તેનો નાશ કરનાર પણ તું છે. કર્મને બાંધતી વખતે તારો પર્યાય જુદો હતો. ધ્યાન કરતી વખતે તું ભિન્ન પર્યાય પરિણામી છે, તેથી પર્યાયની અપેક્ષાએ પૂર્વનો તું નથી. આત્મદ્રવ્યની અપેક્ષાએ તું પૂર્વનો છે. વર્તમાનકાળમાં ધ્યાનની દશામાં પૂર્વના અશુદ્ધ પર્યાયના આરોપનું અદંત્વ તું પોતાનામાં કલ્પીશ નહીં. શુદ્ધ નિશ્ચય નય કથિત શુદ્ધરૂપી એવું પોતાનું સ્વરૂપ તું ધ્યાનમાં ધારણ કર !

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા વદિ ૮ ને શુક્રવાર. તા. ૪ થી અકટોબર સને ૧૯૧૨.

હે પ્રભો ! તું અન્તર્યામી છે. તારા ગુણોનો હું પાર પામી શકતો નથી. તું અપરંપર શક્તિમય છે. પ્રભો ! મેં જે કાંઇ લખ્યું હોય, મારાથી જે કાંઇ ઉપદેશ દેવાયો હોય, તેમાં છદ્મસ્થદષ્ટિથી તમારી આજ્ઞાથી વિરૂદ્ધ લખાયું, બોલાયું વા વિચાર્યું હોય તો તેની માફી માગુછું. મેં જે જે અપેક્ષાએ લખ્યું હોય તે સંબંધી સઘળા આશયો હૃદયમાંથી બહાર ન નીકળે તેથી તેનો વાચકો વિપરીત અર્થ કરે, તેમાં મારા અધ્યવસાયની અપેક્ષાએ ભૂલ કરવાની વા વિપરીત અર્થ લોકો કરે એવી બુદ્ધિ ન હોવાથી મારા આત્માનો તું સાક્ષી છે. કારણ કે તું સર્વજ્ઞ છે સર્વજ્ઞ પ્રભો ! હું જાણું છું તે હું કહી શકતો નથી, અને તેટલું લખી શકતો નથી. આખી જીંદગી પર્યંત બોલવામાં આવે વા લખવામાં આવે તો પણ પ્રજ્ઞાપનીય પદાર્થોનો અનન્તમો ભાગ કથી વા લખી શકાય છે. સર્વજ્ઞ

અન્ય ગચ્છોની ક્રિયાઓને શાસ્ત્ર વિરૂદ્ધ દર્શાવે છે. સંવેગીઓમાં પણ કેટલાક સાધુઓ મુહપત્તિ બાંધે છે અને કેટલાક સાધુઓ વ્યાખ્યાનમાં મુહપત્તિ બાંધતા નથી. દરેક ગચ્છના આચાર્યો જુદાજુદા હોય છે. એક ગચ્છના વા એક સંઘાડાના આચાર્યને અન્ય ગચ્છના વા અન્ય સંઘાડાના સાધુઓ પોતાના આચાર્ય તરીકે માનતા નથી. કેટલાક શ્રાવકો આવું દેખીને ભક્તોના સમુદાય અન્ય સમુદાય કરવા ઇચ્છે છે. સર્વ ગચ્છના સાધુઓ ભેગા થઇને હિંગની કોન્ફરન્સ પેઠે અમુક નિર્ણયપર આવી શકે તેમ નથી. સંઘાડા વા ગચ્છની ક્રિયાઓને ભિન્ન મતવાળા સાધુઓ માને વા છોડે એવું દેખાતું નથી. કયા ગચ્છ વા કયા સંઘાડાની ધર્મક્રિયાઓ પરિપૂર્ણ શાસ્ત્રાધારે છે એવો નિર્ણય, સર્વ સંઘાડાના સાધુઓ ભેગા મળીને લાવી શકે તેમ સંભવતું નથી. ઘણા શ્રાવકો વા સાધુઓ જે ગચ્છની ક્રિયાઓને માને તે સત્ય કહેવાય એમ પણ નિર્ણય પર આવી શકાય તેમ નથી. દરેક ગચ્છના સાધુઓ, પોતપોતાના પૂર્વાચાર્યોના લેખો મૂકીને અન્ય ગચ્છના આચાર્યોની માન્યતા સ્વીકારી શકે નહીં. અદીર્ઘ દૃષ્ટિવાળા અને અનીતિના માર્ગે પણ પોતપોતાના ગચ્છની ઉન્નતિ ઇચ્છનારા સાધુઓ જેમ જેમ વિશેષ પ્રગટે તેમ તેમ સ્વમત આગ્રહ અને કલેશની ઉદીરણા વિશેષ થતી જાય. આવા સંયોગોમાં શું કરવું અને શું સત્ય માનવું? દરેક ગચ્છની ક્રિયાઓનું ઉંડા ઉતરીને સ્વરૂપ તપાસવું. આવું જાણી અને દેખીને જૈન-ધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ થવું નહીં. ગચ્છો પૈકી પોતે જે ગચ્છમાં હોય તેમાં રહેતાં છતાં અન્યગચ્છની સાથે કલેશની ઉદીરણા ન થાય અને મૈત્રી ભાવ સચવાય તેવી રીતે વર્તવું. ગચ્છોની ભિન્ન ભિન્ન ધર્મ-ક્રિયાઓની માન્યતાઓને શ્રીતીર્થંકર વિના કોઇ એક કરી શકે તેમ નથી. શ્રીમદ્ શ્રીહીરવિજયસૂરિએ પોતાના વખતમાં અન્યગચ્છોની સાથે ચર્ચાની ઉદીરણા કરીને કલેશ ન કરવો એવો ઠરાવ કર્યો હતો. હાલના જમાનામાં તેવી રીતની ઉન્નતિ થાય એવા દરેક ગચ્છના સાધુઓએ ભેગા મળી ઠરાવ કરવા જોઇએ, અને પરસ્પર સંપ થાય તેમજ જૈનોની ઉન્નતિ થાય એવા ઠરાવો ઘડવા જોઇએ. આ પ્રમાણે વર્તવામાં નહીં આવે તો જૈનધર્મનો ફેલાવો કરી શકાશે નહીં. ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને આગળ વધવું જોઇએ.

× × × ×

અન્ય ગચ્છોની ક્રિયાઓને શાસ્ત્ર વિરૂદ્ધ દર્શાવે છે. સંવેગીઓમાં પણ કેટલાક સાધુઓ મુહપત્તિ બાંધે છે અને કેટલાક સાધુઓ વ્યાખ્યાનમાં મુહપત્તિ બાંધતા નથી. દરેક ગચ્છના આચાર્યો જુદાજુદા હોય છે. એક ગચ્છના વા એક સંઘાડાના આચાર્યને અન્ય ગચ્છના વા અન્ય સંઘાડાના સાધુઓ પોતાના આચાર્ય તરીકે માનતા નથી. કેટલાક શ્રાવકો આવું દેખીને ભક્તોના સમૂહરૂપ અન્ય સમુદાય કરવા ઇચ્છે છે. સર્વ ગચ્છના સાધુઓ ભેગા થઇને હુંનરની કોન્ફરન્સ પેઠે અમુક નિર્ણયપર આવી શકે તેમ નથી. સંઘાડા વા ગચ્છની ક્રિયાઓને ભિન્ન મતવાળા સાધુઓ માને વા છોડે એવું દેખાતું નથી. કયા ગચ્છ વા કયા સંઘાડાની ધર્મક્રિયાઓ પરિપૂર્ણ શાસ્ત્રાધારે છે એવો નિર્ણય, સર્વ સંઘાડાના સાધુઓ ભેગા મળીને લાવી શકે તેમ સંભવતું નથી. ઘણા શ્રાવકો વા સાધુઓ જે ગચ્છની ક્રિયાઓને માને તે સત્ય કહેવાય એમ પણ નિર્ણય પર આવી શકાય તેમ નથી. દરેક ગચ્છના સાધુઓ, પોતપોતાના પૂર્વાચાર્યોના લેખો મૂકીને અન્ય ગચ્છના આચાર્યોની માન્યતા સ્વીકારી શકે નહીં. અહીંયાં દૃષ્ટિવાળા અને અનીતિના માર્ગે પણ પોતપોતાના ગચ્છની ઉન્નતિ ઇચ્છનારા સાધુઓ જેમ જેમ વિશેષ પ્રગટે તેમ તેમ સ્વમત આગ્રહ અને ક્લેશની ઉદીરણા વિશેષ થતી જાય. આવા સંયોગોમાં શું કરવું અને શું સત્ય માનવું ? દરેક ગચ્છની ક્રિયાઓનું ઉંડા ઉતરીને સ્વરૂપ તપાસવું. આવું જાણી અને દેખીને જૈન-ધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ થવું નહીં. ગચ્છો પૈકી પોતે જે ગચ્છમાં હોય તેમાં રહેતાં છતાં અન્યગચ્છની સાથે ક્લેશની ઉદીરણા ન થાય અને મૈત્રી ભાવ સચવાય તેવી રીતે વર્તવું. ગચ્છોની ભિન્ન ભિન્ન ધર્મ-ક્રિયાઓની માન્યતાઓને શ્રીતીર્થંકર વિના કોઇ એક કરી શકે તેમ નથી. શ્રીમદ્ શ્રીહીરવિજયસૂરિએ પોતાના વખતમાં અન્યગચ્છોની સાથે ચર્ચા ઉદીરણા કરીને ક્લેશ ન કરવો એવો ઠરાવ કર્યો હતો. હાલના જમાનામાં તેવી રીતની ઉન્નતિ થાય એવો દરેક ગચ્છના સાધુઓએ ભેગા મળી ઠરાવ કરવા જોઈએ, અને પરસ્પર સંપ થાય તેમજ જૈનોની ઉન્નતિ થાય એવા ઉપાયો લેવા જોઈએ. આ પ્રમાણે વર્તવામાં નહીં આવે તો જૈનધર્મનો ફેલાવો કરી શકાશે નહીં. ભૂતકાળ તરફ દૃષ્ટિ નાખીને આગળ વધવું જોઈએ.

* * * *

લે છે. હવે જમાનો બદલાયો છે, ઘાટ બદલાયો, વેપાર બદલાયા, વસ્ત્રો બદલાયાં, અન્ય ઘણા ધર્મો હિંદુસ્તાનમાં આવ્યા. હવે તો સાધુઓએ શિથિલતાનો ત્યાગ કરીને શુદ્ધ પ્રેમથી એક બીજાની સાથે મૈત્રીભાવ ધારણ કરી જૈનશાસનની ઉન્નતિમાં પરસ્પર મળીને કાર્ય કરવાં જોઇએ. સ્થાનકવાસીઓ અને દિગંબરોની સાથે પણ મળતી આવતી બાબતમાં મળતા રહીને તે તે બાબતોમાં ભેગા રહીને જૈનધર્મની ઉન્નતિનાં કાર્ય કરવાં જોઇએ. કેટલાક જૈનધર્મીઓ જૈનધર્મથી ભ્રષ્ટ થાય છે, તેનાં મૂળ કારણો શોધીને ચાંપતા ઉપાયો લેવા જોઇએ. જૈનતત્ત્વોનો ફેલાવો કરવા પુસ્તકોનો ફેલાવો કરવો જોઇએ. જૈનધર્મનો ઉદ્ધાર કરવા જે જે યોગ્ય લાગે તે સર્વ ઉપાયો ગ્રહણ કરવા જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના ભાદરવા વદિ ૧૨ ને સોમવાર. તા. ૭ મી અકટોબર. સને ૧૯૧૨.

ધર્મોદય લક્ષણ–જ્યારે ધર્મનો ઉદય થવાનો હોય છે ત્યારે ઉત્તમ મહાત્માઓ પ્રગટે છે. શાન્ત, દાન્ત, વૈરાગી, ત્યાગી, ગુણાનુરાગી, જ્ઞાની એવા સાધુઓ ઉત્પન્ન થાય છે. ધર્મની ક્રિયાદિ બાબતની સામાન્ય તકરારો સંબંધી ઉપેક્ષા થાય છે, કદાગ્રહનો ત્યાગ દેખવામાં આવે છે. સમાજ મંડળો વગેરેદ્વારા ઉન્નતિની હીલચાલો દેખવામાં આવે છે. કુસંપ આદિ અવનતિનાં મૂળીઆંને મૂળમાંથી ઉખેડી નાખવામાં આવે છે. લોકો સત્યના રાગી થતા દેખવામાં આવે છે સાચું એ મારૂં એવા માન્યતાને સ્વીકારનારા લોકો ઉત્પન્ન થાય છે અહંકાર અને દર્પને દૂર કરીને ધર્મ કાર્યના સેવા કરનારા મનુષ્યો પ્રગટી નીકળે છે. સાધુઓ ઉપર ગ્રહસ્થોની ભક્તિ વધતી જાય છે. સાધુઓ પોતાના આચાર વિચારના તત્પર રહે છે. અને ગ્રહસ્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગનું આરાધન કરવા તત્પર રહે છે. પ્રમાદના ત્યાગ તરફ લોકોની રુચિ થવા માંડે છે. દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધા લોકોમાં વધવા માંડે છે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહ, ત્યાગ, દાન, તપ, પરોપકાર વગેરે ગુણોનો આદર કરવા લોકોના મન તૈયાર થાય છે આગમના ઉપર લોકોની શ્રદ્ધા

આકારથી મનુષ્યની પરીક્ષા કરી શકે છે. મધ્યમ પુરૂષો તેનાં આચરણો તપાસે છે. જ્ઞાનિપુરૂષો શરીરમાં રહેલા એવા આત્માને દેખે છે. તેઓ શરીરરૂપ પેટીને દેખીને ખુશ થતા નથી પણ શરીરરૂપ પેટીમાં રહેલા આત્માને દેખી ખુશ થાય છે, તેથી તેઓ પરના શરીરમાં રહેલ આત્માનું પોતાના આત્માની પેઠે શુદ્ધ પ્રેમથી સન્માન ઇચ્છે છે. " પોતાને જેવું તેવું પરને " આવી જ્ઞાનિયોની દૃષ્ટિ થઇ જાય છે. જ્ઞાનિયો મૂઢ મનુષ્યોની પેઠે શરીરના મેળથી મેળાપ માનતા નથી. જ્ઞાનીઓ, શરીરમાં રહેલા આત્માની સાથે મેળાપ રાખે છે તેથી બાહ્ય તા કરતાં અન્તરૂના મેળથી તેઓ ખરેખરા મેળને નભાવી શકે છે. આત્માના મેળ વિનાનો બાહ્ય મેળ સદા પ્રિયકર રહેતો નથી. ખરા જ્ઞાનીઓ પ્રેમલક્ષણાભક્તિની સેવા પ્રબોધે છે. જગત્‌ના જીવોની યથાયોગ્ય સેવા કરનારા મનુષ્યો જે ધર્મમાં પ્રકટી નીકળે છે તે કાળમાં તે ધર્મ તરફ દુનિયાનું આકર્ષણ થાય છે. જ્ઞાનીઓ પોતાના આત્માને જાણીને બેસી રહેતા નથી. અનુદ્યોગી આત્મા અભિનવ-વીર્ય પ્રગટાવી શકતો નથી. જ્ઞાનીઓની દશા દેશકાલના અનુસારે ઉત્તમ હોય છે. જ્ઞાનીઓ માન અને અપમાનના અધ્યવસાયોને જીતી લે છે. કારણ કે તેઓ માન અને અપમાનથી પોતાના આત્માને ન્યારો દેખે છે. માન અને અપમાનના સંયોગોમાં પણ જ્ઞાનીઓ પોતાનું કાર્ય કર્યા કરે છે. જ્ઞાનીઓ દુનિયા પોતા તરફ કેવો અભિપ્રાયધરાવે છે તે તરફ દૃષ્ટિ દેતા નથી પણ દુનિયાનું શ્રેય કેવી રીતે કરવું એજ લક્ષ રાખીને સુકાર્યો કર્યા કરે છે. જ્ઞાનીઓ તત્ત્વરમણતા વડે સ્વતંત્ર સહજાનન્દનો ભોગ ભોગવે છે તેથી તેઓ દુનિયાની પેઠે પર વસ્તુઓના ગ્રહણ ત્યાગની દાવ વરાળમાં મુંઝાય જતા નથી. જ્ઞાનીઓ દેશ, જાતિ, લિંગ, વેષ, આચાર આદિના મર્યાદિત વ્યવહારથી સર્વ જીવોની દયા-સેવા કરવામાં સંકુચિતતા ધારણ કરતા નથી. તેઓનું હૃદય ક્ષેત્ર વિશાલ હોય છે. " મોટાનું સર્વ મોટું " એવું તેમનામાં દેખાય છે. જ્ઞાનીઓ, આચારો અને વિચારોના ભેદના સૂક્ષ્મ આશયો જાણીને સ્યાદ્વાદદૃષ્ટિથી સમાધાન કરે છે અને અગમ્ય માર્ગ તરફ પ્રવૃત્તિ કર્યા કરે છે.

× × × ×

બરબાદ કરે છે. જડ વસ્તુઓની આગળ આત્માઓની કંઇ મહત્તા નથી એવું જેઓ માને છે તેનાં હૃદયમાં કદી પ્રભુની વા પ્રભુના ગુણોના ધ્યેયરૂપે વાસ થતો નથી. એવા લોકોને પૂર્ણ મંથન કરીને આત્માની મહત્તા સમજાવવા પ્રયત્ન કર !

× × × ×

સંવત્ ૧૯૬૮ ના આશો શુદિ ૨ ને શનિવાર. તા. ૧૨ મી અક્ટોબર ૧૯૧૨.

શ્રદ્ધા વિના કાર્યની સિદ્ધિ થતી નથી. શ્રદ્ધાથી આત્મામાં કાર્ય કરવાની શક્તિ વધે છે. શ્રદ્ધા વિના આત્માની હાનિ થાય છે. મંત્રના આરાધનમાં પણ શ્રદ્ધા વિના ઇષ્ટ સિદ્ધિ થતી નથી. પુત્રની પિતાના ઉપર શ્રદ્ધા હોય છે તો પિતાના હાથે પુત્રનું ભલું થાય છે. પુત્રીની માતા ઉપર શ્રદ્ધા હોય છે તો પુત્રીનું હિત કરવામાં માતાની લાગણી પ્રેરાય છે. ભક્તોની ગુરૂ ઉપર શ્રદ્ધા હોય છે તો ગુરૂના ઉપદેશ વડે તેઓનું કલ્યાણ થાય છે. શિષ્યની ગુરૂ ઉપર શ્રદ્ધા હોય છે તો ગુરૂની વાણીની અસર સારી થાય છે અને ગુરૂના સદુપદેશ પ્રમાણે શિષ્ય પ્રવર્તે છે, અને તેથી તે આત્મોન્નતિ કરી શકે છે. સંશયશીલ આત્મા હણાય છે અને શ્રદ્ધાશીલ આત્મામાં ઉદય થાય છે. શ્રદ્ધાના ઉપર એક શેઠનું અને કઠીયારાનું દૃષ્ટાંત નીચે પ્રમાણે સમજવું:—

એક નગરમાં એક સાધુ રહેતો હતો, તેની સેવા એક વણિક શેઠ કરતો હતો. ગુરૂને દરરોજ દેવતાની સાધના માટે વિનતિ કરતો હતો પણ ગુરૂ તેને યોગ્ય જાણતા નહોતા. એક દિવસે તેણે સાધુને કહ્યું કે મને મંત્ર આપ્યા વિના છૂટકો થવાનો નથી. સાધુએ તેને મંત્ર આપીને કહ્યું કે ગામની બહાર એક વડતળે ઘાસનો ઢગલો કરી તેના ઉપર તરવાર ધરીને તું ઝાડ ઉપર ચઢીને મંત્ર ભણી ભૂસકો માર કે જેથી તને દેવતા તુર્ત પ્રત્યક્ષ થશે. શેઠ વાણિયો ગામની બહાર વડના ઝાડ નીચે તરવાર ધરી ઝાડ ઉપર ચઢયો. મનમાં વિચારવા લાગ્યો કે શું આ વાત ખરી હશે ? આ તો મારા નાશનો ઉપાય લાગે છે. એમ ચિંતવી નીચે ઉતર્યો, પાછો વૃક્ષ ઉપર ચઢયો અને પડવાની તૈયારી કરતાં વિચારવા

રૂપ દેખતા નથી પણ સત્યની દૃષ્ટિએ દેખતાં ઘણી ભૂલો રહે છે. આપણા જૂના રીત રીવાજોને અને આગમોને બાધ ન આવે એવી રીતે જમાનાને અનુસરી પ્રગતિ કરી શકાય એવી સ્થિતિમાં આચારો મૂકવા એજ સુધારો કહી શકાય. જે લોકો જૈનાગમો જાણતા નથી અને જૈનાગમોની નિન્દા કરે છે, તેઓ મૂર્ખનું ડહાપણ ધારણ કરે છે. યોગ્ય એવા સુધારાઓ કરવાની જરૂર છે અને તે બહુ ડહાપણ ભરેલી રીતે ધીમે ધીમે આગમોને આગળ કરીને કરવાના છે. એમ જો નહીં કરવામાં આવે અને સ્વચ્છંદ મતિથી નાસ્તિકતાનો ફેલાવો કરવામાં આવશે, તો ત્રિશંકુના જેવી અવસ્થા થઇ પડશે. *પ્રાચીનકાલથી જૈનો આગળ પડતો ભાગ લેનારા છે.* જૈનોના આગમોમાં જે સદાચારો અને સદ્‌વિચારો દર્શાવ્યા છે તે સુધારકોની ઉલ્ટી શોધ છે. આપણું પ્રાચીન તપાસવામાં આવે અને તેનો સુધારકોના સુધારાની સાથે મુકાબલો કરવામાં આવે તો પ્રાચીનની સત્યતા જણાઈ આવશે. પાશ્ચાત્ય લોકો આપણા પ્રાચીન તત્ત્વોની પ્રશંસા કરે છે. પાશ્ચાત્ય લોકોનું બધુ ખરૂં છે એવો ભ્રમ કદિ રાખવો નહિ. પાશ્ચાત્યોના આચારો વિચારો અને આપણા આચારો વિચારોનો મુકાબલો કરીશું તો તેમાં આપણું સત્ય લાગશે, સંપ-પ્રેમ, સહાય, ઉદ્યમ, બહાદુરી, ખરી નીતિ, ટેક, સહન શીલતા, આત્મ ભોગ વગેરે આપણા ગુણો તેઓમાં ગયા અને દુર્ગુણોથી આપણે મિત્રાચારી કરી તેથી આપણા લોકોની અવનતિ થઇ છે. આત્માના ગુણો પ્રાપ્ત કરવાની તૈયારી કરો. જુનાઓએ તુચ્છ અને વ્હેમી બાબતોમાં 'વ્હોરાના નાડા'ની પેઠે કદાગ્રહ કરીને યોગ્ય સુધારાના ઉદય માર્ગમાં કાંટા નાખવા નહિ. આત્માના ગુણોથી આપણો ઉદય થવાનો છે. પોતાના આત્માની મહત્તા અવબોધો. પોતાના આત્માની પેઠે અન્યોને ગણીને તેઓની સાથે શુદ્ધ ભાવથી વર્તીને તેઓને મદદ કરો. શ્રી મહાવીર પ્રભુના માર્ગમાં સ્થિર થાઓ. શ્રદ્ધાથી આત્મબળ ખીલશે અને તેથી આપણો ઉદય થશે.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના આસો શુદિ ૫ ને મંગળવાર. તા. ૧૫ મી અકટોબર સને ૧૯૧૨.

આત્મન્! પોતાના શુદ્ધધર્મનું અન્ય કોઇથી અપમાન થવાનું નથી. બાહ્ય સંયોગો તરફ અવલોકતાં માન અને અપમાન છે પણ અન્તર્‌ની દૃષ્ટિથી આત્માના શુદ્ધધર્મના ધ્યાનમાં વિચારતાં માન અને અપમાનની કલ્પના આત્માને કરવા શક્તિમાન થતી નથી. અશુદ્ધ રાગદ્વેષની પરિણતિવડે પોતાનું અપમાન પોતાના હાથે કરી શકાય છે. જે મનુષ્યો અન્યોના આત્માઓનું અપમાન કરવા ઇચ્છે છે તેઓ પ્રથમ અશુભેચ્છા વડે પોતાના આત્માનું અપમાન કરે છે. કારણ કે અપમાન કરવાની અશુભપરિણતિવડે પ્રથમ પોતાના આત્માને કલંકિત કરે છે. જેઓ અન્યોના આત્માઓને ધિક્કારી કાઢે છે, તેઓ પ્રથમ આત્મામાં ઉત્પન્ન થયેલી અશુભપરિણતિ વડે પોતાને ધિક્કારી કાઢીને નીચ બને છે. જેઓ અન્યોનું જે જે અશુભ ઇચ્છે છે તેઓને તે તે અશુભપરિણતિવડે અશુભ પ્રાપ્ત થાય છે. રાગદ્વેષવડે અન્યો પ્રતિ જેવું ઇચ્છવામાં આવે છે તેવું રાગદ્વેષની પરિણતિથી પરિણામ પામેલા આત્માને પ્રાપ્ત થાય છે. અન્તર્‌માં આ સંબંધી વિશેષ વિચાર કરવામાં આવે તો કદી કોઇનું અપમાન કરવાની વૃત્તિ થાય નહિ. તેમજ અન્તર્‌માં આ સંબંધી ઉપયોગ દેવામાં આવે તો રાગદ્વેષની પરિણતિવડે લેપાયમાનપણું થાય નહિ તથા આત્માની શુદ્ધિમાં પ્રતિદિન વૃદ્ધિ થતી જાય. અન્ય મનુષ્યો અપમાન-ધિક્કારની જે જે ચેષ્ટાઓ કરે, તેનો આત્માને સંબંધ નથી, એવો નિશ્ચય કરીને આત્માને નિર્લેપ ભાવવો. અસંખ્યપ્રદેશી આત્માનું અન્તર્‌દૃષ્ટિથી અવલોકતાં કોઇ અપમાન કરવા સમર્થ નથી. માન અને અપમાનમાં મમત્વની કલ્પના કરનારી બહિર્વૃત્તિથી શુદ્ધાત્મા ન્યારો છે, અને તેના સ્વભાવમાં રમણતા કરવી એજ મુખ્ય કાર્ય છે એવો નિશ્ચય કરીને તેમાં સદા તન્મય રહે-નારને માન અને અપમાનમાં સમત્વ રહે છે. આવી દશાના વિચારોને આચારમાં મૂક્યા વિના હોળીના રાજાની પેઠે વા ઉન્માદીની પેઠે શુષ્કપણું ધારણ કરવાથી આત્મ કલ્યાણ થતું નથી. કોઇ પણ આત્માનું અપમાન કરીને તેનામાં ક્ષોભ ઉત્પન્ન કરવાથી ભાવહિંસાનો દોષ લાગે છે સાધુ પણાની ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરતાં પ્રમાદ ન નડે એવો ઉપયોગ રાખવાની જરૂર છે આત્માના સદ્‌ગુણોમાં વિઘ્ન નાંખનારી માનાપમાનની વૃત્તિને જીતવાથી પોતાના આત્માને ખરા રૂપે દેખી શકવાનો અનુ-

પહોંચે છે. મન, વાણી અને કાયાને આરામ આપવાથી શાન્તિ મળે છે અને તેઓ દ્વારા પુનઃ કાર્યો સારી રીતે કરી શકાય છે. છેલ્લી જીંદગીમાં દુનિયાનાં કાર્યોથી વિરામ પામીને પરમાર્થતની સેવા કરવી. સાધુઓએ છેલ્લી જીંદગીમાં આરામ લેવો. શાન્ત સ્થળમાં સાધુઓએ છેલ્લી જીંદગી ગુજારવી અને પરમાત્માનું ધ્યાનજ ધરવું. સ્વચ્છ હવા, શાન્ત સ્થળ, પવિત્ર સ્થાન, સાત્વિક આહાર, પ્રભુ ભક્તિ ઇત્યાદિના સેવન થકી ગૃહસ્થોએ વિશેષતઃ છેલ્લી જીંદગી ધર્મમાં ગાળવી.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના આસો શુદિ ૧૦ ને રવિવાર. તા. ૨૦ મી અક્ટોબર સને ૧૯૧૨.

આત્માનું ચિંતવન કરવામાં મન જોડાય છે તો મનવડે મોક્ષની સાધના થાય છે. પંચેંદ્રિયના વિષયોમાં રાગ અને દ્વેષ વડે મન ભટકે છે તો તે મન તેજ સંસાર છે. મનમાંથી વિષયોની વાસના ટળે છે તો શરીર પણ પવિત્ર રહી શકે છે. મનની અસર શરીર પર થાય છે. અધ્યાત્મનયની અપેક્ષાએ રાગ દ્વેષાદિ મોહના વિકલ્પસહિત ચિંતવન તે જૈન શૈલીએ મન કહેવામાં આવે છે. મન જો મરે છે તો સર્વ પ્રકારની આંતરિક અશાંતિ વિલય પામે છે. મનને હળવે હળવે આત્માના ગુણો તરફ વાળવું. મન ઉપર વિજય મેળવ્યા વિના કદિ મહા વિજય પ્રાપ્ત કર્યો એમ કથી શકાય નહિ. મનના ઉપર વિજય મેળવનાર આખી દુનિયા ઉપર વિજય મેળવી શકે છે મનને જીત્યા વિના કદી ખરો સંયમ પ્રાપ્ત કરી શકાતો નથી. સ્થૂલ દુનિયાના ઉપર વિજય મેળવી શકાય પણ મનના ઉપર વિજય મેળવવો એ કાર્ય ધાર્યા કરતા પણ અત્યંત દુષ્કર છે. આખી દુનિયાનું રાજ્ય પ્રાપ્ત કરવું તે સહેલ છે પણ મનમાં ઉત્પન્ન થનાર મોહને જીતવો તે મુશ્કેલ છે. લશ્કરીનો પોષાક માત્ર પહેરવાથી ખરા લડવૈયાનું પદ મળી શકતું નથી, પણ યુદ્ધમા વીરત્વ બતાવવાથી ખરા લડવૈયાનું પદ મળે છે. તેમ સાધુનો વેષ ધારણ કરવા માત્રથી કંઇ મનમાં ઉત્પન્ન થનાર મોહને જીતી શકાતો નથી, પણ મોહના વિકારો સાથે યુદ્ધ કરવાથી ખરૂં સાધુત્વ પ્રાપ્ત થાય છે, મેં મોહને જીત્યો છે એવું કદી

પોતાનું નામ અમર કરી શકે છે. કંચન અને કામિનીના ત્યાગી એવા સાધુઓ પ્રભુના ધર્મનો ફેલાવો કરવા સમર્થ થાય છે, અને તેઓના હાથે ધર્મનો ઉદ્ધાર થાય છે. ધર્મનો ફેલાવો કરવા જેણે જીંદગીનો હોમ આપવો હોય તેણે તો યુવાવસ્થામાં સાધુ થઇને ઉપદેશ દેવા બહાર નીકળી પડવું જોઇએ, અને વૃદ્ધાવસ્થા છતાં ધ્યાનમાર્ગમાં વિશેષતઃ જીવન ગાળવું જોઇએ. જૈનોમાં આત્મભોગ આપનારા વીરપુરુષો ઉત્પન્ન થતા નથી તેનું કારણ એ છે કે તેઓ વણિકપણાની વૃત્તિને તજીશકતા નથી. ગમે તેટલું જુદું હોય પણ જૈનાગમોથી વિરૂદ્ધ હોય અને તેમજ જૈનધર્મના ઉદયમાં વિઘ્ન નાખનાર હોય તેનો ત્યાગ કરવો જોઇએ. આત્મવીર્ય ફેરવનારા જૈનો પ્રગટાવવા માટે આર્યસમાજીઓની પેઠે જૈનધર્મની પરિપૂર્ણ કેળવણી અને વ્યાવહારિક કેળવણી અપાય એવાં ગુરૂકુળોની સ્થાપનાઓ થવી જોઇએ. જેઓના હાડોહાડમાં જૈનધર્મની શ્રદ્ધા વ્યાપી રહી હોય અને જેઓની નસેનસમાં જૈનધર્માભિમાનનું લોહી વહેતું હોય અને જેઓ તન, મન, ધન સત્તાનો ભોગ આપવાને તૈયાર થઇ ગયા હોય એવા જ્ઞાની જૈનોથી જૈનધર્મનો ફેલાવો થવાનો છે એમ નક્કી માનવું. એવા મહા પુરૂષોના કાર્યમાં તન, મન અને ધનથી સહાયક બનનારાઓ મહાફલ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યોના દુર્ગુણો ટાળીને તેઓને સન્માર્ગે ચઢાવવા એ ખરેખરી મનુષ્યોની સેવા છે એવી સેવાનો માર્ગ બતાવનાર ઉત્તમજ્ઞાનીઓની સેવામાં સર્વસ્વ અર્પણ કરવું એજ મનુષ્યોની ફરજ છે. ઉત્તમ જૈનો પોતાના આત્મભોગવડે મનુષ્યોને ખરા મનુષ્ય તરીકે બનાવવા પ્રયત્ન કરે છે. વૃદ્ધાવસ્થા આવ્યા પૂર્વે ધર્મની પ્રવૃત્તિ સેવાય તેટલી સેવવામાં અંશ માત્ર પણ પ્રમાદ ન કરવો. છેલ્લી જીંદગીમાં ધર્મની નિવૃત્તિપ્રવૃત્તિ, ધ્યાન અને સમાધિની આરાધના કરવાની જરૂર છે.

× × × ×

જૈનધર્મની આવી ઉચ્ચદષ્ટિ છે અને તે તે પ્રમાણે જે વર્તે છે તે જગતમાં પૂજ્ય બને છે. અધ્યાત્મજ્ઞાનની આવી ઉચ્ચદષ્ટિના વિચારોનો ફેલાવો કરવો જોઇએ, અને આચારમાં તે પ્રમાણે મૂકી શકાય એવો આત્મસંકલ્પ કરવો જોઇએ.

× × × ×

સંવત્ ૧૯૬૮ ના આસો વદિ ૫ ને બુધવાર. તા. ૩૦ મી ઑક્ટોબર ૧૯૧૨.

હાલમાં બાલ્કનનાં રાજ્યો અને તુર્કીનું ભારે યુદ્ધ ચાલે છે. હજારો મનુષ્યોના પ્રાણ નષ્ટ થાય છે. દ્રવ્ય અને ભાવ એ બે પ્રકારની હિંસા થાય છે. સુધરેલાં રાજ્યો સામાન્ય બાબતોમાં લડી મરીને સુધારાના નામને કલંક લગાડે છે. મોહના જોરથી મનુષ્યો પરસ્પર પ્રાણસંહારકયુદ્ધ આરંભે છે. બાહ્ય શક્તિયોનો વિકાશ કરીને અન્યદેશીય વા અન્યધર્મીય મનુષ્યોના નાશાર્થે પ્રવૃત્તિ થતી હોય તો અનાર્યપણું કહેવાય. આર્યો પોતાની શક્તિયોનો દુનિયાના કલ્યાણાર્થે ઉપયોગ કરે છે, અનાર્યો પોતાના સ્વાર્થે અન્ય મનુષ્યોના પ્રાણનો નાશ કરે છે, અનાર્યો પોતાની ઉન્નતિ અર્થે અન્ય મનુષ્યોના પ્રાણ ચુસતા પણ વાર લગાડતા નથી, અને પોતાના સ્વાર્થે ગમ તેવા પાપ કરતાં ઈશ્વરનો ભય પણ ગણતા નથી. આર્યો પોતાના સ્વાર્થ માટે અન્ય મનુષ્યો કે જે ગમે તે દેશના વા ગમે તે ધર્મના હોય તો પણ તેઓને કુટુંબની પેઠે માની તેઓના પ્રાણોનો નાશ કરતા નથી. જે આર્યપણું ધારણ કરે છે તે આર્ય કહેવાય છે. અનાર્યો તરવારની ધારવડે પોતાનો ધર્મ વધારવા યત્ન કરે છે, અને ઈશ્વરના ધર્મે પાપના ભારી સામગ્રી પ્રયત્ન કરે છે. આર્ય કોઈ પણ મનુષ્યોના પ્રાણ નષ્ટ કરતા નથી અને તેઓ તરવારની ધાર વડે ધર્મ વધારવા પ્રયત્ન કરતા નથી. [illegible] નીતિના [illegible] અને આચારોને [illegible] આર્યોને [illegible] [illegible] નીતિના અમૃતો અને વિચારોને [illegible] આવશ્યક [illegible] છે. આર્ય [illegible] નથી પણ [illegible] આર્ય ઘર કરે છે. [illegible]

તેઓને ભવિષ્યના જૈનો હસી કાઢે એમાં કંઇ આશ્ચર્ય નથી. ધર્મના જાણુનાર જૈનોનું ઉત્તમ એ કર્તવ્ય છે કે તેઓએ પોતાના ધર્મના રીતરીવાજોમાં રહેલું ઉત્તમ રહસ્ય અન્ય લોકોને જણાવવું. જે જૈન થઇને અન્ય નવકારગણનાર જૈનને દેખી પ્રેમી બની શકતો નથી તે જૈન નથી. જૈનોની પડતીનું કારણ ગુરૂનિન્દા છે. ગુરૂનિન્દાથી કુળનો ક્ષય થાય છે. જે કોમમાં, જે દેશમાં નિન્દાનો પ્રવેશ થાય છે તેની પડતી થયા વિના રહેતી નથી. ધર્મની શ્રદ્ધા હશે તો કોઇ વખત ધર્મની ક્રિયાઓ કરી શકાશે. ધર્મનું અસ્તિત્વ રાખનાર ગુરૂઓની તન, મનથી પરિપૂર્ણ સેવા કરવી. ગુરૂ વિનાનો દુનિયામાં કોઇ ધર્મ નથી. ધર્મની શ્રદ્ધા વિના કદી મોક્ષ થનાર નથી. સમ્યક્ત્વની શ્રદ્ધાથી બાહ્ય ચારિત્ર વિના અન્તરંગ ચારિત્ર પામી જીવ પરમાત્મપદ પામે છે.

× × × ×

સંવત ૧૯૬૮ના આસો વદિ ૭ ને શુક્રવાર તા. ૧ લી નવેમ્બર ૧૯૧૨.

ટેનોગ્રાફની પેઠે ધર્મશાસ્ત્રોને ગોખી ન મારવા જોઇએ પણ સૂત્રના ભાવ સમજવા પ્રયત્ન કરવો જોઇએ. જે કંઇ વાંચવામાં આવે તેનો દ્રવ્ય ક્ષેત્ર, કાલ, ભાવથી વિચાર કરવો જોઇએ. લેખ્યવિષયમાંથી કર્તાનો આશય શોધી કાઢવો જોઇએ,અને તે પોતાને અને જગતને કઇ રીતિએ ઉપયોગી છે તેનો વિવેક કરવો જોઇએ. મન, વાણી અને કાયાનું બળ વધે અને તેનો શુભકાર્યમાં ઉપયોગ થાય એવાં શાસ્ત્રોનો પ્રથમ આદર કરવો જોઇએ. ધર્મસમાન દેશ, કોમની ઉન્નતિ કરવામાં જે ધર્મશાસ્ત્રોની પ્રથમ આવશ્યકતા સિદ્ધ થતી હોય, તેનો પ્રથમ આદર કરવાની જરૂર છે. જે ધર્મના વિચારોથી કોમનું-સમાજનું દૃઢબંધારણ થાય તેનો પ્રથમ ફેલાવો કરવો જોઇએ. ધર્મના નિયમો, આચારો, ભક્તિ, શ્રદ્ધા વિના સંઘનુ મજબુત બંધારણ થતું નથી, અને સંઘના બળ વિના પ્રગતિના માર્ગમાં આગળ વધી શકાતું નથી કલિયુગમાં સંઘના બલથી મહાપરાક્રમો કરી શકાય છે. ધર્મના આચારો અને વિચારોથી સંઘનુ બળ વધી શકે છે. ધર્મના નામે જે પરાક્રમ કરી શકાશે તે દેશાભિમાનથી પણ પ્રાયઃ કરી શકાશે



संवत् १९६९ नी सालना उद्गाररूप विचारो.

नीति.

બાળકોને પ્રથમથી સારી સંગતિમાં રાખવાં જોઇએ. ન્હાનાં બાળકો જેવું દેખે છે તેવું શિખે છે. ન્હાનાં બાળકો આસપાસના સંયોગોના સહવાસથી પોતાની જીંદગીનું ભવિષ્ય રચે છે. ન્હાનાં બાળકો સ્તનપાનથી આરંભીને કેળવણી ગ્રહણ કરે છે. માતાના ગુણોની અસર બાળકો ઉપર ઘણી થાય છે. ગુલામ અને ચાકરો પાસે બાળકોને ઉછેરવાનું કામ લેવાથી ચાકરો અને ગુલામમાં વધારો કરી શકાય છે. મોટા વિદ્વાનોના હાથે જે બાળકો ઉછરે છે તે બાળકોમાં ઉત્તમ સદ્ગુણો ખીલી શકે છે. બાળકોના સહવાસના આધારે બાળકોનું ભવિષ્ય કેવું છે તે જાણી શકાય છે. બાળકો એ ભવિષ્યના મહા નેતાઓ છે. તેમની ઉન્નતિમાં ભવિષ્યની ઉન્નતિ સમાઇ છે. સદ્વિચારો વડે બાળકોના મન પોષાય છે. ઉત્તમ મનુષ્યોની સંગતિથી બાળકોને ઘણું શિખવાનું છે. બાળક એ ભવિષ્યનો પિતા છે.

× × × ×

મારા વિચાર પ્રમાણે એમ સમજાય છે કે જે મનુષ્યના હૃદયમાં જેવા પ્રકારના વિચારો હોય છે તે હોઠે આવે છે. જે મનુષ્યની તે પ્રશંસા કરે છે તે મનુષ્ય સારો છે કે ખોટો છે તેનો વિવેક કરીને તે મનુષ્યની પરીક્ષા કરી શકાય. સમજી તેના પ્રશંસાના યોગ્ય હોય તો તે ગુણાનુરાગી છે એમ અનુમાન ઉપર આવી શકાય છે. દુષ્ટ મનુષ્યાકૃતિ ધારક વ્યક્તિની જે પ્રશંસા કરતો હોય તો સમજવું કે તેના હૃદયમાં સારાને બદલે ખરાબ [illegible]

આર્યાવર્તની પડતીનું મૂળ કારણ દુર્ગુણો છે. જે વખતે જે દેશમાં દુર્ગુણો વધી જાય છે તે વખતે તે દેશની પડતી હોય છે. નાતોમાં જે લુચ્ચો કાવા-દાવા કરનાર અને ઉંધું ચિતું કરનાર હોય તે આગેવાન થાય છે. સાધુઓમાં પણ જે કાવાદાવા કરનાર અને ઘટાટોપ કરનાર હોય છે તે આગેવાન ગણાય છે. મોજ શોખમાં જેટલું ધન પૈસાદારો ખર્ચે છે તેટલું ધન દાન વગેરે ભલા કાર્યોમાં ખર્ચી શકતા નથી. વિનય અને ભક્તિના માર્ગ ઘટવા લાગ્યા છે. લોકોમાં ગંભીરતા ઓછી થવા લાગી છે, અને ઉદ્ધાંછ્ળાપણું વધવા લાગ્યું છે. એક એકની શરમમાં દબાઇ જઇને લોકો સત્યને મારી નાખે છે. એવી આર્યાવર્તની દશા હાલ તો દેખાય છે. રજોગુણ અને તમોગુણ તરફ દુનિયાનો ઘણો ભાગ ઘસડાતો જાય છે. ધર્મમાં બધાઇ રહેવાથી દેશની પડતી થાય છે અને આગળ વધાતું નથી, એવા કેટલાક મનુષ્યોના વિચારો બહાર આવવા લાગ્યા છે. બ્રહ્મચર્ય અને સત્ય તરફ લોકોનું લક્ષ ખેંચાશે ત્યારે ઉદય થશે. પ્રમાણિકપણું એ પ્રાણના કરતાં અત્યંત વડાલું ગણાશે ત્યારે જૈનો વગેરે સર્વની ઉન્નતિ થશે. બોલ્યા પ્રમાણે અથવા પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવું એ વાતને પ્રાણ કરતાં પ્યારી માનવામાં આવશે ત્યારે લોકોની પાસે અભ્યુદય દેવતા આવીને ખડો થશે. શુદ્ધપ્રેમ, સત્કાર, ભક્તિ, દયા, સર્વપર સમાનભાવ એ આર્યોના આર્ય દેવતાઓ થાય છે. તેની આર્યો પૂજા કરશે ત્યારે આર્યોનો ઉદય સૂર્યની પેઠે ઝળહળશે. આ તરફ આર્યાવર્તનું ધ્યાન ખેંચાઓ !

× × × ×

જાતિ અનુભવ વિચારો.

૧ જે શ્રાવકો પોતાની પાસે આવીને અન્ય સાધુઓની નિન્દા કરે છે તેવા શ્રાવકોથી ચેતતા રહેવું અને તેવા શ્રાવકોની આગળ ખપ જેટલી મિત શબ્દોથી વાત કરવી. કોઇની નિન્દા કરે તે કોઇ વખત પોતાની પણ કરે માટે કોઇ શ્રાવક પોતાની પાસે આવીને કોઇ સાધુની નિન્દાની વાત કરે તે કદી સાંભળવી નહિ.

૨ જે સાધુઓ વા જે સાધુઓના શિષ્યો પોતાની પાસે આવીને કોઇ સાધુની વા કોઇની નિન્દા કરે તો તે સાંભળવી નહિ. તેમજ તેવાઓથી

શ્રદ્ધા.

અધિકાર વિનાનાં અને વિચાર કર્યા વિનાનાં કાર્યો હસ્તમાં લેવાથી અનેક પ્રકારની વિપત્તિયો આવી પડે છે. મન વાણી કાયા અને આત્મબળની બહારનાં કાર્યો હસ્તમાં લેવાથી તે કાર્યોની સિદ્ધિ થતી નથી અને કલેશ ખેદ હાનિની પ્રાપ્તિ થાય છે. પ્રત્યેક કાર્ય હસ્તમાં લેતાં પૂર્વે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવનો વિચાર કરવો અને સ્વાત્મશકિત તથા આજુબાજુના સહાયક સંયોગો તથા પ્રતિકૂલ સંયોગો કયા કયા છે તેનો વિચાર કરવો. જે જે કાર્ય કરવાનાં હોય તે સંબંધી પ્રથમ વિચાર કરવો અને તેમાં પોતાની બુદ્ધિ ન પહોંચતી હોય તો અન્ય જ્ઞાનીઓની સલાહ લેવી. ઉત્સાહ, ખંત, એકાગ્રચિત્ત, વિઘ્નો પડે તેની સામે ટકી રહેવાની શકિત, આજુબાજુના સાનુકૂળ સંયોગો મેળવવાની શકિત, પ્રતિકૂલ સંયોગોને પાછા હઠાવવાની શકિત, ત્વરિત વિઘ્નો જીતવાની બુદ્ધિશકિત, સહાયક મનુષ્યોમાં ઉત્સાહ પ્રેરવાની શકિત, કાર્ય કરતી વખતે કાર્યની સિદ્ધિ કરાવનારી ઉત્પાદ બુદ્ધિ વગેરે સાધનોનો વિચાર કરી અધિકારે યોગ્ય એવું કાર્ય હસ્તમા લેઇ તેને પાર ઉતારવા માટે પ્રયત્ન કરવાની જરૂર છે. શકિતની બહારનું કાર્ય કરવા જતાં તેની સિદ્ધિ થતી નથી અને તેથી આત્મશકિત ઘટે છે. કાર્યોનુ અંતરંગ અને બહિરંગ સ્વરૂપ વિચારવુ તથા તેથી સ્વાત્મલાભ તથા પરલાભ શો છે તે સબંધી વિચાર કરવો. જગતમા પોતે એક વ્યકિતરૂપ હોવાથી પોતાનાથી જગતને જે જે કાર્યો કરવાથી લાભ મળે તેનો વિચાર કરીને સત્કાર્યને હસ્તમા લેવાની જરૂર છે. પોતાની શકિતનો વિચાર કરીને કાર્યમા પ્રવૃત્ત થનારને વિજય, લક્ષ્મી, કીર્ત્તિ, શાન્તિ, શકિત અને સુખ મળે છે.

* * * *

શ્રદ્ધાભક્તિ.

ખરી શ્રદ્ધા ભક્તિ આ ભવમાં ફળે છે એમ અમોને દૃઢ નિશ્ચય છે. જે કાર્યની સિદ્ધિ ખરેખર શ્રદ્ધા અને ભક્તિવડે થાય છે તે અન્યથી થતી

ધર્મશ્રદ્ધા બલ.

ધાર્મિક શ્રદ્ધાની ભાવના દરેક મનુષ્યના રોમ રોમે વ્યાપી જાય એવી રીતે ઉપદેશ દેવો જોઇએ. આર્યાવર્તની આર્યતાનું રક્ષણ કરનાર ધાર્મિક ભાવના છે. ધાર્મિક શ્રદ્ધાની ભાવનાનું બળ ઐક્ય કરાવીને ઉન્નતિમાં આગળ વધવાનું કાર્ય કરે છે. શ્રદ્ધાનું બળ જે કરે છે તે કોઇ કરી શકતું નથી. આખી દુનિયામાં ધર્મશ્રદ્ધાનું બળ ઉત્તમોત્તમ ગણાય છે. આર્યાવર્તમાં ધર્મ શ્રદ્ધાનું બળ જે કરવા સમર્થ થશે તે અન્યથી થવાનું નથી. ધર્મ શ્રદ્ધાનું બળ દેશનું અને જાતનું રક્ષણ કરે છે. તેનો જે તિરસ્કાર કરે છે તે અન્યથી તિરસ્કાર પામે છે અને દેશની અધઃપતન દશામાં મદદગાર બને છે. ગમે તે ઉપાયે ધર્મ શ્રદ્ધાનું બળ વધારવું જોઇએ અને તેનાં રહસ્યો સારી રીતે સમજવાં જોઇએ. ધર્મ શ્રદ્ધાનું બળ પોતાના સમજવામાં ન આવે ત્યાંલગી એકદમ તેનું ખંડન કરવા બેસી જવું નહીં. ધર્મ શ્રદ્ધાના બળનું માહાત્મ્ય અમુક પ્રકારના જ્ઞાનની અનુભવ યોગ્યતા પ્રાપ્ત થતાં સમજાય છે. સર્વ-જનોવડે માન્ય એવી ધાર્મિકશ્રદ્ધા વડે ધર્મની ઉપાસના કરનારાઓ આગળ વધ્યા કરે છે અને અન્યને પણ હાથ ઝાલીને આગળ વધારે છે. ધાર્મિક શ્રદ્ધા બળથી સમાજ ઉભો કરાય છે, અને એ સમાજ એક ઉન્નતિની દિશાએ પોતાનો પ્રવાહ અર્પે છે. આર્યાવર્તમા ધર્મ શ્રદ્ધાનુ બળ અન્તે સર્વ દેશના લોકોને પોતાનો પ્રકાશ આપશે.

પોતાના સંબંધી કોઇ ગમે તેવો અભિપ્રાય બાંધે તે સંબંધી જરા માત્ર લક્ષ ન દેતાં પોતાના સત્ય માર્ગે વહ્યા કરવું એજ કાર્ય યોગી થવાનો મૂળ મંત્ર છે. જગત્ પોતાના સંબંધી સારૂં ખોટું શું કહે છે એવું જાણવા પ્રયત્ન કરવાના બદલે સદ્ગુણોના માર્ગે પ્રવૃત્તિ કર્યા કરવી એ અનન્ત ગણું ઉત્તમ કાર્ય છે. સ્તુતિ અને નિન્દાના શબ્દો સાંભળતાં છતાં પણ તે તરફ અલક્ષ કરીને ઉત્સાહથી પોતાની ફરજો બજાવવા સદા તત્પર રહેવું એજ ક્રિયા યોગી બનવાનો મુખ્યોપાય છે. આપણે જગતના અભિપ્રાયો સાંભળીને હર્ષશોકમાં જીવન ગાળવા જન્મ્યા નથી. પણ પોતાનું તથા અન્યોનું શ્રેયઃ કરવા પ્રવૃત્તિ કરવી તે માટે જન્મ્યા છીએ. આત્માના મૂળધર્મ તરફ લક્ષ રાખીને જગતમાં શુભ કરણી જેઓ અલિપ્તપણે કરે છે તેઓ રાજયોગને આચારમાં મૂકનારા અવબોધવા. પોતાની ગમે તેવી ટીકા કરનારાઓ તરફ લક્ષ ન દેતાં સત્ય માર્ગમાં સ્થિર રહીને ઉમંગથી કાર્ય કરનારાઓ વિજય વરમાળાને પ્રાપ્ત કરે છે. પોતાના સંબંધી ગમે તેવી અફવાઓ ઉડે તેથી ગભરાઇ જવું નહિ અને પોતાની ફરજો અદા કરવામાં ડરકુઓ બનવું નહિ. પોતાના કાર્યમાં ભૂલ ન થાય અને પોતાની ઉન્નતિમાં વૃદ્ધિ થાય છે કે નહિ ? તે તરફ દૃષ્ટિ દેઇને આગળ વધવાની જરૂર છે. શરીરની સાથે જે રોગોનો સંબંધ છે તદ્વત્ શુભ કાર્યોની સાથે વા શુભ વિચારોની સાથે વિઘ્નોનો સંબંધ દુઃખો વેઠયા વિના, વિઘ્નો સહ્યા વિના, અનેક અફવાઓ સહન કર્યા વિના ઉત્તમ કાર્યોની સિદ્ધિ થતી હોત તો તેની અમૂલ્ય ઉચ્ચતાનો ખ્યાલ ખરેખર મનુષ્યોના મનમા આવી શકત નહિ. રાજયોગી સહેજે બની શકાતું હોત તો રાજયોગની મહત્તા ગણી શકાત નહિ. સદ્ગુણો અને પોતાની શુભ ફરજો માટે લક્ષ રાખીને પોતે આગળ વધવું જોઇએ

× × × ×

પોતાના આત્માને પરમાત્મા માનીને જગત્ના બંધનોને ભૂલી જવા પ્રયત્ન કર ! મોહથી સર્વ પ્રકારના બંધનો ઉત્પન્ન થાય છે. મોહના વિકલ્પો ટળતાં આત્મા પોતે પરમાત્મરૂપે પ્રકાશે છે. સર્વ જડ વસ્તુઓમા થતી ઇચ્છાઓ નષ્ટ થતાં આત્મશક્તિનો પ્રકાશ થવા માંડે છે. વાસનાઓના દાસ બનવાથી

સત્તાવંત સારા. અને અધર્મી જીવો અસત્તાવંત સારા. ધર્મીજીવો દીર્ઘ આયુષ્યવાળા સારા અધર્મીજીવો અદીર્ઘ આયુષ્યવાળા સારા. ધર્મીજીવો શાસનકર્તા સારા અને અધર્મીજીવો અશાસન કર્તા સારા તથા ધર્મીજીવો વક્તા સારા અને અધર્મીજીવો અવક્તા સારા. ધર્મીજીવો કવિયો થયા હોય તો સારા તથા અધર્મીજીવો અકવિયો સારા. ધર્મીજીવો લેખકો સારા અને અધર્મીજીવો અલેખકો સારા. ધર્મીજીવો ઔત્પાતિકી આદિ ચાર પ્રકારની બુદ્ધિવાળા સારા અને અધર્મીજીવો ચાર પ્રકારની બુદ્ધિ રહીત હોય તો સારા. ધર્મી એવા રાજાઓ સારા તથા અધર્મીજીવો રાજ્ય પદવી વિનાના સારા. ધર્મીજીવો ધૈર્યવંત સારા અને અધર્મીજીવો અધૈર્યવંત સારા. ધર્મીજીવો યોગબળવાળા સારા અને અધર્મીજીવો શક્તિવિનાના સારા. ધર્મીજીવો લાગવગવાળા સારા અને અધર્મીજીવો લાગવગ વિનાના સારા. પાપી જીવો અબોલા સારા અને ધર્મીજીવો બોલતા સારા. પાપી જીવો પોતાની શક્તિયોના પાપની વૃદ્ધિમા ઉપયોગ કરે છે અને તેથી તેઓ ઉંઘતા હોય તો હિંસા વગેરે પાપકર્મ કરી શકતા નથી અને અન્યજીવોને પરિતાપ પણ કરી શકતા નથી. ધર્મીજીવોની સર્વ શક્તિયો ધર્મની વૃદ્ધિ અર્થે હોય છે. જ્ઞાની એવા ધર્મીજીવોની સર્વ શક્તિયો સંવર હેતુભૂત થાય છે તેમજ નિર્જરાર્થ થાય છે. જ્ઞાની એવા ધર્મીજીવોને સહાય આપવાથી પુણ્ય અને નિર્જરા થાય છે. ધર્મીજીવોને આપેલું દાન ઉત્તરોત્તર મુક્તિ ફલપ્રદ થાય છે. સાત ક્ષેત્રમા દાન વાપરવાથી આત્માની શુદ્ધતા થાય છે. ધર્મીજીવોને મદદ કરવી અને ધર્મીજીવોની સેવા કરવી. અધર્મીઓને ધર્મી બનાવવા પ્રયત્ન કરવો.

× × × ×

અહં અને મમત્વનો દાસ બનેલો મનુષ્ય પોતાના આત્માની ખરી સ્વતન્ત્રતા ઓળખી શકતો નથી અને પ્રાપ્ત કરી શકતો નથી. મનની વૃત્તિના તાબે થએલો આત્મા પોતાનું સત્ય સુખ પ્રાપ્ત કરી શકતો નથી. વાસનાઓ, ઇચ્છાઓ, તૃષ્ણાઓ વગેરેના તાબે થનાર મનુષ્ય પોતાના આત્માને ગરીબ કરે છે અને છતાં સુખે દુઃખી બને છે. પોતાને અમલતોથી માનીને આત્માઓ બ્રાન્ત બને છે. પૌદ્ગલિક વસ્તુની આશાઓને દબાવ્યા વિના આત્મા

[illegible]

કરવામાં વૈરાગ્ય એ પુષ્કરાવર્ત મેઘ સમાન છે. મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ કરાવનાર વૈરાગ્ય છે. વૈરાગ્ય એ આત્મસુખની વધાઈ છે. દરેક જીવને પોતપોતાની જ્ઞાન-દષ્ટિના અનુસારે વૈરાગ્ય પ્રગટે છે. સર્વ જીવોને પોતપોતાના અધિકાર પ્રમાણે વૈરાગ્ય પ્રગટે છે તેમાં ખંડન કે મંડન શું કરવું. પોતાની જીંદગી ફેરવવા માટે વૈરાગ્ય પ્રગટે છે, માટે તેનો પ્રાદુર્ભાવ થતાં તેને વધાવી લેવો જોઇએ. આત્માની દશા સુધારવા માટે વૈરાગ્ય એ મહોત્સવ છે. કોઇ જીવને વૈરાગ્યથી પાછળ પાડવો નહિ. વૈરાગ્યમાં પણ તેની પક્વદશાએ આનન્દ રસ અનુભવાય છે એમ પોતાનો અનુભવ સાક્ષી પૂરે છે. રાગના વખતમાં વૈરાગ્યપ્રગટે એ ઉત્તમ વેળા જાણવી. મનુષ્યોને સામાન્ય વૈરાગ્યથી ઉત્તમ વૈરાગ્ય તરફ લઇ જવા પણ તેઓને ઉભય ભ્રષ્ટ કરવા નહિ. પંચમ કાળમાં પંચવિષયથી દુઃખી થએલા જીવને વૈરાગ્યનો ખરેખરો આધાર છે. રાગીઓ વૈરાગ્યને જાણ્યા વિના તેની અવગણના કરે તેથી વૈરાગ્યની દશા ન્યૂન થતી નથી. વૈરાગ્ય કારક પુસ્તકો કરતાં વૈરાગીઓની સંગતિ કરવાથી ઓર પ્રકારના વૈરાગ્યનો લાભ મળે છે. સજીવન વૈરાગ્ય પ્રાપ્ત કરવાને ઉત્તમ વૈરાગીઓ સજીવન મૂર્ત્તિઓ છે. તેમનો યોગ મળે તો પુસ્તકો મૂકીને પહેલું તેમની પાસે જવું. વૈરાગીના મુખમાંથી નીકળેલા શબ્દો એ સજીવન વૈરાગ્ય મંત્રો છે. દરરોજ ઉચ્ચ કોટીના વૈરાગ્યમાં હે આત્મન્ તું પ્રવેશ કર !

× × × ×

પોતાના ઉપર વિપરીત દષ્ટિથી જોનારા જીવો ઉપર પણ વિપરીત દષ્ટિથી નિરીક્ષવું નહિ. અન્યોની વિપરીત દષ્ટિ દેખીને પોતાના આત્માની વિપરીત દષ્ટિ કરવી એ કોઇ રીતે યોગ્ય નથી. સ્વધર્મ મૂકીને પરજીવોની વિપરીત દષ્ટિનું અનુકરણ કરવું નહિ પણ ઉલટું અન્યજીવોને શુદ્ધધર્મ બનાવવા પ્રયત્ન કરવો. વિપરીત સંયોગોમા આત્માના શુદ્ધધર્મ તરફ દષ્ટિ દેઇને જે તે નિર્લેપભાવે કર્યાં કરવું એજ આત્માની ખરી કસોટી છે. દુઃખ લજ્જાનાં વાદળ કલ્પીને તેમાં આત્મારૂપ સૂર્યે ઢંકાવું જોઇએ નહિ. ભય એ આત્માનો મૂળ ધર્મ નથી. ભય એ ક્ષણિક છે અને તે મન, કલ્પનાથી ઉભો થાય છે. જે ભયથી કદિ શાન્તિ મળતી નથી તે ભયથી આત્માએ શા માટે સંબંધ રાખવો જોઇએ. ગમે તેવી પણ ભયની કલ્પનાઓ પરિહરવા યોગ્ય છે. ભવિષ્યના દુઃખોની કલ્પના કરીને વર્તમાનકાળમાં

જ્ઞાનમય આત્મા ખરેખર પોતાના શુદ્ધ ધર્મનો પ્રથમ સંસ્થાપક બને છે. અધ્યાત્મ દૃષ્ટિમાં ઉત્તમ એવું નાભિ ધ્યાન દ્વારા ઉત્પન્ન થનાર અપૂર્વ જ્ઞાનની પ્રાપ્તિથી મોક્ષનો માર્ગ ખુલ્લો થાય છે. નાભિમાં ધારણા ધ્યાન ધરવાથી નરક અને તિર્યઞ્ચ ગતિનો માર્ગ બંધ પડે છે અને મનુષ્ય દેવ તેમજ મોક્ષનો માર્ગ ખુલ્લો થાય છે. નાભિમાં આત્માનું ધ્યાન ધરતાં અશુભ કર્મો ખરી જાય છે અને ઘણાં વિઘ્નો ટળે છે. નાભિમાં ધ્યાન ધરીને પરમાત્માને ખીલવ્યા વિના ધ્યાનની સ્થિરતા થતી નથી માટે પ્રથમ ધ્યાનની પીઠિકાભૂત નાભિનું ધ્યાન સિદ્ધ કરવું. નાભિનું ધ્યાન સિદ્ધ થયું એમ અપૂર્વ આનન્દની ઘેન આવે ત્યારે જાણવું. નાભિના વિચારોની સાક્ષી એ કોઇપણ નિર્ણયમાં ખરી સાક્ષી છે. નાભિમાં ધ્યાન ધરવાથી આ[illegible] છે.

×

કાર્તિક શુક્લ પુર્ણિમાના દિવસે ધર્મ વિચારોને સહાય મળે એવું શુભ માનસિક પુદ્ગલોનું તીર્થાદિ ભૂમિઓમાં પ્રગટન, સમુદ્રમાં ભરતીની પેઠે ધર્મના પ્રભાવે થાય છે તેથી તે દિવસે આર્ય જૈનોએ ધર્મના વિચારો અને ધર્મની ક્રિયાઓમાં વિશેષતઃ જીવન નિર્ગમન કરવું. પર્વતાદિની ગુફાઓમા શિલાઓ ઉપર પદ્માસન વાળીને ધ્યાન ધરવું. પ્રભુની ભક્તિમાં તન્મય બની જવું. પર ભવના આયુષ્યનો બંધ પણ તીર્થના દિવસે પ્રાયઃ થાય છે. મન્દિરોમાં, ઉપાશ્રયોમાં, નદીના કાંઠે, જંગલના પવિત્ર પ્રદેશમાં સાધુઓએ ધ્યાનારૂઢ થઇ જવું. મનની ચંચળતા વારીને ધ્યેય એવા આત્માના સ્વરૂપમાં ઉંડા ઉતરી જવું. જે પવિત્ર સ્થળમાં ઘણા મહાત્માઓએ ધ્યાન ધર્યું હોય તેવા સ્થાનમાં જવું અને શાન્ત ચિત્તથી પરમાત્માનુ ધ્યાન ધરવું. કોઇને ધ્યાનમા વિઘ્ન કરવું નહિ. ભક્તિના અધિકારીઓએ પોતાની શુદ્ધિ કરવા ચિત્તની પ્રસન્નતા વધતી જાય તેવી રીતે દેવ ગુરૂ સંઘ વગેરેના ભક્તિમા મન વચન અને કાયાથી પરિણમવુ. પવિત્ર તીર્થ પ્રદેશોમા ધ્યાનીઓએ મમત્વ ભાવનો ત્યાગ કરવા સંબંધી સંકલ્પ કરવો પશ્ચાત્ અત્રસ્થાનમા વા અન્ય કોઇ સ્થાનમાં ઉત્તમ ધ્યાન કરવા યોગ્ય કોઇ શુભ મનની વર્ગણાઓ હોય તે મને સહાયકારી થાઓ એવો સંકલ્પ કરવો. આત્માને આત્મભાવે અનુભવું એવી ઉચ્ચ મારી ધ્યાન દશા પ્રગટ થાઓ એવો દૃઢ સંકલ્પ કરીને

ક્ષણે શક્તિ ધરાવતો જન. પોતાના શુદ્ધ ધર્મની દૃષ્ટિથી તને સર્વ જીવો પોતાના તરફના અને પોતાના સમાન લાગશે અને તેથી સર્વ જીવોની સાથે આત્મભાવે અભેદ થશે. પોતાના શુદ્ધ ધર્મમાં સર્વ સમાયું છે એવો દૃઢ ભાવ ક્ષણે ક્ષણે એટલો બધો વધારવો જો કે શરીરના ધર્મોમાં અહંવૃત્તિ ઝુરે છે તે સર્વનું મૂળ પણ ટળી જાય. પૂર્વની પેઠે શારીરિક ધર્મોમાં અહંત્વ અને મમત્વ ન થાય એવી રીતે આત્મશુદ્ધ ઉપયોગમાં વર્તે. પોતાના શુદ્ધધર્મે પરિપૂર્ણ પરિણમન થાય તાવત્ આત્મધ્યાનથી અન્તરમાં પ્રવૃત્તિ કરે અને આગળ ચાલે.

બાહ્યજીવો રાગદ્વેષની વૃદ્ધિ અર્થે પોતાની શક્તિનો ઉપયોગ કરે છે માટે તેઓનું બાહ્યવીર્ય ગણાય છે. અભવ્ય જીવોને અનાદિ અનંતમા બાહ્ય બાહ્યવીર્ય હોય છે. ભવ્યજીવોને અનાદિ સાંત અને બાહ્ય વીર્ય હોય છે. જ્ઞાનિઓને સાદિ સાંત અને પંડિત વીર્ય હોય છે. અજ્ઞાનિજીવોનું વીર્ય હિંસા, જૂઠ, ચોરી, કામભોગ, આસક્તિ વગેરેમાં વપરાય છે. પાપકર્મક શાસ્ત્રો અને શસ્ત્રોમાં જે વીર્યનો વ્યાપાર થાય છે તે બાહ્યવીર્ય જાણવું. પરજડ વસ્તુઓની પ્રાપ્તિ માટે જે શક્તિયો વાપરવી પડે છે તે બાહ્ય વીર્ય અવબોધવું. બાહ્ય અર્થાત્ અજ્ઞાનિજીવો પોતાના વીર્યથી સંસારમાં કર્મબંધન કરીને બંધાય છે.

જ્ઞાની પુરૂષો સંવર અને નિર્જરાની પ્રાપ્તિમાં આત્મશક્તિનો ઉપયોગ કરે છે. જ્ઞાની મનુષ્યોનું વીર્ય પોતાના આત્માના ગુણોની પ્રાપ્તિ અર્થે પરિણમે છે. કર્મબન્ધનના હેતુઓથી જ્ઞાનિઓનું વીર્ય છૂટું પડે છે જ્ઞાની પોતાના વીર્ય વડે કષાયો ઉપર જય મેળવે છે, અને તે મૂલતની પેઠે [illegible]

વૃત્તિથી જાગતો નથી પણ તેમાં તો તે ઉંઘે છે. આત્માના જ્ઞાનાદિ ધર્મને આત્મધર્મ તરીકે ઓળખીને તેમાં ધર્મની શ્રદ્ધા ધારણ કરે છે.

× × × ×

પોતાના આચારો અને વિચારો અને પોતાની જીંદગી તરફ લક્ષ આપવાથી પોતાના આત્માને ધર્મતરફવાળી શકાય છે. પોતાના આત્માને કયું કાર્ય સારૂં કર્યું અને કયું કાર્ય ખોટું કર્યું તેના પ્રશ્નો પુછીને તેના ઉત્તરની રાહ જોવી. પોતાની જીંદગી સુધારવાના પ્રશ્નો પોતાના આત્માને પુછવા અને તેનો ઉત્તર નાભિમાંથી નીકળે અર્થાત્ પોતાનો આત્મા ખરી રીતે આપે તે માટે રાહ જોવી એમ કલાકોના કલાકો પર્યન્ત પ્રશ્નો પુછીને ઉત્તર મળવાની આશાના વિચારોમાં પ્રવૃત્ત થવાથી દૈવીશક્તિની પેઠે અંતરથી જીંદગી સુધારવાના વિચારો પ્રગટે છે, અને પોતાની જીંદગી સત્યના રૂપમાં ફરી જાય છે. મોટા વિદ્વાનોની શિખામણથી જે અસર થતી નથી તે અસર આ પ્રમાણે દર્શાવેલા અનુભવથી થાય છે. પોતાના આત્માને સત્ય પુછવું કે જેથી અન્તરથી સુમતિ પ્રગટી શકે. પોતાના આત્માને પ્રશ્નો પુછીને જીંદગી સુધારનારા એવા ઘણા મનુષ્યો અમુક બાબતમાં અવલોકવા કરે છે. ખરા વિશ્વાસથી પરમાત્માની પેઠે પૂજ્ય ધારીને પોતાના આત્માને પુછવાથી યોગ્ય વખતમાં પોતાનું રૂપ બદલાઇ જાય છે. પોતાના આત્માને સુધારવામાટે વારંવાર આ પ્રમાણે પ્રવૃત્તિ કરવાની જરૂર છે. જ્ઞાનિમનુષ્યોએ પોતાના આત્માનું ધ્યાન ધરીને સહજાનન્દ પ્રાપ્ત કર્યો છે. ખરામાં ખરા કર્તવ્ય સંબંધી પ્રશ્નો પુછવાથી પ્રથમ તો સમુદ્રમાં હોડીના પેઠે પોતાનો આત્મા હાલડોલા કરતો હોય એવો જણાય છે. પશ્ચાત્ અન્ય જ્ઞાન પ્રકાશ વડે પુછેલી બાબત ઉપર અજવાળું પડે છે પાપી મનુષ્યોની જીંદગી પણ આ પ્રમાણે વર્તવાથી ધર્મના રૂપમાં બદલાઇ જાય છે પોતાનો આત્મા પોતાને સત્ય તરફ વળવાનું જણાવે છે પણ શાન્ત ચિત્તથી અન્તરના વિચારધ્વનિ શ્રવણ કરવાની જે મનુષ્યો દરકાર કરતા નથી, તે સત્યનો માર્ગ પ્રાપ્ત કરી શકતા નથી. વિદ્વાનો પોતાના આત્માને વિંકળ્યા પ્રશ્ન પુછીને પોતાને અજવાળાનો માર્ગ દેખે છે અને પરમાત્મપદમાં વાસ કરે છે

× × × ×

સંયમના પુસ્તકો વાંચવાથી સંયમનું જ્ઞાન થાય છે પણ સંયમનો ખરો અનુભવ તો ચારિત્ર લીધા બાદ મળે છે. ધૈર્યનું પુસ્તક વાંચવાથી ધૈર્યનું જ્ઞાન થાય છે, પણ ધૈર્યના વખતે ધૈર્ય રાખતાં જે જે વિપત્તિઓ આવી પડે છે તે વખતે અડગ રહેવાથી ધૈર્યનો અનુભવ મળે છે. વૈરાગ્યના પુસ્તકો વાંચવાથી વૈરાગ્યનું સ્વરૂપ સમજાય છે. પણ વૈરાગ્યનો અનુભવ તો વૈરાગ્ય જ્યારે હૃદયમાં પ્રગટે છે ત્યારે થાય છે. પ્રેમના પુસ્તકો અને પ્રેમના વર્ણનોથી કંઈ ખરો પ્રેમનો અનુભવ મળતો નથી પણ ખરો પ્રેમ તો આપ, [illegible], અને ખરી વખતે કાર્યો કરવાથી માલુમ પડે છે. અધ્યાત્મના પુસ્તકો વાંચવાથી અધ્યાત્મસંબંધી જે કંઈ વિચારો આવે કહેવાય વા બોલાય તેના કરતાં આત્મામાં અધ્યાત્મ પરિણતિ જાગ્રત્ થયાથી જે કંઈ અનુભવ આવે છે. કહેવાય છે, બોલાય છે. તેમાં સત્યતાનું ભાન રહે છે, વિચારીને કાર્યમાં મૂકીને અનુભવ લીધા બાદ પારિણામિક બુદ્ધિ ઉત્પન્ન થાય છે. વૃદ્ધોમાં પારિણામિક બુદ્ધિનો અંશ વિશેષ ભાગે રહેલો હોય છે તેથી નવા સાધુઓને ગુરૂકુલ વાસમાં સ્થવિરોની પાસે મૂકવામાં આવે છે કે જેથી તેઓ સંયમ માર્ગમાં સ્થિર થઈ શકે છે. અનેક અનુભવો જેઓએ મેળવ્યા છે એવા વૃદ્ધોના હૃદયમાં અનેક શાસ્ત્રોના, આચારોના અને વિચારોના નિચોડ ભર્યા હોય છે તેથી તેઓની સેવા કરનારા મનુષ્યોને વૃદ્ધોના વચનો અને અનુભવો તે લાભરૂપ થઈ પડે છે. ગીતાર્થ સાધુઓ ચારિત્ર પાળીને અનેક પ્રકારના અનુભવો મેળવી શકે છે, તેથી તેઓની સેવા કરીને તેમનું હૃદય લેવું જોઈએ. [illegible] વિચારો પણ એક અનુભવી વિચારોને પહોંચી શકતા નથી. અનુભવી વૃદ્ધ પુરૂષોનો અનાદર કરવો એ દેશના, સમાજના અને જ્ઞાતિના ધર્મસંઘના પતનનું ચિહ્ન છે. જે આયતનમાં જેણે ઘણો અનુભવ મેળવ્યો હોય તે આયતનમાં તેના બોલ ઉપયોગી થઈ પડે છે. ઘણા અનુભવના વિચારોથી તે તે કાળમાં તે તે મનુષ્યોની વૃત્તિઓના અનુકૂળ આચારો [illegible] સમાજ પરિવર્તન સારૂ [illegible] પરિપૂર્ણ પરીક્ષા કરી વિચારોને આચારમાં મૂકવા. દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવપ્રમાણે કાલના સાથે [illegible] તેમ [illegible] આત્મન્ ! [illegible] સમર્થ [illegible] આ અમુક મનુષ્ય [illegible] કરી [illegible] વિચાર કર નહિ. સમસ્ત [illegible] ઉપયોગ [illegible] શુદ્ધ પ્રેમ [illegible] વિચારોમાં, આચારોમાં, ધર્મોમાં, કાર્યોમાં

મનુષ્ય કદી સુખનો માર્ગ શોધી શકતો નથી માટે ગાડરીયા પ્રવાહનો ત્યાગ કરીને સત્યની પ્રાપ્તિ માટે આત્મભોગ આપવાની જરૂર છે અને જગતને સત્યના પ્રકાશમાં લાવવાની જરૂર છે.

× × × ×

પરસ્પર ભિન્ન જાતીય વિચારોનાં સંઘર્ષણ સમયે અન્તરૂમાં અને બાહ્યમાં ક્ષોભ પ્રગટેલો જણાય છે. કિન્તુ પશ્ચાત્ તેમાંથી સત્ય તરી આવે છે ત્યારે અન્તરૂમાં અને બાહ્યમાં શાન્તિ પ્રસરે છે. ભિન્ન ભિન્ન વિચારો પોતાનું પ્રાબલ્ય સ્થૂલ પર અજમાવવા પ્રયત્ન કરે છે, અને તેમાંથી કેટલાક વિચારોનું પ્રાબલ્ય કાયમ રહે છે અને કેટલાક ટળી જાય છે. દરેક વિચાર પોતાના યોગ્ય એવો આશ્રય પામીને જીવતો રહે છે. શુભાશુભ વિચારોના આશ્રયો, દ્રવ્ય ક્ષેત્રકાલની અપેક્ષાએ ભિન્ન ભિન્ન ગણી શકાય છે. પોતાના મનમાં ક્ષણે ક્ષણે જે જે વિચારો પ્રગટે છે તે કયાક યા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનો આશ્રય કરે છે. તેના સંબંધી ઉપયોગ મૂકવામા આવે તો આત્મોપયોગના બળે પ્રતિદિન અવધાન શકિતમાં વૃદ્ધિ થતી જાય. આત્મોપયોગ મૂકવામાં મનની સ્વસ્થતા જોઇએ અને તેમજ સમાન વૃત્તિથી મગજને કેળવવું જોઇએ. સમાન વૃત્તિથી મગજ કેળવ્યું કયારે ગણાય કે જ્યારે આચારોમા કાર્યોમા પ્રવૃત્તિ કરતા અન્તરૂમા સમાન વૃત્તિ રહી શકે. મગજની સમતોલતા સંરક્ષીને અધિકાર પરત્વે જે જે કાર્યો કરવામા આવે છે ત્યારે અનેક વિચારોના પ્રવાહમાથી સત્ય વિચાર પ્રકાશ ત્વરિત આગળને આગળ માર્ગ દર્શાવતો રહે છે. કોઇ પણ કાર્ય સંબંધી વા કાર્ય કરતા પુર્વે જે જે પરસ્પર વિરોધી વિચારો સમુદ્ભવે તત્સમયે મગજની સમતોલતા હોય છે તો સત્યની દિશાને દ્રષ્ય સ્વય દર્શાવવા સમર્થ થાય છે, અને સત્યનો પ્રકાશ ત્વરિત કાર્યોના ઉપર પડે છે. મગજની સમતોલતાથી વાણી અને કાયાના કાર્યોમા એક નવ્ય બળનો પ્રાદુર્ભાવ થએલો જણાય છે. વિચાર નિર્ણયપૂર્વક કાર્યનિર્ણય પ્રવૃત્તિઓમ સાધનારા મનુષ્યો વસ્તુતઃ કસ્યકાદિના અનુપ છે અને તેઓના હ્રદયમા જ્યા ત્યાથી સત્યજ્ઞાન હેતુઓ પ્રસરી શકે કે એમ કથવું એ વસ્તુસ્થિતિના નિશ્ચયાર્થે યોગ્ય ગણાય છે. પોતાના હ્રદયમા દ્રવ્ય ક્ષેત્ર, કાલ અને ભાવયોગે ઉદ્ભવતા પરસ્પર વિરૂદ્ધ વિચારો અને તેનુ નિર્ણયાર્થ થતુ સંઘર્ષણ

મહત્વ રહ્યું હોય છે, તેઓ સૂક્ષ્મ બોધના અધિકારી થતા નથી. ઉપદેશકપર શ્રદ્ધા ભક્તિ વિના શ્રોતાઓને શ્રવણની સફલતા થતી નથી. મનુષ્યોની ચેષ્ટાઓથી જે મહાત્મા તેઓના હૃદય વિચારોની પરીક્ષા કરી શકે છે તેજ મહાત્મા પોતાના ઉપદેશ કાર્યમાં વિશેષતઃ વિજયવંત નીવડે છે. મન-વાણી અને કાયાની ચેષ્ટામાં એકતા જેઓની હોય છે તેવા ઉપદેશક પોતાના વિચારોને શ્રોતાઓના હૃદયમાં વિદ્યુત્ વેગે ઉતારી શકે છે. આત્માના ગુણોની પ્રાપ્તિમાં ઉપદેશકે લક્ષ દેવું. પોતાના ગુણો વડે જે આકર્ષાઈને આવે છે તેઓ ત્વરિત ઉપદેશ રહસ્ય પ્રાપ્ત કરી શકે છે. સાકરમાં ગળપણ છે તો કીડીઓ પોતાની મેળે સાકર પાસે આવે છે.

× × × ×

ઉત્સાહ અને આનન્દથી જે જે કાર્ય કરવામાં આવે તેમાં એકતાન બનવું જોઇએ. ઉત્સાહ અને આનન્દ એ બે કાર્ય વિજયના શુભ ચિન્હો છે. ઉદારભાવ, ખંત અને આત્મભોગ વિના કાર્યમાં વિજય મળતો નથી. જલમાં પરપોટા ઉદ્ભવે છે તેની પેઠે મનમાં અનેક કાર્યો કરવાના વિચારો ઉદ્ભવે અને લય પામે તેમજ કાર્યારંભમાં જરા પ્રવૃત્તિ થાય અને જરા ઉપાધિ-દુઃખો આવતાં પાછું હઠાય અને વારંવાર સંકલ્પો ફેરવવા પડે એવી જેની વિચાર અને આચાર દશા છે તે મનુષ્ય પોતાના આત્માનો પોતે ઘાત કરે છે અને જગતનો પોતાના પ્રતિનો વિશ્વાસ ખુવે છે. જે કાર્ય કરવા ધારેલું હોય તેનો વિચાર એકદમ જાહેર કરવો નહિ. જે કાર્ય કરવામા અન્ય તરફથી વિઘ્ન નડે તેનો પ્રકાશ, વિઘ્નકારકોની આગળ ન કરવો જોઇએ. ધર્મ-કાર્ય કરવામા મગજની સમતોલતા, અભયતા અને અખેદ એ ત્રણ ગુણ તો અવશ્ય હોવાજ જોઇએ. પોતાનું કાર્ય કરવામા ચારે તરફના સંયોગોમા જે જે સાનુકૂળ સંયોગો હોય તેવા આલંબનોનું અવલંબન કરીને પ્રતિકૂલ સંયોગોની સામે ઉપયોગ પૂર્વક અપ્રમત્તપણે ઉભા રહેવું જોઇએ. હૃદય-વાણી અને કાયાને પરવશ કરીને કોઇ મનુષ્ય કદી મહાન્ બન્યો નથી અને ભવિષ્યમા કોઇ દિન મહાન્ બનનાર નથી. પોતાના અધિકારપરત્વે કરવા ધારેલા કાર્યોમા પોતાની સ્વતંત્રતા કોઇ દિન ખોવી નહિ અને પારકાના દાસ બનીને કરવા માડેલું કાર્ય પડતું મૂકવું નહિ. કરવા માડેલું કાર્ય પડતુ મૂકવાથી આત્માનું

૧. મનુષ્યોએ જે મનુષ્યો દર કરે છે તે મનુષ્યો ભાઈ પુરા ભરી શકે છે. મનુષ્યની મર્યાદા રાખીને નૈતિકવિકાસ કરવાથી હાનિ થતી નથી. મનુષ્યોએ આત્મગુણોથી ઉન્નતિના સર્વ પ્રકારનો અનુભવ મેળવીને આ-ત્મોન્નતિ કરવી. કરવાની તાની પુરૂષે પ્રમાણિકપણે અનુસરવું છે એમ દર નિશ્ચય કરવા પણ શાંત ધૈર્ય કરીને પગલું ભરવા પ્રયત્ન કરવો અનુભવની દ્રષ્ટિએ ગમન કરવું.

૨. કોઈ મનુષ્ય પોતાના વિચારોને પ્રકટ કરવાની આશા ધારણ કરે છે. પોતાના વિચારો અન્યની આગળ કહ્યા વિના પ્રકટ થતા કોઈને જણાતું નથી. પોતાના વિચારોને ઉદ્ગારો વડે જાહેર કરવાનું વલણ દરેક મનુષ્યનું હોય છે, અને તેથી વિચારોને દર્શાવવાની 'માનસિક દશાનું' નિરીક્ષણ આ-દેથી થાય છે. દરેક મનુષ્યો પોતાના હૃદયમાં ઉત્પન્ન થએલા વિચારો અન્યને કહે છે તે વિચારોવડે તેનાસ્નું ભાન તથા આભ્યંતરિક ચારિત્ર કેવું છે તે અનુમાનો વડે પ્રાયઃ નિર્ણીત થઈ શકે છે. કોઈ જનના ભેદ ભાવના કેટલુંક મનુષ્ય કોઈની આગળ પોતાનું હૃદય ખાલી કરે છે અને તે અનુ-સાર અન્ય છે માટે તે ઉપરાંતર લઈ કોઈની આત્મદશાનું અવલોકન કરવામાં આવે તો તેનામાં કયા કયા ગુણો ખીલ્યા છે તે સહજ જાણી શકાય છે.

૩. બાહ્ય દૃષ્ટિના સ્થાનોના બહાર કોઈ મનુષ્યનું અમુક અંશે ખીલેલું મન છે. કોઈ મનુષ્યના મનમાંથી કપટ વિના જેવા ઉદ્ગારો નીકળે છે તે અવલોકનને તેનાથી કદ નાર ભાગ હોય તે સહજ કરેલા, બાકી અમુક બાબતની ઉપેક્ષા કરવી. માનસિક દૃષ્ટિના પણ વિના પ્રાયઃ નિર્ણયમાં આવી શકતા નથી. માનસિક વિચારોના અલ્પ ભાન પ્રાયઃ સ્થૂલ શરીર દ્વારા બાહ્ય દેખાય છે. એવા ધાર્મિકમનુષ્યોના વિચારોને અવલોકવા એ પણ દુષ્કર કાર્ય છે. પો-તાના સમાગમમાં આવનારા અનેક મનુષ્યો હોય છે તેઓની માનસિક દૃષ્ટિમાં અંતર્ દૃષ્ટિથી વિચારવું એ અતિશય જ્ઞાનીઓના હાથમાં છે. તે સમાગમમાં આવનાર મનુષ્યોના વિચારોમાં અને આચારોમાં ભેદતા વા અભેદતા કઈ કઈ બાબતોમાં કઈ કઈ અપેક્ષાએ કયા કયા અધિકાર પરત્વે છે, તેનો નિર્ણય કરનાર મનુષ્ય જ અમુક અંશે કોઈના ચારિત્ર સંબંધી ઉલ્લેખ કરવા સમર્થ થાય છે. વર્તમાન, ભૂતકાળના વિચારો અને આચારોના જ્ઞાનથી અમુક મનુષ્યનું ભાવિ ચારિત્ર્ય અમુક અંશે બની શકે એમ અનુમાન કરી શકાય છે. સમાગમમાં આવનાર પ્રત્યેક મનુષ્યના ખાનગી અને જાહેર આચારોનો અને વિચારોના ભેદઅભેદ વગેરેનું જ્ઞાન કરનાર મનુષ્ય નિરીક્ષક અમુક અંશે થાય છે.

× × × ×

[illegible] સંકુચિતવૃત્તિથી ઉદાર આત્મા પ્રેમમાં આગળ વધી શકતું નથી. [illegible] સ્વાર્થ દ્રષ્ટિએ જોવાથી મહાને સંકુચિતવૃત્તિ ન કહેવાય. ઉદાર આત્મા જ્યાં આત્મભાવ હોય ત્યાં મેરૂપર્વતનું ગ્રહણ ત્યાં સંકુચિતતા કરી શકાય છે. ગ્રાહ્ય માનવનુસારે અન્ય પોતા જીવાત્મ મહાત્માઓના સદ્ગુણો પ્રતિ ઉદાર તેમને સદ્વિચારોનો લાભ આપવા વગરોના રીતિએ તેમના મહાત્મ્ય આવ્યું એ ઉપકાર ગણી શકાય છે. બાહ્ય સ્થૂલ બાબતોમાં પણ તેવી રીતિએ ગુણાનુરાગ ઉદાર ભાવ ગણી શકાય. સ્વાર્થવૃત્તિ પ્રકૃતિમાં હાનિ ન થાય તેવી રીતે અન્ય આત્માઓ પ્રતિ ઉદાર ભાવથી વર્તવામાં આવે તો અન્યના વિચારો અને આચારોમાં સુધારો વધારો કરીને પોતાની ઉન્નતિ કરી શકાય છે.

દરેક મનુષ્ય ઉત્તમોત્તમ થવા ઇચ્છે છે. કિન્તુ ઉત્તમોત્તમ થવાની સામગ્રીઓ મેળવી આપનારા મોટા મહાત્માઓની ખોટ છે. દરેક મનુષ્યને સારૂં ગમે છે. શુભ ગમે છે. ઉચ્ચ થવું ગમે છે, પણ તેમને સારા વિચારો અને ઉપદેશ મેળવી આપનારા મનુષ્યો જે પ્રમાણમાં જોઇએ તે પ્રમાણમાં મળે તો દરેક મનુષ્ય વિદ્યુત્ વેગે પોતાની ઉન્નતિ કરી શકે. દરેક મનુષ્યને સતત શુભ સંગનો લાભ હોય તો અશુભ માર્ગમાં ગમન કરવાનો સમય ન આવે. મનુષ્ય ધારે તો સમાગમમાં આવનાર દરેક મનુષ્યના જીવન ચરિત્રમાંથી પણ શીખી [illegible] અને દરેક મનુષ્યને પોતાના જીવનનો શુભ લાભ આપી શકે. દરેક મનુષ્ય અન્યની [illegible] ન કરવાથી પોતાના આત્માને સુધારી શકે છે. મનુષ્યની [illegible] રાખ્યા વિના અધિકારપરત્વે ગુણોનો બોધ આપીને [illegible] ચઢાવવાનું કાર્ય કરનારા મહાપુરૂષોના હૃદય રસમાં [illegible] રહેલું [illegible] અમૃતનું પાન કરતાં આવડે તો દરેક મનુષ્ય પોતાના આત્માને અમર બનાવી શકે.

આપણા સમાગમમાં આવનાર દરેક મનુષ્યો કંઇક બુદ્ધિ અનુસારે [illegible] ગ્રહણ કરી શકે છે, અને આપણે પણ પોતાના [illegible] પાસેથી શુભાશુભ ગ્રહણ કરીએ છીએ કે, જે [illegible] રહેતી નથી. દરેક ઇન્દ્રિય દ્વારા મન વડે શુભાશુભ [illegible] ચાલુ રહે છે અને તે રાત્રી દિવસ ચાલ્યા કરે [illegible] વિવેકથી સર્વ તપાસવામાં આવે તો હૃદયમાં શુભ [illegible] શકાય છે. પોતાના હૃદય તરફ ઇન્દ્રિયો તરફ [illegible] ગ્રહાય છે તેનો ઉપયોગ રાખી પોતાના આત્માની શુદ્ધિ [illegible]

× × × ×

સુખાનંદ અને સુખ ક્રિયાથી અનન્ત [illegible] નથી. જે જ્ઞાન અને જે ક્રિયાથી અનન્ત સુખ પ્રાપ્ત થાય તેવા જ્ઞાન ક્રિયા. [illegible] વર્તમાન [illegible] છે અને [illegible] વચન [illegible] નથી. [illegible] જ્ઞાન ક્રિયાના [illegible] પ્રાપ્ત થશે. જે જે ક્રિયાઓ [illegible] અને [illegible] જ્ઞાન [illegible] અનુભવ [illegible] [illegible] કે અને [illegible] સુખાનંદ [illegible] નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વગેરે [illegible] ન [illegible] નથી. [illegible] [illegible] અનુભવ [illegible] અને નહિ. [illegible] ધર્માનુષ્ઠાન કરી વચને [illegible] એવી [illegible] પોતાના આત્માને [illegible].

× × × ×

આયુષ્યનો ક્ષય થવાનાં કારણો.

આઠ કર્મનો ઉપક્રમ થાય છે. જે અધ્યવસાયો વડે સોપક્રમ કર્મબન્ધ પડેલો હોય છે તેનો ઉપક્રમ સામગ્રીએ નાશ થાય છે. જે અધ્યવસાયો વડે નિરુપક્રમ કર્મ બંધાય છે તેનો ઉપક્રમથી નાશ થતો નથી. આયુષ્યનો ઉપક્રમ કહે છે.

> **अज्झवसाण निमित्ते, आहारे वेयणा पराघाए ।**
> **फासे आणापाणू, सत्तविहं भिज्जए आउं ॥२०४१॥ विशेषावश्यके।**

અતિ હર્ષ, અતિ ખેદના અધ્યવસાયથી આયુષ્ય ભેદાય છે. કારણ કે તેથી અતિશય હૃદય સંરોધ થાય છે. રાગ સ્નેહ ભયના ભેદથી અધ્યવસાયના ત્રણ ભેદ થાય છે. એક સ્ત્રી એક યુવકને જલપાન કરાવતી હતી તેના ઉપર અત્યન્ત રાગિણી બની. જલપાન મૂકતાજ તે અતિ રાગાધ્યવસાયથી મરણ પામી. અન્યત્ર તો અતિ સ્નેહથી જૂઠી પતિની મૃત્યુવાર્તા શ્રવણ કરીને મરણ પામી અને તેનો ભર્તા પણ સ્ત્રી મરણની અમંગલ વાર્તા સાંભળીને મૃત્યુ પામ્યો. ઇત્યાદિ ગુણાકૃષ્ટ ચિત્તવાળાઓને રાગ હોય છે અને સામાન્યે તે પ્રતિબન્ધ સ્નેહ કહેવાય છે. અતિભયના વિચારથી આયુષ્યનો નાશ થાય છે

આગમમાં કહ્યું છે કે-" **तत्थणंजंतं अणुभागकम्मंतं अत्थेगइ यं वेयइ, अत्थेगइयं नवेयइ, तत्थणंज तं पएसकम्मंतं नियमा वेयइ** " રસ કર્મ તો ભોગવવાં પડે છે અને અધ્યવસાયથી જેનો રસ હણાણો છે તે ભોગવવાં પડતાં નથી અને પ્રદેશ કર્મ તો અવશ્ય ભોગવવાં પડે છે. પ્રસન્નચન્દ્રર્ષિએ નરક યોગ્ય કર્મના પ્રદેશોજ નિરસ એવા વેદ્યા છે પણ તેનો રસ વેદ્યો નથી. અનુભાગ તો તેણે ઉજ્જવલાધ્યવસાયવડે હણ્યો હતો માટે તેને નરક સંબંધિ દુઃખોદય થયો નહિ. **कर्मणांविपाकानुभव एव सुख दुःखयोर्वेदनात्** —અશાતા વેદનીયનો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ ભાવ પામીને ઉદય થાય છે, સદ્ગુરૂ, પુણ્ય ક્ષેત્ર, મનુષ્ય ભવ, સમ્યગ્ જ્ઞાન આદિ પામીને કર્મનો નાશ થાય છે. વેદનીય કર્મનો ઉપશમ અને ક્ષયોપશમ થતો નથી. મિથ્યાત્વ મોહનીયનો કુતીર્થ વગેરે પ્રાપ્ત થતાં ઉદય થાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવ પામીને પુણ્ય અને પાપ ઉદયમાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પામીને પુણ્ય અને પાપનો ક્ષય થાય છે. કોઇ દ્રવ્ય ક્ષેત્ર કાલ, ભાવ પામીને રોગ શમી જાય છે અને કોઇ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ પામીને રોગ પાછો ઉત્પન્ન થાય છે. તપ, જપ, ધ્યાન, સુક્ષેત્ર, સન્તસેવાભક્તિ વગેરેની આરાધનાથી અશુભ કર્મનો ઘાત થાય છે તેમજ અશુભ કર્મ પણ શુભ કર્મરૂપે પરિણામ પામે છે. અશુભ કર્મ ઉદયમાં આવે ત્યારે દીન ન બનવું કિન્તુ તપ, ધ્યાન, ભક્તિ, શુભાધ્યવસાયમાં તત્પર રહેવું. અનિકાચિત અશુભ કર્મનો ઉદય હોય છે તો તપ વગેરેથી ટળે છે. પ્રાયનિકાચિત હોય તોપણ તે તપથી ટળે છે.

× × × ×

કોઇ પણ મનુષ્યનું બુરૂં ન ઇચ્છવું અને અશુભ ન બોલવું એજ જગત્માં વિઘ્ન રહિત જીંદગી ગુજારવાનો એક મહાન્ ઉપાય છે. કોઇનું બુરૂં ઇચ્છવાથી અને અશુભ બોલવાથી અશુભ કર્મ બંધાય છે અને અપકીર્ત્તિ કર્મની ઉદીરણા થાય છે. કોઇનું બુરૂં થાય એવી મન વાણી કાયાથી ચેષ્ટા પણ ન થાય ત્યારે સમજવું કે દુનિયામા શાન્તિ પ્રસરાવવાની પોતાનામા શક્તિ આવી છે. કોઇના શુભ માર્ગમા વિઘ્ન નાખવાને, કોઇનો તિરસ્કાર કરવા માટે પોતાની જીંદગી નથી એમ નિશ્ચય થયા વિના જગતના જીવો-

વિશ્વાસથી વર્તનારા મનુષ્યો દુનિયામાં અલ્પ સંખ્યાવાળા હોય છે. એકસરખી શ્રદ્ધાવાળા મનુષ્યોનું હૃદય ઓર પ્રકારનું હોય છે. એક સરખી શ્રદ્ધાવાળો મનુષ્ય વિશ્વાસ્યમાં એકનિષ્ટ રહી શકે છે. અગ્ર નાદાન વણિક્ વૃત્તિવાળા સ્વાર્થી મનુષ્યોને કોઇ પણ હૃદયમાં એકસરખો વિશ્વાસ રહી શકતો નથી. વિશ્વાસના ઘાતક અને હૃદય લેઇને પલકમાં હૃદયનો ઘાત કરનારા મનુષ્યો સૂક્ષ્મમાં તો સિંહ વગેરેની વૃત્તિ જેવા હોય છે. જ્યાં જાય ત્યાં કળાથી વાત કઢાવી લેનાર મનુષ્યના ઉપર કદી વિદ્વાનોએ વિશ્વાસ મૂકવો નહિ અને તેમજ તેણે આપેલા વિશ્વાસ વચનની એકદમ શ્રદ્ધા કરવી નહીં. સત્તા, પદવી, મોટાઇ, લક્ષ્મી અને વિદ્યાધારક . મનુષ્યની પરીક્ષા કર્યા વિના વિશ્વાસ કરવો નહિ. બિલકુલ અકેળવાયલા મનુષ્યો પર જેટલો વિશ્વાસ મૂકી શકાય તેટલો અર્ધદગ્ધ કેળવાયલા મનુષ્યો પર વિશ્વાસ મૂકી શકાય નહિ એવું અનુભવથી અવલોકાય છે. ભક્તો અને શિષ્યોમાં પણ વિશ્વાસ્ય શિષ્ય ભક્તો તો વિરલા મળી આવે છે. એક સરખી શ્રદ્ધાની ટેક ધારનારા મનુષ્યો તો રત્નની પેઠે દુર્લભ જણાય છે. જેની વ્હેલે બેસે તેનાં ગાણું ગાનારા સ્વાર્થ સાધક મનુષ્યોનો વિશ્વાસ ન કરવો જોઇએ. મનુષ્યના વિચારની ટેક જો સદાકાલ આચારમાં ઉતરતી હોય તો પરીક્ષા કરીને તેના ઉપર વિશ્વાસ રાખવો પડે છે. જે મનુષ્ય ઉપર વિશ્વાસ મૂકવો હોય તેની મનઃ વાણી કાયાનું વર્તન ભૂતકાલમાં કેવું હતું અને વર્તમાનમા કેવું છે તેની પરિપૂર્ણ તપાસ કરવી પશ્ચાત્ તેના ઉપર વિશ્વાસ રાખીને હૃદયની યોગ્યતા પ્રમાણે હૃદયની વાત દેવી. પોતાના ઉપર જાણે પરિપૂર્ણ વિશ્વાસ હોય એવી રીતે કેટલાંક મનુષ્યો વર્તે છે અને પરોક્ષમાં તેમનું હૃદય અને દેહ જૂદા પ્રકારની ચેષ્ટા કરે છે. વિશ્વાસના ઘાતકો ખરેખર મનઃ સૃષ્ટિના ચંડાલો છે એમ જાણવું. સ્વાર્થથી ધારેલો વિશ્વાસ વા શ્રદ્ધા એ કદી ખરા વખતે અને ખરારૂપે સદાકાલ રહેતી નથી. જે મનુષ્ય ગુરૂઓને બદલતો હોય, ઘડી ઘડીમા આચાર વેશને બદલતો હોય તેના ઉપર વિશ્વાસ રાખવો નહિ. અંધ, કાણો, ઠુંઠો અને વાણિયાનો પૂર્ણ પરીક્ષા કર્યા વિના વિશ્વાસ રાખવો નહિ. કારણ તેઓના હૃદયની કોઇ બાબતમાં એક સરખી નિષ્ઠા રહેતી નથી. વિશ્વાસનો ઘાત ન કરનાર હોય અને વચનનો ટેકીલો હોય એવા ચંડાલના વચન ઉપર પ્રતીતિ રાખવી પણ જેના ચિત્તનું અને વચનનું ઠેકાણું ન હોય અને એક સરખી શ્રદ્ધાવાળો ન હોય એવા ઉત્તમ કુળવાળા મનુષ્ય ઉપર વિશ્વાસ રાખવો નહિ. દરેકના મુખે જુદી જુદી વાત કરનાર

વિશ્વાસ નહિ ધારણ કરનારાઓ પણ સામાન્ય બાબતોપર વિશ્વાસ મૂકે છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી તેમનું જીવન જોતાં જણાય છે. દુનિયાનાં દરેક કાર્યોમાં વિશ્વાસની તો ખાસ જરૂર છે.

× × × ×

જ્યાં રહેવાથી પોતાના આત્માની શુભ ભાવના ન રહે તે સ્થાન સજીને અન્યત્ર ગમન કરવું. જે દેશના વા જે ગામના લોકો વિશેષ સદ્‌ગુણી હોય ત્યાં વાસ કરવો. જેના વિચારો અને જેના શબ્દોવડે આત્મામાં શીતલતા ઉત્પન્ન થાય તેની પાસે રહેવું જોઈએ. જે દેશના લોકોમાં ઈર્ષ્યા અજ્ઞાન વગેરે દોષો ઘણા હોય તે દેશમાં વાસ કરવાથી આત્મહિત થતું નથી. જેની પાસે વસવાથી રાગ દ્વેષ ક્લેશ વૈર વધે તેને ખમાવીને તેનાથી દૂર રહેવું. જે મનુષ્ય પોતાના ગુણ ન જાણી શકે અને તેમજ પોતાંના ગુણોને પણ અવગુણ તરીકે ગ્રહણ કરે એવા મનુષ્યોથી દૂર રહીને સત્પુરૂષોની સંગતિ કરવી, જે મનુષ્યો શાસ્ત્રોના બોધ ન ઝીલી શકે અને પોતાનો કદાગ્રહ આગળ કરે તેઓની સામે માથાકુટ કરવાથી કંઇ ફાયદો થતો નથી. જે મનુષ્યોના સંસર્ગથી લાભ થાય વા મનુષ્યોને પોતાના સંસર્ગથી લાભ આપી શકાય એવી રીતે સ્વકીય પ્રવૃત્તિ કરવી. અન્યથા પ્રવૃત્તિની નિવૃત્તિ વડે આત્માના ધ્યાનમાં રહેવું એજ વધુતર કલ્યાણકારક માર્ગ છે. જે મનુષ્યોની પોતાની વાણીપર પૂર્ણ શ્રદ્ધા ન હોય તે મનુષ્યોની આગળ બોલવાથી ફાયદો થતો નથી. જે સ્થાનમા રહેવાથી આત્માના અધ્યવસાયોની શુદ્ધિ થાય તે સ્થાનમા વાસ કરવો. જે સ્થાનમાં રહેવાથી અશુભાધ્યવસાયો ઉત્પન્ન થાય તેનો ત્યાગ કરવો. આત્માના અધ્યવસાયોની ઉજ્વલતા થાય તેજ વાત ધ્યાનમા લેવાની જરૂર છે. જે મનુષ્યો પોતાની પાસે રહેતા છતા પોતાના ગુણો તરફ દૃષ્ટિ ન હોય, ગુણોનો રાગ ન હોય અને દોષ દૃષ્ટિવાળા હોય તેવ઼ઓને પાસે ન રાખવા, કારણ કે તેઓથી પોતાને કંઇ લાભ થતો નથી અને તેઓને કંઇ લાભ આપી શકાતો નથી. જે મનુષ્યો દૂર વસતા હોય વા પાસે વસતા હોય પરન્તુ ગુણાનુરાગી અને મધ્યસ્થ હોય તેઓને દૂર રહીને વા તેઓની પાસે રહીને પોતાનાથી બનતો લાભ આપવો તેજ યોગ્ય માર્ગ છે. સામાન્ય મનુષ્યો પાસે આવનારા સર્વને સરખા મહાન

કરવાની તીવ્રેચ્છા વર્તે છે અને તેનાં સાધનોની પૂર્ણતા કરવા પ્રયત્નો સેવાય છે. પ્રારબ્ધથી જે વેદાય છે તે તરફ આસક્તિ નથી તેથી બાહ્યમાં મનને ગમતું નથી અને આગળ ઉપર મનને બાહ્યમાં નહિ ગમે તેમ હાલનો અનુભવ જણાવે છે. ઉચ્ચ ઉર્ધ્વ સંયમ સ્થાનના અધ્યવસાયોવડે આગળ આત્માની દશાનો શુદ્ધાનુભવ કરવા ઘણી સ્ફુરણાઓ વારંવાર હૃદયમાં થયા કરે છે. અને હવે ઉપરના ગુણસ્થાનકના શુભ અધ્યવસાયોની ઝાંખીનો અમૃતસ્વાદ આસ્વાદીને અમર બનવા અન્તરમાં પૂર્ણ દાઝ રહે છે.

× × × ×

વિનયાદિ ગુણો વડે યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના અન્યની પાસેથી સદ્‌ગુણો વા હૃદયની અમુક વિદ્યા પ્રાપ્ત કરી શકાતી નથી. અન્યના હૃદયને પરિપૂર્ણ સંતોષ આપ્યા વિના તેનું હૃદય પોતાના પર ઉતારી શકાય નહિ. સર્વસ્વાર્પણ કર્યા વિના અન્યરૂપે પોતાનાથી થઇ શકાય નહિ, તેથી કૃત્રિમતાનો ત્યાગ કર્યા વિના કદિ પોતાની ખરી ઉન્નતિ કરી શકાય નહિ.

જેવી સ્થિતિ ઇચ્છી હોય તેવો સંયમ ધારણ કરીને તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી એજ અન્યત્યાગ્યરૂપ મરણ અને સ્વયાલ જીવન અવબોધવું. આત્માની ઉચ્ચ દશામાં તન્મય થઇને જીવવું એટલે બાહ્ય દશાથી મરવું એવું અર્થાપત્તિથી આવી જાય છે. પોતાના હૃદયને જે વચનો અસર કરે છે તે વચનો પોતાના માટે જીવતાં છે એમ જાણીને તેનું રહસ્ય હૃદયમાં ઉતારવું એજ અન્ય વિપત્તિઓનો નાશ કરવાનો માર્ગ છે. પોતાનું જીવન પોતાને જે અંશે ઉચ્ચ લાગતું હોય છે, તેમાં પણ આગળ ચઢેલા પુરૂષોની દ્રષ્ટિએ તો સુધારણા કરવાની બાકી રહે છે. આત્માના જ્ઞાનાદિ ગુણોની સુધારણા કરવાનું કાર્ય દરરોજ કાયમ રહે છે માટે ઉદ્યમની નિવૃત્તિ કરવી યોગ્ય નથી.

હૃદયે લેવું અને દેવું એ પરસ્પરની યોગ્યતાએ મળતા ગુણો અને સ્વભાવ વડે બની શકે છે. કોઇના હૃદયમાં ઉતર્યા વિના તેની કિંમત આંકી શકાતી નથી. જે મનુષ્યો હૃદયમાં ઉતરે છે તે મનુષ્યો ખરો રીતે પારખવાને શક્તિમાન્ થાય છે. હૃદય અને આચારોના તફાવતને જાણવો. એજ પોતાની ઉત્ક્રાન્તિ કરવાનો મૂળ મંત્ર છે. કેટલું આગળ વધાયું અને કેટલું બાકી છે આ બાબતનો દરરોજ વિચાર કરવાથી આત્માની ઉત્ક્રાન્તિમા આગળ વધી શકાય છે.

વસાયો પ્રગટે છે અને તેથી પુણ્ય પ્રકૃતિનો ચારઠાણીયો રસ પડે છે અને પાપ પ્રકૃતિનો ચારઠાણીયો રસ ટળે છે અને બે ઠાણીયો બંધાય છે. બાહ્ય પદાર્થોની જેમ જેમ મન્દ, મન્દતર અને મન્દતમતા થાય છે તેમ તેમ આત્માના અપૂર્વ ઉજ્જ્વલ અધ્યવસાયો પ્રગટે છે અને આત્માનું શુદ્ધવીર્ય સ્ફુરાયમાન થાય છે અને તેથી આત્માની દશામાં ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમતા, વધતી જાય છે અને તે પોતાના અનુભવમાં આવે છે. નિષ્કામ દશાએ ધાર્મિક પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગમાં વહેનારાઓને પૂર્વ અધ્યવસાયોની અપેક્ષાએ શુદ્ધતા, શુદ્ધતરતા અને શુદ્ધતમતા વધતી જાય છે અને તેનો અનુભવ પોતાને ભાસે છે.

× × × ×

ત્યાગી વૈરાગી ગીતાર્થ સાધુઓની સંગતિથી અશુભ વિચારોનો નાશ થાય છે તેમજ અશુભાચારોનો નાશ થાય છે તેથી ગીતાર્થ સાધુઓ જંગમ તીર્થ ગણાય છે. સાધુ તીર્થની ઉપાસના કરવાથી મોહનો વિકાર ટળે છે. જેના વ [illegible] કાયા અને મનમાંથી મોહનો વિકાર ટળ્યો છે એવા જ્ઞાની સાધુઓના [illegible] સ [illegible]નવામા જે સુખ છે તે ઇન્દ્રાણીએના પતિ બનવામા પણ સુખ નથી. ઉપાધિરહિત સાધુ મહારાજાઓ જે શાન્તિનો અનુભવ લે છે તેની ગંધ પણ ઉપાધિના કીટક બનેલા ગૃહસ્થોને આવતી નથી. આત્માના વિચારોની શ્રેણિ પરંપરામા ચઢેલા એવા મુનિયો સ્વયંતીર્થ છે અને તે ગામોગામ ફરીને પૃથ્વીને પવિત્ર કરીને તે આર્યોની આર્યતાનુ સંરક્ષણ કરે છે. આત્માના સ્વરૂપમા લીન બનેલા મુનિવરો જ્યા ત્યાં તીર્થો ઉત્પન્ન કરી શકે છે. જેનામા આત્મતીર્થનો અંશે અંશે પણ આવિર્ભાવ થયો છે તે મનુષ્ય તીર્થની તીર્થતા અવબોધવા શક્તિમાન્ થાય છે. પોતાનામા જે તીર્થ દેખે છે તે અન્યમા તીર્થ અવલોકે છે. અન્યમા તીર્થ અવલોકે છે તે પોતાનામા તીર્થત્વ અવલોકે છે. જે ઉપાદાન તીર્થ જાણે છે તે નિમિત્ત તીર્થ જાણે છે. જે ભાવતીર્થ અવબોધે છે તે દ્રવ્યતીર્થ જાણે છે. ભાવતીર્થને અવબોધવા શક્તિમાન્ થાય છે. સાત નય અને ચાર નિક્ષેપાવી તીર્થની તીર્થતા અવબોધતા તીર્થનો ખરો વિવેક જાગ્રત્ થાય છે. જે તીર્થ અને તીર્થકરનો વ્યવહાર નિશ્ચયથી સંબંધ જાણે છે તે સર્વ

મથાશક્તિ પંચાચારની આરાધનામાં દરરોજ અપ્રમત્તપણે રહેવું.

પાંચ પ્રકારના યોગથી આરાધનામાં તલ્લીન થઇ જવું.

આત્માની નિર્વિકલ્પદશામાં રહેવાય અને નામરૂપનો અધ્યાસ ટળી જાય એવી રીતે ધ્યાનમાં લયલીન રહેવું.

નિર્વિકલ્પદશામાં રહેવા માટે કોઇ પણ પ્રકારની વાસનાને પ્રગટ થતીજ વારવી.

દુનિયાના અશુભ વિચારોની પોતાનાપર અસર ન થાય તેમજ દુનિયા નિન્દા કરે તેની પોતાના આત્માપર અસર ન થાય એવી પોતાની આત્મદશા પ્રગટાવવી.

× × × ×

સદ્વિચારો, સદ્ગુણો અને સદાચારોવડે પોતાની જીંદગીને ઉત્તમ બનાવવા દરરોજ પ્રયત્ન કરવો જોઇએ. સદ્વિચારોવડે પોતાના આત્માને ઉત્તમ બનાવવા દરરોજ પ્રયત્ન કરવો જોઇએ. સદ્વિચારોવડે પોતાના આત્માને ઉત્સાહિત કરવાથી સદાચારનું જીવન દૃઢ અને અમૃતરસમય બને છે અને તેથી અન્ય મનુષ્યોને વિના બોલે સુધારી શકાય છે. ગમે તેવા વિપત્તિના પ્રસંગોમાં પણ સદ્વિચારોવડે પોતાના આત્મામાં ઉત્સાહ પ્રગટાવવો અને અન્તરમાં સદ્વિચારોનો પ્રવાહ વહેરાવવો કે જેથી ચિંતા, શોક, કલેશવડે હૃદયનો ઘાત ન બની શકે. પોતાના આત્મામાં ઉત્સાહનો અમૃતરસ સદાકાલ વહેરાવવો કે જેથી પ્રવૃત્તિમાર્ગના યોગો થવામાં ચિત્ત વિક્ષેપો રહે નહિ. સદ્વિચારોવડે ઉત્સાહવૃદ્ધિ કરવામાં આવે છે તો સદાચારમાં દરરોજ આગળ વધી શકાય છે અને આનન્દામૃતના પાનથી મુખની પ્રસન્નતા રહી શકાય છે. દુઃખના પ્રસંગોમાં કંટાળી ન જવું અને દુઃખની અવસ્થા ટળી જશે એવી દૃઢ ઉત્સાહ—ભાવના કાયમ રાખીને પોતાના અધિકારપરત્વે જે જે કાર્યો કરવાના હોય તે કરવાં અને તે બાબતનો ઉપયોગ રાખવો એજ જીંદગી સુધારવાનો મુખ્ય ઉપાય છે. સદ્વિચારોના ઉત્સાહવડે ગમે તેવી વિપત્તિના સમયમાં પણ પોતાની જીંદગી પોતાના હાથે સુધારી શકાય છે એવો દૃઢ નિશ્ચય રાખી ઉપસર્ગો સહીને શુભોન્નતિમાં આગળ વધવા પ્રયત્ન કરવો જોઇએ.

× × × ×

આનન્દથી ભરીયું જગત્ આનન્દ પામ્યા વણ મરે,
આનન્દ વણ જે જીંદગી તે જીવતો સંચો ખરે. ૨
આનન્દ વણ જીવાય નહિ રહેવાય નહિ રૂચે નહીં,
લાગે સકલ લૂખું જાણુ એ વાત જ્ઞાની ગમ રહી:
આનન્દથી અમરત્વને સિદ્ધત્વ પ્રગટે છે ખરૂં,
બુદ્ધચબ્ધિ આનન્દે રહી જીવન મઝાનું મન ધરૂં. ૩

× × × ×

તત્ત્વ વિચારકોનો સમાગમ અને સત્પુસ્તકનું વાચન એ બેથી પોતાનું અમૃતમય જીવન કરી શકાય છે. પોતાના સદ્વિચારોને ઉત્સાહ આપનારા અને સત્કાર્યોને ઉત્સાહ આપનારા મનુષ્યોના સંબંધથી વિદ્યુત્ વેગની પેઠે સ્વોન્નતિ માર્ગમાં આગળ વધી શકાય છે.

પોતાના જેવા વિચારકને મેળવવાથી વા પોતાના જેવો વિચાર નવીન ઉત્પન્ન કરવાથી બે એકડે અગીયારની પેઠે અગીયાર જેટલું બળ પ્રાપ્ત થાય છે. પોતાના સદ્વિચારોને સર્વત્ર ફેલાવવા હોય તો જગતમાં સેવાધર્મ સ્વીકારવાની જરૂર છે.

પોતાની ઉન્નતિ કાયમ રાખવા માટે પોતાની આજુબાજુના મનુષ્યોને ઉચ્ચ બનાવવાની જરૂર છે. પોતાની આજુબાજુ રહેલાઓની શ્રેષ્ઠતા કરવાથી પોતાની શ્રેષ્ઠતા વધે છે, પોતાનું ઉચ્ચ જીવન કરવું એ પોતાના હાથમાં છે. પોતાના શુભ વિચારોથી પોતાને અને પરને લાભ મળે છે એમ નક્કી સમજવું જોઇએ.

× × × ×

કરણીમાં આનન્દ લેવાનો છે અને તે પ્રમાણે જનોને કર્મયોગી થવાનો તેને અધિકાર છે.

× × × ×

અધ્યાત્મજ્ઞાનવડે તું અન્તરમાં ઉપયોગ ધારણ કરીને અશુદ્ધ વિચારોને આવતાં પાછા હઠાવ. અધ્યાત્મજ્ઞાનના ઉપયોગથી સર્વ જીવોની સાથે સમરસી બનીને ધર્મને ચર્ચતાં ઉપદેશ દેતાં, ચાલતાં, ખાતાં પીતાં, લખતાં વાંચતાં અને વાતચિત કરતાં અધ્યાત્મજ્ઞાનોપયોગે સમરસભાવે અન્તરમાં પ્રવૃત્તિ કર. બાહ્યમાં અધિકારભેદે અનેક કાર્યો કરતાં છતાં અન્તરમાં સમભાવ ધારણ કર. સ્વકર્તવ્ય કાર્યો કરતાં છતાં અંતરમાં અધ્યાત્મરસપરિણતિ જો જે વખતે ન પ્રકટી હોય તે સંબંધી પશ્ચાત્તાપ કરીને અધ્યાત્મપરિણતિ રહે એવો અભ્યાસ સેવ.

બાહ્યથી ધાર્મિક પ્રવૃત્તિની સાથે અન્તરથી ધાર્મિકનિવૃત્તિનો પ્રગટભાવ ધર્યા કર. આન્તરિક ધર્મ નિવૃત્તિની સેવનાથી બાહ્ય ધાર્મિકપ્રવૃત્તિ કરતાં મુંઝાવાનું થતું નથી એવો ક્ષણે ક્ષણે અનુભવ આવે છે. અધ્યાત્મજ્ઞાનની ભાવનાથી મન, ઇન્દ્રિયો અને શરીરપર શાન્તરસની અસર ઉત્પન્ન કર. દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રોના જ્ઞાનવડે આત્માનુભવપ્રકાશ ખીલવવા દરરોજ વિશેષ પ્રકારે ઉપયોગ ધારણ કર અને સ્વકર્તવ્યમાં સદા તત્પર રહે.

× × × ×

અપ્રમત્તદશામાં રહ્યા સિવાય આત્માના ગુણોની શુદ્ધિ થતી નથી. રત્નત્રયીના ઉપયોગવડે અપ્રમત્તદશામાં રહીને આત્માની વિશુદ્ધિ કરવી જોઇએ [illegible]

અન્તરંગ અને બાહ્યથી કોઇ વિરલા પાળતા દેખાય છે. સાધુથી જુદા પડેલા શિષ્યોને ગામડાના શ્રાવકો અને અન્ય સંઘાડાના સાધુઓ સંગ્રહે છે તેથી ગુરૂઓના તાબામાં સ્વચ્છન્દી શિષ્ય સાધુઓ રહેતા નથી અને આ પ્રમાણે સ્વચ્છંદતા વધતી જવાથી વિનય આજ્ઞા અને આરાધકપણું દરેક સંઘાડામાં ન્યૂન થતું જાય છે. ગુરૂથી જૂદા પડેલા શિષ્યો પોતાના ગુરૂની નિન્દા કરી પોતાની નિર્દોષતાને ભોળા શ્રાવકો આગળ જાહેર કરે છે અને તેનું પરિણામ ખરાબ આવે છે. ગુરૂઓ પ્રથમ શિષ્યોને તેમની વિનય અને આજ્ઞાની ફરજો સમજાવતા નથી અને કદાપિ સમજાવે છે તોપણ અપાત્ર સાધુ શિષ્યોને અસર થતી નથી. પોતાના ગુરૂની આજ્ઞામાં રહેનાર સાધુઓ ઉદ્ભવે એવો આગમોના આધારે ઉપદેશ આપવાની જરૂર છે. ગુરૂની આજ્ઞાપાલક અને વિનય કરનારા શ્રાવકો તથા સાધુઓ વિરલા દેખવામાં આવે છે, અને તેથી જૈનશાસનની હાનિ થાય છે. વિનય, ભક્તિ અને આજ્ઞાપાલન આદિ ગુણો ઘટવાથી ભવિષ્યના જૈનોને ઉત્તમ વારસો આપી શકાતો નથી. ભવિષ્યનો આધાર વર્તમાન ઉપર રહેલો છે તે ભૂલવું ન જોઇએ. અજ્ઞશ્રાવકો રહેવાથી અને ગુરૂની શ્રદ્ધા, ભક્તિ અને આજ્ઞાપાલન આદિ ગુણો વિના જૈન કોમની પડતી થાય છે અને જો વર્તમાનમાં યોગ્ય ઉપાયો લેવામાં નહીં આવે તો જૈન કોમની હાનિ થશે તેનો દોષ વર્તમાનમાં વર્તતા એવા આચાર્યો, વાચકો અને સંઘાડાના નાયકોના શિર છે. ગુરૂપર શ્રદ્ધા, ભક્તિ અને વિનય વિના કદિ શિષ્યોની ભૂતકાલમાં ઉન્નતિ થઇ નથી. વર્તમાનમાં થતી નથી, અને ભવિષ્યમાં થનાર નથી.

× × × ×

શરીર બળ.

શારીરિક બળ વિના માનસિક બળ વૃદ્ધિ પામી શકતું નથી. શારીરિક બળથી માનસિક બળ ટકાવી શકાય છે. શારીરિક બળ ઘટતાં મનના ઉપર બરાબર કાબુ રાખી શકાતો નથી તેમજ મનમાં અનેક પ્રકારની અશુભેચ્છાઓ પ્રગટે છે. શારીરિકબળને વીર્યાદિનું સંરક્ષણ કરી સાચવવામાં આવે છે તો વિષય ભોગની ઇચ્છા ઘટી જાય છે. રામમૂર્તિ સેન્ડો વગેરે કસરતબાજોના દાખલાઓ આ બાબતમાં મોજુદ છે. વીર્યની જેમ જેમ હાનિ થાય છે,



ટોળું હોય છે તેમાં એક વાનરો હોય છે. વાનરીઓના ટોળામાં જે વાનરો હોય છે તે કાયિક બ્રહ્મચર્ય પાળી શકતો નથી. વાનરાનું ટોળું પ્રાયઃ કાયિક બ્રહ્મચર્ય પાળતું હોય એમ દેખાય છે. વાનરા ટોળાના વાનરાઓ મનમાં વાનરીઓ સાથે કામ ભોગ કરવાના વિચારો કરે છે તેથી તેઓનું શારીરિક વીર્ય ઘટી જાય છે તેથી તેઓ વાનરીયા ટોળાના બુઢીયાની સાથે લડતાં હારી જાય છે. પચ્ચીશ પચ્ચીશ બુઢીયાઓ પણ એક વાનરી ટોળાના બુઢીયાના સામા થઇ શકતા નથી. કાયિક બ્રહ્મચર્ય પાળનારા વાનરાઓથી માનસિક બ્રહ્મચર્ય નહિ પાળી શકવાથી કાયિક વીર્યથી તેઓ હીન થાય છે અને તેથી તેઓ પોતાની જાતના એક બુઢીયાને પણ ભેગા થઇ જીતવા પ્રાયઃ સમર્થ થતા નથી. આ ઉપરથી અવબોધવાનું કે શારીરિક બ્રહ્મચર્ય પાળતા છતાં પણ માનસિક બ્રહ્મચર્ય ઉપર ખાસ લક્ષ રાખવાની જરૂર છે. મનમાં કામભોગના વિચારો કરવાથી વીર્યનો નાશ થાય છે અને અશુભ પરિણામથી કર્મનો બંધ પડે છે. માનસિક વિચારોની અસર શરીર પર થાય છે અને શરીરના સંબંધે મનમાં અસર થાયછે. શરીરની સાથે મનનો ગાઢ સંબંધ છે. મનમાં કામભોગના વિચારો કરવાથી કાયિકબળ માનસિકબળ વાચિકબળ અને આત્મિકબળ ઘટે છે. મનમાં કામભોગના વિચારો ન આવે તો શારીરિકબળ વૃદ્ધિ પામે છે અને તેથી ઉત્તમ કાર્યો કરી શકાય છે

×   ×   ×   ×

આત્મધ્યાન ધરતાં પહેલાં પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચારવું. આત્માના શુદ્ધ સ્વરૂપમાં તલ્લીન થઇ જવું. સર્વ દુનિયાની સાથે એક [illegible] સકામભાવે વ્યાવહારિક સંબંધ નથી એમ વિચાર કરી જ્ઞાતા મન વાણી અને કાયાના ધર્મોનો આત્માના સાથે વાસ્તવિક સંબંધ નથી એમ વિચાર કરવા પશ્ચાત્ જે જે દેહના સંબંધે નામો પડતાં હોય અને તેના [illegible] જે જે કલ્પના કરી હોય વા કરાતી હોય વા ભવિષ્યમાં [illegible] હોય તેમ આત્માનો સંબંધ નથી તેથી બાહ્ય સંબંધોમાં [illegible] પરિણામ કરવા યોગ્ય નથી એવો વિચાર કરી [illegible] આ સમાગ [illegible] આત્માના [illegible] એક નિર્વિકલ્પ [illegible] અનુભવ.. આ પ્રમાણે અર્થદાદ, કલાક અને મને [illegible] પર્યન્ત અભ્યાસ [illegible]
[illegible]

તરફ લક્ષ-રુચિ પ્રીતિ રાખવાથી આત્માના જ્ઞાન દર્શન ચારિત્રાદિ સદ્ગુણોની અભિવ્યક્તિ થાય છે. આત્માના ગુણોની સેવા એજ જૈનધર્મની સેવા છે. જૈનધર્મ વસ્તુતઃ આત્મામાં રહે છે અને આત્માના સદ્ગુણો ખીલવવા એજ જૈનધર્મની ઉપાસના છે. આત્માના ગુણો પ્રતિ પ્રેમ ધારણ કરવો. આત્માના ગુણોનું કીર્તન કરવું અને આત્માના વીર્યને આત્માના ગુણોની અભિવ્યક્તિ સન્મુખ કરવું એજ દુર્ગુણોથી છૂટવાનો ઉપાય છે. આત્માના ગુણો તરફ રુચિ ધારણ કરવાથી આત્માની રુચિ ગુણ પોતાના આત્મામાં ભળે છે અને દુર્ગુણો તરફથી અરુચિ ટળે છે. દુર્ગુણો તરફ અલક્ષ રાખવાથી દુર્ગુણો તરફ મનોવૃત્તિનું બળ પરિણમતું નથી તેથી દુર્ગુણો સ્વતઃ વિલય પામે છે. મનમાં દુર્ગુણનો વિચાર ન આવે એવી દશા પ્રાપ્ત કરવાથી આત્માના ગુણોની ધુન લાગે છે અને આત્મા તે પરમાત્મા થાય છે.

× × × ×

ધાર્મિક ભાવનાને હૃદયમાં વારંવાર લાવવાથી સંસ્કારી હૃદય બને છે. ધાર્મિકભાવના ખીલી ઉઠે અને ચારે ખંડના મનુષ્યો જૈનો બને; એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ધર્માવિરુદ્ધ ઉપાયો આદરવાની જરૂર છે. પતિત મનુષ્યોને પાવન કરનાર જૈનધર્મ છે કારણ કે તેમાં પાપનો નાશ કરવાની શક્તિ રહી છે. પતિત ભ્રષ્ટ મનુષ્યોને સિદ્ધાચલની યાત્રા, શત્રુંજયી નદીના પાણીથી સ્નાન વગેરે શાસ્ત્રોક્ત વિધિથી પાવન કરી શકાય છે. ગમે તે વર્ણના મનુષ્યો જૈનધર્મમાં ધર્મની શ્રદ્ધાદિગુણોથી લઇ શકાય છે. ગમે તે વર્ણના મનુષ્યને પ્રાયશ્ચિત્ત આપી જૈનધર્મની શ્રદ્ધા કરાવી જૈનધર્મમા લેઇ શકાય છે એમ અસલ રીવાજ હતો. નવકારમંત્રના જાપથી મિથ્યાત્વાદિ પાપોનો નાશ થાય છે અને ચાર હત્યાદિ કરનારાઓનો પણ જૈનધર્મ સ્વીકારવાથી વા નમસ્કાર મંત્ર જાપથી ઉદ્ધાર થાય છે. જૈનધર્મની શ્રદ્ધાથી મનુષ્ય પવિત્ર થાય છે. જૈનધર્મ પાળનાર ગમે તે વર્ગનો હોય તો પણ તે અન્યધર્મવાળાઓ કરતા પરમ પવિત્ર છે એમ જૈનોએ દૃઢ શ્રદ્ધા ધારણ કરવી. જૈનાગમોની શ્રદ્ધાથી જેઓનાં મન વાણી અને કાયા પવિત્ર થયા છે એવા જૈનો પરમ પવિત્ર છે. જૈનોના ચરણસ્પર્શથી પૃથ્વી પવિત્ર થાય છે. ગંગા આદિ તીર્થો એ દ્રવ્યતીર્થો છે અને જૈનાગમોની પૂર્ણ શ્રદ્ધા તથા

વ્યવહારથી પવિત્ર થએલા જૈનો આસ્તીકો છે. જૈનધર્મનાં શાસ્ત્રોના [illegible] જ્ઞાનથી અને જૈનધર્મની ક્રિયા કરવાથી જન્મ, જરા અને મરણનું [illegible] ટળે છે, અને ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે. ત્યાદિ સર્વ હોવું તે [illegible] દશામાંથી ભવ્ય ટળે છે કે જે દશાના વ્યાસના એક મહાન્ મન્ત્ર [illegible]

× × × ×

ચિત્ત સમાધિ.

ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ સંકલ્પો પ્રગટે છે. તે જે વિલય થએ તેને સમાધિ કહેવામાં આવે છે. ચિત્તની એક ધ્યેય [illegible] ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ લીનતા થઈ જતી તેને સમાધિ [illegible] વામાં આવે છે. હઠયોગની સમાધિ છે તે શરીરના સંબંધને અંગે [illegible] અને શરીરનો સંબંધ તો સદા રહેતો નથી માટે હઠયોગની સમાધિ [illegible] સહજસમાધિની અનન્ત ગુણી ઉત્તમતા છે. હઠયોગની સમાધિમાં [illegible] મર્યાદા છે અને સહજ સમાધિમાં કાળની મર્યાદા નથી. હઠ સમાધિ [illegible] આનન્દ અમુક કાલ પર્યન્ત રહે છે, અને સહજ સમાધિના આનંદ [illegible] મર્યાદા નથી. હઠયોગની સમાધિ તો મનોવૃત્તિને દબાવાની અપેક્ષાએ છે [illegible] સહજ સમાધિ તો આત્માના શુદ્ધ સ્વભાવે વર્ત્યા કરે છે. હઠ સમાધિ [illegible] સહજ સમાધિમાં આત્માની અનન્તગુણી વિશેષ શુદ્ધતા છે. હઠ સમાધિ [illegible] કરતાં સહજ સમાધિનું વિશેષ બળ છે. હઠ સમાધિ [illegible] અનન્તગુણી વિશુદ્ધતા પ્રગટે છે. જે વાસનાઓના મૂળ [illegible] બાળી શકાતાં નથી; તે વાસનાઓના મૂળને સહજ સમાધિ [illegible] છે. ઉઠતાં બેસતાં, ખાતાં, પીતાં, સહજ સમાધિ [illegible] આત્માના ઉપયોગે રહી શકાય છે. હઠ સમાધિ કરતાં સહજ [illegible] ઉપર સારી રીતે કાબુ મેળવી શકાય છે. આ બાબતનો [illegible] ના પણ અમુક અપેક્ષાએ સહજ સમાધિમાં હઠ સમાધિનો [illegible] અન તેનો સ્વાનુભવ પ્રમાણભૂત છે. તીર્થંકરોના સહજાનુભવે [illegible] આત્મ ઉપયોગીતા છે.

× × × ×

કોઇનાં ઉપર રાગ ન કરવો તેમજ કોઇના ઉપર દ્વેષ ન કરવો એજ સદ્જાનન્દના માર્ગમાં આગળ વધવાનો સત્યોપાય છે. રાગ અને દ્વેષ વિનાની દશાથી ખરૂં સુખ અનુભવાય છે. જેમ જેમ વીતરાગદશા વધે તેમ તેમ સહજ સમાધિનો માર્ગ ખુલ્લો થાય છે. રાગ અને દ્વેષ પરિણતિનો જે જે અંશે નાશ તે તે અંશે સમાધિ અવબોધવી. આત્માનો મલિન પરિણામ ન હોય તે વખતે આત્માની સમાધિ અવબોધવી. આત્માના અધ્યવસાયની શુદ્ધિ વધતી જાય છે તે સમાધિદશાનું અવલંબન કરવા યોગ્ય છે. ક્રોધ-માન-માયા અને લોભનો નાશ થાય તે માર્ગે પ્રવૃત્તિ કરવી એજ સમાધિનો અભ્યાસ જાણવો. નિર્મલ પરિણામે ધ્યેય વસ્તુમાં અમુક વખત પર્યન્ત લીનતા થતી જતી તે સમાધિનું વારંવાર સેવન કરવાની આવશ્યકતા છે. હર્ષોલ્લાસથી આત્માના સ્વભાવમાં રમણતા કરવી એ અપ્રમત્તદશાની ઉત્તમ સમાધિ છે. કોઇ પદાર્થ દેખવો વા અવધિજ્ઞાનથી કોઇ પદાર્થ જાણવો, વા મનઃપર્યવજ્ઞાનથી કોઇનું મન જાણવું એ સમાધિ નથી. સમાધિનું ફળ એ છે કે આત્માના સુખનો અનુભવ થાય અને દુનિયામાં મ્હારા ત્હારા-પણાની મોહવૃત્તિનો ક્ષય થતો જાય. નૈગમનયથી હઠયોગમાં પ્રવૃત્તિ કરવી તે સમાધિ કહેવાય છે. સંગ્રહનયથી સત્તાએ રહેલી સમાધિદશાને સમાધિ કહેવાય છે. વ્યવહારથી વાચનાથી ચિત્તની સ્થિરતા જેવા બ્રહ્મરન્ધ્રમાં પ્રાણ-વાયુને ચઢાવવો તે સમાધિ કહેવાય છે. ઋજુસૂત્રનયથી વર્તમાન.કાલમાં રાગદ્વેષના તીવ્ર પરિણામની મન્દતાને સમાધિ કહેવ.ય છે. શબ્દનયથી સમકિતની પ્રાપ્તિ પૂર્વક મનમાં ઉપજતા કષાયની ઉપશમતાને સમાધિ કહેવામા આવે છે. સમભિરૂઢનયથી સાતમા .ગુણઠાણાના ઉપર બારમા ગુણઠાણા પર્યંતના નિર્મલ પરિણામને સમાધિ કહેવામાં આવે છે. એવં-ભૂતનયથી ઘાતીકર્મનો ક્ષય થતાં તેરમા ગુણઠાણે કેવળજ્ઞાન ઉપજતાં સમાધિ કહેવામા આવે છે.

× × × ×

શ્રીવીરપ્રભુએ આત્મા નિત્ય અનાદિ પરમાત્મા છે અને કર્મનો કર્તા ભોક્તા વ્યક્તિથી અનાદિકાલથી છે એમ સિદ્ધ કર્યું. જગતના ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. તેમણે મનુષ્યોને ઉત્તમ ઉચ્ચ થવાનો માર્ગ સરલ દર્શાવી આપ્યો છે અને તેથી સર્વ જીવો પોતપોતાની આત્મના આત્મશક્તિઓ ખીલવી શકે છે અને પ્રાપ્ત કરી શકે છે, એવો સ્પષ્ટ ખુલાસો જણાય છે. જીવ તે કદી ઈશ્વર થાય નહીં એવો સિદ્ધાંત ઈશ્વર પરતંત્રતાની બેડીઓથી મનુષ્યને બંધાવા દેતો નથી. પોતાની સર્વ શક્તિઓ પર વિશ્વાસ ન રાખતાં મુખ વિકાસની ઈચ્છાના સાધ્યની સ્વાત્માની શક્તિની ક્રિયા ન આદરે કરી મન હવે નાસ્તિકોથી ખાની ખરાબ તેમ નથી. આત્માની શક્તિઓમાં આત્માના વિશ્વાસ ધારણ કરીને ઉદ્યમ કરવા ક્ષણ આગળ વધવું એવું મન મંત્રનું રહસ્ય છે. જેટલું જેવી જાતિથી કરવું હોય તેટલું કરાય છે એવો સ્યાદ્વાદિક સિદ્ધાન્ત અવબોધીને આત્માના ગુણોને પ્રગટ કરવા. જે જે જાતિથી જે જે કરવું ઘટે તે કરવું એમ દૃઢ નિશ્ચય કરી આત્મોન્નત્યર્થ પ્રગતિ કરવી. શંકરાચાર્યે જગતના અધ્યાસવાદનો સિદ્ધાંત સ્થાપન કર્યો છે તે સિદ્ધાંતમાં ગુપ્તજ્ઞાનના મનુષ્યોને આવી જાય છે અને તે અનેકાન્તદૃષ્ટિએ જગતના અધ્યાસવાદ મોક્ષની સિદ્ધિ માટે સત્ય ઠરી શકતો નથી. શ્રીવીરપ્રભુનાં સિદ્ધાંતોનું ગુરુગમપૂર્વક પૂર્ણ મનન કર્યા પશ્ચાત્ શાંકરસિદ્ધાન્તો વાંચવાથી સત્યની પરીક્ષા થાય છે. શ્રીવીરપ્રભુના ઉપદેશમાં વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન અને જીવદયા જાગ્રત્ રહે છે અને તેથી દુનિયાની ઉચ્ચ દશા થાય છે. દુનિયાના મનુષ્યોને અંગે અંગે સદ્ગુણ ખીલવવા માટે અને ઉત્તર પરિપૂર્ણાંગે શક્તિ ખીલવવા માટે શ્રીવીરપ્રભુનો ઉપદેશ મહાન્ ગુણકારી છે એમ, સ્યાદ્વાદથી કહેવું પડે છે. દુનિયામાં દરેક વ્યક્તિનું સ્વાતંત્ર્ય ખીલવનાર અને દરેક વ્યક્તિનું સ્વાતંત્ર્ય જાહેર કરનાર શ્રીવીરપ્રભુનો ઉપદેશ છે. ગૌતમબુદ્ધે દયાનો અને ઉપકારનો અમુકશે બોધ આપ્યો છે પણ તે પ્રમાણે તેમના ધર્મના અનુયાયીઓ હાલ દયા પાળવામાં દેખાતા નથી. શ્રીવીરપ્રભુના ભક્તોમાં દયાનો ગુણ પ્રાધાન્યપદ ભોગવે છે, એમ આખી દુનિયામાં જાહેર વાત છે. દયા કરતાં હિંસાના ઉપાસકો ઘણા હોય તોપણ તેથી દયાના ઉપાસકોની ઉત્તમતામાં અને સત્યતામાં અંશ માત્ર ખામી આવતી નથી. શ્રીવીરપ્રભુનો સદુપદેશ જે કોઇ સાંભળે છે અને તે સંબંધી મધ્યસ્થદૃષ્ટિથી વિચાર કરે છે તો શ્રીવીરપ્રભુની મહત્તા સમજી તેને ઉચ્ચ ભાવ પ્રગટે છે.

× × × ×

મોહની સામે મુક્ત થવા યુદ્ધ કરવુંજ પડે છે. આત્માના ગુણોમાં જે જે અંશે રમણતા થાય છે તે તે અંશે મોહની સામે યુદ્ધ કરવાનું સમજવું. મોહના ઉપર દ્વેષ ધરવો એ પ્રથમાવસ્થાનું લક્ષણ છે. મોહના ઉપર રાગ પણ નહિ અને દ્વેષ પણ નહિ, ફક્ત શ્રુતજ્ઞાનોપયોગે આત્માના શુદ્ધધર્મમાં રમણતા કરવી. એ ઉચ્ચપંક્તિની અવસ્થાનું લક્ષણ છે. જેમ જેમ ઉપર ઉપરનાં ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે અને આત્માના અધ્યવસાયની નિર્મલતા થાય છે તેમ તેમ આત્માની ઉચ્ચદશા થાય છે અને તે સમયે આત્માને આત્મભાવે જાણવો અને તેમાં રમણતા કરવી અને મોહને મોહ તરીકે અવબોધીને સમભાવે આત્મભાવે વર્તવું એવો સહજભાવ વર્તે છે. આવી દશાની કંઇક ધ્યાન વખતે પ્રતીતિ થાય છે, પણ આવી દશાની પરિણતિ સદા રહેતી નથી. શ્રીમદ્ આનન્દઘનજીએ અને શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે ઉત્તર વયમાં આત્માની ઉચ્ચદશાનું અપ્રમાદપણે વિશેષ સ્વરૂપ અનુભવ્યું હોય એમ જણાય છે, તેથી તેમણે સ્વરચિત ગ્રન્થોમાં આત્માની સમતાદશાના ઉભરા બહાર કાઢયા છે. સર્વ બાહ્ય વસ્તુઓમાં રાગદ્વેષના પરિણામનો સંગ ન રહે એવી આત્માની ઉપયોગ ધારારૂપ દિવ્યગંગામાં ઝીલતાં મોહની મલીનતા ટળે છે એવો અનુભવ આવે છે, અને તે નિઃસંગ દશામાં રમણતા કરાવવા મારફત મોહથી દૂર રહેવા સૂચના આપે છે. આત્માના સ્વરૂપમાં આત્મસ્વરૂપે પ્રતીતિ, પરિણમન, શ્રદ્ધાભાસન થયા વિના આન્તરિક નિઃસંગતા રૂપ નિવૃત્તિ માર્ગ ખુલ્લો થતો નથી. આત્માનો પૂર્ણ વિશ્વાસ થતાં અને તેનું સ્વરૂપ અનુભવતાં નિઃસંગતાના માર્ગે વિચરવા પ્રયત્ન થાય છે, અને નિઃસંગતામાં રહેતાં સ્વયમેવ મોહ પરિણતિ ટળે છે. પોતાના શુદ્ધ રમણતારૂપ ઘરમાં પ્રવેશ કરતાં મોહનું જોર ટળે છે. આત્મા જો આત્માના ધર્મમાં રહે તો મોહની પરિણતિ રહેતી નથી. રાધાવેધ કરતાં અનન્ત ગુણ ઉપયોગે, આત્મા પોતાના શુદ્ધ રમણતારૂપ ઘરમાં રહી શકે છે.

× × × ×

બનતું કરવું જોઇએ. શાસનભક્તિ, શાસનરાગ અને શાસનસેવામાં જેટલું બને તેટલું કરવું જોઇએ.

પોતાના સાધુના અધિકાર પ્રમાણે આચારો પાળતાં, ઉપદેશ દેતાં, પરમાર્થ કાર્યો કરતાં, જનસ્તુતિ વા જનનિન્દા એ બેમાંથી કોઇ ઉપર લક્ષ ન રાખવું જોઇએ. દુનિયા પોતાના માટે શું કહે છે ? એ ઉપર ત્હારે જોવાનું નથી, પણ પોતાના અધિકાર પ્રમાણે તું શું કરે છે ? અને તેમાં કેટલી ખામી રહી જાય છે ? તેમાં સત્ય અને લાભ કેટલો છે ? તેનો વિવેક કરી પોતાની ફરજને બજાવવાપર દરરોજ લક્ષ દેવું જોઇએ, અને બે વખતના પ્રતિક્રમણમાં જે જે દોષો લાગ્યા હોય તેનો મિચ્છામિ દુક્કડં દેઇ સ્વકર્તવ્યનિષ્ઠ થવું જોઇએ. ગચ્છપ્રતિ, મિત્રોપ્રતિ, શિષ્યોપ્રતિ, સંઘપ્રતિ અને અન્યમાનવો પ્રતિ ત્હારે જે જે ફરજો બજાવવાની છે, તે બજાવવા ખાસ લક્ષ આપવું જોઇએ." છદ્મસ્થ દૃષ્ટિથી જે કંઇ ભૂલચૂક પ્રમાદ વગેરે થાય તેનું પ્રતિક્રમણ કરવુંજ જોઇએ. ત્હારી હાલની સાધુની દીક્ષા પ્રમાણે ત્હારે ધર્મથી અવિરૂદ્ધપણે આત્માની યથાશક્તિએ વિવેકદૃષ્ટિથી જે જે કંઇ કરાય છે તેમાં દોષ ન થાય એવી યાદીને તું રાખ !!! અને ભવિષ્યમાં દોષ ન થાય એવો દીર્ઘદૃષ્ટિથી દરરોજ વિચાર કરવાનો અભ્યાસ સેવ ! પોતાના પ્રતિ અને જગત્ પ્રતિ ત્હારૂં જે જે કર્તવ્ય છે તેમાં આગળ વધવા અને વર્તમાન કાલના કર્તવ્યોવડે ભવિષ્ય જીંદગી ઉજ્જ્વલ કરવા દરરોજ કંઇ નવું અનુભવ !!! અને તે આચારમાં યોગ્ય હોય તે મૂક ! ખાસ આ બાબતપર લક્ષ આપ.

× × × ×

પોતાના સમાગમમા આવનારા મનુષ્યોને સદ્વિચારો અને સદાચારોનો લાભ આપવો એજ આપણું કર્તવ્ય છે. પાસે રહેનારા મનુષ્યો પર સારી અસર થાય છે કે કેમ ? તેની તપાસ કરી લેવી અને તેમાં પોતાનાવડે શું કરાય છે તેનો પૂર્ણ વિચાર કરવો. પોતાના સમાગમમાં આવનારા મનુષ્યોના આશયો કેવા છે તે જાણી શકાય ત્યારે સમાગમમાં આવનારાઓની યોગ્યતા પરખી શકાય છે, અને તેમને યોગ્યતા પ્રમાણે કંઇ લાભ આપી શકાય છે. સમાગમમા આવનારા મનુષ્યો પોતાની તરફ કઇ કઇ દૃષ્ટિથી દેખે છે, અને તેઓ પોતાની પ્રતિ કેવો અભિપ્રાય બાંધે છે. તેની પરિતઃ પરીક્ષા કરવી. પોતાના

અજ્ઞાનથી આત્મા પોતે અશુભ વિચારોવડે દુઃખી થાય છે. અન્ય વસ્તુઓમાં દુઃખની કલ્પના કરીને સ્વયં આત્મા પોતાની ચારે તરફ દુઃખના પ્રસંગો દેખે છે, અને પોતાની વૃત્તિથી ઉભી કરેલી ભીતિથી પોતે ભય પામે છે. પોતાની ભૂલ મોહથી થાય છે. મોહના વિચારોમાં તલ્લીન થવાથી આત્મા પોતાનું સ્વરૂપ ભૂલે છે. પોતાના સ્વરૂપને ઓળખવાથી પોતાના સ્વરૂપમાં રહી શકાય છે, અને ભ્રાન્તિથી દુઃખની સૃષ્ટિ પોતાની ચોમેર રચી શકાતી નથી અને તેથી નિર્ભયતા, સ્થિરતા અને સહજાનન્દનો ભોગ આત્મા ભોગવી શકે છે. દુઃખના પ્રસંગો કલ્પીને પોતાના હાથે ઉપાધિ વ્હોરી લે છે. પોતાના આત્માથી ભિન્ન એવી જડ વસ્તુઓ પ્રિય નથી તેમ અપ્રિય પણ નથી પણ મોહથી પ્રિયત્વ કલ્પી પોતાના મનમાં વિકલ્પ સંકલ્પો કરવામાં આવે છે તેમાં પોતાનો દોષ છે.

અવસ્થા, સ્થાન, આશ્રય અને તે આદિ બાહ્યનાં આલંબનોમાં પ્રિય અને અપ્રિયત્વની કલ્પના રહે ત્યાં સુધી પોતાના અધિકાર પ્રમાણે કર્તવ્ય ધર્મ વ્યવહારને મૂકવો નહિ એમ અનુભવથી ઉદ્‌ગારો કાઢવા પડે છે અને તે વસ્તુતઃ સત્ય છે. આત્માના ધર્મ પ્રમાણે આત્માએ વર્તવું જોઇએ પણ તે ધર્મ વ્યવહાર નિમિત્ત કારણવડે આત્મ ધર્મની સિદ્ધિ સાધવા પ્રયત્ન કરવો જોઇએ. આત્માને આત્માના ગુણો પ્રકટ કરવામાં જે જે નિમિત્ત કારણો અવસ્થાભેદે, અધિકારભેદે સાપેક્ષાએ જણાતાં હોય તેમાં વાદવિવાદ આગ્રહ ન કરવો પણ અધિકારભેદે, અને અવસ્થાભેદે જે જે નિમિત્ત કારણો અવલંબવા યોગ્ય તે અવલંબવાં. નિમિત્તો જે જે અવલંબવામાં આવે તેનું પૂર્ણ જ્ઞાન જોઇએ. ઉપાદાન કારણ અને નિમિત્ત કારણોનું સંપૂર્ણ જ્ઞાન મેળવીને પોતાના અધિકારે કયું નિમિત્ત કારણ અવલંબ્ય છે તેનો અનુભવ દૃષ્ટિથી નિર્ણય કરવો અને તેમાં વખતો વખત લાભ હાનિનો વિચાર કરીને પટતો ફેરફાર કરવો. તેમજ ઉત્તરોત્તર નિમિત્ત અવલંબનો આદરવા પરિહાર કરવો. એટલું તો લક્ષ્યમાં રાખવાનું છે કે બાહ્ય સાધનોમાં અને ઉપાદાનોમાં સાધ્ય સિદ્ધિનો સંયોગ કઇ રીતિએ કરવા યોગ્ય છે. સાધ્યની સિદ્ધિ સમ્મુખ થનાર એવા અવલંબનોનું અવલંબન કરવું.

× × × ×

ધ્યાન વિષય—ધ્યાનાનુભવ.

ધ્યાનમા સ્થિર થઇ જવામા આવે છે ત્યારે પાચે ઇન્દ્રિયોનો બ્રાહ્યવૃત્તિએ વ્યાપાર બંધ થએલો અનુભવાય છે અને નામ રૂપ એ આત્માની સાથે સબંધિત નથી એવો અનુભવ આવે છે અને વાસનાઓનુ તો જાણે અસ્તિત્વ નથી એવું ભાન થાય છે. ધ્યાનના સ્થિરતા વખતે બાહ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવનો ઉપયોગ રહેતો નથી અને આત્મ આનન્દમય હોય એવી પરોક્ષમાં પણ પ્રત્યક્ષ જેવી ઝાંખી જણાય છે. આત્માના આનન્દનો પાર રહેતો નથી. શાતવેદનીયથી પણ આત્માના આનન્દનો ભિન્નપણે અનુભવ થાય છે. આત્માના આનન્દમા બાહ્ય વસ્તુઓ દ્વારા મેળવાતો આનન્દ જે હતો તે પણ ન હતો એવો અનુભવ આવે છે. આત્માનો આનન્દ મળવાથી સાધુની દશામા બાહ્યથી અનેક પરિષહો વેઠતા રહી શકાય છે. આત્માના આનન્દમા દુઃખની યાદી રહેતી નથી. ધ્યાનથી આવી આનન્દદશા રહે છે તેથી સહજયોગની દશાનો તાત્વિક અનુભવ થાય છે. આત્માના ધ્યાનમા રહેવાથી આનન્દમસ્તદશા ઉત્પન્ન થાય છે, અને તેનું દૃષ્ટાન્ત આપી શકાય તેવું ન હોવાથી એટલુંજ કહેવું પડે છે કે જે એવી આનન્દમસ્તદશા અનુભવે છે તેજ સહજાનન્દ મસ્તદશાનો અનુભવ કરનારો ગણાય છે. પૂર્વભવના ઘણા આધ્યાત્મિકધ્યાન સંસ્કારોવડે આ જન્મમાં ધ્યાનનો આનન્દ મળે છે એમ અનુમાનવડે કથી શકાય છે. બાહ્યરીતિએ સાધુની વ્યાવહારિક યથાયોગ્ય સંપ્રાપ્ત કરજને અદા કરીને ધ્યાન સાધ્ય સહજ સુખની ખુમારીનો સ્વાદ જેટલો લેવાય છે તેટલો લીધા કરીએ છીએ પણ હજી સાધનાવસ્થાજ છે એમ અમને સ્વાનુભવ દર્શાવે છે. આત્માના ધ્યાનાનુભવ પ્રદેશમા, સમાધિ પ્રદેશમા આત્માના શુભાધ્યવસાયોવડે આગળ વધવા પ્રયત્ન થાય છે. આ પ્રાપ્ત શુભાધ્યવસાયો કે જે ચારિત્ર પરિણામ રૂપ છે તેમાના કેટલાક સમાધિરૂપ ચારિત્ર અધ્યવસાયો સ્પર્શાય છે.

× × × ×

ક્રિયા સંબંધી.

ધર્મક્રિયાના ઉદ્દેશો જેમ જેમ ભૂલાય છે તેમ તેમ ધાર્મિક ક્રિયાઓ તરફ અરૂચિ અને અલક્ષ થતું જાય છે. ધાર્મિક ક્રિયાનું પરિજ્ઞાન અને વર્તમાન જમાનો એ બેનો પરિપૂર્ણ વિચાર કરીને વર્તમાનકાલિક ઉન્નતિના ઉપાયોનું ધર્માનુષ્ઠાનમાં વિચાર સાધ્ય બિન્દુ ગોઠવાવવું જોઇએ કે જેથી વર્તમાનકાલિક ધર્માનુષ્ઠાન પ્રવૃત્તિમાં રૂચિ, લક્ષ અને ઉપયોગિતા દેખવામાં આવી શકે. ધર્માનુષ્ઠાનોના મૂળ ઉદ્દેશો અવબોધવામાં આવે તો બિશ્રણ ગાડ-રીયો પ્રવાહ અને કાલે કાલે ક્રિયાઓમાં થતું પરિવર્તન ઇત્યાદિ સર્વનો બોધ થાય. વર્તમાનકાલીન મનુષ્યોની ચારે તરફની પ્રવૃત્તિ અને તેમની પરિસ્થિતિનો વિચાર કરીને તેઓને કાલાનુસારે ધર્માનુષ્ઠાનોમાં યોગ્ય ઉદ્દેશો સાથે બંધ બેસતાં અનુષ્ઠાનોમાં યોજવામાં આવે તો તેઓની જીંદગીમાં અમૃત ક્રિયાના રસનો સંચાર થઇ શકે, અને તેથી તેઓ સમ્યગ્ રીત્યા ધાર્મિક જીવનથી ઉન્નતિમાં પ્રવેશ કરી જીવી શકે. મનુષ્યોને પોતાના અધિકાર પ્રમાણે રૂચતી, બંધબેસતી, સમજાતી, આદરણીય અને સ્વહિતકારક ધાર્મિક ક્રિયા થાય એવા વિચારોને આગમો અને પૂર્વાચાર્યોના ગ્રન્થોની સનાતન ક્રિયાથી અવિરૂદ્ધપણે અસલની મૂળ સ્થિતિએ સુધારા તરીકે સંયુક્ત કરવા જોઇએ કે જેથી મૂળ ધાર્મિક ક્રિયાઓનું અસલની દ્રષ્ટિએ અવિરૂદ્ધ પુનરૂજ્જીવન થાય અને તેથી મનુષ્યોને સદા ફાયદો થાય. ધાર્મિક ક્રિયાઓની સમજુતી. સરલતા, સુગમતા, અલ્પસમય તથા પ્રયત્ન સાધ્યઆદિ દરેક ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને ધાર્મિક-ક્રિયાજીવન ઉચ્ચ કરવું જોઇએ.

× × × ×

ધાર્મિક વિચાર સંકલના.

ધાર્મિક વિચારોની સંકલ્પના પરસ્પર અપેક્ષાવાળી અને અનુક્રમ સહિત ઉન્નતિના માર્ગ તરફ અધિકાર પરત્વે આગળ વધનારી હોવી જોઇએ. ધાર્મિક વિચારોની સકલનામા શ્રદ્ધા અને ભક્તિબળ રહેવું જોઇએ. ધાર્મિક સમાજ અને તેની એકેક વ્યક્તિને પણ સમગ્ પોષણ આપે એવી રીતે કેળવણીયુક્ત ધાર્મિક વિચારોની સંકલના હોવી જોઇએ. ધાર્મિક વિચારોની સકલનામા દિવ્યતા, શૌર્ય, ધૈર્ય અને સાર્વત્રિક સ્વાતંત્ર્ય કે જે સ્વાચ્છન્દ્-

સાત નય અને સપ્તભંગીનો વિચાર કરતાં પૂર્વાપર થાકી ગયા. વિકલ્પજ્ઞાન કરતાં વિકલ્પદશાનો ત્યાગ આવી શકતો નથી. વિકલ્પદશાના કરતાં નિર્વિકલ્પદશાનો જુદા પ્રકારનો અનુભવ છે. રાગદ્વેષના અધ્યવસાય જેમાં ન પ્રગટે એવી દશાને નિર્વિકલ્પદશા કહેવામાં આવે છે. ચારિત્રની અપેક્ષાએ નિર્વિકલ્પદશાનું આ લક્ષણ અવબોધવું. સાત નયોના વિચારવડે જે વિકલ્પજ્ઞાન થાય છે તેના કરતાં ભિન્ન પ્રકારનું અને શુદ્ધ એક આત્માના સ્થિરોપયોગરૂપ જે જ્ઞાન વર્તે છે તેમાં નિર્વિકલ્પદશાનો અનુભવ થાય છે. યોગશાસ્ત્રમાં કથેલ ઉન્મનીભાવ આદિસાધ્ય નિર્વિકલ્પદશા છે. નિર્વિકલ્પ દશાનો અનુભવ આવ્યા વિના નિર્વિકલ્પસુખનો અનુભવ આવતો નથી. ઉન્મની ભાવનો અનુભવ ખરેખરો પ્રગટે છે ત્યારે નિર્વિકલ્પજ્ઞાન દશાનું સુખ અનુભવાય છે.

× × × ×

આત્માના શુદ્ધ ધર્મમાં ઉપયોગધારા સતત વહેવરાવ્યાથી આત્મામાં સ્થિરતા ગુણ ઉત્પન્ન થાય છે. આત્મામાં શુદ્ધાધ્યવસાય પ્રગટાવવાથી ચારિત્ર મોહનીય ટળતી જાય છે. આત્માના શુદ્ધાધ્યવસાયોવડે ચારિત્રમાં જીવી શકાય છે. મન વચન અને કાયાના યોગને આત્માના શુદ્ધ ચારિત્ર ધર્મ સન્મુખ કરવાથી મન વચન અને કાયાના યોગમા પરિણમેલું આત્મવીર્ય પોતાના શુદ્ધ ચારિત્ર ધર્મમાં પરિણામ પામતું જાય છે. આત્માના શુદ્ધ ચારિત્ર ધર્મમાં રમણતા કરવાથી આત્મવીર્યની ચંચળતા ટળે છે અને નિર્ભય, ઉત્સાહ, અખેદ, અદ્વેષ આદિભાવે આત્મવીર્ય સ્થિર થતું જાય છે. મોહના પરિણામ પ્રગટવાથી આત્મવીર્ય ચંચલતા થાય છે. આત્માના અસંખ્યાત પ્રદેશમા રહેલું વીર્ય સ્થિર કરવાની ઉત્તમ કુંચી એ છે કે મનમા રાગદ્વેષના પરિણામ ઉત્પન્ન ન થવા દેવા. મોહના પરિણામવડે મન વચન અને કાયા યોગની ચંચળતા થાય છે અને તેથી શરીરમાં આત્માના પ્રદેશો ચચલ થાય છે, અને તેથી આત્માના આનન્દનો પ્રાદુર્ભાવ થતો નથી. આત્માનું વીર્ય પોતાના સ્વભાવે સ્થિર કરવું હોય તો મોહવડે મન વચન અને કાયાના યોગની ચંચલતા થાય છે તે વારવી જોઇએ. મનમા રાગદ્વેષની પરિણતિ નહિ ઉત્પન્ન કરવી. સારાંશ કે રાગદ્વેષથી મનને દુર રાખવાથી વચન અને કાયાના યોગની

આત્માના ધર્મપર પ્રગટેલ વિશુદ્ધ પ્રેમથી આત્માની શુદ્ધ રમણુના રસનો સ્વાદ પ્રગટે છે, અને તેથી દુનિયાના ભેદના ભડકા ભૂલાય છે. આત્માના શુદ્ધોપયોગની ધૂનમાં આનન્દરસની કેફ પ્રગટે છે. આત્માના શુદ્ધોપયોગની આનન્દકેફમાં નિયમની મર્યાદાનો વ્યવહાર રહેતો નથી. આત્માના વિશુદ્ધ પ્રેમરૂપ અભેદરસનો પ્યાલો ઘટઘટાવી જવાથી દુનિયાના આધિવ્યાધિ વગેરે તાપોની અસર થતી નથી, અને આત્મામાં પરમપ્રસન્નતા, પરમશીતલતા અનુભવાય છે. ક્ષયોપશમ ચારિત્ર અને શુદ્ધોપયોગે આવી આનન્દદશાનો અનુભવ આવે છે, તો શુદ્ધોપયોગવડે સમાધિમાં તલ્લીન થતાં ક્ષાયિકચારિત્ર પ્રગટતાં આત્મામાં કેવો આનન્દ પ્રગટતો હશે ? તે ખરેખર સર્વજ્ઞ વણુ અન્ય કોઇ જાણી શકે નહિ. તેવી ક્ષાયિકચારિત્રની દશા પ્રગટ થાય છે ત્યારે તેનો અનુભવ આવે છે. ક્ષયોપશમભાવે ઉપયોગ દશામાં વિશુદ્ધ પ્રેમરસ પ્રગટે છે, અને તેથી સંસારનાં મ્હારાં અને ત્હારાંપણાનાં બંધનો ટળે છે. આવી શુદ્ધોપયોગે આત્માની સમાધિ સદાકાલ રહેતી નથી કારણુ કે તે ક્ષયોપશમભાવની છે; તોપણુ આત્માના ધર્મમાં રમણુતા કરવા અભેદ પ્રેમપન્થી થઇને આત્માના વિશુદ્ધ અધ્યવસાયોમાં ખેલવા અને અપ્રાપ્ત એવા નિર્મલ અધ્યવસાયોને પ્રાપ્ત કરવા, આત્માના દ્રવ્ય ગુણુ પર્યાયમાં સમાધિ યોગે લીન થવા પ્રયત્ન કરવાની જરૂર છે. ક્ષયોપશમભાવની ચારિત્રસમાધિમાથી પાડનાર મોહપરિણુતિ છે તેનો જય કરવા ઉપયોગ રાખવો.

× × × ×

ધર્મના વિશાલ નિયમો એ ધર્મની વિશાલતા કરનાર છે, અને ધર્મના સંકુચિત એકદેશીય નિયમો એજ ધર્મની સાંકડી સ્થિતિ કરનાર છે. સાર્વત્રિક–સાર્વદેશીય જમાનાને બંધ બેસતા અને વાસ્તવિક સત્યતા અને ઉપયોગિતાથી યુક્ત એવા ધાર્મિક નિયમોના બંધારણુથી અને સુવ્યવસ્થાથી ધાર્મિકઉપદેશકોને નિયમસર ધર્મનો ઉપદેશ અને તેના ફેલાવા માટે યોજવાથી ધાર્મિકમનુષ્યોની સંખ્યામા વધારો કરી શકાય છે, અને જૈન ધર્મને સર્વત્ર પ્રસગાવી શકાય છે. જૈનધર્મના વાસ્તવિક આચારો અને વિચારોમાં દુનિયામા પ્રવર્તતા ધર્મોના આચારો અને વિચારો સમાઇ જાય છે, અને જૈનધર્મના આચારો અને વિચારો આખી દુનિયાને ઉપયોગી છે,

તેથી આનન્દની ઘેન સુખના ચ્હેરા પર પણ આનન્દ ચિન્હો પ્રગટાવી શકે છે. જ્ઞાનગર્ભિત વૈરાગીનું જીવન આનન્દની ઝાંખીવાળું હોય છે, તેના હૃદયમાં સરલતા, સ્વચ્છતા, નિર્મળતા, સુજનતા અને શુદ્ધપ્રેમનાં ઝરણું વહે છે; અને તેથી તેનું આન્તરિક હૃદય ઉચ્ચગુણોની ભૂમિકાભૂત બને છે. જ્ઞાની દુઃખના પ્રસંગોમાં પણ દુઃખના વિચારોને હઠાવી વાસ્તવિક સુખની લ્હેરીનો અનુભવ લે છે. જ્ઞાની દુઃખના વિચારોને સુખના વિચારો રૂપે પરિણમાવી દે છે, અને તેના અન્તરમાં સુખી જીવન વહે છે. આનન્દજીવન એજ જીવનાર આત્માનું લક્ષણ છે.

× × × ×

ગમે તેવી વિપત્તિ અને ઉપસર્ગોના પ્રસંગોમાં, સ્વાભાવિક આનન્દ જીવનમાં વિક્ષેપ ન થાય એવા આન્તરિક સદ્વિચારો કરવા, અને આત્માના મૂળ આનન્દમાં અખંડ ઉપયોગ રાખવો. આત્માના આનન્દમાં લીન થવાને માટે પાંચે ઇન્દ્રિયો અને શરીર, નામ તથા બાહ્ય પદાર્થોના સંબંધમા છતાં પણ તે સંબંધ છેજ નહિ, અને તે સંબંધને લેઇ મનમાં કંઇ વિકલ્પસંકલ્પ ઉઠે નહિ એવી આત્મભાવનામા સ્થિર થઇ જવું. આત્માના આનન્દાદિ મૂળ ગુણમા સ્થિર થઇને બાહ્ય કાર્યો કરતાં છતાં વા બાહ્ય સંબંધોમા અનેક પ્રકારે અધિકાર પરત્વે આવતા છતાં મનમાં બાહ્યની અસર ન થાય એવી રીતે ઉપયોગની સતત ધારા વહેવરાવવાથી આત્માના અખંડાનન્દરૂપ જીવનને આન્તરિકદશાએ ભોગવી શકાય છે. જ્યાં વૃત્તિ વહે ત્યા અખંડ ઉપયોગથી ગમે તેવા પ્રસંગોમાં આનન્દની વાસ્તવિક ધારણા કરવી. સહજાનન્દની ધારણા રાખીને તેમજ આનન્દમય હું આત્મા છું એવો ઉપયોગ રાખીને બાહ્યના પ્રસંગોમા વર્તવાથી આત્માના આનન્દની ઝાખી જણાય છે. બાહ્યના ગમે તેવા પ્રસંગોમા હું આનન્દમય આત્મા વતું છું અને વર્તીશ એવો દૃઢ નિશ્ચય કરવો. અશાતાવેદનીયના પ્રસંગોમાં આત્મા પોતાના સહજાનન્દ સ્વરૂપમય છે એવા ઉપયોગથી દૃઢ નિશ્ચય ધારણ કરવો. આત્માના શુદ્ધાનન્દનો ભોગ એજ મારૂં ખરૂં જીવન છે અને એજ ખરૂં કર્તવ્ય છે એવો પૂર્ણ નિશ્ચય કરવો. આત્માનો આનન્દ વેદવો એજ બાહ્યજીવનનો પણ હેતુ છે એવો દૃઢ નિશ્ચય ધારણ કરીને બાહ્યથી વર્તતાં દુઃખના પ્રસંગો પણ સુખના

કરે તો તેમનું કલ્યાણ તુર્ત થાય. હે પ્રભો ! ત્હારા ઉપર મ્હારો પૂર્ણ પ્રેમ જામો અને તે વડે આત્મનો અનન્ત શક્તિયો ખીલવવાનો માર્ગ ખુલ્લો થાઓ. હે વીતરાગ દેવ ! તારા ઉપર થનાર પ્રેમ તે તારા પ્રતિનિધિત્વની ગરજ સારે છે કારણ કે ત્હારા ઉપર થનાર શુદ્ધ પ્રેમ તેજ ત્હારી પ્રાપ્તિની સાક્ષી પૂરે છે.

હે વીતરાગ પ્રભો ! ત્હારા ઉપર ઉપજતો શુદ્ધ પ્રેમજ મને તારાસ્વરૂપની પ્રાપ્તિ માટે મોહું અવલંબન છે. પોતાનાપર જેનો વિશ્વાસ વા રાગ ન હોય તેને જે કંઇ હિતશિક્ષાનો ઉપદેશ દેવામાં આવે છે તે ઉપદેશની તેનાપર પ્રાયઃ સારી અસર થતી નથી. પોતાની પાસે આવનારાઓનો પોતાનાપર રાગ પ્રગટે અને પોતાના વિચારોથી શ્રદ્ધા થાય એવો ઉપાય પ્રથમ કર્ત્તવ્ય છે.

× × × ×

વ્યવહારમાર્ગમાં એકાન્ત ક્રિયારૂચિવાળા સાધુઓને મૂલ ક્રિયાઓના ઉદ્દેશને સ્યાદ્વાદરીતિએ જાણે અને દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવ પ્રમાણે અધિકારી-પરત્વે ધર્મક્રિયાઓની ઉપયોગિતા ઉપદેશે તો તેઓ સામાન્ય આચરણાઓમાં પરસ્પર વિરૂદ્ધતાએ ક્લેશ કરવાના સંયોગોમાં ન આવી પડે. દરેક ક્રિયાઓના ઉદ્દેશોને વિસ્તારપૂર્વક અવબોધવામાં આવે તો ઘણી બાબતોમાં ક્રિયાસંબંધી થતો આગ્રહ છૂટી જાય. ક્રિયાઓના ઉદ્દેશો ધ્યાનમાં રાખીને રાગદ્વેષની મન્દતા થાય અને આત્માની ઉજ્જ્વલતા થાય એવી રીતે પ્રવર્ત્તવાનું છે એમ લક્ષમાં રાખવું જોઇએ. નિમિત્ત કારણરૂપ ક્રિયાઓવડે આત્માની ઉપાદાન શુદ્ધપરિણતિ પ્રગટાવવાની છે એમ સાધુઓ લક્ષ રાખીને વિચારે તો જૈનશાસનની ઉન્નતિમાં વિઘ્નરૂપ થએલા કેટલાક કદાગ્રહનો નાશ થાય. ગણધરોએ અને આચાર્યોએ ધર્મની ક્રિયાઓ શા માટે કહી છે - અને તેથી પોતાના આત્માને કેવી રીતે લાભ થાય છે એનો વિચાર કરીને પોતાના અધિકાર પ્રમાણે ધાર્મિક ક્રિયાઓનું જ્ઞાન મેળવીને તે પ્રમાણે વર્તવાની ઉપયોગિતા અવબોધવાની આવશ્યકતા છે. ક્રિયાઓના ઉદ્દેશો તપાસવામાં આવે તો માલુમ પડશે કે ધર્મની ક્રિયાઓ જગતને મોક્ષ તરફ વાળનારી છે, અને આત્માની શાંતિ અર્પનારી છે. ધર્મની ક્રિયાઓમાં મતભેદે ક્લેશ ટંટા કરીને આત્માના અધ્યવસાયોની શુદ્ધિમાં પોતાના હાથે વિઘ્ન કરવું નહિ એમ ખાસ સાધુઓ ઉપયોગ રાખે તો પ્રીતિ-ભક્તિવડે ધર્માનુષ્ઠાનોમાં અમૃત

વૃદ્ધિ કરે છે. ગુરૂના હૃદયની સાથે એક રૂમનો તાર સાંધવાથી ગુરૂના મહિમાઓને શિષ્ય પોતાના હૃદયમાં ઉતારવા સમર્થ થાય છે અને તેથી આચારોમાં પણ ગુરૂની સાથે એક સરખો બનતો જાય છે. ગુરૂની શ્રદ્ધા, ભક્તિ અને આત્મામાં જેટલી ખામી તેટલીજ મોક્ષની આરાધનામાં ન્યૂનતા અવબોધવી. ગુરૂએ શિષ્યને શ્રદ્ધા-ભક્તિનો ઉપદેશ આપે છે તેનો વિપરીતદૃષ્ટિઓ ભિન્ન અર્થ ગ્રહણ કરે છે અને જ્યારે શિષ્યની સમ્યગ્ દૃષ્ટિ થાય છે ત્યારે ગુરૂના બોધ અને હિતશિક્ષાપર પૂર્ણ શ્રદ્ધા રહે છે.

× × × ×

આત્માની કોઈ નિન્દા હેલના કરે છે, તો તેથી આત્માને ગમતું નથી. તે ઉપરથી લાગે છે કે આત્મા પોતે નિન્દા-હેલના વગેરેથી ભિન્ન છે અને તે તેનો ધર્મ નથી. આત્માને કોઈ નીચ કહે છે તો આત્માને રૂચતું નથી. તેથી એમ લાગે છે કે નીચપણું એ આત્માનો ધર્મ નથી. આત્માને કોઈ પામર કહે છે તો તેથી આત્માને અરૂચિ થાય છે તેથી જણાય છે કે પામરપણું એ આત્માનો ધર્મ નથી. આત્માને કોઈ પાખંડી કહે છે તો આત્માને ખોટું લાગે છે તેથી અવબોધાય છે કે પાખંડથી આત્મા ભિન્ન છે. આત્માને કોઈ અજ્ઞાની કથે છે તો આત્માને ખરાબ લાગે છે તેથી સમજાય છે કે અજ્ઞાન એ આત્માનો મૂળ ધર્મ નથી. આત્મા પર ગમે તે દોષનો આરોપ કરવામાં આવે છે તો તેથી આત્માને ખોટું લાગે છે. તે ઉપરથી સમજવાનું કે જેટલા દોષો છે તેનાથી આત્મા ભિન્ન છે.

આત્માનો કોઈ ગુણ લેઈને આત્માને ગુણી કહેવામાં આવે છે તો આત્મા તેથી આનન્દ પામે છે તે ઉપરથી સમજાય છે કે આત્માના ગુણો આત્માને રૂચે છે. આત્માને કોઈ પ્રભુ કથે છે તો તેથી આત્મા ખુશ થાય છે આ ઉપરથી અવબોધાય છે કે આત્મામાં પ્રભુતા રહેલી છે. આત્માને કોઈ જ્ઞાની કથે છે તો તેથી આત્મા ખુશ થાય છે તેથી સમજાય છે કે જ્ઞાન એ આત્માનો ગુણ છે. આત્માને કોઈ વીર્યવંત કહે છે તો આત્મામાં આનન્દ ઉપજે છે તે ઉપરથી સમજાય છે કે વીર્ય એ આત્માનો ગુણ છે આત્માને કોઈ ઉચ્ચ કથે છે તો તેથી આત્મા પ્રમોદ પામે છે તેથી સમજવાનું કે ઉચ્ચપણું એ આત્માનો ધર્મ છે. આત્માને સદ્‌ગુણો પ્રતિ રૂચિ થાય છે;

અનેક પ્રકારના અધિકાર પ્રમાણે કાર્યો કરતાં છતાં આખા દિવસમાં એક અશુભ વિચાર ન આવે તે સંબંધી ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે.

પોતાના આત્મામાં પરમાત્મત્વ રહ્યું છે. આત્માનો વિશ્વાસ રાખીને ઉત્સાહ અને ખંતથી હળવે હળવે આગળ વધવાની જરૂર છે.

પોતાનામાં શુદ્ધધર્મની શ્રદ્ધા છે તો છેવટે આખી દુનિયા પોતાની તરફ ઝૂકવાની. પોતાના ગુણોનો વિશ્વાસ ધારણ કરીને આત્માના સદ્ગુણો પ્રગટાવવા ધીમી ધીમી પણ ઉત્સાહ અને ખંતથી પ્રવૃત્તિ કરવાની જરૂર છે.

વાસનાઓને તાબે થવું, મન, વચન અને કાયાની અવ્યવસ્થસ્થિતિ ઇત્યાદિથી આત્મશક્તિયો ખીલતી નથી અને ખીલેલી હોય છે તો તેનાપર આવરણ આવે છે. અશુભેચ્છાઓને મનમાં ન પ્રગટ થવા દેવી એજ આન્તરિક શીયલવ્રત અવબોધવું.

દીક્ષા લેતી વખતે અને મૃત્યુ વખતે જેવો વૈરાગ્ય પ્રગટે છે તેવો વૈરાગ્ય જો સતત રહે તો આત્મકલ્યાણમાં વાર લાગે નહિ. મોહગર્ભિત વૈરાગ્ય અને દુઃખગર્ભિત વૈરાગ્યથી મહાન્ એવો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય દરરોજ વધતો જાય છે. દુઃખના પ્રસંગોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જાગ્રત્ રહે છે અને આશ્રવના ઠેકાણે સંવરની પ્રાપ્તિ કરાવે છે.

શુભવિચારો એ ઉદયની નિશાની છે, શુભ વિચારો હોય તો શુભાચાર પ્રગટવાનો. એમ પૂર્ણ વિશ્વાસ ધારણ કરવો. અશુભવિચારો ખોટા છે અને શુભ વિચારો સારા છે એવો વિવેક જ્યારથી પ્રગટયો ત્યારથી આત્મોન્નતિ ક્રમમાં દાખલ થયા એમ સમજવું.

પ્રભુતાનો પ્રારંભ અણુસમાન છે. પણ તે વડબીજમાં રહેલા વડની પેઠે પ્રભુતાવાળો છે. એવો આત્મવિશ્વાસ ધારણ કરીને પ્રારંભમાં અણુ સમાન ભાસતા એવા કાર્યમાં પ્રવૃત્તિ કરવી.

પ્રવૃત્તિ વિનાનો કોઇ નિવૃત્તિધર્મ દુનિયામાં ટકી શકતો નથી. પ્રવૃત્તિ રૂપ વાડ વિના નિવૃત્તિ રૂપ ક્ષેત્રની સંરક્ષા થઇ શકતી નથી. પ્રવૃત્તિ વિના નિવૃત્તિની પ્રાપ્તિ થતી નથી; એમ કહેવામાં અનેક આશયો વ્યવહારની અપેક્ષાએ હૃદયમાં રહે છે.

× × × ×

લોક, વ્યવહાર ઇત્યાદિ સર્વથી મારો આત્મા વસ્તુતઃ ન્યારો છે, દુનિયાના અન્ય કોઈ પદાર્થની મારે સ્પૃહા નથી. મારા આત્મામાં શુદ્ધધર્મના શુદ્ધોપયોગમાં રહેવું અને શુદ્ધોપયોગવડે આત્મધર્મ પ્રગટાવવો એજ મારો સત્ય ધર્મ છે.

× × × ×

હે ચેતન ! જે જે સાનુકૂલ વા પ્રતિકૂલ સંયોગોમાં તું મૂકાય છે તે સર્વની પરિણતિથી વિચારે તો ત્હારા શ્રેય માટે છે. પોતાના શુદ્ધસ્વરૂપના ધ્યાનમાં મસ્ત થવાથી સાનુકૂલ અને પ્રતિકૂલનો વ્યવહારબુદ્ધિભેદ ટળે છે અને આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલા અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ધર્મમાં રમણતા લાગે છે. પોતાના અસંખ્યાત પ્રદેશ રૂપ સૃષ્ટિની લીલામાં ત્હને આનંદ જો ખરેખર પડે છે તો હવે બાહ્યસૃષ્ટિનાં સ્થૂલ દૃશ્યોમાં અને શબ્દો વગેરેમાં રાચવું જોઇએ નહિ. કર્મના યોગે બાહ્ય પદાર્થોના સંબંધો તેઓ અન્તર્ સૃષ્ટિમાં રમતાં છતાં પણ થવાના, તેથી બાહ્ય પદાર્થોના યોગે શાતા અને અશાતા વેદાવવાની, તેથી ત્હારે બાહ્ય દૃશ્ય પદાર્થોના સંબંધે રાગ દ્વેષનો પરિણામ કરવો નહિ એજ ખાસ લક્ષ રાખવાનું છે. બાહ્ય પદાર્થોને દેખીને વૃત્તિયો દ્વારા આત્મામાં અહંમમત્વતા ન પડે એવી રીતે આન્તરિક સૃષ્ટિમાં રમણતા કરવી જોઇએ. ઔદયિકભાવની દૃષ્ટિવડે બાહ્યમાં સંકલ્પ વિકલ્પની સ્ફુરણા ઉઠે છે, અને તેથી આત્માના સમતા રૂપ સરોવરમાં ચપલતા રૂપ તરંગોની હાલંહોલા થાય છે; માટે ઔદયિક ભાવની દૃષ્ટિ ટાળવા; આત્મામાં આત્મ શુભદૃષ્ટિવડે દરરોજ શુદ્ધપ્રેમથી રમણતા કરવી યોગ્ય છે. જે અંશે આત્માના અસંખ્યાત પ્રદેશમાં રહેલા ધર્મોમાં દૃષ્ટિ દેઇને છે, તેટલા અંશે પૌદ્ગલિકસૃષ્ટિથી મુક્ત થવાય છે. હે ચેતન ! નારા લોકો ત્હને અન્તરની સૃષ્ટિનું સુખ લેવા પ્રયત્ન કરાવીને . અનાદિકાલથી દુનિયામાં બંધાઇ ગયેલી વૃત્તિને આત્મામાં ના સૃષ્ટિના સંબંધોની કલ્પનાથી મુક્ત ગવા વિચાર કરવો વૃત્તિ કરવી એ આત્મજ્ઞાનની દૃષ્ટિ વિના બની શકે નહિ. દૃષ્ટિ પામ્યા બાદ અને આત્માના અસંખ્ય પ્રદેશ રૂપ ટમા પ્રવેશ કરવાનો અધિકાર પામ્યા બાદ કર્મના વિપાકોના ગાય છે કર્મ બંધ બંધાતો નથી.

ગ્રાહ, વ્યવહાર ઇત્યાદિ સર્વથી મારો આત્મા વસ્તુતઃ ન્યારો છે, દુનિયાના અન્ય કોઈ પદાર્થની મારે સ્પૃહા નથી, મારા આત્મામાં શુદ્ધધર્મના શુદ્ધોપયોગમાં રહેવું અને શુદ્ધોપયોગવડે આત્મધર્મ પ્રગટાવવો એજ મારો સત્ય ધર્મ છે.

× × × ×

હે ચેતન ! જે જે સાનુકૂલ વા પ્રતિકૂલ સંયોગોમાં તું મૂકાય છે તે સઘળી પરિસ્થિતિથી વિચારે તો ત્હારા શ્રેય માટે છે. પોતાના શુદ્ધસ્વરૂપના ધ્યાનમાં મગ્ન થવાથી સાનુકૂલ અને પ્રતિકૂલનો વ્યવહારબુદ્ધિભેદ ટળે છે અને આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલા અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ધર્મમાં રમણતા લાગે છે. પોતાના અસંખ્યાત પ્રદેશ રૂપ ચક્રિની લીલામાં ત્હને આનંદ જો ખરેખર પડે છે તો હવે બાહ્યચક્રિનાં સ્થૂલ તખ્તોમાં અને ઝગ્મો વગેરેમાં ભમવું જોઇએ નહિ. કર્મના યોગે બાહ્ય પદાર્થોના સંબંધિ તો અન્તર્ ચક્રિમાં રમતાં છતાં પણ થવાના, તેથી બાહ્ય પદાર્થોના યોગે હર્ષ અને શોકના વેદાવવાની જેથી ત્યારે બાહ્ય દશ્ય પદાર્થોના સંબંધે રાગ દ્વેષનો પરિણામ કરવો નહિ એજ ખાસ લક્ષ રાખવાનું છે. બાહ્ય પદાર્થોને દેખીને વૃત્તિઓ દ્વારા આત્મામાં અહંમમત્વના ન પડે એવી રીતે આન્તરિક ચક્રિમાં રમણતા કરી લેવાએ. મોહવિનાની દષ્ટિવડે આત્મામાં સંકલ્પ વિકલ્પની સ્ફુરણા [illegible] છે. અને તેથી આત્માના સ્વભાવ રૂપ શીતરમાં સ્વભાવના રૂપ તરંગોની [illegible] થાય છે; માટે અંતરિક આત્મની દષ્ટિ રાખજે, આત્મામાં આત્મસ્વભાવની શુભદ્રષ્ટિવડે હરેક ગુણોમાંથી રમણતા કરી લેજે છે. જે [illegible] આત્માના અસંખ્યાત પ્રદેશમાં રહેલા ધર્મોમાં દષ્ટિ દેઇને રમણતા [illegible] છે તેટલા અંગે [illegible] સુખ [illegible]. હે ચેતન ! [illegible] ત્હને અન્તરની દષ્ટિનું સુખ [illegible] [illegible] દુનિયામાં [illegible] ત્હને [illegible] અને [illegible] દષ્ટિના [illegible] સુખ [illegible] વિચાર કરો [illegible] દષ્ટિ [illegible] અને [illegible] આત્માના અસંખ્ય [illegible] [illegible] કર્મના [illegible] અને નવીન કર્મ [illegible] નથી. [illegible]

શુદ્ધ ધર્મમાં હે ચેતન! અન્તર્દૃષ્ટિથી રમણતા કર! જૈનશાસનની સેવા કરવાની પ્રવૃત્તિમાં પણ આવા આન્તરિક શુદ્ધધર્મનો ઉપયોગ ધારણ કર. આવા લોકોત્તરભાવ ગધાવંધ સાધવાનો ગુપ્ત મંત્ર છે. આજ મુક્તિમાં ગમન કરવા માટે લોકોત્તર દિવ્ય હવાઈ વિમાન છે.

× × × ×

વ્યવહારનયની અપેક્ષાએ વ્યાવહારિક ધર્મના ભેદો અનેક પ્રકારના હોવાથી તથા તેમાં શુદ્ધ અને અશુદ્ધ આદિ ભેદોની ગુંચવણ પડવાથી, વ્યાવહારિક ધાર્મિક ક્રિયાઓના ભિન્નભિન્ન મતભેદે ભિન્નભિન્ન મત અને પંથો ઉભા થવાથી તેમાં બાળજીવોને આગ્રહોના અસંપૂર્ણતાને ક્લેશ થાય છે, અને ધર્મક્રિયા ભેદની તકરારોમાં તેઓને ક્રોધ, અહંકાર, માયા, કપટ વગેરે દોષો પ્રાપ્ત થાય છે. વ્યવહારનયના ધર્મભેદોની ભિન્નભિન્ન માન્યતાઓના નિરપેક્ષમમત્વથી દુનિયા, ધર્મના નામે હિંસાયુદ્ધ આરંભે છે, અને સર્વ શરીરધારી આત્માઓનું બુરું કરવા પ્રયત્ન કરે છે. નિશ્ચયનયથી આત્મામાં રહેલ એવા ધર્મમાં રમણતા કરવાથી વ્યવહારદૃષ્ટિના ભેદોના ઝઘડા નષ્ટ થાય છે અને આત્મામાં ખરી સમાધિ જાગ્રત્ થાય છે. વ્યવહારના ભિન્ન ભિન્ન મતભેદોની ભિન્નભિન્ન માન્યતાઓના આગ્રહથી પરસ્પર જીવોમાં ભેદ, ક્લેશ અને ઈર્ષ્યાબુદ્ધિ ઉત્પન્ન થાય છે, એમ જ્ઞાનદૃષ્ટિથી સૂક્ષ્મ અનુભવ લેનાર જ્ઞાનીને આ બાબતની સારી સમજણ પડી શકે તેમ છે. નિશ્ચયનયથી બુદ્ધિ તો આત્માના શુદ્ધધર્મને જાણનારી હોવાથી આત્મામાં ખરી સમાધિ પ્રગટે છે, અને આત્મા, અભેદતા, શાન્તતા વગેરે ગુણોથી પુષ્ટ બને છે. વ્યવહારનય અને નિશ્ચયનયની મતિની તુલના કરતા છતા શ્રીમદ્ ચીદાનન્દજી કહે છે કે:—

दोरी दिखावनी किरियारे मति व्यवहार प्रकाशी हो;
अगम अगोचर निश्चयनयकी, दोरी अनन्त आकाशी हो. चिदानन्द-४
नाना घटमें एक पिछाणे, आतमराम उपासी हो;
भेद कल्पनामें जड भूल्यो, लुब्ध्यो तृष्णा दासी हो चिदानन्द-५
नाम भेष किरियाकुं सबही, देखे लोक तमासी हो;
चिन्मूरत चेतनगुण चिने, साचो सोइ सन्यासी हो. चिदानन्द-६

धर्म सिद्धि नवनिधि है घटमें, क्या ढुंढत जग फासी हो;
जस कहे शान्त सुधारस चाख्यो पूरन ब्रह्म अभ्यासी हो. चिदानन्द-७

શ્રીમદ્ ઉપાધ્યાયજી વ્યવહારની મતિને મહેલની દોરીની ઉપમા આપે છે અને નિશ્ચયનયની મતિને અનન્તગણી ઉપમા આપે છે. ભેદકલ્પનારૂપ વ્યવહારમાં જડ મનુષ્ય ભૂલે છે. આત્મામાંજ ધર્મ છે. બાહ્યમાં ભટકવાની જરૂર નથી એમ શ્રીમદ્ ઉપાધ્યાય હૃદયના ઉભરા કાઢે છે. વ્યવહારવડે ચાલવું પણ અન્તરમાં નિશ્ચયનયથી વર્તવું.

× × × ×

આત્માના અસંખ્ય પ્રદેશોને લાગેલાં કર્મ અને અન્ય પુદ્ગલો ઇત્યાદિ જડ વસ્તુઓ આત્માની નથી તેથી આત્માથી ભિન્ન કર્મ, શરીર વગેરેને મિથ્યા કહેવામાં આવે અર્થાત્ તે આત્મા નથી અને તે જડકર્મો વગેરેની લીલામાં કંઇ આત્મત્વ નથી એમ દૃઢ નિશ્ચયજ્ઞાનદૃષ્ટિથી દેખવામાં આવે તો આત્માને જડનું મમત્વ ટળે છે. આત્માના અસંખ્ય પ્રદેશની શુદ્ધતા નિર્મલતા વિના અન્ય કશું આત્માનું નથી, અને આત્માના અસંખ્ય પ્રદેશમાં રહેલ જ્ઞાનાદિ ધર્મ પોતાના શુદ્ધ સ્વભાવે રહેલ છે, તેના વિના અન્ય કોઇ મારું નથી અને તે અન્યભાવે સત્ નથી અર્થાત્ તે અસત્ મિથ્યા, અપેક્ષાથી છે એમ શુદ્ધોપયોગથી ધારતા આત્મામાં આત્મધર્મ છે એવ વસ્તુતઃ ભાસ થાય છે. આત્માના શુદ્ધ ધર્મનો ભાસ થતા આત્માના ધર્મનો અનુભવ આવે છે. આત્માના અસંખ્ય પ્રદેશો અને તેમા રહેલો જ્ઞાનાદિ ધર્મ તેજ હું છું એમ ધ્યાનથી પૂર્ણ નિશ્ચય કર્યા પશ્ચાત્ આત્મા વિના અન્ય વસ્તુમાં અહંમમત્વ ઉપજતું નથી. આત્માના ઉપયોગની દૃઢતા અને પરિપક્વતા કરવા માટે વ્યવહાર કરવામાં જડ વસ્તુઓમાં અસંખ્ય પ્રદેશરૂપ આત્માની ભાવના કરવી. જડ વસ્તુઓમાં અસંખ્ય પ્રદેશરૂપ આત્માની ભાવના એ આરોપભાવના કહી શકાય. [illegible] આરોપ ભાવના ભાવતા એવા [illegible] દૃષ્ટિએ દે-ખાય [illegible] શુદ્ધ નિશ્ચ[illegible] [illegible] આત્માના [illegible] આત્માના અસંખ્ય [illegible] દૃષ્ટિએ દેખવાની દૃષ્ટિ [illegible] થાય છે અને [illegible] રૂપ

અસંખ્યપ્રદેશવાળી આત્મવ્યક્તિને મનુષ્યો શરીરભેદે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, જગન્નાથ, ઇશુ, મહમદ, બુદ્ધ, વગેરે નામોથી બોલાવે છે. આત્માના અસંખ્યાત પ્રદેશમાં જ્ઞાનાદિ અનંતધર્મ અને પરદ્રવ્યનો અનન્ત નાસ્તિધર્મ રહેલો છે. અસંખ્ય પ્રદેશવાળી આત્મવ્યક્તિયો જગતમાં અનન્ત છે. અસંખ્યપ્રદેશવાળી આત્મવ્યક્તિના જ્ઞાનાદિ ધર્મને પ્રગટ કરવામાં શ્વેતાંબરો અને દિગંબરોને આત્માભિમુખવૃત્તિ કરવાની જરૂર છે. ત્યાં પરસ્પર એક બીજાપર કલેશભાવનાની વૃત્તિ શા માટે રાખવી? અસંખ્ય પ્રદેશવાળી આત્મવ્યક્તિના શુદ્ધધર્મપ્રતિ શુદ્ધોપયોગથી અવલોકવું એ આન્તરિકદૃષ્ટિનો ધર્મ છે. દેશકાલથી અમુક હેતુએ અપેક્ષાવાળી દૃષ્ટિના યોગે બાહ્યક્રિયાચારોના ભેદોની પરંપરા વધવા લાગી અને તે હાલ દેખાય છે, છતાં એ સર્વનો મૂળ ઉદ્દેશ તો અસંખ્ય પ્રદેશવાળા એવા આત્માની શુદ્ધતા કરવી, એ મુખ્ય દૃષ્ટિ જો સર્વને માન્ય છે તો સામાન્ય અપ્રાસંગિક નિરર્થક બહુ હાનિ અને સમાજની અવનતિ કરનાર એવી ક્રિયાભેદની ભિન્ન ભિન્ન માન્યતાઓમાં મુક્તિની મુખ્યતા માની લઇ પરસ્પર એક બીજાના આત્માને ભિન્નધર્મી માનીને પારમાર્થિક લાભ અને આત્મહિત તથા સંઘોન્નતિને કોઇ રીતે ભૂલવી ન જોઇએ. **વ્યવહારના અનેક ભેદો અને તેના ભેદોને અવલંબીને પણ આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલા જ્ઞાનાદિ અનંત ધર્મોને પ્રગટ કરવાનો મુખ્ય હેતુ છે.** વ્યવહારના અનેક નિમિત્ત હેતુઓ ભિન્ન હોવા છતાં ભિન્ન ભિન્ન જીવોને અધિકાર પરત્વે ભિન્ન ભિન્નપણે દ્રવ્યાદિકથી હોવા છતાં પણ રાગદ્વેષની ક્ષીણતા કરાવનારા અને પ્રભુની આજ્ઞા સન્મુખ કરાવનારા તથા આત્માના શુદ્ધધર્મને પ્રગટ કરાવવામાં હેતુભૂત થતા હોય તો ભિન્ન ભિન્ન વ્યવહારોના ભિન્ન ભિન્ન બાહ્ય નિમિત્ત ભેદોની નિરપેક્ષતાએ સાધ્યદૃષ્ટિથી દૂર રહી નિમિત્તહેતુઓના વ્યવહારકલહમાજ દૃષ્ટિ દેઇ સ્વપર આત્માની અવનતિમાં જીવન વ્યતીત કરવું એ કોઇ રીતે યોગ્ય નથી. જે જે અંશે આત્માની શુદ્ધતા કરવા અને રાગદ્વેષની ક્ષીણતા કરવા ગમે તે ધીરકાના મનુષ્યથી પ્રયત્ન થતો હોય તો પોતાના શુદ્ધધર્મની રમણતાને ભૂલીને તેના તરફ મતભેદ, કલહદૃષ્ટિથી અવલોકવું એ શુદ્ધોપયોગથી ભ્રષ્ટ થવા જેવું છે. પોતાના આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલો જ્ઞાનાદિ ધર્મ છે તેને પ્રગટાવવા ઉપાદાન અને નિમિત્ત હેતુએ પ્રયત્ન કરવો. આત્માના અસંખ્યાત પ્રદેશમાં રહેલા જ્ઞાનાદિ શુદ્ધધર્મમાં કદાગ્રહ, દ્વેષ, લડાઇ, ટંટા નથી.

× × × ×

દ્વેષ, મિથ્યાત્વ વગેરેના પરિણામથી જે જે અંશે મુક્ત થવું તે તે અંશે મુક્તિ છે. રાગ, દ્વેષ, મિથ્યાત્વ પરિણામની મન્દતા જેમ જેમ થતી જાય છે તેમ તેમ આત્માના ગુણો પ્રગટ થતા જાય છે. આત્માના શુદ્ધસ્વરૂપમાં રમણતા કરવાથી આત્માની મુક્તિ છે. બાહ્યના આડંબર પર લક્ષ ન દેતાં આત્માના પરિણામ ઉપર લક્ષ દેવાની જરૂર છે. રાગદ્વેષ વગેરે અશુદ્ધ પરિણામનો નાશ ન થાય તો બાહ્યનો ત્યાગ ખપમાં આવતો નથી. બાહ્ય કરતાં અન્તરમાં ધર્મ જોવાની ખાસ જરૂર છે. લાખો અને ક્રોડો મનુષ્યો કરતાં જે અંતરમાં. **આત્માના શુદ્ધધર્મમાં સાધ્યદૃષ્ટિ રાખવાનું ધારે છે તે મહાન્ છે.** જે આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ બાહ્યદૃષ્ટિને ત્યાગી આત્મામાં ઉપયોગ ધારણ કરે છે, તે સ્વકલ્યાણની સાથે અન્ય જીવોનું કલ્યાણ કરવા સમર્થ થાય છે. પોતાના આત્મામાં રહેલા સહજ આનન્દનો આસ્વાદ લીધા વિના અન્યોને ધર્મ માર્ગમાં શ્રદ્ધાળુ કરી શકાતા નથી. પોતાનો સહજ આનન્દ કે જે ઇન્દ્રિયો અને બાહ્ય વસ્તુઓની અપેક્ષા રાખતો નથી એવો આનન્દ જે ભોગવે છે; તે અન્યોને વૈખરીથી આત્માનુભવ કરાવવા સમર્થ થઇ શકે. આત્માના આનન્દરસનો અનુભવ થયા બાદ આત્માના શુદ્ધાનન્દયોગે વાણીના શબ્દોમાં કંઇ પણ સરસતાનો ખ્યાલ આવે છે. " **ताली लागे जब अनुभवकी तब जाने सो सानमें.** "

× × × ×

અનેકનયોવડે એક વસ્તુમા રહેલ અનેક ધર્મને દર્શાવી શકાય છે. અનેક નયોની સાપેક્ષાથી એકવસ્તુમાંહી રહેલા ધર્મનું સાપેક્ષતાએ જ્ઞાન થાય છે. તેને એકેક નયની કદાગ્રહતાએ જાણવા પ્રયત્ન કરતાં વસ્તુના ધર્મનો પરિપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ. આત્મામાં રહેલા ધર્મો પણ અનેક નયોની સાપેક્ષતાએ જાણી શકાય છે. તેમા એકેક નય પકડીને તાણાતાણી કરવામાં આવે તો આત્માના અનેક ધર્મોનું સ્વરૂપ પરિપૂર્ણ જાણી શકાય નહિ અને એકેક નયે તાણાતાણી કરતા સર્વ નયવાદીઓની સાપેક્ષા રૂપ સાંકળ તૂટી જાય અને તેથી અનેકાન્તવાદને હાનિ પ્રાપ્ત થાય.

× × × ×

[illegible] અને [illegible] સાહિત્ય [illegible]
[illegible] પોતાના [illegible] છે. [illegible]
[illegible] અને છે.

* * * *

[illegible] અને [illegible]
[illegible] નથી [illegible] છે. [illegible]
અને [illegible]

[illegible] આત્માની [illegible] થાય [illegible]
[illegible] છે.

આત્માના આનંદના [illegible] છે અને તે [illegible]
[illegible] અને [illegible] છે. [illegible]
આત્માનું [illegible] છે. પોતાના [illegible]
[illegible] છે. સમયે સમયે [illegible] થાય [illegible] સમયે
સમયે [illegible] છે. આત્મા પોતાનું શુદ્ધ [illegible] તેને
નિશ્ચય કરે છે [illegible] તે [illegible] અને [illegible] થાય છે
એમ [illegible].

આત્માના આનંદની ભાવના [illegible]
[illegible] આત્માની [illegible]
[illegible] છે કે તેથી [illegible]
[illegible] નથી અને આત્માના આનંદનો [illegible]
જણાય છે. [illegible]
આત્મામાં [illegible] આનંદ છે તેને [illegible] છે [illegible]
[illegible] થાય [illegible] નથી [illegible]
[illegible] છે [illegible]
[illegible] થાય છે. આત્માના આનંદના [illegible]
[illegible] છે. [illegible]
[illegible] આત્માના [illegible] આનંદમાં [illegible]

રીતે વર્તીને અન્યને સમજાવવા પ્રયત્ન કરવો. અન્ય સાધુને કદિ કઠોર વચન કહેવું નહિ અને તેમજ કદાગ્રહી એવા ગૃહસ્થને પણ કઠોર વચન કહેવું નહિ. જબરજસ્તીથી વા બલાત્કારથી કદિ કોઇને કદાગ્રહ વા° શંકારહિત કરી શકાય નહિ. અન્ય સાધુ કોઇ જાતના કદાગ્રહગ્રસ્ત થયા હોય તેમને સમજાવવાની શક્તિ હોય તો તેમાં પ્રવૃત્તિ કરવી. અન્યથા નહિ. પોતાની શક્તિની બહિરૂના કાર્યમાં કદી માથું મારવું નહિ. સ્વશક્તિ ઉપરાંતના કાર્યમાં પ્રવૃત્તિ કરવાથી ખેદ અને નિષ્ફલતા મળે છે. આગમોથી જેઓની વિરૂદ્ધ માન્યતા હોય તેવા મનુષ્યોપર પણ કરૂણા કરવી અને તેમને શુદ્ધમાર્ગમાં લાવવા માટે તન મન, વાણી, અને બુદ્ધિનો ભોગ આપવો એ પોતાની ફરજ છે. આગમોના સદ્વિચારોને આખી દુનિયાના મનુષ્યો પ્રાપ્ત કરી શકે એવી યોજનાઓ, ઉપાયો, સગવડો કરી આપવી તે પોતાની ફરજ છે તેમ ખાસ જૈનોએ સમજવું જોઇએ. કોઇ જીવ જૈનધર્મને સમજાવ્યા છતાં ન માને તો સમજવું કે હજી તેની યોગ્યતા પ્રગટી નથી એમ વિચારવું અને તે જીવપર મૈત્રી અને કરૂણાભાવના તો સદા રાખવી. જેની ભવસ્થિતિ પાકી હોય છે તેને સદ્વિચારો રૂચે છે અને જેની ભવસ્થિતિ નથી પાકી તેને સદ્ધર્મ રૂચતો નથી તેથી મધ્યસ્થભાવને હૃદયમાં રાખી પોતાની ફરજ તરફ ફક્ત લક્ષ રાખવું. સર્વ જીવોને પોતાના આત્મસમાન માનવા અને સર્વ જીવોની સાથે આત્મવત્ વર્તન રાખવું.

× × × ×

પ્રશ્ન—કવિ, સુધારક, જ્ઞાની અને રાજ્યનીતિ રચયિતાને દુઃખ આવી પડે છે તેનું શું કારણ?

ઉત્તર—આ જગત્‌મા જન્મની સાથે સર્વ પ્રાણીઓને કર્મયોગે દુઃખો લાગેલાં હોય છે. પૂર્વકર્મના યોગથી દુઃખો આવી પડે એમાં કાંઇ આશ્ચર્ય નથી. કવિ, સુધારક જ્ઞાની વગેરેને વર્તમાનમાં સુધારા કરવા પડે છે તેની તેના સામા વિરૂદ્ધ વિચારવંતો થાય છે તેથી તેઓને દુઃખો પડે છે.

પ્રશ્ન—જ્ઞાનીઓ, લેખકો અને સુધારકોની વર્તમાનસમયમા ખરી કિમ્મત થઇ શકે કે નહિ?

ઉત્તર—વર્તમાનસમયમા તેઓના લેખો, વિચારો અને સુધારાઓ પ્રાયઃ સર્વ લોકોને એક સરખી રીતે રૂચતા નથી, તેમજ વર્તમાન

શ્રીમદ્ ઉપાધ્યાયે આપેલો ઉપદેશ.

ग्राह्यं हितमपि बालादालापैर्दुर्जनस्य न द्वेष्यम् ।
त्यक्तव्या च पराशा, पाशा इव संगमा ज्ञेयाः ॥ ४० ॥
॥ अ. सार. अनुभवाधिकार ॥

આત્માર્થી જનોએ બાળક થકી પણ હિત ગ્રહણ કરવું. પોતાનું આત્મહિત થાય એવું વચન કદાપિ બાળક કહે તો તેનું વચન પણ ગ્રહણ કરવું. સત્યહિતનો ભંડાર આખા જગતમાં ભર્યો છે. આપણે પોતાની દૃષ્ટિના અનુસારે હિતને દેખી શકીએ છીએ. આત્માનું હિત થાય તે જ માર્ગ ગ્રહણ કરવા માટે આપણને મનુષ્ય ભવ મળ્યો છે. દુનિયામાં નામરૂપથી હિત નથી. અજ્ઞજનોની દૃષ્ટિએ જે હિત છે તે જ્ઞાનીઓની દૃષ્ટિમાં અહિત જણાય છે. દ્રવ્યહિત, ભાવહિત, વ્યવહારહિત, નિશ્ચયહિત, લૌકિકહિત, લોકોત્તરહિત, નિમિત્તહિત, ઉપાદાનહિત વગેરે અનેક પ્રકારે હિત છે. સચ્ચિદ્ અને આનન્દ સ્વભાવથી વા જ્ઞાનદર્શન અને ચારિત્રથી હિત અભિન્ન છે, એવું હિત ગમે ત્યાંથી લેવું. પોતાના આત્માને હિતમય જાણ્યા વા દેખ્યા વિના સર્વનું ખરું હિત અનેક અપેક્ષાથી દેખી શકાતું નથી, અને કરી શકાતું નથી. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આત્મદ્રવ્ય તેજ હિતરૂપ છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માના ગુણો તે હિતરૂપ છે. આત્માના તિરોભાવે [illegible] હિત પ્રગટ કરવાની જરૂર છે. આત્મહિતનો આવિર્ભાવ કરવા [illegible] નિમિત્ત કારણો અવલંબવાં અને આત્માનું હિત કરવું. આ પ્રમાણે [illegible] ઉપાધ્યાય સૂચના કરી છે. દુર્જનોના આલાપો વડે કદિ દ્વેષ ન [illegible] દુર્જનો પોતાના સ્વભાવ પ્રમાણે વર્તો કરે. તેઓના ઉપર [illegible] કરવાથી તેઓ સુધરતા નથી પરન્તુ દ્વેષ કરવાથી પોતાના આત્માનું અહિત થાય છે એનો અનુભવથી જનોને સર્વને સત્ય જણાય છે. પ્રકાશના પ્રતિપક્ષી અન્ધકાર તેમજ જ્યાં ત્યાં સજ્જનોના પ્રતિપક્ષી દુર્જનો હોય છે. દુર્જનો [illegible] સહન કરી શકતા નથી. તેઓનો સ્વભાવ કાગડાની પેઠે [illegible] પોતાના રૂપ છે. શ્રીમદ્ ઉપાધ્યાયે અધ્યાત્મમાં પ્રવેશ કરનારાઓને [illegible] આપી છે. અધ્યાત્મ જ્ઞાનીઓએ દુર્જનોના આલાપાદિ [illegible] ન કરવો. ઉપાધ્યાયના સામા પણ દુર્જનો હતા. તેઓએ [illegible] નથી તે પ્રમાણે વર્તીને તેઓએ આપણને ભવિષ્ય [illegible] શિખામણ આપી ગયા છે. [illegible] હોય છે. સત્ય

મોહનીય કર્મ ભાગે છે. જેને સમ્યક્ત્વાદિ એક ગુણનો લાખમો ભાગ ખીલ્યો હોય તેવા એક જીવ દેખીને પણ પ્રમોદભાવ ધારણ કરવો, અને તેને આત્માના ગુણો ખીલે એવી સાહાય્ય આપવા તૈયાર સદાકાલ રહેવું એ સમ્યગ્દષ્ટિજીવોનું લક્ષણ છે. વ્યવહાર સમ્યક્ત્વ સમ્મુખ થનાર એવા માર્ગાનુસારી જીવોને પણ ગુણો ખીલે એવા સર્વ માર્ગો બનાવવા અને સાહાય્ય કરવી એ સમ્યગ્દૃષ્ટિનો વૈયાવચ્ચગુણ અવબોધવો.

× × × ×

મોહની વાસનાઓનો જ્યાં ક્ષય થાય છે એ ભાવતપ છે. **इच्छा रोधे संवरी, परिणति समता योगे रे; तप ते एहिज आतमा, वर्ते निज गुण भोगे रे. धीर ॥** ઇચ્છાઓનો રોધ કરીને સમતા ભાવની પરિણતિવડે આત્મગુણોનો ભોગ કરવો એજ **भावतप** અવબોધવું. માસ માસની તપશ્ચર્યા કરનારાઓના હૃદયમાં ભાવતપના ઉપયોગ વિના કીર્તિલોભ નામ. આદિ અનેક પ્રકારની ઇચ્છાઓ સૂક્ષ્મરૂપે દબાણી ધરાવે છે, અને તે કારણ સામગ્રી મળે બહિર્માં પણ કાયા દ્વારા દેખાવ આપે છે. પરમલક્ષ્યમાને પ્રાપ્ત કર્યા વિના તપનું અજીરણ જે ક્રોધ તેનો ક્ષય થતો નથી. કામાદિ વાસનાઓ એટલી બધી સૂક્ષ્મ છે કે તે આત્મજ્ઞાન, ધ્યાન, વૈરાગ્યના પરિપૂર્ણ જોર વિના પાછી હઠીને ક્ષય પામી શકતી નથી. મોહની વાસનાઓ-ઇચ્છાઓને હઠાવવા માટે પ્રથમ તો તત્સંબંધી વિચાર થાય છે, અને પશ્ચાત્ તેનું જોર હઠાવવા માટે ક્રિયા વા ચારિત્ર્ય ઉત્પન્ન થાય છે. જ્ઞાનની સાથેજ વિરતિ રૂપ ચારિત્ર્ય ઉત્પન્ન થાય એવો નિયમ નથી. આત્મજ્ઞાન થયા બાદ મોહની રતિથી એકદમ વિરામ પામી શકાય એવો નિયમ નથી. આત્મજ્ઞાન પામ્યા પશ્ચાત્ મોહની સાથે યુદ્ધ કરવું પડે છે. આત્મવીર્ય પ્રગટ થાય એવો ઉત્સાહ પ્રગટાવવાનાં ચારે તરફથી સાધનો પ્રાપ્ત થાય છે, તો મોહનીય પ્રકૃતિયોની અંશે અંશે ક્ષીણતા કરવા તરફ પ્રવૃત્તિ થાય છે. આત્માનો ઉત્સાહગુણ પ્રકટી નિકળે છે ત્યારે નામ, રૂપ, કામાદિવાસનાઓની રતિમાંથી અમુક અમુક અંશે વિરમવાનું થાય છે. પૂર્વ ભવના અભ્યાસ વિના ચારિત્ર મોહનીયનો એકદમ નાશ કરી દેવો એ કાંઇ બની શકે તેમ નથી. આત્મામા પૂર્ણ મન લાગ્યા વિના મોહક્ષીણતા થતી નથી. આત્મજ્ઞાનના જેમ જેમ દૃઢસંસ્કાર પડતા જાય છે, તેમ તેમ નામ, કામ, રૂપાદિના સંસ્કારો કે જે અનાદિકાલથી

પ્રેમ થવો એ આત્મજ્ઞાન વિના બની શકતું નથી. આત્મજ્ઞાનથી સર્વ જીવો પર પોતાના આત્માની પેઠે પ્રેમ લાગણી રહે છે. આવી પ્રેમ લાગણીમાં જગતનો ઉદ્ધાર કરવાનો મનોરથ પ્રગટે છે, અને તેથી આત્મા સર્વ જીવોને શાસનરસિક બનાવવાની ભાવનાવડે તીર્થંકરનામ કર્મ બાંધે છે. ધર્મસ્નેહનો પ્રશસ્ય પ્રેમમાં સમાવેશ થાય છે. સર્વવ્યાપી પ્રેમ કરવો એ કાંઇ સામાન્ય વાત નથી. અનેક પ્રકારના સ્વાર્થો, ક્રોધ, અહંકારહિંસા, પરિણામ અને અસત્ય વચન આદિનો નાશ જે જે અંશે થશે થનો જાય છે, તે તે અંશે શુદ્ધ પ્રેમ વધતો જાય છે. જગતના સર્વ જીવોને સંતાપવા નહિ, તેમનું રક્ષણ કરવું ઇત્યાદિ માટે શુદ્ધપ્રેમને ખીલવવો જોઇએ. **નામ અને રૂપમાંથી અહંવૃત્તિની વાસના ટળ્યાબાદ વિશુદ્ધ પ્રેમનો અંશ ખીલવા માંડે છે.** આત્માનો શુદ્ધ પ્રેમ ખરેખર આત્માને પરમાત્મપદમાં સ્થાપન કરવા સમર્થ થાય છે. સેવા, ભક્તિ, ઉપાસના વગેરેમાં શુદ્ધપ્રેમ હોય છે. સેવા ભક્તિ વગેરેની મહત્તા આંકી શકાય છે. સ્વાર્થ, વિષય, રાગ જેમાં નથી એવો શુદ્ધ પ્રેમ ખરેખર આત્માની જ્ઞાનદશા ઉપર આધાર રાખે છે. દુનિયા ખરા શુદ્ધ પ્રેમવડે વર્તે તો તેની સ્થિતિ બદલાઇ જાય. શુદ્ધપ્રેમનો જે હૃદયમાં આવિર્ભાવ થાય છે તે હૃદય ખરેખર પ્રભુની પ્રાપ્તિ કરવા સમર્થ બને છે.

× × × ×

પ્રવૃત્તિ.

પ્રવૃત્તિમાર્ગમા પ્રવેશ કરનારે જ્ઞાન માર્ગનું પૂર્ણ જ્ઞાન કરવુ જોઇએ. કારણ કે જ્ઞાન યોગી વિનાનો કર્મયોગી પોતાનો અધિકાર અવબોધી શકતો નથી, અને કર્મોમાં નિર્લેપ રહી શકતો નથી. જ્ઞાનયોગી **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** એ વાક્યના પરિપૂર્ણ સાપેક્ષ ભાવને સમજીને તે પ્રમાણે કર્મોમા અર્થાત્ સ્વાધિકાર કાર્યોમા પ્રવૃત્તિ કરી શકે છે. જ્ઞાનયોગી કર્મયોગને આદરતો છતો અજ્ઞાનીઓ કરતા અનન્તગણો દરજ્જે ઉત્તમ રહી શકે છે. જ્ઞાનયોગી સાધ્યદૃષ્ટિને પામેલો હોવાથી તે કદાપિ કર્મયોગની પ્રવૃત્તિમા રાગ દ્વેષના પરિણામને કદાપિ પામે તો પણ અજ્ઞાનીઓ કરતા તે અનન્તગુણ ઉત્તમ છે; કારણ કે જ્ઞાનીના મનમા તેની ઘાત્ર રહે છે, અને રાગ, દ્વેષના પરિણામને તે ઉત્તમ માનતો નથી. અને તેને ટાળવા પ્રયત્ન કરી

એકસરખા વિચારોનું બલ.

એકસરખા વિચારવાળા બે મનુષ્યો ભેગા થવાથી અગીયાર મનુષ્યો જેટલું બળ પ્રાપ્ત થાય છે. એક સરખા વિચારવાળા ત્રણ મનુષ્યોથી એકસોને અગીયાર મનુષ્યો જેટલું બળ કરી શકાય છે. એકસરખા વિચારવાળા હજારો મનુષ્યો ભિન્ન ભિન્ન હોય અને તેઓ ભેગા ના મળે તો તેઓનાથી એક સરખા વિચારવાળા છતાં મોટું કાર્ય કરી શકાતું નથી. પરસ્પર અંકોડા ભેગા મળે તો સાંકળ બની શકે છે અને તેથી હાથીને પણ બાંધી શકાય છે. જગત્માં શુભમાર્ગના સેવકોએ એકસરખા શુભવિચારવાળા મનુષ્યોને એકઠા કરીને તેઓનાવડે મહાશુભકાર્યો સાધી શકાય એવો ઉપાય આદરવો જોઇએ. એકડા પછી એકડો મૂકવામાં આવે તો અગિયાર થાય તેમ એક વિચારવાળા મનુષ્ય સાથે અન્ય તેના સરખા વિચારવાળો મનુષ્ય જોડાય તો અગિયાર જેટલું બળ કરી શકે. જે ધર્મી મનુષ્ય એકલો હોવા છતાં પોતાના સરખો બીજાને કરે છે તો તે અગિયારના જેટલું બળ પ્રાપ્ત કરી શકે છે. પોતાના સરખા વિચારવાળા સેંકડો મનુષ્યો ભેગા કરીને યોજનાવડે બંધારણપૂર્વક વ્યવસ્થિત રીતિએ કાર્ય કરવામાં આવે તો આખી દુનિયામાં તેની અસર થાય. ધર્મી મનુષ્યોએ પોતાના વિચારોનો ફેલાવો કરવાને પોતાના સરખા ધર્મવિચારવાળાઓને પોતાના કાર્યમા સામેલ કરવા કે જેથી ધાર્યા કરતા ઘણું થઇ શકશે. શ્રીવીરપ્રભુએ ચતુર્વિધ સંઘની રચના કરીને પોતાના બોધને ભારતમાં ગંગા નદીની પેઠે સદા વહેતો કર્યો છે. પોતાનો ધર્મવિચાર દુનિયામાં ન મરી જાય તે માટે સદ્વિચારોને ફેલાવીને અન્ય મનુષ્યોને પોતાના સરખા બનાવવા જોઇએ અને તેઓની સદા ભવિષ્યમાં પરંપરા ચાલે એવી વ્યવસ્થા કરવી જોઇએ, આવી વ્યવસ્થાનો વ્યવહાર ખરેખર ઉત્તમ છે, અને તે દુનિયાને ઉત્તમ લાભ આપવા સમર્થ બને છે. દીર્ઘદૃષ્ટિવાળા અને સમયજ્ઞદક્ષજ્ઞાનીને આ પ્રમાણે સુઝ પડે છે અને તે વીતરાગ ધર્મની સેવા કરે છે.

× × × ×

એકસરખા વિચારોનું બલ.

એકસરખા વિચારવાળા બે મનુષ્યો ભેગા થવાથી અગીયાર મનુષ્યો જેટલું બળ પ્રાપ્ત થાય છે. એક સરખા વિચારવાળા ત્રણ મનુષ્યોથી એકસોને અગીયાર મનુષ્યો જેટલું બળ કરી શકાય છે. એકસરખા વિચારવાળા હજારો મનુષ્યો ભિન્ન ભિન્ન હોય અને તેઓ ભેગા ના મળે તો તેઓનાથી એક સરખા વિચારવાળા છતાં મોટું કાર્ય કરી શકાતું નથી. પરસ્પર અંકોડા ભેગા મળે તો સાંકળ બની શકે છે અને તેથી હાથીને પણ બાંધી શકાય છે. જગતમાં શુભમાર્ગના સેવકોએ એકસરખા શુભવિચારવાળા મનુષ્યોને એકઠા કરીને તેઓનાવડે મહાશુભકાર્યો સાધી શકાય એવો ઉપાય આદરવો જોઇએ. એકડા પછી એકડો મૂકવામાં આવે તો અગિયાર થાય તેમ એક વિચારવાળા મનુષ્ય સાથે અન્ય તેના સરખા વિચારવાળો મનુષ્ય જોડાય તો અગિયાર જેટલું બળ કરી શકે. જે ધર્મી મનુષ્ય એકલો હોવા છતાં પોતાના સરખો બીજાને કરે છે તો તે અગિયારના જેટલું બળ પ્રાપ્ત કરી શકે છે. પોતાના સરખા વિચારવાળા સેંકડો મનુષ્યો ભેગા કરીને યોજનાવડે બંધારણપૂર્વક વ્યવસ્થિત રીતિએ કાર્ય કરવામાં આવે તો આખી દુનિયામાં તેની અસર થાય. ધર્મી મનુષ્યોએ પોતાના વિચારોનો ફેલાવો કરવાને પોતાના સરખા ધર્મવિચારવાળાઓને પોતાના કાર્યમાં સામેલ કરવા કે જેથી ધાર્યા કરતા ઘણું થઇ શકશે. શ્રીવીરપ્રભુએ ચતુર્વિધ સંઘની રચના કરીને પોતાના બોધને ભારતમાં ગંગા નદીની પેઠે સદા વહેતો કર્યો છે. પોતાનો ધર્મવિચાર દુનિયામાં ન મરી જાય તે માટે સદ્વિચારોને ફેલાવીને અન્ય મનુષ્યોને પોતાના સરખા બનાવવા જોઇએ અને તેઓની સદા ભવિષ્યમાં પરંપરા ચાલે એવી વ્યવસ્થા કરવી જોઇએ, આવી વ્યવસ્થાનો વ્યવહાર ખરેખર ઉત્તમ છે, અને તે દુનયાને ઉત્તમ લાભ આપવા સમર્થ બને છે. દીર્ઘદષ્ટિવાળા અને સમયજ્ઞદક્ષજ્ઞાનીને આ પ્રમાણે સુજ પડે છે અને તે વીતરાગ ધર્મની સેવા કરે છે.

× × × ×

સદ્‌ગુણો પર લક્ષ રાખવું.

કોઇની નિન્દા કરવાથી થતી સ્વપરને હાનિ.

કોઇ પણ આત્માની ઉન્નતિ કરવી હોય તો તેનામાં પ્રગટેલા ગુણોનું વર્ણન કરવું પણ તેમાં છતા વા અછતા દુર્ગુણોની નિન્દા કરવી નહિ, તેમજ તેના ઉપર આળ આક્ષેપો કરવા નહિ. કોઇને અવનતિના ખાડામાં ઉતારવો હોય તો તેના ઉપર આક્ષેપો કરવા એજ બસ છે. કોઇની નિન્દા કરનાર મહાપાપ કરી શકે છે. લુચ્ચા, બદમાશ, પાખંડી, ધૂર્ત, બેવકૂફ, ઠગારો, કપટી, જૂઠા વગેરે અપશબ્દોથી સામામનુષ્યની જીંદગીને ખરાબ કરી શકાય છે. કોઇ મનુષ્ય પર આક્ષેપ કરવાથી વા-તેના સંબંધી ખોટી અફવા ઉડાડવાથી તે મનુષ્ય પૂર્વે તેવો ન હોય તોપણ તેવો પરિપૂર્ણ આત્મબળના અભાવે બની શકે છે. કોઇનામાં જે દોષ ન હોય તેને તે દોષિવાળો કહેવાથી મહા અનર્થ થાય છે. જેનામાં દોષ છતો હોય છે તે વડે તેની હેલના કરવાથી તે ધીઠ બની જાય છે. કોઇ પણ મનુષ્યને દોષથી પાછો હઠાવવો હોય તો દોષોથી થતી હાનિનું સ્વરૂપ વર્ણવવું, એમ કરવાથી જેનામાં જે દોષ હોય છે તેને તે દોષનો ત્યાગ કરવાની અભિલાષા પ્રગટે છે. કોઇની મશ્કરી કરવાથી તેને ઘણી હાનિ પહોંચાડી શકાય છે, અને મશ્કરી કરનારના માનસિક વિચારોમાં અશુદ્ધતાનો સંચાર થાય છે. કોઇ મનુષ્યની આડી અવળી ખોટી વાત કરવાથી તેના મનમાં ખરાબ લાગણી ઉત્પન્ન થાય છે. કોઇના ઉપર આળ ચઢાવવાથી તેની પડતી થાય છે, એટલું નહિ કિન્તુ તેના સમાગમમાં આવનારાઓને પણ તેથી ઘણી હાનિ પહોંચે છે, તેમજ આળ ચઢાવનારમાં ઘણા દુર્ગુણોનો પ્રવેશ થાય છે. આળ ચઢાવનાર મનુષ્ય અન્યાપર જે દુર્ગુણોનો આરોપ દેછે, તેજ દુર્ગુણો તેનામાં પ્રવેશે છે અને તે નઠારા તેની પાસે આવનારાઓમાં તેવી જાતના દુર્ગુણોના સૂક્ષ્મ સંસ્કારો પડે છે. તેમજ તે અવસર પામીને તેઓનામાં સ્થૂળ રૂપે દુર્ગુણો પ્રગટી નીકળે છે. નિયમ, જેમ સદ્‌ગુણો હોય તો જોવા. ગુણદૃષ્ટિમાં જેમ સદ્‌ગુણો દેખાય ત્યાં સુધી. અને પરસ્પરે આળ દેને દોષોનો ખાના પર આક્ષેપ કરવો નહિ એજ સજ્જન, જ્ઞાની અને આધ્યાત્મિયાના શુભ લક્ષણોનું ખાસ કર્તવ્ય છે. કોઇ મનુષ્યને સારા ગણે છે અને તેના ખરાબ મનુષ્ય તેવા પણ તેને તેવા કહેવાય. અને તો સહુ લાગે છે. અને તે મનુષ્યમાં દુર્ગુણ હોય તો તેનાં અવગુણ તે દુર્ગુણના પ્રતિપક્ષીય સદ્‌ગુણનું વર્ણન કરવું. અને તેને અવગુણ પર પ્રેમ

વરથામાં અનેક ઉપસર્ગો સહન કર્યા હતા. શ્રીમદ્જગચ્ચન્દ્રને પણ ઉપાધિયો નડી હતી. લેખકો, વક્તાઓ, લડવૈયાઓના શિરે અનેક દુઃખો સહન કરવાનાં લખાયાં છે. **પોતાના સદ્વિચારોથી વિરૂદ્ધ બોલવાથી આત્માની લઘુતા કરી શકાય છે, અને તેથી પોતાનું હૃદય પોતાને ડંખે છે.** સદ્વિચારો ફેલાવતાં વિપત્તિયો વેઠવી પડે તે સારી પણ અસદ્વિચારોથી માન થાય તે ખોટું. પોતાના કર્તવ્યમાં ધૈર્ય ખંત અને ઉત્સાહ રાખીને આગળનો માર્ગ ખુલ્લો કરવાનો છે.

× × × ×

આર્યાવર્તમાં શ્રીમહાવીરપ્રભુએ જૈનધર્મનાં બીજો વાવ્યાં છે, તેનો કદી નાશ થનાર નથી. શાન્તિના જમાનામાં તેનો ફેલાવો ઘણો થવાનો છે. શ્રીમહાવીરપ્રભુનો ઉપદેશ આખી દુનિયાના ભલા માટે છે. શ્રીમહાવીરપ્રભુનાં આગમોનું મનુષ્યો વાચન કરે અને પરિપૂર્ણ મનન કરે, તો તેમાંથી તેઓ પોતાની ઉન્નતિનો ખરેખરો માર્ગ શોધી કાઢે. શ્રીમહાવીરપ્રભુની વાણીમાં સત્યનો પ્રકાશ પ્રકાશી રહ્યો છે. જે લોકોએ શ્રીમહાવીરપ્રભુના સિદ્ધાંતોનો વિચાર કર્યો નથી, તેઓ ગમેતેવા અભિપ્રાય બાંધે તો તેમાં તેઓ સત્ય ખેંચી શકે નહિ. આખી દુનિયાને સત્યગુણી બનાવવા માટે શ્રીવીરપ્રભુનાં વચનો ઘણાં ઉપયોગી છે. જે અમને સત્ય લાગે છે તે અમો કહીએ છીએ. ઘણા વર્ષપર્યંત જૈનાગમોનું મનન કરીને આ પ્રમાણે લખવું પડે છે. સાતનયની અપેક્ષાપૂર્વક શ્રીમહાવીરપ્રભુનો ઉપદેશ સમજવામાં આવે તો વિશાલ દૃષ્ટિના દ્વાર ખુલ્લાં થાય છે. એમ લખવામાં આવે છે. ઘરની બારીના એક કાણામાથી દેખનારને આકાશનો થોડો ભાગ જણાશે. સંકુચિત દૃષ્ટિવાળા એકનયની અપેક્ષાએ ધર્મની દુર્ઘટસ્થ વ્યાખ્યા કરે છે. ચોગાનમાં વા પર્વતનીટોચ ઉપર ઉભા રહીને આકાશને દેખનારાઓ આકાશની મહત્તા કેટલી છે તે બરાબર અવબોધી શકે છે. તે પ્રમાણે સાતનયોની અપેક્ષા આદિવડે ધર્મનું સ્વરૂપ જાણનારાઓ ખરા ધર્મની મહત્તા અવબોધીને વિશાલ દૃષ્ટિમાં આકાશની પેઠે વિશાલતા અનુભવી શકે છે. શ્રીવીરપ્રભુએ સાતનયોની અપેક્ષાએ વા અસંખ્યનયોની અપેક્ષાએ ધર્મની વ્યાખ્યા સમજાવીને દુનિયાને દુઃખ મુક્ત કરવા અમૂલ્ય ઉપદેશ આપ્યો છે. હે વીરપ્રભો ' ! ' મને જે કંઇ સત્ય

ઓથી એકવીસ હજાર વર્ષપર્યન્ત જૈનધર્મ ટકી રહેશે. જૈનધર્મમાં ત્રેવીસ ઉદય અને બે હજાર ને ચાર યુગપ્રધાનો થવાના છે તેપણ સુપુરૂષાર્થને આગળ કરીને ચાલનારા મનુષ્યોના કર્તવ્યનું ફળ અવબોધવું—”

× × × ×

[illegible]

વીરપ્રભો! ત્હારા શાસનમાં હાલ ઘણા મતભેદ પડીગયા છે. હેપ્રભો! હાલમાં કંઇ શાસનમાં કુસંપનો અગ્નિ પ્રજ્વલિત થાય તેમ લાગે છે. જૈન સંઘમાં હાલ શાન્તિના વિચારો ફેલાવે એવા મહાપુરૂષોની ખામી દેખાય છે. શ્વેતાંબરજૈનકોમમાં હાલ કુસંપનાં બીજ વવાય છે. જાતિદ્વેષ, ઇર્ષ્યા અને સંકુચિત દૃષ્ટિથી કેટલાક સાધુઓ અને શ્રાવકો કષાયની તીવ્ર લાગણીના આવેશમાં આવીને સંઘભેદ વ્યવહારને આદરવા તત્પર થઇ ગયા છે, અને તેનું ફલ ભવિષ્યમાં કેટલાકસમયપર્યન્ત દેખાશે. પશ્ચાત્ ઉદયનાં ચિન્હો દર્શાવનારા જૈનધર્મપ્રવર્તકો દેખાશે. હાલ તો કેટલાકસમયપર્યન્ત સંઘમાં પક્ષભેદ કલેશના કારકોનું અને એક તરફ કલેશનો નાશ થાય એવા વિચારો ફેલાવનારાઓનું વિચારયુદ્ધ ભાવમાં દેખાવ આપતું જણાશે. હાલમાં કેટલાક વખતપર્યન્ત સંઘમાં જોઇએ તેવી શાન્તિ વર્તશે નહિ, અને તેથી જૈન ધર્મના આગમોના આધારે, જમાનાને અનુસરી, સેવા કરનારાઓનું જોર ફાવશે નહિ; પણ અન્તે સદાગમ દ્વારા ધર્મપ્રવર્તકોનું જોર વધશે એવો વખત કેટલાક સમય પશ્ચાત્ આવશે. હાલ તો કલેશના વિચારની શ્રેણિઓનો અમુકસમયપર્યન્ત પ્રસંગ રહેશે. અન્યકોમો કરતાં જૈનકોમ હાલના જમાનામાં ઉત્તમ ધર્મપ્રવર્તકોના અભાવે ઉની સામગ્રીએ ધર્માધર્મથી પાછળ પડતી લાગે છે. હે વીરશાસન દેવનાઓ! હવે આ ભરત ક્ષેત્ર તરફ ઉપયોગ દો અને સત્યધર્મપ્રવર્તકોને સહાય આપો! જૈનશાસનપર પ્રગટી રહેલા કલેશના વાદળોનો નાશ કરો. સાધુઓ અને શ્રાવકોમાં સત્ય જ્ઞાન પ્રગટાવવા સહાય આપો. શાસનદેવનાઓ! દેવ સાહાય્ય આપો. જૈન શાસનની છિન્નભિન્નતા ન થાય તે માટે જૈન કોમના મહાપુરૂષોને સાહાય્ય આપો. શ્રી જૈનશાસનની નિઃસ્વાર્થતાએ સેવા કરનારાઓ વિરલા છે. પોતાના [illegible] નામ અને જૈનધર્મના [illegible]. કેટલાક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રહેશે

કરવી અને નકામી વાર્તામાં લક્ષ ન દેવું. શ્રાવકોએ શ્રાવકધર્મ સંબંધી આગમોમાં અને ગ્રન્થોમાં જે જે કંઇ લખ્યું હોય તે તે સર્વનું જ્ઞાન કરવું જોઇએ. શ્રાવકોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવાનુસારે પોતાના ધર્માચારોમાં દૃઢ રહેવું જોઇએ. શ્રાવકના ગુણો એજ પોતાનું ખરૂં જીવન છે એમ શ્રાવકોએ અવબોધવું જોઇએ. એક શ્રાવક અન્ય શ્રાવકને દેખે અને તેના ઉપર ધર્મરાગ ન પ્રગટે તો સમજવું કે સમ્યક્ત્વની પ્રાપ્તિ હજી થઇ નથી. ગમે તેવા દુઃખદ પ્રસંગોમાં પણ શ્રાવકોએ પોતાના ધર્મનો ત્યાગ કરવો નહિ. સાધુઓની ભક્તિ કરવામાં શ્રાવકોએ ખામી ન રાખવી જોઇએ. શ્રાવકોએ ગારના ખીલા જેવું ન બનવું જોઇએ. સાધુવ્રત અંગીકાર કરવાની રૂચિવિના શ્રાવક પોતાના ગુણસ્થાનકમાં રહી શકતો નથી. શ્રાવકોના ગુણો ધારણ કરનારાઓ જો સાધુ થાય છે તો તેઓ સાધુનાં વ્રત પરિપાલન કરવા સારી રીતે સમર્થ થઇ શકે છે.

× × × ×

જૈનધર્મ.

આખી દુનિયાનાં મનુષ્યો, સૂક્ષ્મતત્ત્વો અવબોધવા સમર્થ થવાના નથી. વિદ્વાનો તત્ત્વથી બોધ પામીને જૈનધર્મનો સ્વીકાર કરે છે. કેટલાક મનુષ્યો સદાચરણનું ફલ અવબોધીને જૈનધર્મનો સ્વીકાર કરે છે. કેટલાક મનુષ્યોથી કથાનુયોગથી બોધ પામીને જૈનધર્મનો સ્વીકાર કરે છે. શાસનના પ્રભાવક આઠ કહ્યા છે. તેનું કારણ પણ મનુષ્યની ભિન્ન ભિન્ન રૂચિના ભેદે અવબોધવું.-વ્યવહારના અનેક કારણોથી લોકો જૈનધર્મને અંગીકાર કરી શકે છે. માટે કોઇ પણ વ્યાવહારિક ધર્મકારણનો ઉચ્છેદ કરવો નહિ. પતાસની પરભાવના લેવા આવનારા મનુષ્યો પણ જૈનધર્મ સન્મુખ થાય છે, એવો અમને અનુભવ છે. દુનિયાના સંબંધે પણ જૈનધર્મ ઉપર ઉપરથી પાળતા કોઇ વખત યોગ્ય સામગ્રી પ્રાપ્ત થતાં, સમ્યગ્ જૈનધર્મની આરાધના કેટલાક કરી શકે છે. દુનિયાના સ્વાર્થે પણ જૈનધર્મ સન્મુખ મનુષ્યોને કરવામાં આવે છે તો તેઓનો ઘણો ભાગ માર્ગાનુસારી થઇ જૈનધર્મ પ્રાપ્ત કરે છે. કુળની રીતથી પણ જૈનો બનેલા ગુરૂની સંગતિ પામી જૈનધર્મ પાળવા

૫. કોઇના સબંધી કંઇ ખોટી વાત સાંભળી હોય વા કોઇએ નિન્દા કરી હોય એવું સાંભળ્યું હોય તો જાતે મળીને ખુલાસો કરવો અને તે છતાં વાંધો રહે તો મંડલના અગ્રેસરો પાસે સમાધાન કરાવવું.

૬. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવાદિક યોગે કોઇ ધાર્મિકકાર્યનો ઉપદેશ દેવાની જરૂર પડે તો મંડલના સર્વસાધુઓએ એકીઅવાજે ધાર્મિકકાર્યના ઉપદેશનું કાર્ય ઉપાડી લેવું, અને તે વખતે ધારેલ કાર્યની સિદ્ધિ કરવી.

૭. જે જે ગચ્છના સાધુઓ શ્રીજૈનધર્મની સેવા માટે ખાસ સાધુ મંડળમાં દાખલ થાય તેઓને પોતાના આત્મસમાન લેખવા.

૮. ગચ્છભેદના મંતવ્યમાં સહિષ્ણુતા ધારણ કરીને ઉદારદષ્ટિથી કામ લેવું અને જૈનધર્મથી વિરૂદ્ધ પન્થ કોઇ નવો ઉભો થાય તો તેના સામા નીતિપૂર્વક ઉભા રહી, જૈનધર્મના સત્ય વિચારોનો ફેલાવો કરવો.

૯. જમાનાને અનુસરી અન્યધર્મીઓની પેઠે જૈનધર્મનો અને જૈનોની સંખ્યાનો વધારો થાય તેવા ઉપાયો ગ્રહણ કરવા. વર્ષે વા બે વર્ષે સાધુ મંડળના સર્વસાધુઓએ ભેગા થઇ વિચાર ચલાવવો અને બહુમતિથી કાર્ય કરવાનો નિશ્ચય કરવો. વિચારભેદે ખટપટથી લડી મરવું નહિ.

૧૦. જમાનાને અનુસરી સાધુની સંખ્યામાં વધારો થાય તેવા ચાંપતા ઉપાયો લેવા.

૧૧. કોઇના શિષ્યસાધુને કોઇએ લેઇ લેવો નહિ અને તેમજ કોઇ સાધુને તેના ગુરૂની આજ્ઞા વિના પોતાની પાસે રાખવો નહિ.

× × × ×

જૈનપ્રગતિ.

ઉન્નતિ અર્થે દરેક મનુષ્યો બોલે છે, પરન્તુ ઉન્નતિના હેતુઓને આચારમાં મૂક્યા વિના ઉન્નતિ થવાની નથી. જૈનોમાં ઉન્નતિ માટે અનેક મનુષ્યો બોલે છે અને લેખો લખી બહાર પાડે છે; પણ ઉન્નતિ ઇચ્છનારાઓને પોતાનામાં જે ગુણો પ્રગટાવવા જોઇએ તે ઉપર તેઓનું લક્ષ ખેંચાતું નથી.

જૈનોએ ઉન્નતિ અર્થે નીચે પ્રમાણે પ્રથમ પોતાનામાં સદ્ગુણો ખીલવવા જોઇએ.

[illegible]

[illegible]

. . . .

[illegible]

[illegible]

૧૧. જૈનોમાં પ્રેમલક્ષણા ભક્તિનો પ્રચાર અને સાધર્મ્યવાત્સલ્યનો ઉચ્ચાશયથી પ્રચાર કરવા ઉપદેશ દેવો.

× × × ×

૧ અન્ય દર્શનીઓમાં જૈનધર્મના સદ્વિચારોનો ફેલાવો કરવા ઉપદેશાદિ દ્વારા પ્રયત્ન કરવા વિશેષ લક્ષ દેવું.

૨ અન્ય દર્શનીઓને જૈનધર્મ પ્રતિ શ્રદ્ધારૂચિ ઉત્પન્ન થાય એવા વાર્તમાનિક સંયોગોના આધારે ઘટતા ઉપાયોની યોજના કરવી.

૩ અન્ય દર્શન અને જૈનદર્શન એ બેનો મુકાબલો કરવાની મનુષ્યોમાં શક્તિ ખીલવવાના ઉપાયો યોજવા અને તેમાં જૈનદર્શનના તત્ત્વોની સ્યાદ્વાદદષ્ટિએ લોકોને ઉચ્ચતા અવબોધાય એવો માર્ગ અંગીકાર કરવો.

૪ જૈનોને અન્ય દર્શનના તત્ત્વોની ઘણી માહીતી આપવી અને જૈનોને સ્વદર્શન તત્ત્વોની માહીતી પહેલાં આપવી. પ્રથમ જૈનતત્ત્વોના સંસ્કારો મળ્યા બાદ અન્યદર્શનીય તત્ત્વોના સંસ્કારો પ્રાપ્ત કરવાથી અને પશ્ચાત્ વિવેકજ્ઞાન થવાથી સમ્યક્ત્વ દર્શનની પ્રાપ્તિમાં હાનિ આવતી નથી.

૫ જૈનોમાં આત્મબળ ખીલે એવા જે જે ઉપાયો વર્ત્તમાનમાં ખીલવવા લાયક હોય તે ખીલવવા.

૬ જૈનોમા ધર્મતત્ત્વનો અપૂર્વ રસ રેડવો અને તેવો ઉત્તમ ધાર્મિક રસ રેડનારા મુનિવરોને તૈયાર કરવા બને તેટલો આત્મભોગ આપવો.

૭ દરેક જૈનોમા ધર્મભાવનાથી ઉત્તમ ધાર્મિક કાર્યો થાય એવી ધાર્મિક ઉપદેશશૈલિને યોજવી અને તે આગમોથી અવિરૂદ્ધ એવી ઉપદેશ શૈલિની યોજના કરવી.

× × × ×

આચાર્યે પોતાના ગચ્છના સાધુઓને દરેક ધર્મક્ષેત્રમાં વિચરવાની આજ્ઞા કરવી અને તેમની પાસે જૈનો જે તે કાર્ય કરવા પ્રયત્ન કરવો. અન્ય ગચ્છના સાધુઓ તથા આચાર્યોનું અને ઉપાધ્યાયોનું હિત ગચ્છના આચાર્યે નિરીક્ષણ કરવું અને પોતાના ગચ્છમાં યોગ્ય સુધારાઓ દાખલ કરવા. પોતાના ગચ્છના સાધુઓ અને સાધ્વીઓ, શ્રાવકવર્ગ તે સંબંધમાં દરેક વિચાર કરવો. પોતાના ગચ્છના સાધુઓને ધર્મશિક્ષણ લેવા અને લેખનાદિ મુદ્દા વધે એવો ખર્ચ અંગીકાર કરવો. પોતાના ગચ્છના સાધુઓને દેશવટો અપાવવાનું રદ કરવા અને તેઓ તાની ભૂલ કોઈ એવી રીતે દેખાડવી. આચાર્યોએ પોતાની પ્રજા ગચ્છનો ભાર વહન કરે એવા ખાસ વિચારો ફેલાવવા. આચાર્યો કોઈને અન્ય ગચ્છના સાધુને એકદમ પોતાના ગચ્છમાં દાખલ કરવો નહિ. ગચ્છના આચાર્યોએ ગચ્છ અને ઉપાધ્યાયોને સહાય આપવી અને નવા સાધુઓ ઉભા કરી શકાય એવા વિચારો ફેલાવવા.

× × × ×

જૈન પ્રગતિ.

પોતાના દેશની, પોતાની કોમની અને પોતાના ધર્મની સેવા કરવા જેઓ ખાસ પ્રેમ રાખે છે તેમનું સન્તની અપેક્ષાએ જીવવું સરળ છે. જૈન ધર્મની અને જૈન કોમની સેવામાં જે જૈનો પોતાની શક્તિઓ વાપરતા નથી તેઓ ગમે તેટલી બુદ્ધિવાળા અને સત્તાવાળા છતાં ભૂલનારા અને પ્રમાદી છે. જૈનશાસનની સેવામાં જે જૈનો પોતાની શક્તિઓના સદુપયોગ કરે છે તે જૈનો પોતાના દેશની અને પોતાની કોમની સેવા અવશ્ય બજાવે છે. જૈન ધર્મની સેવા કરવામાં ક્રોધ, માન, માયા, અને લોભ કે જે પ્રશસ્ય થાય છે તેથી પુણ્યબંધ થાય છે અને તેમજ નિર્જરા થાય છે.

× × × ×

જોઈએ અને તેમની સાથે ધર્મ જૈનસંઘજાની રક્ષા કરવી જોઈએ. જૈનસંઘજાની રક્ષા કરવામાં પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. જૈન દેવગુરુ ધર્મની રક્ષા કરવામાં જે પ્રયત્ન કરે છે તે જૈન સર્વોત્તમ જાણવો. જૈનધર્મની ઉન્નતિ માટે અવસર આવે એટલે દેશ કાલાનુસારે આગળ વધવું જોઈએ. જૈનશાસનની સેવા કરવામાં એકાન્ત લાભ છે. જૈન સંઘબળ વધારવા માટે સ્વાર્થ વિગેરે ભૂલી જઈને અંગે-પાનીઓએ ધર્માભિમાનનો જુસ્સો ફેલાવવો જોઈએ.

× × × ×

જૈનોમાંની કેળવણીમાં અનેક વિચારો પ્રગટે છે પણ તેનો પૂર્ણ અમલ થાય તેવા સંયોગ હાલ દેખાતા નથી. કારણ કે જૈનોને ધાર્મિક સાથે વ્યાવહારિક કેળવણી જોઈએ તેવી આપવામાં આવતી નથી. કેટલાક ધાર્મિક ગ્રન્થોનો એકલો અભ્યાસ કરે છે તેઓના દૃષ્ટિમાં એકલા ધાર્મિક વિચારોજ સમર્થ લાગે છે તેથી તેઓ વ્યાવહારિક કેળવણીની કદર જુદા સમજી શકતા નથી. કેટલાક એકલી વ્યાવહારિક કેળવણી લે છે તેથી તેઓ ધાર્મિક કેળવણી વિના નાસ્તિક બને છે અને તેથી તેઓ ધાર્મિક કેળવણીની કદર જુદા સમર્થ થતા નથી. વ્યાવહારિક જ્ઞાનાદિ અને ધાર્મિક જ્ઞાનાદિ એ બે દૃષ્ટિથી જ્ઞાન, દેશ, કાલ અને ભાવ જોઈ શકાય છે અને જૈનધર્મની ઉન્નતિ સમયાનુસારે કરવા ઉપદેશ આપી શકાય છે. વ્યાવહારિક અને ધાર્મિક કેળવણી સાથે આપી શકાય એવાં જૈન ગુરુકુલો સ્થાપવા સિવાય છૂટકો નથી. જૈનગુરુકુલોની મદદ માટે એવી સંસ્થાઓ સ્થાપવાની ખાસ જરૂર છે. [illegible]

* * * *

પ્રેમ અને તેમની સેવા કરનારા એવા જૈનો. પ્રગટાવવાના જૈનગુરૂકુળ વગેરે ઉપાયો છે.

× × × ×

ધર્મીઓની વૃદ્ધિની વ્યવસ્થા.

ખ્રીસ્તિ પાદરીયોએ ભારતમાં આવી લાખો આર્ય મનુષ્યને ખ્રીસ્તિ બનાવ્યા કે જેની સંખ્યા જૈનો કરતાં ઘણી વિશેષ છે. આર્યસમાજીઓની ત્રીશ ચાલીશ વર્ષમાં લાખોની સંખ્યા થઇ ગઇ. પાદરીયો ભારતના જંગલોમાં ખ્રીસ્તિધર્મનો ફેલાવો કરવા જંગલી લોકોને ભણાવવા શાળાઓ કાઢે છે અને માથું મૂકીને ત્યાં પડી રહે છે તેમજ લાખો રૂપૈયાનું ખર્ચ કરે છે. જ્યારે ખ્રીસ્તિયોને પોતાના ધર્મનું આટલું બધું અભિમાન છે ત્યારે સત્યધર્મ માનનારા જૈનો, લાખો રૂપૈયા ખર્ચીને એક ગુરૂકુળ પણ સ્થાપવા સમર્થ થયા નથી તો અન્ય ધર્મીઓને જૈન બનાવવાની તો શી વાત કરવી? ખ્રીસ્તિયો મનુષ્ય જાત પર પોતાના ધર્મમાં દાખલ કરવાની બુદ્ધિએ જે દયા અને ઉપકાર કરે છે તેવું જૈનોમાં ધર્માભિમાન હોત તો અન્ય ધર્મી, દુઃખી નિરાધાર લાખો મનુષ્યોને જૈનધર્મમાં દયા અને ઉપકાર વડે લાવી શકાત. પણ જૈનોમાં એવું ધર્માભિમાન અને મનુષ્ય જાતને ધર્માર્થે પણ ઉત્તેજન આપવાની દયા, શક્તિ અને પરોપકાર બુદ્ધિ હાલ જોઇએ તે પ્રમાણમાં દેખાતાં નથી. જૈનોમાં ધર્માભિમાનનો જુસ્સો, હરાતન અને ધર્માર્થે આત્મભોગ આપવાની શક્તિ પ્રગટી નીકળે તો જૈનધર્મનો સારી રીતે ફેલાવો કરવા ચાંપતા ઉપાયો લેઇ શકાય. સદ્‌ગુણો વડે આત્માની પરમાત્મદશા કરાવનાર જૈનધર્મ છે માટે જૈનધર્મનું અભિમાન ધારણ કરવાની જરૂર છે. જૈન ધર્મની સેવા એ એક પોતાની ફરજ છે એમ જેઓ સમજે છે અને પોતાની જીંદગીનો ભોગ આપીને જેઓ ધર્મની સેવા કરે છે તેઓ આખી દુનિયાના ખરા સેવકો જાણવા. આખી દુનિયાનું શ્રેયઃ કરનાર અનેક ગુણાશયાપેક્ષા-વાળા જૈનધર્મનો જુસ્સો ધારણ કરવો એ દરેક જૈનોની ફરજ છે કારણ કે પોતાની એ ફરજમા જગતના સર્વ જીવોનું કલ્યાણ કરવાની શક્તિ રહેલી છે.

× × × ×

જૈનધર્મપ્રચાર.

જૈનધર્મચારિત્રમાર્ગમાં અને જૈનદર્શન પ્રવર્તાવવાના માર્ગમાં ઉત્સર્ગ અને અપવાદને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવે સેવવાની જરૂર રહે છે. ઉત્તમ ગીતાર્થ સાધુઓ જૈનદર્શનનો ફેલાવો કરવામાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગ પ્રવૃત્તિથી કાર્ય કરે છે. ઉત્સર્ગ વિના અપવાદ નથી અને અપવાદ વિના ઉત્સર્ગ નથી. ઉત્સર્ગ અને અપવાદમાર્ગથી પંચ મહાવ્રત પાળી શકાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ પ્રમાણે ઉત્સર્ગમાર્ગથી નહીં ખસાય તે માટે અપવાદ માર્ગનું અવલંબન દરેક ગચ્છના સાધુઓને લેવું પડે છે. જૈનશાસનની રક્ષા માટે અને સાધુઓની રક્ષાર્થે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પ્રમાણે અપવાદમાર્ગથી વર્તવું પડે છે અને યોગ્ય એવાં કાર્યો કરવાં પડે છે. જૈનશાસનની રક્ષાર્થે દર્શાવેલા અપવાદ માર્ગો પ્રમાણે જો વર્તવામાં ન આવે તો જૈન શાસનની હાનિ થાય છે અને તેથી પ્રાયશ્ચિત્ત દરેક જૈનોને લેવું પડે છે. ગીતાર્થ સાધુઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે જૈનશાસનની રક્ષા અને ઉન્નતિના ઉત્સર્ગ અને અપવાદ માર્ગો જાણે છે માટે તેમની સલાહ લેઈ દરેક જૈને જૈનધર્મની સેવા બજાવવા સદાકાલ તૈયાર રહેવું. ઉત્સર્ગ વખતે ઉત્સર્ગ સેવવામાં ન આવે તો દોષ લાગે છે અને અપવાદની વખતે અપવાદ સેવવામાં ન આવે તો દોષ લાગે છે. એકાન્ત ઉત્સર્ગમાર્ગને પકડવાથી દિગંબરોએ સાધુઓનો ક્ષય કર્યો. જૈનશ્વેતામ્બરમાં ઉત્સર્ગ અને અપવાદપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, પ્રમાણે ચારિત્રધર્મ પ્રવર્તે છે તેથી સાધુઓની ઉન્નતિ દેખવામાં આવે છે અને સાધુવર્ગનો નાશ થતો નથી. ગીતાર્થ જૈન સાધુમાં જૈનધર્મ ફેલાવવાની જેટલી કાળજી હોય તેટલી [illegible] કરવી હોય ? આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો વગેરે સાધુઓ જૈનધર્મના નાયક છે માટે દર્શનદૃષ્ટિની અપેક્ષાએ તેમનું બહુ સન્માન કરવું અને તેમની ભક્તિ કરવી. કારણ કે તેઓની રક્ષા કરવાથી તથા ભક્તિ સેવા કરવાથી જૈન ધર્મની [illegible] થવાની છે. સાધુઓથી જૈનધર્મ [illegible] છે. [illegible] વિદ્યમાન [illegible] સાધુની [illegible] વિના [illegible] તથા [illegible] [illegible] [illegible] [illegible].

× × × ×

જૈનધર્મપ્રચારોપાય.

દરેક જૈનના હૃદયમાં ધાર્મિક જુસ્સો પ્રજ્વલિત રહેતોજ જૈ
દુનિયામાં અન્ય કોમની હરિફાઇમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે.
નોમાં ધર્મનો જુસ્સો છે પણ તેઓએ જમાનાને અનુસરી
સુધારા વધારા કર્યા નહિ, તેથી તુર્કસ્તાનનું રાજ્ય પોતાનું બળ
રાજ્યોના સામું ટકાવી શક્યું નહિ. જૈનોમાં ધાર્મિક જુસ્સો એવી
રીતે દરરોજ પ્રજ્વલંત રહેવો જોઇએ કે જેથી ધર્મજુસ્સાની
બળ તળે આખી જૈનકોમ ઉભી રહી શકે અને સ્વકોમ અને ધર્મના
ત્વ માટે ધર્માભિમાન ધારણ કરી ગમે તેવી રીતે આત્મભોગ આપવા
હોય નહિ. જૈનકોમમાં સામાન્ય ધર્મમતભેદ હોવા છતાં મૂળ
અપેક્ષાએ સર્વજૈનોમાં ધર્મની શ્રદ્ધા અને ધર્માભિમાન વધે એવા
લેવામાં આવશે તોજ દુનિયામાં જૈનકોમનું અસ્તિત્વ રહી શકે તેમ
અન્ય ધર્મની કોમો સાથે જમાનાને અનુસરી આગળ રહી શકાય
પાછળ ન પડી શકાય એવા ગૃહસ્થો માટે ખુલ્લા માર્ગો છે અને ધર્મ કેળવ
માટે પણ ખુલ્લા માર્ગો છે તેનો યદિ સ્વીકાર કરવામાં નહિ આવે
ઉન્નતિના ઉપાયો સામે સંકુચિતદૃષ્ટિથી કામ લેવામાં આવશે તો જૈનો
પોતાનું ઉદયદ્વાર પોતાના હાથે બંધ કરી દેશે. જૈનકોમની ઉન્નતિ
દરેક ઉપાયો જમાનાને અનુસરી ઘડાયલા અને આચારમાં મૂકવા યોગ્ય હોવા
જોઇએ. ધર્મની શ્રદ્ધા અને ધર્મના જુસ્સા વિનાના કેળવાયેલા જૈનો પોતાના
ધર્મને માટે ઉપેક્ષાબુદ્ધિવાળા થશે અને એવા ઉપેક્ષાબુદ્ધિવાળાઓથી જૈન
કોમનું અસ્તિત્વ રહે નહિ. જૈનકોમનું અસ્તિત્વ અને તેના ઉદ્ધાર દરેક
જૈનના હાડોહાડમાં અને રોમેરોમમાં ધર્મનો પ્રજ્વલંત જુસ્સો આવશે
જોઇએ. ધર્મની શ્રદ્ધા વિનાનો જૈનકોમમાં રહેલ જૈન તે જૈન નથી
કે તે જૈનધર્મરૂપ મહેલને ઉભો રાખવામાં ભાગ આપવાનો નહિ પણ
જૈનધર્મરૂપ મહેલને તોડવામાં ગમે તે રીતે તે ભાગી બનવાનો
આચાર્યોએ અને સાધુઓએ જમાનાની હરિફાઇમાં જૈનધર્મ અને જૈન
પોતાનું બળ ધારણ કરી શકે એવા ઉપાયો લેવા જોઇએ
સાધુઓ સાથે સંપ રહે તેવી રીતે કરાર કરીને પોતાનું બળ જમાવવું
ઉત્તમ ધર્મસેવારૂપ પ્રવૃત્તિમાર્ગ એજ પોતાનો શ્વાસોચ્છ્વાસ સમજવા

× × × ×

ગૃહસ્થ જૈનોએ ધાર્મિક અભ્યાસ કરવો જોઇએ.

ગૃહસ્થ જૈનો, જૈનધર્મનો પરિપૂર્ણ અભ્યાસ વિના પોતાના ધર્મની મહત્તા સમજી શકે નહિ એમ બનવા યોગ્ય છે. હાલમાં જૈનધર્મગુરૂસાધુઓ ગામો ગામ વિહાર કરે છે પણ દરેક ગામના સર્વ જૈનો પોતાના ગામમાં આવનાર સાધુ પાસે આવી શકતા નથી એમ સ્વાનુભવથી કહેવું પડે છે. જૈનોમાં ધાર્મિકરાગ ઉત્સાહ, સાધુ સમાગમની ઇચ્છા અને સાધુપ્રતિ પોતાની ફરજ વગેરેની ખામીયો દૃષ્ટિગોચર થાય છે. પોતાના ધર્મગુરૂઓ પર રાગ અને બહુમાન વિના કોઇ ધર્મની કોમ દુનિયામાં પ્રગતિના માર્ગમાં આગળ પડતો ભાગ લેઇ શકતી નથી. ગૃહસ્થ જૈનો પોતાના ધર્મગુરૂસાધુઓના આદરસત્કાર અને તેમની સેવામાં પાછળ પડશે તો પોતાની અસ્તિત્વ ઉપર કુહાડો મારશે અને એનાં ફળ પોતાને ભોગવવાં પડશે. ખ્રીસ્તિયો પોતાના ધર્મગુરૂઓનો આદરસત્કાર અને તેમની સેવા કરે છે તેથી ખ્રીસ્તિયોની બાહ્યોન્નતિમાં પણ હાલ વૃદ્ધિ દેખાય છે. પોતાના ધર્મગુરૂનો આદરસત્કાર અને બહુમાન કરવું એ પોતાના આદરસત્કાર અને બહુમાન બરોબર છે. પોતાના ધર્મગુરૂનું રક્ષણ, અસ્તિત્વ, એજ પોતાનું અને ધર્મનું રક્ષણ છે એમ દરેક જૈને સમજવું જોઇએ. પોતાના ધર્મગુરૂનું બહુમાન કરવાથી આત્મભોગી એવા ધર્મગુરૂઓ ઉત્પન્ન કરી શકાય છે. પોતાના ધર્મગુરૂનો તિરસ્કાર એજ પોતાનો તિરસ્કાર છે એમ દરેક જૈને સમજવું જોઇએ. ત્યાગી એવા અને દેશકાલાદિના અનુસારે પંચમહાવ્રત પાળનારા સાધુઓ વિના ધર્મનો ફેલાવો થતો નથી. ધર્મનું રક્ષણ કરવું અને ધર્મગુરૂઓનું અસ્તિત્વ કાયમ રાખવું એ કાર્ય, આચાર્યોએ અને ઉપાધ્યાયો વગેરેએ સારી રીતે બજાવવું જોઇએ. ધર્મનું નામ ધરાવનારા અને ધર્મગુરૂઓના નિન્દક, નાસ્તિક એવા નામધારી જૈનોથી જૈનધર્મ પ્રવર્તતો નથી. ધર્મગુરૂઓના પ્રતિપક્ષી અને ત્યાગી સાધુગુરૂઓનું ઉત્થાપન કરનારા શાસનદ્રોહી નામધારી જૈનો સામે પોતાનું બળ ટકાવી રાખવા અને સાધુઓની સેવાભક્તિ કરવા વર્તમાનમાં વિદ્યમાન એવા ગીતાર્થ ધર્મગુરૂઓએ ક્ષેત્રકાલાનુસારે જમાનાને અનુસરી ચાપના ઉપાયો લેઇ સાધુવર્ગનું રક્ષણ કરવું.

× × × ×

જૈનવિષય-સાધુવર્ગ.

સાધુવર્ગ વિના ધર્મનું રક્ષણ થઇ શકતું નથી. સાધુની સંગતિથી ...નો બોધ મળે છે. સાધુના ઉપદેશથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સાધુ...થી આગમોનું પઠનપાઠન, સ્મરણ મનન ચાલ્યા કરે છે. સાધુઓના ...દેશથી દાન, શીલ, તપ, ભાવરૂપ ચતુર્વિધ ધર્મ વધ્યા કરે છે. સાધુઓના ...દેશથી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ વધ્યા કરે છે. નહિ બોલનાર એવા ...ધુઓથી જે ધર્મની અસર થાય છે, તે વક્તા એવા ગૃહસ્થથી થઇ શકતી નથી. ...ધુઓના આચારોમાં અને વિચારોમાં દયાનું તત્ત્વ સદા વહ્યા કરે છે. સાધુ...ના આચારમાં સ્વકલ્યાણ અને પરકલ્યાણનું તત્ત્વ રહ્યું છે. કપટરહિત ...શક્તિ ભગવાનની આજ્ઞા પ્રમાણે સાધુઓનું પ્રવર્તન થાય છે. તે મોક્ષ...ર્ગમાં સાનુકૂળ પ્રવૃત્તિ છે. **ઉત્તમ સાધુઓની સંગતિથી જે પ્રાપ્ત કરી ...કાય છે તે પુસ્તકોથી પ્રાપ્ત કરી શકાતું નથી.** ઉત્તમ સાધુઓની ...ગતિથી અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ઉત્તમ સાધુની સંગતિ ખરેખર ...ન્તામણિની પેઠે દુર્લભ છે. કપટરહિત યથાશક્તિ પ્રવર્તનાર અને સત્યધર્મનો ...તરાગની આજ્ઞાપૂર્વક ઉપદેશ દેનાર સાધુની સંગતિ કરવી.

સાધુવર્ગની ઉન્નતિ, સાધુ થકીજ થનાર;
સંપ પ્રેમ લઘુતા થકી, ઉદય થશે નિર્ધાર. ૧

ઉદાર દૃષ્ટિ રાખીને, કરી પરસ્પર સાહાય્ય;
સાધુવર્ગની ઉન્નતિ, કરશો ધારી ન્યાય્ય. ૨

હઠ કદાગ્રહ ત્યાગીને, કરી મતાંતર દૂર
ધરી હૃદય મધ્યસ્થતા, સાધુ લહો સુખપૂર. ૩

× × × ×

ભવિષ્યમાં સાધુઓની દૃષ્ટિમાં હલકા પડે છે. જે સાધુઓ અન્ય સાધુઓને પોતાની તરફ પ્રેમથી અને ઉદારભાવથી આકર્ષી શકતા નથી. તેઓ અન્ય ધર્મીઓને જૈન બનાવવાને શક્તિમાન્ થતા નથી. જે સાધુઓ મતભેદ, સહનશીલતા ધારણ કરીને અન્ય સાધુઓને પૂજ્યબુદ્ધિ, શુદ્ધપ્રેમ અને ધર્મસ્નેહથી પોતાના સમાન ગણે છે, તે સાધુઓ સ્વપરોન્નતિ કલ્યાણ કરવા સમર્થ થાય છે.

× × × ×

ગુણો વિના ફક્ત ક્રિયાપ્રવૃત્તિની કેટલી જરૂર છે.

જૈનધર્મની કેટલીક ક્રિયાઓ કરવામાં આવે પણ જૈનધર્મ પ્રમાણે ગુણોને હૃદયમાં ન પ્રગટાવવામાં આવે તો તેથી ગુણોની ઉત્ક્રાન્તિ થઇ શકતી નથી. શ્રાવકોમાં અને સાધુઓમાં દયા, ક્ષમા, વૈરાગ્ય, ગંભીરતા, મૈત્રીભાવના, અક્ષુદ્રતા વગેરે ગુણોની ખાસ જરૂર છે. પોતાનામાં ધર્મીપણું માની લેઇને અન્ય મનુષ્યોને જ્યાં સુધી ધિક્કારની લાગણીથી દેખવામાં આવે, ત્યાં સુધી જૈનધર્મમાં કહેલી દયા પોતાનામાં પ્રગટી એમ કદિ ગણી શકાય નહિ. અન્ય મનુષ્યોની ભૂલોને ક્ષમા ન આપવામાં આવે ત્યાં સુધી પોતાના આત્મામાં ક્ષમા ગુણ ખરેખરો [illegible] થતો નથી. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે એમ દરેક જૈને સમજીને પોતાનામાં ગુણો પ્રગટાવવા પ્રયત્ન કરવો એજ મુખ્ય સાધ્યદશા છે. પ્રભુપૂજન કરવી [illegible] કરવું, એટલું કરીને સન્તોષ પકડી બેસી ન રહેવું જોઈએ પણ ગૃહસ્થ જૈનોએ પોતાનામાં મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ [illegible] ભાવના ક્ષમા, લઘુતા, વૈરાગ્ય, જ્ઞાન વગેરે ગુણો પ્રગટાવવા [illegible] પ્રયત્ન કરવા જોઈએ. પોતાનો આત્મા પોતાનામાં પ્રગટેલા ગુણોની સાક્ષી ન આપે અને અન્ય મનુષ્યો ગમે તેટલી પ્રશંસા કરે તેથી [illegible] જૈનોએ ફુલાઈ જવું નહિ. અન્ય મનુષ્યોને ધર્મમાર્ગમાં આકર્ષણ કરવા [illegible] આત્મ એવું [illegible] વિના [illegible] નથી. કિંતુ અજ્ઞાન નિન્દા છે એવું સમજીને [illegible]. જૈન [illegible] [illegible]. અને તેને [illegible] યત્ન કરવો નહિ. જૈનોએ આત્માના ગુણો પ્રગટાવવા પ્રયત્ન કરવો. જૈનો-એ જૈનકુળમાં

અને ભારતીયોને આવા સ્યાદ્વાદજ્ઞાનીઓ પ્રગટે છે તે કાલમાં જૈનશાસન સૂર્ય સર્વત્ર તપતો દેખાય છે.

× × × ×

નયોની અપેક્ષાએ જૈનો.

નૈગમનયની અપેક્ષાએ જૈનધર્મને ઓઘશ્રદ્ધાએ માનતો હોય તો જૈન કહેવાય. ગાડરીયા પ્રવાહે નવકાર ગણતો હોય, પ્રભુની પૂજા કરતો હોય. દેવ ગુરૂની ભક્તિ કરવાનો ભાવ હોય, વિધિએ નવકારશીનું પ્રત્યાખ્યાન કરતો હોય તે જૈન કહેવાય છે. જૈનના ગુણ પોતાનામાં ન પ્રગટયા હોય છતાં ઉપચારથી તેને પોતાનામાં સ્થાપન કરતો હોય તે નૈગમનયની અપેક્ષાએ જૈન કહેવાય છે. શ્રાવકના એકવીસ ગુણો, સત્તર ગુણો અને બાર વ્રત વગેરે ગુણો પોતાનામા ન હોય તોપણ તેના અંશ રૂપ પરિણામવડે તે તે ગુણોનો પોતાનામાં ઉપચાર કરતો હોય અને વસ્તુતઃ તે તે ગુણો પોતાનામા ન પ્રગટયા હોય તોપણ તે નૈગમનયની અપેક્ષાએ જૈન કહેવાય છે. સાધુના વ્રતો અને સાધુના ગુણોમા એકાદ્યપરિણામે પ્રવૃત્તિ કરનાર દ્રવ્યસાધુને નૈગમનયની અપેક્ષાએ સાધુ કહેવામા આવે છે. નૈગમનય એકાશરૂપ વસ્તુનો ધર્મ વા તે વસ્તુના પરિણામને ઉત્પન્ન થએલો જાણી સંપૂર્ણવસ્તુ ઉત્પન્ન થઇ એમ માને છે. વસ્તુનો એક અંશ પ્રગટયો હોય તો તે વસ્તુ આખી ઉત્પન્ન થઇ એમ માનવું એ નૈગમનયની માન્યતા છે. આખી દુનિયામાં જે જે મનુષ્યો જૈન થવાનો પરિણામ ધારણ કરીને અંશ થકી પણ ધર્મમાં પ્રવૃત્તિ કરે છે વા જેઓ કુળથકી જૈનો છે. અન્તર્મા મિથ્યાત્વી છતાં જેઓ જૈનધર્મની ઉપર ઉપરથી ક્રિયાઓ કરે છે તે સર્વે ઓઘે ગણાતા નૈગમનયની અપેક્ષાએ જૈનો છે. જૈનધર્મનો એક અંશથી પરિણામ ધારણ કરીને એકાંશથી જૈનધર્મમા પ્રવૃત્ત થનાર, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ નૈગમનયની અપેક્ષાએ ચતુર્વિધ સંઘ ગણાય છે. સંગ્રહનયની અપેક્ષાએ જેઓનામાં સત્તાએ જૈનપણું રહ્યું છે એવા સર્વ જીવો જૈન કહેવાય છે. સત્તાએ સાધુત્વ, સાધ્વીત્વ, શ્રાવકત્વ અને શ્રાવિકાત્વ રહ્યું છે એવા સર્વ જીવો સંગ્રહનયની અપેક્ષાએ ચતુર્વિધ સઘ ગણાય છે તેમજ જૈન ગણાય છે. વ્યવહારનયની અપેક્ષાએ જૈનના આચારો જેઓ પાળતા હોય તેઓ જૈનો કહેવાય છે. સંગ્રહનય

નય તથા વ્યવહારનયથી જૈનોને ઓળખી શકાય અને જૈન તરીકે સ્થાપી શકાય. ઋજુસૂત્ર વગેરે ઉપર ઉપરના નયોની અપેક્ષાએ ન્યૂન, ન્યૂનતર અને ન્યૂનતમ જૈનો હોઇ શકે અને તેવા જૈનોને કેવલજ્ઞાની [illegible] ઓળખી શકે. તીર્થંકરો વ્યવહારનયની મુખ્યતાએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે, માટે વ્યવહારનય જૈન તરીકે કરાતા વ્યવહારમાં બળવાન્ છે. સર્વ નયોની માન્યતાએ, અપેક્ષાએ જૈનો માનવા યોગ્ય છે. નૈગમનયવડે સર્વને આદ્યમાં જૈનપણું હોય છે.

संवत् १९७० नी सालना ×विचारो.

સર્વ પ્રકારની શક્તિ પાળવાને માટે મન, વચન અને કાયાથી બ્રહ્મચર્યની સંરક્ષા કરવી જોઇએ, અને તેથી શક્તિમાન્ થઇ જગતને ઉપદેશ દેવો જોઇએ. વ્યાવહારિક તથા ધાર્મિક કાર્યો કરવાની શક્તિને અર્પનાર બ્રહ્મચર્ય છે. મંત્ર, તંત્ર, યંત્ર એ સર્વનો આધાર બ્રહ્મચર્ય છે. ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે. દેશોન્નતિનો આધાર બ્રહ્મચર્ય પર છે. દેવતાઓને વશ્ય કરવાનો ઉપાય બ્રહ્મચર્ય છે. પ્રાણવિનિમય, વ્યાખ્યાન આદિ કાર્યોમાં શક્તિ સમર્પનાર બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યથી ધ્યાન અને સમાધિ થઇ શકે છે. મન, વાણી અને કાયાનું રક્ષણ કરનાર બ્રહ્મચર્ય છે, યૌવનવયનું રક્ષણ કરનાર બ્રહ્મચર્ય છે. દીર્ઘાયુષ્યનું સંરક્ષણ કરનાર બ્રહ્મચર્ય છે. અમર યશ અને અમર નામ રખાવનાર બ્રહ્મચર્ય છે. સર્વ વ્રતોમા સાગર સમાન બ્રહ્મચર્ય છે. દેશની અને સમાજની આબાદી કરનાર બ્રહ્મચર્ય છે. પોતાના સત્યને સર્વત્ર પ્રસરાવનાર બ્રહ્મચર્ય છે. સર્વ પ્રકારની આરોગ્યતાપૂર્વક મનની શાન્તિ જગાવનાર બ્રહ્મચર્ય છે. સર્વેન્દ્રિયોનું આરોગ્યસંરક્ષક બ્રહ્મચર્ય છે. શરીરના બળની આબાદી કરનાર બ્રહ્મચર્ય છે. ભવિષ્યની પ્રજાને સારો વારસો આપનાર બ્રહ્મચર્ય છે. દેશમા સત્પુરૂષોને ઉત્પન્ન કરનાર બ્રહ્મચર્ય છે. દેશમાંથી રોગોને મારી હઠાવીને દેશના મનુષ્યોને બળવાન્ બનાવનાર બ્રહ્મચર્ય છે. ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરાવી આપનાર બ્રહ્મચર્ય છે. દેશમાંથી ચોરી, જૂઠ, હિંસા, દગાબાજી વગેરે પાપોને હઠાવી દેનાર બ્રહ્મચર્ય છે. સંકલ્પબળની સિદ્ધિ કરનાર બ્રહ્મચર્ય છે. પરતંત્રતા, અસંતોષ, ચિન્તા, શોક અને વ્યાધ્યાદિ દુર્ગુણોને હઠાવીને આત્માને સ્વતંત્ર બનાવનાર બ્રહ્મચર્ય છે.

× સંવત્ ૧૯૭૦ ના સાલની ડાયરીમાં જે જે વિચારો લખાયા છે તે અમરગઢ, પેથાપુર, રાયવગ્ન, ડિંહરા, વિજાપુર, મહુડી, ગવાડા, પામોલ, બાલક, વડનગર, ખેરાળુ, ઓંબાર, વીસનગર, મહેસાણા, ખેરવા, મેઉ, સમૌ, આજોલ, રાંદેલ અને માણસા વગેરે ગામોના વિહાર પ્રસંગે લખાયા છે. તેમાં માણસાના ચાતુર્માસમાં ઘણા વિચારો લખાયા છે.

પ્રત્યેક મનુષ્યના આચારો અને વિચારોમાં પરિપૂર્ણ સત્યતા હોય એમ માની લેવું એમ તો વચનમાત્રથી કહી શકાય છે. શ્રી સર્વજ્ઞ વીતરાગ દેવ સિવાય પ્રત્યેક મનુષ્યના વિચારોમાં અને આચારોમાં સત્યતા ન હોય શકે, પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ અમુકાંશે સત્યતા હોય શકે એ બનવા યોગ્ય છે. શ્રીવીતરાગનાં વચનોની અપેક્ષાએ આ બાબતનો વિચાર કરતાં પ્રત્યેક મનુષ્યની દૃષ્ટિએ સત્ય અને અસત્ય એવા આચારો અને વિચારો મનાય છે, તેમાંથી ઘણું સત્ય તારવી શકાય છે. અમુક બાબત અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી સત્ય હોય છે, અને તેજ બાબત અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી અસત્ય હોય છે. વ્યવહારનયથી અમુક બાબત અમુકરૂપે ગણાય છે, અને તેજ અમુક બાબત નિશ્ચયદૃષ્ટિથી વિચારીએ તો અમુકરૂપે લાગે છે. દરેક વસ્તુને અનેકદૃષ્ટિથી અનેકાપેક્ષાઓએ તપાસવાની જરૂર છે. પ્રત્યેક મનુષ્યના વિચારો અને આચારોને ભિન્નભિન્ન અપેક્ષાઓએ ગણવા જોઇએ, અને ભિન્ન ભિન્ન દૃષ્ટિથી દેખીને હેય, જ્ઞેય અને ઉપાદેયબુદ્ધિથી તેનો વિવેક કરવો જોઇએ. આવી રીતે વિવેકદૃષ્ટિથી જે દેખે છે તે કોઇ પણ બાબતપર અમુકાંશે વિચાર બાંધવાને શક્તિમાન્ થાય છે. મનુષ્યની જીંદગીમાં ઉત્તરોત્તર જ્ઞાનાવસ્થા થતાં પૂર્વના વિચારો કરતાં ઉત્તરના વિચારોમાં વિશેષ સત્યતા અનુભવાય છે, પણ વાસ્તવિક દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ કહીએ તો જે કાળે જેટલા જ્ઞાને જેટલો નિર્ણય થાય છે, તેટલું તે કાળે નિર્ણય માટે સત્ય રૂપે તે કાલની અપેક્ષાએ હોય છે, એમ અપેક્ષાએ વિચારીએ તો આખા જગતમાં મનુષ્યોના આચારો અને વિચારોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ ઘણું અવબોધવાનું મળે, અને ઘણી રીતે અનેક પ્રકારનું વ્યાવહારિક તથા પારમાર્થિક જ્ઞાન થાય.

×　　×　　×　　×

સેવા ધર્મ.

પોતાના શરીરાદિની સેવા ગમે તેવી ઉચ્ચ સ્થિતિ થયા છતાં કરવી પડે છે, તેથી સ્વાભાવિક રીતે સિદ્ધ થાય છે કે-**परस्परोपग्रहो जीवानाम्** એ મંત્ર ઘણા ગંભીર ઉદ્દેશોથી રચાયું છે. આત્મજ્ઞાનીઓએ ગમે તેવી નિસ્પૃહ

સેવાધર્મનું જ્ઞાન.

સેવાધર્મના ઉચ્ચહેતુઓનું જ્ઞાન કરવાની જરૂર છે. આર્યશાસ્ત્રોમાં સેવાધર્મની ઉત્તમતા બતાવી છે, તેના અનેક હેતુઓ છે. મનુષ્યનો મૂળ ધર્મ વિચારીએ તો ખરેખર તે સેવાધર્મ છે. આપણે દરેક બાબતોની સગવડતાઓ વચ્ચે આગળ વધતા જોઇએ તેનું મૂળ તપાસીએ તો આપણા ઉપર સેવા કરનાર અનેક પ્રાણીઓ છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ, પશુ, પંખી, વગેરેની સેવા તળે દટાયલો આપણો આત્મા હાલ પ્રગતિના માર્ગ પર વધ્યા કરે છે. સેવા ધર્મના નિયમ પ્રમાણે અનેક પ્રાણીઓ પાસેથી જે જે ગ્રાહ્ય હોય છે તે ગ્રહણ કરીને આપણે જીવીએ છીએ. અનેક જીવોના આત્મભોગની સેવાથી આપણે ઉન્નતિક્રમના પગથીયાંઓ પર ચઢતા જઇએ છીએ. આપણાથી ઉચ્ચ અને આપણાથી નીચા એવા ઉપાધિભેદથી વ્યવહરાતા આત્માઓની સેવાની પ્રસાદીવડે આપણે જીવી શકીએ છીએ તેમાં ખાસ લક્ષ્ય રાખવું જોઇએ. અલબત, કોઇ બાબતનું અભિમાન કરવા જેવું નથી. અનેક જીવો પાસેથી સેવાધર્મના નિયમ પ્રમાણે જે લેવામાં આવે છે તે પ્રમાણે તેઓની સેવા વડે તેઓને પાછું આપવાને માટે પણ સેવાધર્મના નિયમથી બંધાયલા છીએ, એમ સદા સ્મરણમાં રાખવું જોઇએ. શઠતા, ધૂર્તતા, કપટ, વિશ્વાસઘાત, જૂઠ, અપકાર, કૃતઘ્નતા, દુર્ગુણ, વગેરે દોષોથી સેવાધર્મનો આર્ય નિયમ આદરી શકાતો નથી. આર્ય થવું હોય અને સેવાધર્મથી પોતાની ફરજને અદા કરવા માટે ખાસ પ્રેમ ઉત્પન્ન કરવો જોઇએ. ગમે તે સ્થિતિમાં જે જે કાલે જે જે ઘટે તે સેવાધર્મ ખરેખર નિષ્કામપણે સેવવો જોઇએ. દરેક જીવ સેવક છે એમ અપેક્ષાએ સમજી શકાય તેમ છે. સેવાધર્મના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટાદિ અનેક ભેદો પડે છે. સેવાધર્મથી આખું જગત્ બંધાયલું છે, એમ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારતા માલુમ પડે છે. દેવસેવા, ગુરૂસેવા, મુનિસેવા, આચાર્ય સેવા, ઉપાધ્યાય સેવા, સંઘ સેવા, ગચ્છ સેવા, સ્વધર્મીસેવા, ભક્તસેવા, રાજ્ય સેવા, મહાજનસેવા, દેશ સેવા, કોમસેવા સજ્જન સેવા, માતાપિતાની સેવા, સગાવ્હાલાની સેવા, સાહાય્ય કરનારાઓની સેવા, અતિથિસેવા, વગેરે સર્વ પ્રકારની સેવા અને તેના ઉચ્ચ આશયોને જાણી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી નિષ્કામપણે અધિકાર પ્રમાણે યથાશક્તિ સેવા ધર્મ બજાવવો.

× × × ×

સેવાધર્મનું જ્ઞાન.

સેવાધર્મના ઉચ્ચહેતુઓનું જ્ઞાન કરવાની જરૂર છે. આર્યદેશોમાં સેવાધર્મની ઉત્તમતા જણાતી છે, તેના અનેક હેતુઓ છે. મનુષ્યનો મૂળ ધર્મ વિચારીએ તો ખરેખર તે સેવાધર્મ છે. આપણે દરેક બાબતની સંકલનાઓ વચ્ચે આગળ વધતા જઇએ તેનું મૂળ તપાસીએ તો આપણા ઉપર સેવા કરનાર અનેક પ્રાણીઓ છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ, પશુ, પંખી, વગેરેની સેવા વડે હાલમાં આપણો આત્મા ઉચ્ચ પ્રગતિના માર્ગ પર વધ્યા કરે છે. સેવા ધર્મના નિયમ પ્રમાણે અનેક પ્રાણીઓ પાસેથી જે જે પ્રાપ્ત હોય છે તે ગ્રહણ કરીને આપણે જીવીએ છીએ. અનેક જીવોના આત્મભોગની સેવાથી આપણે ઉન્નતિક્રમના પગથીયાંઓ પર ચઢતા જઇએ છીએ. આપણાથી ઉચ્ચ અને આપણાથી નીચા એવા ઉપાધિભેદથી વ્યવહારના આત્માઓની સેવાની પ્રસાદીવડે આપણે જીવી શકીએ છીએ તેમાં ખાસ લક્ષ રાખવું જોઇએ. અતએવ, કોઇ બાબતનું અભિમાન કરવા જેવું નથી. અનેક જીવો પાસેથી સેવાધર્મના નિયમ પ્રમાણે જે લેવામાં આવે છે તે પ્રમાણે તેઓની સેવા વડે તેઓને પાછુ આપવાને માટે પણ સેવાધર્મના નિયમથી બંધાયલા છીએ, એમ સદા સ્મરણમાં રાખવું જોઇએ. શઠતા, ધૂર્તતા, કપટ, વિશ્વાસઘાત, જૂઠ, અપકાર, કૃતઘ્નતા, દંભ, વગેરે દોષોથી સેવાધર્મનો આર્ય નિયમ આદરી શકાતો નથી. આર્ય થવું હોય અને સેવાધર્મથી પોતાની ફરજને અદા કરવા માટે ખાસ પ્રેમ ઉત્પન્ન કરવો જોઇએ. ગમે તે સ્થિતિમાં જ્યાં જ્યાં કાલે જે જે ઘટે તે સેવાધર્મ ખરેખર નિષ્કામપણે સેવવો જોઇએ. દરેક જીવ સેવક છે એમ અપેક્ષાએ સમજી શકાય તેમ છે. સેવાધર્મના પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટાદિ અનેક ભેદો પડે છે. સેવાધર્મથી આખું જગત્ બંધાયલું છે, એમ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારતાં માલુમ પડે છે. દેવસેવા, ગુરૂસેવા, મુનિસેવા, આચાર્ય સેવા, ઉપાધ્યાય સેવા, સંઘ સેવા, ગચ્છ સેવા, સ્વધર્મીસેવા, ભક્તસેવા, રાજ્ય સેવા, મહાજનસેવા, દેશ સેવા, કોમસેવા, સજ્જન સેવા, માતાપિતાની સેવા, સગાંવ્હાલાની સેવા, સાહાય્ય કરનારાઓની સેવા, અતિથિસેવા, વગેરે સર્વ પ્રકારની સેવા અને તેના ઉચ્ચ આશયોને જાણી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી નિષ્કામપણે સ્વફરજ માની યથાશક્તિ સેવા ધર્મ અનુસરવો.

× × × ×

સાધુઓની અને સાધ્વીઓની સેવા.

સાધુઓના હૃદયમાં પ્રભુનું ધ્યાન હોય છે. પ્રભુના ગુણોના પ્રચાર કરનારા સાધુઓ છે. આ કાલમાં સાધુઓ અને સાધ્વીઓની સેવા કરવી એજ મોક્ષનો સરલ માર્ગ છે. સાધુઓનાં દર્શન કરવાં, સાધુઓને વંદન કરવું, સાધુઓને આહાર, વસ્ત્ર, વસતિ વગેરેનું દાન કરવું, સાધુઓને ધર્મ કરવામાં પડતાં વિઘ્નોનો નાશ કરવો, એ કલિકાલમાં ઉત્તમ સેવા માર્ગ છે. સાધુઓ પ્રભુના વ્હાલા જનો છે. સાધુઓની અને સાધ્વીઓની સેવા કરવાથી પ્રભુની સહેજે પ્રાપ્તિ થાય છે, અને સાધુઓથી તથા સાધ્વીઓથી ખરેખરી જગત્માં શાન્તિ પ્રવર્તે છે, સાધુઓની સેવા ભક્તિ કરવાથી અનેક પાપ કર્મોથી આત્મા મુક્ત થાય છે. અને આત્મામાં પ્રભુનો દિવ્ય જ્ઞાન પ્રકાશ પડે છે. સાધુઓએ અને સાધ્વીઓ એ શરીરમાં રહેલા હૃદયની ઉપમાને ધારણ કરે છે. સર્વ પ્રકારના જ્ઞાનમાંથી ઉત્તમ એવું ધાર્મિક જ્ઞાનને સજીવન રાખનારા સાધુઓ છે. સર્વ પ્રકારની આશાઓનો ત્યાગ કરીને સાધુઓની ઉપાસના કરવી. સાધુઓની આજ્ઞાઓને માન આપવું. તેમના ઉપર પ્રેમ ધારણ કરવો. તેમના મનને અનુસરીને ચાલવું. તેમનો અવિનય ન થાય એવું ખાસ લક્ષ રાખવું. તેમને ધર્મના પ્રશ્નો પૂછવા અને નકામા શુષ્કવાદો ન કરતાં સરલતાથી તેમના હૃદયમાંથી સાર ભાગ ગ્રહણ કરવો. તેઓની ભક્તિ કરવામાં આત્મભોગ આપવો, ઇત્યાદિથી તેઓને સેવવા.

સાધુઓના સંગનો રંગ જેમ પોતાના આત્માને લાગે એવો પ્રયત્ન કરવો. સાધુઓની આંતરડી કદિ કકળાવવી નહિ. સાધુઓની નિન્દા થાય એવાં વચનો ઉચ્ચારવાં નહિ. સાધુઓની સેવા કરવી એજ પોતાનો ખાસ ધર્મ છે, એમ મનમાં શ્રદ્ધા રાખવી. સાધુઓને શાસ્ત્રોના પઠન-પાઠનમાં પૂર્ણ સાહાય્ય આપવી. નાસ્તિકોના સંગથી સાધુ પર કદિ અરૂચિ કરવી નહિ. સત્ત્વ ગુણોનું રક્ષણ કરનારા અને તેઓનો ફેલાવો કરનારા સાધુઓ છે. નિષ્કામભાવથી સાધુઓની અને સાધ્વીઓની સેવા કરવાથી જે મળે છે, તે અન્ય રીતે મળતું નથી. જે આર્યો છે તેઓ સાધુઓની અને સાધ્વીઓની ભક્તિ સેવાથી પોતાના આત્માને શુદ્ધ કરે છે. સાધુઓની અને સાધ્વીઓની પૂર્ણ ભક્તિ કરવી એજ ગૃહસ્થોનું કર્તવ્ય સેવાધર્મ લક્ષણ છે. સાધુઓથી અને સાધ્વીઓથી સ્વર્ગ સમાન દુનિયા બને છે. નિવૃત્તિમાર્ગના નિરૂપાધિક સુખની ઝાંખીનો અનુભવ તેઓ કરી શકે છે. કલિકાલમાં નાસ્તિક

સાધુઓની અને સાધ્વીઓની સેવા.

સાધુઓના હૃદયમાં પ્રભુનું ધ્યાન હોય છે. પ્રભુના ગુણોના પ્રચાર કરનારા સાધુઓ છે. આ કાલમાં સાધુઓ અને સાધ્વીઓની સેવા કરવી એજ મોક્ષનો સરલ માર્ગ છે. સાધુઓનાં દર્શન કરવાં, સાધુઓને વંદન કરવું, સાધુઓને આહાર, જલ, વસતિ વગેરેનું દાન કરવું, સાધુઓને ધર્મ કરવામાં પડતાં વિઘ્નોનો નાશ કરવો, એ કલિકાલમાં ઉત્તમ સેવા માર્ગ છે. સાધુઓ પ્રભુના વ્હાલા ભક્તો છે. સાધુઓની અને સાધ્વીઓની સેવા કરવાથી પ્રભુની સહેજે પ્રાપ્તિ થાય છે, અને સાધુઓથી તથા સાધ્વીઓથી ખરેખરી જગત્માં શાન્તિ પ્રવર્તે છે, સાધુઓની સેવા ભક્તિ કરવાથી અનેક પાપ કર્મોથી આત્મા મુક્ત થાય છે. અને આત્મામાં પ્રભુનો દિવ્ય જ્ઞાન પ્રકાશ પડે છે. સાધુઓએ અને સાધ્વીઓ એ શરીરમાં રહેલા હૃદયની ઉપમાને ધારણ કરે છે. સર્વ પ્રકારના જ્ઞાનમાંથી ઉત્તમ એવું ધાર્મિક જ્ઞાનને સજીવન રાખનારા સાધુઓ છે. સર્વ પ્રકારની આશાઓનો ત્યાગ કરીને સાધુઓની ઉપાસના કરવી. સાધુઓની આજ્ઞાઓને માન આપવું. તેમના ઉપર પ્રેમ ધારણ કરવો. તેમના મનને અનુસરીને ચાલવું. તેમનો અવિનય ન થાય એવું ખાસ લક્ષ રાખવું. તેમને ધર્મના પ્રશ્નો પૂછવા અને નકામા શુષ્કવાદો ન કરતાં સરલતાથી તેમના હૃદયમાંથી સાર ભાગ ગ્રહણ કરવો. તેઓની ભક્તિ કરવામાં આત્મભોગ આપવો, ઇત્યાદિથી તેઓને સેવવા.

સાધુઓના સંગનો રંગ જેમ પોતાના આત્માને લાગે એવો પ્રયત્ન કરવો. સાધુઓની આંતરડી કદિ કકળાવવી નહિ. સાધુઓની નિન્દા થાય એવાં વચનો ઉચ્ચારવાં નહિ. સાધુઓની સેવા કરવી એજ પોતાનો ખાસ ધર્મ છે, એમ મનમાં શ્રદ્ધા રાખવી. સાધુઓને શાસ્ત્રોના પઠન-પાઠનમા પૂર્ણ સાહાય્ય આપવી. નાસ્તિકોના સંગથી સાધુ પર કદિ અરૂચિ કરવી નહિ. સત્ત્વ ગુણોનું રક્ષણ કરનારા અને તેઓનો ફેલાવો કરનારા સાધુઓ છે. નિષ્કામભાવથી સાધુઓની અને સાધ્વીઓની સેવા કરવાથી જે મળે છે, તે અન્ય રીતે મળતું નથી. જે આર્યો છે તેઓ સાધુઓની અને સાધ્વીઓની ભક્તિ સેવાથી પોતાના આત્માને શુદ્ધ કરે છે. સાધુઓની અને સાધ્વીઓની પૂર્ણ ભક્તિ કરવી એજ ગૃહસ્થોનું કર્તવ્ય સેવાધર્મ લક્ષણ છે. સાધુઓથી અને સાધ્વીઓથી સ્વર્ગ સમાન દુનિયા બને છે. નિવૃત્તિમાર્ગના નિરૂપાધિક સુખની ઝાંખીનો અનુભવ તેઓ કરી શકે છે. કલિકાલમાં નાસ્તિક

ધ્યાન, સમાધિ વગેરેની પ્રાપ્તિ થાય છે, અને આત્મજ્ઞાનમાં ઉંડા ઉતરી શકાય છે. શારીરિક શક્તિ મુજબ આત્માના ગુણોમાં પ્રવૃત્તિ કરવી. આગળ ચઢીને પાછળ પડવાનું ન થાય તે સંબંધી ખાસ ઉપયોગ રાખવો. જે જે ધર્મના સદાચારો પોતાને રૂચે તેમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરીને તેમાં સફલતા મેળવી અન્યોને દૃષ્ટાંતરૂપે થવું. પોતાનો આત્મા પોતાને ધર્મની સાક્ષી આપે એવી રીતે ધર્મમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. પોતાનો આત્મા જે ગુણની સાક્ષી ન ભરે તેમાં અન્ય મનુષ્યોની સાક્ષી માટે પ્રયત્ન કરવો એ હાસ્યપાત્ર થવા જેવું છે. જે ગુણો માટે અન્ય મનુષ્યો પોતાની પ્રશંસા કરે પણ પોતાનામાં તે ગુણો ન હોય તો તેથી ખુશ ન થવું પણ તે તે ગુણોની પ્રાપ્તિ માટે સતત પ્રયાસ કરવો જોઇએ. જે મનુષ્ય પોતે સુધર્યો નથી તે અન્યોને સુધારી શકતો નથી. પોતે પ્રથમ ધર્મી બનવું જોઇએ. ધર્મનું સુખ અનુભવવા માટે પ્રથમ સ્વયં ધર્મી બનવું જોઇએ. જે પિંડને સુધારવા શક્તિમાન્ થાય છે તે બ્રહ્માંડને સુધારવા શક્તિમાન્ થાય છે.

× × × ×

સંસારસાગરને તરતાં ઘણી બાબતોનો ઉપયોગ રાખવાની જરૂર છે. વ્યવહારનયથી ગુરૂરૂપ આગબોટમાં બેસવાની જરૂર છે. નિશ્ચયનયની અપેક્ષાએ જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ આગબોટમાં બેસવાની જરૂર છે. સંસારસાગરમાં વાસનારૂપ અનેક તરંગો છે તેનાથી બચવાની જરૂર છે. ચારિત્રરૂપ વહાણ છે અને તેમાં સદ્ગુરૂ મુનિરાજ કેપ્ટન છે. ભવ્યજીવોએ સંસારસાગરને તરવા માટે ચારિત્રરૂપ યાનપાત્રનો આશ્રય કરવો જોઇએ.

વિદ્યાદાન થતી એવી અહંવૃત્તિથી હું વિદ્વાન્ છું એવા અભિમાનથી સુખ ઉપજે છે, ત્યાં સુધી સંસાર છે. અનેક પ્રકારે મનમાં અહંવૃત્તિ પ્રગટે છે. નામરૂપની અહંવૃત્તિ ટળ્યા વિના સંસારનો અંત નથી. આ બાબતનો પોતે અનુભવ કરી જોવો અને નામરૂપની વાસના તથા અહંવૃત્તિ પ્રગટતી હોય તે તેને ટાળવા પ્રયત્ન કરવો. નામરૂપની અહંવૃત્તિના અભાવે જે જ્ઞાનનો ભાન થાય છે, તે આત્મજ્ઞાન ખરેખર ઉત્તમ શુદ્ધ હોય છે.

સર્વ પ્રકારના બાહ્ય બંધનો કરતા રાગાદિક આન્તરિક બંધનોનો છેદ કરવાને માટે વિશેષ લક્ષ દેવું. આત્માના સ્વરૂપમાં મન લીન થયા વિના



પ્રાપ્ત કરીને આત્માનું શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશો. આત્માનું પરિપૂર્ણ શુદ્ધ ચારિત્ર પ્રગટવાથી કેવલજ્ઞાન પ્રગટશે. આ માર્ગે ચાલી પૂર્વે ઘણા જીવો કેવલજ્ઞાન પામ્યા અને પામશે.

× × × ×

" आध्यात्मिक परिभाषा शैलीए."
ब्रह्मा विष्णु महेश्वरनुं स्वरुप.

આધ્યાત્મિક વિચાર પરિભાષાશૈલીએ ઉત્પાદને બ્રહ્મા અવબોધવો. વ્યયને હર અર્થાત્ મહાદેવ કહેવામાં આવે છે, અને ધ્રૌવ્યને વિષ્ણુ કહેવામાં આવે છે. આધ્યાત્મિક વિચાર પરિભાષાથી પરભાવમાં પરિણામ પામેલા એવા પોતાના ગુણોને આકર્ષિને પોતાના શુદ્ધ રૂપમાં લાવનાર આત્માને કૃષ્ણ કહેવામાં આવે છે; અને દયા, ક્ષમા, શુદ્ધપ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, સેવા, ઉપાસના, શુદ્ધચેતના આદિ વૃત્તિયોરૂપ ગોપિકાઓ અવબોધવી. શુદ્ધરમણતારૂપ રાધાની સાથે આત્મારૂપ કૃષ્ણની ઉજ્જવલ અધ્યવસાયોરૂપ લીલા થયા કરે છે. આત્મારૂપ કૃષ્ણ અને દયાવૃત્તિ આદિ ગોપીઓની પરસ્પર રમણતારૂપ રાસની લીલાનો અપાર આનન્દ પ્રગટે છે. તેને આત્મામાં પરિણામ પામેલા જ્ઞાનિ પુરૂષો આસ્વાદી શકે છે. ચોથા ગુણસ્થાનકાદિથી ક્ષયોપશમાદિ ભાવે આત્મા રૂપ કૃષ્ણની અને અહિંસાપરિણામવૃત્તિ આદિ ગોપીઓની લીલા થયા કરે છે. આત્મારૂપ કૃષ્ણ વ્યવહારનયની અપેક્ષાએ દેહ–કર્મરૂપ સૃષ્ટિનો કર્તા છે અને તેનો પાલનકર્તા છે. શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ આત્મારૂપ કૃષ્ણ પોતાના ક્ષાયિકાદિ ગુણોની સૃષ્ટિનો કર્તા છે. શુદ્ધનિશ્ચયનયથી આત્મારૂપ કૃષ્ણ અન્તર્ પ્રદેશરૂપ આર્ય ક્ષેત્રમાં પ્રગટેલ કામ. ક્રોધ, મોહ, મત્સર, માયા, લોભાદિ દૈત્યોનો (દાનવોનો) નાશ કરનાર છે. આત્મારૂપ કૃષ્ણ આત્માના અસંખ્ય પ્રદેશરૂપ આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થએલ રજોગુણ, તમોગુણ, રાગદ્વેષાદિ સેંકડો કૌરવોને શુદ્ધોપયોગરૂપ અર્જુનને આગળ કરી હણે છે. બ્રહ્મગુણયુક્ત એવો આત્મા બ્રહ્મા છે. કર્મને હરનાર પોતાના શુદ્ધરૂપે આત્મા સ્વયં હર અને હરિરૂપ છે. આત્માના પરોક્ષપણે અને આત્માના પ્રત્યક્ષજ્ઞાનમાં લોક અને અલોક પ્રત્યક્ષ પણે ભાસવારૂપ વ્યાપકપણાથી આત્મા તેજ વિષ્ણુ કહેવાય છે, અને એવો જ્ઞાન પામેલો આત્મારૂપ વિષ્ણુ ક્ષાયિકભાવે પોતાના અસંખ્યપ્રદેશરૂપ

શિષ્ટ જાતિ તરીકે સ્થિતિ કાયમ થાય છે. આ પ્રમાણે પ્રાયઃ પ્રત્યેક ગુરુની વંશપરંપરાની પ્રવૃત્તિ સામાન્યતઃ અવલોકાય છે.

આત્માની શક્તિયોને પ્રગટ કરવાને દરેક મનુષ્ય પોતાની રૂચિ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. આત્માની શક્તિયોની પ્રાપ્તિમાટે બાહ્ય અને આન્તરિક કારણોની સામગ્રીની આવશ્યકતા સિદ્ધ કરે છે. આત્મામાં દરેક શક્તિયોના સૂક્ષ્મ બીજો રહ્યાં હોય છે. આત્માની શક્તિયોને પ્રગટાવવી હોય તો પ્રથમ તેઓનું જ્ઞાન કરી તેઓનો નિશ્ચય કરવો જોઇએ. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે આત્માના ગુણોની પ્રવૃત્તિ તો તે શક્તિયો રૂપે ગણાય છે. જગત્માં પ્રસિદ્ધ દેવીઓના નામોની આધ્યાત્મિકદૃષ્ટિએ વ્યુત્પત્તિ કરીને આત્માની શક્તિયોને તેઓનાં નામો લાગુ પાડી શકાય છે. ચૌદ રાજલોકના આકારે મનુષ્ય શરીરની રચના બને છે, તેથી મનુષ્ય રજોગુણાદિનો ક્ષય કરીને આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો સંપ્રાપ્ત કરી મુક્તિપદ પ્રાપ્ત કરી શકે છે. આત્માના ગુણોનો એકવાર જેઓને અનુભવ આવે છે તેઓને તેનો રંગ કદિ છૂટતો નથી.

× × × ×

આત્મસમાધિના સ્થિરતા કરવા માટે નિરૂપાધિપણું અવશ્ય જોઇએ. ઉપાધિ અને સમાધિને પ્રતિકૂલતા છે. ઉપાધિના સંયોગોમાં મન-વાણી અને કાયાની ચપલતા થાય છે, તેથી આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા રહેતી નથી. આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા કરવા માટે નિઃસંગપણાનું સેવન કરવું જોઇએ. **होवत मन तन चपलता, जनके संग निमित्त, जन संगी होवे नहीं, ताते मुनि जगमित्त.** (શ્રીમદ્ ઉપાધ્યાય) મનુષ્યોના સંસર્ગથી વૃત્તિયોનો સંક્ષોભ થાય છે, અને આત્મવિમુખ વૃત્તિયો થવાથી આત્મવીર્ય અપચયમાન થાય છે, માટે આત્મજ્ઞાનીએ સર્વસંગપરિત્યાગ તરફ વિશેષ લક્ષ રાખવું જોઇએ. આત્મામાં રમણતા કરવાથી આત્મવીર્યની સ્થિરતા થતાં સમાધિસુખ અનુભવાય છે. આ જાતનો અંકુર [illegible] [illegible]થી અનુભવ થાય છે. બાહ્ય વૃત્તિયો વારે વારે સ્થિરતાને [illegible] કરવા મથે છે. ત્યારે આત્માર્થીનો [illegible] થાય છે. [illegible] વૃત્તિયોને [illegible] કરી દેવી, અને વૃત્તિઓનું [illegible] કરવાથી [illegible]

જ્ઞાન કરવું અને ચિત્તની સમાધિ રહે તેમ ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્ત થવું. સદા ઉત્સાહ પ્રેમભાવ અને સ્થિરતા સચવાય એવી રીતે ધર્માનુષ્ઠાનમાં પ્રગતિ કરવી. પૂર્ણ શ્રદ્ધાથી ધર્માનુષ્ઠાન સેવતાં જોઇએ કે જેથી આત્માના ગુણોનો આવિર્ભાવ થાય. શુભ પરિણામની શુદ્ધિ અને તેની વૃદ્ધિ એજ ધર્માનુષ્ઠાનનો મુખ્ય રસ છે. માટે એ રસનો નાશ ન થાય એમ પ્રવર્તવું. શુભ પરિણામની શુદ્ધિ અને તેની વૃદ્ધિ એ જો ધર્માનુષ્ઠાનમાં મુખ્યપણે વર્તતાં હોય તો ગમે તેવું અનુષ્ઠાન લાભ આપવા સમર્થ થાય છે. આત્માના ઉલ્લાસ પરિણામ વર્તતા હોય તોજ બાહ્યક્રિયાનું સાફલ્ય થાય છે, દરેક ધર્માનુષ્ઠાન-ક્રિયા કરતી વખતે પોતાના આત્માના પરિણામની ઉજ્જવલતા તરફ લક્ષ દેવું. આત્માનો શુભ પરિણામ વૃદ્ધિ પામતો હોય ત્યાં ધર્માનુષ્ઠાન હોય છેજ, આ સંબંધી અનુભવ કરતાં ઉપર પ્રમાણે અનુભવ થાય છે.

× × × ×

लिखना पढना वाचना, ए सब वातां सहेल
कहेंणी जेसी रहेंणी रख, ओ बडी मुश्केल ॥ १ ॥

(श्रुत)

જેવી કહેણી તેવી રહેણી એ પ્રમાણે વર્તવાથી પોતાની ઉન્નતિ થાય છે. લખવું. વાંચવું, ભણવું, ઉપદેશ દેવો એ સર્વ કૃત્યો સહેલ છે એમ ખરેખર પ્રત્યેક મનુષ્યને સાંસારિક અનુભવોથી અનુભવ થાય એમાં સંશય નથી, સાધુઓ અને સાધ્વીઓ કહેણી પ્રમાણે રહેણીથી શોભી શકે છે. જેટલા મનુષ્યો ચારિત્ર સંબંધી કંઇને કંઈ કથે છે તે પ્રમાણે જો તેઓનું વર્તન રહે તો તેઓ પોતાની ઉન્નતિ કરી શકે છે, લચકદાર મનોહર આકર્ષણીય ભાષણો કરતાં જે જે વિચારો પોતાને રૂચતા હોય તે પ્રમાણે વર્તવુ એજ કલ્યાણકારી છે. ચારિત્રને આચારમાં મૂકનાર મનુષ્ય ખરેખર આદર્શપુરૂષ તરીકે ગણાય છે. બાહ્યક્રિયાઓથી સાધુ ચેષ્ટાઓને કરી શકાય અને અન્યોને ઠગી શકાય પરંતુ તેથી સ્વનું તથા પરનું શ્રેયઃ થઇ શકતું નથી. યમ નિયમાદિ વ્યવહાર અને નિશ્ચય ચારિત્રમાં પરિપૂર્ણ સ્થિર રહેવું એજ પોતાની વાણીને શોભાવનારૂં કૃત્ય છે. આત્માના ગુણોમા સ્થિર થવું એજ સર્વ વાચનાદિનું ફળ છે માટે નકામી કુથલી, વાર્તા, ચર્ચા અને

આ કાલમાં સત્પુરૂષોનો સમાગમ થવો બહુ દુર્લભ છે. **सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् १।** ઉત્તમ સાધુઓ મળવા બહુ દુર્લભ છે. ઉત્તમ સાધુઓની પાસે ઉત્તમ વિચારો હોય છે. ઉત્તમ સાધુઓ આત્મજ્ઞાનમાં મસ્ત રહે છે અને સમતા વગેરે ગુણોવડે આત્મ સ્વભાવમાં રમણતા કરે છે. ઉત્તમ સાધુઓ, પરની નિન્દામાં પડતા નથી. ઉત્તમ સાધુઓ વૈરાગ્ય ત્યાગાદિ ગુણોવડે શોભે છે. ઉત્તમ સાધુઓની દશા જુદા પ્રકારની હોય છે. તેઓના વિચારોમાં અને આચારોમાં અલૌકિકતા દેખાય છે. ઉત્તમ સાધુઓની મનઃવાણી અને કાયા પરમાર્થ માટે હોય છે.

× × × ×

શુભ કાર્યની સિદ્ધિમાં સતત સંકલ્પ પ્રવાહોત્સાહ અને અડગ વૃત્તિની અત્યંત આવશ્યકતા છે. શુભ કાર્યની સિદ્ધિમાં વચ્ચે આવતાં વિઘ્નોનો નાશ કરવા માટે પરિતઃ ઉપયોગ અને સમયાનુકૂલ આત્મબળ સ્ફોરવવાની અત્યંત જરૂર છે. જે શુભકાર્યની સિદ્ધિ કરવાની હોય તત્પ્રતિ લક્ષ દેઇને એક ચિત્તથી તે બાબત પ્રતિ કહેને કંઇ કર્યા કરવું જોઇએ, કે જેથી ભવિષ્યમાં તે કાર્યની સંપૂર્ણ સિદ્ધિ થાય. સદ્વિચારોવડે કાર્યની સિદ્ધિમાં પ્રતિકુલ વિચારકોને અનેક વિચારોવડે અનુકુલ કરીને સાધ્ય કાર્યની સિદ્ધિ કરવી જોઇએ.

મનુષ્યોના ભિન્ન ભિન્ન વિચારો કેવા કેવા સંયોગોમાં કેવી કેવી દૃષ્ટિએ કઇ કઇ સ્થિતિમાં ઉપજે છે તેનો ખ્યાલ કરીને તરતમયોગે તે વિચારોની અપેક્ષાએ સત્યતા વિચારવી, અને પરસ્પર વિરૂદ્ધ વિચાર ધારક મનુષ્યોને જે જે વિચારોમાં ઐક્ય થઇ શકે તે તે વિચારોની અપેક્ષાઓ સમજાવવી તથા જે [.]ચારોમા પરસ્પર ભિન્નતા અને અમેળ જેવું જણાતું હોય ત્યાં પરસ્પર વિરૂદ્ધ વિચારકોને ભિન્ન મમત્વ છતાં મધ્યસ્થતા અને મૈત્રી ભાવના રહે એવી સ્થિતિમા મૂકવા પ્રયત્ન કરવો. વિચારવિરૂદ્ધતાભેદે પરસ્પર ભિન્ન વિચારક સમાજો બધાઇને જાદવાસ્થળી ન કરે એવો સદુપદેશ અને આચાર ધારણ કરવો જોઇએ. ભિન્ન વિચારકોની પરસ્પર મૈત્રી કાયમ રહે અને અપેક્ષાએ અંશે અંશે સમાન વિચારોમાં અંશે અંશે પરસ્પર ઐક્ય રહે તથા તે તે કાર્યોમા તે તે દૃષ્ટિએ તે તે અંશે પરસ્પરની એકતાએ કાર્ય થાય એમ ઉપયોગથી પ્રવર્તવાની આવશ્યકતા છે.

× × × ×

સાધુઓમાં વૈરાગ્ય ત્યાગ હોય છે તો તે જગતને વૈરાગ્ય ત્યાગનો ઉપદેશ તથા લાભ આપી શકે છે. સાધુઓમાં વિષય વિલાસ, મોજ શોખનો પ્રવેશ થતાં ધર્મરૂપ મહેલનો પાયો નાશ પામે છે, અને ધર્મસમાજનો નાશ થાય છે. વૈરાગ્યની અને ત્યાગની મૂર્તિરૂપ બન્યા વિના સાધુઓનો ઉપદેશ લોકોને અસર કરી શકતો નથી. લાખો વિષયાસક્ત સાધુઓ કરતા ત્યાગી, વૈરાગી એવા બે ત્રણ સાધુઓ સારા. જેના હૃદયમાં વૈરાગ્ય અને ત્યાગ નથી એવો સાધુ ખરેખર ગૃહસ્થ કરતાં બૂરો છે. વૈરાગ્ય વિના સાધુનો બાહ્ય તથા આન્તર ત્યાગ ટકી શકતો નથી. દુઃખગર્ભિત વૈરાગ્યથી અને મોહગર્ભિત વૈરાગ્યથી સાધુમાર્ગની આરાધના થઈ શકતી નથી. જ્ઞાનગર્ભિતવૈરાગ્યથી સાધુઓ ચારિત્રમાર્ગ પાળવા સમર્થ થઇ શકે છે બાહ્યથી ધારણ કરેલો સાધુનો વેષ ખરેખર વૈરાગ્ય વિના શોભી શકતો નથી, તેમજ રહી પણ શકતો નથી. ત્યાગી વૈરાગી સાધુ બ્રહ્મચર્યની નવ વાડ પાળવા સમર્થ થાય છે. દુઃખગર્ભિત વૈરાગી સાધુ કારણ પામીને આ ભવમાં વિગોવાને ઇચ્છે છે, અને પરભવમાં વિગોવાને ઇચ્છે છે. સમુદ્રમાં મનુષ્યનું નિર્જીવ મૃતક શરીર જેમ રહી શકતું નથી, તેમ વૈરાગ્ય અને ત્યાગ વિના ચારિત્રમાં કોઇ સાધુ રહી શકતો નથી. જેનામાં વૈરાગ્ય ત્યાગ અને આત્મજ્ઞાન હોય છે, એવો સાધુ વ્યવહારથી અને નિશ્ચયથી ચારિત્ર માર્ગમાં રહી શકે છે, અને અન્ય મનુષ્યોને ચારિત્ર માર્ગમાં લાવીને સ્થિર કરી શકે છે. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોને વિષ સમાન માનીને તેનો વ્યવહારથી અને નિશ્ચયથી ત્યાગ કરનાર સાધુ ચારિત્રને આરાધી શકે છે. વેષ પહેરીને સાધુઓ બનવું એ સહેલ છે, પણ વ્યવહારથી અને નિશ્ચયથી બ્રહ્મચર્યાદિ વ્રતોને ધારણ કરવા અને ત્યાગ કરવો ત્યાગ માર્ગમાં સદા સ્થિર રહેવું એ ઘણું મુશ્કેલ છે. તેમજ કેશ શરીર વિભૂષા, સ્ત્રી આદિનું નિરીક્ષણ કરવું, સ્ત્રી વગેરેના સાથે આલાપ સંલાપ કરનાર સાધુ પોતાના વ્યવહાર ચારિત્રથી તથા નિશ્ચય ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. ત્યાગ અને વૈરાગ્યથી વિમુખ, વિષયાભિમુખ ઇત્યાદિ સાધુઓ ભૂતકાલમાં ભ્રષ્ટ થયા, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે. વિષયને વિષ સમાન માન્યા વિના અને તેવો વિદ્વાન્ વક્તા સાધુ ખરેખર ચારિત્રથી ભ્રષ્ટ થયા વિના રહેતો નથી. ચારિત્ર ધર્મરૂપ પ્રાણથી સાધુઓ જીવી શકે છે.

* * * *

પ્રતિકુલ વિરોધી સંયોગોમાં પોતાના સ્વભાવમાં રમણતા કરવાની દશા જેમ બને તેમ વિશેષતઃ જાળવવાની જરૂર છે. બાહ્યધર્મ દષ્ટિએ મહાન્ ગણાતા ઉપાધિભૂત બાહ્ય ધર્મસંયોગો ન થાય તેની પૂર્ણ ચીવટ રાખ. દરેક પ્રતિકુલ પ્રસંગે વૈરાગ્યભાવ અને સમતા કાયમ રહે છે વા નહીં તેનો ઉપયોગ રાખીને બનતી તેમાં શુદ્ધિ કર. પૂર્વદશાનો અને વર્તમાન દશાનો ધર્મચારિત્ર્યાર્થ મુકાબલો કરી દરરોજ કંઇક નવું પ્રાપ્ત કરવામાં લક્ષ રાખ. હાલની સ્થિતિના સંયોગોમાં પોતાને યોગ્ય દશાનો નિર્ણય કરીને યથાયોગ્ય સ્થિતિમાં રહેવા પ્રયત્ન કર.

× × × ×

વત્થુસહાવો ધમ્મો—વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. ષડ્ દ્રવ્યોનો પોત પોતાનો વાસ્તવિક જે સ્વભાવ તે પ્રત્યેક દ્રવ્યનો ધર્મ જાણવો. આત્મદ્રવ્યનો વાસ્તવિક જે સ્વભાવ તે જ આત્માનો ધર્મ અવબોધવો. આત્માની સાથે રહેલા પુદ્ગલ દ્રવ્યનો જે સ્વભાવ છે તે આત્માનો ધર્મ નથી. આત્માના અસંખ્યપ્રદેશો લાગેલાં કર્મપર્યાયોનો જે સ્વભાવ છે તેમજ રાગાદિક વિભાવપરિણતિ છે તે આત્મદ્રવ્યનો ધર્મ નથી. એમ વિચારીને આત્માના અસંખ્ય પ્રદેશો અને તેમાં સ્વાભાવિક સત્તાએ રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો તેજ હું આત્મા છું, એવો સતત ધારામય ઉપયોગ ધારીને અન્યનું સ્મરણ કરવું નહિ. આત્માના પ્રદેશોને લાગેલી કર્મની વર્ગણાઓ અને શરીરાદિ હું નથી, અને તેમાં મારૂં કંઇ નથી, એવો ત્યાગભાવ ધારીને આત્માના શુદ્ધ ધર્મોપયોગમાં એકોપયોગથી લીન થઇ જવું અને આત્માના શુદ્ધોપયોગ વડે થતી નિર્વિકલ્પ દશાનો અનુભવ કરવો. આત્માના એકેક પ્રદેશમાં અસ્તિ નાસ્તિધર્મની અપેક્ષાએ લોકાલોક જગત્ ભિન્નાભિન્ન પણે રહ્યું છે. અને તેના ઉત્પાદ વ્યયની ષડ્ગુણ હાનિ વૃદ્ધિ તથા પર્યાયોની સમયે સમયે પ્રવૃત્તિ થાય છે. તેનો મનિઃ વિચાર કરવો, અને તે ઉપયોગમાં લીન થઇ જવું. આ પ્રમાણે ઉપયોગમાં લીન થઇ જતાં ભેદકલ્પનાનો ઉપચારારોપરૂપ મોહવૃત્તિનો નાશ થાય છે એમ પોતાના અનુભવમાં આવે છે. આત્માના શુદ્ધોપયોગવડે આત્માના સ્વરૂપમાં રમણતા કરવાથી હું આત્મા છું, અને અન્ય ભિન્ન છે, એવી જે સ્ફુરણા પૂર્વે ઉઠતી હતી, તેમાં

" ધર્મ. "

ધર્મ એવો હોવો જોઇએ કે સર્વ દુનિયાના મનુષ્યો ગમે તેવી કર્મપ્રવૃત્તિ કરતાં છતાં પણ યથાશક્તિ અમુકાંશે તેને પાળી શકે. પૂર્વે જૈનધર્મને ચારે વર્ણના મનુષ્યો પાળી શકતા હતા. ધર્મની અમુક ક્રિયાઓને અમુક અધિકાર પ્રમાણે કરતાં પ્રતિબંધ–પ્રત્યવાય ન નડે, અને જે વાસ્તવિકરીતે દુનિયામાં આત્માની ઉચ્ચ સ્થિતિ કરે, તથા આત્માના ગુણોની ઉચ્ચ સ્થિતિ કરે. પરિપૂર્ણ સત્ય સ્વતંત્રતાને જે સમર્પે તે ધર્મ ખરેખર પ્રભુનો ધર્મ છે. પૂર્વે જૈનધર્મે આવું ઉદાર વિશ્વવ્યાપકરૂપ વ્યવહારતઃ જગતમાં લીધું હતું, તેની હાલ સંકુચિતતા અનેક હેતુઓથી અવલોકાય છે. જૈનધર્મને પુનઃ પ્રગતિ સંસ્કાર સાધનોવડે સર્વત્ર વ્યાપક કરવામાં આવે તો તે થઇ શકે તેમ છે. તેના પ્રચારક મહાપુરૂષો અને દેશકાલ સાનુકુલ સામગ્રી વગેરે સાંપ્રત તો દેખવામાં આવતાં નથી. ભવિષ્યમાં બને તે ખરૂં. જે ધર્મની પ્રજા પોતાના પ્રમાદથી અન્ય પ્રજાઓ કરતાં હીન બને છે, તે અન્ય પ્રજાઓનું દાસત્વ કરવાને લાયક બને છે, તેથી સુજ્ઞો સમજી શકે છે કે, તે ધર્મનાં સ્વતંત્ર સૂત્રો અને તેના પ્રચારક મહાત્માઓ એ બેની તેમાં ખામી છે. સર્વજ્ઞ વીતરાગ પ્રભુનો ધર્મ સર્વત્ર સર્વમાં સર્વથા સદા પરમાં આત્મબુદ્ધિથી દેખવાનું કહે છે, અને સર્વમાં અભેદબુદ્ધિથી આત્મભાવ ધારણ કરીને સર્વ જીવોનું ભલું ઇચ્છવાનું અને સર્વ જીવોનું શ્રેયઃ કરવાનું કહે છે, અને ખરી સ્વતંત્રના સંરક્ષવાનું કહે છે. તે પ્રભુનો ધર્મ પાળનારા મનુષ્યો પરતંત્ર દાસત્વને પામે તો સમજવું કે તે સર્વજ્ઞ વીતરાગ પ્રભુનો ધર્મ સમજી શકતા નથી. વેદાન્તધર્મ કરતાં પણ અનેક નયોની અપેક્ષાએ વ્યાવહારિક અને પારમાર્થિક સ્વતંત્રોન્નતિસુખના ઉપાયોને બતાવનાર જૈનધર્મ ખરેખર કરોડ મુખવાળો છે. તેમાં સંકુચિતતા એ કેવળ અજ્ઞાનનું પરિણામ છે. કર્મયોગ વ્યવહારાદિની સાથે આત્મધર્મના અધિકાર પ્રમાણે વર્તવાનો ઉપદેશ દેનાર જૈનધર્મ ખરેખર અનેક શુભાશયોનો અને શુભાચારોનો મહાસાગર છે. છતાં તેમાં ખાબોચીયા જેવું કંઇ ભાસે તે અજ્ઞાનનું પરિણામ છે. અનેકાપેક્ષાઓવડે જે સાપેક્ષ નયવાદપૂર્વક સમ્યગ્દષ્ટિપણું જણાવે છે. એવા જૈનધર્મની વિજ્ઞાનખૂબીઓને વિરલ જ્ઞાનીઓ જાણી શકે છે. અનેક નયોની અપેક્ષાએ અનેક ધર્મનો સ્યાદ્વાદરૂપ આત્મતત્ત્વમાં સમાવેશ થાય છે, એવા જૈનધર્મને જાણનારા જૈનો દુનિયામાં ગૃહસ્થપણે પણ ઉચ્ચ હોય છે, અને

શકે છે. જ્ઞાની પિતા જેવો છે, અને ભક્ત માતા જેવો છે. ધર્મની પરંપરાને વધારનાર ભક્ત છે. ગુરૂના હૃદયમાં ભક્તનો વાસ છે અને તેનો સત્વર ઉદ્ધાર થાય છે. શુદ્ધપ્રેમલક્ષણા ભક્તિવાળા ભક્તને પ્રભુ પ્રાપ્ત થયા વિના રહેતા નથી. ભક્ત પોતાની ઉચ્ચ ભક્તિના પ્રતાપે સર્વત્ર પ્રભુની મૂર્તિયો દેખી શકે છે, અને તે અભેદભક્તિના યોગે સર્વત્ર સર્વદા સર્વથા ભગવાનથી પોતાને અભિન્ન દેખે છે.

× × × ×

જૈનધર્મનાં મૂળ સિદ્ધાન્તો ઉદાર અને પ્રત્યેક પ્રાણીને આત્માની ઉચ્ચતા દર્શાવનાર આદિ હેતુઓની સાપેક્ષ શૃંખલાથી પરસ્પર સુનિયત છે. આર્યો અને અનાર્યો પ્રતિ તેઓ ભેદભાવ રાખ્યા વિના સર્વને એકસરખી રીતે આત્માની પરમાત્મતા પ્રકટ કરવાનો ઉપદેશ દર્શાવે છે, અને આત્માની પરમાત્મતા પોતાનામાં જ કરવાની છે એમ જણાવીને સર્વ પ્રકારની ઇચ્છાનો આત્મામાં જ સમાવેશ કરવા પૂર્વક સહજ સુખસ્વાતંત્ર્યનો માર્ગ ખુલ્લો કરે છે. જે જે વિદ્વાનોને જૈનધર્મની સંકુચિતતા લાગતી હોય તો તે વર્તમાનમાં વર્તતા કેટલાક સંકુચિત જૈનોના વિચારોથી અને આચારોથી જ. શ્રીમહાવીરપ્રભુએ આત્માની પરમાત્મતા થવાના જે જે પ્રગતિમય સંસ્કારિત ઉચ્ચોદાર ઉપદેશો કર્યા છે, તેજ શ્રીવીરપ્રભુના જૈનધર્મની વિશ્વવ્યાપકતાનો એક ખાસ નમુનો છે. શ્રીવીરપ્રભુએ વેદમાંથી સાપેક્ષદૃષ્ટિએ ગૌતમાદિને આત્માદિ તત્ત્વો સમજાવીને જૈનધર્મની વિશ્વવ્યાપકતાનો આદર્શ પ્રગટ કર્યો છે. જૈનધર્મે સજીવનત્વ અને સર્વવ્યાપકત્વરૂપ ધારણ કર્યું એ ખરેખર તેનામાં રહેલા ઉદાર તત્ત્વો અને જગત્ પ્રતિ અત્યંત પરોપકારાદિને આભારી લેખી શકાય. જૈનધર્મે સ્થૂલ જગતમાં સર્વત્ર વ્યાપકત્વરૂપ લીધા પશ્ચાત્ તેનો પ્રકાશ મન્દ મન્દ થવા લાગ્યો. તેનું કારણ એજ ગણી શકાય કે સર્વ ધર્મને પોતાની કક્ષામાં અનેક નયોની અપેક્ષાએ સમાવીને જગતના મનુષ્યોને ધર્મજીજ્ઞાસા-તૃપ્તિ આપનાર મહાત્માઓ જેવા જોઇએ તેવા મહાત્માઓનો તે પ્રમાણમાં પ્રાદુર્ભાવ ન થવા લાગ્યો, તેથી ભારતવાસીઓના મનમાં શ્રીવીરપ્રભુના આત્માની પરમાત્મતા થવાના અને જગતમાં પૂર્ણ સુખમય જીવન ગાળવાના વિચારોનો થતો પ્રચાર અટકી પડ્યો. શ્રીવીરપ્રભુના ઉચ્ચ ધાર્મિકવિચારોને આચારમાં



શુભ વિચારોમાં મનને રોકવાની શક્તિ આવી એટલે સમજવું કે આપણો આત્મા યોગ પ્રગતિમાર્ગમાં પ્રવૃત્ત થયો છે. અશુભ રાગદ્વેષ પલટાવીને શુભધર્મમાં પ્રશસ્ય રાગાદિ પ્રગટાવવાની શક્તિ આવી એટલે સમજવું કે આત્મા પોતાના માર્ગમાં પૂર્ણ વેગે ગમન કરવા શક્તિમાન્ થયો છે. **સર્વ પ્રકારની મોહવાસનાનો લય કરવો એજ સમાધિ માર્ગ છે.**

× × × ×

ભૂતકાલમાં કરેલા વિચારોનું વર્તમાનમાં સ્થૂલ પરિણામ ફૂલ અનુભવાય છે. **દિવસના વિચારો સ્વપ્નમાં સીનેમેટોગ્રાફની પેઠે સ્થૂલરૂપ ધારણ કરે છે, તદ્વત વર્તમાનમાં કરેલા રાગાદિના વિચારો ભવિષ્યમાં સ્થૂલ પરિણામપ્રદરૂપ ધારણ કરશે.** દિવસમાં કામીએ દેખેલી સ્ત્રી તેને રાત્રીએ સ્વપ્નમાં દેખાય છે. તે પ્રમાણે મોહવૃત્તિનાં સાધનકાલમા થએલાં સૂક્ષ્મરૂપો ભવિષ્યમાં અમુક સ્થૂલાકારે પરિણામને પામે છે, એમ અવબોધીને આત્માની શુદ્ધિવૃદ્ધિ કરવા અને વાસનાઓનો પરિપૂર્ણ ક્ષય કરવા નિવૃત્તિમાર્ગમાં અત્યંત આગળ વધવું જોઇએ, અને મોહાદિ વૃત્તિયોથી ભિન્ન સર્વથા સર્વદા આત્માનો અનુભવ રહ્યા કરે એવો આત્મોપયોગ પ્રાપ્ત કરવા માટે સત્સમાગમ વગેરે હેતુઓને અત્યંતા ત્યંતપણે સેવવા. ૐ શાન્તિઃ ૩

× × × ×

પ્રભુપર અત્યંત પ્રેમ જેનો હોય છે, તેને જગતના સર્વ જીવોમા પ્રભુત્વ ભાસે છે. જે સર્વ પ્રાણીઓ પ્રતિ પ્રભુ જેવી પ્રીતિ, ભાવના અને સદ્વર્તન ગ્રહે છે, તે પોતે પ્રભુરૂપ છે; એમ નય સાપેક્ષદૃષ્ટિયા અવબોધવું. અખિલ વિશ્વમા જેની સર્વત્ર પ્રભુભાવના પ્રસરી છે, તેના ધાર્મિક વિચારોમા અનન્તપણા સ્થપાયેલું હોય છે, અને તે અનન્તતાને પ્રાપ્ત કરી શકે છે. સત્તાએ આવિર્ભાવ અને વ્યક્તિએ પ્રાકટ્ય એવા સર્વ જીવોમા પ્રભુનાં તેને સત્તોપયોગદૃષ્ટિએ જે સ્મરે છે, અવલોકે છે; તે પોતે પ્રભુનામ્ય સમર થયો છે, એમ અવબોધવું. સર્વ પ્રાણીઓમા સર્વત્ર સર્વદા સર્વથા

જૈનો જ્યારે શ્રી મહાવીર પ્રભુના ઉચ્ચ આશયોથી દૂર થવા લાગ્યા, અને સંકુચિતદૃષ્ટિથી જૈનસમાજના બંધારણ જેવા આચારોમાં પ્રવૃત્ત થયા તેથી જૈનો અમુક જાતિ તરીકે હાલ વિદ્યમાન રહ્યા છે. જૈનો આચારોના અને સદ્વિચારોના જૈનસમાજ બંધારણ તરફ તથા તેના વિશાલ પ્રસાર તરફ સંકુચિતવૃત્તિથી ન પ્રવર્ત્યા હોત અને જૈનસમાજની ધાર્મિક રૂચિને અનુસારે વિચારસંકલનાને ગુંથી હોત તો કુલાચાર તરીકે ચારે વર્ણમાં સંપ્રતિ પણ જૈનો વિદ્યમાન રહેત, અને તેઓ યથાશક્તિ વર્ણકર્માનુસારે સર્વ લોકોને જૈનધર્મ આચરતા દેખી શકત. જૈનાચાર્યોએ પુસ્તકોમાં આવી સંકુચિતતા દર્શાવી હોય એમ પ્રાયઃ અવલોકાતું નથી, પરંતુ રૂઢિનાં બંધનો અને સંકુચિત વિચાર, પક્ષબંધન રૂઢિના આચારોના પ્રવર્તક ગૃહસ્થોએ તત્સંબંધી ભવિષ્ય સ્થિતિનો તથા આત્મિકધર્મવિશાલતા અને ઉદારતાનો વિચાર ન કર્યો તેથી વર્તમાનનાં કેચિત્ ધર્મવિશાલતાપ્રચારક પ્રતિઘાતક ધાર્મિક રૂઢિબંધનભૂતવિચારો એકદમ જૈનસમાજમાંથી દૂર કરી શકાતા નથી. તેમજ તે રૂઢિબંધનો એકાન્તે ધર્મનાં અંગો છે, એમ રૂઢિના પૂજારીઓ સંકુચિતવૃત્તિથી સ્વીકારીને ધર્મપ્રચારક વિશાલ વિચારોને અને તેના ઉપદેશકોને ધિક્કારવા પ્રયત્ન કરે છે. સર્વદેશીય સર્વવર્ણગ્રાહ્ય અને સર્વત્ર આરાધ્ય જૈનધર્મ કરવાને ઉદાર ધર્મ સમાજ નિયમો અને વિચારો પ્રચાર કરવામાં યાવત્ વિઘ્નશ્રેણિઓ આવીને ઉભી રહે છે, તાવત્ જૈનધર્મના પાલકો દુનિયામાં અમર રહે, એવી આશા પરિપૂર્ણ રાખી શકાય નહિ. જે ધર્મના આચારો અને વિચારો સંકુચિત કરવામાં આવે તો તે ધર્મ માનો કે આખી દુનિયાનો ધર્મ હોય તો પણ તેના પાળનારાઓની સંખ્યાનો ઘટાડો થતા તેનો હળવે હળવે વિનિપાત થઇ શકે છે અને તેનું અસ્તિત્વ ગ્રંથોમાં રહી શકે છે. તથા ધર્મવિચારો તરીકે તે ઐતિહાસિક ગ્રંથોમાં અમર રહી શકે છે. પરંતુ ધર્મના અનુયાયીઓ તરીકે તે સ્વાસ્તિત્વ સંરક્ષી શકે નહિ. જૈનોના અસ્તિત્વ સહ જૈનધર્મ તત્ત્વોનું અસ્તિત્વ જે રહ્યું છે તેમાં જે હાનિ થઇ છે તે તો વાસ્તવિક રીતે વિચારીએ તો સામાન્ય ધર્મ વિચારોમાં નાના ભેદો અને તેના યોગે ભિન્ન ભિન્ન સંકુચિત વિચારોના અને આચારોના રૂઢિ બંધનોની ઘનગ્રંથી અને જૈન સમાજમાં નાના મતભેદે ઉદારતા અને મતસહિષ્ણુતાને સ્થાને વ્યાપ્ત ધર્મદ્વેષ, અસહનતા, કુસંપ વગેરે કારણો છે. રાષ્ટ્ર પ્રવર્તક સાંપ્રદાયિક સાંપ્રત વિચારકારક પ્રધાન મંડળોના દ્રવ્ય ક્ષેત્ર કાલાનુસારે પ્રવર્તિત વિશાલ લાભપ્રદ

માણસા અને તેની આસપાસના ચાવડાવંશીય રજપૂતો જૈનધર્મ પાળતા હતા. ચાવડા રજપૂતો વણિક તરીકે થએલા માણસાના ઉગરચંદ કરમચંદવાળા વગેરે છે. રાજાઓ ઠાકોરો વગેરેને જૈનસાધુઓની સાથેનો પરિચય ટળવાથી અને બ્રાહ્મણોનો પરિચય થવાથી રાજાઓ ઠાકોરો વગેરે વેદાન્તધર્મના અનુયાયી થવા લાગ્યા.

માણસા તરફના ચાવડા વગેરે રજપૂતો દયાધર્મને પાળે છે અને જૈનસાધુઓ તરફ પ્રેમ તથા માનની દૃષ્ટિથી દેખે છે. જૈન સાધુઓએ તેમની ઉન્નતિ થાય, એવા ઉપાયોનો ઉપદેશ દેવો જોઇએ. તેમના પરિચયમાં આવીને જૈનોએ સાહાય્ય કરવી જોઇએ. રજપૂતાદિ અન્ય જાતોના ઉદ્ધાર માટે આત્મભોગ આપ્યા વિના તેઓનું જૈનધર્મની ઉત્તમતા સંબંધી મન્તવ્ય સિદ્ધ થવાનું નથી. સામ્પ્રત પેટની સાથે અને કન્યા વ્યવહાર આદિના સાનુકુલ સંયોગોની સાથે ધર્મનો ઉપદેશ કંઇક અસર કરી શકે તેમ છે. કરોડો રૂપૈયાનો ભોગ આપીને ગુરૂકુલો સ્થાપીને તેમાં રજપૂત વગેરે વિદ્યાર્થિયોને ભણાવવામાં આવે તો ભવિષ્યમાં જૈનધર્મનું સજીવનાવસ્થામાં ઉદ્ધાર પરિવર્તન થઇ શકે તેમ છે. અરે જૈનો ! તમારી આંખો ક્યારે ઉઘડશે ? તમારા કરોડો રૂપૈયા નકામા ખર્ચાય છે તે સંબધી વિચાર કરો. **સંકુચિત વિચારોના ગુલામ બનીને અરે તમે આખી દુનિયાને આત્મસુખ સ્વતંત્રતા સમર્પનાર એવા જૈનધર્મની મહત્તા ન ઘટાડો. અરે સાધુઓ !** તમો પરસ્પર ધૂળ જેવી બાબતોમાં જાદવાસ્થળી ન કરો.

× × × ×

જૈનધર્મ મતભેદમાં ભિન્ન ભિન્ન સંખ્યામાં પરિગણિત જૈનબાધવો ? સંપ્રતિ જાગ્રત્ થઇને તમારૂં વ્યાવહારિકાભ્યુદય શ્રેયઃ અને ધાર્મિકાભ્યુદયશ્રેયઃ પ્રતિ લક્ષ દો. તમારૂં અસ્તિત્વ સંરક્ષાયલું રહે અને તેથી અનેક વિશાલ દીર્ઘદૃષ્ટિ સાધ્ય ધર્મસમાજ વિસ્તાર પ્રતિદિન પ્રવૃદ્ધ થાય એવા સામ્પ્રત સદ્વિચારોને લોક-ભયસંજ્ઞાનો ત્યાગ કરીને આત્મબળ પ્રકટન પૂર્વક સત્ય કૃતિરૂપે સ્થૂલ જગત્ ધર્મ સમાજમાં અનેક સંકટો સામા ઉભા રહીને પ્રકટ કરશો તો સ્વધર્મ સમાજાસ્તિત્વ સંરક્ષક તરીકે ગણાશો. અન્યથા તમારી સંકુચિત દૃષ્ટિ, મન્દભાવ, દૈન્ય, સ્વાર્થવૃત્તિ આદિથી ભવિષ્યમાં

" ઐક્ય. "

શસ્ત્રોના કરતાં જગતમાં ઐક્યબળ વિશેષ કાર્ય કરી શકે છે. એક સરખા વિચારો, એક સરખો પ્રેમ, એક સરખું સંકલ્પબળ અને એક સરખી પ્રવૃત્તિવડે અનેક મનુષ્યો જે જે કાર્યો કરે છે તેમાં તેઓને વિજયની વરમાળા આરોપ્યા વિના રહેતી નથી. ઐક્યબળથી મતિકલ્પના વડે અકલ્પ્ય કાર્યોનું શીઘ્ર પરિણામકર ફલ પ્રગટે છે, કે જેને અવલોકી મનુષ્યો ઐક્યબળનું મુક્તકંઠે એકી અવાજે વર્ણન, પ્રશંસન કર્યા વિના રહેતા નથી. ઐક્યબળ જ્યાં પ્રગટીને પોતાની શક્તિ સ્ફુરાવે છે. ત્યાં પ્રત્યક્ષ સમ્મુખ પ્રગટ થતી સહસ્ર વિઘ્નમાળાઓ પણ વાયુથી અભ્રવૃન્દ વિખરાય છે, તદ્વત્ વિલય પામી જાય છે. ઐક્ય બળ વિનાના મનુષ્યો સ્વાસ્તિત્વશીલાભિવૃદ્ધિસંરક્ષણ પૂર્વક પરંપરા પ્રવૃત્તિમાં સ્વાત્મબળને વાપરી શકતા નથી, અને તેથી સ્વાસ્તિત્વવર્ધક શુભ બીજ સંતાનરૂપ પ્રત્યેક મનુષ્ય વ્યક્તિનો સામાઓના ઐક્યબળથી નાશ કરાવવામાં સંકુચિત સ્વાર્થપરાયણ અપ્રવૃત્તિથી સાહાય્યકારક પરસ્પર તેઓ બને છે. વાસ્તવિક આયતિ દીર્ઘદૃષ્ટિધારક, સમવૃત્ત, સ્વપરાર્થ સાધક મનુષ્યો સંસાર વ્યવહારમાં તથા પરમાર્થ વ્યવહારમાં સ્વાસ્તિત્વશીલાભિવૃદ્ધિને પોષક સદુપાયોને પ્રતિદિન ઐક્યબળથી પ્રગટાવતા જાય છે. વ્યાવહારિક શુભ ધાર્મિક કાર્યોની અભિવૃદ્ધિ પૂર્વક તત્સંરક્ષામાં ભિન્ન ભિન્ન અનેક મનુષ્ય સંઘબળની એકતાની આવશ્યકતા, પ્રત્યેક કાલમાં અમુક કારણોના અવલંબનની અપેક્ષાએ સિદ્ધ થઇ શકે છે. પારમાર્થિક, નૈમિત્તિક ધર્માવાપ્તિ માટે માનસિક એકજાતીય વિચાર સંતાન પરંપરાનું ઐક્ય અત્યંત ઉપયોગી થઇ પડે છે. ભિન્ન ભિન્ન વિજાતીય વિચાર બળની પરસ્પર મનુષ્યોમાં એકતા કરવા માટે સર્વત્ર સાપેક્ષિક સજાતીય બળના વિચારોને પ્રગટ કરવામાં આવે તો વર્તમાન અને ભવિષ્યની ઉન્નતિનાં ઉચ્ચ શુભ ફળો માટે ભવિષ્યની પ્રજાના અનન્તચિરસ્થાયિ મહા લાભ, માટે નિષ્કામ દશાએ સ્વાધિકારે કર્તવ્યને આચારમાં મૂકવું જ જોઇએ.

× × × ×

જે મનુષ્યની સ્વસત્વનુસારે રૂઢીભૂત ધર્મક્રિયાચાર પ્રવૃત્તિ સજ્જડ થઇ હોય. અને તદ્દવૃત્તિ માન્યતા વિરૂધ્ધ યદ્ યદ્ ભિન્ન ભિન્ન વિચારાચારમાં વિપરીતતા અન્ધદષ્ટિતઃ દઢીભૂત થઇ હોય. તેને સ્વાતિશયનો તોલ કરીને તેની ધાર્મિક વૃત્તિ પ્રવૃત્તિનો વિકાસ થાય, અને તે સંદિગ્ધદશામાં ન રહે તેમ તેને અગ્રિમોચ્ચ સ્થિતિ પ્રતિ લાવવા દેશકાલજ્ઞ કુશલ વૈદ્યની પેઠે પ્રયત્ન કરવો.

× × × ×

स्वगत.

પોતાને માટે કોઇ ગમે તે કથે, વિચારે અને લખે તો પણ ઔદયિક ભાવની દષ્ટિ ન વર્તે એવો ઉપયોગ રાખ!!! ઔદયિક ભાવ વૃદ્ધિકારક રાગ દ્વેષાત્મક પરિણામનું પ્રાકટ્ય અન્તર્માં સૂક્ષ્મ ચેતન શુદ્ધોપયોગે ન થવા દેવું એજ તારૂં રાધાવેધવત્ સ્વસાધ્ય છે, એમ આન્તરિક વાસ્તવિક દષ્ટિએ દેખ, અને પ્રાસંગિક પ્રાપ્ત શુભાશુભમાં અન્તર્થી નિર્લેપતાએ વર્ત.

પ્રત્યેક પ્રાપ્ત શુભાશુભ વૃતાન્તને સૂક્ષ્મ વિવેક-જ્ઞાનદષ્ટિથી સ્વ અને પર દ્રવ્યનો ભેદ પાડીને અવલોકવાની અભ્યાસતા ધાર, અને બાહ્ય સ્થૂળ શુભાશુભમાં અહંત્વ વૃત્તિ વિના વર્ત તથા નામરૂપના સ્થૂલ તથા સૂક્ષ્મ પ્રપંચથી ભિન્ન શુદ્ધ ધર્મસ્વરૂપધારી સ્વસ્વરૂપમય થા.

× × × ×

અજ્ઞાન જમાનામાં રજોગુણી અને તમોગુણી ધર્મોનો આદર થવાથી રજોગુણી તમોગુણી મનુષ્યોનું જોર વધે છે, અને જ્ઞાન જમાનામાં સત્વગુણી ધર્મોનું પ્રાબલ્ય વધે છે. રજોગુણી અને તમોગુણી ધર્મોમા પ્રાયઃ અજ્ઞાની મોહી જીવો ઘણા હોય છે, અને સત્ત્વગુણી ધર્મમાં જ્ઞાની અને નિર્મોહી મનુષ્યો અવલોકવામાં આવે છે. પ્રવૃત્તિના જમાનામાં નિવૃત્તિ ધર્મની ગૌણતા અવલોકવામાં આવે છે, અને નિવૃત્તિના જમાનામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ ભેદે પ્રવૃત્તિની ગૌણતા દેખવામાં આવે છે.

× × × ×

આત્મગુણલાભ જે માર્ગે થાય તે માર્ગે પ્રવૃત્તિ કરવી એજ સ્વજીવન વિકાસ કરવાનો મુખ્ય ઉપાય છે. સ્વલાભ વ્યવહારપ્રવૃત્તિના અનેક ભેદો થાય છે તેમાં સ્વાધિકારે સ્વ યથાશક્તિ સાધ્ય વ્યવહાર ધર્મોપાય આદરણીય છે, એમ મુખ્ય લક્ષ્ય સાધ્યદૃષ્ટિનો સાપેક્ષ ઉપયોગ ધારવો એ સ્વ કર્તવ્ય છે.

કોણ ધર્મ પ્રાપ્ત કરી શકે?

મનાગ્રહ રહિત હોય, નિષ્પક્ષપાતપણે દરેક ધર્મનો અનુભવ કરનાર હોય, વિચાર સ્વાતંત્ર્યે ધર્મપરીક્ષાકારક હોય, પ્રત્યેક દર્શનતત્ત્વોનું સૂક્ષ્મ-દૃષ્ટિથી સ્વરૂપ વિચારનાર હોય, જગત્‌માં પ્રવર્તતાં ધર્મદર્શનોનો મુકાબલો કરી સત્યાસત્યનો સાપેક્ષપણે વિચારક હોય, અમુક દર્શનમતમાં પૂર્વથી બદ્ધ દૃષ્ટિરાગી જે ન હોય, આત્માનું અસ્તિત્વ અને તેનું અનુભવગમ્ય સ્વરૂપ અનુભવે અવબોધક હોય, સ્વાનુભવ કરતાં વિશેષાનુભવ જ્ઞાનિસન્તોનો સત્સમાગમ કરનાર હોય, આત્મધર્મ અને પરમાત્મસ્વરૂપનો એકાન્ત નિર્જન-સ્થળમાં અનેક યુક્તિમય તર્કોથી અનુભવ કરનાર હોય, જે જે અંશે પોતાને આત્મત્વ સમજાયું હોય તે તે અંશે સ્પષ્ટકથક હોય, રાગદ્વેષની વૃત્તિ પ્રતિ-ક્ષણ ક્ષીણ કરવા ઉદ્યુક્ત હોય અને તે તે ભાવે ધર્મતત્ત્વનો શોધક હોય તે ધર્મપાત્ર યોગ્ય છે.

× × × ×

જૈનધર્મનો ઉદ્દેશ.

જૈનદર્શનનો મુખ્યોદ્દેશ આત્માની પરમાત્મદશા કરવાનો છે. આત્માના જ્ઞાનદર્શન-ચારિત્રગુણોનો અનુભવ કરવાથી આત્માની પરમાત્મદશા થવાનું ચિન્હ પ્રારંભાય છે, એમ જૈનદર્શન પોતાની દિવ્ય વીણા વગાડીને દુનિયાને જાહેર કરે છે. અનાદિકાલથી કર્મસૃષ્ટિની લીલામાં આત્મપ્રભુ લયલીન થઇ રહ્યા હોય છે, તેનાથી મુક્ત થઇને પોતે પોતાના નિરાકારાનન્ત ગુણમય સ્વરૂપમાં પ્રકાશિત થાય એજ પરમાત્મ સાધ્ય લક્ષ્ય સાધનરૂપ કર્તવ્ય કરણી કરવી એમ જૈનદર્શન, દેવદુંદુભિરૂપ વાણીઘોષથી જાહેર કરે છે.

× × × ×

આત્મશુદ્ધલાભ જે માર્ગે થાય તે માર્ગે પ્રવૃત્તિ કરવી એજ સ્વજીવન વિકાસ કરવાનો મુખ્ય ઉપાય છે. સ્વલાભ વ્યવહારપ્રવૃત્તિના અનેક ભેદો થાય છે તેમાં સ્વાધિકારે સ્વ યથાશક્તિ સાધ્ય વ્યવહાર ધર્મોપાય આદરણીય છે, એમ મુખ્ય લક્ષ્ય સાધ્યદૃષ્ટિનો સાપેક્ષ ઉપયોગ ધારવો એ સ્વ કર્તવ્ય છે.

કોણ ધર્મ પ્રાપ્ત કરી શકે ?

મતાગ્રહ રહિત હોય, નિષ્પક્ષપાતપણે દરેક ધર્મનો અનુભવ કરનાર હોય, વિચાર સ્વાતંત્ર્યે ધર્મપરીક્ષાકારક હોય, પ્રત્યેક દર્શનતત્ત્વોનું સૂક્ષ્મ-દૃષ્ટિથી સ્વરૂપ વિચારનાર હોય, જગતમાં પ્રવર્તતાં ધર્મદર્શનોનો મુકાબલો કરી સત્યાસત્યનો સાપેક્ષપણે વિચારક હોય, અમુક દર્શનમતમાં પૂર્વથી જડ દૃષ્ટિરાગી જે ન હોય, આત્માનું અસ્તિત્વ અને તેનું અનુભવગમ્ય સ્વરૂપ અનુભવે અવબોધક હોય, સ્વાનુભવ કરતાં વિશેષાનુભવ જ્ઞાનિસન્તોનો સત્સમાગમ કરનાર હોય, આત્મધર્મ અને પરમાત્મસ્વરૂપનો એકાન્ત નિર્જન-સ્થળમાં અનેક યુક્તિમય તર્કોથી અનુભવ કરનાર હોય, જે જે અંશે પોતાને આત્મત્વ સમજાયું હોય તે તે અંશે સ્પષ્ટકથક હોય, રાગદ્વેષની વૃત્તિ પ્રતિક્ષણ ક્ષીણ કરવા ઉદ્યુક્ત હોય અને તે તે ભાવે ધર્મતત્ત્વનો શોધક હોય તે ધર્મપાત્ર યોગ્ય છે.

× × × ×

જૈનધર્મનો ઉદ્દેશ.

જૈનદર્શનનો મુખ્યોદ્દેશ આત્માની પરમાત્મદશા કરવાનો છે. આત્માના જ્ઞાનદર્શન-ચારિત્રગુણોનો અનુભવ કરવાથી આત્માની પરમાત્મદશા થવાનું ચિહ્ન પ્રકાશ્ય છે, એમ જૈનદર્શન પોતાની દિવ્ય વીરવાણીથી દુનિયાને જાહેર કરે છે. અનાદિકાલથી કર્મવૃત્તિની લીલાથી આત્મપ્રભુ આધીન થઈ રહ્યા હોય છે. તેનાથી મુક્ત થઈને પોતે પોતાના નિત્યજ્ઞાનાનન્દ શુદ્ધસ્વરૂપને પ્રકટિત થાય એજ પરમાત્મ સાધ્ય લક્ષ્ય સાધનારૂપ કર્તવ્ય કરવું કરવી એમ જૈનદર્શન વૈશ્વિક દુનિયાને જાહેર કરે છે.

× × × ×

આત્મગુણલાભ જે માર્ગે થાય તે માર્ગે પ્રવૃત્તિ કરવી એજ સ્વજ્ઞાન વિકાસ કરવાનો મુખ્ય ઉપાય છે. સ્વલાભ વ્યવહારપ્રવૃત્તિના અનેક ભેદો થાય છે તેમાં સ્વાધિકારે સ્વ યથાશક્તિ સાધ્ય વ્યવહાર ધર્મોપાય આદરણીય છે, એમ મુખ્ય લક્ષ સાધ્યદૃષ્ટિનો સાપેક્ષ ઉપયોગ ધારવો એ સ્વ કર્તવ્ય છે.

કોણ ધર્મ પ્રાપ્ત કરી શકે ?

મતાગ્રહ રહિત હોય, નિષ્પક્ષપાતપણે દરેક ધર્મનો અનુભવ કરનાર હોય, વિચાર સ્વાતંત્ર્યે ધર્મપરીક્ષાકારક હોય, પ્રત્યેક દર્શનતત્ત્વોનું સૂક્ષ્મદૃષ્ટિથી સ્વરૂપ વિચારનાર હોય, જગત્માં પ્રવર્તતાં ધર્મદર્શનોનો મુકાબલો કરી સત્યાસત્યનો સાપેક્ષપણે વિચારક હોય, અમુક દર્શનમતમાં પૂર્વથી બદ્ધ દૃષ્ટિરાગી જે ન હોય, આત્માનું અસ્તિત્વ અને તેનું અનુભવગમ્ય સ્વરૂપ અનુભવે અવબોધક હોય, સ્વાનુભવ કરતાં વિશેષાનુભવ જ્ઞાનિસન્તોનો સત્સમાગમ કરનાર હોય, આત્મધર્મ અને પરમાત્મસ્વરૂપનો એકાન્ત નિર્જનસ્થળમાં અનેક યુક્તિમય તર્કોથી અનુભવ કરનાર હોય, જે જે અંશે પોતાને આત્મતત્ત્વ સમજાયું હોય તે તે અંશે સ્પષ્ટકથક હોય, રાગદ્વેષની વૃત્તિ પ્રતિક્ષણ ક્ષીણ કરવા ઉદ્યુક્ત હોય અને તે તે ભાવે ધર્મતત્ત્વનો શોધક હોય તે ધર્મપાત્ર યોગ્ય છે.

× × × ×

જૈનધર્મનો ઉદ્દેશ.

જૈનદર્શનનો મુખ્યોદ્દેશ આત્માની પરમાત્મદશા કરવાનો છે. આત્માના જ્ઞાનદર્શન–ચારિત્રગુણોનો અનુભવ કરવાથી આત્માની પરમાત્મદશા થવાનું ચિન્હ પ્રારંભાય છે, એમ જૈનદર્શન પોતાની દિવ્ય વીણા વગાડીને દુનિયાને જાહેર કરે છે. અનાદિકાલથી કર્મસૃષ્ટિની લીલામાં આત્મપ્રભુ લયલીન થઇ રહ્યા હોય છે, તેનાથી મુક્ત થઇને પોતે પોતાના નિરાકારાનન્ત ગુણમય સ્વરૂપમાં પ્રકાશિત થાય એજ પરમાત્મ સાધ્ય લક્ષ્ય સાધનરૂપ કર્તવ્ય કરણી કરવી એમ જૈનદર્શન, દેવદુંદુભિરૂપ વાણીઘોષથી જાહેર કરે છે.

× × × ×



ભવ્યોએ નીચેના પ્રશ્નો પૂછીને યોગ્યતાનો વિચાર કરી સન્તોની સેવા આત્મલાભાર્થે કરવી.

૧—તમે પરમાત્માને પ્રત્યક્ષ દેખ્યો છે ? આત્માને અનુભવપ્રત્યક્ષે દેખ્યો છે ? સર્વદર્શનીય અનુભવી મહાત્માઓ અને તમારા અનુભવનો મુકાબલો કરી સત્ય તત્ત્વોનો તમોએ અનુભવ કર્યો છે ?

૨—કયા કયા માર્ગે તમોએ આત્માને અનુભવ પ્રત્યક્ષે અનુભવ્યો છે ? અન્યદર્શનીય મહાત્માઓ પોતપોતાના મત પ્રમાણે શાસ્ત્રોના આધારે આત્માને અનુભવે છે, તેવી રીતે તમો શાસ્ત્રોના આધારે આત્માને અનુભવ પ્રત્યક્ષ કરો છો વા તેથી જુદી શૈલીએ આત્મને અનુભવ પ્રત્યક્ષ કરો છો ?

૩—શાસ્ત્રોના આધારે મનોવૃત્તિમાં આત્મા અને પ્રભુના રૂપને જે ઠસાવવામાં આવે છે તેવા રૂપે આત્મા અને પ્રભુનું પ્રત્યક્ષ કરો છો વા તેથી ભિન્નપણે ?

૪—પ્રત્યેક દર્શનમાં આત્માનું ભિન્ન ભિન્ન સ્વરૂપ પ્રતિપાદ્યુ છે તેનું ભિન્ન ભિન્ન સ્વરૂપ પ્રત્યક્ષ દૃષ્ટિએ તમોએ દેખ્યું છે, વા નહીં. તેમજ અન્યદર્શનીય અનુભવીય મહાત્માઓનો અનુભવ અસત્ય છે, તેનો પ્રત્યક્ષાનુભવ કરાવી શકશો ?

૫—વૈરાગ્ય થવાનું શું કારણ ? તમને સદા નિર્મોહત્વ રહે છે કિંવા નહીં ? સર્વ પ્રકારની વાસનાઓ ટળી છે વા નહીં ? પૂર્વાવસ્થામાં અને સમ્પ્રતિ તમારા આત્માની એક સરખી પરિણતિ વહે છે ? વા કંઇ ફેરફાર જણાય છે ? જણાય છે, તો તે કેવા રૂપે ?

૬—તમારા અદ્યપર્યન્ત જીવન કાલમાં પરમાત્માને અને આત્માને પ્રત્યક્ષ દેખનારા કોઇ અનુભવી સન્તો દેખાયા છે ? દેખાયા છે તો ક્યા ક્યા સન્ત પુરુષો અને તેમની રહેણીકરેણી કેવા પ્રકારની છે ?

૭ તમો જે જે શાસ્ત્રોને માનો છો તે પ્રમાણે સંપૂર્ણ વર્તી શકો છો ? વા તમારી શક્તિ પ્રમાણે વર્તી શકો છો ?

૮ તમે જે દર્શનના ધર્માચારને પાળો છો તે રાગથી પાળો છો ? વા નિષ્પક્ષપાતઃ દૃષ્ટિએ અન્ય ધર્માચારોને અસત્ય જાણીને પાળો છો તેનું સત્ય સ્વરૂપ અવબોધાવશો ?

૯ તમારે હવે કંઇ સમજવાનું વા કરવાનું બાકી રહ્યું છે ? અનુભવ



આશ્રિતજનોને મુક્તાનો અનુભવ કરાવી શકતા નથી. જે સાધુઓ પોતાના આત્માનો સહજાનન્દ સ્વાદે છે, તેઓ અન્યજનોને પરિચયમાં આવીને સહજા-નન્દનું ભાન કરાવી શકે છે. આ સમસ્ત વિશ્વમાં આત્માનન્દતઃ જાગ્રત્ મુનિયો અન્યધર્મજીજ્ઞાસુઓને શ્રીવીરપ્રભુની પ્રભુતા અવબોધાવવા શક્તિમાન્ થાય છે. સાધુઓએ ખટપટમાં ન પડતાં આત્માના ગુણોની પ્રાપ્તિ માટે મન, વચન, કાયાથી નિર્દંભ વર્તન સેવવું જોઇએ. શાસ્ત્રોનું જ્ઞાન અને વકૃત્વશક્તિ વગેરે યદિ સ્વાત્મામાં તદ્રૂપપરિણામે ન પરિણમે તો આત્માની શુધ્ધતાથી શૂન્ય રહેવાય અને તેથી આત્મહિત ન થાય, એમ યદિ સાધુઓ પોતાના આત્માને એકાંતમાં સતતઃ પૂછશે તો પ્રત્યુત્તર તેવો જ મળી શકશે. સાધુઓએ રાજ-યોગનો માર્ગ અવલંબીને પ્રથમ પોતાના આત્માની શુદ્ધતાર્થે ખાસ લક્ષ દેવું જોઇએ. જે જે ઉપદેશવું, જે જે કરવું, જે જે કરાવવું, જે જે સ્થાપન કરવું જે જે ક્રિયાઓ કરવી, તેમાં પોતાના હૃદયની સાક્ષીએ પોતાનો આત્મા કેટલી દશાએ પહોંચ્યો છે અને શું પરિણમન થયું છે, તેનો ખાસ સાધુ-ઓએ ઉપયોગ રાખવો અને અન્યજનોની આગળ સ્વદશા જે દેખાય છે તેવું અન્તરમાં પરિણમન છે કે વા નહીં, તેનો ખાસ વિચાર કરીને આત્માને આત્મરૂપ પરિણમાવવા આત્મસાક્ષીએ વર્તવું જોઇએ.

× × × ×

અધ્યાત્મદૃષ્ટિએ આત્મસ્વરૂપમાં લીન થતા દૃશ્ય, બાહ્ય, જડ સૃષ્ટિ પદાર્થોમા બંધાયેલા અર્થાત્ તે પર થતા શુભાશુભ વિકલ્પોનો વિલય થાય છે, એમ આત્મ સ્વરૂપાવસ્થાનપરિણતિએ પરિણમ પામતા [illegible] અન્તરમા અનુભવ પ્રગટે છે, પરન્તુ ક્ષાયોપશમીકપરિણામનો [illegible] સમાન દશા ન રહેવાથી તથા [illegible] તેનો ઉદય સંયોગ થતા પૂર્વકલીન અનુભવિત સ્વરૂપ [illegible] થતા પોતાની સહજ ગુણસ્થાન [illegible] પરન્તુ આ [illegible] વિખરાતા [illegible] આત્મસ્વરૂપાવસ્થાન [illegible] પુન. [illegible] તેનો [illegible] બાદ [illegible] કરીને [illegible] અમ [illegible] અવરોધ [illegible] સ્વરૂપાવસ્થાનપરિણમનની [illegible] કર્માવરણોના [illegible] સમજ છે. [illegible] કે [illegible]

ખરો જ્ઞાની કોણ ?—જે અનુભવ પ્રાપ્ત કરે તે.
ખરૂં સુખ કયું ?—જે સ્વતંત્ર રીતે અનુભવાય તે.
ખરો વૈરાગ્ય કયો ?—જે અનુભવ જ્ઞાનથી થાય તે.
મહાપુરૂષ કોણ ?—દુઃખોને જીતનાર.
જ્ઞાની કોણ છે ? આત્માનો પરિપૂર્ણ અનુભવ કરનાર.
સંસારમાં વિષ કયું ?—મિથ્યાજ્ઞાન.
સંસારમાં શત્રુ કોણ ?—મોહ.
સંસારમાં નપુંસક કોણ ?—સામર્થ્યહીન.
સંસારમાં પુરૂષ કોણ ?—પુરૂષાર્થ સ્ફોરવનાર.
સંસારમાં અમૃત કયું ?—જ્ઞાન.
ખરૂં જીવન કયું ?—આનન્દ.
ખરો મિત્ર કોણ ?—ઉપયોગ.
કેદખાનું કયું ?—પરતંત્રતા.
શુભ દિવસ કયો ?—આત્મચિંતવનનો.
સદ્‌ગુરૂ કોણ ?—આત્માને ઓળખાવનાર.
સાહાય્યક કોણ ?—સુવિચારપ્રદ.
સંસારમાં શીતળતા કઈ ? સમતા.
સંસારમાં અગ્નિ કોણ ?—ક્રોધ.
સંસારનો આધાર કોણ ?—રાગ દ્વેષ.
મુક્તિનું મૂળ શું ?—સદ્વિવેક.
મુક્તિનો પાયો કોણ ?—નિસ્પૃહભાવ.
મુક્તિનો પ્રસાદ કોણ ?—ચારિત્ર.
મુક્તિમાં વસનાર કોણ ?—શુદ્ધાત્મા.
સંસારમાં કલ્પવૃક્ષો ક્યાં ?—સન્ત જનો.
ખરો શિષ્ય કોણ ?—સ્વાર્પણ કરનાર.
ખરો સાધુ કોણ ?—વાસ્તવિક ધર્મનો સાધક.
ખરો પ્રેમી કોણ ?—પ્રેમ યોગ્ય વ્યક્તિ પર પ્રાણ હોમનાર અને તેમાં તન્મય થનાર.
ખરો ભક્ત કોણ ?—નિઃસ્વાર્થ ભક્તિ કરનાર.
ખરો વિવેકી કોણ ?—આત્માનો સુખમાર્ગ દેખનાર.
સત્ય શું ?—જે જાણવાથી આત્મા સ્વસુખભોગી થઈ શકે તે.

ધ્યાન પૂર્વક નિશ્ચય કરીને વર્તમાનકાલીન વિચારોનો સુધારો કરવો. જે મહાત્મા પુરૂષ પ્રગટે છે તે પોતાનું વર્તમાનકાલીન ચારિત્ર્ય . વૃદ્ધિ કરવા સંપૂર્ણ લક્ષ્ય દે છે, વર્તમાનકાલીન આત્માના જે જે જ્ઞાનાદિપર્યાયો છે તે ભવિષ્યકાલીન આત્માના પર્યાયોનું કારણ થાય છે. કોઇ મનુષ્ય ભવિષ્યમાં કેવો થશે તેનો ઉત્તર તેની વર્તમાનકાલીન વિચાર, આચાર દશા આપે છે. **વર્તમાનકાલમાં શુદ્ધ ભાવનામાં રમણતા કરવી હોય તો તત્સમયે ભૂતકાલીન દુઃખદશાનું સ્મરણ ન કરવું જોઇએ.** ભૂતકાલીન મહાપાપોના પશ્ચાત્તાપ પૂર્વક ખરા અન્તઃકરણથી વર્તમાનકાલમાં આત્માના સ્વભાવમાં રમણતા કરવી એજ આત્માના અનન્તજીવનસાગરમાં પ્રવેશવાનો સત્ય ઉપાય છે. વર્તમાનકાલીન જીંદગીને ઉત્તમ બનાવવી કિન્તુ ગભરાવું ન જોઇએ. જે વખતે સર્વપ્રકારની ઇચ્છાઓના સંકલ્પો વિકલ્પો વિલય પામે છે, તત્સમયેજ આત્માનો સત્યમાર્ગ ખુલ્લો થાય છે, અને ધર્મબીજ પ્રવૃદ્ધિબીજ સ્ફુરાયમાન થાય છે. ઇત્યાદિ સર્વ આત્મામાં સ્વયં અનુભવવું અને પ્રવર્તવું.

× × × ×

જે મહાત્મા પોતાને નામો અને રૂપોમાંથી નષ્ટવત્ દેખે છે, તે જગત્માં જીવતો જાગતો શૂર, કર્મયોગી, આનન્દી અને મુક્ત છે. જે જે કરવું, જે જે દેખવું, તેમા નામરૂપ સંબંધી અહંવૃત્તિની સ્ફુરણા ન પ્રગટે એજ આનન્દમય જીવનદશા પ્રકટાવવાનું વાસ્તવિક લક્ષણ છે. જયલક્ષ્મી નિસ-સુખના સ્વામી થવું હોય તો નામરૂપના જીવનથી પોતાને નિજ દેખો અને હું એવી સ્ફુરણાને ભૂલી જાઓ એટલે સુખદેવી તમને આલિંગશે એમા લવલેશ સંશય નથી. **શરીર નામરૂપનું જે સમયમાં ભાન હોતું નથી. એવી અવધૂત મસ્તાનન્દ દશામાં વિજયનાં કાર્યો કરી શકાય છે.** અને પરમાત્માનો વાસ્તવિક અનુભવ કરીને આત્માની પરમાત્મતાને પ્રગટાવી શકાય છે. જે જે કાર્યોમા પ્રવૃત્તિ કરીને કોઇ પણ મનુષ્ય વિજય મેળવે છે, ત્યા તે નામરૂપના અભાવેજ વિજયી થયો છે, એમ અવધારવું. લેખક,કવિ. વિદ્વાન, ધ્યાની, શૂર, ભક્ત, આદિ ભિન્ન વિષય પ્રવૃત્ત મનુષ્યો જે સમયે નામરૂપની અપેક્ષાએ પોતાને વિસ્મરે છે. તત્સમયેજ તે આનન્દભરી અને વિજયના સૂક્ષ્મ આન્તર પ્રદેશમા પ્રવેશ કરે છે. દેહનામ ભાન ભૂલવાની સાથેજ આત્માની વીર્ય.

શક્તિ જાગ્રત્ થાય છે, અને તે અગમ્યને ગમ્ય કરે છે. તેમજ અશ[illegible] જણાતાને હસ્તભૂત કરી શકે છે. દેહ, નામ, મૃત્યુ વગેરેને ભૂલી જ[illegible] આત્મશક્તિનાં બારણાં ખૂલે છે અને આત્મામાં અનેક શક્તિયો પ્રગટે એમ અનુભવથી અનુભવાય છે.

× × × ×

આત્મસુખની શ્રદ્ધાનો તિરસ્કાર કરીને જડ વસ્તુઓમાં ચપટાવું એજ મહાપાપ છે. આત્માની પરમાત્મતાનો અનુભવ કર્યા વિના જડ વસ્તુઓ દ્વારા પ્રગટું અહંમમત્વરૂપ ભૂત નષ્ટ થતું નથી. જે સુખની પ્રાપ્તિ માટે અન્ય મનુષ્યોની સ્પૃહા રાખવી પડે છે તેજ દુઃખ છે. શરીર, નામાદિ બાહ્યવૃત્તિને નષ્ટ કરો એટલે અમર થઈ શકશો. તમારા આત્મા પરિપૂર્ણ અનુભવો, સર્વ ઇષ્ટ વસ્તુઓ પોતાનામાં છે એમ અનુભવ કરો એટલે [illegible] નાશ થશે. જે જે તમે ઇચ્છો છો તે તે સર્વનું [illegible] આત્મામાં છે એમ વિચાર કરીને દુઃખ દીનતાના વિચારો અને [illegible] એટલે સ્વયં સુખમયજ છો. એમ તમને ભાસશે. [illegible] સંક્રમણથી પોતાને ભિન્ન માનો અને જે [illegible] હોય તે શક્તિનો સંક્ષય કરો. સર્વ વસ્તુના [illegible] આત્માનો પરમાનન્દ પ્રગટશે. નિષ્કામ થ[illegible]

ગમે તેવી પ્રવૃત્તિ છતાં અનન્ત [illegible] એવું ભાન તો સદા રાખ્યા કરવું. આ[illegible] કલાક પર્યન્ત રહે તો અવબોધવું [illegible] વાસ્તવિક અધિકારને બીજ રૂપે પામ્યા છો એમ [illegible] અંકલાવત્ તમારી આત્મ ગુણસ્થાનકની પ્રગતિ [illegible] કાર્યરૂપતઃ વૃદ્ધિ થશે, અને અન્તે સંપૂર્ણ [illegible] બની જશો એમ હે ચેતનજી ! તમે હૃદયમાં અવધા[illegible] ગ્રહણ પામો.

×

नरेन्द्रदेवेन्द्रसुखानि सर्वा-ण्यपि प्रकामं सुलभानि लोके ।
परं चिदानन्दपदैकहेतुः, सुदुर्लभस्तात्त्विक आत्मबोधः ॥ १ ॥
ततो निरस्याखिलदुष्टकर्म-व्रजं सुधीभिः सततं स्वधर्मैः ।
समग्रसांसारिकदुःखरोध-स्समर्जनीयः सुचिरात्मबोधः ॥ २ ॥

जिनलाभसूरि आत्मप्रबोध.

નરેન્દ્ર દેવેન્દ્રનાં સર્વ સુખો આ જગત્માં અત્યંત સુલભ છે. પરંતુ ચિદાનન્દ પદનો એકજ હેતુભૂત એવો આત્મબોધ અર્થાત્ આત્મજ્ઞાન અત્યંત દુર્લભ છે. તે માટે સાક્ષર સજ્જનોએ અખિલ દુષ્ટકર્મ વર્જને પરહરી સમગ્ર સાંસારિક દુઃખરોધક એવો આત્મબોધ પ્રાપ્ત કરવો જોઇએ. आत्मबोध विण जे क्रिया ते तो बालक चाल. ઇત્યાદિ શ્રી વિજયલક્ષ્મીસૂરિનાં વચનો અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિની આવશ્યકતા પ્રબોધે છે. અધ્યાત્મજ્ઞાન પ્રતિ આત્મજીવોની રૂચિ પ્રગટે તદર્થે અધ્યાત્મજ્ઞાનની ઉત્તમતા દર્શાવવા, આધ્યાત્મિક ગ્રંથોનું રચન થયું છે. ભાગ્યજીવોને અધ્યાત્મશાસ્ત્રોનું વાચન તથા શ્રવણ નિરસ લાગે તોપી અધ્યાત્મજ્ઞાનની ઉત્તમતામાં કિંચિત્ પણ ન્યૂનતા થતી નથી. અધ્યાત્મજ્ઞાનના શીતલ ઝરણાનો પ્રવાહ વહેતો વહેતો નદીરૂપ થઇને આત્મા રૂપ સાગરમાં ભળીને તન્મયતાને પામે છે. આધ્યાત્મિક જ્ઞાનને પ્રાપ્ત કરતાં કેટલાક થાકી ગયા, કેટલાક અધમાર્ગથી પાછા ફર્યા. કેટલાક સમજ્યા વિના કંઇનું કંઇ મરડી કરી અસત્યને સત્ય માની રાચવા લાગ્યા. કેટલાક અધ્યાત્મજ્ઞાનનું સ્વરૂપ અવબોધ્યા વિના અધ્યાત્મજ્ઞાન અને તેના અભ્યાસનો દ્વેષ કરી, નિન્દાદિકમાં પ્રવૃત્ત થઇ ઉન્માર્ગની પુષ્ટિ કરવા લાગ્યા. કેટલાક સત્ય જીજ્ઞાસુઓ અધ્યાત્મજ્ઞાનના અનુભવ પ્રદેશમાં અનેક વિઘ્નોની પરંપરા સહીને અચલ શ્રદ્ધા, અચલ પ્રીતિ પૂર્ણોત્સાહ, ખંત અને સતત વાચન મનનાદિ સાધ્ય લક્ષ્ય દૃષ્ટિ પ્રયત્નથી વિચરીને અધ્યાત્મ પરિણતિએ પરિણતિ સહજાનન્દમાં વિલસ્યા વિલસે છે, અને ભવિષ્યમાં વિલસશે. અધ્યાત્મજ્ઞાનનું ઉજ્જવલ ચારિત્ર્યનો અનુભવ કરાવનાર અને બાહ્ય નીત્યાદિ વ્યવહાર ધર્મતઃ બાહ્ય પવિત્ર, પ્રગટાવનાર ઉચ્ચ તાત્ત્વિક રહસ્યમય ગ્રંથોના મર્મમાં પ્રવેશાવીને વિમર્શ નિશ્ચયપર આરોહણ કરાવનાર અધ્યાત્મજ્ઞાનને પ્રાપ્ત કરવા તથા અધ્યાત્મપરિણામે પરિણમવા ઉદ્યમ કરનાર મહાપુરૂષ છે.

× × × ×

વ્યવહાર ધર્મની મહત્તા.

નિશ્ચયધર્મની વાતોના તડાકા મારનારાઓ જો વ્યવહારધર્મમાં સાપેક્ષાચારથી શિથિલ હોય છે તો તેમની અન્ય મનુષ્યો પર સમ્યગ્ અસર થતી નથી. નિશ્ચયનયધર્મમાર્ગમાં વહાવનાર વ્યવહાર ધર્મ છે. વ્યવહારના અનેક ભેદ છે. તેમાંથી ગમે તે ભેદની આરાધના કર્યા વિના નિશ્ચયધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. આત્મામાં પ્રગટેલા નિશ્ચય ધર્મને સ્થિર કરનાર વ્યવહાર ધર્મનું અવલંબન સત્ય છે. વ્યવહારધર્મનું અવલંબન ત્યાગ કરતાં જે નિશ્ચય ગુણ પ્રાપ્ત કર્યો છે. તેમાંથી પ્રમાદ થવાથી તે ટળી જાય છે માટે છદ્મસ્થ જ્ઞાનીઓએ નિશ્ચય ધર્મ પરિણતિતઃ આત્મસુખાનુભવ કરીને પશ્ચાત્ વ્યવહારધર્મને ત્યજવો ન જોઈએ. અમૃતનું ભોજન જમ્યા બાદ આનન્દ પ્રગટે એ સ્વાભાવિક છે, પરંતુ તેથી અમૃત ભોજનની સામગ્રીનો સદાને માટે ત્યાગ કરવો ઘટી શકે નહિ. તદ્વત્ નિશ્ચયધર્મની પરિણતિથી પરિણામ પામ્યાથી આત્મસુખાનુભવ પ્રાપ્ત થવાથી વ્યવહારધર્મનાં સાધનોનો ત્યાગ ન કરવો જોઈએ. નિશ્ચય પરિણતિથી પડતાં આલંબનભૂત વ્યવહારધર્મ થાય છે. માટે વ્યવહાર ધર્મરૂપ નિમિત્તકારણોનો ત્યાગ ન કરવો જોઈએ. નિશ્ચયધર્મ તો સ્વને વિશેષતઃ લાભપ્રદ છે એમ એક વ્યક્તિની અપેક્ષાએ કહીએ તો તે વાસ્તવિક છે પરંતુ વ્યવહારધર્મનો તો એક અને અનેક વ્યક્તિની અપેક્ષાએ વિચાર કરીએ તો પણ તે સ્વપરહિતાવહ છે. એમ બાહ્યાચરણાથી વેશ, આચાર, અને ઉપદેશાદિથી અનુભવગમ્ય થઈ શકે છે. અતએવ શ્રી વીરપ્રભુએ પ્રથમ વ્યવહારધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે અને પશ્ચાત્ નિશ્ચયધર્મનું સ્વરૂપ દર્શાવ્યું છે. નિશ્ચયધર્મની મહત્તા દર્શાવવામાં આવે છે તેનું કારણ એ છે કે વ્યવહારધર્મસાધનોને સાધનારાઓ, નિશ્ચયદૃષ્ટિને અન્તરમાં ધારણ કરી શકે. વ્યવહાર ધર્મની મુખ્યતા–મહત્તા, દર્શાવવામાં આવે છે તેનું કારણ એ છે કે, વ્યવહારધર્મ કારણ છે. કારણ વિના કાર્યની સિદ્ધિ થઈ શકે નહિ. જે જે કાર્યો પ્રગટે છે. તે તે કારણો વિના હોતાં નથી. કુમ્ભાર્ય કાર્યની સિદ્ધિ. જે જે કારણો સાધનો જે જે ગુણસ્થાનક પર્યન્ત [illegible] છે, ત્યાં સુધી નિશ્ચયથી તેઓ આત્માના નૈશ્ચયિક ગુણોની સ્થિરતા [illegible] પરિપૂર્ણ [illegible] કરીને આત્માની–પરમાત્મતા પ્રગટાવે છે. આ એવ વ્યવહારધર્મની આવશ્યકતા ઉપયોગિતા અને મહત્તા તેના સ્વરૂપે સિદ્ધ થાય છે. તેનો સમ્યગ્ અનુભવ મહેનત અનેકાન્તથી દર્શાવ્યો

ાત્મજ્ઞાન પ્રાપ્ત કરીને આત્માના પરભાવ વિરમણ અને સ્વધર્મભાવ રમણ
 ચેતનગિરિ પ્રદેશોના શિખર પર રહેલા પરમાત્માને પ્રાપ્ત કરવા જે જે
ંશે પરભાવથી વિરમાય છે, તે તે અંશે જ્ઞાનનું વિરતિરૂપ ફલ અવબોધવું.

× × × ×

આત્મસમાધિ સુખમાં લયલીન રહેવા માટે નીચેની બાબતો પર લક્ષ દેવું.

૧—સર્વસંગ પરિત્યાગ કરવા પ્રવૃત્તિ કરવી અને નિઃસંગદશાએ નિર્ગ્રન્થ-
ણે વર્તવું.

૨—આત્મજ્ઞાનાર્થિમનુષ્યોનો પણ પ્રસંગોપાત્ત યોગ્ય પરિચય સેવવો
ને આત્મસમાધિ સુખનો અનુભવપ્રદમહાત્માઓ જે હોય તેઓની પરીક્ષા
ર્વક આલંબનાર્થે નિરૂપાધિપણે રહેવાય તેવી રીતે સંગતિ કરવી.

૩—આત્મતત્ત્વ પ્રરૂપણા જેમાં મુખ્ય હોય તેવાં પુસ્તકો વાંચીને તે-
ાનો અનુભવ કરવો.

૪—આત્મસમાધિમાં સ્થિરતા થાય એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને
ેવવા લક્ષ્યપૂર્વક પ્રયત્નશીલ થવું.

૫—રાગદ્વેષનાં જ્યાં જ્યાં નિમિત્તો મળતાં હોય ત્યાં ત્યાંથી દૂર રહેવું અને
ગદ્વેષના સંયોગોમાં કદાચિત્ નિરૂપાયે રહેવું પડે તો તત્સમયે સમાનતા-
ભાવે આત્માને ભાવીને આત્મવીર્ય ફોરવી અપ્રમત્ત રહેવા પ્રયત્ન કરવો.

૬—સ્વપરાર્થે થતી વ્યાવહારિક ધર્મપ્રવૃત્તિ પ્રસંગે પણ સાધ્ય લક્ષ્યભૂત
ંતરના નિવૃત્તિના ઉપયોગમાં રહેવું અને આત્મસમાધિનો ભંગ ન થાય
વી યોગ્યતાની પ્રાપ્તિપૂર્વક ધર્મસેવારૂપ બાહ્યપ્રવૃત્તિ આદરવી.

૭—પવિત્ર નિર્જન તીર્થસ્થલો વા અન્ય નિર્જન સ્થલોમાં ધ્યાન
રવાનો અભ્યાસ સેવવો અને સ્વસમાધિ પુષ્ટિકારકસજ્જન સાધુઓનો
હવાસ, તેઓનો અનુભવ કરીને રાખવો.

૮—પોતાને આત્મસમાધિ ક્યા ભાવે ક્યા અંશે કેવા સંયોગોમાં વર્તે છે.
નો અનુભવપૂર્વક વિચાર કરવો અને આત્મસમાધિની ઉચ્ચદશા પ્રાપ્ત

ા અનુક્રમને અનુસરીને સાધુઓએ ચારિત્રની આરાધના કરવી જોઇએ. રાગ-
ાદિકભાવસંસારના અન્તની સાથે દ્રવ્યસંસારનો અન્ત આવે છે. માટે
સાધુઓએ દ્રવ્ય તથા ભાવસંસારનો વિરહ કરવા પ્રયત્નવંત થવું જોઇએ.
સાધુઓએ પરની નિન્દા, ખટપટ, કલેશ, પરમાં રાગ અને પરની પંચાતેનો
ત્યાગ કરીને આત્માના ગુણોવડે યુક્ત થવા માટે ઉપર્યુક્ત ગુણક્રમ, શ્રેણિ
વડે (પગથીયાં વડે) મુક્તિ પ્રાસાદમાં આરોહવું જોઇએ. જે સાધુઓ
સંસારથી વિમુખ થયેલા છે તે સાધુઓ મુક્તિની સન્મુખ થાય છે, અને જે
સાધુઓ સંસારમાં પરિભ્રમણ કરાવનાર રાગદ્વેષાદિની સંમુખ થાય છે, તેઓ
મુક્તિથી વિમુખ થાય છે. જ્ઞાન, દર્શન, અને ચારિત્રગુણોવડે આત્માની
પરમાત્મદશા કરવી એજ સાધુત્વ છે. જે સાધુઓ રાગદ્વેષના પરિણામને
ઉગટતાંજ વારે છે તે સાધુઓજ સાધુત્વની ઉચ્ચ ગુણશ્રેણિ પર આરોહતા
જાય છે. સ્વસ્વભાવમાં રમવું અને પરભાવ રમણતાનો ત્યાગ કરવો એજ
ભાવસાધુત્વ છે. ભાવસાધુત્વ પ્રગટાવવાને સમભાવ ધારવો અને આત્મગુણોમાં
રમણતા કરવી, એજ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવે સાધુઓનું મુખ્ય કર્તવ્ય
છે. આ પ્રમાણે સંવિગ્નાદિ ગુણોનું સાધન કરનારા સમભાવ આદિ ગુણોને
પામી કર્મક્ષય કરી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

ૐ શાન્તિઃ ૩

× × × ×

" ધર્મ ગુરૂઓએ ધ્યાનમાં રાખવા યોગ્ય બીનાઓ. "

૧—વર્તમાનકાલમાં મનુષ્યોની કયા ધર્મ પ્રતિ વિશેષ રૂચિ થતી જાય છે, જે ધર્મમાં જે લોકો છે તે ધર્મ પ્રતિ લોકોની કેવી રૂચિ છે અને ભૂતકાલમાં કેવી હતી તેની તુલના કરવાની આવશ્યકતા.

૨—ધર્મ અને લોકોની પ્રવૃત્તિ એ બેનો પરસ્પર કેવો સંબંધ છે ?

૩—સમાજના વાર્તમાનિક આચારવિચારો અને આજુબાજુની પરિસ્થિતિ સાથે ધર્મનો સંબંધ દરેક સંપ્રદાયમાં કેવા પ્રકારનો છે, તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની આવશ્યકતા.

૪—ધર્મગુરૂઓએ ધર્મ પ્રતિ લોકોની રૂચિ વધે એવા સુધારા અને સાહિત્ય પ્રતિ લક્ષ દેવાની આવશ્યકતા.

आवश्यक शिक्षण.

૧ કોઇ પણ બાબત સંબંધી પ્રવૃત્તિ કરવી હોય તો પરિણામનો નિર્ણય] રી પ્રવૃત્તિ કરવી.

૨ કોઇ પણ વિચાર કરતી વખતે સ્વ અને પર સંબંધી લાભાલાભનો વેક કરવો.

૩ કોઇ પણ કાર્ય કરતી વખતે પ્રથમ જેવો ઉત્સાહ હોય છે, તેવો દા રહે તેવા ઉપાયો લેવાની જરૂર સ્વીકારવી જોઇએ.

૪ જે મનુષ્યો આપણી સાથે વાર્તાઓ કરતા હોય તેઓની પ્રામાણિકતાનો રિપૂર્ણ અનુભવ કર્યા વિના તેઓના પર વિશ્વાસ મૂકવો નહિ તેમજ તેઓએ રેલી પ્રતિજ્ઞા પર પરિપૂર્ણ વિશ્વાસ ધારણ કરવો નહિ.

૫ મનુષ્યોના મનના પરિણામો સદા એક સરખા રહેતા નથી. ભરતીોટની પેઠે મનના પરિણામોમાં હાનિ વૃદ્ધિ થયા કરે છે, તેથી દરેક બાબતો સંબંધી મનુષ્યોના વિચારોમાં ફેરફાર થયા કરે છે; માટે દરેક મનુષ્યનાં વિચારો તપાસવા માટે દરેક બાબતો સંબંધી અભિપ્રાયો પૂછવા અને તેઓના હૃદયની માન્યતાઓ તપાસવી. પશ્ચાત્ તેઓની યોગ્યતાનુસારે બોલવું અને વિચારોને આપવા.

૬ આપણી પાસે આવનાર અને સમાગમમાં રહી ચર્ચાદિ કરનાર મનુષ્યોમાં બે પ્રકારની ચિત્તવૃત્તિ હોય છે એમ સમજાય છે. કેટલાક મનુષ્યો આપણી પાસેથી જે વિચારો સાંભળે છે તેમાં તેઓ સમ્મત થએલા માલૂમ પડે છે. પણ અન્તરમાં તેઓ તેમાંથી કેટલીક બાબતોથી વા સંપૂર્ણ બાબતોથી વિરૂદ્ધ હોય એવું પણ સમજાય છે. કેટલાક અમુક સંયોગોના યોગે ઉપરથી આપણા વિચારોથી અસમ્મત હોય છે, અને અન્તરમાં સ્વતંત્ર હૃદયથી આપણા વિચારો અને આચારો પૈકી મોટા ભાગને માન આપનારા હોય છે. આપણી પાસે આવનારા મનુષ્યો સામું પણ આપણે તેવી રીતે વર્તીએ છીએ. આપણું હૃદયમાં સ્વતંત્ર જે કંઇ વિચારો અને માન્યતાઓ હોય છે, તે સર્વને આપણે સર્વની આગળ કહી શકતા નથી; તેમજ આપણને જે જે મનુષ્યો મળે છે, તેઓની સાથે ઉપર ઉપરથી કેટલાક વિચારોથી અને આચારોથી સમ્મત થઇએ છીએ. હૃદયની ખરી માન્યતા તો જેની સાથે શુદ્ધ હૃદય મળ્યું હોય છે તેને કહેવાય છે. આવો અનુભવ સર્વત્ર અનુભવાય છે. માટે મનુષ્યોના હૃદયના ખાસ વિચારો જાણવા એ હૃદયમેળ મળ્યા વિના દુર્લભ કાર્ય છે.

× × × ×

અહંવૃત્તિરૂપ પરિગ્રહવંત મુનિવર અવબોધવા. જ્યારે મુનિ પોતાના ગુણોમાં પ્રગટતી અહંવૃત્તિનો ત્યાગ કરે છે, ત્યારે તે સમભાવરૂપ પ્રભુતાને પામે છે. આ ઉપરના વાક્યથી મુનિએ હૃદયમાં આત્માના ગુણોની પણ અહંવૃત્તિ ન પ્રગટાવવી એવો સાર નીકળે છે. હું જ્ઞાની છું, હું ધ્યાની છું, એવો મનમાં અભિમાન કરવો એ મુનિને યોગ્ય નથી. અન્ય લોકો ન જાણે પણ મુનિના મનમાં જો જ્ઞાની, ધ્યાનીપણાનો અભિમાન થતો હોય તો તે પણ એક જાતની રાગવૃત્તિ હોવાથી તેમાં પરિગ્રહત્વે બંધાવવાનું થાય છે. मुच्छा परिग्गहो वुत्तो. मूर्च्छा परिग्रह उक्तः મૂર્ચ્છા તેજ પરિગ્રહ કહેલો છે. જ્ઞાન અને ધ્યાનની અહંવૃત્તિ મૂર્ચ્છારૂપ હોવાથી તેનો ત્યાગ કરવાની જરૂર છે.

× × × ×

अहंवृत्ति.

મારા જેવો કોઇ જ્ઞાતા નથી મારા જેવો કોઇ ધ્યાતા નથી. મેં આટલાં બધાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. મેં આટલાં બધાં તપ કર્યાં. હું તપસ્વી છું. તપસ્વી તરીકે મારી કીર્તિ પ્રચાર પામી છે. હું વિદ્વાન્ તરીકે જગતમાં પ્રખ્યાતિ પામ્યો છું. ઇત્યાદિ અહંવૃત્તિ પરિણામથી આત્મા વસ્તુતઃ બંધાય છે, અને પછી જે મુક્તિનાં સાધનો હતાં તે બાધક તરીકે પરિણામ પામે છે એમ કથાય છે. વસ્તુતઃ તેનો અનુભવ તેવી દશામાં વર્તનાર આત્માને થાય છે. આત્માની પરમાત્મતા પ્રગટાવનાર સાધનોમાં નિષ્પરિગ્રહવંત રહેવું નિજ આત્મજ્ઞાનીઓનું આન્તરિક કર્તવ્ય છે. આચાર્યોએ ઉપાધ્યાયોએ અને મુનિયોએ અહંવૃત્તિનો ત્યાગ કરવો જોઇએ. આચાર્યો વગેરેને જ્યાં સુધી હું જ્ઞાની છું, હું ધ્યાની છું, ઈત્યાદિ અહંવૃત્તિ થાય છે, ત્યાં સુધી તેઓ પોતાનો ઉત્કર્ષ અને અન્યજનોનો અપકર્ષ કરવા મનો વચન, અને કાયાથી પ્રવૃત્તિ કરે છે. અને જ્યારે જ્ઞાન, ધ્યાનમાં પ્રગટતી અહંવૃત્તિનો જ્યારે તેઓ નાશ કરે છે, ત્યારે તેઓ પોતેનો ઉત્કર્ષ, અને પરજનોનો અપકર્ષ કાયા, મન, વચન અને કાયાએ પ્રવૃત્તિ કરતા નથી. સ્વોત્કર્ષ અને પરાપકર્ષની નિવૃત્તિ થવાથી, સ્વને અને પરજનોને એક સરખી દૃષ્ટિથી દેખવાને મુનિવરો સમર્થ થાય છે. હું જ્ઞાની છું, હું ધ્યાની છુ એમ જ્ઞાનમાં અને ધ્યાનમાં જ્યારે અહંવૃત્તિ પ્રગટતી નથી, ત્યારે આત્માને આત્મભાવત્વે દેખી શકાય છે, અને જાણે

મનોગુપ્તિ.

મનોગુપ્તિ અને વચનગુપ્તિની સિદ્ધિ થતાં સહેજે કાયગુપ્તિની સિદ્ધિ કરી શકાય છે. મનોગુપ્તિ અને વચનગુપ્તિદ્વારા પ્રગટેલ આત્મબળની અસર શરીરપર થાય છે, અને તેથી કાયગુપ્તિની અંશે અંશે સિદ્ધિ થાય છે. કાયગુપ્તિની અસર ખરેખર મન પર થાય છે. કાયગુપ્તિથી મનમાં પ્રગટતા વિકલ્પ સંકલ્પપર કાબુ મેળવી શકાય છે, એમ કથવામાં આવે તો એક અપેક્ષાએ તે સત્ય ઠરે છે. કાયગુપ્તિથી શારીરિકસ્થિતિ પર કાબુ મેળવી શકાય છે, અને તેથી કાયસંયમની સિદ્ધિ થાય છે, મનોગુપ્તિથી અને વચનગુપ્તિથી અનેક સિદ્ધિયોની પ્રાપ્તિ થાય છે, અને તેથી જગત્પર ધર્મોનો પ્રચાર કરી શકાય છે. પોતાના આત્મામાં શક્તિયો પ્રગટાવવી હોય તો મનોગુપ્તિ અને વચનગુપ્તિની સિદ્ધિ કરવી જોઇએ. મનોગુપ્તિની સિદ્ધિ થતાં આત્મા તેજ પરમાત્મરૂપ પ્રકાશથી ઝળહળ શોભ્યા કરે છે. આત્મામાં પરમાત્મતાનો અનુભવ કરવો હોય તો મનોગુપ્તિ સેવવાની જરૂર છે. આત્માની સ્થિરતા પ્રાપ્ત કરવી હોય અને આત્મસુખ અનુભવવું હોય તો મનોગુપ્તિને સેવો, અને પશ્ચાત્ અન્તરમાં અનુભવ કરીને તમે તેનું સ્વરૂપ પ્રકાશો. મનોગુપ્તિના સૂક્ષ્મ પ્રદેશમાં ઉંડા ઉતરીને સ્થિરતા કરવાથી આત્માના વાસ્તવિક સ્વરૂપને ઓળખી શકાય છે. મનોગુપ્તિ એ રાજયોગનો મહાન્ માર્ગ છે. મનોગુપ્તિ એ મોક્ષનું દ્વાર છે. મનોગુપ્તિ એ અનુભવજ્ઞાનનું સ્થાન છે. મનોગુપ્તિ એ પાતાળી કુવાની પેઠે આત્માની શક્તિયો મેળવવાનું અખૂટ સ્થાન છે. મનોગુપ્તિ સાધ્યા વિના મૌનત્વનો અનુભવ થતો નથી. અત એવ મુનિયે મનોગુપ્તિની સેવના કરવી જોઇએ.

× × × ×

મનની ચંચલતા વારવા માટે મનોગુપ્તિ સાધવાની જરૂર છે. અનેક પ્રકારની વિકથાઓ કરતા અને લોકરંજન કરતાં કંઇ કલ્યાણ થવાનું નથી. આત્માનું કલ્યાણ કરવું હોય તો મનોગુપ્તિની સિદ્ધિ કરવા પ્રયત્ન કરવો જોઇએ. મનોગુપ્તિની સિદ્ધિ કરવી એ જ પરમ કર્તવ્ય છે. આત્મદેવને રીઝવવા હોય તો મનોગુપ્તિનું સેવન કર. સંકલ્પબળની સિદ્ધિ કરવી હોય તો મનોગુપ્તિને આદર. આત્મામાં સર્વ પ્રકારની ઋદ્ધિ દેખવી હોય તો મનોગુપ્તિનું પ્રેમથી સેવન કર. નકામા વિકલ્પસંકલ્પો કરીને મનો-

શક્તિનો નાશ કરવા માટે અને અન્યજીવોને દુઃખ આપવા માટે સમર્થ થાય છે. અતએવ બોલવું હોય તો ભાષાસમિતિના ઉપયોગથી બોલવું. અન્યથા વચનગુપ્તિ ધારવી તેજ આત્મશક્તિયોના વિકાસનો અસાધારણ ઉત્તમ માર્ગ છે. વચનસમિતિથી બોલનાર મૌની છે, અને ભાષાસમિતિના ઉપયોગ વિના મૌન રહેનાર મૌની નથી. તત્સંબંધી અનુભવ રહસ્ય વિચારણીય છે. ભાષાસમિતિ સિદ્ધ કરનાર મુનિએ વચનગુપ્તિ સિદ્ધ કરવી. વચનગુપ્તિ સિદ્ધ કરવાથી કાયાના ચંચલયોગને સ્થિર થવાનાં સાધનો સંપ્રાપ્ત થાય છે, અને તેથી કાયા દ્વારા ગમનાગમનની પ્રવૃત્તિની નિવૃત્તિ સાધવા પૂર્વક આત્માનંદ ખુમારીનો અનુભવ ગ્રહી શકાય છે. ૐ શાન્તિઃ ૩

× × × ×

(સ્વગત.)

હે મુને ! મુનિનો વેષ અને પ્રતિલેખનાદિ ક્રિયા કરવાથી તું [illegible] થયો એમ પોતાને માની ન લે. સાધુનો વેષ દેખીને હને [illegible] લાગે એટલા માત્રથી તું ફૂલાઇ જઇશ નહિ. દરરોજ સારું [illegible] અને ભક્તો હારી હાજી હા કરે તેથી પ્રમત્ત ન બન.

સાધુનો વેષ અને આચારોની સાથે જો સાધુપણું [illegible] ન હોય તો હોળીના રાજાની પેઠે તું ગણાઇશ. હે મુને ! હને [illegible] પૂજે છે તેથી હારૂં કલ્યાણ થઈ ગયું એમ માન નહિ. [illegible] રજોહરણો અને મુખવસ્ત્રિકાઓ થઇ તો પણ [illegible] ભવનો અન્ત આવતો નથી. તું અન્યોને રંજન કરી [illegible], અને અન્ય લોકો હારી પ્રશંસા કરે છે તેથી કંઇ સાધુપણું [illegible] નથી. વેષ અને આચારની સાથે જો ક્ષાન્ત્યાદિ દશવિધ [illegible] તું આત્મકલ્યાણના માર્ગે સંચરી શકીશ. હે મુને ! [illegible], મમતા, લોભ, નિન્દા અને કામાદિ દોષોને જીત્યા વિના [illegible] પ્રાપ્ત [illegible] નથી અને હને ખરી શાન્તિ મળી [illegible] હે મુને ! [illegible] શાસ્ત્રો, ન્યાયશાસ્ત્રો, સાહિત્યશાસ્ત્રો, [illegible] કરીને અભિમાની બનવાથી હારામાં [illegible] નથી [illegible] રાખજે. હે મુને ! જ્યાં સુધી હારૂં [illegible] રચનાઓથી [illegible]

[illegible] ની સાથેના [illegible]

[illegible] નથી એમ [illegible]
[illegible] અને [illegible]
[illegible] એમ [illegible] કે [illegible]
[illegible]
[illegible]
[illegible]

* * *

[illegible] અનુમાનની ઉત્પત્તિ[illegible].

[illegible], [illegible], અને [illegible]

[illegible]

ગણિતાનુયોગને પ્રયોજવામાં આવે તો તે સર્વોત્તિક છે. ધર્મફલપ્રતિપાદક કથાગ્રન્થોને દ્રવ્યાનુયોગદૃષ્ટિએ અને ચારિત્રાનુયોગદૃષ્ટિએ વિચારીને પરસ્પરનો વિરોધ દૂર કરવો જોઇએ. ધર્મફલ વર્ણનસૂત્ર, સ્વાભાવિક ચારિત્રસ્વરૂપ દર્શકસૂત્ર, અન્તરંગસ્વરૂપ પ્રતિપાદકસૂત્ર, ઉપમાસૂત્ર, ભયદર્શકસૂત્ર, વિધિપ્રતિપાદકસૂત્ર, કલ્પિત અને અકલ્પિતકથાનુયોગસૂત્રો વગેરે સૂત્રોનું કઇ દિશાએ કઇ દૃષ્ટિએ પ્રવર્તન છે તેનો સમ્યગ્ સર્વાનુયોગની રહસ્યદર્શકદૃષ્ટિએ વિચાર કરીને પરસ્પર અનુયોગમાં ઉદ્ભવતા વિરોધનો પરિહાર કરીને સર્વ અનુયોગોનું માહાત્મ્ય વિચારવું.

× × × ×

જગત્માં આત્માના ગુણોવડે અલંકૃત એવો જ્ઞાની હોય છે, તો તે જ્ઞાનપક્ષમાં અનેક લોકોને રૂચિ કરાવી શકે છે. જ્ઞાનની સાથે ત્યાગ વૈરાગ્યાદિ ગુણો હોય છે, ત્યારે અનેક લોકોપર જ્ઞાનની અસર થાય છે. ભક્તિમાર્ગીમાં જો આત્માના ત્યાગ શમાદિક ગુણો હોય છે, તો તે અન્ય લોકોપર સારી અસર કરવા શક્તિમાન્ થાય છે. ક્રિયા પક્ષીઓમાં ત્યાગાદિક અનેક સદ્ગુણો હોય છે, તો તે અન્ય લોકોપર ક્રિયાપક્ષની અસર કરવા શક્તિમાન્ થાય છે. હઠયોગીઓમાં ત્યાગ, વૈરાગ, ક્ષમા, નીતિ વગેરે ગુણોનું પ્રાકટ્ય હોય છે તો તેઓ વિશ્વપર પોતાના પક્ષની અસર કરવા શક્તિમાન્ થાય છે. અજ્ઞાનીઓનું જ્યારે જોર હોય છે, ત્યારે કર્મકાંડ માર્ગ વગેરે સ્થૂલ ધર્મપક્ષોનું સામ્રાજ્ય જ્યાં ત્યાં દેખવામાં આવે છે. જ્ઞાનપક્ષગ્રાહકોમાં જ્યારે વિષયવાસના, ભોગ, અનીતિ વગેરે દુર્ગુણોનું જોર વધી જાય છે ત્યારે જ્ઞાનપક્ષ પરથી લોકોની રૂચિ ઉતરી જાય છે. અને ભક્તિ વગેરે માર્ગપર લોકોનું વલણ થાય છે. જ્યારે જ્યાં ભક્તિ માર્ગના અનુયાયીઓમાં મોહ, રાગ, દ્વેષ, વિષય, લાપટ્ય, કદાગ્રહ, સંકુચિતદૃષ્ટિ, અનીતિ વગેરે દુર્ગુણો ઉભરાય છે; ત્યારે તેઓનાપરથી લોકોની રૂચિ ફરી જાય છે, અને જ્ઞાનાદિક માર્ગોપર લોકોની રૂચિ વધે છે, એમ સ્વાભાવિક રીતે થતું દેખવામાં આવે છે. દુનિયામાં ચાલતા સર્વ મહાધર્મોમાં જે જે લોકોમાં કથાય છે, તેઓમાં ઉપર પ્રમાણે અનુભવ દૃષ્ટિગોચર થાય છે. દુનિયામાં વિશેષ પ્રકારે નીત્યાદિક ગુણોને આચાર વ્યવહારમાં પ્રકટાવી બનાવનાર ધર્મનો વિશેષ ફેલાવો થાય છે જે ધર્મમાં તત્ત્વની વાતો છે પણ ગુણોવડે આચારવ્યવહારપર દુનિ-

નિયમસર કાર્ય કરવાની પ્રવૃત્તિ.

નિયમસર કાર્ય કરવાની પ્રવૃત્તિ ધારણ કરવાથી ઘણાં કાર્યો કરી શકાય છે. કર્મવીર, દાનવીર, ધર્મવીર અને રણવીર પુરૂષોમાં આ મહાગુણ જોવામાં આવે છે. મહાપુરૂષોનાં જીવન ચરિત્રોમાં આ ગુણ મુખ્યતાએ અવલોકી શકાય છે. નિયમિત ક્રમ–વ્યવસ્થા પૂર્વક કાર્ય કરવાથી મહાપુરૂષની પદવી પ્રાપ્ત થઇ શકે છે. જૈન શેઠ લાલભાઇ દલપતમાં આ ગુણ અમુકાંશે દેખવામાં આવતો હતો. જે મહાપુરૂષો જગતમાં મહાકાર્યો કરવાને શક્તિમાન્ થાય છે તેઓમાં આ ગુણ હોય છે. જેમાં આ ગુણ હોય છે તે વખતની કિંમત સમજી શકે છે, અને તે કાર્યોમાં કંઇ અપૂર્વતા દેખાડવા શક્તિમાન્ થાય છે. એક વખત આ ગુણનો અભ્યાસ કરવાથી પશ્ચાત્ સહેજે તેમાં પ્રવૃત્તિ થાય છે. ".

× × × ×

હે ચેતન ! જ્યારે ત્યારે પણ જ્ઞાન અને વૈરાગ્યથી આત્મવીર્યોત્સાહને પ્રગટાવીને અપ્રમત્તદશામાં સ્થિરતા કરી, રાગદ્વેષાત્મક વિકલ્પસંકલ્પોને એવી રીતે ક્યારે ક્ષીણ કરવા જોઇએ કે, શરીર અને ઇન્દ્રિયોની મન્દવ્યાપારસ્થિતિ થવા છતાં સ્વપ્નમાં માનસિક - ક્ષમપ્રદેશમાં તેઓનો સૂક્ષ્મ પ્રાદુર્ભાવ થઇ શકે નહિ. **મોહની વૃત્તિયોનું બીજ છેદાઈ જાય અને તે સર્વથા સ્વપ્નમાં પણ દર્શન ન આપે એવું આત્મબળ જાગ્રત્ કરવું જોઇએ. જ્યાં સુધી એવું આત્મબળ જાગ્રત્ ન થાય ત્યાં સુધી મોહશત્રુનો વિશ્વાસ સ્વપ્નમાં પણ રાખી શકાય નહિ. પોતાના આત્માની ઉપર ચારિત્રની કેટલી ઉચ્ચ અસર થઇ છે તે સ્વપ્નમાં થતા વિકલ્પ સંકલ્પોનાં શુભાશુભ ચિત્રોથી સમજાઇ શકે તેમ છે.** પોતાના મનના શુભાશુભ વિચારો, પરિણામો, અધ્યવસાયોનું બળ, બાહ્ય ઇન્દ્રિયો અને શરીરને અસર કરે છે, તેથી બાહ્યશરીરના મન્દવ્યાપાર છતાં પણ અન્તર્ મનમાં શું શું થયા કરે છે, તેનો ઉપયોગ રાખીને આત્માની ઉચ્ચતા થાય એવું ઉચ્ચ વિચારમય મન બને એવું કરવું એજ વાસ્તવિક આન્તરિક ધર્મકર્તવ્ય અવબોધવું. પોતાના મનના પરિણામોને મનઃપર્યવની સાહાય્ય વિના પોતાની મેળે અવબોધી શકીએ તેમ છીએ. અત એવ જાગ્રત્ અને સુષુપ્તિદશામાં કાર્ય કરનાર મનની આન્તરિક સ્થિતિ અવલોકવાની તથા તેને સુધારવાની

આત્મવીર્યોત્સાહથી પ્રવૃત્તિ કર. હારી પ્રવૃત્તિ આધ્યાત્મિક હોવી જોઇએ. હારા મનમાં પ્રગટતા અધ્યવસાયોથી આત્માની દશામાં તું કેટલો ઉચ્ચ થયો છે. તે અવબોધાશે. હારી વર્તમાન સ્થિતિ એ ભવિષ્ય જન્મનું આદ્ય ધોરણ છે. માટે જેટલું બને તેટલું આત્મહિત કર.

× × × ×

ભૂતકાલમાં નરક, સ્વર્ગ, તિર્યંચ અને મનુષ્યગતિના અનેક પર્યાયોને ધારણ કરનાર તું પોતેજ હતો. જે જે દેવોના અવતારો લ્હેં કર્યા તેની શક્તિઓનાં બીજકો હારામાંજ હતાં. નરકમાં નારકીના અવતારો લીધા તેના હેતુઓ પણ હારા મનમાં હતા. હવે તું વિચાર કે હારામાં કઇ જાતના પર્યાયોની ખામી છે. આવી રીતે અવતારાદિક અશુદ્ધ પર્યાયોને ધારણ કરીને તે ભવમાં નાટકકર્મ અનન્તવાર કર્યાં, તેના સંસ્કારોનાં બીજકો જે કંઇ સૂક્ષ્મપ્રકૃતિઓ રૂપે હારા અસંખ્યાતપ્રદેશોમાં વર્તતા હોય તેઓનો સંપૂર્ણ નાશ થાય એવો આત્મવીર્યભાવ સ્ફુરાવ. તું શુદ્ધોપયોગે અપ્રમત્ત બનીને શુભાશુભ પરિણામરૂપે પરિણમતા આત્મવીર્યને પોતાના શુદ્ધધર્મમાં વાળીને શુદ્ધરૂપમાં પરિણમાવ. સંસારરૂપયન્ત્રની કુંચી વા બોયલર સમાન મન છે. શુભાશુભમાં પરિણમતું એવું મન પોતાના આત્માના શુદ્ધધર્મમાં ચિંતવનરૂપ કાર્યમાં વાળવાથી મનની સ્થિરતા થતાં સંસારચક્ર બંધ પડી જાય છે. હે આત્મન્! પોતાના શુદ્ધધર્મમાં મનને રમાવીને તું પોતાની શુદ્ધતાના પ્રદેશમાં આગળ વધ. આ ભવમાં આત્મિક ધર્મોન્નતિનો જેટલો પ્રયાસ કર્યો તેટલો આવતા ભવમાં કરવો નહિ પડે અને આગળથી અભ્યાસ શરૂ કરવો પડશે. બાહ્યના જેટલા વિભાવધર્મ છે. તેનાથી અલગ્ન રહીને હે ચેતન! હારા શુદ્ધ ધર્મમાં તન્મયભાવે સ્થિર થઈ જા. અન્ય દેવો-દાનવોના સાહાય્યની આશા ન રાખ. તેઓ પણ મોહનાટકમાં રમી રહ્યા છે. તું પોતાના આત્મભાગ ઉપર ઝુઝ. હારો શુદ્ધોપયોગ એ સર્વ દેવ-દેવીઓના કરતાં હારા સ્વરૂપની શુદ્ધિ માટે અનન્તગુણ બળવાન છે. દ્રવ્યાનુયોગના અનેક પુસ્તકો વાંચીને અન્યોને કદાપી રીઝવવાના કરતાં. સ્વકીય શુદ્ધધર્મનો પૂર્ણ આવિર્ભાવ કર કે જેથી સર્વ જગતને ધર્મોપદેશ ત્હારૂં જીવન આદર્શરૂપ બને અને તેને કથારૂપે લોકો ગ્રહી શકે. ચરિતાનુયોગમાં રસિક બનેલા લોકોને ગમતીને પરમાર્થમાં ચરિતાનુયોગને ન પરિણમાવતાં

કરતાં આ બાબતમાં ત્હારે મનને અન્તર્મુખ કરીને શુદ્ધોપયોગથી આત્મ સ્વભાવમાં સ્થિર રહેવાની ઘણી જરૂર છે. પોતાના શુદ્ધધર્મમાં પરમાનન્દ રસ પડે એવી રીતે સ્થિર થઇ જા. નિર્વિકલ્પદશામાં બહુકાલ વ્યતીત થવાથી આત્મામાં આપોઆપ મોક્ષ અનુભવાયો અને અનુભવાશે.

× × × ×

પોતાનો આત્મા સાકાર કેવી રીતે છે ? નિરાકાર કેવી રીતે છે ? નિત્ય કેવી રીતે છે ? અનિત્ય કેવી રીતે છે ? આત્મા એકલોજ સત્ છે ? કર્માદિ વિભાવ કંઇ નથી ? ઇત્યાદિક કઇ અપેક્ષાએ છે ? તે સર્વ અનેકાન્તજ્ઞાનનો આત્મામાં અનુભવ કરતાં અવબોધાય છે, અને તેથી વિશ્વમાં પ્રવર્તતા અનેકધર્મો ક્યા ક્યા આશયોએ-વિચારનયોએ ઉત્પન્ન થએલા છે સમ્યક્ અવબોધાયાથી આત્મામાં સ્વસ્વરૂપનો નિર્ણય થાય છે. તેથી यथा पिण्डे तथा ब्रह्माण्डे એવો અનુભવ થવાથી કદાગ્રહના મૂલબન્ધનો છૂટી જવાથી આત્મા, આગ્રહરૂપ ભારથી લઘુ થાય છે. હેય, જ્ઞેય અને ઉપાદેયપણે સર્વનયોની સાપેક્ષતાએ સર્વધર્મોના સર્વ પ્રકારના ઉદ્દેશ, વિચારોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી જ્ઞાન થતાં ભૂતકાલ, વર્તમાનકાલ અને ભવિષ્યકાલમાં થનાર અનેક ધર્મોના મૂળ આશયોનું પ્રસ્ફોટન થાય છે. આવા અનેકાન્ત જ્ઞાનના અનુભવ પ્રદેશમાં સર્વનયોની અપેક્ષાએ અનેક મતધર્મોને અવલોકવાની દૃષ્ટિ પ્રાપ્ત થયા બાદ, પોતાના આત્માના ભૂતપર્યાયોમાં એવા એકાન્તિક અનેક મતધર્મોનાં ચિત્રો અવલોક્યાથી, પોતાના આત્માના પ્રદેશે પ્રદેશે તેવા એકાન્તજ્ઞાન સંસ્કારનાં સત્તાબીજકો ન રહે, તેવો આત્મવીર્યભાવ પ્રગટાવવાની આવશ્યકતા અવલોકાય છે, અને તે પ્રમાણે અનેકાન્ત અનુભવજ્ઞાનની વૃદ્ધિ કરવામાં સ્યાદ્વાદવિચારશ્રેણિએ આગળ વધી શકાય છે. આવી દશાનો અનુભવ આવે છે અને તેથી કષાયની ક્ષીણતા અમુક રીતિએ અમુક ભાવે થાય છે તેવો અનુભવ આવે છે. આવા અનેકાન્તજ્ઞાનસંસ્કારોનું દાર્ઢ્ય થતું જાય છે અને ભવિષ્યમાં તેવું ઉચ્ચ શુદ્ધજ્ઞાન વિશેષ વિશેષભાવે ખીલતું જાય એવા ઉપાયોને વર્તમાનમાં લેવાની જરૂર છે. શ્રીવીરપ્રભુની પટ્ટપરંપરાએ પ્રાપ્ત થએલ આગમોવડે સ્યાદ્વાદજ્ઞાનની પ્રાપ્તિ થતાં આવી હાર્દિક સ્ફુરણાઓ જાગ્રત્ થાય છે, અને આત્માનું સમ્યગ્જ્ઞાન જગત્‌ના

વ્યવહાર અને નિશ્ચય સમ્યકત્વ પ્રાપ્ત કરવાનાં ઉપાયો.

રાગદ્વેષની વૃત્તિ ક્ષીણ કરવી જોઇએ કે જેથી મધ્યસ્થભાવ રહે. કોઇ પણ વસ્તુનું જ્ઞાન કરવાની પૂર્વે તે વસ્તુ સંબંધી પક્ષપાતદૃષ્ટિ ન હોવી જોઇએ. સમ્યકત્વ પ્રાપ્તિ માટે જે જે પુસ્તકો-શાસ્ત્રો, (પ્રાચીન અર્વાચીન) વાંચવામાં આવે તત્સંબંધી કોઇનાપર રાગ અને કોઇનાપર દ્વેષ ન હોવો જોઇએ. સમ્યકત્વ પ્રાપ્ત કરવાની પૂર્વે કુલાચારે જે ધર્મ ગ્રહવામાં આવ્યો, તેમાં અગર તે વિનાના અન્ય પ્રચલતિ ધર્મો પર રાગ દ્વેષ ન હોવો જોઇએ. આત્મા વા જડ વસ્તુઓ સંબંધી વિચાર કરીને અનુભવમાં આવે તેવી માન્યતા મધ્યસ્થભાવથી સ્વીકારવી જોઇએ. પહેલાંથી કોઇ પણ દેવ, ગુરૂ, અને ધર્મની માન્યતાના રાગવડે અમુક તત્ત્વમાં બદ્ધવૃત્તિવાળા ન થવું જોઇએ. હું અમુક ધર્મી છું, એવો વિચાર સ્વપ્નમાં પણ ન આવે એવો મધ્યસ્થભાવ ધારણ કરીને, સાત નય, ચાર પ્રમાણ, અને અનુભવ દૃષ્ટિથી તત્ત્વોની વિચારણા કરવી જોઇએ. સમ્યકત્વની પૂર્વે જે જે ધર્મના સંસ્કારો હૃદયમાં વાસિત થયા હોય તે તે સંસ્કારો સંબંધી જે જે માન્યતાઓ સ્વીકારી છે તે સત્ય છે, અને તેથી ઇતર માન્યતાઓ અસત્ય છે. એમાં કુલાચાર, સંસ્કારવૃત્તિ, અને આસપાસનાં વિચાર આચારનાં વાતાવરણો અને આસપાસના સંયોગે પ્રાપ્ત થએલ ધર્મ પુસ્તકો સંબંધી કારણોમાં સત્ય અને અસત્ય કેવી રીતે છે ? વા નિષ્પક્ષપાત મધ્યસ્થ દૃષ્ટિથી ન્યાયાધીશની પેઠે હું જે ધર્મ પાળું છું તે કયા પ્રમાણથી સત્ય વા અસત્ય છે, અને તેમાં મારો આન્તરિક અનુભવ મને કયું તત્ત્વ ગ્રહણ કરવા પ્રેરે છે, તેનો નિષ્પક્ષપાતભાવે જ્ઞાન દૃષ્ટિથી કલાકોના કલાકો પર્યન્ત વિચાર કરવો જોઇએ. વિશ્વમાં વર્તમાનમાં, વિદ્યમાન સર્વ ધર્મના પ્રવર્તકો, તેઓના ગુરૂઓ અને તેઓના દ્રવ્યથી અને ભાવથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવનો વિચાર કરવાની સાથે તેઓએ કઇ દૃષ્ટિએ કેવા જીવોને કયા દ્રવ્યાદિકની અપેક્ષાએ કેવા ધર્મનો કેવી રીતે કયા કયા ઇશ્વરાદિ તત્ત્વો સંબંધી ઉપદેશ દીધો, તે સર્વધર્મોના તત્ત્વોનો મધ્યસ્થભાવથી મુકાબલો કરીને પરિપૂર્ણ સત્યને નય અને પ્રમાણથી શોધવું, અને પૂર્વની અંગીકૃત ધર્મ અને પશ્ચાત્ અંગીકૃત ધર્મ સંબંધી અનુભવ ગમ્ય જે હોય અને જે સત્ય હોય તેને સ્વીકારાય. એવા ગુણોએ શુભ મનુષ્ય સમ્યકત્વ પ્રાપ્ત કરી શકે છે.

× × × ×

जैनदृष्टिए आत्मानुं अनन्त वर्तुल.

મનુષ્ય જેમ જેમ જ્ઞાન સંપ્રાપ્ત કરતો જાય છે, તેમ તેમ તે સંકુચિત વિચાર અને આચારના વર્તુલને અનુક્રમે મહાન્ કરતો જાય છે. કોઇ **એક નયની અપેક્ષાએ વિચાર કરીએ તો મનુષ્ય પોતાના વિચારો અને આચારો જેવડો છે.** પોતાના વિચારો અને આચારના વર્તુલમાં પ્રત્યેક મનુષ્ય રહે છે, અને તેનાથી ભિન્ન વિચારાચાર વર્તુલને તિરસ્કારે છે. વા અસત્યાદિવડે સંબોધે છે. મનુષ્ય જેમ જેમ આસપાસનાં વિચાર અને આચારનાં વર્તુલો દેખીને તેઓને સાપેક્ષજ્ઞાનનયદૃષ્ટિએ આત્મામાં સમાવતો સમાવતો આગળ વધે છે, તેમ તેમ તે પ્રજ્ઞાન દૃષ્ટિએ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન, અને છેવટે કેવલજ્ઞાનને પ્રાપ્ત કરીને લોકાલોકને પોતાના કેવલજ્ઞાનમાં સમાવીને સર્વવ્યાપક વર્તુલત્વને પ્રાપ્ત કરી શકે છે. સારાંશકે—તે કેવલજ્ઞાનમાં લોકાલોક સર્વ જ્ઞેય પદાર્થોને પોતાનામાં સમાવી શકે છે. મિથ્યાત્વ—રાગ—દ્વેષાદિનો જેમ જેમ ક્ષય થતો જાય છે, તેમ તેમ આત્મામાં જ્ઞાનનો આવિર્ભાવ થતો જાય છે, રાગાદિના ઉપશમાદિભાવે જેમ જેમ જ્ઞાનવર્તુલ મહાન્ થતું જાય છે, તેમ તેમ તે જ્ઞેયપદાર્થોની સત્યવિચારણાઓમાં આગળ વધતો જાય છે, અને તે પૂર્વના દૃઢ થએલ ઘણા કદાગ્રહોથી મુક્ત થતો જાય છે. આવી સ્થિતિમ. જ્ઞાની આત્મા અનુભવ કરીને કથે છે કે, પૂર્વના કરતાં હું વિચારમાં આગળ વંધ્યો છું. આવી રીતે જ્ઞાનરૂપ વર્તુલમાં આગળ વધનાર આત્મા અન્ય અનેક સાપેક્ષ નયવાળા વિચારોમાં આગળ વધવાને અધિકારી થતો જાય છે, અને તે રાગાદિની ઉપશમતા આદિની યોગ્યતાએ જ્ઞાનરૂપ વર્તુલમાં આગળ વધતો જાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે સત્સમાગમ, સદ્ગ્રન્થવાચન અને અનુભવજ્ઞાન એ ત્રણ અસરકારક ઉપાયો છે. આત્મા પર માયા, પ્રકૃતિ યાને કર્માવરણ હોવાથી જે જે અંશે રાગદ્વેષાદિ ક્ષયે આત્મજ્ઞાન વિકસતું જાય છે, તે તે અંશે જ્ઞાનરૂપ વર્તુલની અપેક્ષાએ આત્મા પણ એવડો ગણાય છે. અનન્ત જીવો છે. સર્વ જીવોને જ્ઞાનાવરણીયાદિ કર્માવરણો લાગેલા છે. તે જે જે અંશે ટળે છે તે તે અંશે જ્ઞાનાદિ વર્તુલોનું પૃથુત્વ સર્વ જીવોમા પડ્ગુણ હાનિવૃદ્ધિરૂપે પરિણમતું જાય છે. સાપેક્ષ જ્ઞાન દૃષ્ટિમાન્ જીવ આ પ્રમાણે અવબોધીને તે અનન્ત જ્ઞાનરૂપ વર્તુલનો પ્રકાશ કરવા પ્રવર્તે છે.

× × × ×

શ્રીસર્વજ્ઞધર્મ દેશકાલાદિવડે અપરિછિન્ન વર્તુલ સમાન અનન્ત છે. મુક્ત થવાના અસંખ્યાતયોગો શ્રીજૈનદર્શનમાં જણાવ્યા છે. અસંખ્ય યોગોમાં વિશ્વના સર્વધર્મોનો સાપેક્ષિકદષ્ટિએ સમાવેશ થાય છે. આત્માના સામર્થ્ય વિશેષરૂપ અસંખ્ય યોગો છે. અસંખ્ય યોગોનો જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં સમાવેશ થાય છે. અસંખ્યયોગોવડે આત્માના ઉપશમાદિગુણો પ્રાપ્ત કરીને મુક્ત થવું, એજ સૂક્ષ્મ દષ્ટિમાં અવધારવા યોગ્ય છે. કર્મસહિત આત્મા રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણની અપેક્ષાએ બ્રહ્મા, મહાદેવ અને વિષ્ણુ વગેરે નામોથી સંબોધિત થતો હોય તો જૈનદષ્ટિ તેને પોતાનામાં સાપેક્ષપણે એવા બ્રહ્માદિ પર્યાયોને સકર્મચેતનપર્યાયો ગણીને સમાવી દે છે. નાભિકમલમાં આત્માના આઠ રૂચક પ્રદેશ છે તે સિદ્ધસમાન નિર્મલ છે. શરીરમાં વ્યાપ્ત થએલો આત્મા તે શરીરરૂપ સૃષ્ટિની અપેક્ષાએ સમષ્ટિરૂપ હોવો તેનો શરીરની સાથે ક્ષીરનીરવત્ સંયોગ છે. શરીરને પીંપલાની ઉપમા આપવામાં આવે અને તેના ઉદર ભાગને એક ડાળ વા પત્રની ઉપમા આપવામાં આવે, તેમાં પર સત્ત્વગુણી પ્રકૃતિની મુખ્યતાવાળા આત્માને વિષ્ણુની ઉપમા આપવામાં આવે, તેમાંથી નાભિમાં અષ્ટકમલ પાંખડીવાળું કમલ ઉત્પન્ન થયું એમ માનવામાં આવે, તેમાંથી રૂચક-અષ્ટપ્રદેશવડે સદ્ આત્માથી ચિતિરૂપ બ્રહ્મા ઉત્પન્ન થયા, એમ માનવામાં આવે, અને તદ્દ્વારા સર્વજ્ઞેયરૂપ વિશ્વનું જ્ઞાન જગત્‌માં ઉત્પન્ન થયું એમ પૌરાણિક કલ્પનાને ઘટાડવામાં આવે તો જૈનજ્ઞાનદષ્ટિએ અવિરોધભાવે જૈનદર્શનમાં તેનો સમાવેશ થાય છે. દર્શનને બ્રહ્માની ઉપમા આપવામાં આવે, જ્ઞાનને મહાદેવની અને ચારિત્રને વિષ્ણુની ઉપમા આપવામાં આવે તો એ રીતે ત્રણ ગુણરૂપી ત્રણદેવોનો જૈન દષ્ટિએ આત્મામાં સમાવેશ થાય છે. અન્ય અપેક્ષાએ જ્ઞાનરૂપ વિષ્ણુમાંથી ક્ષાયિકસમ્યક્ત્વરૂપ બ્રહ્માનો અને તેમાંથી ચારિત્રરૂપ મહાદેવનો પ્રાદુર્ભાવ યુક્તિયુક્ત કરી ઘટાડીને તેનો આત્મામાં સમાવેશ કરવામાં આવે તો જૈન દષ્ટિએ એ ત્રણ ગુણોના વર્તુલમાં બ્રહ્માદિ દેવોનો અન્તર્ભાવ થાય છે. એ ત્રણ ગુણોને બ્રહ્માદિની ઉપમા આપીને એકેકમાં અન્યનો અવતાર અપેક્ષાએ માનવામાં આવે તો ઘટી શકે છે. શ્રુતજ્ઞાનથી દર્શનની પ્રાપ્તિ થાય છે. દર્શનથી જ્ઞાનનો પ્રગટભાવ સંભાવ્ય થાય છે. ચારિત્રમાંથી કેવલજ્ઞાન અને દર્શન પ્રગટ થાય છે. ઇત્યાદિ સાપેક્ષ યુક્તિદ્વારા ઘટાડીને આત્મામાં બ્રહ્માદિનો સમાવેશ કરવો. પૂરક, રેચક અને કુંભકને યોગની શૈલીએ બ્રહ્મા, મહાદેવ, અને વિષ્ણુ કથવામાં આવે છે, તેનો યોગદષ્ટિએ જૈનદષ્ટિએ આત્મામાં સમાવેશ થાય છે. યોગ પરિભાષાએ

આધ્યાત્મિક વિશુદ્ધિ ઉત્તરોત્તર ઉચ્ચમાં વધે છે, અને તે સ્થૂલ-
તર ધર્મનું અવલંબન ધારણ કરીને ભિન્ન ભિન્ન પ્રકારે નહિ
[illegible] ધારણ કરીને વિવિધ [illegible] ધારે જેનાનું સ્વરૂપ [illegible]
છે, એટલે પ્રમાણે આધ્યાત્મિક [illegible] મુખ્યસ્થાન અને [illegible]
ધર્મની આધ્યાત્મિક [illegible] અને [illegible] જૈનદર્શનમાં [illegible]
[illegible] થવાથી જૈનદર્શન [illegible] [illegible] [illegible]
[illegible] બની શકે છે. [illegible] [illegible] [illegible] [illegible] તેને
[illegible] કહેવાય છે. જૈનદર્શન, [illegible] [illegible] કહેવાય છે અને
[illegible] [illegible] [illegible] કહેવાય છે, તેથી જેના [illegible]
[illegible] જૈનદર્શનમાં [illegible] થાય છે, અને જેના [illegible] [illegible]
[illegible] જૈનદર્શનમાં [illegible] [illegible] થાય છે. [illegible]
[illegible] [illegible] આત્મસ્વરૂપમાં આત્માભિરામતાની અપેક્ષાએ [illegible]
[illegible] થાય છે. [illegible] [illegible] અને તે [illegible] [illegible]
[illegible]

[illegible]

સર્વ જીવોના શ્રેયઃ અર્થે પરોપકાર કરવાનું શિક્ષણ આપનાર જૈનધર્મ છે. સત્ય સ્વાતંત્ર્ય અને સત્ય પારતંત્ર્યનું શિક્ષણ આપનાર જૈનધર્મ છે. અશાંતિ, યુદ્ધ, હિંસા વગેરેને હઠાવીને સર્વત્ર સર્વ દેશમાં સર્વથા, સર્વદા શાંતિ અને દયાનો ફેલાવો કરનાર જૈનધર્મ છે. શ્રીવીતરાગ મહાવીર પ્રભુએ જૈનધર્મનાં ઉદાર તત્ત્વો સમસ્ત વિશ્વ મનુષ્યોને જાહેર કર્યાં છે. તેનો લાભ આપવાને વિશ્વમાં જૈન મહાત્માઓએ ઉદાર સર્વનય સાપેક્ષ દૃષ્ટિથી ઉપદેશાદિકે પ્રવૃત્ત થવું જોઇએ.

× × × ×

આત્મામાં ષડ્દર્શનો આદિ અનેક દર્શનોની દૃષ્ટિઓ સમાઇ જાય છે. ક્ષયોપશમભાવે અનેક મત દૃષ્ટિઓ જગતમાં ઉત્પન્ન થાય છે. સમ્યક્ ક્ષયોપશમે અસંખ્ય દૃષ્ટિઓ ઉદ્ભવે છે પણ તે સર્વે પરસ્પર વિચાર સાપેક્ષતાએ એક સાંકળના અંકોડાની પેઠે સંબંધિત થએલી હોય છે. કુક્ષયોપશમે અસંખ્ય દૃષ્ટિઓ થાય છે, અને તે દૃષ્ટિઓ પરસ્પર એક બીજાની સાથે સંબંધિત થતી નથી. जावइया वयणपहा, तावइया चेव हुंति नयवाया આ વાક્યને અનુસરી જેટલા વચન-માર્ગો છે તે અર્થાત્ જેટલા વચનમાર્ગો છે તેટલા નયવાદો છે. સર્વનયવાદો સાપેક્ષ દૃષ્ટિએ સમ્યગ્જ્ઞાનના છે, અને સર્વે નયવાદો એક બીજાની અપેક્ષા વિના મિથ્યાત્વને અનુસરનારા છે. જેટલા નયવાદો છે તેટલા દર્શનો-મતો છે. સર્વ મતો અગર દર્શનોનો આધાર ક્ષયોપશમભાવે આત્મા હોવાથી સર્વનય સાપેક્ષ દૃષ્ટિએ આત્મામાં વસ્તુ સ્વભાવે ધર્મનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરવો જોઇએ. "ષડ્દર્શન જિન અંગ ભણીજે" એ વાક્યને આત્મામાં સાપેક્ષપણે ઉતારવામાં આવે તો વિશ્વમાં પ્રવર્તેલા અન્ય સર્વ ધર્મોપર સાપેક્ષ દૃષ્ટિએ અનાગ્રહ પ્રવર્તવાથી સર્વ ધર્મોમાંથી સમ્યગ્ સત્ય ગ્રહવાની વિશાલદૃષ્ટિ ખીલે છે, અને તેથી સર્વ ધર્મો પર સમભાવ પ્રવર્તે છે. જૈન ધર્મ પર દૃષ્ટિરાગ [illegible] થતો નથી. તેમજ કોઇ ધર્મ પર નિંદા [illegible] થતી નથી. સર્વ ધર્મો પર સમ- ભાવની પરિણતિ [illegible] [illegible] થતું નથી. [illegible] [illegible] [illegible] અને તેથી [illegible] સમ્યગ્ [illegible]

વિચાર કરાવનાર અને સર્વ જીવોના શ્રેયમાં યથાશક્તિ ભાગ લેવાનો વિચાર કરાવનાર અને સર્વ જીવોની સેવામાં ઉદારભાવથી પ્રવર્તાવનાર જૈનધર્મ હોવાથી ખરેખર જૈનધર્મ-જગતમાં મહાન્ ધર્મ ગણાય છે. પરસ્પર મતભેદથી ભિન્ન અને પરસ્પર એક બીજાને અધર્મી માનનાર એવા ભિન્ન ભિન્ન ધર્મિ મનુષ્યો કે જે એક બીજાને શત્રુ માનીને એક બીજાનું બુરૂં કરવા અને પરસ્પર નાશ કરવા ઉદ્યત થએલા હોય છે. તેઓના ઉપર પ્રમોદ, કરૂણા, મૈત્રી, અને ' वसुधैव कुटुम्बकम् ' એવો ભાવ રખાવીને પરસ્પર ધર્મ મતભેદે યુદ્ધ કરી લડી મરતા જીવોના પર આત્મભાવ રાખીને તેઓના વિચારોમાં સુધારો વધારો કરાવીને તેઓને સાચી શાન્તિ સમર્પનાર જૈનધર્મનો મુખ્ય ઉદ્દેશ હોવાથી વિશ્વ મનુષ્યોના કલ્યાણાર્થે, સર્વજીવોની દયાર્થે, વિશ્વમાં સર્વત્ર શાંતિ પ્રસરાવવા અર્થે, જૈનધર્મનો આખી દુનિયામાં સર્વત્ર ફેલાવો કરવાની જરૂર છે. સૂક્ષ્મજ્ઞાન-દૃષ્ટિધારક આત્મજ્ઞાનિયો જૈનધર્મના અનન્ત ધર્મવત્સલના મહત્ત્વને અવબોધીને જૈનધર્મનો પ્રચાર કરવા પ્રયત્ન કરે છે.

× × × ×

જૈનધર્મનો મુખ્ય ઉદ્દેશ રાગ દ્વેષનો નાશ કરીને આત્માની પર-માત્મતા પ્રાપ્ત કરવાનો છે. વિશ્વવર્તિ સર્વજીવોમાથી ક્રોધ, માન, માયા, લોભ, કામ, મત્સર, નિન્દા, તૃષ્ણા, ભય અને શોક વગેરે દોષોને દૂર કરવા અને સર્વજીવોના જ્ઞાન, દર્શન-ચારિત્રાદિ ગુણો ખીલવવા એ જૈનધર્મનો મુખ્યોદ્દેશ છે. શારીરિક, વાચિક, અને માનસિક, શક્તિયો ખીલવીને સાત્વિક ગુણ પૂર્વક આત્મા અને પરજીવોના ગુણો ખીલવવા યથાશક્તિ પ્રયત્ન કરવો, કરાવવો અને જે પ્રયત્ન કરતા હોય તેઓની પ્રશંસા કરી ઉત્તેજન આપવું એવું જૈનધર્મ શીખવે છે. અને નાત, જાત, દેશ, વગેરેનો ભેદ રાખ્યા વણ ઉદારભાવે સર્વને સર્વત્ર સર્વથા સર્વદા શાસન કરે છે. અતએવ જૈનધર્મની મહત્તા અને તેની અનન્તતાનો સ્વીકાર સર્વ વિશ્વવર્તિ મનુષ્યોને કરાવવા સ્વવિચારોને પ્રબોધવા પડે છે. પાશ્ચાત્ય વગેરે દેશના ડાર્વિન વગેરે વિદ્વાનોએ યદિ જૈન-ધર્મકથિત ઉત્ક્રાન્તિવાદ અવબોધ્યો હોત, તો તેઓની તેઓના વિચારોમાં સમ્યગ ઉત્ક્રાન્તિવાદનું ચિત્ર ખડું થાત એમ સાપેક્ષ દૃષ્ટિએ કથવું પડે છે. ગૃહસ્થધર્મના આચારો અને સુવિચારો સંબંધી જૈનધર્મમાં અનેકધા શાસન

મનુષ્યોને જૈનધર્મનો લાભ આપવા માટે સર્વ દેશોમાં સર્વ જાતના મનુષ્યોની આગળ જૈનધર્મના સદુપદેશોને રજુ કરવા જોઇએ અને ખીલીને ક્રમ-વારીને ભગ એ ન્યાય પ્રમાણે જૈનધર્મમાંથી ખાટી જેટલી શક્તિવાળા અલ્પધર્મ અંગીકાર કરી શકે છે, અને વિશેષ શક્તિવાળા જૈનધર્મ અવબોધીને વિશેષ ધર્મ ગ્રહી શકે છે. જૈનધર્મ સર્વમનુષ્યોને પોતપોતાની શક્તિ પ્રમાણે શ્રુતધર્મ અને ચારિત્ર્યધર્મ ગ્રહણસંબંધી ઉપદેશ કરે છે. વ્યક્તિસ્વાતંત્ર્ય, બુદ્ધિસ્વાતંત્ર્ય, આચારસ્વાતંત્ર્ય, સંઘસ્વાતંત્ર્ય, અભિપ્રાયસ્વાતંત્ર્ય વગેરે નાના પ્રકારના સ્વાતંત્ર્યોની જે જે અંશે આવશ્યકતા જે જે નયદૃષ્ટિએ ઘટે છે, તેનો સ્વીકાર પ્રચાર કરાવનાર જૈનધર્મ છે. અને એક વ્યક્તિ આદિ સ્વાતંત્ર્યથી તે ઠેઠ પરમાત્મ સ્વાતંત્ર્ય સુધીનો જાહેર ઘોષ કરનાર અને સર્વ પ્રકારની દુઃખદશારૂપ પરતંત્રતાની બેડીમાંથી મુક્ત કરીને વાસ્તવિક સ્વાતંત્ર્ય સમર્પનાર જૈનધર્મ હોવાથી તેના ઉદારતત્ત્વાદિ વિચારોનો વિશ્વમાં સર્વત્ર ફેલાવો કરવો જોઇએ. જગત્‌માં પારતંત્ર્ય ત્યાજ્ય છે અને કયું પારતંત્ર્ય ક્યાં સુધી કોને કેવા દ્રવ્યાદિભાવે આદરવા લાયક છે, તેનો વિવેક કરાવીને સદ્‌ગુણોને ઉત્પન્ન કરનાર કરાવનાર એવા વ્યાવહારિક તથા ધાર્મિક પારતંત્ર્યની ઉપયોગિતા અને આદેયતા શિખવનાર તથા તેમાં પ્રવર્તાવનાર જૈનધર્મ હોવાથી જૈનધર્મનો સર્વત્ર ફેલાવો કરવાની જરૂર છે. વાસ્તવિક સુખપ્રદ એવું વાસ્તવિક સ્વાતંત્ર્ય તથા વાસ્તવિક પારતંત્ર્યની દશા દર્શાવનાર જૈનધર્મ હોવાથી તે વિશ્વવ્યાપકધર્મની યોગ્યતા ધરાવવા સમર્થ થાય છે. દયા, સત્ય, શુદ્ધપ્રેમ, મૈત્રીભાવના, કરૂણાભાવના, માધ્યસ્થ્ય, પ્રમોદભાવના, ગુણાનુરાગ, વ્યસનત્યાગતા, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહપરિમાણ, સમભાવ, શાન્તિ, દાન અને સેવા વગેરે ધર્મો સર્વ દેશમાં સર્વ મનુષ્યોને આદરવા લાયક હોવાથી અને સર્વદેશના સર્વ મનુષ્યોની વ્યાવહારિક તથા ધાર્મિક ઉન્નતિ કરનાર હોવાથી તેઓ વિશ્વવ્યાપક ગુણધર્મો કહેવાય છે. એવા વિશ્વવ્યાપક દયાદિગુણો એજ જૈનધર્મ હોવાથી જૈનધર્મ એ વિશ્વવ્યાપક ધર્મ થવાની યોગ્યતાવાળો હોવાથી જૈનધર્મને વિશ્વવ્યાપક કરવા સર્વ દેશના સર્વ સાક્ષર મહાત્માઓએ લક્ષ આપીને ઉદાર ભાવથી તેનો ફેલાવો કરવો જોઇએ.

× × × ×

દુર્ગુણો પર જે જે અંશે જય મેળવવામાં આવે છે, તે તે અંશે જૈનત્વ મનાય છે. દુર્ગુણો પર જય મેળવવો, એ વિશ્વવ્યાપક ધર્મ છે. કામ ક્રોધાદિ દુર્ગુણો પર જય મેળવવાથી આત્માની વાસ્તવિક શાન્તિ પ્રાપ્ત થાય છે એમ જૈનધર્મ શિખવે છે, તેથી જૈનધર્મનો વિશ્વના મનુષ્યોએ ખરી શાન્તિ પ્રાપ્ત્યર્થે ફેલાવો કરવાની ખાસ જરૂર છે. આત્માના વાસ્તવિક જ્ઞાનાદિ ધર્મને જૈનધર્મ દર્શાવે છે, અને તેની પ્રાપ્તિના સમ્યગ્ ઉપાયોને જૈનધર્મ જણાવે છે, તેથી જૈન ધર્મનો જગત્માં સર્વત્ર પ્રચાર થાય તો વિશ્વવર્તિ મનુષ્યો સ્વકીય વાસ્તવિક ધર્મને અવબોધવા સમર્થ થઇ શકે. अहिंसा परमो धर्मः દયા સમાન કોઇ ધર્મ નથી. અહિંસાના પ્રચારથી જગત્માં સર્વ જીવોને શાન્તિ મળે છે. જૈનધર્મનો વિશ્વમાં સર્વત્ર પ્રચાર કરવાથી વિશ્વમાં સર્વત્ર યુદ્ધો, ખુનો, પશુઓ વિગેરેની કતલ થતી અટકી જાય અને તેથી વિશ્વમાં સર્વત્ર ખરેખરી શાન્તિ સ્વયમેવ રહી શકે છે એમ સમ્યગ્ અવબોધાય છે. જૈનધર્મના પાલકો દયાના ગુણવડે વિશ્વમાં દયાધર્મીઓ તરીકે પ્રખ્યાત છે. યદિ જૈનધર્મનો સર્વત્ર પ્રચાર થાય તો સર્વત્ર પરમાત્માનું સામ્રાજ્ય પ્રવર્તે એમ કથવામાં અતિશયોક્તિ કિંચિત્ પણ નથી. જૈનધર્મે ભારતવાસીઓને દયાદિ ગુણોનો ઘણો લાભ આપ્યો છે. ભારતદેશમાં દયાની મુખ્યતા અન્ય દેશોની અપેક્ષાએ પ્રવર્તે છે, તે ખરેખર જૈનધર્મના પ્રતાપે છે. દયાળુ મનુષ્યોનો જગત્માંથી નાશ થાય છે એમ ભૂતકાલમાં બન્યું નથી, વર્તમાનમાં બનતું નથી, અને ભવિષ્યમા બનનાર નથી. પક્ષીઓમાં કબુતર પંખી સડેલો દાણો પણ ખાતું નથી તો પણ તેની સખ્યામા કાગડાઓ વગેરે માંસાશી પક્ષીઓ કરતાં ઘટાડો થએલો દેખવામા આવતો નથી. જૈનો દયાથી બાયલા બની ગયા અને તેથી દેશ પરતંત્ર થયો એમ પણ કથી શકાય તેમ નથી, કારણ કે વિશ્વમાં સર્વદેશોમાં સર્વત્ર દયા પ્રવર્તે તો કોણ રાજા કોના ઉપર ચઢાઇ કરે અર્થાત્ કહેવાનું કે કોઇના પર કોઇ ચઢાઇ કરે નહીં, અને કોઇને કોઇ મારી નાખવા પ્રયત્ન કરી શકે જ નહીં. પશુઓનો અને પંખીઓનો નાશ થતો પણ અટકી શકે. મનુષ્યો પણ પરસ્પર એક બીજાઓનું ખૂન કરી શકે નહિ. ઇત્યાદિ અનેક પ્રકારે રાજાઓને અને પ્રજાઓને જૈનધર્મથી લાભ મળી શકવાના હેતુથી અનન્તવર્તુલરૂપ જૈનધર્મનો ફેલાવો કરવાની જરૂર છે.

× × × ×

જૈનદર્શન, સંગ્રહનય સત્તાએ एगे आया એવું આત્મત્વ જાતિ સામાન્યે સ્વીકારી આત્મા રૂપ બ્રહ્મની અસ્તિ વિશ્વમાં સર્વત્ર સ્વીકારે છે, અને તેમાં સર્વનો અન્તર્ભાવ કરે છે. સાપેક્ષ સંગ્રહનયે જૈનો શંકરાચાર્યના બ્રહ્મવાદનો આત્મામાં અન્તર્ભાવ કરીને જૈનધર્મની અનન્ત વર્તુલતાનો જગતને ખ્યાલ કરાવી આપે છે. ધર્મનાં એકાન્તવાદિ લઘુવર્તુલો મહાવર્તુલમાં સમાય, પણ જે સ્યાદ્વાદ જ્ઞાનરૂપ અનન્ત વર્તુલ છે તેનો અન્ય એકાન્તવાદાત્મક લઘુવર્તુલમાં સમાવ થાય નહીં. હાથીના પગમાં સર્વના પગ સમાય પણ અન્યના પગમાં હાથીના પગ સમાય નહીં. આ નિયમ પ્રમાણે અન્યદર્શનો ખરેખર અનેક સાપેક્ષનયોની અપેક્ષાએ જૈનદર્શનમાં સમાઇ જાય છે. શ્રી આનંદઘનજી કથે છે કે-षड्दर्शन जिनअंग भणीजे ॥ जिनवरमां सघळां दर्शन छे. दर्शने जिनवर भजनारे. सागरमां सघळी तटिनी सही. तटिनीमां सागर भजनारे. षड्दर्शन जिन. જડવાદીઓના મતને પણ જૈનધર્મરૂપ પુરુષની કુખ સમાન ગણીને જે દર્શનપોતાનામાં તેને સાપેક્ષપણે સમાવે છે તે દર્શનની અનન્તવર્તુલતાને કોઇ પહોંચી શકે તેમ નથી. અપરિમિત સાપેક્ષજ્ઞાનમય અનન્તવર્તુલરૂપ જૈનદર્શન એ એક મહાસાગર છે, તેમાં અન્યદર્શનો રૂપ નદીઓ સમાઇ જાય છે. અહો! આવા સ્યાદ્વાદ જૈનદર્શન સ્વરૂપને જૈનો તરીકે ગણાતા જૈનોમાંથી પણ આંગળીના ટેરવા પર ગણાય એટલા વિદ્વાનો સમ્યગ્ રીતે ઉપર કથ્યા પ્રમાણે અને તેનો ભાવાર્થ અન્યોને સંપૂર્ણ રીત્યા અવબોધાવવા સમર્થ થાય છે. જૈન તરીકે કહેવાતા જૈનો દ્રવ્યાનુયોગી અને અધ્યાત્મજ્ઞાની ગીતાર્થોની સેવા કરીને જૈનદર્શનની અનન્ત વર્તુલતા પરિપૂર્ણ અવબોધી શકે તો તેમની વિશાલદષ્ટિ થાય અને તેઓના હૃદયમાંથી સંકુચિતદૃષ્ટિ ટળી જાય. તેમજ તેઓ સર્વ દર્શનોમાં વ્યાવહારિકોન્નતિ તથા ધાર્મિકોન્નતિ કરવામાં અગ્રગણ્યપદ ધારણ કરનાર જૈનધર્મની અનન્ત વર્તુલતાનો વિશ્વમાં બોધ આપી શકે. નયોની અપેક્ષાઓ, નિક્ષેપો અને ઉત્સર્ગ તથા અપવાદમય આચારો કે જે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, પ્રમાણે સાધુઓને તથા ગૃહસ્થોને આચારવાના છે તેઓનો ખ્યાલ જગતને આપવા માટે ગીતાર્થોને અનેક ભાષામાં અનેક વિસ્તારમય પુસ્તકો લખીને તથા ભાષણો આપીને પોતાની ફરજ બજાવવી જોઇએ. આસ્તિકો અને વિદ્વાનો જૈનધર્મ ઉપર છે, અને તે જગતને [illegible] [illegible] [illegible] શકે છે માટે જૈનધર્મને પૂર્વની પેઠે સાર્વજનિક ધર્મનું રૂપ આપવું જોઇએ. સર્વત્ર આચાર્યો [illegible] અને સર્વત્ર સર્વજનની વ્યાવહારિક તથા આધ્યાત્મિકોન્નતિ

સ્વરૂપાત્મામાં પોતે પોતાને દેખી શકાય, અને વિશ્વવર્તિ સર્વજીવોનો જૈનધર્મની અપરિમિત અનન્ત ધર્મવર્તુલતાનો જાહેરબોધ આપવાનો ધર્મોદ્યોગ કરી શકાય. ઉપર્યુક્ત જૈનધર્મની આરાધના કરવા તથા અન્ય મનુષ્યોને તેનો લાભ આપવા જગતમાં સર્વત્ર જૈનધર્મનો પ્રચાર કરવા તથા કરાવવાને જૈનધર્મ તથા જૈનોની સેવા કરી જોઇએ. જમાનાના અનુસારે જૈનધર્મને વિશાલદષ્ટિથી જગતમાં પ્રસારવા માટે લાખો ગીતાર્થો તરફથી આત્મભોગ આપવામાં આવે ત્યારે કંઇ વિશ્વ મનુષ્યોના કાનમાં જૈનધર્મ શબ્દનો ધ્વનિ જઇ શકે અને તેથી તેઓ જૈનધર્મના વિચારો તથા આચારો સંબંધી વિવેક પ્રાપ્ત કરી શકે. અમારા આત્મરૂપ જૈનબંધુઓ જાગો, આપણા જૈનધર્મનું વર્તુલ હાલ કેટલું અન્ય લોકોના કલ્પવામાં આવે છે તેનો ખ્યાલ કરો અને વસ્તુતઃ પ્રયત્ન કરો. **તમારા જેવા જૈનધર્મના સાંકડા વિચારો નથી.** વિશાલદષ્ટિથી આગળ વધો. વિશ્વમાં પ્રવર્તતા સર્વધર્મોમાં જૈનધર્મની મહાન્ તરીકે ગણના થાય એવું સર્વ કરો.

× × × ×

આચાર્યનું કર્તવ્ય.

૧. આવશ્યક કર્તવ્યોમાં ચતુર્વિધસંઘને યોજવો.

૨. આગમોનું આપ્તત્વ સિદ્ધ કરવું અને આગમોનાં શાસ્ત્રોનો પ્રચાર કરવો તથા આગમોના સમ્યગ્ ભાવાર્થને શિષ્યોને સમર્પી તેનો પ્રચાર કરવો.

૩. પંચાચાર પાળવા અને સાધુઓ તથા સાધ્વીઓ પાસે પંચાચાર પળાવવા. સાધુઓને અને સાધ્વીઓને પંચાચાર પાળવામાં વિઘ્નો વગેરેનો નાશ કરવા તેઓને સાહાય્ય કરવી.

૪. સાધુઓ અને સાધ્વીઓને સ્વગચ્છના આચારવિચારથી કુશલ બનાવવા, અને અન્યગચ્છોના આચારો સમાચારીઓનું જ્ઞાન આપવું. અન્યગચ્છોના સાધુઓ તથા સાધ્વીઓના આચારો અને અન્યદર્શનીય ધર્મ ગુરૂઓના આચારો અને વિચારોનું તુલનાત્મકપૂર્વક શિક્ષણ આપવું. સ્વગચ્છ અને અન્યગચ્છોના ઇતિહાસોનું સમાલોચક બુદ્ધિપૂર્વક જ્ઞાન આપવું. સ્વગચ્છ

અને પ્રગચ્છની ગચ્છી પદ્ધતિના કારણો સમજવાં. અન્યગચ્છોનાં ગચ્છી પદ્ધતિનાં કારણોને નિરાગ્રહ પૂર્વક સમજવાં.

૫. જૈનધર્મની ગચ્છી પદ્ધતિના કારણોને ઐતિહાસિક દૃષ્ટિથી જાણવા અને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનું વર્તમાનકાલે જ્ઞાન આપીને વર્તમાન કાલમાં શું ? તેનો પરિપૂર્ણ નિર્ણય કરવો.

૬. વર્તમાનકાલમાં સાધુઓએ અને સાધ્વીઓએ શ્રુતધર્મ અને ચારિત્રધર્મના પ્રચારાર્થે કેવી રીતે વર્તવું જોઇએ ? અને કેવી રીતે વર્તવું ? અન્ય જૈનધર્મીય પન્થોના સાધુઓ સાથે કયા કયા બાબતોમાં કઇ કઇ દૃષ્ટિએ કેવી રીતે ક્યાં ક્યાં વર્તવું ? તેનું સંપૂર્ણ જ્ઞાન આપવું.

૭. સાધુઓને અને સાધ્વીઓને વિદ્વાન બનાવવાને માટે જે જે યોગ્ય ઉપાયો લાગે તે અમલમાં મૂકવા. ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, રત્ન વગેરે પદવીઓ જેઓને ઘટે તેઓને આપવી, અને વિહાર વગેરેની તથા ચતુર્માસ કરવા સંબંધીની યોગ્ય યોજનાઓની વ્યવસ્થા કરવી.

૮. અન્ય ગચ્છો કરતાં સ્વગચ્છના સાધુઓને તથા સાધ્વીઓને શ્રુતધર્મ તથા ચારિત્રધર્મમાં ઉચ્ચ બનાવવા માટે જે જે ઉપાયો આદરવા ઘટે તે આદરવા અને સ્વગચ્છની ઉન્નતિ થાય તેવા વર્તમાનમાં જે જે ઉપાયો લેવા ઘટે તે લેવા. વ્યાકરણમાં, ન્યાયમાં, સિદ્ધાન્તમાં, જ્યોતિષમાં, સાહિત્યમાં, અધ્યાત્મશાસ્ત્રમાં, લેખનમાં, વ્યાખ્યાનમાં અને ઐતિહાસિક જ્ઞાનમાં પોતાના ગચ્છના પ્રત્યેક વિષયમાં મહાન્ વિદ્વાનો તૈયાર કરવા.

૯. પોતાના ગચ્છની ઉન્નતિ થવામાં જે જે ખામીઓ વિઘ્નભૂત લાગે તેઓને દૂર કરવી. પોતાના ગચ્છના શ્રાવકોને અને શ્રાવિકાઓને ઉચ્ચ બનાવવા પ્રયત્ન કરવો. પોતાના ગચ્છના શ્રાવકોને પરસ્પર સહાય આપવાના ઉપદેશ દેવા, અને તેઓની ઉન્નતિ થાય એવા ઠરાવો તેમને જણાવ

૧૦. અન્ય ગચ્છના સાધુઓ પાસેથી જ્ઞાન વગેરે ગ્રહણ કરવું. પોતાના ગચ્છના સાધુઓને કારણે રજા આપવી. અન્ય ગચ્છમાં જે જે સાધુ [illegible] ન રહેવા માગતા હોય તેઓને સ્વગચ્છમાં દાખલ કરવા અને [illegible] ઓળખાં સુધારો કરવો.

૧૧. પ્રતિદિન વિધિપૂર્વક સૂરિમંત્રનો જાપ કરવો. સૂરિમંત્રકલ્પમાં કહ્યા પ્રમાણે સૂરિમંત્રની આરાધના કરવી.

૧૨. અમુક દેવ વા દેવીને આરાધીને પોતાના અનુકૂલ કરવી કે જેથી પ્રસંગોપાત્ત કાર્ય પ્રસંગે તેની સાહાય્ય થાય.

૧૩. આચાર્યે પોતાની પાસે યોગ્ય વિશ્વસનીય, સમર્થ, સમયજ્ઞ, સ્વાનન્યમનરક એવા સાધુઓને રાખવા. અને તદ્દ્વારાએ કાર્યો કરાવવાં. જેમાં પોતાની ચર્ચા ન થાય એવાં ધાર્મિક કાર્યો પોતે કરવાં.

૧૪. સ્વગચ્છ અને પરગચ્છીય સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, અને શ્રાવિકાઓ પૈકી પોતનાથી અનુકૂલ, અને પ્રતિકૂલ કોણ, કોણ, શા શા વિચારોથી છે તેનો ગુપ્તપણે પત્તો મેળવવો અને તત્સંબંધી યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી.

૧૫. સર્વસાધારણ ચતુર્વિધ મહાસંઘની ઉન્નતિનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી કાર્યો કરવાં, અને ચતુર્વિધ મહાસંઘની સર્વ પ્રકારે ઉન્નતિ થાય એવો સદુપદેશ દેવો, દેવરાવવો અને તેવા કાર્યમાં સ્વગચ્છીય, વા પરગચ્છીય. જે જે સાધુઓ પ્રવૃત્તિ કરતા હોય તેઓને યથાયોગ્ય સાહાય્ય તથા અનુમોદન આપવું.

૧૬. સ્વગચ્છ સાધુઓ તથા સાધ્વીઓની હાનિ થાય વા સ્વગચ્છની પડતી થાય એવી પ્રતિકૂલતા ધરાવનારા અન્યગચ્છીય સાધુઓ વગેરેને પ્રથમ સમજાવવા, અને તેમને અનુકૂલ કરવા પ્રયત્ન કરવો. અને તેમ જો ન બને તો તેઓ હાનિ કરવા ન સમર્થ થાય, એવા યુક્તિપૂર્વક દેશકાલાનુસારે યથાયોગ્ય ઉપાયો લેવા.

૧૭. સ્વગચ્છના સાધુઓ અને સાધ્વીઓને અપરાધ યોગ્ય પ્રાયશ્ચિત્તો આપવાં, સ્વગચ્છમા ફાટફુટ કરનાર અને કરાવનારાઓને યથાયોગ્ય હિતશિક્ષા કરવી. પરગચ્છીય જે જે સાધુઓ તથા સાધ્વીઓ પોતાન સ્વગચ્છમાં દાખલ થવા ઇચ્છે, તેમા સુવેદનો ભંગ ન થાય, અને તેઓની યોગ્યતા તપાસીને યોગ્ય લાગે તો તેઓને સ્વગચ્છમાં દાખલ કરવા.

૧૮. સ્વગચ્છના સાધુઓ અને સાધ્વીઓનું વાર્ષિક વા દ્વિવાર્ષિક સંમેલન કરવું અને, તે પ્રસંગે સ્વગચ્છીય ઉત્તમ, અનુભવી, રાગી, દક્ષ શ્રાવકોની હાજરી ઇચ્છવી. સ્વગચ્છીય, શ્રાવકો અને શ્રાવિકાઓમાથી રાગી અને અનુભવીઓને પોતાના કેટલાક સ્વગચ્છીય વિચારોથી માહિતગાર કરવા, કે જેથી તેઓ ગચ્છની ઉન્નતિમાં અને રક્ષામા યથાયોગ્ય ભાગ લેઇ શકે, અને બનતી સાહાય્ય આપી શકે.

૧૯. યુવક સાધુઓની પાસે અને સાથે વૃદ્ધ સાધુઓને રાખવા અને યુવક સાધ્વીઓની સાથે વૃદ્ધસાધ્વીઓને રાખવી. ચોથા વ્રતમાં દોષ ન લાગે એવી દેખરેખ તથા વ્યવસ્થા રાખવાનું કાર્ય જે જે સાધુઓને સોંપવા જેવું ઘટે તેને સોંપવું, અને ગુપ્ત રીતે પોતે દેખરેખ રાખવી.

૨૦. સ્વગચ્છના સાધુઓ અને સાધ્વીઓ અન્યગચ્છીય સાધુઓની નિન્દા ન કરે એવી સૂચનાઓ આપવી, અને અન્યગચ્છના સાધુઓ વગેરે સ્વગચ્છીય સાધુ વગેરેની નિન્દા હેલના ન કરે એવા સમયાનુસારે ઘટતા ઉપાયો લેવા.

૨૧. સ્વગચ્છના સાધુઓમાં અને સાધ્વીઓમાં પરિષહો સહન કરવાની શક્તિ પ્રગટાવવી, તથા સ્વગચ્છની ઉન્નતિ માટે અનેક ધાર્મિક કાર્યો કરવાની ઉત્સાહશક્તિ પ્રગટાવવી, અને સ્વગચ્છની રક્ષાર્થે તથા તેની અભિવૃદ્ધયર્થે આત્મભોગ આપવાની શક્તિ પ્રગટાવવી, અને આચાર્યની અપેક્ષાઓને સાધુઓ તથા સાધ્વીઓ સમજી શકે એવા ઉપાધ્યાય વગેરે દ્વારા ઉપાયો યોજવા.

૨૨. ગચ્છનાં પ્રત્યેક કાર્યની યોગ્ય પદવીધરોને સંભાળ રાખવા સૂચના કરવી. ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, રત્ન, ગણિ, પ્રવર્તિની વગેરેને જે જે ઘટે તે તે કાર્યોની વ્યવસ્થા કરવાનું કામ સોંપવું, અને પોતે તેની દેખરેખ રાખવી, અને યોગ્ય ભલામણો કરવી. ગોચરી વગેરે કાર્યો યોગ્ય સાધુઓને સોંપવા. આ પ્રમાણે કાર્યો વહેંચીને તેના ઉપરીઓ નીમવાથી કાર્યની સિદ્ધિ થશે, અને પ્રત્યેકને તે માટે ચીવટ રહેશે.

૨૩ પોતાના ગચ્છમાં લાયક સાધુઓને ઘટતી પદવીઓ આપવી, અને તેમને ધાર્મિક કાર્યો કરવામાં ઉત્સાહ આપવો, અને તેમને સાહાય્ય આપવાની વ્યવસ્થાઓની યોજના કરવી.

૨૪ સ્વગચ્છના સાધુઓ વગેરેને અન્ય ગચ્છના સાધુઓ ભ્રમાવે નહિ એવી વ્યવસ્થા કરીને ઘટતા ઉપાયો લેવા. સ્વગચ્છીય શ્રાવક અને શ્રાવિકાઓને અન્ય ગચ્છીય સાધુઓ વગેરે ન ભરમાવે તેવા યોગ્ય ઉપાયોને યોજવા તથા ભરમાવનારાઓને ઠેકાણે લાવવા યોગ્ય સાધુઓને તે કાર્ય માટે યોજવા અને અન્ય પણ જે ઘટે તે ઉપાયો આદરવા.

૨૫ ગચ્છના સાધુઓ અને સાધ્વીઓનો આચાર્ય, સંરક્ષક છે, અને મુક્તિમાર્ગ પ્રતિ તેઓને લઈ જનાર સાર્થવાહ છે, એવું તેણે જાણીને સાધુઓ અને સાધ્વીઓની સંરક્ષા કરવી, અને તેમની સેવા બજાવવી. અર્થાત્ તેઓના ભલા માટે પોતાનાથી બનતું કરવું.

૨૬. ગચ્છસ્થિત માંદા સાધુઓ અને સાધ્વીઓની દવા કરાવવી, અને તેમને રોગના નાશાર્થે સાહાય્ય આપીને ચારિત્ર્યમાં સ્થિર કરવા.

૨૭. સ્વગચ્છમાં નવા સાધુઓ તથા સાધ્વીઓ થાય એવા ઉપદેશાદિ ઉપાયોમાં પ્રવૃત્ત થવું અને અન્યોને પ્રવૃત્ત કરવા.

૨૮. ગચ્છનું બંધારણ મોક્ષની આરાધનાર્થે છે એમ લોકોને સમજાવવું, અને ગચ્છની સમાચારી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી સંવરસંમુખતાને ભજનારી છે અને તેથી વિશ્વમનુષ્યોને ધાર્મિક લાભ મળે છે એમ સમજાવવા માટે હેતુઓ પૂર્વક યોજનાઓ રજૂ કરવી. (છદ્મસ્થોની આગળ).

૨૯. ઉત્સર્ગ અપવાદ અનુસરીને ક્ષેત્ર કાલાનુસારે અપવાદ માર્ગે પ્રવર્તિને સ્વગચ્છનું રક્ષણ કરવું, અને સ્વગચ્છીય સાધુઓને ઉત્સર્ગ અને અપવાદ પૂર્વક પ્રવર્તવાનું જ્ઞાન આપવું.

૩૦. સ્વગચ્છીય સાધુઓ જૈન ધર્મની પ્રભાવના કરવાને પ્રભાવકો બની શકે એવી વિદ્યાઓ તેઓને આપવી, અને પાત્ર પ્રમાણે મંત્રાદિકનું દાન કરવું.

૩૧. કોઇ પણ ગચ્છના ગ્લાન સાધુની વૈયાવચ્ચ કરવી. તેને આહાર પાણી લાવી આપવો.

૩૨. કોઇ પણ ગચ્છના સાધુની સાથે દેવવંદનનો વ્યવહાર રાખવો, અને અન્ય ગચ્છના આચાર્યાદિક મળે તો ગુણાનુરાગદષ્ટિથી તેઓના ગુણો જે વ્યક્ત થયા હોય તેની પ્રશંસા કરવી, અને પોતાની પાસે આવે છતે આસન વગેરે આપવી યથાયોગ્ય સન્માન સાચવવું. કોઇ ગચ્છના સાધુનું અપમાન કરવું નહિ અને કરાવવું નહિ.

૩૩. અન્ય ગચ્છના સાધુઓ, આચાર્ય વગેરે પરસ્પર સંવાદ સુલેહના બંધારણથી બંધાય તો તેઓની સાથે યોગ્ય નિયમિત કરેલા વ્યવહારથી વર્તવું, અને એકસંપવડે ઐક્યની સંરક્ષા કરવા બનતા ઉપાયો લેવા

૩૪. અન્ય ગચ્છોના ભિન્નભિન્ન મતભેદની જે જે ચર્ચાઓથી પરસ્પર ક્લેશની ઉદીરણા થાય, તેવી રીતે વર્તવું નહિ અન્ય ગચ્છના આચાર્યાદિક કદાપિ સ્વગચ્છની સાથે ક્લેશની ઉદીરણા થાય એવી રીતે વર્તે તો તેમની સાથે પ્રેમથી કામ લેવું. પશ્ચાત્ તો જેમ ક્લેશની ઉદીરણા જે રીતે શમે તે રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી કામ લેવું.

૩૫. સ્વગચ્છના સાધુઓએ તથા સાધ્વીઓએ શ્રાવક તથા શ્રાવિકાઓ સાથે કોઇ પણ જાતની કલેશની ઉદીરણા ન થાય તેવી રીતે વર્તવું. કોઇ સાધુ વા સાધ્વીને શ્રાવક વા શ્રાવિકા સાથે કલેશની ઉદીરણા થાય તો સાધુ તથા સાધ્વીને ખમાવવાનું કહી ખમાવવાની ક્રિયા કરાવવી. સાધુઓ તથા સાધ્વીઓને પરસ્પર ક્ષમાપના કરાવવી. વાર્ષિક પર્વે તો અવશ્ય ખમાવવું જોઇએ.

૩૬. એક સાધુને એકલા વિચરવાની આજ્ઞા આપવી નહિ. યુવક સાધુઓની સાથે વૃદ્ધ સાધુઓને રાખવા, અને યુવક સાધુઓને શ્રાવિકા તથા સાધ્વીને ભણાવવાની આજ્ઞા આપવી નહિ, તેમજ એકાન્ત વાર્તાચિતનો પ્રસંગ ન આવવા દેવો. તેમજ સાધ્વીઓને એકાન્ત પુરુષ પ્રસંગ ન આવવા દેવા માટે પ્રવર્તિની સાધ્વીને યથાયોગ્ય ઘટતી સૂચનાઓ આપીને બંદોબસ્ત કરાવવો.

૩૭. સ્વગચ્છ સાધુઓ તથા સાધ્વીઓના આચારોના નિરીક્ષણ માટે મુખ્યાનુયાયીઓ નીમવા, અને તેઓની ખાનગી રીતે આચાર સંબંધી હકીકત મેળવીને તેઓને ઘટતી સૂચનાઓ કરવી.

૩૮. પશુ અને નપુંસકના પરિચયથી સાધુઓ અને સાધ્વીઓને દૂર રાખવા સૂચનાઓ આપવી. નવવિધ બ્રહ્મચર્યની [illegible] વા પ્રયત્ન કરવો.

૩૯. પરિગ્રહની વ્યાખ્યા સાધુ [illegible] એવી રીતની સાધુઓ તથા સાધ્વીઓને દૂર રાખવી. પણ [illegible] સાધુઓ તથા સાધ્વીઓ રાખે નહિ એવો બંદોબસ્ત કરવો. ઉપધિ તે પરિગ્રહ ન થાય એવી સાવચેતી રખાવવી.

૪૦. સ્વગચ્છીય સાધુઓ તથા સાધ્વીઓમાં [illegible] પ્રવચનમાં સાધુઓ તથા સાધ્વીઓ ન પડે એવી ભલામણ. કોઇ સાધુઓ તથા સાધ્વીઓ [illegible] ભાષાની લડાઇ કરે [illegible]

૪૧. સર્વગચ્છોના આચાર્યો ભેગા થઇને જૈનશાસનની [illegible] તથા જો અત્રે જે જે ઠરાવો [illegible] તેના [illegible] અને [illegible] [illegible] સર્વ ગચ્છના આચાર્યો વગેરે [illegible] [illegible] અને [illegible] [illegible].

૪૨. સર્વગચ્છોની [illegible]

શાન્ત થાય અને પરસ્પર પ્રેમ સંપમાં વૃદ્ધિપૂર્વક સર્વગચ્છીય મહાસંઘદ્વારા જૈનધર્મનો વિશ્વમાં સર્વત્ર ફેલાવો થાય, એવા ઉપાયો યોજવામાં અને તે પ્રમાણે પ્રવર્તવામાં યથાશક્તિ આત્મભોગ આપવો. મહાસંઘદ્વારા જૈનશાસનોન્નતિનાં કાર્યોમાં સર્વગચ્છીય સૂરિયો વગેરેને પ્રવર્તાવવા યથાશક્તિ ભાગ લેવો અને તેવાં કાર્યો પ્રસંગે ગમે તેવી તકરારો મૂકીને ઐક્ય કરવામાં પોતાનાથી બનતો આત્મભોગ આપવો.

૪૩. સર્વગચ્છોની સાથે અમુક માન્યતાઓથી મેળ કરીને જૈન મહાસંઘદ્વારા જૈનધર્મની ઉન્નતિ કરે એવાં પુસ્તકો છપાવવાં. સર્વગચ્છીય સાધુઓ ભેગા થઈને અને એવી કાયદાપૂર્વક ધાર્મિક પાઠશાલા ઉઘાડવી.

૪૪. અન્યધર્મીઓને પૂર્વની પેઠે જૈન બનાવવા માટે સર્વગચ્છીય જૈનાચાર્યોએ ભેગા મળીને ઉપાયો યોજવા, અને જૈન બનેલાઓને વર્ણવ્યવસ્થામાં ગોઠવવા અને તેઓને આર્થિક આદિની સાહાય્ય આપવી. જે સાધુઓ અગર શ્રાવકો અન્યધર્મીઓને જૈન બનાવે તેમને ઘટતું માન આપવું.

૪૫. રાજ્યતંત્રની પેઠે ધર્મરાજ્યતંત્રની વ્યવસ્થા છે. ધર્મરાજ્યતંત્રની વ્યવસ્થામાં કુશલ મનુષ્યો જોઇએ. ધર્મરાજ્યતંત્રની વ્યવસ્થા જેમ બને તેમ બહોળા ઉચ્ચ પાયાપર મૂકાય એવી યોજનાઓ કરવી. અન્યધર્મીય આચાર્યોની ધર્મરાજ્યપ્રવર્તક વર્ધક યોજનાઓને અભિતઃ અવબોધીને તેમાંથી જે જે ગ્રહણ કરવા યોગ્ય હોય તે તે ગ્રહણ કરવી.

૪૬. જૈનધર્મનો અન્યધર્મીઓમાં પ્રચાર થાય તે માટે વર્તમાનકાલને અનુસરી વ્યાપતા ઉપાયો લેવા, અને શ્રદ્ધાલુ ઉપદેશકોની ધર્મપ્રચારાર્થે યોજના કરવી. સર્વદેશના સર્વજાતીય મનુષ્યોમાં જૈનધર્મનો પ્રચાર થાય એવા મનુષ્યો પેદા કરવાને જૈનગુરૂકુલો ઉપદેશક પાઠશાલાઓ, લેખક પાઠશાલાઓ વગેરેની યથાયોગ્ય જ્યાં ઘટે ત્યાં યોજનાઓ કરવી.

૪૭. આગમો અને નિગમોનો સાર ખેંચીને વર્તમાન જમાનાના અનુસારે જૈનધર્મના આચારો, વિચારો અને સંસ્કારોને સુધારવા અને સર્વ જગતના મનુષ્યો લાભ લે તેવી દૃષ્ટિથી તેનો ફેલાવો કરવો.

૪૮. અન્યધર્મ પાળનારા રાજાઓ, રાણાઓ વગેરેના સમાગમમાં આવીને તેઓને ધર્મનો ઉપદેશ દેવો, અને તેઓને જૈનધર્માનુકુલ કરવા.

૪૯. જૈનસાધુઓ અને સાધ્વીઓને જૈનધર્મ અને અન્યધર્મોનાં

૫૭. જૈનધર્મનું પ્રતિપાદન કરવામાં તથા જાહેર વ્યાખ્યાન વગેરેમાં મુખ્યતાએ પ્રતિપાદકશૈલીનું આલંબન લેવું. પ્રતિપાદક શૈલીમાં ગુણાનુરાગની વૃદ્ધિ થાય છે. ખંડન શૈલીનું અનેક અપેક્ષાયુક્ત યુક્તિપૂર્વક વર્તમાન જમાનાને અનુસરી અવલંબન લેવું. આ બાબતનો અનુભવ સ્વગચ્છીય સાધુઓને તથા સાધ્વીઓને આપવો.

૫૮. માર્ગાનુસારિ અન્યદર્શનીય મહાત્માઓના સુવિચારોને દર્શાવીને અન્યદર્શનીયોને બોધ આપવો. જેમ જેમ મનુષ્યો વિવેકજ્ઞાન સંમુખ થતા જાય તેમ તેમ તેઓને જૈનતત્ત્વો સમજાવવા પ્રયત્ન કરવો. જીવોને પ્રથમ ગુણાનુરાગ ઉત્પન્ન કરાવવો. પશ્ચાત્ જૈનધર્મની ખૂબીઓ સમજાવવી.

૫૯. જૈનોની વસ્તિપર જૈનધર્મની અસ્તિત્વ સજીવનતાનો આધાર છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ આદિ સર્વ દુનિયાની મનુષ્ય જાતિમાં જૈનધર્મ ફેલાય અને જૈનોની વસતિ વધે એવા આગમ અને નિગમના અવિરૂદ્ધપણે ધર્મ ફેલાવનાર મહાપુરૂષો પ્રગટાવવા, અને તેઓની આજ્ઞામાં સર્વ અર્પણ કરવું.

૬૦. જૈનતીર્થોની રક્ષા કરવી. દેવદ્રવ્યાદિનો વિનાશ ન થાય એવો બંદોબસ્ત કરાવવો. જ્ઞાનભંડારોની રક્ષા કરાવવી.

૬૧. જૈનોમાં જે જે હાનિકારક રિવાજો હોય તેઓનો નાશ થાય એવી રીતે ઉપદેશ વગેરે કાર્યમાં પ્રવૃત્ત થવું, અને અનુભવગમ્ય ઘટતા સુધારા કરાવવા ઉપદેશ દેવો. પારિણામિક લાભ થાય એવી રીતે દીર્ઘ દૃષ્ટિથી વર્તમાનકાલને અનુસરી સુધારા વધારા કરવામાં યથાયોગ્ય ચતુર્વિધસંઘને સૂચના આપવી.

૬૨ પોતાની પાછળ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણી, ગણિની, પ્રવર્તિની વગેરે ઉત્તમ વર્ગ ઉત્પન્ન કરવા યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી. પોતાની પાછળ આચાર્યપદયોગ્યગુણીને આચાર્યપદ આપવું. ગચ્છમાં મતભેદ ન ઉત્પન્ન થાય એવી ઉપદેશાદિકી યોજનાઓ કરવી. ગચ્છમાં મતભેદ, કુસંપ, ક્લેશ, ટંટફિસાદ ન થાય એવો ઉપદેશ દેવો. અને ગચ્છના સુસંપના અને એકતાથી જૈનશાસનોન્નતિ સ્વ, પરને લાભ આદિની સ્વગચ્છીય સાધુઓ, સાધ્વીઓ, શ્રાવક અને શ્રાવિકાઓને સમજણ આપવી. પરસ્પર મતભેદ, ક્લેશ વગેરે ન થાય તેના સાધક ઉપાયો લેવા.

૬૩. ગચ્છમાં ઉત્પન્ન થતા મતભેદો દબાવવા. ક્રિ. વગેરેનો બોધ

મતભેદોને વાસ્તવિકતત્વદૃષ્ટિએ શમાવવાની ઉપદેશ શૈલીનો પ્રચાર કરો. સ્વગચ્છીય ચતુર્વર્ગનું ઐક્યબળ ન તુટે એવા નિયમો ઘડવા અને તે પ્રમાણે પ્રવર્તવું. તથા અન્યોને પ્રવર્તાવવા સ્વગચ્છીય સાધુઓ અને સાધ્વીઓની બહુમત, વર્તમાન સમય, લાભ, હાનિ, વગેરેનો વિચાર કરીને સ્વગચ્છનાં કાર્યો કરવા અને કરાવવા.

૬૪. જે જે ગચ્છો જે જે સંઘાડાઓની સાથે જે જે શરતોથી મૈત્રી, સંપ અને સાહાય્યના કરાર, લેખો પરસ્પર કર્યાં હોય તેઓની સાથે તે તે શરતોમા તે તે પ્રમાણે વર્તવું, અને અન્યોને કરાર લેખ પ્રમાણે સાહાય્ય આપવા ચૂકવું નહિ. સ્વપરગચ્છ સંઘાડાઓના મુખ્યસંપના જે જે કરારો કર્યા તે તે કરારોથી સ્વગચ્છીય સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓને વાકેફ કરવાં.

૬૫. સ્વધર્મિબન્ધુઓની અને અન્યદર્શનીઓની સાથે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય અને કારૂણ્ય એ ચાર ભાવનાઓ પૂર્વક વર્તવું. અન્યદર્શનીઓની નિન્દા કરવી નહિ. તેઓ તરફ ધિક્કારની દૃષ્ટિથી વર્તવું નહિ. તેઓ જૈનધર્મના રાગી બને એવી યોજનાએ યથાયોગ્ય સાહાય્ય આપવી. તેઓ કદિ ધર્મનો ઉપદેશ દેતાં અપમાન વગેરે કરે તો તે સહીને તેઓનું ભલું થાય એવી રીતે તેઓની સાથે વર્તવા લક્ષ દેવું.

૬૬. સ્વગચ્છની સાથે જે જે ગચ્છોનો ન્યૂન ન્યૂન મતભેદ રહેતો હોય તો તે ગચ્છોની સાથે અમુક રીતિની અપેક્ષાએ ભેળવીને જૈનબળની પુષ્ટિ કરવી. એક ગચ્છમા સંઘાડાની રીતિએ ઘણા આચાર્યો હોય તો તેઓની સાથે મળતા રહીને સર્વસાધારણ, ધાર્મિક કૃત્યો કરવાં, અને પરસ્પર મેળ રહે એવા નિયમોથી પરસ્પર બદ્ધ થવું.

૬૭. સ્વગચ્છ સંબંધમાં અન્ય ગચ્છીયો અનેક પ્રકારની ચર્ચા કરે તો તેનો ઉત્તર આપવા તથા તે સામે યોગ્ય પ્રવૃત્તિ કરવા વ્યવસ્થા કરીને કલેશ શમાવવા.

૬૮. સ્વપરોન્નતિસાધક, જૈનધર્મોન્નતિકારક, સ્વગચ્છોન્નતિકારક, ચતુર્વિધ મહાસંઘોન્નતિકારક કાર્યો જે જે આરંભ્યાં હોય તેઓથી પરિશ્રમે વડે પાછા હઠવું નહિ.

૬૯. ધર્મવિરોધકોને હરેક રીતે યોગ્ય જવાબ આપે, અને તેમના તત્ત્વોને પહોંચી વળે એવું સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનું મંડળ બનાવવું કે જેથી સ્વગચ્છીય મનુષ્યોને શાન્તાપૂર્વક ધર્મની આરાધના થઈ

૭૦. સ્વગચ્છીય સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ પોતાની આજ્ઞા પ્રમાણે વર્તે એવાં બંધારણો રચવાં, અને તે પ્રમાણે સર્વે વર્તે એવી રીતે સાધુઓ વગેરે દ્વારા ઉપદેશ દેવરાવવો.

૭૧. ગામો ગામ વિહાર કરનારા સાધુઓનાં મંડળો યોજવાં, અને તેઓને વિહાર, ઉપદેશ, ચાતુર્માસાદિની યોજનાઓનું શિક્ષણ આપવું. વિહાર કરનારા સાધુઓ વગેરેને પ્રસંગોપાત્ત આવશ્યક સૂચનાઓ કરવી અને તેઓની વિજ્ઞપ્તિ ઉપર લક્ષ દેઇને ઘટતી વ્યવસ્થા કરવી.

૭૨. સાધ્વીઓ દ્વારા સ્ત્રી વગેરેને ધાર્મિક બોધ આપવાની અમુક રીતિએ વ્યવસ્થા કરવી, અને જૈન શ્રાવિકા વગેરેને આચારમાં કુશલ કરે એવું જમાનાને અનુસરી શિક્ષણ આપવું. સાધ્વીઓ, શ્રાવિકા વગેરેને સુધારે એવી રીતની શિક્ષણ પ્રણાલિકા આચારમાં મૂકાવવી. અન્યદર્શનીય સ્ત્રી વર્ગને જૈનધર્મનું શિક્ષણ કેવી રીતે આપવું તથા તેઓની યોગ્યતાનુસારે ઉપદેશ દેવાની તેઓને યુક્તિઓ શીખવવી.

૭૩. વિશાલદૃષ્ટિથી જૈનદર્શનનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે પ્રવર્તન થાય એમ ઉપદેશ દેવા માટે સાધુઓ વગેરેને સૂચનાઓ આપવી, તેમજ જે જે સ્થાને જે જે સાધુઓ ચોમાસું કરવાને યોગ્ય હોય તેઓને તે તે સ્થાને ચોમાસું રહેવાને આજ્ઞા આપવી, અને સાત ક્ષેત્ર સંબંધી જે કાલે જે સ્થાને જે ક્ષેત્રની પુષ્ટિ કરવાની હોય તે તે સંબંધી સૂચનાઓ આપવી.

૭૪. સાધુઓને તથા સાધ્વીઓને દીક્ષા આપવાની તથા ભણાવવાની રીતિમાં સુધારો કરાવવો. સાધુઓ તથા સાધ્વીઓ વધે એવી રીતની સુધારાની રીતિઓ પ્રવર્તાવવી.

૭૫. આચાર્યે પોતાની પાસે સ્વપરસમયવ્યવહાર કુશલ ગીતાર્થ સાધુઓ બેસાડવા, અને જે જે મનુષ્યો જે જે પુછે તેનો ઉત્તર તેઓની પાસે અપાવવો. તેઓને એવું શિક્ષણ આપવું કે જેથી તેઓ પોતાની પાસે જે જે વાદીઓ ચર્ચા કરવા માટે આવે તેઓના અભિપ્રાય જાણીને તેઓને યથાયોગ્ય ઉત્તર આપે. પ્રસંગોપાત્ત પોતાનો કથવાનો અવસર આવે ત્યારે યોગ્ય પરિમિત ગંભીર મિષ્ટ શબ્દોથી જવાબ આપવો.

૭૬. સ્વકીય ગચ્છના સાધુઓ અને સાધ્વીઓ અન્યગચ્છીય મનુષ્યોની સાથે નકામો વાદ, વિવાદ, કદાગ્રહ ક્લેશ વગેરે કરે નહીં એવી શિક્ષ-

૮૩. અન્યદર્શનીયો દયાદિ જૈનાગમ પ્રતિપાદ્ય સદાચાર પાળતા હોય વા જૈનાગમને અનુસરનારા પુનર્જન્મ, કર્મ, પુણ્ય, પાપ, વગેરે સિદ્ધાન્તો માનતા હોય અને તે સિદ્ધાન્તોનું જડવાદીઓ ખંડન કરતા હોય તો તે બાબતમાં તેઓને યથાયોગ્ય દલીલોની સાહાય્ય આપવી.

૮૪. પુનર્જન્મવાદ, ચૈતન્યવાદ, કર્મવાદ, વગેરેમાં નાસ્તિકો, જડવાદીઓની સાથે ચર્ચા કરતાં પુનર્જન્મ વગેરેને સિદ્ધ કરનારા અન્ય દર્શનીઓની તે તે વાદમાં સામેલ રાખવા. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને અનુસરી અપવાદ અને ઉત્સર્ગ માર્ગના બલાબલ અને લાભાલાભનો વિચાર કરી આ બાબતમાં પ્રવર્તવું.

૮૫. જૈનાગમની પુષ્ટિ કરનારા, જૈનાગમને અનુસરના, જૈનાગમતત્ત્વોથી અવિરૂદ્ધ જે જે માન્યતાઓ, અન્યદર્શનીય ગ્રંથોમાં હોય તેઓની સાક્ષીઓ આપીને અન્યદર્શનીય જનોને જૈનધર્માનુકૂલ કરવા. તેવો ઉપદેશ તથા તેવા સાક્ષીઓવાળા ગ્રંથો લખાવવાની સૂચનાઓ કરવી.

૮૬. અન્યદર્શનીય અમુક સંપ્રદાયોને પોતાનાથી અમુક બાબતોમા, અનુકૂલ રહી સંપીને ચાલવાની યોજનાઓ ઘડી તે પ્રમાણે વર્તાવવા પ્રવૃત્તિ કરાવવી.

૮૭. અન્યધર્મીય રાજા, વા અન્યદર્શનીય ધર્મગુરૂઓ વગેરેની સાથે દેશને તથા દેશની પ્રજાને હાનિ ન થાય તથા લોક વિરૂદ્ધ ન ગણાય એવી રીતે પરસ્પર અમુક મર્યાદા આવતા અને આગમથી અવિરૂદ્ધ એવા નિયમો ઘડીને વર્તવું.

૮૮. વિશ્વમા પ્રવર્તિત સર્વ ધર્મો કરતા જૈનધર્મ વસ્તુતઃ વ્યાવહારિક અને આધ્યાત્મિકાભ્યુદયમાં કેવી રીતે આગળ વધી શકે છે, અને તેનુ વર્તમાન કાલે કેવું સ્વરૂપ છે, તથા તેમા પરસ્પર ધર્મોના મુકાબલે જૈનતત્ત્વથી અવિરૂદ્ધપણે કેટલો સુધારો વધારો કરવાની જરૂર છે, તેના નિયમો અને યોજનાઓ ઘડીને જૈનોને તેનું જ્ઞાન આપવું.

૮૯. સ્વગચ્છીય સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ પોતાના ગચ્છની ઉન્નતિ માટે પ્રસંગ આવે સર્વસ્વ અર્પણ કરીને પ્રવર્તે એવુ અભ્યુદયદૃષ્ટિએ શિક્ષણ આપવા અભિલાષ કરવો.

૯૦. સ્વગચ્છના શાસકોને સમ્મેલન વખતે ભેગી સમાચારી સમજાવવી અને તે પ્રમાણે સ્વગચ્છીય સાધુઓ વગેરે પ્રવર્તે એવો ઉપદેશ દેવો.

૯૧. સ્વગચ્છીય સાધુઓ વગેરેને ભણાવવા વગેરેમાં તથા નવીન સાધુઓ બનાવવા વગેરેમાં સેવાધર્મ—ભક્તિ કરનારા શ્રાવકો અને શ્રાવિકાઓને ધન્યવાદ વગેરેથી ઉત્તેજિત કરવા.

૯૨. સ્વગચ્છીય જૈનોની અને મહાસંઘ તથા તીર્થોની રક્ષા કરે એવા કર્મવીરોને પ્રકટાવવા માટે યોજનાઓ ઘડવી અને તે અમલમાં મૂકવી.

૯૩. વિચારદૃષ્ટિધારક આચાર્યની રક્ષાર્થે ઉપાધ્યાય વગેરે યથાયોગ્ય પ્રયત્ન કરે, અને આચાર્યની રક્ષામાં સંઘની રક્ષાના હેતુને સમજે એવો બોધ દેવો.

૯૪. શ્રી વીર પ્રભુની પાટે બેસનાર આચાર્ય તે વર્તમાનકાલે પ્રભુની પેઠે આજ્ઞા વડે માન્ય કરવા એવો આગમિક સદુપદેશ સર્વત્ર ફેલાવ એવી વ્યવસ્થા કરવી.

૯૫. ધાર્મિક ગૃહસ્થ જૈનોને સ્વકીય વ્યાવહારિકોન્નતિ તથા ધાર્મિકોન્નતિના ઉદાર વિચારો અને આચારો વડે યુક્ત થાય એવો યોગ્ય ઉપદેશ દેવો.

૯૬. મહા સંઘનું કાયદા કાનુનો વાળું બંધારણ વ્યવસ્થિત કરવું. અને તે અમલમાં મૂકાય એવો સ્વાનુભવવડે સદુપદેશ દેવો. કોઈ પણ પ્રતના નિયમ બંધારણો વિના રાજ્ય અને મહાસંઘ હોતો નથી, એમ જૈનોને આગમોના અનુસારે બોધ દેવો.

૯૭. ગચ્છનાં બંધારણો, વ્યાવહારિકધર્મ[illegible] [illegible] મનાયે છે એમ બોધ દેવો. સ્વગચ્છ અન્ય ગચ્છોની સાથે મહા [illegible] ફરવાને એક મહા જૈન સંઘના રૂપને લેઇ પુનરુદ્ધારતાને પામે અને [illegible] મનુષ્યોનું કલ્યાણ કરે એવા [illegible] પર જૈનો આવે એવો આધ્યાત્મિક દૃષ્ટિએ તત્ત્વોપદેશ દેવો અને વ્યાવહારિકદૃષ્ટિએ વ્યવહાર નિયમો બંધારણોથી સુદૃઢ રહી, સ્વાશ્રિત રક્ષણ અને સ્વાદિને [illegible] [illegible] [illegible] ગાનનો ઉપદેશ દેવો, અને તેવાં પુસ્તકોનો પ્રચાર કરવો. [illegible] સર્વ ધર્મોની એકતા જે જે અંગે જે જે બાબે જે જે રીતિએ [illegible] ત ત રીતિએ પ્રયત્ન કરવો, [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એવા વર્તમાનમાં જે જે [illegible] તે તે [illegible] [illegible] [illegible] આચાર્ય તે [illegible] [illegible] [illegible] [illegible]

જગતની પ્રગતિ કરી શકે એવા દૃષ્ટાંત પૂર્વક ઉદ્દેશો સમજાવવા અને શ્રી વીર પ્રભુનું શાસન રાજ્ય ચલાવવા પ્રયત્ન કરવો.

૯૮. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ વર્ણ ગુણકર્મ વા જાતિથી બનેલી હોય તે સગવડ આદિની અનુકૂલતા એ જૈન ધર્મ માને એવા આગમો અને નિગમોવડે ઉપદેશ પ્રચારવો.

× × × ×

" સાધુસમાગમ. "

આત્માના ગુણોને પ્રાપ્ત કરવાને અર્થાત્ પ્રકટ કરવાને સાધુ સમાગમ સમાન અન્ય કોઇ મહાન્ ઉપાય નથી. જ્ઞાનિસાધુનો સમાગમ થાય ત્યારે તેમની પાસે બેસીને વિનયપૂર્વક અવસર પામી પ્રશ્નો પૂછવા. આત્મજ્ઞાનિ સાધુની આગળ અભિમાનથી બોલવું નહિ, અને તેમને ઠંઠાઓ આપવો નહિ. આત્મજ્ઞાનિસાધુની સેવા ભક્તિ કરીને તેમની પ્રસન્નતા મેળવવી. આગમોમાં ગ્રન્થોમાં લખેલા આત્માદિ તત્ત્વોનો અનુભવ કરવાને સાધુસમાગમની ખાસ જરૂર છે. જ્ઞાનિસાધુનો સમાગમ થતાં અન્ય પુસ્તકોનાં વાચન વગેરે કાર્યથી નિવૃત્ત થવું. જ્ઞાનિસાધુના કથનની અપેક્ષાઓ સમજવી, અને તેનો સમ્યગ્ભાવ વિચારવાને તે તે બાબતોનું મનન કરવું. હું જાણું છું એવું હૃદયમાં લાવીને સાધુ પાસે ચર્ચાવાદ કરવાની પ્રવૃત્તિ યોગ્ય નથી. જ્ઞાનિસાધુ પાસે ખંડન મંડનની ચર્ચા કરવાથી જે લાભ મળતો નથી, તેજ લાભ ખરેખર તેમની પાસે બેસીને તેમના પ્રસંગોપાત્ત મુખથી નીકળેલ ઉદ્ગારો શ્રવણ કરવાથી અને તેનું મનન કરવાથી મળે છે. ખંડન મંડનની ચર્ચાથી આત્માના અનુભવની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનિસાધુની શ્રદ્ધા ભક્તિથી મેળવેલી કૃપા દ્વારા જે બોધનો લાભ મળે છે, તે લાભ ખરેખર અન્ય કોઇ રીતે મળતો નથી. જ્ઞાનિસાધુની કોઈ રીતે પ્રાપ્તિ કરીને તેમની શ્રદ્ધા ધારણ કરીને તેમના શરણને અંગીકાર કરી કૃપા મેળવવી. જ્ઞાનિ સાધુની કૃપા એજ મોક્ષની ચાવી છે. મહાપુરૂષની કૃપા વિના કોઇ ઉચ્ચતા પ્રાપ્ત કરવા શક્તિમાન્ થઇ શકતું નથી. સદ્ગુરૂ સાધુની કૃપા એજ ભક્ત લોકોને ઇચ્છવા યોગ્ય છે. જ્ઞાનિસાધુના બોધ ઉપર લક્ષ દેવાને ખાસ લક્ષ્ય દેવું જોઇએ. જ્ઞાનિ સાધુની

વનરાજ ચાવડાના ગુરૂ શીલગુણ સૂરિ હતા. પ્રાચીન ભંડારોમાંથી ચાવડાઓને ઈતિહાસ મળે એવા ગ્રન્થો અવલોકવાની જરૂર છે. ટોડરાજસ્થાન અને તેના પર ટીપ્પણીકાર ગૌરીશંકર ઓઝા વગેરેએ જૈનોના સંબંધમાં કેટલીક ભૂલો કરી છે, તેને બહાર લાવવાની જરૂર છે. કેટલીક ભૂલોનો ઉદ્ધાર કરવાની મારી જીજ્ઞાસા છે. મગધરાજની વંશાવલીમાં શ્રેણિક વગેરેનાં નામો નથી. જૈનગ્રન્થોના આધારે જેટલું બને તેટલું તે પર અજવાળું પાડવાની ઇચ્છા રહ્યા કરે છે. કેટલેક ઠેકાણે જનોને બૌદ્ધો તરીકે ટોડસાહેબ માને છે, તેનો પણ સુધારો કરવાની જરૂર છે. ગૌરીશંકર કેટલાક શિલાલેખો માટે યતિ જ્ઞાનચંદ્ર પર સંસ્કૃતભાષાની અલ્પજ્ઞતાનો આક્ષેપ કરે છે તેનો જવાબ આપવાની જરૂર સ્વીકારવામાં આવે છે. સર્વજૈનના ઐતિહાસિક ગ્રંથોમાંથી સારભાગનો ઉદ્ધાર કરીને ઐતિહાસિક બાબતો પર અજવાળું પાડીને અન્યલેખકોની ભૂલો બતાવવી જોઇએ, અને એક જૈન પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સારરૂપે રચવો જોઇએ. જૈનધર્મનું સર્વ પ્રકારનું સાહિત્ય સંરક્ષીને તેને બહાર લાવવાની જરૂર છે.

સં. ૧૯૭૦ ભાદ્રપદ વદિ ૦)).

× × × ×

દેશધર્મપ્રેમ.

આર્યાવર્ત્ત મનુષ્યોમાં પરસ્પર પ્રેમ અને સંપ ખીલવવો જોઇએ. દેશોદયાર્થે દેશપ્રેમ સર્વ મનુષ્યોના હૃદયમાં રંગાઇ જાય, અને મનુષ્યપણાના સદ્ગુણો પ્રકટે એવા ઉપાયો લેવાની જરૂર છે. મહાત્યાગી, કર્મયોગી અને જ્ઞાનયોગી મહાત્માઓ પ્રકટ્યા વિના આર્ય દેશોન્નતિ થવાની નથી. ધર્મમતભેદના ક્ષુદ્ર ગ્રહોને આગળ કરીને દેશોન્નતિ કરી શકાય નહિ. દેશોન્નતિમાં ગમે તે ધર્મ પાળનારને એક સરખો પ્રેમ વા આવશ્યક સેવા કર્મ કર્તવ્ય છે એમ અવબોધાવવું જોઇએ. દેશ પ્રેમ વિના મનુષ્ય દેશમાં રહેવા લાયક ઠરતો નથી. સમાજ પ્રેમ વા સમાજ ફર્જ અદા કર્યા વિના મનુષ્ય ખરેખર સમાજમાં રહેવા લાયક ઠરતો નથી. ક્ષુદ્ર, લોભી, સ્વાર્થી, અજ્ઞાની, મનુષ્યોને ધર્મ પ્રેમ ક્યાંથી પ્રકટ્યો હોય? મનુષ્યમાં મનુષ્યત્વ ખીલવવાને માટે દેશ પ્રેમ, સમાજ પ્રેમ, અને ધર્મ પ્રેમ ખીલવવાની જરૂર છે. દેશાદિકો વિના

આર્યભૂમિની ઉત્કર્ષતા.

મહાત્માઓની જન્મભૂમિરૂપ આર્યક્ષેત્ર છે. ધર્મની માતૃરૂપ આર્યભૂમિ છે. ધર્મનાં સાત્વિક બીજોનું રક્ષણ કરનારી આર્યભૂમિ એ પ્રભુનો ધર્મબાગ છે. મનુષ્યોમાં આર્યત્વ પ્રકટાવનાર આર્યભૂમિ છે, એમ અનેક ધર્મશાસ્ત્રોથી અને અનુભવથી સિદ્ધ થઇ શકે છે. આર્યભૂમિમાં આર્યમુનિવરોને પ્રકટાવવાનું સામર્થ્ય છે. આર્યભૂમિનો પ્રેમ અને તેની ઉત્ક્રાન્તિ માટે અનેક ગ્રન્થો લખાવવાની જરૂર છે. **હે આર્યભૂમિ ! ત્હારામાં એવી શક્તિ છે કે ત્હારા રજકણોથી જે શરીર બને છે તેમાં રહેલો આત્મા પોતાની વાસ્તવિકોન્નતિ કરી શકે છે. હે આર્યભૂમિ ! ત્હારા રજકણોમાં આલોટનાર સત્ત્વગુણી મહાત્માઓ નિવૃત્તિનું પરમસુખ પ્રાપ્ત કરી શકે છે.** જૈનધર્મના સુક્ષેત્રરૂપ હે આર્યભૂમિ ! ત્હારી ઉત્તમતાનું કેટલું બધું વર્ણન કરી શકીએ. હે આર્યભૂમિના સેવકો ! તમે આર્યદેશની સુધારણા માટે પ્રયત્ન કરો. જનની અને આર્યજન્મભૂમિ એ બેનો વિશુદ્ધ પ્રેમ જેનામાં છે તે આર્યાવર્તભૂમિને શોભાવી શકે છે. આર્યાવર્તમાં દયાદેવીનું જેવું સામ્રાજ્ય છે, એવું અનાર્ય દેશોમાં ક્યાંથી હોય ? આર્યબન્ધુઓને સાહાય્ય કરો. તેઓને ઉત્તમ પ્રકારની કેળવણીથી કેળવો. તન, મન અને ધનથી આર્યભૂમિમાં જન્મેલ મનુષ્યોને ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે સાહાય્ય આપવી જોઇએ.

હે ધનિકો ! હે વિદ્વાનો ! તમો આર્યભૂમિમાં જન્મેલ મનુષ્યોનો ઉદ્ધાર કરવા માટે સર્વસ્વાર્પણ કરીને ત્યાગની ખરેખરી દશા પ્રાપ્ત કરો. ભારતવાસીઓની ચક્ષુઓ ઉઘાડવા માટે રાજ્યકર્તા ન્યાયી બ્રિટીશ સરકારે પ્રશસ્ય પ્રયત્ન કરીને આર્યોને ઉપકારના ભાર બોજા તળે નાખ્યા છે, તેઓને આર્યના ગુણોવડે પ્રતિબદલો આપવા પ્રભુપ્રતિ પ્રાર્થના કરો, અને ભારતવાસીઓને અનેક વ્યસન દુર્ગુણોથી મુક્ત કરો. ભારતવાસીઓમાં સંપ, ભ્રાતૃભાવ, કેળવણી, સ્વાશ્રય વગેરે ગુણો, ખીલવવા માટે તમારાથી બનતું કરો. સ્વાર્થી ન બનો. આળસુ ન રહો. જેટલું તને આર્યભૂમિમાંથી મળ્યું હોય તેના કરતાં વિશેષ ઉપકાર તમે આર્યભૂમિના પુત્રો માટે કરશો, ત્યારે તમે જન્મભૂમિની સેવામાંથી મુક્ત થશો. **ધર્મના મતભેદોને જન્મભૂમિની સેવામાં આડા ન લાવો.** આર્યાવર્તમાં વસનાર અનેક ધર્મપન્થીઓની અલ્પાધિક જન્મભૂમિસેવા પ્રતિ એક સરખી ફર્જ છે, કારણ કે

તમે કેટલાક જડવાદી નાસ્તિકોના જેટલો પરોપકાર અને નીતિધારણ કરવા સમર્થ થતા નથી. ત્યારે તમે કહો કે, તમારામાં ખરેખર, આસ્તિકપણું કયાં ઉતર્યું છે ? અને કહો કે તમે કેવી રીતે આર્ય લોકોનો ઉદ્ધાર કરી શકશો ? જડ પ્રેમ કરતાં સમસ્ત વિશ્વમાં રહેલા દેહધારક જીવો પર તમને નિષ્કામ, શુદ્ધ પ્રેમ જાગ્રત્ થશે અને તેઓની રક્ષામાં તથા તેઓને ગુણોની ક્રિકાન્તિમાં સાહાય્ય રૂપ સેવાધર્મનું બલિદાન આપશો, ત્યારેજ તમો ચૈતન્યવાદી અર્થાત્ આસ્તિક એવું નામ ધારણ કરવાને પાત્ર બનશો. જે મનુષ્યો આસ્તિક બનીને જડવસ્તુઓના રાગ, અહંમમત્વને કચરી નાખીને આર્ય લોકોની શુભોન્નતિ માટે સેવાધર્મ સ્વીકારે છે, અને દાન, શીયળ, તપ અને ભાવનાને સેવે છે, તેઓ ચૈતન્યવાદી થવાને અર્થાત્ આર્ય થવાને પાત્ર બને છે. જડવસ્તુઓના અહંમમત્વને કચરી નાખ્યા વિના તમે આર્યદેશનો ઉદ્ધાર કરી શકવાના નથી. માટે ભારતવાસીઓ હવે જાગ્રત્ થાઓ. જડવાદનો ત્યાગ કરીને વાસ્તવિક ચૈતન્યવાદીઓના ગુણોને ધારણ કરી સર્વજીવોનાં દુઃખો દૂર કરવાને અને તેઓની રક્ષા કરવા પ્રયત્નશીલ બનો.

× × × ×

પોતાની પાસે આવનારા મનુષ્યો અનેક આશયોવાળા હોય છે. પોતાની પાસે અનેક કારણોથી મનુષ્યો આવે છે. જે મનુષ્યો ધર્મજ્ઞાન લેવા આવ્યા હોય તેઓને તેઓના અધિકાર પ્રમાણે રૂચિની પરીક્ષા કરીને ધર્મજ્ઞાન આપવું. ધાર્મિકજ્ઞાન ગ્રહણ કરનારાઓનો પરિચય કરીને તેઓની પરીક્ષા કરવી. તેઓના હૃદયના ઉભરાઓ કઢાવવાના ઉપાયો કરીને તેમના હૃદયના ઉભરાઓ કઢાવવા, અને પશ્ચાત્ તેમના યોગ્ય જ્ઞાન આપવું. અધિકાર તપાસ્યા વિના આપેલો ઉપદેશ નિષ્ફલ જાય છે. જે મનુષ્યો જ્ઞાન લેવા આવે તેઓના હૃદયના આશયોને સમજી લેવા પ્રયત્ન કરવો. જે મનુષ્યો વાદ વિના સહેજે પ્રશ્નો પુછવા આવેલા હોય તો તેમના અગાઉ પુછાના આશયો અવબોધવા જે કંઇ પુછવું હોય તે પુછીને યથાયોગ્ય જે ઘટે તે ઉત્તર આપવો. અન્યથા મૌન રહેવું. અગર તે વખતે જે કંઇ સુજે તે કરીને પ્રવર્તવું. જે મનુષ્યો ચર્ચા કરવાને માટે આવેલા હોય તેઓને તપાસીને યોગ્ય ઘટે તે ઉત્તર આપવો. અથવા મૌન રહેવું. જે મનુષ્યો [illegible] લેવા આવ્યા હોય તેઓનાથી ચેતવું

રહીને તે વખતે જે યોગ્ય લાગે તે પ્રવૃત્તિ કરવી. જે મનુષ્યો શિષ્ય વા ભક્તબુદ્ધિ ધારણ કરીને આવ્યા હોય તેઓને તેમના અધિકાર પ્રમાણે આગળ ચઢાવવા જ્ઞાનની કુંચીઓ આપવી. જે મનુષ્યો નકામી નિંદા કરવા તથા કરાવવા આવ્યા હોય તથા નકામી ચર્ચા વગેરેની માથાકૂટ કરવા આવ્યા હોય તેઓનાથી દૂર રહેવું. અથવા તેઓને સન્માર્ગે ખેંચવા પ્રયત્ન કરવો. વા એવો કોઇ અન્ય ઉપાય લેવો કે જેથી તેઓને ખોટું ન લાગે અને તેઓનો સંબંધ છૂટે. જે મનુષ્યો અમુક વાત કરાવવા માટે સ્વાર્થ, કપટ વા અન્ય કોઇ કારણથી ભક્ત વા શિષ્ય જેવા બની વિનય વગેરે કરે તેઓની અનેક ઉપાયે પરીક્ષા કરવી, અને તેઓના હૃદયના આશયોને સમજી લેઇ જેમ યોગ્ય લાગે તેમ પ્રવર્તવું. કૃતઘ્ન કાર્ય કરનારા, ચારનું કાર્ય કરનારા, પેટમાં પેસીને ખાટલા પટોળા કરનારા, ચાડી ચુગલી કરી અન્યની પાસેથી પૈસા કઢાવનારા, ક્ષણમાં માન મળતાં તુષ્ટ થનારા, અને ક્ષણમાં માનાદિ ન મળતાં ક્રોધી બનનારા, મનુષ્યો પાસે આવે ત્યારે સાવચેત રહીને પ્રવર્તવું. જે મનુષ્યો હૃદયમાં નાસ્તિક હોય, જે મનુષ્યોના પેટમાં કોઇ વાત ન ટકતી હોય, જે મનુષ્યો વિશ્વાસની વરસી કરનારા હોય તેવા મનુષ્યો પોતાની પાસે આવે ત્યારે સાવચેતીથી વર્તવું. ધર્મ વિરુદ્ધ વર્તનારા, વિરોધી, નિન્દક, ઇર્ષ્યાળુ, મનુષ્યોના પરિચયથી ચેતતા રહીને વર્તવું. રાજ્યદ્રોહી મનુષ્યોના પરિચયથી ચેતતા રહેવું. અન્યસાધુઓ, ધર્માચાર્યો, વગેરે તરફથી ઉપાધિ જેવું કાર્ય કરવામાં જ [illegible] હોય, તેઓનાથી ચેતતા રહેવું. આભ્યંતર પરિગ્રહમાં [illegible] હોય તેઓને અભ્યન્તર શિષ્યો બનાવવા. અન્તેવાસીઓને [illegible] તત્ત્વજ્ઞાન આપવા પ્રયત્ન કરવો. બાહ્ય પરિગ્રહ યોગ્ય મનુ[illegible] અધિકાર વધારી આત્માના વધવાનો માર્ગ બનાવવો. દષ્ટિરાગી, [illegible] [illegible] ધ્યાને તપાસી જેમ લાભ થાય તેમ ઉપદેશાદિ [illegible] પોતાની પાસે આવનાર જીવોની પરિણતિની પરિચય [illegible] [illegible] લાભ થાય તેમ પ્રવર્તવું. ૐ શાન્તિઃ ૩

पत्र सदुपदेश.

क. સંજ્ઞાવાળો પત્ર.*

મુકામ મુંબાઇ. મુનિ બુદ્ધિસાગર.

મુકામ પાદરા સુશ્રાવક વકીલ શા. મોહનલાલભાઈ હીમચંદભાઇ યોગ્ય ધર્મલાભ, તમારો પત્ર પહોંચ્યો. વાંચી બીના જાણી. ભાઇશંકરને અત્યંત મંદવાડ છે તે જાણ્યું. પુત્ર રૂપે થયેલા જીવોને પણ આત્મવત્ દેખવા. તેમના આત્માને અમરભાવવો, કારણ કે આયુષ્યની સમાપ્તિ થતાં જીવો શરીર બદલે છે, પણ આત્મા તો અન્ય ગતિમાં પણ તેનો તે રહે છે. જે થાય તેમાં તટસ્થપણે દૃઢ બની રહેવું. વ્યવહાર દશાને સાચવવી પણ અન્તર્થી. તો ધૈર્યતા ધારણ કરવી. જે કાલે જે બનવાનું છે તે મિથ્યા થતું નથી. પોતાની કલ્પનાથીજ તે તે વસ્તુઓનો વિરહ થતાં હૃદયમાં આઘાત થાય છે, પણ પોતાની કલ્પના કર્યા વિના સંસારમાં વ્યવહાર ચલાવતાં એકદમ અત્યંત મોહનો ઉત્પાદ થતો નથી. જે જે વસ્તુઓ ઉત્પન્ન થઇ છે, તે તે વસ્તુઓનું રૂપાન્તર થયા વિના રહેનાર નથી. જેણે જન્મ ધાર્યો છે, તેનું રૂપાન્તર થવાનું છે. બાલ્યાવસ્થાથી આ પ્રમાણે દેખતા આવ્યા છીએ. શ્રી વીરપ્રભુ પણ એમજ જણાવ્યા કરે છે. ત્યારે હવે શા માટે મનની સમાનતા તજવી જોઇએ ? અલબત ન તજવી જોઇએ. જગત્મા સર્વ જીવોના ભિન્ન ભિન્ન માર્ગ છે. કોઇ કોઇનું નથી. શા માટે મમતાથી મનમાં ઓછું લાવવું જોઇએ ? અલબત્ત ઓછું ન લાવવું જોઇએ. શંકરને બનતો ઉપદેશ દઇ તેનું ભલું કરવું, સ્વાર્થનો સંબંધ ન ચિંતવતા તેની સાથે પરમાર્થનો સબંધ ચિંતવવો, સર્વ જીવો કર્મના વશ છે. **कोइ नहि तेरा कोइ नहि मेरा, क्या कर मेरा मेरा.** આ વાક્યનુ સ્મરણ કરવું અને આત્માના

---

*—આ પત્ર વકીલ શા. મોહનલાલ હીમચંદ પાદરાવાળાનો પુત્ર શંકર બહુ માંદો હતો તે વખતે મોહનીય કર્મનો ઉદય સમાવવા માટે લખાયો છે-પુત્રનું મરણ થતા પિતાને ચિન્તા થાય છે એવા પ્રસંગે આ પત્ર વાંચવાથી શોક-દશા દૂર થઇ શકે છે.

સામાયમાં રમણતા કરવી. જ્ઞાનીને શીઘ્ર મિલનના પ્રયત્નો ઉપયોગે પ્રવિત્રે છે. શંકરને મારા ધર્મલાભ કહેશો. તેનું કલ્યાણ થાઓ. અન્યત્ર પ્રગતિ કરશો. શંકરને શું ખમાવું છું. તેનું ધર્મપ્રગતિ ... માટે ધર્મના યત્નો સંભળાવતા રહેશો. ૐ શાન્તિઃ ૩ ૧૯૬૭ ... ૧૮ ... પાનાચંદ, મણીલાલ વિગેરેને ધર્મલાભ.

બુદ્ધિસાગર.

× × × ×

મુ. ... બુદ્ધિસાગર

મુ. ... [illegible]

સ્વરૂપ વિચાર. હિંમત રાખ. કર્મથી જે જે થાય છે તે તે સમભાવથી સહન કર. જગતમાં મુસાફરે પોતાની મુસાફરી તપાસવી જોઇએ. ધર્મ સાધન કરશો. સંભારે તેને ધર્મલાભપત્ર જણાવશો. લિ. બુદ્ધિસાગરના ધર્મલાભ. સં. ૧૯૬૭ ના ચૈત્ર વદિ ૧૪.

× × × ×

મુકામ મુંબાઈ, બુદ્ધિસાગર.

ભાવનગર સુશ્રાવક વ્રજલાલ દીપચંદ યોગ્ય ધર્મ લાભ. તમારો પત્ર આવ્યો. તમારા પિતાનું મૃત્યુ જાણ્યું. કિન્તુ તમારે શોક ન કરવો જોઇએ. સંસારમાં અનાદિકાળથી મનુષ્યો જન્મ, જરા, મૃત્યુના દુઃખથી દુઃખી થાય છે. क्या सोवे उठ जाग बाउरे ઇત્યાદિ પદ આત્માને અત્યંત જાગ્રત્ કરે છે. વૈરાગ્યભાવથી આત્માને ભાવો. આ જગતમાં જે કંઇ બને છે તેમાં કંઇપણ આશ્ચર્ય જાણવાનું નથી. અસારસંસારને જાણી ધાર્મિકજીવન ગાળવું, તેજ શ્રેયસ્કર છે. આત્માની ઉચ્ચદશા કરવા માટે આધ્યાત્મિકજ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ, તેમજ ધર્મની સામાયિકાદિ આવશ્યકક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. ધર્મતત્ત્વોનું સમ્યગ્ જ્ઞાન કરવું જોઇએ. ગૃહસંસારમાં ધર્મજીવન ગાળવું એ મહા મુશ્કેલ છે, છતાં પણ દેશથકી બારવ્રતોને આદરી આત્મકલ્યાણ કરવું જોઇએ. હે ધર્મ સાધક ! અમૂલ્ય અવસરને પામી તેનો મોહપ્રવૃત્તિમાં વ્યય ન કરવો જોઇએ. આ દુનિયામાં કોઇ અમર રહેનાર નથી. તે પ્રમાણે તમારા પિતાનું શરીર ગયું, તેમના આત્માએ અન્ય ગતિમા ગમન કર્યું, તમે શરીરની ચિંતા કરો છો કે આત્માની ? શરીર તો ગયું. આત્મા તો કર્યા કર્મ પ્રમાણે અન્ય ગતિમા ગયો. તમારા પિતાના સદ્‌ગુણોને સંભાળીને તમો પણ સદ્‌ગુણોને પ્રાપ્ત કરો. પરભવમાં ધર્મજ સાથે આવનાર છે, એમ નિશ્ચય છે. માટે વિવેકદૃષ્ટિથી ધર્મમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. ધર્મનાં પુસ્તકો વાંચીને આત્માને ઉચ્ચ કરશો. ૐ શાન્તિઃ ૩.

× × × ×

વૈરાગ્યને તો કોઇ વિરલા મુનિયો પામે છે. જ્યાં સુધી અજ્ઞાન દશા છે ત્યાં સુધી મનને વશ કરવાનું સુજતું નથી, તમારે તો પ્રભુની ભક્તિ વગેરેમાં મનને વાળવું જોઇએ. નવરા પડતાં ધર્મનાં પુસ્તકો વાંચવાં અગર વંચાવવાં. કોઇ જાતની વિકથામાં વખતનો દુર ઉપયોગ કરવો નહી. અલ્પકાળમાં ખરી આત્મદશા જાગ્રત થયા વિના ધર્મની આરાધના થઇ શકવાની નથી. કોઇ મોહના યોગે બાળજીવો, સાધુઓની કુથલીમાં પડે તોપણ તમારે તેમાં ચિત્ત દેવું નહીં. તેમજ કોઇ નિંદા કરનારના ઉપર ક્રોધ પણ કરવો નહી. ઉલટું નિંદા કરનારાઓનું ભલું શ્રી મહાવીર પ્રભુએ ચંડકોશીયા સર્પનું ચિંતવ્યું હતું, તેની પેઠે ચિંતવવું. મોહની ઘેનને દૂર કરી જાગવું જોઇએ. એકાંતમાં આંખો મીંચીને પ્રભુની સ્તુતિ કર્યા કરવી. અને પોતાના દોષોને ટાળવા માટે શુભ ભાવના ભાવવી. તેથી આત્મ કલ્યાણ થશે. ૐ શાંતિ. ૩ ૧૯૬૭ વૈ. સુ. ૧.

× × × ×

મુકામ મુંબાઇ, લે. બુદ્ધિસાગર.

મુકામ સાણંદ. સુશ્રાવક શા. ત્રિભોવનદાસ મણુકચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો છે કેટલીક ધાર્મિકપ્રવૃતિયોમાં ચિત્ત હોવાથી પત્ર લખી શકયો નથી. વિ. હાલમાં આનંદઘન ચોવીશી દેવચંદકૃત ચોવીશી અને આત્મ પ્રકાશ વાંચવાનો મહાવરો રાખવો. પોતાનું હિત કરનાર પોતાનો આત્મા છે. ગુરૂઓ પાસેથી તત્ત્વજ્ઞાન લેવાની યુક્તિઓને આચારમાં મૂકવી જોઇએ. હૃદયમાં આત્મતત્ત્વ પ્રાપ્ત કરવાની કાળજી રાખવી જોઇએ. ધર્મ સંબંધી જે જે વિચારો થાય. તે પ્રમાણે વર્તવાને પ્રયત્ન કરવો જોઇએ. આત્મ લક્ષ્ય, આત્મ શ્રદ્ધા, આત્મ ભક્તિ, આત્મ પ્રેમ, આત્મોપાસના અને આત્માની શુદ્ધતા વગેરે બાબતોપર શ્લોકોનાં શ્લોકો પર્યંત વિચાર કરવાથી કંઇક આત્મ પ્રદેશમાં ઉંડા ઉતરવાનો અધિકાર પ્રાપ્ત થશે. આલંબન વિના કંઇ થતું નથી. એમ કહી પશ્ચાત્ કંઇ પણ પ્રયત્ન કર્યા વિનાપ્રમાદમાં જીવન ગાળવું એ કંઇ તીવ્ર જીજ્ઞાસાનો ભાવ નથી. આત્મા ઉપર ખરો પ્રેમ પ્રગટવો જોઇએ. સાધ્યદૃષ્ટિ લક્ષ્યમાં રાખી ઉપયોગ પ્રમાણે શ્રાવકવ્રતોની ધાર્મિક પ્રવૃત્તિ કરવી જોઇએ. પ્રતિદિન શાસ્ત્રોને વાંચી અભિનવજ્ઞાન પ્રાપ્ત

પ્રેમી ધર્મી જટ બની, આતમને ઝટ તાર;
પામી અવસર ચેતજે, ઉતમ છે અવતાર. ૯
કરી પ્રતિજ્ઞા પાળતાં, ટળશે સઘળાં દુઃખ,
સદ્ગુરૂ કૃપા કટાક્ષથી, મળશે સાશ્વત સુખ. ૧૦
વારંવાર આ વાંચજો, ધર્મપત્રની રીત,
વચન બોલ્યાં પાળશો, ઉત્તમ જનની નીતિ. ૧૧
ચેતનને ઉદ્ધારવા, અવસર આછે બેશ,
ઉત્તમ વ્રતને આદરો, પામો સુખ હંમેશ. ૧૨
હારીશ નહિં મનુજન્મને, શીખ હૃદયમાં ધાર,
સ્વારથીઆ સંસારમાં, ધર્મ શરણ સુખકાર. ૧૩
ભજન સંગ્રહને વાંચીને, કરશો ભક્તિ નિત્ય,
સદ્ગુરૂ શ્રદ્ધા રાખતાં, થાશો નિત્ય પવિત્ર. ૧૪

× × × ×

મુકામ માણસા.

શ્રી મુંબાઇ મધ્યે શ્રાવક શા....................યોગ્ય ધર્મલાભ વિશેષ નીચેના દુહા વાંચી ધર્મસાધનમાં પ્રમાદ ટાળશો.

दुहा.

उपाधि संसारनी—महा दुःखनी खाण ।
कोइ न साथे आवतुं—नक्की मनमां जाण ॥ १ ॥
पीपल पाननी कुंपळो—अन्ते बगडी जाय ।
युवा अवस्था तेहवी—नक्की विणशी जाय ॥ २ ॥
जन्मीने आ पृथ्वीमां—कर्यो न धर्मोद्धार ।
मायामां फसतां अरे—अंते दुःख अपार ॥ ३ ॥

ચર્યની કરણીમાં ભક્તિને નમી જવાથી, પણ સત્ય કાર્ય તો આત્મજ્ઞા-
નક મહાપ્રભુ, જિન ભગવાન્‌ના યોગે બની શકશે. આ. ગુણિક વારંવાર
વિવેકોત્પુર્વે તે પોતાનું ધન રૂપ લાભ કરે નહીં. જેને વિચારપૂર્વક ભક્તિની
ટેવ છે, તેમ આત્માર્થિઓને આત્મજ્ઞાનની જ મહત્તા છે. વચન બીજી
ખબ છે. કર્યું ન કર્યાં કરે બની. વચનની ક્રિયા ચેતન પુરેપુરી બની શકે છે.
એ વચન પણ આવનાર નથી. મનના મનોરથ મનમાં ને મનમાં રહેશે.
મનુષ્ય પોતાનું કામ કરે છે. આત્મસુખાર્થીઓએ કાગ નિર્ભય થઈ
ને ઉત્તમની ભાવના બનાવી. અર્હત સ્વરૂપ અને શ્રદ્ધા. આ પ્રમાણે પ્રા-
ર્થના શું વિશેષ છે ! આત્મા આત્માને જ સમ્યક્ત્વ દર્શાવે છે. આત્મ-
સ્વરૂપ સિદ્ધિ પ્રતિ પુરુષાર્થ એવો આર્હતને પ્રથમ દર્શન છે. જેના
મનમાં અહિંસા છે, તેને આ મહાકાર્ય રૂપ જેના સ્વરૂપ હૃદયમાં ઠરે છે.
નિશ્ચયવિષ્ણુધ્યાને સ્થિતિ અને વ્યવહારે વર્તન તેમ સમ્યગ્ સુખ પ્રાપ્તિ
પ્રવર્તે છે. વ્યવહારમાં અને અપવાદ કર્મોથી દોષ આદિ ભાગ પોતા
તમે કહી વ્યવહાર છે, તેથી સત્ય કર્મપ્રાયશ્ચિત્તિન ધર્મી માનવને માટે
એકાંત નિશ્ચય કરશો નહિ. આત્મસ્વરૂપ જ્ઞાનીઓની બાબે કોઈ નિંદા કરે,
સ્તુતિ કરે, તેથી આત્માની પેઠે તેને કંઈ સારા પોતાનો સ્પર્શ થતો નથી,
પણ આવી દશા પ્રાપ્ત થવી દુર્લભ છે. એક વચન જેનું સદ્ગુરુ દ્વારા
તત્ત્વ હૃદયમાં ઉતાર્યું તેને પુનઃ પુનઃ સંભારી આત્માર્થે તેને અભ્યાસ
પરિણમવાની જરૂર નથી. સાધ્યસાપેક્ષબુદ્ધિથી સ્વલેખ ઇત્યાદિ વિચારી
એવી જીંદગીમાં થવું થાય તેમ ઉત્તમ પુરુષો પ્રયત્ન કરે છે.

ॐ અર્હમ્

× × × ×

ॐ નમો વીતરાગાય.

(પં નમઃ)

લિ. મુનિ બુદ્ધિસાગર મુ. સાણંદ.

શ્રી ગામ .... સુશ્રાવક .... યોગ્ય
શુદ્ધવ્યવહાર નિશ્ચયનયસ્વરૂપ અનેકાન્ત ધર્મની પ્રાપ્તિ થાઓ.

સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કેઃ—

जस्स धिइ तस्सतवो, जस्स तवो तस्स सुगति सुलहा
जो अधीरमंत पुरिसा, तवो विणलु दुलहो तेसि ॥ १ ॥

" જે પુરૂષને ધૈર્ય છે, તે પુરૂષને તપ છે. અર્થાત્ ધૈર્યવાન પુરૂષ તપ કરી શકે છે, અને તેજ પુરૂષની સારી ગતિ થાય છે, અને જે અધીરા પુરૂષો છે, તેમને તપ પણ દુર્લભ છે. માટે પૌદ્ગલિક ભાવની આપત્તિ આવે છતે ધીરજ ધારણ કરવી એજ અત્યુત્તમ માર્ગ છે. જે પુરૂષો આત્મસ્વરૂપાભિલાષી છે તે તો પર પુદ્ગલના ઉત્પાદ અને વિનાશ થકી કંઇ હર્ષશોક કરતા નથી. એમને એમ ભાસે છે કે, પુદ્ગલના ધર્મ પુદ્ગલ કર્યા કરે છે. એમાં તારો કાંઇ ઉપાય ચાલે તેમ નથી. તારા શરીરની પણ એક દિન રાખ થઇ જવાની ! તો બીજાનું તે પ્રમાણે થાય તેમાં શી નવાઇ !

દુહા.

કર્મ સંયોગે આતમા, શરીર જનમા પાય;
ચાર ગતિ ભટકે સદા, નવ નવ કર્મ ઉપાય ॥ ૧ ॥
કબજે નનુષાકાર થઇ, ભોગવે ભોગ વિલાસ;
પણ આતમ અનુભવ વિના, ફોગટ પુદ્ગલ પ્યાસ ॥ ૨ ॥
લાખ ચોરાશી યોનિમાં, ઉપજે વિણસે જીવ,
નાચે પેખે આતમા, પાડત્તિ મુખ નીર ॥ ૩ ॥
રોગ શોક વિયોગથી, દુઃખદાઇ સંસાર,
તેમાં મારું શું ? કરે, ચેતન દિલ વિચાર ॥ ૪ ॥
ચેતન દિલ વિચાર સત્ય, ભવ ભટકે તું કેમ ?
કારણ કર્મ વિચારીએ, લહિએ શિવપુર એમ ॥ ૫ ॥
ખટપટ ઝટપટ ત્યાગ કર, આત્મસ્વરૂપ વિચાર.
આત્મસ્વરૂપ વિચારતાં, લહીએ ભવજલ પાર ॥ ૬ ॥
સત્યમાર્ગે જીનવરતણે, ચેતો ભવી દિન રાત.
અજે અમર અભંગ નિરંજન, એમ કહે જીનરાજ ॥ ૭ ॥
શરીરથી મનથી આતમ જુદો છે ભિન્ન.
નિર્મલ આતમ ધ્યાવતાં, થાશે શિવપદ લીન ॥ ૮ ॥

સહજે ચિદ્રૂપ લીન એમ, બુદ્ધિ કહે નિરધાર;
એવો ધ્યાવો આતમા, થાવો ચિદ્ઘન સાર ॥૫॥

એ પ્રમાણે આત્માને ધ્યાતાં અધ્યાત્મશાંતિ થશે. ઇતિ શાન્તિઃ ૩

× × × ×

ॐ अर्हं नमः

મુકામ સાણંદ. બુદ્ધિસાગર.

શ્રી વાવ........મધ્યે સુશ્રાવક............યોગ્ય ધર્મલાભ. વિ૦ તમારો પત્ર આવ્યો તે મળ્યો.

વિ. જે કરવાની તારી પ્રવૃત્તિ [illegible]

[illegible]

મોટાની નિશાની ગંભીરતા, ઉત્તમની વિનયતા, અને શોધવાનું નિજ અંતરમાં છે.

સમય સામગ્રીની મહત્વતા કોણ ચૂકશે?

જેવા વિચારો મનમાં થાય છે તે પ્રમાણે સારા અગર નઠારા કૃત્યને આત્મા મેળવે છે. સંસારમાં કોઇ મિત્ર નથી, તેમ કોઇ પણ શત્રુ નથી. મનમાં નઠારો વિચાર થાય છે, તેજ આપણા શત્રુ, અને મનમાં સારા વિચારો થાય છે તેજ આપણા મિત્ર. મનમાં કોઇ જાતનો વિચાર થવા દેવો નહીં. મનમાં વિચારો થાય છે તેજ દુઃખનું કારણ છે. દરેક પોતાના વિચારોથીજ પોતાને કર્મની જાળમાં ઘેરી લે છે. એમ સમજવાનું છે. વિચારમાં સમાયેલા જોખમોનો ખ્યાલ નહીં હોવાથી લોકો પોતાના મનમાં સારા નઠારા સર્વે વિચારો સુખેથી આવવા દે છે. હવે જે સંસ્કારો પડે છે તેજ પાછા દબાણ કરી તેવા વિચારો કરાવે છે કે જેની અણસમજું લોકોને ખબર નહીં હોવાથી તેમ થતું અટકાવવાની કોશીસ કરવાને બદલે વારંવાર તેવાજ વિચારો ઉત્પન્ન થવા દે છે, અને તેનું છેવટ પરિણામ એવું આવે છે કે, એકજ વિચાર પાંચ છ વખત કીધાથી વિચારોના ફ્ંદામાં પોતે આવી જાય છે, અને તે નઠારા વિચાર, પછી તેની મરજી ઉપરાંત તેનાથી થઇ જાય છે. દરેક માણસે આ બાબતની અંતરમાં તપાસ કરવી. એવી રીતે સારા કે નઠારા વિચારના બંધનમા તે પડે છે, તેજ કર્મ જાણવું. તેનો કરનાર પોતે અને તેમાં બંધાનાર પણ પોતેજ છે. જે નઠારા વિચારથી એક વેળા મોકળો હતો તે વિચાર અણજાણ પણે ફરી ફરી કરવાથી તેમા પોતે બંધાઇ જાય છે. નઠારા વિચારોથી છેવટે નઠારૂં કામ થઇ જાય છે, કે જેનું કડવું ફળ ભોગવતી વેળાએ તે દુઃખી થાય છે. ખરાબ વિચાર નહીં કરવા માટે લાંબા વખત સુધી મહેનત કરવી પડે છે. છેવટે તે મનમાં આવતા કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, શોક, નિંદા, ચિંતા રૂપ ખરાબ વિચારોને છેવટે અટકાવી શકાય છે. કામ પડતા ઉપયોગી વિચારો મનમાં થવા દેવા. મનમાં કોઇ જાતનો વિ[illegible] થાય છે તેથી સારૂં ખોટું કર્મ ઉત્પન્ન થાય છે. ખરાબવિચાર થવા દેવોજ નહીં. તેથી સંતોષ ઉત્પન્ન થાય છે, અને મનથી આત્મા જુદો પાડી શકાય છે. આ એક સુખી થવાની કુંચી છે. કરે સો પાવે ह्त्येवं शान्तिः

× × × ×

ૐ નમઃ સ્વાત્મને.

પોતાના પ્રતિ પોતે શત્રુરૂપ થવું તેજ ઉપાધિ આપત્તિનાં વાદળ ત્યા સ્વાર્થિક પ્રીતિ ત્યા અપ્રીતિ સ્વાભાવે છે. તો તેથી શો શોક કરે' ઉપાધિના તથા દુઃખના યોગે થતી ચિંતા અટકાવવાને શીખવું પ્રસંગ''' ના કસોટીએ અશાતા વેદની તે તો સમજુને સાહ્યકારીનો દિન છે.

[illegible] આપત્તિના [illegible] નેના [illegible] આપણું કે તેને [illegible]

દિન [illegible] [illegible] [illegible] ગયા કે તેના [illegible]

[illegible] દુનિયા અનેક પ્રકાર [illegible] પોતાને શું!

[illegible]

પોતાની પરીક્ષા [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

સુદર્શન [illegible]

[illegible]

[illegible]

[illegible]

धार्द धर्म विशाल पालक सदा रत्नमणि लेखयो
धर्म लाभ सदा विशाळ सुखनो बुद्धि कहे देखयो ॥१॥

સાયંકાળ વિષે મળે સહુજ્માં જોતાં બધાં પંખીઓ,
તેવાં કર્મજ્યોગે મળ્યા સહુજ્માં સર્વત્ર સંબંધીઓ;
આ જાયા જનની અને જનક તે જાણ્યાં અહંકારમાં
વારંવાર વિચાર ધાર મનમાં શો સાર ? સંસારમાં. ૨

આખું ઉત્તમ આ શરીર પણ તે છે હાડકાં ચામડાં,
લોહી લાલ પુરીષ મૂત્ર મળના ખોટાં બધાં ખાળડાં;
મારૂં માત્ર મમત્વથી મનવિષે માનું હું અજ્ઞાનમાં,
વારંવાર વિચાર ધારે મનમાં શો સાર ? સંસારમાં. ૩

જાવું જન્મ જરા વિપત્તિ વયમાં અંતે અરે એકલાં.
અજ્ઞાને સઘળાં જનો રડવડી શોકે કરે શોકલાં,
સાઈ કોઇ સહાય હાય ન મળે હીરો ગયો હારમા,
વારંવાર વિચાર ધાર મનમાં શો સાર સંસારમાં. ૪

आतमज्ञान विचारणा मनविषे, कीधी नहीं कांइरे
चोरासी लक्ष योनिमां भटकतां दुःखो बहु थायरे
चेतावुं मनमां सुणी गुरुतणो विश्वास आधाररे
ज्ञान ध्यान विवेक भक्ति करुणा संसारमां साररे. ५

श्री शान्तिः

× × × ×

લી. બુદ્ધિસાગર.

શ્રી ગામ..............સુશ્રાવક....................યોગ્ય ધર્મલાભ. વિ. અત્ર શાંતિ વર્તે છે. તમને ક્ષયોપશમભાવે આત્મિક શાંતિ વર્તો. જેમ જેમ આત્મતત્ત્વને વિષે ખરી રમણતા તેમ તેમ વસ્તુતઃ ખરી શાંતિ જાણવી. બાકી શરીરની શાંતિ તો દરેક જણને હોઇ શકે. શરીરથી ભિન્ન શરીરમા વ્યાપી રહેલો આત્મા આત્મસ્વરૂપે રમે તો બાહ્ય પદાર્થ પ્રપંચથી શી રીતે કર્મ બાંધી શકે ? જેણે અંતરની શાંતિ આત્મોપયોગે અનુભવી છે તેને બાહ્યશાંતિથી કંઇ

આત્મસ્વરૂપ વિચારણા, આતમધ્યાને લીન;
આતમ ઉપયોગી થઇ, કરો કર્મને ભિન્ન. ॥ ૨ ॥

ધર્મ ધર્મ જગ સૌ કરે, કરતાં પર ઉપદેશ;
આતમ ધર્મ વિના અહો, સમજ્યા નહિ તે લેશ. ॥ ૩ ॥

ધર્મ નામના ભર્મમાં, જગત્ જનો મુંઝાય;
આપઆપની તાણમાં, રાગદ્વેષને પાય. ॥ ૪ ॥

નદીપ્રવાહેકાષ્ટ વૃન્દ, નદીપ્રવાહે તણાય;
પંથોનદી પ્રવાહમાં, જગ જન ગોથાં ખાય. ॥ ૫ ॥

અનેકમત જગમાં થયા, ભિન્ન ભિન્ન કહે તત્ત્વ;
અરસપરસના ભેદને, ક્યું કરી સમજે સત્ત. ॥ ૬ ॥

ભેદજ્ઞાન ઝઘડો ભર્યો, સ્વમતની કરી તાણ;
ઉપદેશક પણ તેહવા, શું ? સમજે જીન આણ. ॥ ૭ ॥

ફેર ફુદડી ખાવતાં, સ્થાવર ફરતું જણાય;
મિથ્યાજ્ઞાને જીવને, એહ ઉખાણો ન્યાય. ॥ ૮ ॥

દુઃષમ પંચમ કાળમાં, આપમતિ અનુસાર;
ઉપદેશે છે ધર્મને, મગ્ન બની મમકાર. ॥ ૯ ॥

ષડ્દર્શનના ચક્રમાં, યુક્તિનો વિસ્તાર;
હાલ અનાદિ અનંત છે, વિરલો સમજે સાર. ॥૧૦॥

× × × ×

મુ॰ અમદાવાદ,

શ્રી ગામ.........ભવ્ય જીજ્ઞાસુ સુશ્રાવક............યોગ્ય ધર્મલાભ.
વિ. આત્મધર્મના ઉપયોગમાં જાગતા રહેશો. બાહ્યજડપદાર્થોમા રાચી માચી રહી પરભાવમા જીવન ગાળશો નહીં. જેનાથી ઉપદેશ ઇચ્છો છો તેના પ્રતિ પૂજ્યબુદ્ધિ ધારણ કરો. સારાંશ કે એવી બુદ્ધિ થયા વિના ઉપદેશ હૃદયમાં દૃઢ પરિણમશે નહીં. તમે કોઇ પણ જાતિ છો, ઇન્દ્રિયો છો, નામરૂપ છો એવું ભૂલી જાઓ. આત્મામા અત્યન્ત પ્રેમ થશે તો બાહ્ય

કાલ સ્વભાવને નિયતિ, કર્મને ઉદ્યમ સાર;
પંચ એ કારણ મેળવી, કાર્ય થાય મન ધાર. ॥ ૮ ॥

ઉપદેશ નિમિત્ત માત્ર છે, થાય ભવી સુખકાર;
લખવું તે પણ હિતભણી, આતમને સુખકાર. ॥ ૯ ॥

પોતાની જે જાતિ છે, આતમરામ નિહાલ;
વિજાતીય પુદ્ગલતણી, સંગતિ દૂરે ટાળ. ॥ ૧૦ ॥

જડને જડની સંગતિ, કરે ન આતમરામ;
આતમ સંગતિ જ્ઞાનની, ભજતાં શિવ વિશ્રામ. ॥ ૧૧ ॥

છાગ સમું એ સિંહ બાલ, કાઢે કેઈક કાળ;
જાતિ સિંહ નિહાળીને, નાઠો વન દેઇ ફાળ. ॥ ૧૨ ॥

ચાર દિશાથી ઘર સળગતાં, ઘરમાં કિમ રહેવાય;
રહેવે તેહિજ દુઃખીઓ, ભવાભિનંદી જણાય. ॥ ૧૩ ॥

સંસારે સુખ માનતો, રાતોમાતો થાય;
અહો પુદ્ગલની સંગતિ, હોવે દુઃખનું ઠામ. ॥ ૧૪ ॥

સાકરથી ઠ્યાં રહે, ગપ્પાં મારે બાથ;
કહેણી તેવી રહેણીને, વિરલા સજ્જન પાય. ॥ ૧૫ ॥

કહેણી રહેણી જો મિલે, શિવ સુખ કરમાં હોય;
જન્મ મરણ ફેરો ટળે, આનંદઘન પદ જોય. ॥ ૧૬ ॥

આતમ ધનને કારણે, સહુ જન શીશ મુંડાય;
આતમ અનુભવ વિણુ તે, ચાર ગતિ ભટકાય. ॥ ૧૭ ॥

મનમાં જાણે જ્ઞાની હું, જ્ઞાનીનો નહીં લાગ;
જ્ઞાની જન મુક્તિ લહ્યા, નમું જ્ઞાની મહાભાગ. ॥ ૧૮ ॥

સકળ શાસ્ત્રનો સાર છે, પુદ્ગલ સંગ નિવાર;
પુદ્ગલ સંગી આતમા, ક્યું પામે ભવપાર. ॥ ૧૯ ॥

પુદ્ગલ પુદ્ગલ સહુ કરે, નહીં સમજ્યા તે મર્મ;
સમજ્યા તેહીજ પામિયા, આતમ અનુભવ શર્મ. ॥ ૨૦ ॥

આતમ આતમ સહુ લવે, આતમ વસ્તુ વિચાર;
જાણે નહીં તે બાપડા, શુકપાઠી અનુસાર. ॥ ૨૧ ॥

કેવલ જ્ઞાનથી જીવને, આત્યંતિક સુખ થાય;
લોકાલોક સ્વરૂપને, ક્ષણમાં દેખે તાય. ॥ ૩૬ ॥

ચેતો આતમ આજકાલ, આયુષ્ય ખૂટી જાય;
કાચકુંભના જેહવી, કાયા માયા ભાય. ॥ ૩૭ ॥

કાયા માયા જેહને, ભાસી ચિત્ર સમધાર;
જલપંકજવત્ તેહને, ભાસે સમ સંસાર. ॥ ૩૮ ॥

સંસારે સહુ મોહીયા, કરે ન આતમ ખોજ;
આત્મસ્વરૂપ વિચારતાં, પ્રગટે ગુણગણ મોજ. ॥ ૩૯ ॥

માયા આલપંપાલ સમ, ભાસે જમ સંસાર;
તે ચાખે સમતા સુધા, પામે ભવજલ પાર. ॥ ૪૦ ॥

ભવજલ પાર તે પામશે, જેને સદ્ગુરૂ સંગ;
સત્સંગી ભવી આતમા, પામે અનુભવ રંગ. ॥ ૪૧ ॥

પામે અનુભવ રંગ તે, નિષ્કપટી દિલધાર;
ચાતકને જેમ મેઘની, ધર્મપ્રીતિ મનોહાર. ॥ ૪૨ ॥

મનોહાર તે ધર્મની, પ્રીતિ આતમ હેત;
કરતાં દુઃખ તે ભાગશે, ચેત ચેત જીવ ચેત. ॥ ૪૩ ॥

કાજલ કોટડીમાં વશે, નિર્મલ જેની બુદ્ધિ;
તેની ગૃહસ્થાવાસમાં, આતમની છે શુદ્ધિ. ॥ ૪૪ ॥

પીલંતાં જેમ વેણુને, નહીં તેલ તે પાય;
મોહથકી જીવો અરે, કરતાં મુક્તિ ઉપાય. ॥ ૪૫ ॥

મોહરાજનો વાસ જ્યાં, ત્યાં સુખ ક્યાંથી થાય;
સ્ત્રી ધન પુત્રે મોહવાસ, મોહ જાલનો પાસ. ॥ ૪૬ ॥

જ્યા પ્રીતિ ત્યાં મોહવાસ, તેનો સંગ નિવાર;
છળ તાકતો મોહરાય, રખડાવે સંસાર. ॥ ૪૭ ॥

મોહસ્થાનની, સંગતિ, કરવી તે દુઃખદાય;
તજવી પણ મુશ્કેલ છે, ત્યાગે વિરલા ભાય ॥ ૪૮ ॥

મોહસ્થાનનો ત્યાગી તે, વૈરાગી મન થાય;
અલ્પ કાળ તે ભટકશે, ઇમ ભાખે જીનરાય. ॥ ૪૯ ॥

આવે છે તો તે ક્રિયાઓ અધ્યાત્મજ્ઞાનમય ભાસે છે. છ આવશ્યકનાં સૂત્રોમાં અધ્યાત્મતત્ત્વજ સમાયું છે. કેટલાક શુષ્કઅધ્યાત્મજ્ઞાનિયોને પણ આવશ્યકાદિ સૂત્રોનાં ઉત્તમ ગંભીર રહસ્યો સમજાવવામાં આવે તો તેઓ પણ તેમાં અધ્યાત્મ તત્ત્વનેજ દેખી શકે. જીવોને અધિકાર પ્રમાણે કહેવું, અને તેના અધિકાર પ્રમાણે ધર્મની ક્રિયાઓ છે. કોઇ નયનું ખંડન કરવું નહિ એ **વીતરાગની** આજ્ઞા છે. વ્યવહાર અને નિશ્ચયનય એ બે નયવડે ધર્મની આરાધના કરવી. ૐ શાન્તિઃ ૨

× × × ×

મુ. સાણંદ.

અમ દા.........તથા.........યોગ્ય ધર્મ લાભ. સાંવત્સરિક ક્ષમાપના સદાકાલ હો. સનાતનીયોથી પરિપૂર્ણ સ્યાદ્વાદ સમુદ્ર અવગાહ્યા વિના ધર્મ ક્ષમાપનાની સુગન્ધિ અનુભવાતી નથી. જ્ઞાનીઓનો સમાગમ, વિનય, શ્રદ્ધા, ભક્તિ વિના, ગુરૂગમ વિના યથાર્થ આત્મસ્વરૂપ સમજી શકાતું નથી. એકાંત અને અનેકાન્તવાદનું અંતર્ દ્રવ્યાનુયોગના અનુભવ વિના સમજી શકાતું નથી, અને તેથી અધ્યાત્મસ્વરૂપ ઓળખી શકાતું નથી. તત્ત્વસન્મુખતાને પ્રાપ્ત કરાવનાર સદ્ગુરૂ કે જે બાહ્ય આભ્યન્તર પરિગ્રહ રહિત છે, તેમની સેવા વિના શી રીતે સંસાર પાર પમાય. આત્મતત્ત્વના રાગ માત્રથી આત્મ સ્વરૂપ પમાતું નથી. મોહની કરીગુ ઘાટીયો ઓળંગવાની છે. દગવા દોરની પેઠે વા રજ્જુના રૈઝની પેઠે ભ્રાન્તિથી જ્યાં ત્યાં પરિભ્રમણ આત્માએ કર્યું, કરે છે. બાહ્યરૂપે કલ્પેલા આત્મસ્વરૂપમાં સંતોષ નહિ માનતાં આત્મ સ્વરૂપ આચારમાં મૂકીને સુખી થવું. આન્તર્ ઉપયોગ વિના શ્વાસોશ્વાસે ઘૂંટ ભરે છે. આત્મામાં આનંદને ઉંડન નાખવું. આત્મહિતમાં પ્રવૃત્તિ કરી મગન મન્ન પામવી.

× × × ×

યોના સર્વ ભોગો પણ નિર્જરાના હેતુભૂત થાય છે. જ્ઞાનિયોને આસ્રવના હેતુઓ સંવરપણે પરિણમે છે, અને અજ્ઞાનિયોને નિર્જરાના હેતુઓ સંવર રૂપે પરિણમે છે. અજ્ઞાની જ્યાં જ્યાં બંધાય છે, તે તે વસ્તુઓથી જ્ઞાની છૂટે છે. જડ પુદ્ગલ વસ્તુથી આત્મા છૂટી શકે છે. જડ વસ્તુ કરતાં આત્માની શક્તિ અનન્તી છે. જડ વસ્તુને પણ આત્માજ ગ્રહી શકે છે, અને છોડી શકે છે. આત્માના સામર્થ્ય વિના જડવસ્તુમાં એવી શક્તિ નથી કે તે પોતાની મેળે કર્મરૂપે બની આત્માને લાગી શકે ? કર્મના અનેકભેદ છે પણ તેના મુખ્ય આઠ ભેદ છે. આઠ ભેદને પણ આત્માજ દૂર કરી શકે છે. માટે આત્માની શક્તિઓ ખીલવવા આત્મજ્ઞાનપૂર્વક ધ્યાન કરવાની આવશ્યકતા છે. આત્મા જેમ જેમ સૂક્ષ્મધ્યાનમાં પ્રવર્તે છે. તેમ તેમ તેનો ઉપયોગ તીક્ષ્ણ થતો જાય છે, અને તે ઉપયોગમાં એવી શક્તિ છે કે તે આત્માના અસંખ્યાતપ્રદેશે લાગેલાં કર્મોને ક્ષણમાં ખેરવી નાંખે છે. આત્માની અનન્ત શક્તિ છે એ વાત ખરેખર અનુભવજ્ઞાનથી સિદ્ધ થાય છે. દુનિયાંમા છેલ્લામાં છેલ્લી શોધ આત્મજ્ઞાન અને ધ્યાનની છે તેની સિદ્ધિ થતાં મુક્તિ કરતલમાં છે.

આત્માની સહજ દશાખાં અનંત સુખ છે તેની પ્રાપ્તિ માટે દેવગુરૂના અવલંબનની જરૂર છે. સાંસારિક પદાર્થો ઉપર જેટલો રાગ થાય છે તેના કરતાં વિશેષરાગ શ્રી સદ્ગુરુ ઉપર થવો જોઇએ. શ્રી સદ્ગુરુપર પરિપૂર્ણ પ્રેમ થતાં જલમાં સ્થલમાં જ્યાં ત્યાં ગુરૂગુરૂની ધ્વનિ ઉઠે છે, અને તેવી સ્થિતિમા સદ્ગુરૂનો ઉપદેશ જે જે સાંભળ્યો હોય છે, તે તે યાદી આવે છે, અને તેથી આત્મામાં ધર્મના દૃઢ સંસ્કાર જામે છે. સદ્ગુરૂના ઉપદેશ વચનોમાં, અપૂર્વ તત્ત્વ સમાયલું હોય છે, તેની ખબર ભક્તશિષ્યને પડે છે. તેવી સ્થિતિમાં સદ્ગુરુ પ્રેમધૂન શુદ્ધ હોવાને લીધે સંસારદશા વિસરાય છે, અને કંઇક આત્માનું સ્વરૂપ નવું જાગ્રત્ થાય છે. આત્માના સુખનો અનુભવ આવે છે, અને મનમાં એક વસ્તુમાં અમુક કાલ સુધી સ્થિરતા થાય છે. સદ્ગુરૂનો ઉપદેશ સાંભળ્યો પણ આચારમાં મુક્યા વિના આત્મસમ્મુખ પ્રવૃત્તિ થઇ શકતી નથી. આત્મદૃષ્ટિ થવા માટે નિયમિત કાલમાં આત્માના સારા વિચારો કરવા. **વાંઝીઓ દિવસ તો કદી રાખવો નહિ.** જ્ઞાનદર્શન ચારિત્રમય આત્મા છે. ઉત્પાદ વ્યય અને ધ્રુવતામય આત્મા છે. જેણે એક આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. જગતમાં સર્વદા આત્માજ ઉપાદેય છે. સ્વપર પ્રકાશક આત્મા છે. રાગદ્વેષનો ક્ષય થાય તેમ પ્રવૃત્તિ કરવી યોગ્ય છે. ષટ્સ્થાનકથી આત્માનું સ્વરૂપ વિચારવું જોઇએ.

ॐ નમઃ પાર્શ્વનાથાય, ભવ્ય !!! આત્મધ્યાન કરો.

પ્રેમ વિના શું પત્ર રે, પ્રેમવિના શી વાત,
હૃદય મળ્યા વણ દિલની, વાત કદી નહિ થાત. ૧
હૃદય મળે સંકોચ શો?, શો લજ્જા અવકાશ;
દીલ ન ઉતરે પત્રમાં, તે નહિ પત્રવિલાસ. ૨
દીલ મળે ત્યાં દીલની, વાતો પત્રે થાય;
સૂખો પત્ર નીહાળતાં, દીલડું શુષ્ક જણાય. ૩
મન મળતાં મન મેલ તો, પ્રેમે હોય ન લેશ;
શ્રદ્ધા ભક્તિ જ સત્ય તો, અન્તર્ હોય ન કલેશ. ૪
જેનું મન જેમાં ભળ્યું, તેમાં તેને પ્યાર;
મન મળતાં સંકોચ શો ? હૃદયપ્રેમથી ધાર. ૫
પ્રેમે મન આનંદમાં, પ્રેમે પત્ર લખાય;
પ્રેમવિના નહિ ધર્મ છે, સમજુને સમજાય. ૬
દુનિયાની લજ્જાથકી, મનમાં રાખે ભીત;
પત્ર લખે સંકોચથી, એ નહિ ઉત્તમ રીત. ૭
અંતરના ઉદ્ગારથી, પત્ર બને છે બેશ;
અન્તરના ઉદ્ગારવણ, શો લખવો સંદેશ. ૮
દેવગુરુના પ્રેમમાં, દુનિયાની શી લાજ;
લાજે કાજ સરે નહિ, પામો શું ? સામ્રાજ્ય. ૯
દુનિયા દોરંગી સદા, તેનામાં શું ? સાચ;
સદ્ગુરુ વાણી સત્ય છે, બાકી જાણો કાચ. ૧૦
પત્ર લેખ ગંભીર છે, જાણે સાચો ભક્ત;
દિલ દિલની વાતો લહે, શિષ્યશક્તિથી શક્ત. ૧૧
ધર્મ કર્મ વૃદ્ધિ લહો, પ્રેમી પ્રતાપલાલ;
બુદ્ધિસાગરધર્મથી, હોવે મંગળમાલ. ૧૨

ॐ શાન્તિઃ ૩

× × × ×

ત્મય છે. માટે આ હિતશિક્ષાનો ઉપાય આ પત્ર વાંચી અમલમાં મૂકશો. સદાકાળના માટે સામાયિક કરીને વા બીજી રીતે પણ આ ઉપાય અમલમાં મૂકશો. મનને વશ કરવા માટે અન્ય ઉપાય એ છે કે મનમાં ખરાબ વિચાર થવા દેશો નહીં. મનમાં થતા ખરાબ વિચારોને અટકાવવા. ખૂબ જુસ્સાથી સારા વિચારો કરશો કે તુર્ત ખરાબ વિચારો અટકી જશે. કોઇના સુંદર, શબ્દના રાગમાં તથા કોઇના સુંદર રૂપમાં અને ગંધમાં મોહિત થવું નહિ. મનમાં એમ સમજવું કે પુદ્ગલની–એ સર્વ કારમી લીલા ક્ષણ વિનાશી છે. એમાં આત્માનો આનંદ નથી. આ પ્રમાણે હૃદયમાં સારા વિચારો કરશો તો મન સહેજે ઠેકાણે આવશે. મનને કોઇ પણ વસ્તુમાં લક્ષ્ય રાખી સ્થિર કરવું જોઇએ. એક આત્માના અનંત ગુણ છે તેમાંથી ગમે તે એક ગુણ લેઇને તેના સ્વરૂપમાં મનને તલ્લીન કરવું. ગુરૂભક્તિમાં મનને તલ્લીન કરવામાં આવે તો વિશેષતઃ તલ્લીન થાય છે. મનમાં રાગદ્વેષના વિચારો પ્રગટ થતાં વેંતજ તેને દાબી દેવાથી મનની સમાનતા જાગતી શકાય છે. હાલતાં ચાલતાં, ખાતાં, પીતાં, અને કાર્ય કરતાં પણ મનની સમાનતા જાગતી રાખવા પ્રયત્ન કરશો. મનને અમુક રીતે વશ કરવાથી સંયમ શક્તિ ખીલે છે, ધ્યાનમાં પ્રવેશ થાય છે, અને અંતે સમાધિપદ પ્રાપ્ત થાય છે. વ્યાવહારિક જીવનકળાના અભ્યાસો ખીલવતાં પણ આવી આત્મિક જીંદગી ગાળશો તો વ્યાવહારિક સ્થિતિની પણ ઉન્નતિ થશે. મનને એકાગ્ર કરવાની ટેવથી જે જે સંકલ્પો કરશો તે તે સંકલ્પો સિદ્ધ થશે. તેમ મનને કેળવવાની કેળવણી લેશો તો ઉચ્ચ જાતિનું મન બનશે, અને તે પરમ પુરૂષાર્થમાં સહાયી બનશે. પ્રિય ભવ્યાત્મન્ ! જાગ્રત્ થાઓ, પ્રમાદ પરિહરો. પોતાના સ્વરૂપની પ્રાપ્તિ માટે શિર સાટે પ્રયત્ન કરો, અલખનું ગાન જગાવો. મનને દ્રઢ બનાવો. ખરેખર આ પ્રમાણે અભ્યાસ કરશો તો અલ્પકાલમાં આનંદ જીવન પ્રદેશમા પ્રવેશ કરશો, અને આનંદમય બની શકશો. તમારા સંગીઓને પણ વીરપ્રભુની પેઠે લાભ આપશો, તમારૂં ભવિષ્ય સુધારવું તમારા હાથમા છે. ૐ શાંન્તિઃ ૩.

× × × ×

નથી અજ્ઞાનથી શાન્તિ, ખરૂ સુઝે નહીં મોહે;
જગતના અંધહેળામાં, ક્ષણિક સંસારના મેળા. ૨
જીવોને બાંધતી માયા, અનાદિથી બન્યું એવું;
હવે તો ચેતવું સારૂં, ક્ષણિક સંસારના મેળા. ૩
ક્ષણિકનો પ્રેમ ક્યાં સુધી, ક્ષણિક વસ્તુથકી નહિ સુખ;
હૃદયના ઘા રૂઝાવી લો, ક્ષણિક સંસારના મેળા. ૪
અનુભવ આવશે જ્ઞાને, લખેલું સત્ય સમજાશે.
ફકીરી વા અમીરીમાં, ક્ષણિક સંસારના મેળા. ૫
ક્ષણિક વૈરાગ્યને રાગ જ, અવસ્થા એક સમતાની;
લહે કોઇ યોગીઓ તેને, ક્ષણિક સંસારના મેળા. ૬
મનુષ્યની જીંદગી દુર્લભ, ભલા માટે કરો ઉપયોગ;
બુદ્ધ્યબ્ધિ લેખ વાંચીને, અધિકારે કરો ધર્મ જ. ૭

મનુષ્યના શિર પૂર્વ કર્મના ઉદયે દુઃખો આવી પડે છે. પણ દુઃખનો અનુભવ સુખની પ્રાપ્તિ માટે જ્ઞાનીને બની શકે છે. તે સર્વે સારા માટે બને છે. મનુષ્ય એક વખત ભૂલે છે પણ બીજી વખત તો ચેતીને ચાલે છે. સદાને માટે બ્રહ્મચર્ય ધારણ કરવાનો ભાવ થાય તો તે પણ આદરવા યોગ્ય છે, પણ તે બ્રહ્મચર્ય ગુણધારણ કરવાની શક્તિ પોતાનામાં છે કે નહિ તેનો પોતાની મેળે ખ્યાલ કરવો. પ્રસંગોપાત્ત ચેતવણી આપી છે. મારી ફરજ મેં બજાવી છે. આ સંસારમાં સુખ નથી એમ જો નિશ્ચય થયો હોય તો હવે ઉપાધિમાં પડવું યોગ્ય નથી. ધર્મ સાધન કરશો. ધર્મનાં પુસ્તકો વાંચશો. પત્રનું રહસ્ય વિચારશો. ૐ શાન્તિ ૩. સંવત્ ભાદ્રપદ સુદિ ૧૧.

× × × ×

મુંબાઇ તરફ વિહાર, મુકામ અમલસાડ.

સુશ્રાવક................યોગ્ય ધર્મલાભ. બાલ્યાવસ્થામાં જે ભાવો અનુભવાય છે તેનો ફેરફાર યુવાવસ્થામાં થાય છે. તેમાં પણ વિશેષ એટલું કે ગુરુકૃપાથી જ્ઞાનદશામાં અનેક ઉપાધિયો છતાં આત્માનન્દનો અનુભવ થાય છે. સર્વ પ્રકારની ચિંતાઓમાંથી કેટલીક તો અમુક સંયોગે યુવાવસ્થામાં પ્રગટે છે, પણ જો આત્મદૃષ્ટિનો ઉપયોગ સદા રહે તો અનેક પ્રકારની ચિંતાઓનો નાશ થાય છે. જેણે સદ્ગુરુની જ્ઞાન કૃપા મેળવી છે તેને ઉપાધિયોની ચિંતાઓ પીડી શકતી નથી. બાલ્યાવસ્થામાં જે જ્ઞાન મેળવ્યું હોય છે તેનો અનુભવ યુવાવસ્થામાં મળતાં જ્ઞાનના પરિપક્વ સંસ્કારો થાય છે. જે વસ્તુઓમાં સુખ નથી એમ હજારો વખત સમજાવવામાં આવે તેનાથી જે જ્ઞાન થાય છે, તે કરતાં પણ તે વસ્તુનો અનુભવ કરતાં ખરું જ્ઞાન થાય છે. તેથી અસત્ય વસ્તુનો પરિપૂર્ણ નિશ્ચય થતાં બાહ્ય વસ્તુઓમાં સુખ નથી એમ દૃઢ નિશ્ચય થાય છે. જે જે વસ્તુઓની અભિલાષા કરો છો. તે તે વસ્તુઓ મળ્યા બાદ તેમાં રાગ રહેશે નહીં. અને નવી મેળવવા કરવા ઇચ્છા કરશો. જ્ઞાની એમ કહે છે કે મનના વેગો સમાવ્યા વિના સુખ નથી. ગુરુના સમાગમથી અજ્ઞાનના પડદાઓ ચીરાઇ જાય છે, અને સુખ અનુભવાય છે. ૐ શાન્તિઃ ૩

× × × ×

મુ. સુરત ગોપીપુરા. પ્રિ.

શ્રી અમદાવાદ, તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરુ ભક્તિકારક [illegible] .... યોગ્ય ધર્મલાભ. વિશેષ અત્ર શાન્તિ છે તમારે [illegible] વિશેષ તમારા શરીરની નરમ સ્થિતિ સાંભળી છે [illegible] તેના સમાચાર જણાવશો. [illegible] કાંઇ ચિંતા કરવી નહીં. શરીરમાં [illegible] આત્માનો અને રોગનો શો સંબંધ છે? [illegible] વિચારશો. રોગ [illegible] સમજાય છે, કે હવે ચેતન તું ચેત!!! [illegible]

સાકરનો સ્વાદુ ખાય તે પણ પસ્તાય અને ન ખાય તે પણ પસ્તાય. એવી આ સંસારની દશા વિચારી આત્મસ્વભાવમાં રમણતા કરો. ૐ શાન્તિઃ ૨

× × × ×

મુ. માણસાથી..........

છપ્પય.

સ્મરણ કરો નિજ રૂપ તત્ત્વને હૃદયે ધારી,
ભજો જીનેશ્વરનાથ વિષયને વિકથા વારી;
વિનયે રાખી ચિત્ત નિત્ય ચાલો શુભવાટે,
કરી કુમિત્રો સંગ વહો નહિ અવળા ઘાટે.
દિનદિન ચઢતા ભાવથી પરમાર્થમાં મન વાળીએ
વિચારી બોલી બોલ જગમાં બોલ્યું તેવું પાળીએ. ૧

નિંદા દ્વેષો વિકથા આલસ દીલથી વારો,
મામૂ નરભવ પુણ્યોદયથી હવે ન હારો;
દશદ્રષ્ટાંતે દુર્લભ માનવ ભવ નહિ હારો,
આત્મોન્નતિના મહા ઉપાયે નિજને તારો.
દુઃખ સહુનાં ટળવાને ભાવના શુભ ભાવીએ,
સહુ જગત્ જીવનું ભલું કરતાં થાય શિવપદ પામીએ. ૨

ખંત ધરીને વિદ્યાભ્યાસે મનડું વાળો,
સુખકર સમતામૃત ધરીને સત્ય નિહાળો,
સદ્ગુરૂ સદા ભક્તિ કરતાં દુઃખ ન આવે
સદા વળી આનન્દનો અનુભવ કેમ ન થવે
મન દૈવ સદ્ગુરૂ રાખીને આનંદથી વરો મદ,
અશુભ થાતું કદિ ન મિટે સમજીને [illegible]. ૩

ધર્મ કર્મની નિત્ય નિયમ આચરણે રે
[illegible] [illegible] વિચારે [illegible].
[illegible] [illegible] [illegible] તે [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] ન [illegible].

અભ્યાસમાં મન વાળીએ બુદ્ધયબ્ધિ શિશા ખ્યાલ છે,
શુભ દેવનો પણ દેવ ઉત્તમ સમજ પ્રકાશાલ છે. ૪

× × × ×

મુ૦ મુંબાઇ.

સુશ્રાવક.........................યોગ્ય ધર્મ લાભ. વિશેષ હાલ સિતચિત્તની પ્રવૃત્તિ કઇ દિશા તરફ વહે છે, તેના સમાચાર બને તો લખશો. વખત એવો છે કે ચારે તરફનાં સંયોગોનો વિચાર કરી ઇષ્ટ લાભ શોધવાની આવશ્યક્તા છે. દુનિયાના એોંક વિચિત્ર પ્રકારના–સાંભગાને ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરવી. મનુષ્યો સર્વે એક સરખા હોતા નથી. મનુષ્યોનો સ્વભાવ પારખવો એ ઊંડા દરિયાના તળીયાનો સાર ખેંચવા બરોબર છે. વિચિત્ર સ્વભાવમય દુનિયામાં રહેવાં છતાં આત્મિકધ્યાન ધરવાની આવશ્યકતા છે. મનુષ્યોનાં શરીરો, આકારો અને સંબધો સદાકાળ એક સરખા રહેતા નથી. આ વાત અનુભવ્યાથી તેનો સાર સમજાય તેમ છે. આત્મબળ ઉપર વિશ્વાસ રાખીને પ્રવૃત્તિ કરવી જોઇએ. જેનામાં આત્મબળનો જુસ્સો નથી અને જેની વાણીમાં પ્રામાણિકપણું નથી, અને પ્રતિજ્ઞાત વાણીને પાળતો નથી તે અન્ય સામાન્ય મનુષ્યો કરતા ચઢીયાતો નથી. દુનિયામાં કંઇ પણ શ્રેયઃ કરવા માટે મનુષ્યનો જન્મ છે. જે મનુષ્યો પોતાની પ્રતિજ્ઞા ઉપર દૃઢ-રહે છે અને હૃદયને શુદ્ધ પ્રેમમય બનાવે છે. તેઓનું ભાગ્ય પ્રકાશમય બને છે. ૐ શાન્તિઃ ૩

× × × ×

મુ૦ માણસા.

સુશ્રાવક.................યોગ્ય ધર્મ લાભ.

જનનીની સેવા કરો, જનની દુઃખ હરણી.
ભવોદધિમાં જાણજો, જનની મહા તરણી.—૧
માતાની સેવા કરે, તનુજો ટેકીલા,
માતાના શુદ્ધ પ્રેમથી, લહે પુત્રો લીલા.—૨

જનની પુત્રને પાળતી, બહુ લાડ લડાવે,
ઉપસર્ગો દૂરે કરે, જનની હિતભાવે.—૩

જનની દયાકાર છે, જનની સુખ કારી,
જનનીની બહુ ભક્તિથી. આનંદ ખુમારી.—૪

જનની આજ્ઞા પાળતો, કુળદીપક પુત્ર,
અન્તર્ ગુણ અજવાળતો, રાખે ઘર સૂત્ર.—૫

જનની સેવા મુક્તિની. દાતા સુખકારી,
જનની સેવા તત્ત્વદા, માતા પુત્રને પ્યારી.—૬

જનની વિના નહિ મોટકા, કોઇ જગમાં દીઠા,
જનની સેવા મુક્તિના, મેવા છે જ મીઠા.—૭

અષ્ટ પ્રવચન જનનીની, નિત્ય સેવા કરજો,
બુદ્ધિસાગરભક્તિથી, શાશ્વત સુખ વરજો.—૮

અષ્ટ પ્રવચન માતાનાં આઠે અંગો પૂજ્ય છે માતાની સેવા કરો, ભક્તિ કરો. આ પત્રમાં કહેલો સાર સમજશો. જ્ઞાજનનીના પ્રેમે ભાવ જનનીની ભક્તિ દર્શાવી. વિનયવંત રહેવું. ૐ શાન્તિઃ ૩

મુ૦ પાસેજ સ્ટેશન.

ભવ્ય સુશ્રાવક..................આજના દિવસની તમે ભવ પર્યંન્ત યાદી રાખશો. આજનો દિવસ તમારી લગ્નનો દિવસ છે. આજનો દિવસ ભવિષ્યના સંસારનો અનુભવ આપશે. આજનો દિવસ ભવિષ્યમાં પુનઃ પુનઃ રાગ અને વૈરાગ્યકારક થશે. આજનો દિવસ મંગળરૂપ છે. આજનો દિવસ ઉપાધિરૂપ છે. આજનો દિવસ ઉપાધિનું મધુર સ્વરૂપ દેખાડી વૈરાગ્ય કરાવશે. આજનો દિવસ મનુષ્ય જીવનમાં ઉન્નતિ કમને ધારે તો ઉપયોગી થઇ પડે. યુવક કળાનો પ્રારંભ દિવસ આજ છે. આજનો દિવસ પ્રારબ્ધયોગથી યોગ્ય કર્મ સંબંધનો છે. આજનો દિવસ અલખનાં ગાન ગવરાવનાર છે. આજનો દિવસ આત્માને માટે ગગનસ્થિત પતંગની પેઠે વાયુ અને દોરીના

સંબંધે બનવાનો. જગકમળ અને ધાવમાતાના દૃષ્ટાંતને સહજ કરવાને આજનો દિવસ ખતમ સૂચક છે. આજનો દિવસ પરતંત્રતાનો છે કે સ્વતંત્રતાનો છે તેનો નિર્ણય કરાવનાર છે. આજનો દિવસ શોક અને હર્ષના પડદામાં આત્માને પ્રવેશાવનાર છે. આજનો દિવસ ગૃહસ્થાવાસ આરંભક છે. દિવસ ગયો કે આત્મા ગયો. કર્મ ગયો. જે કર્યું તે ભોગવતાં વૈરાગ્ય બળથી ન્યારા રહી અંતરાત્મા રહેશો. દેવગુરૂનું આલંબન સદા રાખશો. ગુરૂનો બોધ મનન કરશો. સુખમય થાઓ. કલ્યાણ થાઓ. ૐ શાન્તિઃ ૩ સંવત્ ૧૯૬૬ માઘ વદિ ૬

× × × ×

મુ૦ સુરત.

ધર્મબંધો સુશ્રાવક......................યોગ્ય ધર્મ લાભ.

વ્યાવહારિક કેળવણીથી મનને કેળવો તો તેની સાથે ધાર્મિક કેળવણીથી હરરોજ મનને કેળવતા રહેશો. વખતનો સદુપયોગ સોનેરી નક છે. વિજકે અણુકે મોતી પરોઈ લે, સો પરોઇ લે. આ કહેણીનો અર્થ જો આત્માની સાધ્ય દશા તરફ ઉતરશો તો માલમ પડશે કે ધર્મની અત્યન્ત આવશ્યકતા છે. આત્મસ્વરૂપ ગ્રંથ ફરીને વાંચી જશો..........પુછતા રહેશો. તેમના સમાગમથી કંઇ પણ આત્માની ચર્ચાનો લાભ મેળવી શકશો. માતાજી-ના સમાગમથી પણ આત્મજ્ઞાન જ મેળવવું જોઇએ. વખતની એવી યોજના કરવી જોઇએ કે જેથી અમુક કાળે અમુક કલાક ધર્મની આરાધના તો થાય. દેવગુરૂ ભક્તિ તો હરરોજ સ્તુતિ દ્વારા થવી જોઇએ. દેવની, સદ્‌ગુરૂની છબી સામું જોઇ રહી તેમના ગુણો તથા ઉપદેશનું સ્મરણ કરતા આત્માની શક્તિ સતેજ થાય છે, અને મનમાં નવીન ભાવ ઉત્પન્ન થાય છે. વલ્લભ વિચારનું પણ મનન કરશો. એક શ્રદ્ધાથી વર્તવું. જ્યાં ત્યાં ભટકવાની બુદ્ધિ ન રહેવી જોઇએ. તેથી સ્થિરતાની વૃદ્ધિ થશે. ૐ શાન્તિઃ ૩.

× × × ×

અલખ દેશમેં વાસ હમારા—એ રાગ.

હું તું નો સહુ ભેદ ટળ્યો ઝટ, નિશ્ચય નિર્મલ હું પોતે;
સહુમાં થાય પ્રતીતિ પણ હું, જાગું છું નિર્મળ જ્યોતે. ૧
સાપેક્ષાથી સહુ સમજાયું, આતમ પરમાતમ પ્યારો;
દશ્ય સ્થૂલમાં નહીં રંગાવું, ઝળહળ ઘટમાં ઉજીયારો. ૨
મોહવાસના બાહ્ય ભમાવે, મોહવાસનાથી ન્યારો;
કર્મે ભોગવવાના ભોગો, અંતરથી ન્યારો પ્યારો. ૩
પુદ્ગલ પુદ્ગલમાં પરિણામી, ચેતન નિજપદ પરિણામી;
સાક્ષી દૃષ્ટા પરનો હું પણ, ન્યારો છું અંતર્યામી. ૪
ઔદયિકકાયાના ભાવોને, દુનિયા મારામાં થાપે;
પણ તેથી ન્યારો હું આતમ, સમજણ સાચી સુખ આપે. ૫
દુનિયા સારો ખોટો કહેવે, પણ તેથી શું ? છે મારે;
હું કરનારો આતમ નિજપદ, સમજી પોતાને તારે. ૬
પૂર્વ જન્મને દેખ્યાથી પણ, અચરિજ તેમાં કંઇ નહીં;
બુદ્ધિસાગર સુરતા નિજપદ, આવી નિશ્ચય ઠામ રહી. ૭

× × × ×

સુરત.

મુંબાઇ મધ્યે શા. ....

અરે બધો હૃદય જો તું, રહું છું સુખ શાતામાં;
સદા શાંતિ દેહો સુજને, ગુરૂના ધર્મના લાભે. ૧
બધું વાચ્યું વિચાર્યું મ્હેં, લખું છું લેખમાં બાહ્ય;
સહજનો ધર્મ સાધી લો, હૃદયમાંહિ ધરી સમતા. ૨
ઉપાધિયોગ વ્યાપારે, ધરાશ ના લોભની વૃત્તિ;
અરે સંતોષમાં રહીને, જીવન રેખા સુધારી લે. ૩
તજી વિકથા પ્રવૃત્તિને, ખરા ઝટ વાંચજે ગ્રન્થો,
ભલી વૈરાગ્યની વૃત્તિ, હૃદયમાં ધારજે બન્ધુ. ૪

યોગે ભોગાદિક પ્રવૃત્તિ થતી હોય તો પણ જ્ઞાની વૈરાગ્ય બળે અંતરથી ન્યારો વર્તી અપુનર્બન્ધકત્વ સંપ્રાપ્ત કરીને આત્માભિમુખતાને સેવતો જાય છે. સંસારનાં સુખ વિષ્ઠા સમાન અને ગૃહાદિક જંજીર સમાન સમજીને શ્રમણ્-ભાવનાથી પુનઃ પુનઃ જાગૃતિ કરવી. સર્વસંગપરિત્યાગરૂપદ્રવ્યસંયમ વિના ભાવ સંયમની દશા પ્રાપ્ત કરવી મહા દુર્લભ છે, એમ તીર્થંકરનાં વચનો અનુભવથી જોતાં સત્ય જણાશે, એમ અમને ભાસે છે. સંસારમાં રહેતાં પણ જ્ઞાની સંસારને બંદીખાનું સમજે છે, તેથી તે જલપંકજવત્ ન્યારો વર્તી શકે છે. અનંતભવનાં બાધેલાં કર્મ વિખેરવાને માટે મનુષ્ય જન્મમાં યથાયોગ્ય સામગ્રી મળી છે, તેને યથાશક્તિથી સ્વકાર્યમાં પ્રવર્તાવજો, આત્મસ્વરૂપ ભાવજો, રાગાદિકને ઉપશમાવજો, અંતરાત્મદેવને એકાન્તમાં જ્ઞાન દ્વારા ધ્યાવજો. ચિત્તવૃત્તિને અન્તરમાં રમાવજો. સદ્ગુરુની આજ્ઞા મસ્તકે ચઢાવી મળેલા મનુષ્ય જન્મથી સ્વઋદ્ધિ મેળવજો. ખરેખર સુખ તો અન્તરમાં છે તેના ભોગી જોગીને પુનઃ પુનઃ નમન હો. હર્ષથી ધર્મ માર્ગમાં પ્રવૃત્તિ કરો. ૐ શાન્તિઃ ૩.

× × × ×

મુ૦ માણસા.

કિન્તુ વસ્તુતઃ નામાતીતના ધર્મલાભ પૂર્વક શા. મોહન......પત્રદ્વારા તમારા સમાચાર જાણ્યા. વિશેષ હું ક્ષેત્ર સ્પર્શના અવધિએ અત્ર છું. અન્તર્ અસંખ્યાતપ્રદેશી લોકાલોક પ્રકાશક ક્ષેત્ર છે, તેનાથી તમો ભિન્ન નથી. તેનું અવલોકન અન્તર્ દૃષ્ટિથી કરશો. વિજાપુર તરફ આવવાનો પરિણામ થાય છે. હવે થોડા દિવસ પશ્ચાત્ અન્યત્ર ગમન કરો તમારી શાન્તિ તમારી પાસે છે. ક્ષણે ક્ષણે અન્તર્ ઉપયોગ રાખશો. ધૂમાડાના બાચકા સમાન આ ચક્ષુએ દેખાતું ધન દેખાતું માની નાના મોટા, સુખી દુઃખીનો, દુનિયા મનુષ્યો પ્રતિ વ્યવહાર કરે છે, તે વ્યવહાર સ્વપ્નાવત્ અસત્ય જાણી આપ [illegible] ધન [illegible] સત્ય આવ્યું. સવાર જાગે કોઈ રાખ્યું તેમાં શું ખર ? સ્વપ્નાને જાણનાર પોતે એક ખરો. ઇતિશ્રી શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

× × × ×



રૂપે નથી, તો પણ મનોવૃત્તિએ બહિર્ગમનનો દૃઢ સંસ્કાર કર્યો છે, તેથી કારણ સામગ્રી યોગે મન, આત્માના તાબામાં નહીં રહેતાં છટકીને ભટકે છે. મનોનિગ્રહ કર્યા વિના સુખની આશા ઝાંઝવાના જળની પેઠે ભ્રમરૂપ છે. મન અને મર્કટ એ અતિ ચંચળ છે. માટે જ્ઞાનીઓ મનને મર્કટની ઉપમા આપે છે. યમ, નિયમ, તપ, જપ, સર્વ મનોનિગ્રહ અર્થે છે. મનોનિગ્રહ કરવાને તત્પર થએલા ઘણા જીવો આખું અવળાં ફાંફાં મારી અન્તે થાકે છે; કારણ કે મોટી અગર નાની કુંચીઓનો જથ્થો ભેગો કરવાથી શું ? આપણે ધારેલું તાળું ઉઘેડવું હોય તો જે બેસતી આવે તે કુંચીની જરૂર છે. બીજી કુંચીથી તાળું ઉઘેડતાં કાંતો કુંચી ભાગે અથવા તાળું બગડે. માટે સદ્ગુરૂએ બતાવેલી ગુરૂગમરૂપકુંચીથી કર્મનું તાળું ઉઘેડી શકાય છે, અને મનોનિગ્રહ સહેજે બને છે. સ્વેચ્છાએ ઘણા પ્રયત્નથી જે કાર્ય સિદ્ધ થતું નથી, તે કાર્ય ગુરૂગમ કુંચીથી સહેજમાં બની આવે છે. સદ્ગુરૂ વિશ્વાસી અને સદ્ગુરૂના અન્તઃકરણથી શુદ્ધ ભક્તો જે આત્મહિત કરેલ રીત્યા કરે છે તે અન્યથી કોટી પ્રયત્ને થવું મુશ્કેલ છે. આપણું મન કેવું છે ? અને તેને નિર્વિષ બનાવવું એ ગુરૂ કૃપાધીન છે. ભલે વૈદ નામ ધરાવી સહસ્રશઃ મનુષ્યો દવાઓ કરે કિંતુ અનુભવી સદ્ગુરૂ, અંતઃકરણના વિકલ્પસંકલ્પયોગે થએલા અનેક રોગોને સહજ વારમાં દૂર કરે છે.

गुरु नामकी औषधी, प्रेमे प्रेमी खाय,
मन पुष्टि सुख शान्ति दे, अजर अमर हो जाय.

ગુરૂશ્રી સ્વપરમાત્મ નામનો મન્ત્રોચ્ચારણ કરતાં ચિત્તની પ્રસન્નતા થાય છે. રાગ, દ્વેષ દૂર થાય છે. શ્રદ્ધા ભક્તિથી સદ્ગુરૂનું સ્મરણ કરતાં ધર્મ, અર્થ અને કામની સિદ્ધિ થાય છે. ચમત્કાર આપનાર ગુરૂ ત્રિવિધ તાપને દૂર કરે છે. વિચિત્ર શક્તિ એ છે કે શ્રદ્ધાભક્તિથી ગુરૂનામોચ્ચારણ કરતાં અનન્ત આનંદ [illegible] ભસ્મીભૂત થઈ જાય છે. મનોનિગ્રહ થવા અર્થે ગુરૂભક્તિ, ગુરૂસ્મરણ, ગુરૂધ્યાન સમાન અન્ય [illegible] નથી. વૈરાગ્ય સમાન [illegible] તે પણ ગુરૂપ્રભુ નામ મંત્ર સ્મરણ કરતાં પ્રાદુર્ભાવ છે. તે મનના સંકલ્પ વિકલ્પો [illegible] નહીં. મન વશ થયા વિના [illegible] નથી માટે તેને [illegible]

[illegible] સ્થિર [illegible] છે, અનેક મુમુક્ષુઓને [illegible] એક પ્રીતિ [illegible] મનની એવી [illegible] નહિ [illegible] [illegible] ગુરુ નમસ્કાર [illegible] મન રહે. તે વસ્તુની [illegible] વિચારે મનમાં [illegible] મનમાં કરી [illegible] આત્મા કરી [illegible] એમ કરતા એક [illegible] પોતાનું મન [illegible] આનંદ આનંદ [illegible] સ્વરૂપ [illegible] અભ્યાસ [illegible] આત્માનુભવ [illegible] આત્મા [illegible]

[illegible] પ્રકાશક [illegible]
[illegible] પર્યાવસિદ્ધ [illegible]
[illegible] થતી નથી [illegible]
[illegible]
[illegible] અનન્યસત્ત [illegible]
[illegible]

છે. ચાર છ માસ સુધી અર્હં મંત્રને ત્રણ લાખ જપે ત્યારે મન શુદ્ધ થાય છે, અને તદ્દ્વારા મનોજય થાય છે. તે સર્વ ગુણોને પ્રાપ્ત કરે છે. માટે ૐકાર સહિત પરમાત્મ મંત્ર જપ્યા કરવો, અને તેનું ધ્યાન કરવું. ત્યાર બાદ બીજું પગથીયું તમારા હાથમાં આવશે. સમયે સમયે આયુષ્ય ખૂટે છે. માટે આત્મધર્મ સાધક થવામાં પ્રમાદ કરવો નહીં. તમારી સંગતિથી બીજા પણ યોગ્ય ગંભીર શ્રદ્ધાવાનોને પછી ખાતરી થાય તો આ માર્ગ બતાવી તેનો ઉપકાર કરવો. ધર્મ સાધન કરશો. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

× × × ×

મુ. લોદ્રાથી લે. સુશ્રાવક........................ધર્મલાભ. સદાકાળ શાશ્વતરૂપે પ્રત્યક્ષ થાઓ, વિશેષ તમારૂં ગમન આત્મામાં થશે કે કેમ? બહિર્ વ્યવહારભાવે વર્તતાં નિશ્ચય સદ્ધર્મ ભૂલાય નહીં. અહર્નિશ સદ્ગુરૂ દેવ ધ્યાન, તેમનું સ્મરણ તેજ પરમ ગંગા પ્રવાહમાં સ્નાન કરી નિર્મલ થશો. વિશેષ શું તમારા હૃદયમાં સર્વ પ્રગટયો છે તેને જાળવી રાખશો? જિન દેવગુરૂ તેજ સ૦ ક્ષણે ક્ષણે આત્મ પ્રતિ ઉપયોગ દેતા રહેશો. આત્માની શાન્તિ પત્રદ્વારા જણાવશો. જ્યાં જ્યાં જાઓ ત્યાંથી પત્ર કામ સહિત કારણ યોગે ગોઠવશો.

× × × ×

મુ૦ આજોલ.

શ્રી અમદાવાદ વાસ્તવ્ય મહાવન્ત, દયાવંત, દેવગુરૂ, ભક્તિકારક, વિનયવંત ......યોગ્ય ધર્મ લાભ પહોચે. વિશેષ હાલમાં પત્ર નથી. પરમાત્મ ધ્યાનમાં નિમગ્ન થયા હશો. ફરતાં ને હરતાં મનમોહન પરમાત્મા પાસેના પાસે છે. શરીર જુદાં દેશ જુદા પણ આત્મામાં પ્રભુ તો પાસેજ છે. શરીર જુદાં તેથી શરીરને દુઃખ પણ મનમાં ક્યાંથી દુઃખ? અનંત સુખમય આત્માની આવી સ્થિતિ થાય છે. સદ્ગુરૂ પ્રીતિથી બુદ્ધિમાં ઉત્પન્ન થએલી ભક્તિ રૂપ વેલડી હરરોજ

વૃદ્ધિ પામે છે. આત્માની પરમાત્મસ્વરૂપતા પ્રગટ કરી તેને જ મનુષ્યો સમજી શકતા નથી. બાહ્ય ભપકા દેખી લોકો મોહ પામે છે. આજ તરફ જ્ઞાની વિના કોણ લક્ષ આપે ? આત્મજ્ઞાન સાપેક્ષ ક્રિયા વિના જ્ઞાન ક્રિયા વિષ સમાન જાણવી. સાધ્યસાધને ચિત્તની એકાગ્રતાએ થોડી ધર્મક્રિયા પણ ઘણું ફળ આપે છે. લોકો કોઇને વખાણે અગર નિંદે તેની દાઝ ન જાણવી નહીં. ગુરુનું તથા દેવનું સ્મરણ તથા તેમનાં વચનોની ખરી કર્મ ક્ષય પુષ્ટિ તો અકાળ ફળ આપનારી છે. કેટલું કેટલું બતાવવું શું ! સદ્ગુરુએ જે જે ઉપદેશ દીધો હોય તે વિનયથી તેમને સંભારી સ્મરણ કરવાથી ચિત્ત ઠેકાણે આવશે, અને જ્યાં સુધી નેત્રમાં આંસુ ન આવે ત્યાં સુધી સમજવાનું કે સદ્ગુરુ વચન પર શ્રદ્ધા થઇ નથી, તથા પ્રીતિ પણ થઇ નથી. કમાએલા, પાસ થએલા તમારા હૃદયમાં દેવ ગુરુભક્તિરૂપ કલ્પવૃક્ષ ઉગેલું છે. અને તેને હવે ફળ ફુલ, આવશે. જે જે ગ્રન્થો વંચાતા છે તે તે પોતાની મેળે ધ્યાન ધરી વાંચી જવા, અને સત્યમાર્ગે વર્તવું. સંસાર સાગર સદ્ગુરુથી તરાય છે. દેવગુરુની પ્રીતિ ભક્તિ વિના ગુણો પામી શકાતા નથી. સદ્ગુરુની નિંદા સાંભળવી નહીં. તેમના ગુણો પ્રકાશવા. પ્રશંસા અને નિંદા, આત્માના ઘરની નથી. તેથી સમજવું કે, નિંદા અગર સ્તુતિ, કીર્તિ એ તો પુદ્ગલ છે, તેથી સારો ખોટો આત્મા થતો નથી, માટે તે તરફ લક્ષ દેવું નહીં. બાહ્ય સંસારમાં રહ્યા છતાં પણ ન્યાય, નીતિ, વિનયથી ધર્મનું સેવન કરવું. મોરનાં ઇંડાંને કોણ ચિતરે છે ? તેમ તમને શું વધારે કહેવું ! જે કહેવાનું છે તે તમારા આત્મામાં છે. તમારા આત્મામાં જ્ઞાનાદિ ગુણોનો અખૂટ ભંડાર ભર્યો છે. તેને શી બીક ચિંતા ? આયુષ્ય ક્ષણે ક્ષણે ઓછું થાય છે માટે પ્રમાદમાં કાળ વ્યતીત કરવો નહીં. ધર્મ ધ્યાન કરવો. સતત આત્મોન્નતિમાં તત્પર રહેશો. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

* * * *

ૐ મર્માઽર્હતે

મુ. મહેસાણા,

શ્રી વિદ્યાપુરાશ્રિત આત્મિકગુણાભિલાષુક, સંવેગભાવિતાત્મા, સ્યાદ્વાદ તત્ત્વાભિજીજ્ઞાસુ, તત્ત્વત્રયારાધક સ્વભાવ સાધક........................ યોગ્ય ધર્મ લાભ થાઓ. વિશેષ અત્ર શાન્તિઃ અનાદિકાળથી વિચિત્રકર્મ ગ્રહી આ ચેતનજન્મ જરા મરણ વ્યાપ્ત ચતુર્ગતિમાં એકેંદ્રિયથી તે પંચેન્દ્રિયપર્યંતના અવતારો ધારણ કરી ભમ્યો. શું એમાં હેતુ–ઉત્તર, અજ્ઞાન–ચાર ગતિના જીવો અજ્ઞાનરૂપ અંધકારમાં હિતાહિત દેખી શકતા નથી. સિદ્ધ પરમાત્મા સદૃશ આ પ્રત્યક્ષ શરીરમાં અસંખ્યાતપ્રદેશે કરી વ્યાપેલો આત્મા તેને કેટલું દુઃખ ? દશા કેવી ? શરીરમાં શું સુખ ? તે વિચારતાં વિવેક પ્રગટ થતાં ભાસે છે કે, અરે હું ફોગટ ઝાંઝવાના કૃત્રિમ, ક્ષણિક, અસત્ય નીરની ભ્રાન્તિની પેઠે આ ક્ષણિક દુઃખદ ભ્રમણારૂપ સંસારમાં સુખની બુદ્ધિથી ભ્રમણાએ ભૂલ્યો અને સ્વગુણથી ડુલ્યો, અને પરભવમાં ડુલ્યો અને હજુ તેમાં રાચ્યું છું, માચ્યું છું. આત્મા તું તો નિરાકાર અને શરીર તો સાકાર–ચેતન ગુણવાન્–અને પુદ્ગલ તો જડ, ચેતન અવિનાશી–અને શરીરરૂપ પુદ્ગલ વિનાશી ચેતનની ઋદ્ધિ નિર્મલ અખુટ અવિનાશી છે, અને પુદ્ગલની માનેલી ઋદ્ધિ મલીન, ક્ષણિક અને સંયોગી વિયોગી છે. પર વસ્તુમાં સુખની બુદ્ધિથી જીવો આ દેખાતી પૃથ્વીની મમતાએ, ધનની મમતાએ, રાજ્યની મમતાએ રાગદ્વેષે કરી કર્મ ઉપાર્જી નરકગતિના મેમાન થયા. હાલ થાય છે અને ભવિષ્યતકાળે થશે. પરભાવે આત્મા અનાદિ કાળથી પરિભ્રમણ કરે છે પણ અંત આવ્યો નથી. હાલ કંઇક સામગ્રીની યોગ્યતા પ્રાપ્ત થઇ છે, તો કેમ હવે પ્રમાદ થશે ? શું વારંવાર મનુષ્ય જન્મ પ્રાપ્ત થનાર છે ? ના, નહીં. સંસારમાં અલભ્ય મનુષ્ય જન્મનું ફળ સંસિદ્ધ કરવું, એજ વિવેકની પરિસીમા છે. બાકી ખાવું, પીવું, ઉંઘ, સંસાર, વ્યવહાર દરેક ગતિમાં આ જીવે અનન્તીવાર કર્યો; પણ તેથી તેને ખરી શાન્તિ પ્રાપ્ત થઇ નહીં. પુણ્યથી થએલી જે લવલેશ શાન્તિ તેથી કંઇ તાત્ત્વિક શાન્તિ મળી કહેવાય નહીં. આત્મામાં રહેલી તાત્ત્વિક શાન્તિ આત્મજ્ઞાન વિના મળવી મુશ્કેલ છે. કસ્તુરીયા મૃગની પેઠે આ જીવ બાહિરથી (બીજી વસ્તુમાંથી) શાન્તિ મેળવવા ધારે છે. ત્યાં સુધી સમજવું કે ખરું તત્ત્વ તેના સમજવામા આવ્યું નથી. જે છે તે આત્મામા છે. આત્મામાં ખોજ કરતાં સર્વ લભ્ય થાય છે. આત્માતિરિક્ત બાહીની વસ્તુઓને કે જે મારાથી ભિન્ન ત્રિકાલ છે, તેઓને

હાનિ લાભ નથી. મારા ગુણો અનાદિકાળથી કર્મના આવરણથી ઢંકાયા છે. તેથી હું સર્વજ્ઞ છતાં હાલ અલ્પજ્ઞ છું. પણ હું સત્તાએ સર્વજ્ઞ છું. મારૂં મને મુબારક. ક્યારે કે જ્યારે મારી મને કાળજી થાય ત્યારે. આત્માની ભાવના થાય ત્યારે આત્મામાં હું વિકલ્પ સંકલ્પ ત્યાગી શાંત ચિત્તથી રમી શકું તો સ્વપદનો ભોગી યોગી થાઉં. એ પદની મને ભાવના થાઓ, સ્વપરને એનું યાથાતથ્ય સ્વરૂપ પ્રાપ્ત થાઓ.

ઇત્યેવં ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

× × × ×

મુ. મહેસાણા,

શ્રી રાજનગરે સદ્ગુરૂ શરણાધીન, વચનામૃત ગેવી, આત્મગુણાકાંક્ષી, ગંભીર......................યોગ્ય ધર્મ લાભ પહોંચે. વિશેષ પત્ર આવ્યો સમાચાર જાણ્યા, શાતાદ્વારા તમારી આત્મોન્નતિ સહજસ્વભાવે વૃદ્ધિ પામો. સદ્ગુરૂગુણધામ આત્મતત્ત્વનું સ્વરૂપ તમારા હૃદયમાં વસો. એક ગુરૂ શ્રદ્ધા સૂર્યના સરખી નિર્મળ એવી તમારા હિતાર્થે સ્થિર થાઓ. પુસ્તકોનું તથા જણાવેલા ગ્રંથોનું અવલોકન કરવું. ધર્મ કાર્ય લખશો.

× × × ×

મુ. મુંબાઇ,

વલસાડ મધ્યે સુશ્રાવક, શા. કસરીચંદ ગુલાબચંદ તથા શા. નાથાલાલ ખૂમચંદ તથા શા. ફુલચંદ રામચંદ યોગ્ય ધર્મ લાભ.

પ્રત્યેક તત્ત્વમાં ઉંડા ઉતરવાને માટે વિચારશક્તિ ખીલવવાની ઘણી જરૂર છે. જૈનશાસ્ત્રોનું અહર્નિશ નિયમાનુસાર વાચન કરવાથી અભિનવ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, આત્માનો ગુણ અપૂર્વ છે. તેને ખીલવવા જેમ જેમ પ્રયત્ન કરવામા આવે છે, તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મ ટળતું જાય છે. દરેક કર્મોને ટાળવાના ઉપાયો અવબોધવા જોઇએ. જડ અને ચૈતન્ય તત્ત્વનું પૂર્ણ

હાનિ થાય નથી. મારા ગુણો અનાદિકાળથી કર્મના આવરણથી ઢંકાયા છે. તેથી હું સર્વજ્ઞ છતાં દાય. અપગ્ન છું. પણ હું સત્તાએ સર્વજ્ઞ છું. મારૂં મને મળશેજ. ક્યારે કે જ્યારે મારી મને જાગૃતિ થાય ત્યારે. આત્માની ચહના થાય ત્યારે આત્મામાં હું વિકલ્પ સંકલ્પ ત્યાગી શાંત ચિત્તથી રમી શકું તો સ્વપદનો ભોગી યોગી થાઉ. એ પદની મને ચાહના થાઓ, સ્વપરને એવું યાથાતથ્ય સ્વરૂપ પ્રાપ્ત થાઓ.

ઇત્યેવં શ્રી શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

× × × ×

મુ. મહેસાણા,

શ્રી રાજનગરે સદ્ગુરૂ શરણાધીન, વચનામૃત મેવી, આત્મગુણાકાંક્ષી, ગંભીર......................યોગ્ય ધર્મ લાભ પહોંચે. વિશેષ પત્ર આવ્યો સમાચાર જાણ્યા, શાતાદ્વારા તમારી આત્મોન્નતિ સહજસ્વભાવે વૃદ્ધિ પામો. સદ્ગુરૂસુખધામ આત્મતત્ત્વનું સ્વરૂપ તમારા હૃદયમાં વહો. એક ગુરૂ શ્રદ્ધા સૂર્યના સરખી નિર્મળ એવી તમારા ચિત્તાર્ગે સ્થિર થાઓ. પુસ્તકોનું તથા ભણાવેલા ગ્રંથોનું અવલોકન કરવું. ધર્મ કાર્ય લખશો.

× × × ×

મુ. મુંબાઇ,

વલસાડ મધ્યે સુશ્રાવક, શા. કેશરીચંદ ગુલાબચંદ તથા શા. નાથાલાલ ખૂમચંદ તથા શા. ફુલચંદ રામચંદ યોગ્ય ધર્મ લાભ.

પ્રત્યેક તત્ત્વમાં ઉંડા ઉતરવાને માટે વિચારશક્તિ ખીલવવાની ઘણી જરૂર છે. જૈનશાસ્ત્રોનું અહર્નિશ નિયમાનુસાર વાચન કરવાથી અભિનવ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, આત્માનો ગુણ અપૂર્વ છે. તેને ખીલવવા જેમ જેમ પ્રયત્ન કરવામા આવે છે, તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મ ટળતું જાય છે. દરેક કર્મોને ટાળવાના ઉપાયો અવબોધવા જોઇએ. જડ અને ચૈતન્ય તત્ત્વનું પૂર્ણ

સં. ૧૯૬૮ ફા. વદિ ૯ પાદરા

શ્રી અમદાવાદ સુશ્રાવક પ્ર. ઉ.

હરિગીત.

સાક્ષી બને છે પ્રેમનો એ પ્રેમ મનમાં જાણજો,
છે પ્રેમમાં અદ્વૈત સઘળું પ્રેમ મનમાં આણજો;
એ શુદ્ધપ્રેમે સ્વાર્થ તૃષ્ણા કામ તૃષ્ણા ઝટ ટળે,
સુવિશુદ્ધપ્રેમી કોઇ થાવે સોનુ જેવું ઝળહળે. ૧

સારા ગુણોને દેખતો તે શુદ્ધ પ્રેમી જાણજો,
સારા ગુણોનો રાગ તેહજ પ્રેમ મનમાં આણજો;
સુવિશુદ્ધપ્રેમી ભક્તિ પામે ચિત્તની સ્થિરતા કરે,
નિજ હૃદય નિર્મલ શુદ્ધપ્રેમે શુદ્ધ ચેતનને વરે. ૨

મતભેદ સઘળા ભાગતા જ્યાં ભેદ સઘળા જાય છે,
મ્હારૂં નહિ ત્હારૂં નહિ જ્યાં વાસનાજ દહાય છે;
સુવિશુદ્ધપ્રેમ જ મુક્તિનુ શુભદ્વાર માન્યું પ્રેમીએ,
એ શુદ્ધરીતિ નીતિમાંહી પ્રેમને ઉલ્લેખીએ. ૩

અતિ દૂર પણ પાસે વસે છે શુદ્ધ પ્રેમી જાણીએ,
સાચા ગુરૂને દેવ ઉપર પ્રેમ એવો આણીએ;
જડમાં વસે નહિ પ્રેમ કિઞ્ચિત્ પ્રેમશુદ્ધિ કીજીએ,
શુભ આત્મભાવે પરિણમે તે શુદ્ધપ્રેમ ગણીજીએ. ૪

તે પારખે છે જ્ઞાની સન્તો શુદ્ધ પ્રેમ દશા ખરી,
તે મૂઢ જન નહિ પારખે લવ સ્વાર્થ પ્રેમ દશા ધરી;
સુવિશુદ્ધ પ્રેમે મ્હાલીએ મન પ્રેમ પ્યાલા પીજીએ,
શુભ બુદ્ધિસાગરજ્ઞાનદર્શનચરણ પ્રેમે રીઝીએ. ૫

× × × ×

મુ. પાદરા,

શા. ....

કવ્વાલી.

લખેલા પત્રનો ઉત્તર, લખ્યો હું તે સકલ વાંચ્યો,
પ્રભુના પન્થમાં વહેતાં, ગતિ એ પન્થીઓની છે. ૧
બને છે ભાવી અનુસારે, પ્રયત્નો પણ થતા એવા,
કદી ઉદ્વેગ નહિ લાવો, સકલ છે યત્નની પાછળ. ૨
હૃદય ઢીલું બની ઢીલું, નથી ઉત્સાહ વણુ કાંઈ,
નથી ઉત્સાહ, પ્રીતિવણુ, કરું પ્રીતિ પ્રભુઓપે. ૩
અનન્યશુદ્ધપ્રીતિથી, પ્રભુનો ધર્મ ધરવાનો,
ગુણોના બીજ વિકસાવી, ગુણોનો બાગ શોભાવો. ૪
કરીને શોધ સાચાની, રમણુતા રાખ હરદમ તું,
પ્રભુથી લય લગાવીને, વહો આગળ અચળ પ્રેમે. ૫

પામો વૃદ્ધિનિશદિન–સદા સદ્‌ગુરુના પ્રતાપે,
પ્રજ્ઞા તારી નિશદિન વધો, સત્ય સિદ્ધાન્તપાઠે.
રાચી માચી પ્રભુ ગુણ લહી, સત્ય આનંદ ચાખો,
એવી આશીઃ નિશદિન દઉં, ધર્મનો લાભ પામો. ૧
કર્તા ભોક્તા નિજગુણુ તણો, શુદ્ધ ચૈતન્ય સ્વામી,
જ્ઞાનાનન્દી વિભુ ગુણમય, શુદ્ધદષ્ટિથકી જો.
ભોગી યોગી નિજગુણતણો, ધ્યાનથી શીઘ્ર થાજે,
આથી એવી નિજગુણતણી, જીવને જીવ દે છે. ૨
કર્તા ચેતન નિજગુણુતણો, કર્મ છે મોક્ષ સિદ્ધિ,
સદ્ જ્ઞાનાદિ કરણુમય છે, સંપ્રદાને ગુણોનું.
જે જે દોષો નિજ થકી ટળે તે અપાદાન જાણો,
આધારીએ સહજ સુખનો એમ બુદ્ધચબ્ધિ વાણી. ૩

સં. ૧૯૬૮ વૈશાખ સુદિ ૯ પાદરા.

અમદાવાદ મધ્યે........................

સોહણી.

આશા સુકુમોલ પુષ્પની, સુગંધ લેવા બહુ ભમે,
ગુંજારવો કરતો રહે ફરતો રહે ઉડી ઘણું;
નિજ ચિત્ત ચોંટયું વલ્લિઓના પુષ્પની સુગંધમાં,
પણ જાણતો નહિ વલ્લિઓની પુષ્પ શોભા કારમી. ૧

શોભા સુકોમલ વલ્લિઓની છેવટે કરમાય છે,
પંકજતણી શોભા રહે નહિ મોહ તેનો શું ? કરે;
ભોળા ભ્રમર સમજી ઘણું—તું આવ ઠેકાણે હવે,
કૃત્રિમ પુષ્પ સુગંધની શોભાથકી દૂરે રહે. ૨

અન્યો હસે ચર્ચા કરે બહુ—ભ્રાન્ત મનડું દેખીને;
શીખ્યો ઘણું જાણ્યું ઘણું પ્રતાતણો લાભ જ બન્યો,
નિજ શુદ્ધ બુદ્ધિ ધારીને ઝટ ભ્રાન્તિ સઘળી ત્યાગી દે,
"બુદ્ધ્યબ્ધિ" સન્ત સમાગમે તું—આવ ! અંતર્ બાગમાં. ૩

× × × ×

દશાપરામાં એક મુનિપર લખેલ પત્ર.

સં. ૧૯૬૮ વૈ. વ. ૨ બોરસદ.

પ્રેમી પંખી નિજ મતિથકી સત્યલો ચાખવાને,
વૃક્ષે વૃક્ષે બહુ બહુ ભમ્યો સ્વાદતિષ્ણા મળ્યા તેં;
તારી ઇચ્છા હજી પણ રહી ઠામ ઠામે ભમ્યાની,
પાડી ટેવો કદિ નહિ ટળે પૂર્ણ યત્નો વિના તે. ૧

પક્ષી જાતાં જગત તલમાં સર્વના ભાવ જૂદા,
જો તે પંખી મળી તુજ જતાં કોઇ સંસ્કાર પાડી,
જેના પિચ્છા સકળ સરખા તેહનું થાય ટોળું,
એવાં ટોળાં નયન નિરખ્યાં સર્વના પન્થ ન્યારા. ૨

સં. ૧૯૬૮ વૈશાખ સુદિ ૯ પાદરા.

અમદાવાદ મધ્યે.........................

સોહણી.

આશા સુકોમલ પુષ્પની, સુગંધ લેવા બહુ ભમે,
ગુંજારવો કરતો રહે ફરતો રહે ઉડી ઘણું;
નિજ ચિત્ત ચોંટયું વલ્લિઓના પુષ્પની સુગંધમાં,
પણ જાણતો નહિ વલ્લિઓની પુષ્પ શોભા કારમી. ૧

શોભા સુકોમલ વલ્લિયોની ઉતરે કરમાય છે,
પંકજતણી શોભા રહે નહિ મોહ તેનો શું ? કરે;
ભોળા ભ્રમર સમજી ઘણું—તું આવ ઠેકાણે હવે,
કૃત્રિમ પુષ્પ સુગંધની શોભાથકી દૂરે રહે. ૨

અન્યો હસે ચર્ચા કરે બહુ-ભ્રાન્ત મનકું દેખીને;
શીખ્યો ઘણું જાણ્યું ઘણું પ્રજ્ઞાતણો લાભ જ બન્યો,
નિજ શુદ્ધ બુદ્ધિ ધારીને ઝટ ભ્રાન્તિ સઘળી ત્યાગી દે,
"બુદ્ધ્યબ્ધિ" સન્ત સમાગમે તું—આવ ! અંતર્ બાગમાં. ૩

× × × ×

દરાપરામાં એક મુનિપર લખેલ પત્ર.

સં. ૧૯૬૮ વૈ. વ. ૨ બોરસદ.

પ્રેગી પંખી નિજ મતિથકી સત્ફલો ચાખવાને,
વૃક્ષે વૃક્ષે બહુ બહુ ભમ્યો સ્વાદતિખ્ખા મળ્યા તેં;
તારી ઇચ્છા હજી પણ રહી ઠામ ઠામે ભમ્યાની,
પાડી ટેવો કદિ નહિ ટળે પૂર્ણ યત્નો વિના તે. ૧

પક્ષી ઝાઝાં જગત તલમાં સર્વના ભાવ જૂદા,
જે તે પંખી મળી તુજ જતાં કોઇ સંસ્કાર પાડી,
જેનાં પિચ્છાં સકળ સરખાં તેહનું થાય ટોળું,
એવાં ટોળા નયન નિરખ્યાં સર્વના પન્થ ન્યારા. ૨

હામી હામે જહું વિષ બંગ્યો મેળ આવ્યો ન સાચો,
બોલીને તે પ્રતીત કરતો કેમ છુટે ફરી તે;
જે જે સંગી અભિનવ મળે રંગ તો થાય તેવો,
ચારી નકી હૃદય પટમાં કોતરી રાખ વાક્યો. ૩

સારા સંગી જગત વિરલા જાણજે એમ નક્કી,
સાચી વાણી હૃદય ધરવી મેળવી મેળ નક્કી;
એકાગ્રે તું કદિ નહિ રહે બોલનો બોધ ઝાઝો,
"બુદ્ધ્યબ્ધિ"ના હૃદય ઘરમાં સત્યમુક્તિ વસે છે. ૪

× × × ×

શુદ્ધપ્રેમથી હૃદયમાં પ્રવેશ.

ઉંડા હૃદયમાં પેસવા, કૃત્રિમ પ્રેમ જણાવીને,
વાણી અને કાયાથકી બહુ પ્રેમના ચાળા કરે.
નિજ દીલને અર્પ્યા વિના સાચી હૃદય બનતું નથી,
નિજ દીલને દીલ મેળવ્યા વણ વિનયના પ્રેમજ નથી. ૧

જનોના આચારવત્ નિજચિત્તના આચારને,
દર્શાવીને દીલ લ્યો નહી એ વાત દીલમાં આણીએ.
લેવું અને દેવું અરે એ વાત દીલમાં નહિ થતી,
સ્વાર્થમાં કર્યા વણ દીલને એ દીલ મળતું નહિ કદી. ૨

આદર્શ જેવી દીલના આવે અને જેવો થવું,
કપટે કરી ખુલે નહિ આદર્શ સદા જે દીલમાં
નિજ દીલને નિર્મળ કર્યા વણ દીલ બનતું નહી ખરે,
જ્યાં સ્વાર્થ ચાલે મેળ નહિ ત્યાં દીલથી મેળ જ રહે. ૩

જે ભેદ જાતિ જ્યાં રહે ત્યાં દીલ પ્રીતિ નહિ ભળે,
દિલમેળો ત્યાં ભેદ ત્યાં સંબંધ સાચો નહિ કરી.
[illegible]

શુભપ્રેમના વેધકરસે આનન્દમયજીવન બને,
એ વાતના પરમાર્થને પામે અરે કૈં યોગીઓ;
એ શુદ્ધ પ્રીતિ ઉદધિમાં આશા અને સ્વાર્થજ નથી,
એ ઉચ્ચ કોટી પ્રેમના ભોક્તા અરે કૈં જ્ઞાનિઓ. ૫
પુદ્ગલ થકી પુદ્ગલ મળે ત્યાં પ્રેમની ગંધજ નથી,
ચેતન નિહાળે આત્મને એ પ્રેમની સીમા ખરી;
આવી મળો આશય ગ્રહો નિજ દીલથી દિલ મેળવી,
" બુદ્ધયબ્ધિ " ઉતરે દીલમાં તે દીલ રત્નોને લહે. ૬
સં. ૧૯૬૮ વૈશાખ વદિ ૫ ઓરસદ.

× × × ×

મુંબાઇ મધ્યે.
સુ. વા. મ. યો.

શાન્તિ અહુના અત્ર છે આનન્દમાં જીવન વહે,
શુભ ધર્મના લાભે તને હો શાંતિ સાચી આત્મની;
પદ્ માસથી પત્રજ નથી આશ્ચર્ય તેમાં કંઇ નથી,
પ્રશ્નો વિના ઉત્તર નથી ને પ્રેમ વિણુ ભક્તિ નથી. ૧
ફરો હૃદયમાં અન્તરી વિચારી જો માધ્યસ્થ્યથી,
એ લોહચુંબક શક્તિ જેવી ભક્તિ કેવી દીલમાં ?
જ્યાં લાગીયું દીલ જેહનું ત્યાં સદા તે મગન છે,
એ વાત દીલમા લાવીને જે ભુલ છે તે ત્યાગવી. ૨
પરમાર્થમાટે જીંદગી તન ધનમાં રગદોળ ના,
વિવેકથી જાણ્યું ખરૂં તો કેમ મોહે આથડે;
લાગ્યું ખરૂં જેના હૃદયમાં તેજ તેને આદરે,
તેમા રમાવે ચિત્તને પ્રેમી બની આનંદ લે. ૩
આરાધ ઝટ આરાધ ઝટ-વીતરાગ ભાષિત ધર્મને,
વાતો કરે વળતું નહી ને ઉન્નતિ દૂરે રહે,
શૂરવીર થઇ ઝટ સજ્જ થઇ આરાધ ચેતન ધર્મને,
શું દશ્ય વસ્તુ દેખીને મુંઝીશ નહિ મુંબાઇમાં. ૪

ાછો ફરે એવું ન થાય તે માટે વારંવાર ઉપયોગ ધારણ કરવાની છે.

કાવીઠા. વૈશાખ વદિ ૧૦ સં. ૧૯૬૮.

× × × ×

મું. કાવીઠા (બોરસદપાસે) સં. ૧૯૬૮ વૈ. વદિ ૧૦

સુ. સુ. વી. કૃ. યોગ્ય ધર્મ લાભ.

વિશેષ તમારો પત્ર આવ્યો વૃત્તાંત જાણ્યો. લોભ કરવાથી ચિત્તની ચંચ- થાય છે, અને તેથી અનેક પાપ કૃત્યો સેવાય છે. જડ વસ્તુઓની પ્રાપ્તિથી ર આત્માનો આનંદ મલતો નથી. પાડો સરોવરને જેમ ડોળી નાખે છે તેમ રૂપ પાડો પણ શાન્તિ સરોવરને ડોળી દે છે. લોભરૂપ સમુદ્રનો પાર પામી ı નથી અને તેથી અનેક જીવોને પરિતાપ ઉપજાવી શકાય છે. જેને આની વસ્તુઓ નાકના મેલ સમાન લાગેછે તેવો સન્ત પુરૂષ ાના હૃદયની શુદ્ધિ કરીને આત્મતત્ત્વ સન્મુખ થઇ શકે છે. ન્યો વાંચીને તેનો અન્તરમાં વિચાર કરવામાં આવે તો બાહ્ય લક્ષ્મી આન્તરિક લક્ષ્મી ઉપર અનન્ત ઘણો પ્રેમ પ્રગટયા વિના રહે નહિ. વસ્તુ પોતાની નથી તેની પ્રાપ્તિ અર્થે જીવ વલખાં મારે છે અને તે ોતાનું પરમેશ્વર કરતાં અધિક ધ્યાન ધરીને પોતાની યાચક દશાનું રમાં નાટક કરીને અન્યોને દેખાડે છે. વિષને વિષ તરીકે જાણનાર તો રૂપ રૂચિ ધારણ કરીને અમૃતનો સેવક બનીને વિષના નાટકની મિથ્યા l દૂર કરે છે. ઘડીમાત્ર શોક કરવાથી કંઇ વળવાનું નથી. સ્મશાન ીનો ક્ષણ સ્થાયી સ્વભાવ છે. માટે જ્ઞાન ગર્ભિત વૈરાગ્યને પ્રાપ્ત કરવા ı કરો અને આત્માના શુદ્ધ ધર્મની મૂર્તિ બનવા પ્રયત્ન કરો.

× × × ×

કર્તવ્ય.

સ્વાદુ સુફળને ચાખ પણ છેદીશ નહિ તું વૃક્ષને,
પુષ્પો સુગંધી સુંઘ પણ તું છોડને તોડીશ ના;
સાંભળ મનોહર શબ્દને પણ વાદ્યને ભાંગીશ ના,
જળપાન કર તું કૂપનું પણ કૂપમાં મૂતરીશ ના. ૧

સર્વત્ર ફરતું બાગમાં પણ પુષ્પને તોડીશ ના,
જે જે દીએ અન્યો તને તે આત્મનું માનીશ ના;
ઉંચો ચઢી નીચાં પગથીઆં ભાંગ નહિ પરમાર્થનાં,
જેના થકી ઉંચો થયો તેને ગણીશ ના નીચ તું. ૨

એ દેવું સઘળું ચુકવીને શાહ થા તું સુજ્ઞનો,
પણ અન્યને પીડીશ ના એ ગુપ્ત કુંચી મુક્તિની;
જે વાડ, ફળને રક્ષતી તે વાડને ભાંગીશ ના,
પયપાન જેનું તું કરે તેનો કરીશ ના નાશ તું. ૩

જે દીપથી દેખ્યું ઘણું તે દીપને ઓલવ નહીં,
કૃતઘ્નતા ધૈ દૌર્જન્યના તું પાપને ભજીશ ના;
કાંટા ઘણા દૂરે કરી તું ચાલ આગળ માર્ગમાં,
પણ માર્ગમાં તું નાખ નહિ કાંટા ઘણા કુંપે દિશા. ૪

જે જે પુછે તે પન્થીઓને માર્ગ તું બતલાવજે,
પણ પંથીઓથી શઠ નહિ એ વાત દિલમાં લાવજે;
કુદરત પ્રમાણે આ પથુ એવું કરીશ નહિ સત્યને,
"બુદ્ધ્યબ્ધિ" જે જે તું ગ્રહે તે અન્યને પણ આપજે. ૫

સં. ૧૯૬૮ વૈશાખ વદિ ૧૨ મોમ્બાસા

મુ. વાડીલાલ.

× × × ×

મુ. વસો.

તત્ર. સુશ્રાવક, ઝવેરી ઉત્તમચંદભાઇ ધર્મચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ
રો પત્ર પાદરાએ લખેલો પહોંચ્યો છે. વિશેષ હું વિહારમાં હોવાથી
ઉપદેશ દેવામાં પ્રવૃત્ત થવાથી પત્ર લખી શક્યો નથી, વિશેષ ગુરૂકુળ
તમોએ લખ્યું તે જાણ્યું. ગુરૂકુળના વિચારોનો ગામોગામ અને દેશો-
ફેલાવો થાય છે. જૈનોનો મોટો ભાગ જૈન ગુરૂકુળ સ્થાપવામાં પાછળથી
લ થશે, એવો સંભવ રહે છે. તીર્થસ્થળની પાસે જૈન ગુરૂકુળ સ્થા-
એમ તમારો વિચાર છે, અને તેમાં મુખ્ય કારણ યાત્રિક જૈનોની મદદ
ાનું દર્શાવો છો. તમારૂં લખવું અમુક અપેક્ષાએ સત્ય છે. બાવડીઆ
નર્મદાની પાસેના પ્રદેશમાં જૈન ગુરૂકુળ સ્થાપવામાં આવે તો ઠીક
છે. તમો તમારા જેવા ત્રણ ચાર ગૃહસ્થોને જૈન ગુરૂકુળમાં આત્મ-
આપવાને માટે ઉભા કરો તો તે યોગ્ય છે. નકામી તકરારોમાં પક્ષ
ને જૈનો લાખો રૂપીઆનું પાણી કરી દે અને આવી ઉત્તમ બાબતમાં
ી ખરચવા લક્ષ્ય રાખતા નથી, એ કેટલું બધું દિલગીર થવા જેવું
!! જૈનોની લક્ષ્મીનો જૈન ગુરૂકુળ જેવી સંસ્થાઓમાં વ્યય થાય તો
ાની ભાવી પ્રજાનો ઉદ્ધાર થયા વિના રહે નહિ. ગુરૂકુળ જેવી સંસ્થા
પતાં આત્મભોગ આપ્યા વિના છૂટકો નથી. આઠ દશ વર્ષથી જૈન
કુલનો ઉહાપોહ અનેક રીતે જાહેર કરાય છે પણ જૈનોના ભાવી ઉદય
ાણે બનશે.

જૈનોનો ઉદય આવી સંસ્થાઓના માર્ગમાં પ્રવૃત્તિ કરતાં થવાનો છે,
ા નક્કી માનશો. દુઃખ વેઠીને પણ આ કાર્ય જૈનોએ કરવુંજ જોઇએ.
ોના ઉદય માટે આત્મભોગ નહિ આપવામાં આવે તો ભવિષ્યની જૈન
ા માટે આપણે સાપ જેવા ગણાઇશું, ભવિષ્યની જૈન પ્રજાનો ઉદય આ-
ુ ઉપર આધાર રાખે છે. જે જૈનો કાંઈ કરતા નથી અને જે કરે છે
ા સંબંધી લવારો કરે છે, એવા જૈનોની ટકટક ઉપર કંઇ લક્ષ આપવું
ઇએ નહિ. તમો અન્ય કાર્યોમાંથી ચિત્ત ખેંચી લઇને આવાં ઉત્તમ
ાંમાં આપશો તો ભવિષ્યની જૈન પ્રજાને માટે ઉત્તમ બીજ વાવનારા
ુાશો. જૈન બંધુઓને જાગૃત કરો. આ સંબંધી . વિશેષ પ્રયત્ન કરો.
મારે તો ઉપદેશ આપવાનું કાર્ય છે. પણ તમારે તો કરવાનું છે. આ
બંધમાં ખાનગી ગુરૂકુળના હિમાયતીનું એક મંડળ ભરીને વિચારો ફેલા-
ા તો શુભ પરિણામ આવશે. ૐ શાન્તિઃ વૈશાખ વદિ ०)) ૧૯૬૮.

× × ×

વળી જાણુનો નથી તે પ્રાયઃ પોતાના ધર્મની કઇ દિશાએ ઉન્નતિ કરવી તે સમ્યગ્ અવબોધી શકતો નથી. સુરતમાં તડાં પડયાં તે માટે લખ્યું તે બાબતમાં જાણુવાનું કે તેમાં કંઇ જૈનોનું શ્રેયઃ સમજાતું નથી. અને હું તો તે બાબત લક્ષ્ય નહિ રાખતાં મારા કાર્યની દિશા સામું જોઇને ધર્મ પ્રવૃત્તિ કર્યા કરૂં છું. એક દિવસ એવો આવશે કે મૂર્ખાઓની અંધશ્રદ્ધામાટે વિદ્વાનોને ઘણું લાગી આવશે. ગુરૂકુળ માટે ગામોગામ સારા વિચારો ફેલાવું છું, પશ્ચાત્ એ કાર્યને ગમે તે ઉપાડી લે. સદ્‌વિચારોનો ફેલાવો કરવો એ અમારી ફરજ છે, પશ્ચાત શૂરા જૈનો જે દેશમાં હશે તે દેશમાં ગુરૂકુળ સ્થાપવાનો વિચાર તેઓ અમલમાં મૂકશે. પુણ્યશાળી આ કાર્ય પાર પાડી શકે તેમ છે. હાલનો સમય આ માટે અનુકુળ જણાતો નથી. એકદમ ઉતાવળ કરવામાં આવશે નહિ. કારણુ કે શુભ સંયોગોની અપેક્ષા રાખવી ઘટે છે, અને જૈનોમાં યોગ્ય જૈનો કે જેઓ ગુરૂકુળનું કાર્ય ઉપાડી લે એવા પાકશે ત્યારે વિચારોને તેઓ અમલમાં મુકશે. શૂરવીર જૈનો આ કાર્યને ઉપાડી લેશે. ધર્મ સાધન કરશો.

× × × ×

મુ૦ વસો.

મુબાઇ સુશ્રાવક ઝવેરી. જીવનચંદ પન્નાલાલભાઇ યોગ્ય ધર્મ લાભ.

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः
नित्यं संनिहितो मृत्युः कर्त्तव्यो धर्मसंग्रहः ॥ १.
न वैराग्यात् परं भाग्यं, न बोधाद् परमंसुखं
न जिनादपरस्त्राता, न संसारात् परोरिपुः

તમારો પત્ર મળ્યો. મનુષ્યની જીંદગી કોઇ અપૂર્વ કાર્ય કરવાને માટે નિર્માણુ થઇ છે. શરીરમા રહેલો આત્મા પણુ તત્સંબંધી સાક્ષી પૂરે છે. આત્માને અનુભવ પણુ નિત્ય સુખની દિશા જણુાવે છે છતાં કેમ? વીતરાગ માર્ગમાં ગમન થતું નથી? તેનું કારણુ એ છે કે મોહનીય કર્મની ઘેનથી આત્મા ઘેરાય છે અને તેથી તે ઇંદ્રિય સુખમા મગ્ન થઇને સદાનું સર્વથા કર્તવ્ય કાર્ય વિસરી જાય છે, આમ ક્યાં સુધી થવા દેવું? આત્માની શક્તિ સ્ફોરવ્યા વિના મોહના

મનુષ્યોને દુઃખો પડે છે. ચન્દ્ર અને સૂર્યના ઉપર ગ્રહણ છે પણ તારા ઉપર ગ્રહણ નથી. પૌદગલિક વસ્તુઓની લીલા સદાકાલ એક સરખી રહેતી નથી. લક્ષ્મીના વખતમાં તમોએ પોતાની શક્તિ પ્રમાણે બોર્ડીંગ વગેરેમાં લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે અને ગરીબ દુઃખી મનુષ્યોને તથા સ્વજાતિ મનુષ્યોને જે જે સહાય આપી છે તે માટે તમારૂં નામ અમર રહેશે. લક્ષ્મી ચપળ છે. કોઇના ઘેર તે સદાકાલ રહેતી નથી. લક્ષ્મી જાય છે અને આવે છે. ઉત્તમ મનુષ્યો, બાહ્ય લક્ષ્મીનો શોક કરતા નથી. તેમજ બાહ્ય લક્ષ્મીનો શોક કરવાથી કંઇ તે પોતાની પાસે આવતી નથી. તેમજ લક્ષ્મીના જવાથી હિમ્મત હારી જતા નથી. હરિશ્ચંદ્ર અને નળરાજાને કેટલાં બધાં દુઃખો પડયાં હતાં !!! તેનો વિચાર કરો. શ્રીવીર પ્રભુને કેટલા પરિષહો નડયા હતા તેનો વિચાર કરો. સીતા અને દમયંતીએ બહુ વિપત્તિ ભોગવી હતી. જેણે આત્મા અને કર્મનું સ્વરૂપ જાણ્યું છે તેના મનમાં સંકટ વખતે પણ સંવરની અંતરૂની લક્ષ્મી વર્તે છે તેથી તેને બાહ્ય લક્ષ્મી કંઈ હિસાબમાં નથી. પોતાના આત્માના ગુણો પ્રકટાવવા માટે સદાકાલ પ્રયત્ન કરવાની જરૂર છે. બાહ્ય લક્ષ્મી કદી પોતાની થઇ નથી અને કદી પોતાની થનાર નથી અને તેમજ છે. બાહ્યલક્ષ્મીથી કોઇ ખરો સુખી થયો નથી. વર્તમાનમાં ખરો સુખી કોઇ નથી અને ભવિષ્યમાં કોઇ થનાર નથી. બાહ્યલક્ષ્મીવડે મળેલું માન ક્ષણિક હોવાથી સદાકાલ કોઇને રહ્યું નથી અને કોઇને રહેનાર નથી. ઉત્તમ મનુષ્યો લક્ષ્મી પ્રાપ્ત થતાં હર્ષાયમાન થતા નથી અને લક્ષ્મીનો નાશ થતાં શોક ધારણ કરતા નથી. બાહ્ય લક્ષ્મી જડ છે. તે પોતે તો કંઇ સમજી શકતી નથી. તેની સંગતિથી પોતાના ગુણો વૃદ્ધિ પામતા નથી. ઉત્તમ મનુષ્યો પોતાના સહજ સુખની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરે છે. ત્રણ ભુવનમા કોઇ લક્ષ્મીવડે સદાકાલ પૂજ્ય બન્યો નથી અને ભવિષ્યમા કોઇ બનનાર નથી. ઉત્તમ મનુષ્યો નીતિના માર્ગે પ્રવૃત્તિ કરેછે અને મેરૂ પર્વતની પેઠે ધીર બનીને પોતાનું જીવન વહે છે. બાહ્યલક્ષ્મીથી ખરૂં સુખ મળવાનું હોત તો તીર્થંકરો ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરત જ નહીં. ઉત્તમમનુષ્યો જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ સત્ય લક્ષ્મી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. પૌદ્ગલિક વસ્તુઓમાં કદી મારાપણાની બુદ્ધિ ધારણ કરવી યોગ્ય નથી. **कबहिक काजी, कबहिक पाजी, कबहिक हुआ अपभ्राजी. कबहिक जगमें कीर्तिगाजी, सब पुद्गलकी बाजी, आप स्वभावमेंरे अवधू सदा मगनमें रहेना ॥** આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખીને આત્માના ગુ-

ણોને પ્રકટાવવા જોઇએ. ઉત્તમ મનુષ્યો લક્ષ્મીને એક જાતની ઉપાધિ માને છે અને નિરૂપાધિદશાની જીંદગી ગાળવા માટે સદાકાલ પ્રયત્ન કરે છે. બાહ્ય વસ્તુઓની તૃષ્ણાથી કંઇ સુખ થવાનું નથી. પ્રારબ્ધથી શરીરને નિર્વાહ તો ગમે તે પ્રકારે થયા કરે છે. પુત્રોના કર્મ પ્રમાણે પુત્રોનું થયા કરશે એમ નિશ્ચય કરીને પોતાના આત્માનું કલ્યાણ થાય એવો માર્ગ લેવો જોઇએ. સટ્ટા આદિના વ્યવહારોથી મનુષ્યોનું મન સદાકાળ ચંચળ રહે છે અને તેથી ચિત્તની સમાધિ પ્રાપ્ત થઇ શકતી નથી એ સંબંધી પૂર્વે તમને ખાસ સટ્ટો નહીં કરવો એમ બહુ કહ્યું હતું. ખેર હવે કઠિન ઉદ્દેશ બરાબર રાખીને ચિત્તની સમાધિ રહે એવા આલંબનોવડે શરીર નિર્વાહ ચલાવવો જોઇએ. ઉત્તમ મનુષ્યો ભવિષ્યની ચિન્તાઓ કરીને દુઃખી થતા નથી. જે બનવાનું હશે તે બનશે એમ ઉપયોગ ધારવો. પોતાના કુટુંબને સદુપદેશો દેવા આપવું. ધાર્મિક પુસ્તકો વાંચીને અને તેમજ અન્યોની પાસે વંચાવીને સંતોષ ધારણ કરવો. આત્માના ગુણોમાં રમણતા કરવી. મનમાં થતા વિકલ્પ સંકલ્પ ટાળવા પ્રયત્ન કરવો. આત્માનો [illegible] પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. પ્રમાદ દશા ટાળીને ધર્મ [illegible] ધર્મ કાર્યમાં [illegible]

ઇત્યેવં ૐ શાન્તિઃ ૩

× × × ×

મુકામ અમદાવાદ [illegible]

આ મુંબાઇ નગર જૈન શ્વેતાંબર કોન્ફરન્સના [illegible] બાહ્ય [illegible] તથા બાહ્ય આશ્રય [illegible] કોન્ફરન્સ ઠરેલ માટે [illegible] જાણ્યું છે જૈનોના વાર્તમાનિક [illegible] દીર્ઘ દૃષ્ટિ [illegible] તે માટે તમારા જેવા પ્રયત્ન [illegible] સુશ્રાવક ગુલાબચંદ ઢઢ્ઢા તથા [illegible] સંબંધી શો વિચાર છે ? [illegible] છે પણ તેના આગેવાનોએ [illegible] ન ગુમાવવી જોઇએ. [illegible]

વ્યવસ્થા કરી હતી અને ત્યાંનો સંઘ અમારા ઉપદેશથી કાર્ય ઉપાડી લેત પણ આધુનિક કલેશની વિડંબનાથી બાજી પાછી સંકેલી લેવી પડી હતી તે સંબંધી હકીકત, શા. ગુલાબચંદ ઢઢ્ઢાના જાણવામાં હતી. કોઇપણ કાર્ય કરતાં વિડંબના ભોગવવી પડે છે. ગામડા કરતાં શહેરમાં કોન્ફરન્સ ભરવાની સગવડતા અને કાર્યવાહકોને પણ સુગમતા થાય એમ બનવું સ્વાભાવિક છે. કોન્ફરન્સને જૈનોનો મોટો ભાગ ચહાય છે અને તે પ્રગતિ માર્ગમાં હેતુભૂત છે પણ તેની સાથે જણાવવાનું કે કોન્ફરન્સના આગેવાનોએ અને તેના લાગતા વળગતાઓએ ચારે તરફથી ઘણું સંભાળીને પ્રવર્તવું જોઇએ. અનેક જૈનોનાં મન મેળવીને અને અનેક જૈનોને પોતાના સદ્વિચારો આપીને તથા ઠરાવ પ્રમાણે વર્તીને ધીમી ધીમી ગતિ કરીને સંગીન સુધારા જોઇએ. કોઇપણ બાબતમાં બે મતભેદ પડે એમાં કાંઇ આશ્ચર્ય નથી. પણ તેમાં સત્ય શું ? છે તેનો નિર્ણય કરવો જોઇએ. અન્યકોમો કરતાં જૈનકોમ પાછળ રહે એમ તો કદી ઇચ્છવા યોગ્ય નથી. અન્યકોમો કરતાં જૈનકોમ આગળ વધે એવા ઉપાયો લેવા જોઇએ. તુર્ત વાવેલાં બીજ કંઇ એકદમ ફળ આપી શકતાં નથી. બીજવાવનારાઓએ પોતાને ફળ મળે એવી આશાએજ બીજ ન વાવવાં જોઇએ પણ ભવિષ્યની પ્રજા માટે સત્કાર્યનાં બીજો વાવવાં જોઇએ. જૈનોમાં હાલ ચાલતો કુસંપ સદાકાલ રહેવાનો નથી. જે થાય છે તે સારાને માટે થાય છે. ભવિષ્યમાં કંઇ સારૂં પરિણામ આવવાનું હશે તો કોણ જાણે. ગંભીરતા અને સહનશીલતા ધારણ કરીને જૈનબંધુઓનું ભલું કરવા પ્રયત્ન કરશો. મનમાં પ્રગટ થતા ખેદને શમાવી દેશો. શ્રીવીતરાગ ધર્મની આરાધના કરશો. પ્રભુભક્તિમાં સદાકાલ તત્પર રહેવું. જૈનધર્મની આરાધના કરવામાં પ્રમાદ કરવો નહિ. ધર્મનાં કાર્યો કરવામા પ્રવૃત્તિ કરવી. પરભવનું ભાતું બાંધવામાં ખામી રાખવી નહિ. જ્યાંસુધી આયુષ્ય છે ત્યાંસુધી ધર્મની સાધના ખંતભાવથી કરશો. ઘરમાં એક આગેવાન ધર્મી હોય છે તો આખા ઘરના મનુષ્યોને ધર્મી બનાવે છે. ૐ શાન્તિઃ ૩

× × × ×

સંબંધ તનુ ને મેળનો એ મેળની કિંમત નથી,
મેળા ઘણા મેળા થતા એ સ્થિર નહિ છે સ્વપ્નમાં. ૩

ઓહો જગતના સાંભળીને મારના ખીલા બનો,
એવું થયું બહુ વાર એમાં જ્ઞાન ખામી જાણવી;
નિજ ફરજ જાણી એ કર્યું શુભ સાર લેજો ચિત્તમાં,
લેવું નથી દેવું નથી એ વાતમાં મારે જરા. ૪

પરવા નથી મુજ ઇન્દ્રની કે ચન્દ્રની નાગેન્દ્રની,
જેવું સુઝાડે બુદ્ધિ તેવું કર મને પરવા નથી;
પૃથ્વીતણી શય્યા કરીને ચન્દ્ર ભાનુ દીવડા,
આકાશના તંબુ વિષે નિજ આત્મમાંહી મસ્ત છું. ૫

મળશો અરે જેવા હૃદયથી સાર તેવો પામશો,
કથની કરે સહુ કો અરે જેવું કરે તે ભોગવે;
આલમ બધી નિજ દીલના બહુ તાનમાં મસ્તાન છે,
"બુદ્ધયબ્ધિ" અન્તરમાં રમણના સર્વ સુખનું સ્થાન છે. ૬

સં. ૧૯૬૮ જેઠ સુદિ ૩ મુ. વસો.

× × × ×

મુકામ વડોદરા.

તત્ર મુનિરાજ શ્રી પ્રવર્તક શ્રી. ૧૦૦૮ શ્રી કાન્તિ વિજયજી તથા મુનિરાજ શ્રી. હંસવિજયજી વગેરે યોગ્ય, વસોથી લે. બુદ્ધિસાગરની ૧૦૦૮ વાર વંદના અવધારશો. વિશેષ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજનો જૈન ગુરૂકુળ સ્થાપવા વિચાર છે એમ સાંભળ્યું છે અને મારો પણ છે. તેઓએ અદ્યાપિપર્યન્ત તે માટે કેવા પ્રકારના વિચાર કર્યા છે તે જણાવશો તો આભાર માનવામાં આવશે. પ્રવર્તકશ્રીને માલુમ થાય કે ત્યાં ભેગા થવાથી આપના સમૂહ વડે કોઇપણ ઉત્તમ કાર્ય થાય તો તે વિદ્વાનોએ બુદ્ધિગમ્ય સ્વાતંત્ર્ય અને આધુનિક દશાનો વિચાર કરીને જૈનધર્મનો ઉદય કરવા વિશાલદૃષ્ટિથી પ્રયત્ન કરવો જોઇએ. વિશાલ દૃષ્ટિ અને ભલાભાવને ધારીને વર્તમાનની સોનાની તકને ન ખોવી જોઇએ. નિરક્ષર ધનવંતોના

મુ. વસો.

સુશ્રાવક શા. .... યોગ્ય ધર્મ લાભ. વિ. તમોએ લખેલી હકીકત વાંચી સમાચાર જાણ્યા છે. તમો શંકા વિગેરેની બાબતમાં ચપાગલીમાં શા. લલ્લુભાઈ કરમચંદ કાપડ દલાલને હકીકત જણાવશો. એટલે તે પોતે ઉત્તર આપશે વા લખી જણાવશે, એટલે સમાધાન કરીશ. પત્રમાં હકીકત કેટલી લખી શકાય. વિશેષ સદ્‌ગ્રંથો વાંચીને પ્રતિદિન આત્માના સદ્‌ગુણો ખીલવવા પ્રયત્ન કરશો. દુનિયામાં જે જે મનુષ્યોમાં સદ્‌ગુણ દેખાય તે તે સદ્‌ગુણોની અનુમોદના કરવી. જૈનાગમોમાં આત્માની પરમાત્મદશા થવા માટે પરિપૂર્ણ ઉત્તમ ઉપાયો બતાવ્યા છે. જેમ જેમ અનુભવદૃષ્ટિ ખીલતી જાય છે, તેમ તેમ જૈનાગમાંથી ઉત્તમ રહસ્ય પ્રાપ્ત કરી શકાય છે. આત્માના ગુણોની પ્રકટતા કરવા માટે દ્રવ્ય અને ભાવથી અપ્રમત્તપણે સદાકાલ પ્રયત્ન કરવો જોઇએ. આ દુનિયામાં મનુષ્યો જેવી જેવી સંગતિ પામે છે તેથી તે સંગતિના અનુસારે તેવા તેવા પ્રકારની મનોવૃત્તિને ધારણ કરે છે. ચાલણીની પેઠે કાંકરાનો જેઓ સંગ્રહ કરે છે, તેઓ ગુણાનુરાગદૃષ્ટિ વિના અવગુણો તરફ ઘસડાય છે. દેવગુરૂ ધર્મનું સાધન કરવું.

સંવત ૧૯૬૮ ના જેઠ સુદિ ૫.

× × × ×

શ્રી અમદાવાદ. તા. ૬-૮-૧૨

શ્રી પાદરામધ્યે શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક વકીલ. શા. મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ. પત્ર આવ્યો તે પહોંચ્યો. શરીર કંઇ જોઇએ તેવું ઠીક રહેતું નથી તોપણ કાર્યમા તેનો ઉપયોગ થયા કરે છે. દેહમાં આત્મબુદ્ધિ રાખીને આત્માને ન ભૂલવો જોઇએ. આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સત્ છે. તેનામા વિશ્વાસ રાખી તેની ઉપાસના કરનાર પણ આત્મા છે. આધ્યાત્મિક પુસ્તકો વાચીને પણ કલાકોના કલાકો પર્યંત એક સતત વિચારપ્રવાહ વહેવાથી આત્માની પ્રતીતિ થાય છે. આત્માનું ધ્યાન ધર્યા વિના આત્માની

અનુભવ પ્રતીતિ થતી નથી. હાલ તો તેવી આત્મદશાના વિચારોની શ્રેણિએ આત્માને વિચારવાની પ્રવૃત્તિ અંગીકાર કરવા યોગ્ય છે. ધ્યાન બાબતે આત્માનો અનુભવ કર્યા વિના આગળ ચઢાશે નહિ. પુસ્તકો દ્વારા આત્માના ગુણો વાંચી ગયા એટલે બસ થઈ ગયું એવો સંતોષ ન માની લેવો જોઈએ. કારણ કે ચારિત્રભાવનાવડે વાસનાઓનાં મૂળ હઠાવ્યા વિના ઉપર ઉપરનું વાચિકજ્ઞાન પરિપક્વદશાવાળું થઈ શકશે નહિ. પોતાનો આત્મા પોતાના સ્વરૂપની સાક્ષી એવી આપે છે કે આજ સ્વરૂપ ખરૂં છે અને તે માટે સર્વે પ્રાણી કુરબાન છે એજ પરમજ્ઞાન ગણાય અને એવું જ્ઞાન તો આત્માનું સ્વરૂપ વિચાર્યા વિના પ્રગટી શકે નહિ. પોતાની મેળે એકાન્તમાં સદ્વિચારોવડે આત્માનું સ્વરૂપ અનુભવવું જોઈએ. હિંદુસ્થાન આદિ ચારે ખંડના નકશા જોયા પછી ચારે ખંડને સાક્ષાત્ જોવા જોઈએ તે પ્રમાણે આત્માના સ્વરૂપને પ્રતિપાદન કરનારા એવા ગ્રન્થોરૂપ નકશાઓ જોઈને પણ આત્માને સાક્ષાત્ અનુભવવા સદ્વિચારો કરવા જોઈએ. આત્માનું ધ્યાન કરીને સદાનન્દ અનુભવો. ૐ શાંતિ

× × × ×

મુ૦ વસો.

પાદરા તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂભક્તિકારક, સુશ્રાવક, વકીલજી શા. મોહનલાલભાઈ હિમચંદભાઈ યોગ્ય ધર્મલાભ. વિ. પત્રમાં લખેલી સર્વે હકીકત જાણી છે. ચોમાસા માટે ભાવિભાવ હશે તેમ બનશે. મેં મારૂં ચોમાસાનું કાર્ય તમને બે માસમાં કરી આપ્યું છે, અને બાકીનું કાર્ય કરવા બાકી છે. મારા ધારવા પ્રમાણે તમને મારાથી ચોમાસામાંજ વિશેષ લાભ થાય તેવું અવબોધાતું નથી. અન્ય કોઈ સાધુને ચોમાસું લાવવામાં ઉદ્યોગ રાખવો એ આવશ્યક કાર્ય છે. પ્રાયઃ અમદાવાદ ગયા બાદ ચોમાસું જ્યાં થશે તેનો કંઈ નિર્ણય કરી શકાય. વિશેષ હકીકત રૂબરૂમાં મળી શકે. બન્યો સાનુકૂલ સંયોગો ઈચ્છો છો પણ તેઓનો પુરૂષાર્થ અને ભાગ્ય આદિ કારણો ઉપર આધાર રહે છે. તમારા આત્માનું કલ્યાણ વિશેષતઃ જેમ થાય એમ ઈચ્છું છું. ઉત્તરદિશા પ્રતિ પ્રયાણ થવા માટે અન્તરથી પ્રેરણા થાય છે. તમો જાણો છો કે કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ

પાંચ કારણોથી કાર્યની સિદ્ધિ થાય છે. મારા અમુક આશયોને મેં તમારી આગળ જણાવ્યા નથી, અને તે કહેવાનો વખત આવ્યો નથી, તેમ છતાં અનુમાન કરી ને આશય થકી નિજવિચારોની કલ્પનાનો હૃદયમાં અંતરાય ન થાઓ એમ બને તો સારૂં. પંચમકાલમાં આત્માનું સાધન કરવામાં સર્વ પ્રકારની સામગ્રી મળવી એ મહાભાગ્યની વાત છે. સાધુઓને કયા સાનુકૂલ અને કયા પ્રતિકૂલ સંયોગો છે તે દક્ષશ્રાવકો જાણે છે, અને સાધુઓની ભક્તિ કરે છે. પાદરાના શ્રાવકોને કોઇ બરાબર ઠેકાણે લાવે એવા સાધુની જરૂર છે. દુનિયાના કેટલાક મનુષ્યો ધામધૂમને પૂજે છે, કેટલાક ધમાધમને પૂજે છે, અને કેટલાક સદ્ગુણોને પૂજે છે. સર્વમનુષ્યોના ભિન્નભિન્નરુચિના અનુસારે ભિન્નભિન્ન અધિકાર હોવાથી એકજ વસ્તુ સર્વેને એકસરખી લાગી શકે નહિ. સદાકાલ ધર્મ સાધન કરશો.

સંવત્ ૧૯૬૮ ના જેઠ સુદિ ૬.

× . . ×

મુ. વસો.

[illegible]. મહાશય, સુશ્રાવક. [illegible] યોગ્ય ધર્મલાભ. તમારા લેખોની [illegible] વધતી જાય છે, એવા પ્રકારના લેખો જૈનાગમ અવિરૂદ્ધતાએ લખતા રહેશો. જ્ઞાનની પ્રતિદિન વૃદ્ધિ થાય અને સદ્વિચારોનો પ્રકાશ વધે. જ્યાં એવા સદુપયોગનું પ્રતિદિન સેવન કર્યો કરશો. નયોની સાપેક્ષતાએ [illegible] ધારણ કરીને શ્રીવીરપ્રભુના ધર્મનો ફેલાવો કરવા માટે પ્રયત્ન કરશો. આત્મની શક્તિઓને ખીલવવા માટે કરેલો પ્રયત્ન કદાપિ કાળે નિષ્ફળ જતો નથી. પોતાની શક્તિઓનો સદુપયોગ જેમ બને તેમ વિશેષ કરશો. નિષ્કામ પ્રતિદિન [illegible] શક્તિઓને. [illegible] સમજ્યું છે, તેનો વિચાર કરી તો અનુભવ આવ્યા વિના રહેશે નહિ. જે પુસ્તક વાંચવું તેના કર્તાનો હેતુ પરિપૂર્ણ અનુભવીને વિશેષશક્તિથી [illegible] પ્રયત્ન કરશો. [illegible] છે. [illegible] કરીને [illegible] થી એક. [illegible] છે [illegible] હૃદય [illegible] કરે. એ [illegible] છે. જે [illegible]

તત્ત્વજ્ઞાની બનાવવા એવી મનમાં ઉચ્ચભાવના રાખવી. તત્ત્વજ્ઞાનનો પોતે અભ્યાસ કરવો અને જમાનાને અનુસાર અન્યો પણ ધર્મમાં જોડાય એમ પ્રવૃત્તિ કરવી. ધર્મ સાધનમાં અગાડી પ્રગતિ કરી જાગ્રત્ રહેશો.

× × × ×

મુ. પેથાપુર.

અમદાવાદ. શ્રદ્ધાળુ, દયાળુ, દેવગુરૂભક્તિકારક ભગતજી વીરચંદભાઈ ગોકલભાઈ યોગ્યધર્મલાભ. જે મનુષ્યો સદ્‌વિચારોવડે અને સદાચારોવડે પોતાના આત્માના ગુણોનો પ્રકાશ કરવા ઇચ્છે છે તેઓની જીંદગી પ્રશસ્ય છે. મનુષ્યો પુણ્ય અગર પાપનાં જેવાં કાર્યો કરે છે, તે તે પ્રમાણે તેઓ પુણ્ય અને પાપ ફલના ભોક્તા બને છે. કર્મનો અચલ સિદ્ધાંત કોઇ ફેરવવા શક્તિમાન્ થતો નથી. જેવું વાવવામાં આવે છે તેવું લણવામાં આવે છે, મનુષ્યના ભવમાં ધર્મ કરવાની સામગ્રી પ્રાપ્ત થયા છતાં જેઓ પ્રમાદના વશમાં પડીને ધર્મ સામું જોતા નથી તેઓ ઉંદરો માખીની પેઠે પગ ઘસે છે, અને પશ્ચાત્તાપ કરીને ઉંડો શ્વાસ મૂકે છે. ધર્મનાં કૃત્યો કરવાં પોતાના હાથમાં છે. મનુષ્યો ગમે તેવા ઉચ્ચ હોય છે તોપણ તેઓ પ્રમાદના વશમાં પડીને પોતાની જીંદગીને ધૂળમાં રગદોળે છે. લક્ષ્મી અને વિદ્યા પામીને જેઓ તેનો સદુપયોગ કરતા નથી તેઓ પણ પોતાની જીંદગીનું સાધ્યબિંદુ ભૂલે છે, અને ઇતર સામાન્ય મનુષ્યોની પેઠે પોતાની જીંદગી ગુજારે છે. મનુષ્ય જીંદગીની કીંમત જેટલી કરવામાં આવે તેટલી થોડી છે. દુર્ગુણોનો ત્યાગ કરવાનો અભ્યાસ અને સદ્‌ગુણોનો પ્રાપ્ત કરવાનો અભ્યાસ પ્રતિદિન વધવો જોઇએ. પોતાના આત્મામાં સદ્‌ગુણોને પ્રકાશ કરવાનો જે અભ્યાસ સેવે છે તે મનુષ્ય અન્યોને પણ સદ્‌ગુણોનો પ્રકાશ કરવામાં મદદગાર સહાકાર બની શકે છે. ધર્મ સાધન કરવામાં વિશેષતા ઉદ્યમ કરશો.

× × × ×

આપણી ને ખરેખર કલ્પવૃક્ષ ઉપર કુહાડો મારવા બરોબર છે. નિગુરા મનુષ્યોથી જૈનશાસનની રક્ષા થવાની નથી અને તેઓ જૈનધર્મની સેવા કરનારાઓને પરિપૂર્ણ સહાય આપી શકવાના નથી. ઉન્માર્ગ દ્વારા તેઓ જૈનશાસનનો ઉદ્યોત કરી શકવાના નથી. ગચ્છ કદાગ્રહ અને અજ્ઞાન મોહથી જૈનોએ ક્લેશ કરીને ઘણું ખોયું છે અને તેથી તેઓ વર્તમાનમાં પણ હાનિ પામે છે અને ભવિષ્યમાં પામશે. ત્રિકરણથી જૈનધર્મની રક્ષા કરનારાઓના સાથી બનીને શ્રી વીરપ્રભુની આરાધના કરવી જોઈએ અને તે દ્વારા આત્માની ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો જોઈએ. [illegible] તદ્દન જ્ઞાનથી સર્વકર્મનો નાશ થાય છે. ૐ અર્હમ્ શાન્તિઃ સં. ૧૯૬૭ પોષ વદિ ૧.

* * * *

મુ. અમદાવાદ સંવત ૧૯૬૮ પોષ વદિ ૧૦

[illegible]

[illegible]

આજથી પચાસ વર્ષ પશ્ચાત્ થનારી પ્રજા ગુરૂકુળના જેવી અન્ય સંસ્થાઓથી પોતાની ઉન્નતિ કરી શકશે તેના માટે વર્તમાનમાં સદ્વિચારોને ફેલાવો અને મહાકાર્યો કરવાને માટે માનવજન્મ છે. ઉદ્યમનાં કાર્ય કરો. ૐ શાંતિઃ ૩

× × × ×

મુ. અમદાવાદ.

વયસાડ. તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂભક્તિકારક શા. નાથાભાઇ પુનમચંદ, શા. ડાહ્યાભાઇ કેશુરભાઇ, હીરાચંદ મોતીચંદ તથા રાયચંદભાઇ મેઘાજી વિગેરે સંઘસમસ્ત યોગ્ય ધર્મલાભ. વિશેષ. ધાર્મિકજ્ઞાનની પ્રાપ્તિ વાસ્તે દરરોજ પ્રયત્ન કરશો.

જે વખતે મનુષ્ય, ધર્મના વિચારો કરતો નથી તે વખતે તેની પાસે અધર્મના વિચારો આવે છે. મનુષ્યની જીંદગીમાં જેટલું કરવાનું હોય છે તેટલું કરી શકાય છે. વયસાડમાં સંઘ ધારે તો તે પોતાના ગામમાં ધાર્મિક કેળવણીનો પ્રચાર સારી રીતે કરી શકે. જે મનુષ્યો ઉંઘમાં રહે છે અને કર્મના પર આધાર રાખીને ઉંઘે છે અને ઉદ્યમ કરતા નથી. તે મનુષ્યો પોતાની પાછળ ભવિષ્યની પ્રજા માટે સારાફળ મૂકી જતા નથી, અને તેથી ભવિષ્યની પ્રજા તેમની વાહ્ વાહ્ કરી શકતી નથી. આપણે દરરોજ કંઇ કરવુંજ જોઇએ. એક ક્ષણમાત્ર પણ બેસી ન રહેવું જોઇએ. આપણા માથે પણી ફરજો છે. અને તે અદા કર્યા સિવાય, છૂટકો નથી. ધર્મનાં કાર્યો પાછળ છે. તેને કોઇ ચલાવનાર જોઇએ. જૈનોની ઉન્નતિની શ્રેણીરીતક કદી ન ખોવી જોઇએ. ભેદભાવમાં અને સ્વાર્થબુદ્ધિના કલેશોનો ત્યાગ કરીને જૈનોની ઉન્નતિ માટે ઉદ્યમ કરો. કેશરીસિંહના પરલોકગમન પશ્ચાત્ તેની ખોટ પૂરાય, એવા સર્વે બનો, અને જૈનોને આગળ લાવી શકાય તેવો યોગ્ય ઉદ્યમ કરો. જૈનો આરંભે શૂરા છે. અને પાછળથી સુસ્ત બની જાય છે. આપણી ભૂલને આપણે જોવી જોઇએ, અને કુરીવાજોનો ત્યાગ કરીને સંઘની ઉન્નતિ થાય અને જૈન તત્ત્વોનો દુનિયામાં પ્રચાર થાય તેવાં કાર્ય કરો અને કરનારને સહાય આપો. ધર્મસાધનમાં એકક્ષણ પણ પ્રમાદ ન કરશો. ૐ શાંતિ ૩.

સંવત્ ૧૯૬૮ ના જેઠ વદિ ०)).

× × × ×

મુ. અમદાવાદ.

[illegible] શા. [illegible] તથા [illegible] ... [illegible] છે [illegible] ... [illegible] છે. [illegible] ... [illegible] માટે સમર્થ બને છે. [illegible] ... [illegible] છે. [illegible] ... [illegible]

[illegible]

સંવત્ ૧૯૬૮ અધિક અશાડ વદિ [illegible]

મુ. અમદાવાદ.

મુંબાઇ મધ્યે સુશ્રાવક, ઝવેરી જીવણલાલ ધનાલાલ આદિ યોગ્ય ધર્મલાભ. મન, વાણી અને કાયા વડે પોતાના આત્માનું, અન્યાત્માઓનું કલ્યાણ કરનારા સત્પુરુષોનો કલ્પવૃક્ષની પેઠે આશ્રય કરવા યોગ્ય છે. સત્પુરુષોની આન્તરિક આશીર્વાદ ખરેખર શુભાશાઓના ઉદયનું ઉત્તમ લક્ષણ છે. જેને દેવતાઓ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તે વસ્તુઓ વડે સત્પુરુષોની સેવા કરનારા ભક્તો અલ્પકાળમાં મુક્તિના દ્વાર આગળ આવી શકે છે. જે મનુષ્યો ઉન્નતિને ઇચ્છે છે, અને જેઓની ઉન્નતિ થાય છે, તેઓના ઉપર સત્પુરુષોની કૃપા છે એમ અવબોધવું. જગત્ના પદાર્થો મેળવવાના વિચારો કરતાં તેઓનો સદુપયોગ કરવામાં ઉદાર પુરુષોનું ચિત્ત વિચાર કર્યા કરે છે. જેનો કદી વિનાશ નથી, અને જેનામાં પરિપૂર્ણ શાન્તિ છે, એવા પરમાત્મ દેવનું ધ્યાન કરનારા મનુષ્યો ખરેખર અશાન્ત એવા જગતમાં શાન્તિનો અનુભવ લેઇ શકે છે. પરમશાન્તમાર્ગમાં ગમન કરવું જોઇએ કે જેથી આપણું ભવિષ્ય ચળકતું થાય. આપણી બુદ્ધિ, વાણી અને કાયા વડે એવો ઉત્તમ પુરુષાર્થ સેવવો જોઇએ કે જેથી દૃષ્ટિ નાખતાં જેનો પાર આવે નહિ એવા સંસાર સાગરની પેલી પાર જઇ શકાય. આત્મામાં અનન્ત બળ છે. એમ જાણીને બેસી નહિ રહેતાં આત્મામાં અનન્ત બળ પ્રકટાવવા ઉદ્યમ કરવો જોઇએ. આંખ મીંચીને અને ધ્યાન ધરીને જરા જુઓ કે તમારૂં સ્થાન અને સુખ ક્યાં છે? એ સર્વ આત્મામાં છે. પરમાત્માને સેવીને તે પ્રાપ્ત કરો. ૐ શાંતિ

× × × ×

મુ. અમદાવાદ. સંવત્ ૧૯૬૮ અધિક અશાડ વદિ ૧૩.

તત્ર સુશ્રાવક ઝવેરી શા. લલ્લુભાઇ ધર્મચંદ યોગ્ય ધર્મલાભ. વિ. પ્રભુ ભક્તિમાં વિશેષ લક્ષ્ય રાખશો. જેઓ પ્રભુ ભક્તિમાં લીન બની જાય છે તેઓ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરી શકે છે. પ્રભુ ભક્તિ કરતાં કરતાં

પ્રભુની સાથે ઐક્ય કરી દેવું જોઇએ. પ્રભુના સદ્ગુણોના ધ્યાન વડે આત્માને પોષવો જોઇએ. દુનિયામાં એવી કોઈ વસ્તુ નથી કે જે પ્રભુના ધ્યાનથી પ્રાપ્ત ન થાય. શુદ્ધ પ્રેમથી જ પ્રભુભક્તિરૂપ અમૃતરસનું પાન કરી શકાય છે. પ્રભુ ભક્તિથી પૂર્વનાં પાપકર્મ પણ પુણ્યરૂપે પરિણમે છે. આપણે પ્રભુના ઉપર અત્યંત શ્રદ્ધા ધારણ કરવી જોઇએ. પ્રભુનો ઉપદેશ શ્રવણ મનન કરવા યોગ્ય છે. પ્રભુમાં એટલો બધો પ્રેમ વધારવો જોઇએ કે જેથી જ્યાં ત્યાં પ્રભુનું ચિત્ર ખરેખર હૃદય ચક્ષુ આગળ ખડું થાય. પ્રભુ ભક્તિ કરનારે ધર્મ નામના મુક્તિ મહેલના પગથીયા પર સ્થિર રહેવું જોઇએ. દુનિયામાં સર્વ જીવોનું ભલું કરવાની બુદ્ધિ જેમ જેમ અંતરૂમાં વિશેષ પ્રકટશે તેમ તેમ પ્રભુના ભક્તિના ઉચ્ચ પ્રદેશમાં વિચરવાનું થશે. પ્રભુમાં ધારેલી પૂજ્ય ભક્તિનો પ્રવાહ એટલો બધો વહેવો જોઇએ કે જેથી આખું જગત્ પણ તે ભક્તિ રસના પ્રવાહમાં પ્રવાહિત થઇ જાય. આપણે મનુષ્યનો અવતાર લેઇને મનુષ્ય જ રહેવાનું નથી પણ આગળ વધીને પરમાત્મા થવાનું છે. એ વાત આપણા લક્ષ્યની બહાર ન રહેવી જોઇએ. આપણા આત્મામાં શુદ્ધ ભક્તિનો પ્રવાહ ખરેખર ગંગાના પ્રવાહની પેઠે બે કાંઠે પૂર્ણ વહેવો જોઇએ. પ્રભુની ખરી ભક્તિ અને સંતોની ખરી સેવાથી મનુષ્ય આખી દુનિયાને પોતાની તરફ આકર્ષી શકે છે. મનુષ્યની જીંદગીના જેટલા ક્ષણો, પ્રભુ ભક્તિ સેવા વગેરેમાં ગયા તેટલાજ લેખે છે. પ્રભુની ખરી ભક્તિમાં આખી દુનિયાનું મમત્વ ત્યાગી શકાય છે તો પછી કુટુંબ ધન વગેરેનું તો અંતરૂથી મમત્વ ન રહે એમાં શું કહેવું ? પરમાત્મા વીતરાગ દેવનું ક્ષણે ક્ષણે સ્મરણ કરો. આપણા આત્માને આપણે ઉચ્ચ શુદ્ધ બનાવવો હોય તો, વીતરાગની ભક્તિ તરફ લક્ષ્ય રાખવું જોઇએ. આનંદ, ઉત્સાહ, હર્ષ, શુદ્ધ પ્રેમ, પરોપકાર, ઉત્તમ વૈરાગ્ય વગેરે ગુણો વધે તો જાણવું કે મારો આત્મા હવે પ્રભુ ભક્તિમાં આગળ વધ્યો. તમારો આત્મા તેવો થાઓ. ૐ શાંતિઃ

× × × ×

મુ. અમદાવાદ. સંવત્ ૧૯૬૮ અધિક અશાડ વદિ ૧૩.

સુશ્રાવક [illegible] ધર્મસ્નેહ. [illegible] પત્ર મળ્યો. શરીર નિરોગી થયું છે અને ધર્મ કાર્યમાં [illegible] છે. શરીરના આરોગ્યતા [illegible] ધર્મની [illegible] સાધનામાં [illegible] છે તથાપિ [illegible] દુનિયમાં [illegible] તો [illegible] નહિ અને [illegible] એક [illegible] છે. અને [illegible] પાછા [illegible] છે [illegible] ખરેખર [illegible] અને આત્માને [illegible] પુણ્યની [illegible] લાગી આત્મામાં [illegible] પ્રમાદ [illegible] કર્મ [illegible] શીખવે છે કે તમે [illegible] રથી કેટલું આપણું [illegible] બધાને રોમ [illegible] છે. [illegible] એવા શુદ્ધજ્ઞાનરૂપે આપણો આત્મા [illegible] જોઇએ. સર્વ પ્રકારના [illegible] નિર્ભય દશામાં આત્માને મૂકવા [illegible].

× ×

મુ. [illegible]

સુશ્રાવક [illegible] .... [illegible]

[illegible] અને [illegible] છે. [illegible]

પડશે અને ભવિષ્યની જૈન પ્રજાના શ્રાપોના ભોગ થવું પડશે. પ્રગતિમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં જે જે વિઘ્નો આવે તેઓને મારી હઠાવવાં જોઇએ. આપણા સદ્વિચારો અને આપણું સદ્વર્તન ખરેખર આપણી ચારે બાજુએ એવા શુભ સંયોગો ઉત્પન્ન કરે છે કે જેથી આપણાથી અન્ય મનુષ્યનું ભલું થઇ શકે છે. માનસિક, વાચિક, અને કાયિક શક્તિયોને ખીલવવાની શુભ કેળવણીને આવકાર આપીને આપણે સ્વાશ્રયી બનવું જોઇએ. પરાશ્રયી ભિક્ષાની ઇચ્છા ન કરતાં સ્વાશ્રયી બનીને આપણે દુનિયાની ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો જોઇએ. શ્રીજૈનાગમોમાં કથેલા સદ્વિચારોને ફેલાવવા માટે આપણે કટિબદ્ધ થવું જોઇએ. જૈનોપર ઝઝુમી રહેલાં કલેશનાં વાદળો અન્તે વિખરાશે, અને તે માટે આપણે સંપના માર્ગમાં આગળ વધવા આત્મભોગ આપવો જોઇએ. જો આપણા વિચારો સારા છે અને તેથી જગત્નું કલ્યાણ થવાનું છે, એમ નિશ્ચય થતો હોય તો સત્ય વિચારોનો ફેલાવો કરવા કેમ સ્વાર્પણ ન કરવું જોઇએ? આપણા જૈન ધર્મની ભવિષ્યમાં ઉન્નતિની આશા આપણા વર્તમાન કાલના ઉદ્યમ ઉપર આધાર રાખે છે સદ્વિચારો ગમે ત્યાં ગમે તેવા મનુષ્યોમાં અમુક યોગ્યતાએ પ્રકટી શકે છે. સત્ય વિચારો ગમે ત્યાં પ્રકટી નીકળવાના. જગત્ને દયા-સત્ય, બ્રહ્મચર્ય, સંપ-શુદ્ધ પ્રેમ, આત્મદષ્ટિ આદિ સદ્ગુણોથીજ શાન્તિ થવાની છે. આપણો જૈનધર્મ ખરેખર આખી દુનિયાના મનુષ્યોનો ધર્મ છે, એમ માનીને આખી દુનિયાના મનુષ્યોના હૃદયમાં તે પ્રકટી નીકળે એવા ઉપાયોવડે જગત્ને જૈનધર્મનું દાન તેજ ખરી જગત્ સેવા છે. એમ માનીને સેવા ધર્મમા આગળ વધવું જોઇએ. પાશ્ચાત્યોની પ્રવૃત્તિને આપણે શુભ રૂપમા ફેરવીને તેવડે ભવિષ્યની પ્રજાના કલ્યાણ માટે આગળ વધવું જોઇએ. પ્રવૃત્તિ વિના ચેન પડતું નથી. ગમે તે પ્રકારની પ્રવૃત્તિ કર્યા વિના છૂટકો થતો નથી ત્યારે ઉપર્યુક્ત જગત્ સેવા રૂપ પ્રવૃત્તિમા ભાગ લેવા માટે કેમ આત્મભોગ ન આપવો જોઇએ ? આત્માને વિશાલ દૃષ્ટિ અને શુદ્ધ પ્રેમ ગમે છે. આત્માનો ધર્મ ખરેખર આત્માને ગમે છે. આપણને શ્રીમહાવીરની વાણી પોતાનો ખરો આત્મધર્મ જણાવે છે અને તે માર્ગે આપણે સદ્વિચારોથી અને સદ્વર્તનથી ગમન કરવું જોઇએ. વિચાર દૃષ્ટિથી જૈન ધર્મનો જગતમાં વિસ્તાર થઇ શકશે. શ્રીમહાવીરની વાણીનો સંદેશો આખી દુનિયાને પહોંચાડો. આખી દુનિયાના મનુષ્યોના હૃદયમાં મહાવીરની વાણીનો અમૃતરસ રેડો. એવી જગત્ સેવા કરવાને લાયક બનો અને જગત્ સેવા કરો. આપણો અને આપણા ધર્મનો ઉદ્ધાર આપણા હાથે થવાનો છે. વિઘ્ન

સંતોષીઓ ઉપર પણ કરૂણાભાવ ચિન્તવીને તેઓને હરકત ન કરતાં જૈનધર્મ વડે જગત્ સેવા કરવા માટે પ્રગતિ માર્ગમાં પ્રવૃત્ત થાઓ. આપણા અન્તઃકરણના શુભધર્મના અનુસારે આપણો માર્ગ ખુલ્લો કરી શકીશું અને કાંટાઓને દૂર ફેંકી દેઇશું. તમારા મિત્રોમાં, સંબંધીઓમાં ધર્મનો રસ રેડો અને તેઓને પોષો. તમારા સદ્વિચારો ફેલાય તેવા ઉપાયો આદરો. આપણે શ્રીમહાવીરના સેવકો છીએ. તેમના સંદેશાને જગતમાં પહોંચાડવા માટે આપણે તારનાં દોરડાં જેવા વા તાર માસ્તર જેવા બનવાનું છે. જાગો જૈનો જાગો અને આખા જગત્‌ને જગાડો. શુભ લેખો લખો અને આર્યાવર્તમાં મહાત્માઓ ઉત્પન્ન થાય તેવા ઉપાયો યોજો. આપણો સેવાધર્મ, ભક્તિધર્મ, ક્રિયાધર્મ, અને જ્ઞાનધર્મ છે અધિકાર પરત્વે આદરો. ૐ શાંતિ

સંવત્ ૧૯૬૮ અસાડ સુદિ ૧.

× × × ×

સંવત્ ૧૯૬૭ વૈશાખ સુદિ ૧૦

મુ. મુંબાઇ.

શ્રી અમદાવાદ મધ્યે સુશ્રાવક શેઠ લાલભાઇ દલપતભાઇ યોગ્ય ધર્મલાભ:-વિશેષ અત્રશાન્તિઃ તત્રાસ્તુ. જૈન કોમમાં હાલ જે વર્ગો ચાલે છે તેનાથી ભવિષ્યમાં શાન્તિવૃદ્ધિ થશે તે કહી શકાતું નથી.

તમોએ અમને મુંબાઇ ચૈત્રમાસમાં મળ્યા હતા ત્યારે કહ્યું હતું કે સાધુઓમાં પડેલા બે મતનો આગેવાનોથી વિરોધ ટાળી શકાય નહિ. પરંતુ જે કોઇ રીતે તમારા જેવા સુશ્રાવકોથી સાધુ વર્ગમાં પડેલા ભેદનું સમાધાન થતું હોય તો બહુ સારૂં. આપણી વચ્ચે જે વાતચિત થઇ તે અમારો જૈનો માટે હતી અને તે રીતે સમાધાન કરવા પ્રયત્ન કર્યો હતો ભિન્નતાપર હું આવ્યો છું. તથાપિ કેટલાક સાધુઓ સાનુકૂલ ન હોવાથી અમારી મન વિચારો પ્રમાણે વર્તવી શકાશે નહિ એમ લાગે છે. આજતકથી કાળક કોને હાલ જે બન્ને પક્ષો અનુચિત પ્રવૃત્તિ કરે છે તેથી જૈનસંઘ

...ઉપયોગી ઘણુ ...ક્ષની હોય છે અને તેનું પ્રાબલ્ય વધીને ...આવે ત્યારે ...રૂપ લે છે ત્યારે અપેક્ષાઓથીને જાણનારા ...રાખીને સત્યનો લય કરે છે, અને આગ્રુ- ...કે જેથી સમાધાન થાય તેવું નથી જોતા ...દશા ધારણ કરે છે અને મનને અપેક્ષાએ ...માં તેઓને ઘણું સહેવું પડે છે અને ...નું કેટલું છે તેની ખરેખરી કસોટી થાય છે ...ની શક્તિ ખરેખર સ્યાદ્વાદમાર્ગમાં રહી છે. જ્યાં સુધી ...ધર્માર્થનું ઉચ્ચ જ્ઞાન નહિ થાય ત્યાં સુધી મતભેદરૂપ મગરના ...કી શકવાની નથી. આખી દુનિયામાં તે શક્તિ પ્રગટ થાય ...નાની ભાવના છે. આપણે તો સ્યાદ્વાદદૃષ્ટિએ સર્વ મતભેદોને સમાવવા પ્રયત્ન કરવો જોઇએ. વાયુના યોગે દીપકની શિખા કંપે છે પરન્તુ જો વાયુ નથી હોતો તો દીપકની શિખા સ્થિર રહે છે તદ્વત્ જ્યાં સુધી આત્મામાં એકાન્તદૃષ્ટિ હોય છે ત્યાં સુધી મતભેદથી આત્મા મનની ચંચળતા પ્રગટ કરે છે અને પોતે પારકાના દુઃખે ચંચળ બને છે. અન્ય મનુષ્યોની મતભેદ દૃષ્ટિ હોય તેથી તેઓના ઉપર દ્વેષ કરીને જ્ઞાનીઓએ શા માટે ચંચળ બનવું જોઇએ? અને શા માટે એકાન્તદૃષ્ટિઓ ઉપર દ્વેષ કરવો જોઇએ? દર્દીઓનો રોગ દેખાતિ દર્દીઓ ઉપર ડાક્તરોએ શા માટે ખેદ વા દ્વેષ કરવો જોઇએ. ડાક્તરોએ તો દર્દીઓનો રોગ ટાળવા પ્રયત્ન કરવો જોઇએ, અને તેઓના ઉપર દયાભાવ લાવવો જોઇએ. એક દર્દીના સંસર્ગથી અન્યોને રોગનો ચેપ લાગે એવું જો ધારવામાં આવે તો તે ઠીક છે પણ ડાક્તરોએ અન્ય મનુષ્યોને જણાવવું જોઇએ કે અમુક રોગીનો સંસર્ગ ન કરવો પણ અમુક રોગીપર દ્વેષ ન કરવો. પણ રોગીના ચેપના લીધે પ્રયોજન વિનાની અને ઘણાઓને હરકત કરનારી એવી નકામી ધાંધળ કરવાની પ્રવૃત્તિ કોઇ રીતે પ્રશંસવા યોગ્ય ગણી શકાય નહિ. વિવેક, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શુદ્ધપ્રેમ, ઉત્તમ ખપાવણોવડે અન્ય મનુષ્યોને ધર્મમાર્ગ તરફ વાળી શકાય છે. સત્ય કદી છાનું રહેવાનું નથી અને અસત્ય કદી ખોટું પડ્યા વિના રહેવાનું નથી.

મતભેદનો નાશ કરવાની ઇચ્છાવાળાઓએ કોઇને પોતાના મનમાં જે જે વિરોધી વિચારો થતા હોય તે એકદમ કહેવા નહિ અને બનતા પ્રયત્ને એવા ઉપાયો લેવા જોઇએ કે મતભેદની ઉપશાન્તિ થાય,

સંવત્ ૧૯૬૮ અસાડ સુદિ ૭ મુ. અમદાવાદ.

મુંબાઇ. સુશ્રાવક ઝવેરી જીવણચંદભાઇ ધર્મચંદભાઇ યોગ્ય ધર્મલાભ. ઉત્તમ પુરૂષો દીર્ઘ દષ્ટિ ધારણ કરીને સ્વપરકલ્યાણાર્થે યોગ્ય પ્રવૃત્તિ આદરે છે. ક્ષણિક આયુષ્ય અવબોધીને જે ધર્મકાર્યોથી સ્વપરની ઉન્નતિ થાય તેવાં કાર્યો કરવાં જોઇએ. સત્યના માર્ગમાં ગમન કરવું અને અસત્ય માર્ગથી પાછા હઠવું. દુનિયાના મનુષ્યોના ભિન્ન ભિન્ન વિચારો સાંભળીને તેમાંથી સ્વબુદ્ધ્યનુસારે સાર ખેંચવો. વીતરાગનાં વચનોના આધારે આત્મકલ્યાણ કરવા પ્રયત્નશીલ થવું. આ જગતમાં જે મનુષ્ય સત્યવિવેકથી કાર્ય કરે છે તે મુક્તિને પામે છે. પોતાના મનમાં જે જે વિચારો ઉઠે તે બરાબર યોગ્ય છે કે કેમ? તેને પુનઃ પુનઃ વિચાર કરી જવો. અનુભવી બુદ્ધિશાળી અને ઠરેલ મનુષ્યોના સદ્વિચારોના અનુસારે ધાર્મિક કાર્યો કરવાથી પરિણામે ભવિષ્યમાં અત્યંત લાભ થાય છે. સજ્જન અને જ્ઞાની મનુષ્યોનાં હૃદય ઘણાં ગંભીર અને અનેક આશયોથી ભરેલાં હોય છે. તેઓના આશયોને અવબોધવા પ્રયત્ન કરવો જોઇએ. ઉત્તમ પુરૂષો પોતાનાં કાર્ય સમાપ્ત કરીને અન્યોને તેઓનું પરિણામ બતાવે છે. વર્તમાન અને ભવિષ્યકાલમાં કરોડો મનુષ્યોને જે ગુરૂકુલો વિગેરે ધર્મ કાર્યો કરવાથી સુખ મળે તે તે કાર્યોનો આરંભ કરીને તેઓને પૂર્ણ કરવા લક્ષ્ય દેવું. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીની આરાધના સદાકાળ કર્યા કરવી. જડ વસ્તુઓમાં સુખ નથી એમ નિશ્ચય કરીને વીતરાગ વાણી અનુસારે વ્યવહાર અને નિશ્ચય નયથી જૈન ધર્મની આરાધના કરશો દેવગુરૂ ધર્મની આરાધનામાં તત્પર રહેશો આત્મ શાંતિ તરફ ઉપયોગ દેશો. ॐ શાન્તિઃ ૩

× × × ×

સુ. અમદાવાદ સં. ૧૯૬૮ અષાડ સુદિ ૧૨.

સુરત. સુશ્રાવક શા. ‥ ‥ ચંદભાઇ દેવચંદભાઇ યોગ્ય ધર્મલાભ. પત્ર પહોંચ્યો. પૂર્વે જણાવવામાં આવ્યું છે કે સાધકે આત્માની દ્રવ્ય દયા કરી હોય તો તેણે મન, વાણી અને કાયાનો સદુપયોગ કરવો, કાયાનો કર્તા આત્મા છે. કાયા રૂપ મંદિરમાં વાસ કરનાર આત્મા છે, કાયાનું યોગ્યનીત્યા પોષણ કરવું. પરંતુ કાયાનું મમત્વ ભૂલી જવું. સર્વ પ્રકારની વાસનાઓથી મુક્ત થવું એ જ્ઞાનનું ફળ છે, જે જે અશુભેચ્છાઓ પ્રગટ થાય છે તેઓને

ઉન્નતી જોઇએ, સાંસારિક પદાર્થોના ભોગની ઇચ્છાઓનો કરી અન્ત આવ-
વાનો નથી, મોક્ષમાર્ગપર ચાલનારે એક બીના ધ્યાનમાં રાખવાની છે અને તે
એ છે કે ધર્માદિના, અન્યમત નયીઓ પર ધૃણા તિરસ્કાર અને ધર્મનું
પડેલા વહેમ ઇત્યાદિ અશુભ વિચારોને બળી જવી જોઇએ. મોક્ષ માર્ગની
મુસાફરી કરનારાઓએ આત્માના મૂલ સિદ્ધાન્ત પર અડગ રહેવું જોઇએ,
સર્વ પ્રકારના આગમો, ગ્રંથો, વેદો વગેરે જેનામાંથી નીકળ્યાં છે. નીકળે છે
અને નીકળશે તે આત્મા છે. સર્વ જ્ઞાનનો ભંડાર એવો આત્મા આ
દેખાતા શરીરમાં રહેલો છે તેની નક્કી તેજ ઉપયોગમય કાર્ય અવબોધવું
જોઇએ. મોક્ષની મુસાફરી કરનારાએ જગતના કોઇ પદાર્થ પર મમત ન
કરવું, અને પોતાની પાસે જે કંઇ હોય તે જગતના ભલા માટે વાપરવું.
શરીર, લક્ષ્મી, ભોજન વગેરે અન્યોને ઉપયોગ કરાવે તે પોતાની ફરજ છે, અને
આત્મજ્ઞાનવડે અન્યના આત્માઓને ઉપકાર કરવો છે. આત્માના ગુણોની
પુષ્ટિ થાય તેવી રીતે આત્માને બોધ કરનાર શ્રી સદ્ગુરૂ છે. ગુરૂની
કૃપાથી ખરો બોધ, સામાયિક ને ખરો પ્રભુ જપ તપ તો આત્મામાંથી
આનંદ રૂપ ખુશબો મહેંક્યા વિના રહે નહિ. આત્માનો આનંદ પ્રાપ્ત
કરવો. તેજ ખરો ધર્મ, તપ, જપ અને સંયમ છે. આંખ મીંચીને અંત-
રમાં આ બાબતનો વિચાર કરો અને સત્ય માર્ગ પર ચાલો. ૐ શાન્તિઃ ૩

× × × ×

મુ. અમદાવાદ સંવત ૧૯૬૮ અસાડ સુદ ૧૩.

તત્ર વિનેય સુશ્રાવક શા પ૦ ઉ૦ .... યોગ્ય ધર્મલાભ. વિ
સર્વયોગમાં શ્રેષ્ઠ એવા જ્ઞાન-દર્શન ચારિત્ર યોગનું આરાધન કરશો. દ્રવ્ય
સમ્યક્ત્વની પ્રાપ્તિથી તત્ત્વશ્રદ્ધાન રૂચિની અપેક્ષાએ ભાવ સમ્યક્ત્વની અસ્તિ-
તાનું અનુમાન થાય છે. વીતરાગ વચનપર તત્ત્વશ્રદ્ધાન પૂર્વક પૂર્ણ રૂચિ
ધરી એજ સમ્યક્ત્વનું મુખ્ય લક્ષણ છે. વીતરાગ તત્ત્વની શ્રદ્ધા અને
ચારિત્રની રૂચિ પોતાના આત્મામાં છે કે નહિ તેનો પોતાની મેળે અનુભવ
અનુભવ થાય છે. ભવ્ય જી! આથી દ્રવ્ય સમ્યક્ત્વરૂપ કારણની અસ્તિતાએ
ભાવ સમ્યક્ત્વરૂપ કાર્યની અસ્તિતા અવબોધવી. નિશ્ચયનયની અપેક્ષાએ
કારણ કાર્યભાવ એક સમાન કાળમાં વર્તે છે, નિશ્ચયનયની અપેક્ષાએ ઉ

શમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ સમ્યક્ત્વ અવબોધવાં. ઉપશમાદિ સમ્યક્ત્વ અરૂપી છે. તેથી તેઓને કેવલી જાણી શકે છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર માર્ગની દૃઢ ભાવથી આરાધના કરશો. ૐ શાન્તિઃ ૩.

× × × ×

મુ. અમદાવાદ સંવત ૧૯૬૮ અસાડ સુદિ ૧૩.

મું. સાણંદ તત્ર શા. .... તથા શા. .... યોગ્ય ધર્મ લાભ.

જ્હેલો વેગે ગમન કરજે મુક્તિના માર્ગમાંહી,
શ્રદ્ધા સાચી ત્વરિત બનશે પામીને શર્મ આંહી;
સદ્‌ગુણોના ઉપવનવિષે ખૂબ આરામ લેજે,
આવે જે જે નિજ સમીપમાં તેહને સત્ય દે જે. ॥ ૧ ॥
સાક્ષી થૈને સકલ નિરખી સાર લે સત્ય પ્રેમે,
ઉંડો ઉંડો અનુભવ કરી ચાલજે નિત્ય નેમે;
વાચી ગ્રન્થો મનન કરીને ચાલજે સામ્યભાવે,
આત્મા પેઠે સકલ જીવને દેખજે શુદ્ધભાવે. ॥ ૨ ॥
મુક્તિ માટે મનુ ભવ મળ્યો હાર ના તું હવેતો,
ઓ વિવેકી હૃદય દીપના તેજથી ખૂબ ચેતો;
હારે મા તું હિમત કહિએ હિમ્મતે મર્દ થાવું,
સાચું શૌર્ય પ્રકટ કરીને હિમ્મતે મોક્ષ જાવું. ॥ ૩ ॥
અજ્ઞો, બોલે પ્રતિકૂળ ઘણું લક્ષ ના રાખ તેમાં,
જ્ઞાની બોલે સુખ કર સદા લક્ષ તું રાખ એમાં;
ન્યારા પંથો સકલ જનના સર્વની વાત ન્યારી,
સાચું લાગે ગ્રહણ કર તે એમ બુદ્ધ્યબ્ધિ ભાખે. ॥ ૪ ॥

ૐ શાન્તિઃ ૩

× × × ×

છનાી જોઇએ, સાંસારિક પદાર્થોના ભોગની ઇચ્છાઓનો કંઇ અન્ત વાનો નથી, મોક્ષમાર્ગપર ચાલતાં એક બીના ધ્યાનમાં રાખવાની છે અ એ છે કે ધર્માંધતા, અન્યમતાંતરીઓ પર થતો તિરસ્કાર અને ધ પડેલા વહેમ ઇત્યાદિ અશુભ વૃત્તિઓને ભુલી જવી જોઇએ. મોક્ષ માર્ મુસાફરી કરનારાઓએ આત્માના સત્ય સિદ્ધાંત પર અટલ રહેવું જોઇ સર્વ પ્રકારના આગમો, ગ્રંથો, વેદો વગેરે જેનામાંથી નીકળ્યાં છે. નીકળે અને નીકળશે તે આત્મા છે, સર્વ જ્ઞાનનો ભંડાર એવો આત્મા દેખાતા શરીરમાં રહેલો છે તેની પ્રાપ્તિ તેજ ઉત્તમોત્તમ કાર્ય અવશ્ય જોઇએ. મોક્ષની મુસાફરી કરનારાએ જગતના કોઇ પદાર્થ પર મમત કરવું, અને પોતાની પાસે જે કંઇ હોય તે જગતના ભલા માટે વાપરવુ શરીર, લક્ષ્મી, ભોજન વડે અન્યોના સ્થૂલ શરીરોને પોષી શકાય છે, અને આત્મજ્ઞાનવડે અન્યોના આત્માઓને પોષી શકાય છે. આત્માના ગુણોની પુષ્ટિ થાય તેવી રીતે આત્માને પોષવ વડે પોષનાર શ્રી સદ્ગુરુ છે. ગુરુની કૃપાથી ખરો બોધ, સામાયિક વા ખરી પ્રભુ પૂજા થાય તો આત્મામાંથી આનંદ રૂપ ખુશબો મહેંક્યા વિના રહે નહિ. આત્માનો આનંદ પ્રાપ્ત કરવો. તેજ ખરો ધર્મ, તપ, જપ અને સંયમ છે. આંખ મીંચીને અંતરમાં આ બાબતનો વિચાર કરો અને સત્ય માર્ગ પર ચાલો. ૐ શાન્તિઃ ૩

× × × ×

મુ. અમદાવાદ સંવત ૧૯૬૮ અસાડ સુદ ૧૩.

તત્ર વિનેય સુશ્રાવક શા. પ્ર૦ ઉ૦ .... યોગ્ય ધર્મલાભ. વિ સર્વયોગમાં શ્રેષ્ઠ એવા જ્ઞાન-દર્શન ચારિત્ર યોગનું આરાધન કરશો. દ્રવ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિથી તત્ત્વશ્રદ્ધાન રૂચિની અપેક્ષાએ ભાવ સમ્યક્ત્વની અસ્તિતાનું અનુમાન થાય છે. વીતરાગ વચનપર તત્ત્વશ્રદ્ધાન પૂર્વક પૂર્ણ રુચિ થવી એજ સમ્યક્ત્વનું મુખ્ય લક્ષણ છે. વીતરાગ તત્ત્વની શ્રદ્ધા અને ચારિત્રની રૂચિ પોતાના આત્મામાં છે કે નહિ તેનો પોતાની મેળે અનુભવથી અનુભવ થાય છે. બાહ્ય જીવ આશ્રયી દ્રવ્ય સમ્યક્ત્વરૂપ કારણની અસ્તિતાએ ભાવ સમ્યક્ત્વરૂપ કાર્યની અસ્તિતા અવબોધવી. નિશ્ચયનયની અપેક્ષાએ કારણ કાર્યભાવ એક સમાન કાળમાં વર્તે છે, નિશ્ચયનયની અપેક્ષાએ રૂપ

શમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ સમ્યકત્વ અવબોધવાં. ઉપશમાદિ સમ્યકત્વ અરૂપી છે. તેથી તેઓને કેવલી જાણી શકે છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર માર્ગની દૃઢ ભાવથી આરાધના કરવી. ૐ શાન્તિઃ ૩.

× × × ×

મુ. અમદાવાદ સંવત ૧૯૬૮ અસાડ સુદિ ૧૩.

મું. સાણંદ તત્ર શા. .... તથા શા. .... યોગ્ય ધર્મ લાભ.

વ્હેલો વેગે ગમન કરજે મુક્તિના માર્ગમાંહી,
શ્રદ્ધા સાચી ત્વરિત બનશી પામીને શર્મ આંહી;
સદ્‌ગુરુઓના ઉપવનવિષે ખૂબ આરામ લેજે,
આવે જે જે નિજ સમીપમાં તેહને સત્ય દે જે. ॥ ૧ ॥
સાક્ષી થૈને સકલ નિરખી સાર લે સત્ય પ્રેમે,
ઉંડો ઉંડો અનુભવ કરી ચાલજે નિત્ય નેમે;
વાંચી ગ્રન્થો મનન કરીને ચાલજે સામ્યભાવે,
આત્મા પેઠે સકલ ઈવને દેખજે શુદ્ધભાવે. ॥ ૨ ॥
મુક્તિ માટે મનુ ભવ મળ્યો હાર ના તું હવેતો,
એ વિવેકી હૃદય દીપના તેજથી ખૂબ ચેતો;
હારે મા તું હિમત કદિએ હિમ્મતે મર્દ થાવું,
સાચું શૌર્ય પ્રકટ કરીને હિમ્મતે મોક્ષ જાવું. ॥ ૩ ॥
અહો, બોલે પ્રતિજ્ઞા ઘણું લક્ષ ના રાખ તેમાં,
જ્ઞાની બોલે સુખ કર સદા લક્ષ તું રાખ એમાં;
ન્યારા પંથો સકલ જનના સર્વની વાત ન્યારી,
સાચું સાને મદસુ ન્ને તે એમ બુદ્ધ્યબ્ધિ ભાખે. ॥ ૪ ॥

ૐ શાન્તિઃ ૩

× × ×

મુ. પાલીતાણા.

તે. નરસી કેશવજી ની ધર્મશાળા.

શ્રી સાણંદ તત્ર શ્રદ્ધાવંત સુશ્રાવક શા. .... તથા .... વગેરે યોગ્ય ધર્મ લાભ.

લિ. કર્મ બાબતો યથા યોગ્ય કર્મ ક્ષેત્ર કાલાનુસારે ધર્મની સાધના થાય છે. તીર્થના સ્થાનમાં ધ્યાનનાં આલંબનો અવલંબાય છે. આત્માનું વિશેષતઃ ધ્યાન કરી શુદ્ધ સ્વરૂપનો વિચાર કરૂં છું. જગતમાં સારમાં સાર એ કે કર્માવરણોનો નાશ થાય અને જ્ઞાનાદિ ગુણોની વ્યક્તિ થાય તેમ પ્રવૃત્તિ કરવી. મનમાં ઉઠતા રાગ દ્વેષના વિચારોને દાબવામાં આવે તો કંઇક આત્મ શાંતિનો અનુભવ થઇ શકે છે. અનેક પ્રકારની ઉપાધિ કારક ઉપાધિના સંસર્ગથી આત્માને દૂર રાખવામાં આવે તો શુદ્ધ ચારિત્ર પદનો અનુભવ આવી શકે છે. સત્ય અને અસત્યના નિશ્ચયને માટે જ્ઞાનની આવશ્યકતા છે. સદ્ગુરૂ સમાગમથી સદ્જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં આવે તો આત્મા સંબંધી શુદ્ધ સ્વરૂપને અવલોકાય. સદ્બોધિને અત્યંત દૃઢ નિશ્ચયથી વાચવા જોઇએ. વચનોને મનન કરવાં જોઇએ. અધ્યાત્મ સમ્યગ્ જોઇએ. નિમિત્ત અને ઉપાદાન હેતુનું જ્ઞાન થવું જોઇએ. સાધ્ય બિંદુ પરમાત્મ પદ છે. એમ નિશ્ચય થવો જોઇએ. પોતાના આત્માને તારવા માટે અનંત ઉત્સાહથી પ્રયત્ન કરવો. છે એવી નિશ્ચય આત્માને માટે પ્રયત્ન કરો. ૐ શાંતિઃ ૩

તા. ૧૧ જાન્યુઆરી સન ૧૯૧૦

આત્મપ્રદેશમાં ઉંડા ઉતરવાનો અધિકાર પ્રાપ્ત થશે. આલંબન વિના કંઇ થતું નથી. એમ કરી પશ્ચાત્ કેવળ પ્રયત્ન કર્યા વિના પ્રમાદમાં જીવન ગાળવું એ કંઇ તીવ્રજિજ્ઞાસાનો ભાવ નથી. આત્મા ઉપર ખરો પ્રેમ પ્રગટવો જોઇએ. સાધ્ય દૃષ્ટિ લક્ષમાં રાખી ઉપયોગ પ્રમાણે ધાર્મિક પ્રવૃત્તિ કરવી જોઇએ. પ્રતિદિન અભિનવજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. પ્રમાદીમનુષ્ય પોતાનું અગર અન્યનું શ્રેયઃ કરવા સમર્થ બનો નથી. જાગ્રત્ થાઓ. દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરો. મોક્ષ માર્ગના મુસાફર બનો. પોતાની શક્તિ પ્રગટાવ્યા વિના ઉચ્ચ થવાતું નથી. आपसमान बल नहीं. પોતાનું તત્ત્વ વિચારો. ॐ शान्तिः ३ વૈશાખ સુદિ ૩ સંવત્ ૧૯૬૭

× × × ×

સંવત્ ૧૯૬૭ના ચૈત્ર વદિ ૧૧ બાબગામ—પત્રલેખક મુ. મુંબાઇ

(" નથી મનસરમાં શાન્તિ ")

કવ્વાલિ.

જગતમાં સ્વપ્નવત્ [illegible], રહે જ્યાં નહીં [illegible],
પલકમાં સુખ પલકમાં દુઃખ, નથી મનમાં શાન્તિ. ૧

નથી પ્યારી નથી પ્યાર, કેવી કલ્પના ખોટી,
હમો તે શું ? હવે તો શું ? નથી મનસરમાં શાન્તિ. ૨

[illegible]
[illegible] નથી મનસરમાં શાન્તિ. ૩

[illegible]
[illegible] શાન્તિ. ૪

[illegible]
[illegible] શાન્તિ. ૫

[illegible]
[illegible] શાન્તિ.

હજી છતી અહો તેને, અખંડાનંદ છે આવો,
અરે ઓ ભવ્ય જ્ને પોતે, લઇ લે ધર્મનો લ્હાવો. ૧
હજી હાથે અરે બાજી, ધરીલે ધ્યાનમાં સાચું,
બુદ્ધયબ્ધિસંત સેવામાં, સદા રહેવું સદા રાચું. ૨

લિ. બુદ્ધિસાગરના ધર્મ લાભ. ધર્મ સાધન કરશો. સંતની સેવા કરવાથીજ સુખ છે. સંતની પાસે સદા કાળ રહેવા ઇચ્છવું.

× × × ×

........................શ્રી. મા. સુ. શ્રા. ય. શ્રી. યોગ્ય ધર્મલાભ. આટલી વયમાં આટલા વ્યાપારમાં જ્યારે ધર્મ સાધનનો વખત નથી મળતો તો અન્ય દશામાં તો શું કહેવું ? શુભાશુભમાનુકૂલ પ્રતિકૂલ સંયોગોમાં સર્વજીવો મૂકાય છે. તું વિચાર કરીશ તો ત્હને માલુમ પડશે કે જ્ઞાનીઓએ વૈરાગ્યદશા સ્વીકારી છે તેનું કારણ ખરેખર [illegible] જેવો આ સંસાર છે. સંસારમાં કહેને કહ [illegible] કોને કહી રહેવાનું. સર્વ વાતે સંપૂર્ણતા સંસારમાં [illegible] નથી અને થવાની નથી માટે સંસારમાં વિકલ્પસંકલ્પ કરીને નકામે આત્માનો ક્ષય કરવો યોગ્ય નથી. [illegible] મન નમાવી [illegible] ઇખ ક્યાથી અને વૈરાગ્ય પણ ક્યાંથી [illegible] એવું વીતરાગ દેવનું [illegible] વેઠીને આત્મા પધરાવું છે [illegible] અનુભવ આવશે. મહાપુરૂષોનો [illegible] સામાન્ય પ્રસંગો [illegible] કરવા વિશેષ [illegible] ઘણી મહેનત પડે છે. [illegible] તેથી દીલગીર થવું નહિ [illegible] દાનીની પાસ [illegible] અભ્યુદય ધર્મની સાધના [illegible] આવે તો યથાશક્તિ [illegible] ॐ शान्ति ३.

× × × ×

સં. ૧૯૭૦ ચૈત્ર વદિ ૯

आत्मप्रभुभक्तिप्रेमोद्गार.

શુ. પુ. શા. વી. ધર્મદાસ.

(ધીરાના પદનો રાગ.)

સમજાવ્યો હતો સાનેરે ચમકાવી હારૂં રૂપ મ્હને,
આંખોથી મ્હને ખેંચીરે લીધો જ્યોત હારી કને;
ઝગમગ જ્યોતિ ઝગાવી ત્હેં દેખાડ્યો દેદાર,
પ્રેમ ત્યારથી ત્હારી સાથે પ્રગટ્યો અપરંપાર;
સંતાયો તું અંધારેરે ઘાયલ થઇ શોધું ત્હને. સમજાવ્યો—૧

ચેન પડે ના ત્હારાવણ કંઇ, મનમારૂં અકળાય,
અમૃતને આસ્વાદ્યા પછીથી, બાકુલા કોણ ખાય;
વિરહનાં દુઃખડાં વેઠીરે, શોધું બીજું કોણ ગણે. સમજાવ્યો—૨

લાજ મર્યાદા જગની છોડી, તુજ વણ ઇષ્ટ ન કોઈ,
કથની કરણી જગતની છોડી, આંખે વાટે રહ્યો જોઇ;
બુદ્ધિસાગર વાલમરે, મળો ઝટ પ્રેમે ભણે. સમજાવ્યો—૩

ભાવાર્થ:—હે અસંખ્યપ્રદેશીપરમાત્મસ્વામિન્ !!! તેં મને ત્હારૂં મૂલસ્વરૂપ ચમકાવી દેખાડ્યું હતું અને શાને સમજાવ્યો હતો. ત્હેં ત્હારી અનંત જ્યોતિર્મયચક્ષુઓથી આકર્ષીને મ્હને તારી પાસે ખેંચી લીધો. જ્યારથી હે પરમાત્મન ! ત્હેં ઝગઝગ ઝગમગ અરૂપજ્યોતિ ઝગાવીને ત્હારો દેદાર દેખાડ્યો હતો ત્યારથી ત્હારા ઉપર અપરંપાર પ્રેમ પ્રગટ્યો છે. ત્હારૂં અરૂપજ્યોતિઃ સ્વરૂપ દર્શાવીને પાછો માયાના પડદામાં સંતાઇ ગયો ત્યારથી મ્હને ચેન પડતું નથી, અને પૂર્વે દેદાર દેખ્યા હતા તેથી પ્રગટેલા શુદ્ધપ્રેમથી ઘાયલ થઇને જ્યાં ત્યાં શોધ્યા કરૂં છું. જ્યારથી દર્શન દેઇ તું માયા આવરણમાં સંતાઈ ગયો ત્યારથી મ્હને ત્હારા વિના જરા માત્ર ચેન પડતું નથી અને મારૂં મન અત્યંત અકળાય છે. અમૃત ને સ્વાદ્યાપછી બકુલા વગેરે કુભોજન કોણ ખાય ? તેમ હવે મનમાં થયું છે. જ્યારથી ત્હારૂં રૂપ દેખ્યું ત્યારથી મ્હને

અન્ય કશું કંઇ ગમતું નથી. ત્હારા વિરહનાં દુઃખ વેઠીને હને શોધું. ત્હારા વિના અન્ય કોણ એવી સ્થિતિ થયા પછી હિસાબમાં ગણે. અર્થાત્ કોઇપણ ગણે નહિ. જ્યારથી ત્હારૂં રૂપ દેખ્યું અને અપૂર્વ પ્રેમ પ્રગટ્યો ત્યારથી મેં જગતની લાજ અને વ્યવહાર મર્યાદા ત્યજી દીધી છે. ત્હારા વિરહથી અગ્નિજ્વાલાઓ ઉઠેછે, તેની હે પ્રભુ ! ! ! હને કેમ દયા આવતી નથી. નક્કી કહુંછું કે ત્હારા વિના મને અન્ય વસ્તુ ઇષ્ટ નથી. તુંજ મ્હારો વ્હાલો છું. તું જ્ઞાની છે. અને એ બધું જાણ્યા છતાં હજી કેમ સંતા કુકડીની રમત રમેછે. મ્હને વધારે સતાવીને દુઃખી કરવામાં હને શું સારૂં લાગે છે ? હે અનન્તસુખના સ્વામી. ત્હારી સાથે તન્મયપણે મળવામાં જગતની કથની અનેક કરણીનો મેં ત્યાગ કર્યો છે. મારી ધ્યાન ચક્ષુએ હને મળવાની વાટે ત્હારી ગત દેખી રહ્યો છું. બુદ્ધિસાગર કહે છે કે જ્ઞાનના સાગર હને નમે તૃપ્તિ મળો. એમ આત્માના ગુણોથી ચેતના પ્રેમ બોલે છે. ૐ શાન્તિઃ ૩

× × × ×

મુ. પેથાપુર.

[illegible]

શ્રી યુ. શુ. રી [illegible]

તમારો પત્ર આવ્યો ત. [illegible]
થતી આત્મોન્નતિ જેથી, [illegible]

થશે ને ત્યારથી ભક્તિ [illegible]
થશે અધ્યાત્મની [illegible]

હો અધ્યાત્મ ને [illegible]
[illegible] આનન્દની પ્રાપ્તિ [illegible]

[illegible]
[illegible]

વિપાકે ભોગવે કર્મો, હૃદયમાં સાક્ષીધર થઇને;
રૂવે રાચે નહીં તેમાં, રહી અન્તરૂથકી ન્યારા. ૫

ત્યજે યાચકતણી વૃત્તિ, પ્રવૃત્તિમાં પડે ત્હોંયે;
કદાપિ લક્ષ્ય ના ચૂકે, ખરે તે ભક્ત ગણવાના. ૬

પડીને પાંજરા મધ્યે, ધરે આનન્દ કો માનવ;
બજાવે દૈવની આજ્ઞા, રહી નિર્લેપ અન્તરૂથી. ૭

અરે એવી દશા માટે, નથી અભ્યાસ જો થાતો;
નથી જો કાળજી મનમાં, કમાવાનું પછે શું છે ? ૮

જગતને ખૂબ રીઝવવા, પ્રવર્તે પાર ના આવે;
પલકનાં આંસુડાં પાળે, પછીથી તો હતો તેવો. ૯

અતઃમનમાં ખરા ભાવે, ખરૂં તે સત્ય ધારીને;
ત્યજી શયતાનની સંગત, કમાવાનું કમાઇ લો. ૧૦

નિજાત્મોત્ક્રાન્તિ કરવાને, બની પરમાર્થના યોગી;
મળી વેલા ગમાવો ના, કમાવાનું કમાઇ લો. ૧૧

પછીથી ખૂબ પસ્તાશો, નહીં ચેતો યદિ મનમાં;
વિચારો ખૂબ એકાન્તે, નિજાત્માનું કર્યું શું ? ત્હેં. ૧૨

નથી આડંબરે મુક્તિ, નથી કઇ લોકરંજનમા;
ખરી પરમાર્થની કરણી, કર્યાથી મુક્તિ થાવાની. ૧૩

ધરો અધ્યાત્મની રહેણી, વિવેકે ટેકને ઝાલી;
પ્રમાણિકતા ધરી અંગે કમાવાનું કમાઇ લો. ૧૪

કદી કર્તવ્યથી પાછા, હઠો ના ધૈર્યને ધારો;
બુદ્ધ્યબ્ધિધર્મકર્તવ્યે. પ્રવર્તો કર્મયોગી થૈ. ૧૫

ૐ શાન્તિઃ ૩

x x x x

પાદરાવાળા સુશ્રાવક વકીલ મોહનલાલ હિમચંદભાઇપર લખાયલા પત્રો.

મુ. વડોદરા—મામાનીપોળ.

પાદરા મધ્યે સુશ્રાવક વકીલ મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ.

વિશેષ—પંચમ કાળમાં દુઃખમય દશા છે, સુખશાન્તિ ઘણી દુર્લભ છે. તો પણ હીમત હારી જવી નહિ. આત્મા અને પરમાત્માનું સ્વરૂપ ભાવવું, અને આ વિનાશી શરીર અન્તે પુદ્ગલ હોવાથી જુદું જ થશે. આત્મ સ્વરૂપમાં રમવું. બાર ભાવના વગેરે આ વખતે શાન્તિનો સાક્ષાત્ અનુભવ આપે છે. આ સંસારમાં સુખ વસ્તુતઃ નથી. આટલા ભવથી જ્યારે આપણે ભયભ્રાન્ત થઇએ છીએ તો નરકતિર્યંચના દુઃખ જેમ ભોગવવાં ન પડે તેમ પ્રયત્ન કરવો એ વિવેક છે. આ જીવ મોટો થવા અને પરભવને માટે આ શરીરથી પાપ બાંધે છે, પણ તેથી આપણું કર્મ ભોગવવું તો પોતાનેજ પડશે. કોઇ પણ ભાગ લેશે નહિ. જ્ઞાની મહાત્માઓનાં વચન જ્યાં સુધી હૃદય ભેદી નાખતાં નથી અને શુદ્ધ [illegible] આપતા નથી, ત્યાં સુધી આપણે સમજ્યા કેમ જાણી શકીએ. [illegible] આશાઓ આપણને દુઃખી કરે છે, તે આ ભવમાં પ્રત્યક્ષ અનુભવ [illegible] પરભવમાં તો જ્ઞાની જાણે શું થશે? મોટા મોટા રાજાઓએ [illegible] ત્યાગ કરી આત્મિકસુખ પામવા પ્રયત્ન કર્યો તે શું [illegible] વિના એવી ધ્યાન થવું દુર્લભ છે, તો પણ [illegible] એવી આત્મા ઉપર લક્ષ આપવું, અને વિચાર કરવા [illegible] આત્માનું સ્વરૂપ કેવું છે? તે ભેદ પાડી ઓળખવું કરવું [illegible] સ્વરૂપમાં એકતા કરવી. જેથી હું કોણ છું? [illegible] છે? એવી પણ સમજણ પડે નહિ, એમ [illegible] [illegible] [illegible] કારણભૂત છે. અને [illegible] આયુષ્ય ક્ષેણઃ ક્ષેણઃ ચાલ્યું જાય છે. [illegible] નથી તો પછી સુખની આશા શી જાણવી? [illegible] તે [illegible] છે, એમ સમજવું. [illegible] કરવાનું છે. [illegible] આત્મા ઉપર લક્ષ [illegible] કેવે કરેલ, પણ [illegible] વિચાર [illegible] [illegible]

પદ્ દ્રવ્ય વિચારવામાં વખત ગુમાવશો. તો તમને ઘણોજ ફાયદો થશે. તે નોટ તમારે ત્યાં મારા પુસ્તકમાં છે. ધર્મ સાધન કરશો. **ઇતિ ૐ રૂ શાન્તિઃ**

× × × ×

મુ. વડોદરાથી—દરેક શરીરના આત્માની સમયે સમયે ગુણ આશ્રયિ હાનિ વૃદ્ધિ, ચંદ્ર સૂર્યવત્ થતી જાય છે, તે પ્રમાણે શરીરની પણ થાય છે. તે હાનિ વૃદ્ધિ આત્મ ઉપકારક કહી શકાય. પણ આપણે એકોદમ ચૌદરાજ લોકના સ્વરૂપનું ભાન હૃદયમાં ધારીએ, અને પછી વિચારીએ તો હાનિવૃદ્ધિ પુદ્‌ગલ તથા પુણ્ય પાપની થાય છે, તે શાથી બધ પડે તે કહી શકશો ? આ ભરત ક્ષેત્રમાં પણ ઉત્સર્પિણી કાળ આશ્રયિ વૃદ્ધિ હાનિ થાય છે, અને ઉદય અસ્ત થયા કરે છે. તીર્થંકર મહારાજાને પણ કહો કે ઉત્સર્પિણી કાળ બદલી અવસર્પિણી કરી શકશે ! તો પણ ઉદ્યમ સારા યા ખોટા કામમાં બળવાન્ છે. કારણ કે એકાન્ત કંઇ છે નહિં. કેટલાક જીવો ઉદ્યમમાં વળગી રહે છે. કેટલાએક કાળને એકાન્તે વળગી રહે છે. પણ સ્યાદ્વાદી, પંચે કારણને કાર્ય પ્રત્યે કારણ ગણી મધ્યસ્થના સાચવે છે. આત્માનું અસંખ્યાત પ્રદેશમાં રાજ્ય છે. તેજ આત્મ અસંખ્ય પ્રદેશરૂપ રાજનગરમાં અનંત ગુણો રહ્યા છે. કાળના જોગે કર્મ બળવાન થયું છે. તેથી આત્મામા રહેલા ગુણોનો વ્યાપાર બરોબર ચાલતો નથી. અને ગુણોને દબાવી તેને ઠેકાણે કર્મના સુબરો સત્તા ચલાવે છે. એવું જ્યારે આત્માનુ સ્વરૂપ સદ્‌ગુરૂ સંયોગે જાણ્યું, ત્યારે આત્માના ગુણરૂપી સ્વદેશી માણસોને અભિમાન થયો કે અરે અમારો વ્યાપાર કર્મરૂપ સુબરોએ-પરદેશીઓએ અટકાવ્યો છે. એમ જાણી આત્માના ગુણો કે જે વૈરાગ્ય, વિનય, સમ, સંવેગ, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ છે તેમણે ઉપયોગરૂપ ભાષણ દ્વારા સર્વ ગુણોને કહ્યું કે તમે તમારી ઋદ્ધિ ખોઇ બેઠા છો. અને નિર્માલ્ય થયા છો ' તે શુ ? તમને લાયક છે ? માટે તમે સર્વ ગુણો સંપ કરીને પોતાનો મૂળ વ્યાપાર અનાદિ કાળથી નિગોદાદિકમા દબાયો હતો, તે ઉદ્યમ કરી પ્રાપ્ત કરો, અને તમો સર્વગુણો એક ચિત્ત કરીને ઉપયોગરૂપ મોટા અધિકારીના તાબામા રહી એકદમ ચિન્તથી ઉદ્યમ કરો એમ કહેવાથી આત્માના અસંખ્ય પ્રદેશરૂપ રાજ્યનગરમા રહેલા અનંત ગુણોનો વ્યાપાર કરવા જ્ઞાન દર્શનાદિ ગુણો તત્પર થઇ સ્વ સ્વભાવમાં રમવા લાગ્યા, અને

દ્રવ્ય-લક્ષ્મી જો હોય તો તે દ્વારા ભાવ લક્ષ્મી પામી શકાય છે. એમ કહેવું તે પણ ખોટું છે, કારણ કે ભાવ લક્ષ્મીનો વ્યાપાર કરતાં અવશ્ય ધન, ધાન્યાદિ, દ્રવ્ય-લક્ષ્મીનો ત્યાગ કરવો પડે છે, અને ભાવ લક્ષ્મી ઉપર એક ચિત્ત રાખવું પડે છે. માટે બાહ્ય લક્ષ્મીના કામમાં જો ઉત્તેજન આપીએ તો સાપેક્ષ બુદ્ધિથી સ્વધર્મી ભાઇયોની પ્રત્યે પ્રશસ્ય છે. આત્મા અનાદિકાળથી બાહ્ય લક્ષ્મીની મમતાથી રઝળે છે, અને હજી પણ કોણ જાણે અહિંથી મૃત્યુ પામ્યા બાદ કેવો અવતાર આવશે ? અને ત્યાં કેવી હાલત થશે ? અને કેવા પ્રકારનું શરીર પામશે ? તે જ્ઞાની જાણે. હાલ આપણે સત્ય વસ્તુ જાણ્યા છતાં પણ તેને ગ્રહણ કરવા ઉદ્યમ નહિ કરીએ તો હવે બીજા ક્યા ભવમાં કરીશું ? વારંવાર ભાવ લક્ષ્મીના કારણભૂત મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે. વારંવાર આપણે જેમ બને તેમ પ્રવૃત્તિ કરીએ છીએ. ભર દરિયામાં મનુષ્યાકાર વહાણમાં બેઠેલો આત્મા મોહરૂપ વાયુના જોરથી અવળે રસ્તે ચઢી જશે તો તેમાં ખારવાનો શો વાંક ? હવે તન, મન અને ધન એની ઉન્નતિ કોરે મૂકી આત્મ લક્ષ્મીને શોધો. આત્મા તે થકી અલગો છે અને તે મનથકી જણાય છે. એવા આત્માની ઋદ્ધિ સંપાદન કરવા ઉત્તમ વ્યાપારી બનો. અને જો તે આત્માના ગુણોનો વ્યાપાર કરશો તો કોઇ કાળે ખૂટે ના એટલી શાશ્વત લક્ષ્મી પામશો. અને પછી આનન્દમાં રહેશો. ઇત્યલં વિસ્તરેણ.

ભાવ લક્ષ્મી આતમતણી, લૂટે છે નિત્ય કર્મ;
ઉપયોગે જોશો તમે, જાણો કર્મનો મર્મ. ૧

દ્રવ્યલક્ષ્મી વધવા થકી, શિવ સુખ કોઇ ન પાય;
ભાવ લક્ષ્મી વધવા થકી, ક્ષણમાં ઋદ્ધિ સુહાય. ૨

ભાવ લક્ષ્મી જયકાર છે, ભવજલમાંહિ નાવ;
જ્ઞાનીઓ એવું કહે, તેનો છે મુજ ભાવ. ૩

ભાવ લક્ષ્મી દર્શાવવા, કીધો એહ પ્રયાસ;
વકીલ મોહનલાલભાઇ, કરશો એહની આશ. ૪

ભાવલક્ષ્મી આતમતણી, પામે દુઃખ દૂર જાય;
સિદ્ધ બુદ્ધ થઇ આતમા, પરમાતમ પદ પાય. ૫

ૐ ३ शान्तिः

વડોદરાથી લે૦—વિ૦ કે તમારો પત્ર વાંચી સાર જાણ્યો છે. આત્માને સન્માર્ગે પ્રવર્તતાં મોહરાજાના કાટીયા વિમુખ કરે છે, પણ આત્મસ્વરૂપ ચિંતવન કરતાં કરતાં તેનો ચાર ઓછો થતો જાય છે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

આત્મસ્વરૂપ વિચારણા રે લાલા, એહિજ શિવ સુખ શર્મ;
માનાપમાને સમ હુવે રે લાલા, કેમ કરી બાંધે કર્મ રે ભવિક;
આત્મસ્વરૂપભાવિત મતિ રે લાલા, ઓળખે આત્મસ્વરૂપ;
મોહરાય કરે નાશ, તેર કાટીયા હતનાં રે લાલ, ચિદાનંદ પ્રકાશ રે ભવિક.

ઇત્યાદિકથી પણ સ્પષ્ટ સમજાય છે. વળી કહ્યું છે કેઃ—

રાગદ્વેષ કે ત્યાગ બિન, મુક્તિકો પદ નાહિં;
કોટી કોટી જપ તપ કરે, સભી અકારજ થાઇ. ॥ ૧ ॥

વળી આત્મસ્વરૂપહિતાર્થીએ નીચે મુજબ ભાવના ભાવવી તે જણાવું છું.

પરમાતમ તે આતમા, અવર ન બીજો કોઇ;
પરમાતમને ધ્યાવતા, એ પરમાતમ હોઇ. ૧

શુદ્ધ અમારૂં રૂપ છે, શોભિત સિદ્ધ સમાન;
અનંત ગુણથી યુકત છે, ચિદાનંદ ભગવાન્. ૨

શા માટે ફરતો ફરે, સિદ્ધ થવાને કાજ;
રાગદ્વેષને ત્યાગી દે, ભાઇ સુગમ ઇલાજ. ૩

રાગદ્વેષના નાશથી, પરમાતમ પ્રકાશ;
રાગદ્વેષના યોગથી, પરમાતમપદ નાશ. ૪
જો પરમાતમ પદ ચહે, તો તું રાગ નિવાર;
દેખી શુદ્ધાત્મા પ્રભુ, હૃદયે સત્ય વિચાર; ૫
લાખ વાતની બાત એક, તે હું દઉં બતાઇ;
જો પરમાતમ પદ ચહે, રાગદ્વેષ તજ ભાઇ. ૬
રાગ દ્વેષ પરિણામથી, થાય ન આત્મપ્રકાશ;
દેહાધ્યાસ ટળ્યા પછી, બ્રહ્મસ્વરૂપ વિલાસ. ૭
રાગદ્વેષ પુદ્ગલ દશા, અન્તર્ આતમખેલ;
અતિ નિર્મલ પરમાતમા, નહીં કર્મનો મેલ. ૮

વારંવાર આ નહિ મળે, મનુષ્યભવ અવતાર;
પર પુદ્‌ગલ નિજભોગથી, જાગી નમસ્કાર. ૨૩

ફરીફરી નહિ પામશો, સર્વ શાસ્ત્ર જગમાંર;
જિનવાણી અનુભવ કરી, કરો આતમ હિતકાર. ૨૪

સ્થાનક પાપ અઢારની, ત્યાગબુદ્ધિ જ્યાં હોય;
ત્યારે મોહ મહીપતિ, પોકે પોકે રોય. ૨૫

વિકથાવિકથા પરિહરો, નિંદા વિષયકષાય;
શુદ્ધસ્વભાવે આતમા, પરમાતમપદ પાય. ૨૬

અહો અહો આ આતમા, અનંત શક્તિનો સ્વામિ;
અજર અમર અવિનાશી છે, પૂર્ણાનન્દ અકામ. ૨૭

દર્શન જ્ઞાનચરણગુણવંતો, ભોક્તા આતમરાય;
નિત્યાનિત્ય અરૂપી છે, એકાનેક સદાય. ૨૮

અસ્ટપક્ષથી આતમા, સ્વરૂપ વિચારે જેહ;
શુદ્ધદશા તે જાગતી, કરે કર્મનો છેદ. ૨૯

મુંડ મુંડાવે વેશ લઇ, ધરે જ પરની આશ;
અહો અહો અભિમાનમાં, કરતો નિજનો નાશ. ૩૦

ચરણ ગ્રહી નિન્દા કરે, પરના અવગુણ ગાય;
એ પણ છે પુદ્‌ગલ દશા, તેનો સંગ નિવાર. ૩૧

ગુણ ગ્રહીએ જ્યાંથકી, ત્યાં તુ ધર ભક્તિ રાગ;
નિંદા કરતા પરતણી, ઘરમાં મૂકે આગ. ૩૨

આરોપિત પુદ્‌ગલપણું, નિજમાં છે તે દુઃખ;
પર ઉદ્વેગથી નિસ્તરો, પામી આતમ સુખ. ૩૩

ધરો ધ્યાન નિજ પ્રભુનું, ભાવના બાર વિચાર;
સત્ સગમ જગ દોહલો, કર્મ વિનાશક ધાર.

નિમિત્ત જેવાં પામતો, તેવો આતમ થાય;
ઇલી ભ્રમરી સંગ જિમ, સત્સંગમ જયકાર. ૩૫

કૃષ્ણપક્ષીયા જીવડા, પંચમ આર મઝાર;
મોહે મુંઝી વિશ્વમાં, માને સાર અસાર. ૩૬

રત્નત્રયી રમણી સદા, અનંત ગુણુ આધાર;
આત્મસ્વરૂપ વિચારતાં, અક્ષયભાવ વિચાર. ૫
ધનરમણી પરિવારને, છંડે તે ભવિ કોય;
આત્મસ્વરૂપ વિચારતો, આતમજ્ઞાની હોય. ૬
અનંત ભવભમતાં થકાં, લહ્યાં અનંતાં દુઃખ;
તે સવે ભૂલી ગયો, માની બેઠો સુખ. ૭
પણ વિપાકોદય છતે, મહારૌરવ પોકાર;
કરતો ભટકીશ પ્રાણિયા, તિહાં કોણ આધાર. ૮
ચેત ચેત અવસર મળ્યો, મનુષ્ય જન્મ અવતાર;
ક્ષણે ક્ષણે આયુ ઘટે, ધર તું તત્ત્વ વિચાર. ૯
તત્ત્વ વિચારે રમણુતા, વૈરાગે ચિત્ત લાય.
બુદ્ધિ શાશ્વત સુખ લહે, જન્મ મરણુ દુઃખ જાય. ૧૦
ભવ સન્તતિનો હેતુ છે, મોહરાય બળવાન;
તેહનો સંગ નિવારતાં, પ્રગટે નિર્મલધ્યાન. ૧૧

(તા. ૨૫-૧-૧૯૦૨)

× × × ×

વડોદરાથી લે૦ વિ૦ આત્મ સાધન યથાયોગ્ય કરતા રહેશો

મંગલમ્ (શાર્દૂલવિક્રીડિત છંદ).

લોકાલોક પ્રકાશનાર અરિહા, જ્ઞાને કરી વ્યાપતા,
ભવ્યોનાં અઘ ટાળવા ધરી દયા, સ્યાદ્વાદ વિસ્તારતા;
જીવાદિ નવ તત્ત્વ યુક્ત ત્રિપદી, સાચી શુભા શાશ્વતી,
ષડ્દ્રવ્યાદિ વિલાસથી મમમુખે, વાણી વસો ભારતી ॥ ૧ ॥

(દુહા.)

રાગદ્વેષ રહિત પ્રભુ, ઉપદેશે જીનધર્મ;
દ્વિવિધ આરાધો ભવિ, પામો શાશ્વત શર્મ. ૧

શિષ્ય ભ્રાન્તિથી સીપમાં, હોવે મૂઢ પ્રયાસ;
ચિદાનંદ નિજ રૂપમાં, મુક્તિ રમણી વાસ. ૧૬

પરોપકારી તે ખરો, ભાવદયા દાતાર;
આત્મસ્વરૂપ બતાવતો, નિઃસંગી નિર્ધાર. ૧૭

જનમનરંજન કારણે, ધર્મદેશના દેત;
મૂલ ન એક બદામનું, ચેત ચેત ભવિ ચેત. ૧૮

પુદ્ગલભોગે રાચિયો, લપટાયો તું છેક;
સ્ત્રીપુરૂષમમતા ગ્રહો, જાણે નહિં તું એક. ૧૯

અનંત કલેવર મૂકિયાં, કોઇ ન આવ્યું સાથ;
આ પણ છોડી જાવશે, કરતાં કરતાં વાત. ૨૦

છંડો મમતા તેહથી, મંડો સમતા સંગ;
ખંડો કર્મ કુટીલને, દંડો દુષ્ટ અનંગ. ૨૧

આઠમદોનો ત્યાગ કર, શુદ્ધબ્રહ્મને ધ્યાવ;
આઠ ગુણ આતમતણા, સેવંતા સુખ થાવ. ૨૨

જગમ થાવરની પરે, જેને ભાસે નિત્ય;
સમતા સંગી ' ની તે, કિમ થાવે જડચિત્ત. ૨૩

ચાર નિક્ષેપે '' ના, નિશ્ચયને વ્યવહાર;
આતમ અનુભવ જાણતો, લહેશે જ્ઞાની પાર. ૨૪

મારગ અનુસારી ક્રિયા, કરતો ધરતો ધ્યાન;
આતમ અનુભવ જાણતો, લહેશે કેવલજ્ઞાન. ૨૫

નિશ્ચયનય હૃદયે ધરી, ધરતો શુભ વ્યવહાર;
આતમ અનુભવ જાણતો, જીનશાસન જયકાર. ૨૬

નવતત્ત્વ ષડ્દ્રવ્યને, દ્રવ્ય ગુણ પર્યાય;
આતમ અનુભવ જાણતો, આતમરૂપી થાય. ૨૭

ષડ્ દ્રવ્ય ત્રિપાદને, વ્યય ધ્રૌવ્યનું જ્ઞાન;
આતમ અનુભવ જાણતો, તે લહેશે બહુમાન. ૨૮

સપ્તભંગીએ વર્હેચતો, ષડ્ દ્રવ્યોને જેહ;
આતમ અનુભવ જાણતો, શિવસુંદરી ધરે નેહ. ૨૯

દેખે તે નહિં આતમા, આતમ નહિં દેખાય;
રાગ દ્વેષ તું કયાં કરે, જડમાં શું ? મુંજાય. ૩૦
અલખ નિરંજન આતમા, વ્યાપી રહ્યો શરીર;
ખીર નીર સંબંધ જિમ, શુદ્ધ બુદ્ધ ધીરવીર. ૩૧
રોગી નહીં દ્વેષી નહીં, અયોગી શિવ નિર્માય;
અનંત સુખનો ભોગી છે, અનંતશક્તિ સુહાય. ૩૨
સિદ્ધતણા સાધર્મી છે, સત્તાએ સદ્જીવ;
રાગદ્વેષ તું શું ? કરે, મોહે મુંઝયા ક્લીબ. ૩૩
સ્વજાતિ સવિ જીવપર, જો જન પરનો વેર;
બહિરાતમ શિરોમણિ, કરનો કાલો કેર. ૩૪
બુરૂં કરતા કો નહીં, સમર્થ જગમાં થાય.
કર્મવિપાક વિચારીને, વૈરાગ્યે મનલાય. ૩૫
આત્મામાં સ્થિરતા ધરે, પરનો નહીં પ્રચાર;
ધર્મધ્યાનના તાનમાં, સમતા નિર્ધાર. ૩૬
ઋદ્ધિ સિદ્ધિ સુખ સંપતિ, આતમમાંહિ સુહાય;
સુખ શાશ્વત મુક્તિ લહે, બુદ્ધિસાગર ધ્યાય. ૩૭

એજ ધર્મ સાધન કરશો. આ પત્ર વારંવાર વાંચશો. પો૦ શુ૦ ૧૫ સુધી કારણસર અહિં રહેવાનું થશે. તે સહજ જણાવું છું. તમારા મનની લાગણી હું સારી રીતે જાણું છું. પણ ચિંતા કરશો નહિં અને દિલગીર થશો નહિં, તમારી નજર આવીશું. આજ પગાની છરી છે તેથી વધારે ઉપર કાગળ લખી શકયો છું

(પોષ શુદિ ૧)
સં. ૧૯૬૪

x x x x

ચોરાશી લ૦—વિ૦ આ સંસાર સ્વરૂપ મહાઅંધ અનુત્તર અને સંસારથી જલ પંકજવત્ ન્યારા રહે છે. તેમને કોઇ પણ પદાર્થથી સુખ પામવાની ઇચ્છા હોતી નથી. અને નીચે મુજબ ભાવના ભાવે છે.

देविंदचक्कवट्टित्तणाइं, रज्जाइं उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो, नयाइ तित्ति गओ तेहिं ॥ १ ॥

અર્થ—દેવ ચક્રવર્તિ આદિ રાજ્ય અને ઉત્તમ ભોગ અનંતવાર હે જીવ તું પામ્યો, તો પણ તે ભોગોથી હજી તને તૃપ્તિ થઇ નહિ. અને સંસારમાં વિમુખ થયો, અનેક પ્રકારના દુઃખ ભોગવે છે. તો પણ હજુ તને પુદ્ગલ ઉપરથી રાગ ઉતરતો નથી. મુનિથી [illegible] મોહું મોહું એમ બોલે છે. પરંતુ તેમાં [illegible] [illegible] પાણીની પેઠે [illegible] માનુષ્યવાન થયો છે, પણ [illegible] નથી. હે ચેતન [illegible] પુદ્ગલોને ગ્રહણ કરવાની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ચેતન [illegible] ગ્રહણ [illegible] વિચાર [illegible] હે ચેતન [illegible] પુદ્ગલ ગ્રહણ કરવા નથી? અર્થાત્ [illegible] પુદ્ગલોને તો અનંતિવાર ગ્રહણ કર્યાં છે તે જાણે છે.

संसार चक्कवालंमि सव्वेऽविय पुग्गला मए बहुसो ।
आहारिया य परिणामिया य न य तेसु तित्तोहं ॥ १ ॥

[illegible]

રક્ષણ કરે છે તે તને કેમ ઘટે ? જાણ્યા છતાં સદ્વસ્તુને ગ્રહણ કરે નહિ તેના જેવો મૂર્ખ કોણ કહેવાય ? ક્ષણમાત્ર જેમાં સુખ છે. અને અનંતકાળ જેનાથી નરક નિગોદાદિનાં દુઃખ પ્રાપ્ત થવાનાં છે, એવા સાંસારિક ભોગમાં રાચીમાચી રહેવું એ પ્રત્યક્ષ દુઃખનું કારણ છે. કહ્યું છે કે:—

ગમ્યો માગ્યો પુદ્ગલે, તેહશું ધરતો પ્રેમ;
મોહવશે થયો બાવરો, દુઃખ પામતો તેમ. ૧

દુઃખ કારણ પુદ્ગલ કહ્યું, સુખનો હેતુ ધ્યાન;
સમજ સમજ ચેતન અહો, ધરો હૃદિ અનુભવજ્ઞાન. ૨

કર્મવશે જગ પ્રાણીઆ, રાચે માચે ખાય;
હર્ષ શોક વિયોગથી, સુખી દુઃખી દેખાય. ૩

કોઈ રમાડે બાળને, કોઈક હસતા હોય,
કોઈક રડતા ફરતા, કોઈક શોધે જોય. ૪

એવ પ્રભાવ પુદ્ગલતણો, તેમાં [illegible] ન [illegible]
તારું આતમ દ્રવ્ય છે, પરમારથ ઈત્યાદિ ૫

મદિરાપાન કર્યાથકી, બુદ્ધિ ભ્રષ્ટ વિનાય
મોહમદીરાપાનથી, શુદ્ધરૂપ વિસરાય. ૬

મોહરાજવશ થઇ જતા, ભૂલ્યા આપ સ્વરૂપ
ભવ ભ્રમણ કરી અતિ ઘણા, પડ્યો હિ ભવજળ [illegible]

કાજ કરે નિર્ગુંજ્જવતનું, ભૂલી આતમ ભાન.
આતમ શાનદશા બણી, પામે પદ નિરવાણ. ૮

જે જે કામ કરે ભલી, તેમાં તારું ન કાંય.
પાપારંભ કર્યા થકાં, નિશ્ચય દુર્ગતિ હોય. ૯

મુક્તિ મારગ ભિન્ન જે, જશ અપજશ કહેવાય
તેની લાલચ પ્રાણીયો, વ્યવહારે દોરાય. ૧૦

પોતાના જશવાદથી, માને આતમ સુખ,
ધર્મ કરણી કરતો ભમે, પામે વિધવિધ દુઃખ ૧૧

ભદ્રિકપરિણામી વળી, ભાવનાભાવિત હોય,
તેનો પણ અપજશ થતો, કર્મ સમું નહિ કોય. ૧૨

કપટી લોભી માનીને, દ્વેષી મનમાં જોય;
પૂરવ પુણ્ય પસાયથી, ગાવે જશ સહુ કોય. ૧૩

એમાં કંઇ નહિ આત્મનું, પુદ્‌ગલભાવ વિચાર;
પરપુદ્‌ગલ રમવું તજી, તત્ત્વ અતત્ત્વ વિચાર. ૧૪

તત્ત્વવિચાર હૃદય ધરી, પુદ્‌ગલભાવ નિવાર;
સ્વસ્વરૂપને જાણીને, તરીશ ભવજળ પાર. ૧૫

નિંદાપુદ્‌ગલ મુખ ગ્રહી, ભમતો સબ સંસાર;
સંગત તેની જે કરે, તે પણ તેવો ધાર. ૧૬

અહો અહો આ આતમા, ક્ષણમાં પલટી જાય;
મોહે ઘેર્યો આતમા, તાતો માતો થાય. ૧૭

રાગદશા ક્ષણમાં ભજે, ક્ષણમાં દ્વેષી થાય;
રુચિ અરુચિ પુદ્‌ગલે, ભૂલ્યો આતમરાય. ૧૮

પુદ્‌ગલભાવે રુચિ જ્યાં, ત્યાંજ અરુચિ સુહાય;
રાગદશા જ્યાં પુદ્‌ગલે, દ્વેષ વર્તાં જ કહાય. ૧૯

રાગદ્વેષ પુદ્‌ગલ ગ્રહી, કર્મવશી હો જાય;
અહો અહો આતમ તને, કર્મ કલંક છવાય. ૨૦

થશો જ્ઞાની ધ્યાની તે, ધીર વીર તે જાણ;
આતમભાવ વિચારશે, ધરશે ઉજ્વર આણ. ૨૧

એજ સાર ઉપદેશનો, વારંવાર વિચાર;
ભાવના ભાવિતશુદ્ધિથી, લેશો શિવ સુખ સાર. ૨૨

એ પ્રમાણે ભાવનાથી આત્મા સ્વાનુભવમાં રમશે. અને શિવ સુખ ભજશે. એજ લી० બુદ્ધિના ધર્મલાભ. ગોત્રવશી પ્રાસિરૂપ સમ્યક્ દાના થાઓ.

× × × ×

વીજાપુરથી લે. બુદ્ધિસાગર. વિ૦ કે તમારો પત્ર પહોંચ્યો છે. અત્ર શાંતિ છે. તમોને શાન્તિ વર્તો. આજ રોજ કાલનાં આવેલાં પદ્દ્રવ્ય વિચારનાં ફરમાં સુધારીને મોકલ્યાં છે. અહિં કેટલીક સ્થિરતા છે. ધર્મ ધ્યાનમાં તત્પર રહેતા હશો. અને વારંવાર સ્વ સ્વરૂપનું ચિંતવન મનન કરતા રહેશો. ઉપાધિભૂત વિકલ્પસંકલ્પકારણીભૂત કર્મ પ્રપંચને દૂર કાઢવા અમૂલ્ય વખત કાઢવો (ગાળવો) એ સાર છે. વારંવાર મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે. સંસારી પદાર્થો જીવને મુંઝાવી સંસારમાં દોરે છે. માટે તત્વજ્ઞાના પુરૂષે તેમાંથી છૂટા થવા પ્રયત્ન જારી રાખવો.

યાદ રાખવું કે મોહ માયા એ અત્યંત જોરાવર છે. તેથી દૂર રહી આત્મસ્વરૂપનું ચિંતવન મનન વિશેષ ઉપકારી છે. જ્યાં સુધી કર્મનો સંબંધ આત્મા સાથે છે, ત્યાં સુધી અનેક પ્રકારનાં શરીર ધારણ કરી દુઃખો ભોગવવાં પડેછે. માટે એ કર્મ પ્રપંચનો જેમ નાશ થાય તેમ ઉદ્યોગી થવું એ મોક્ષાભિલાષીઓને છાજે છે. વિષયોને વિષ સરખા પૌદ્ગલિક જાણી તેનાથી દૂર રહેવું, આત્માની વસ્તુ સાથે રાગ કરવો, પણ પુદ્ગલદ્રવ્યમાં રાગ કરશો તે કર્મ પ્રપંચને વશ પડશો. મોક્ષનો ને સંસારનો માર્ગ ભિન્ન ભિન્ન જ્ઞાનીયોએ બતાવ્યો છે. તેમ છતાં મોક્ષમાર્ગ જાણી ન ચાલીએ તો તેમાં જ્ઞાનીઓ શું કરે ? રાગદ્વેષનો ત્યાગ કરવા પ્રયત્ન કરો. એ સદ્ગુરૂઓનું ભૂષણ છે. બાકી તે સંસારની અધાધુધમા [illegible] તો [illegible] મન ધ્ય કરે છે. તે નજરે દીઠામા આવેછે. એકાન્તસ્થળમા [illegible] બેસીને [illegible] ભાવનાઓને ભાવી પછી વિવેકદષ્ટિથી જોશો તો તમને અનહદ [illegible] રંગ પ્રગટશે એ અનુભવ કરશો ત્યારે સમજાશે. [illegible] વારંવાર વૈરાગ્યરંગનું કારણીભૂત સંસારસ્વરૂપ વિચારવો [illegible] પ્રતિદિન આત્મગુણો ઉજ્જવલ થશે. તીવ્રકર્મનો નાશ કરવા [illegible] હાથમાછે. અને કર્મ વધારવાં તેપણ પોતાના હાથમા [illegible] વધારે રાગ થાય તે વસ્તુનું મૂળ સ્વરૂપ વિચારતા વૈરાગ્ય [illegible] સંસારમા જેટલા અજ્ઞાનીને રાગના કારણ છે. તેટલા [illegible] કારણ છે. એકાન્તસ્થળે રહી વૈરાગ્ય વધારવો, અને [illegible] આપ સ્વભાવમાં રહેવા પ્રયત્ન કરશો. નહિં તો પછી [illegible] પાણીની પેઠે સંબંધ પૂરો થશે તો મનની વાત મનમા [illegible] કર્મ છોડવાનું કારણ મનુષ્યજન્મ વારંવાર પામવો દુર્લભ [illegible] શું ? છે તેનો વિચાર કરવો, અને વૈરાગ્યરંગ વધારવ

સુખ પામી શકીએ. ઉદ્યમ આગળ છે, ફરી ને નહી. વિશેષ શું ? જેમ અને તેમ આત્માનું કલ્યાણ કરવું એજ સાર છે.

*　　*　　*　　*

[illegible] ... [illegible] કરતા હતા. જેમ અને તેમ [illegible] કરવું તે [illegible] છે. [illegible] કરવું તે [illegible] છે.

(દુહા)

[illegible]
[illegible] ૧
[illegible]
[illegible] ૨
[illegible]
[illegible] ૩
[illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫
[illegible]
[illegible]
[illegible]
[illegible] ૬
[illegible]
[illegible] ૭
[illegible]
[illegible] ૮

[illegible] પણ [illegible] છે, [illegible] અનુભવ [illegible] છે, [illegible] પણ [illegible] અને [illegible] પણ [illegible] હોય છે. [illegible] નહી.

[illegible]

[illegible] ૧૩

અર્થ—પરમાત્માના [illegible] અને [illegible] પણ [illegible] અને [illegible] પરમાત્મા [illegible] છે, [illegible] નહિ [illegible] પુદ્ગલને [illegible] છે, પણ [illegible] છે, [illegible] હોય [illegible] કારણ કે [illegible] પુદ્ગલના [illegible] છે. માટે તેના [illegible] માનવા તે ભ્રમ છે.

પરમાત્મથી ભિન્ન ભિન્ન, જો માનો તે જીવ;
અભિન્નરૂપ પરમાત્મા, નહિ તે થાય સદૈવ. ૧૪

અર્થઃ—જો પરમાત્મથી જગતના જીવો ભિન્ન ભિન્ન માનશો તો તે કોઇપણ કાળે પરમાત્મસ્વરૂપ થશે નહિ. કારણ કે જે વસ્તુ ભિન્ન ભિન્ન હોય છે, તે ભિન્નરૂપેજ રહે છે. જેમ સિદ્ધાત્મા અને પુદ્ગલ દ્રવ્ય એ બે ભિન્ન છે તો કોઇ કાળે એક સ્વરૂપ (અભિન્નરૂપ) થવાના નહિ. તેમ એ જીવો કોઇપણ કાળે પરમાત્મા સ્વરૂપ થવાના નહિ.

અભિન્ન પરમાતમ થકી, જગત જીવ કહો આપ;
અલ્પ જીવની ભિન્નતા, પ્રગટી કયાં દેખાય. ૧૫

દશાપુરાથી લે૦—વિ. અત્ર શાતા છે. ગામમાં શાંતિ છે. અમદાવાદથી રતનચંદભાઇના ભાઈ મણિલાલના કાગળ મધ્યે પત્ર આવ્યો છે. રતનચંદભાઇ હોય તો તેમને ધર્મલાભ કહેશો. આત્મસાધન કરશો. દુષમકાળમાં આત્મસ્વભાવમાં રમવું અતિદુષ્કર છે. ચારે તરફથી જીંદગી ઉપર હુમલા થાય છે. જીવ મરણથી બીહે છે, પરન્તુ ઇષ્ટકર્ત્તવ્યને દૃઢશક્તિથી વળગી રહેતો નથી, જ્યાં જ્યાં આત્મસુખની ભ્રાન્તિએ દોડે છે, ત્યાં ત્યાં કર્મની વિચિત્રતા આત્મસુખ પામવા દેતી નથી. વિષયકષાયપ્રમાદાદિ દોષો સ્વસત્તાએ જીવને ચાર ગતિમાં ફેરવે છે પણ તેની સામે થવાતું નથી. દરેક સંસારિકકાર્યમાં જીવ સુખની ભ્રાન્તિથી દોડે છે. પણ મૃગ જેમ ઝાંઝવાં દેખી દોડી ખેદયુક્ત થાય છે, તેમ જીવને પણ સ્વસ્થતા થતી નથી. રામ, પાંડવ, કૌરવ વગેરે લાખો મનુષ્યોએ આ દેખાતા શરીરનો ઝટવારમાં ત્યાગ કર્યો છે. પારકી વસ્તુ જડપુદ્ગલ આત્માનું શું હિત કરી શકશે ? કદી હિત કરનાર નથી. જેટલું થવાતું હશે તેટલું આ મનુષ્યભવમાં થશે. મનુષ્યશરીર પાછું નહિ મળે. વારંવાર આ વાક્ય યાદ કરો કે દેખાતી વસ્તુ પારકી છે. આયુષ્યની માલુમ નથી, થોડો કાળ રહ્યો છે, આશા ઉલટી વૃદ્ધિ પામે છે, આયુષ્ય ઓછું થાય છે, ઘડપણ સામું આવે છે, ત્રણ શત્રુ સામે ગાજે છે. પરભવમાં શું ? થશે તે તો જ્ઞાની જાણે, બહોત ગઇ અને થોડી રહી છે. એવા સમયમાં જે કરવાનું હોય તે શીઘ્ર કરવું. એમ વીતરાગ ભગવંત ઘણી દયા કરીને કહે છે. થાઓ તૈયાર, ઉપયોગરૂપ કવચ ધારણ કરો, ધ્યાનખડ્ગ ધારણ કરો, હીમત રાખો, અને આપસ્વભાવમાં રમણતા કરો કે જેથી અનન્તસંસાર રખડવાનું મટે. દ્વારકાનો દાહ શું ભવ્યજીવોને શીખામણ નથી આપતો ? જેની સાથે વાતો કરતા, હરતા, ફરતા, તે દેખતા દેખતા પરભવમા ચાલ્યા ગયા તો આ ખોળીયાને આ જીવ કયા સુધી ધારણ કરશે તે વિચારવા જેવું છે ધર્મમા તત્પર થવું તેજ સાર છે. (સ. ૧૯૫૮ આશ્વિન સંભવે છે.)

× × × ×

માણસાથી લી૦—વિ. કે તમારો પત્ર પહોંચ્યો. વાચીને બીના જાણી છે. ભાઇ સકરચંદનું શરીર નરમ છે તે જાણ્યુ. છે. ધર્મસાધન કરતા સા

શાન્તિ ન હોય પણ અન્તર્ ભાવશાન્તિ વર્તતી હોય છે. દ્રવ્યશાન્તિ હોય પણ ભાવશાન્તિ ન હોય. એકને ભાવશાન્તિ હોય છે. સિદ્ધને પણ દ્રવ્યશાન્તિ સિદ્ધમાં નથી. દ્રવ્યશાન્તિ હોય ત્યાં ભાવશાન્તિ લાભે. દ્રવ્યશાન્તિ સાદિસાંત અનન્તમે ભાંગે છે. તેમ દ્રવ્યશાન્તિ આદિ સાન્ત છે. ભાવશાન્તિ-સિદ્ધના જીવોની અપેક્ષાએ પ્રવાહ આશ્રયિ અનાદિઅનન્તમે ભાંગે છે. સાદિ અનન્તમે ભાંગે પણ છે. હવે આત્મન્ તમે વિચારો કે, તમારે હાલ દ્રવ્યશાન્તિ છે કે ભાવશાન્તિ ? જો દ્રવ્યશાન્તિ છે તો તે દ્રવ્યશાન્તિથી ભાવશાન્તિનાં કારણો સધાય છે કે નહિ ? જો દ્રવ્યશાન્તિથી ભાવશાન્તિનાં કારણો સધાતાં ન હોય તો તે દ્રવ્યશાન્તિ શા ખપની ?-વળી વિચારો કે દ્રવ્યશાન્તિ પણ શાશ્વતી નથી, પરપુદ્ગલથી થયેલી છે. તે ક્યાં સુધી રહેવાની ? દ્રવ્યશાન્તિ પણ બે પ્રકારની છે ૧ સાર્થકદ્રવ્યશાન્તિ, ૨ નિરર્થક-દ્રવ્યશાન્તિ. દ્રવ્યશાન્તિ પામીને જે આત્માઓ પોતાની ભાવશાન્તિ માટે પ્રવૃત્તિ કરે છે, તેની દ્રવ્યશાન્તિ સાર્થક છે. અને જે દ્રવ્યશાન્તિ પામીને એશઆરામ, ખાવું, પીવું, અદેખાઇ, મમતા, મોહ, આરંભ વગેરે કરે છે, તેની દ્રવ્યશાન્તિ નિરર્થક છે. કારણ કે દ્રવ્યશાન્તિથી જે આત્મહિત કરવાનું હતું તે થયું નહિ અને અન્તે દુર્ગતિમાં જવાનું થાય તે કોઇ કામની નથી. વળી દ્રવ્યશાન્તિ બે પ્રકારની છે. ઇત્વર્ દ્રવ્યશાન્તિ—અને યાવદ્ દ્રવ્યશાન્તિ. થોડા કાળ રહે તે ઇત્વર્ દ્રવ્યશાન્તિ, અને જાવજ્જીવ સુધી રહે તે યાવદ્ દ્રવ્યશાન્તિ. તીર્થંકર વગેરેને મરણપર્યન્ત હોય છે.

વળી દ્રવ્યશાન્તિ બે પ્રકારની છે. **भवहेतुक** દ્રવ્યશાન્તિ, મુક્તિહેતુક દ્રવ્યશાન્તિ. ભવ્યોને તો મુક્તિહેતુક દ્રવ્યશાન્તિ પ્રાપ્ત કરવા યોગ્ય છે. દ્રવ્યશાન્તિ કારણ છે ને ભાવશાન્તિકાર્ય છે. દ્રવ્યશાન્તિ ઉપાય છે ને ભાવશાન્તિ ઉપેય છે. દ્રવ્યશાન્તિ પુણ્યાનુયોગે પ્રાપ્ત થાય છે ને દ્રવ્યશાન્તિ ભોગવતાં છતા પણ જે આત્માઓ દ્રવ્યશાન્તિને નકામી ગુમાવી દે છે, તેઓ પામ્યા પણ નહિ પામ્યા જાણવા. તેમને દ્રવ્યશાન્તિ દુઃખકારિકા ભાવીકાળમાં જાણવી. એ દ્રવ્યશાન્તિ જે પુરૂષોમાં નથી તેઓ પણ ભાવશાન્તિ મેળવે છે. તેવા સંસારત્યાગી પરિસહસન્મુખ થયેલા ગજસુકુમાલ, દંઢણઋષિ મેતાર્યમુનિ, વગેરે યોદ્ધાઓ સંસારરણમાં કર્મરાજાની સાથે લઢી મુક્તિ પ્રાપ્ત કરનારા જાણવા. દ્રવ્યશાન્તિ ના હોય તેને ભાવશાન્તિ ના હોય, એવા દુઃખી મિથ્યાત્વી, નિષ્પુણ્યીયા જીવો જાણવા કે જેઓને સદ્ધર્મભાવ-શાન્તિરૂપ પ્રાપ્ત થઇ શકે નહિ. એ પ્રકારે શાન્તિસ્વરૂપ જો જાણવા ઇચ્છા

શાન્તિ ન હોય પણ અન્તર્ ભાવશાન્તિ વર્તતી હોય છે. દ્રવ્યશાન્તિ હોય પણ ભાવશાન્તિ ન હોય. એકને ભાવશાન્તિ હોય છે. સિદ્ધને પણ દ્રવ્યશાન્તિ સિદ્ધમાં નથી. દ્રવ્યશાન્તિ હોય ત્યાં ભાવશાન્તિ લાભે. દ્રવ્યશાન્તિ સાદિસાંત અનન્તમે ભાંગે છે. તેમ દ્રવ્યશાન્તિ આદિ સાન્ત છે. ભાવશાન્તિ-સિદ્ધના જીવોની અપેક્ષાએ પ્રવાહ આશ્રયિ અનાદિઅનન્તમેં ભાંગે છે. સાદિ અનન્તમેં ભાંગે પણ છે. હવે આત્મન્ તમે વિચારો કે, તમારે હાલ દ્રવ્યશાન્તિ છે કે ભાવશાન્તિ ? જો દ્રવ્યશાન્તિ છે તો તે દ્રવ્યશાન્તિથી ભાવશાન્તિનાં કારણો સધાય છે કે નહિ ? જો દ્રવ્યશાન્તિથી ભાવશાન્તિનાં કારણો સધાતાં ન હોય તો તે દ્રવ્યશાન્તિ શા ખપની ?-વળી વિચારો કે દ્રવ્યશાન્તિ પણ શાશ્વની નથી, પરપુદ્ગલથી થયેલી છે. તે ક્યાં સુધી રહે-વાની ? દ્રવ્યશાન્તિ પણ બે પ્રકારની છે ૧ સાર્થકદ્રવ્યશાન્તિ, ૨ નિરર્થક-દ્રવ્યશાન્તિ. દ્રવ્યશાન્તિ પામીને જે આત્માઓ પોતાની ભાવશાન્તિ માટે પ્રવૃત્તિ કરે છે, તેની દ્રવ્યશાન્તિ સાર્થક છે. અને જે દ્રવ્યશાન્તિ પામીને એશઆરામ, ખાવું, પીવું, અદેખાઇ, મમતા, મોહ, આરંભ વગેરે કરે છે, તેની દ્રવ્યશાન્તિ નિરર્થક છે. કારણ કે દ્રવ્યશાન્તિથી જે આત્મહિત કરવાનું હતું તે થયું નહિ અને અન્તે દુર્ગતિમાં જવાનું થાય તે કોઇ કામની નથી. વળી દ્રવ્યશાન્તિ બે પ્રકારની છે. ઇત્વર્ દ્રવ્યશાન્તિ—અને યાવદ્ દ્રવ્યશાન્તિ. થોડા કાળ રહે તે ઇત્વર્ દ્રવ્યશાન્તિ, અને જાવજીવ સુધી રહે તે યાવદ્ દ્રવ્યશાન્તિ. તીર્થંકર વગેરેને મરણપર્યન્ત હોય છે.

વળી દ્રવ્યશાન્તિ બે પ્રકારની છે. **भवहेतुक** દ્રવ્યશાન્તિ, મુક્તિહેતુક દ્રવ્યશાન્તિ. ભવ્યોને તો મુક્તિહેતુક દ્રવ્યશાન્તિ પ્રાપ્ત કરવા યોગ્ય છે. દ્રવ્યશાન્તિ કારણ છે ને ભાવશાન્તિકાર્ય છે. દ્રવ્યશાન્તિ ઉપાય છે ને ભાવશાન્તિ ઉપેય છે. દ્રવ્યશાન્તિ પુણ્યાનુયોગે પ્રાપ્ત થાય છે ને દ્રવ્યશાન્તિ ભોગવતા છતા પણ જે આત્માઓ દ્રવ્યશાન્તિને નકામી ગુમાવી દે છે, તેઓ પામ્યા પણ નહિ પામ્યા જાણવા. તેમને દ્રવ્યશાન્તિ દુઃખકારિકા ભાવીકાળમા જાણવી. એ દ્રવ્યશાન્તિ જે પુરૂષોમા નથી તેઓ પણ ભાવશાન્તિ ભેગવે છે. તેવા સંસારત્યાગી પરિસહસન્મુખ થયેલા ગજસુકુમાલ, દંઢણઋષિ મેતાર્યમુનિ, વગેરે યોદ્ધાઓ સંસારગઝમા કર્મરાજાની સાથે લડી મુક્તિ પ્રાપ્ત કરનારા જાણવા. દ્રવ્યશાન્તિ ના હોય તેને ભાવશાન્તિ ના હોય, એવા દુઃખી મિથ્યાત્વી, નિંપુણ્યાપ. [illegible] જેઓને સદ્ધર્મબલ-શાન્તિરૂપ પ્રાપ્ત થઇ શકે નહિ. એ પ્રકારે શાન્તિસ્વરૂપ જે આત્મા [illegible]

શ્રી સાણંદે આવીને, પાર્શ્વ પ્રભુ પસાય;
બુદ્ધિ શાશ્વતપદ લહી, અજરામર કહેવાય. ૨૭

સં. ૧૯૫૮ ચૈત્ર સુદિ ૧૦ સાણંદ.

× × × ×

મ્હેસાણાથી લે૦—વિ૦ અત્રક્ષેત્રમાં શરીરધારી આ આત્માએ પ્રવેશ કર્યા પછી કેટલીક મોહરાજાના તરફથી અડચણો થતાં સમભાવે ઉપદ્રવો સહ્યા. જે ક્ષેત્રમાં જેટલી બીના બનવાની હોય છે. તેટલી બને છે પણ અન્તે સત્યનો જય પ્રકાશે છે. आत्मभावरमणता એજ આવતાં કર્મને રોકે છે. અને આત્માને લાગેલાં કર્મનો નાશ કરે છે. આત્મભાવ રમણતા એજ સંવર તત્ત્વ, આત્મામાં પ્રકાશ થતાં કર્મ કલંક ટળી જાય છે. એ કર્મકલંક બાહિર્ભાવે રમતાં વૃદ્ધિ પામે છે. બાહિર્ભાવ બહિરાત્મપણાથી ઉત્પન્ન થાય છે, એ બહિરાત્મરૂપ વાદળું આત્માને ઘેરે છે, અને આત્મની અનંતશક્તિનું આચ્છાદન કરે છે. એક જીવને એ ઘેરે છે એમ નહિ, પણ અનેક જીવને. बाहिरात्मपणानो महिमा એ બહિરાત્મભાવ, જેનાથી ગયો તેને ધન્ય છે તે તર્યા, અને બીજાઓને તારશે. બીજાઓથી શું થવાનું? બહિરાત્મપણું થતા કર્મની વર્ગણાઓને આત્મા ગ્રહણ કરી ભારે થાય છે. જ્યારે પરભાવમાં આત્મા રમે છે. ત્યારે હું પુરૂષ છું, સ્ત્રી છું, બાળ છું, વૃદ્ધ છું, ધર્મી છું, અધર્મી છું, તેની પણ ખબર પડતી નથી.

बहिरात्मभावे रमणता, करतां कर्म ग्रहाय;
संकल्पविकल्पश्रेणियो, मनमांहे बहु थाय. १
रागद्वेष अहं दशा, परभावे प्रगटाय;
अंतरात्मभावे ए सहु, क्षणमां विणसी जाय. २
वैर विरोध वधे घणा, वध बंधननुं दुःख;
परभावे ए सहु हुवे, आत्मस्वभावे सुख. ३

परभाव दारु पी करी, भूल्यो आतम भान,
काल पुरुष के युद्ध मुं, भूल्यो तेनो मान. ४
परभाव मदिरा पेनमां, आत्मस्वरूप विनाश;
चतुर्गतिमां भटकतो, धर्यो परनो दास. ५
परपुद्गलना दास थई, दुःख घणां भवि पाय;
परभाव मदिरा नाखतां, शुद्ध शुद्धन थाय. ६

આત્મા આત્મભાવે રમતો છતો, પરભાવે આવેલાં સઘળાં કર્મોનાં ઝીણાં કર્મોનો પણ નાશ કરે છે, માટેજ કહ્યું છે કે **ज्ञानी आत्माराम, करे कर्मनो नाश.** જ્ઞાની તો તેજ કહેવાય કે જે અંતરાત્મદશા પામવાનો ઉદ્યમ કરે છે. અને બીજા પામે તેવો ઉદ્યમ કરાવે છે. એ અંતરાત્મપણું જો કે સદાકાળ રહેતું નથી, તો પણ આત્મોપયોગે આત્મામાં વર્તતાં અંતરાત્મપણું ઉદ્ભવે છે. અને પાછું પરભાવે રમતાં અંતરાત્મપણાનો નાશ કરે છે, અને બહિરાત્મપણું ઉત્પન્ન થાય છે. એમ બહિરાત્મપણું અને અંતરાત્મપણું એક પછી એક એમ આખા દિવસમાં થયા કરે છે. બહિરાત્મભાવે હું રમું છું એવું પણ જે પુરુષો જાણે છે, અને પશ્ચાત્તાપ કરે છે તેને ધન્ય છે, બાકી બહિર્ ને અન્તર્ એ બે બેમાંથી હું કયા બેમાં છું, એવી પણ જેને માલુમ નથી તે જીવોને કેટલો સંસાર ભટકવું પડશે તે વિચારવાનું છે. ચેતન કોઈ વખત **अहं** અને **मम** એ બે શબ્દના અર્થમાં રહે છે, પણ તેને **नाहं न मम.** એ બે શબ્દો પાછા આત્માને ઉપયોગમાં લાવી **नाहं ममभी** પરાધિનતા પ્રાપ્ત કરવા દેતા નથી. જાણવા છતાં પણ જે સંસાર રઝળવા કારણો સેવાય તો તેમાં પોતાનો દોષ સમજવો. બાકી પુણ્યયોગે કરી જીવ સદ્હેતુઓ પ્રાપ્ત કરી શકે છે. જીવ જાણે છે કે હું મુક્તિ મેળવું, કર્મનો નાશ કરું પણ એકલી ઇચ્છા માત્રથી શું થવાનું? પુરુષાર્થનો આશ્રય કરીએ તો ઇચ્છિત ફળ પામી શકીએ.

વીતરાગના વચનો વીતરાગભાવ પ્રાપ્ત કરવા માટે છે. માટે હે ચેતન! તું જો સંસાર અસાર જાણતો હોય, તો હવે કર્મનો નાશ કરવા ઉદ્યમ કર!!! આત્મભાવ સામું કર!!! વીતરાગની આજ્ઞા વ્યવહારનિશ્ચયરૂપ ધારણ કર!!! વીતરાગવચન વિરૂદ્ધ શ્રદ્ધા ન કરીશ નહિ. વીતરાગવચન વિરૂદ્ધ કથન પણ કરીશ નહિ. વીતરાગમાર્ગ સત્ય છે, જે જે બન્યા તર્યા છે, તરે છે ને તરશે

તે તે સર્વ વીતરાગના વચનથી વીતરાગ માર્ગ અવલંબીને તર્યા છે, તરે છે ને તરશે એમ જાણવું. વીતરાગ એ શબ્દનો અર્થ ચિંતવતાં આત્મા અક્ષર પણ થાય છે અને અનક્ષર પણ થાય છે. એ આત્મા અસંખ્યાત પ્રદેશી નિર્મલ છે, પણ આત્માના એકેક પ્રદેશને અનન્તી કર્મની વર્ગણાઓ લાગી છે તેથી આત્મજ્ઞાન આચ્છાદન થઇ ગયું છે. તે આત્મજ્ઞાન આત્મભાવ રમણતાવડે શુદ્ધ પ્રકાશે છે. શરીરમાં રહેલા છે તો પણ શરીર થકી ન્યારો આત્મા છે. એ આત્મા પરમાત્મપદ પામે એજ આત્માની આકાંક્ષા સફળ થાઓ. શરીરની હાનિ થાય છે, તોપણ પરમાત્મની હાનિ કે વૃદ્ધિ થાય છે, તે આત્મા જાણી શકે છે. શરીર વધ્યે આત્માનું શું વધ્યું? ને શરીર ઘટ્યે આત્માનું શું ઘટ્યું? શરીર ક્યાં સુધી રહેશે? આત્મા ક્યાં સુધી અશુભ પ્રવૃત્તિઓ કરશે? તેની સમજણ, આત્મા જાણે છે. આત્માએ સંસાર પાર પામવા માટે કેવા કેવા પ્રયત્નો કરવા જોઇએ? અને કેવી કેવી ભાવનાઓ ભાવવી જોઇએ? એ સૌ આત્મા જાણે છે, એજ.

વિ૦ અહિં શરીર સારૂં રહેતું નથી. છાતીના દરદનો હુમલો પાછો હતો તેવોને તેવો ઉત્પન્ન થયો છે. પણ સ્થિર ભાવે સહન કરવું એજ સાર છે. ચોમાસું ક્યાં કરવું તે હજી નક્કી નથી. ભાવી ભાવ બને તે ખરૂં. તા. ૧૩-૫-૧૯૦૭.

× × × ×

મ્હેસાણાથી લે૦—વિ૦ આત્મા કે જે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી વિગેરે ચાર ગતિમાં અનાદિકાળથી ભટકતો ભટકતો હાલ મનુષ્ય ગતિમાં આવ્યો છે. શરીર અનંત ધારણ કર્યાં પણ જીવતો તેનો તેજ. એક જીવે અનંત શરીર ધારણ કર્યાં તેમ અનંત જીવે અનંત શરીર ધારણ કર્યાં. કેટલાક જીવ મુક્તિ ગયા, પણ આ આત્મા તો હજી ચાર ગતિમાં ભટકે છે, હવે મનુષ્ય શરીર ધારણ કર્યું છે. તેવા જો આત્મા સ્વવીર્ય ફોરવે તો, મુક્તિ પદ મુશ્કેલ નથી. આ આત્મા અનંત શક્તિનો ધણી છે. છતાં હાલ કર્મના યોગે રાંક જેવો થઇ ગયો છે. અનંત શક્તિવાળો આત્મા આ શરીરથી કેવી ચેષ્ટાઓ કરે છે. ક્ષણમાં કેવા ઉપયોગમાં વર્તે છે, અને ક્ષણમાં વિચિત્ર બની જાય છે. ક્ષણમાં રૂવે છે, ક્ષણમાં હસે છે. પુદ્ગલ સંગી

આત્માની જેમ મુક્તિ થાય તેમ પ્રયત્ન કરવો. વખત ચાલ્યો જાય છે. પ્રમાદ વખતો જાય છે, પણ ચેતન સમજતો નથી કે હજી ત્યારે ક્યાં સુધી આ શરીરમાં રહેવાનું છે ? જોતાજોતામાં આયુષ્ય પૂરી જશે. આત્મા અંતે પશ્ચાત્તાપ કરશે. વારંવાર આવી ધર્મસામગ્રી પામવી મુશ્કેલ છે. આ મનુષ્ય શરીર છોડ્યા પછી કેવું શરીર પ્રાપ્ત થશે, તે મનમાં જાણે. ખરા પરિણામથી વિચારવામાં આવે તો ખરી આ સંસાર એક સ્મશાન કરી પણ ભુંડો દેખાશે. આ સંસારમાં સુખી થયો નથી ને થવાનો નથી. આ સંસાર જેણે ત્યાગ કર્યો છે અને જે મહાત્માઓ આત્મસ્વરૂપમાં તલ્લીન થયા છે, તેઓ સંસારનો પાર પામશે. શરીર મારું નથી. ઇંદ્રિય, મન, લેશ્યા મારું નથી. શરીરથી હું ન્યારો છું. મારો સ્વભાવ જડ કરતાં ન્યારો છે. હું ચેતન છું, અરૂપી છું, શાશ્વત છું, અસંગી છું, નિર્મલ છું, સ્વસ્વરૂપ ભોગી છું, પરભાવ ત્યાગી છું, હું શરીરને વ્યાપી રહેલો છું, મારે ને શરીરને વસ્તુતઃ સંબંધ નથી. શરીર મારી વસ્તુ નથી તો પછી સ્ત્રી, પુત્ર, ધન, ઘર, હાટ, મારાં શી રીતે હોઇ શકે ? દ્રવ્યનિશ્ચયથી આત્મા તું હવે વિચાર કે ત્યારે શું કર્તવ્ય છે, શું ત્યાગ કરવા યોગ્ય છે, આત્માના ગુણપર્યાયનું આત્મા ચિંતવન કરે તો આત્મા પરમાત્મપદ પામી શકે. જીનેન્દ્રની વાણીરૂપ અમૃત જે ભવ્યો પીવે છે તે અજરામરપદ પામે તેમાં શી નવાઇ ? જે ભવ્યો સમ્યગ્ભાવથી આત્મભાવે રમશે, તે શિવસુખ પામશે. તમો પણ તે પદ પામો એજ આકાંક્ષા. શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ
(તા. ૫-૭-૧૯૦૩)

× × × ×

મ્હેસાણાથી લે૦—વિ૦ કર્મરાજાના સુભટો અનાદિકાળથી આત્માને પીડે છે. એક આત્માને પીડે છે એમ નહિ પણ અનેક આત્માને પીડે છે, એ કર્મની પ્રકૃતિયોનો એવો સ્વભાવ છે કે પોતાનો જે જે સ્વભાવ છે, તે પ્રકૃતિયો બજાવ્યા કરે છે. એ પ્રકૃતિયો જડરૂપ છે, પુદ્ગલ રૂપ છે, એના કરના આત્માની શક્તિ અનંતી છે. આત્મા સ્વવીર્ય ફોરવે તો કર્મનો નાશ કરી શકે, પોતાનો આત્મા ક્યા સ્વભાવમાં વર્તે છે તે પોતાને માલુમ પડે છે. હું સમભાવમાં રમું છું કે પરભાવમાં ? એમાં પણ પરના ચેતન જો

પામ્યા છે, અને પામશે. અને તમે અમે શુદ્ધબુદ્ધિથી પામીએ એમ ઇચ્છીએ છે. એજ (તા. ૪-૭-૩)

× × × ×

માણસાથી લે૦—વિ૦ તમારો પત્ર પહોંચ્યો છે. વાંચી બીના જાણી છે. ગીતાનું પુસ્તક મોકલ્યું તે શેઠ હાથીભાઇ મુલચંદભાઇને આપ્યું છે. વિ. વકીલ કલ્યાણભાઇ ઉપર કાગળ લખવાનું વકીલજી હીરાચંદભાઇનો પત્ર આવ્યો તેજ છે. ઉપાધિ થાય તેમાં પેસવું નહિ; હું પણ જાણનો હતો પણ કાગળ તેમણે કહ્યું હતું તેથી લખ્યો છે. આત્મહિત ચિંતવવું તેજ સાર છે. આત્મા ઉપયોગે વર્તે તો ઉપાધિ લાગતી નથી, પણ અનુપયોગે નથી આત્મા જાણીને પણ પરમાં પ્રવેશ કરે છે. અનાદિકાળની ટેવ ટાળી આત્મા સામ્યભાવે રમે તો શિવસુખ દૂર નથી. ધર્મકાર્ય લખશો. દિવસોનો પ્રવાહ ગંગાના પુરની પેઠે ચાલ્યો જાય છે, પણ આત્માપરથી ભાન નિદ્રા ઉડે તો તે મુક્તિ પ્રાપ્તિ કરી શકે. (તા. ૩—૮—૩).

× × × ×

માણસાથી લે—વિ૦ આજરોજ માસ્તર ફકીરચંદ [illegible] આવ્યા છે, તેમનો અભ્યાસ ધર્મવિચાર, તત્ત્વ, [illegible], સઘળી રિતેથી છે, તમારું નામ તાજુ છે. હવે તેમને અહિંથી ક્યારે મોકલશો તે લખશો ? [illegible] આત્મા હતા તે જાણ્યું છે. ધર્મસાધન કરશો. [illegible] વિના કરશો. [illegible] જેમ બને તેમ આત્મહિતમાં પ્રાપ્તિ કરી [illegible], [illegible], [illegible] વિગેરે સર્વને ધર્મલાભ કહેશો. (તા. ૨૦-૮-૧૧)

× × × ×

માણસાથી લે૦—વિ૦ શ્રી ઇષ્ટપરમાત્મસ્મરણ દ્વારા થયેલી સમાધિથી સ્વપર શાંતિ પ્રવર્તો. અનાદિકાળથી કર્મવલ્લિથી વીંટાયલો આત્મા અશુદ્ધપરિણતિ ધારણ કરી પરને પોતાનું માની કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સરાદિથી પુનઃ પુનઃ રાતો તાતો માતો થતો સ્વશાન્તિનો ત્યાગ કરી આધિવ્યાધિઓથી દુઃખદ્વારા પોતાનો કાળ નિર્ગમન કરે છે એમ જણાય છે. હું ઉપાધિમાં વર્તું છું એમ જાણવા છતાં યથાયોગ્ય ધર્મસાધન કરવામાં ત્રિકરણયોગની એકાગ્રતાએ પ્રયત્ન કરતો નથી, અને પ્રમાદદશામાં હસતો ખાતો, પીતો, વાતો કરતો, અનુપયોગ વર્તતો સ્વકાલ ગુમાવે છે, તે શું આત્માને ઘટી શકે? આત્મિક અનંતસુખનો ત્યાગ કરી જલચંદ્રભ્રાન્તિવત્ પરને પોતાનું માની તેની આશાએ અનેક પ્રકારે પ્રયત્ન કરી નવનવાં કર્મ ઉપાર્જન કરે છે. અહો આ આત્મા ક્ષણક્ષણ વિચિત્ર પદાર્થોનું ચિંતવન મનથી કરે છે, તેમ છતાં આત્માને તેથી તૃપ્તિ થતી નથી. ખસને ખણવાથી જેમ વિશેષ વ્યાધિ થાય છે તેમ સાંસારિક વિષયોનો સંબંધ પણ આત્માને ઉપાધિમાં યોજે છે. આત્માનીઅવળી દશા કર્મથકી થઇ છે. જેમ દારૂથી આત્મા સ્વભાન ભુલે છે, તેમ કર્મરૂપ દારૂથી આત્મા સ્વભાન ભૂલી અન્યથા રીત્યા સંસારને સાર માની હર્ષશોકાદિનું આચરણ કરે છે.

કર્મબંધના હેતુઓને જાણવા જાણી તેનો સંબંધ સ્વતઃ નાશ પામે તેમ વર્તવું. હું કે ી નથી, હું કામી નથી, હું પુરૂષ નથી, હું સ્ત્રી નથી, હું નપુંસક નથી, હું શોકવાન નથી, હું રોગી નથી, હું ઉપાધિયુક્ત નથી, હું રાગી નથી, હું દ્વેષી નથી, હું રૂપી નથી ઇત્યાદિ વાક્યોની દૃઢભાવના કરવાથી આત્મા સ્વતઃ નિર્મલ આનંદમય થશે. હું દુઃખી નથી, હું શરીરી નથી, હું સમાંગ્લાસાથી જુદો છું. મેં મારાથી જુદું છે. જુદાને પણ હું જાણું છું ને જુદો પણ હું છું. ઇત્યાદિ મહા વાક્યો પુનઃપુનઃ સ્મરણ કરવાથી અલૌકિક અધ્યાત્મજ્ઞાન સ્ફુરે છે.

હું જાડુ છું, હું મોટું છું, હું ઉત્તમ જાતિવાળો છું. ઇત્યાદિ વ્યવહારથી કહેવાય છે. નિશ્ચયથી તો ચાલનાર, બોલનાર, દર્શનીય જાતિયુક્ત આત્મા નથી. પુદ્ગલદ્રવ્યના સંબંધથી આત્મા પુદ્ગલદ્રવ્યમાં અહં મમત્વ ધારણ કરે છે તેથી પરોપાધિથી દર્શિત આત્મા ધારણ કરે. છે આત્મ શાંતિ એ અનુપમ ગુણ છે તે વિશેષતઃ મનુષ્યોને પ્રાપ્ત થાય છે જો કે કર્મની વિચિત્રતાએ જ્ઞાનનો ક્ષયોપશમ અને ઇત્યાદિ જો કે જુદા જુદા ઇત્યાદિ

ભાસે છે તોપણ શ્રદ્ધાગ સમ્યકત્વ રત્ન પ્રાપ્ત થતાં ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે. દેવગુરૂધર્મતત્ત્વ સમજીને આ આત્મા મોક્ષપ્રાપ્તિ અનુકૂળ હેતુનું આલંબન કરે તો દ્રવ્યભાવ ધર્મની પ્રાપ્તિ કરી તત્ત્વ પામી શકે.

(દુહા)

દ્રવ્ય ધર્મને ભાવ ધર્મ, લૌકિક નિશ્ચય ધાર;
ઉપાદાનથી ધર્મ તેમ, શુદ્ધદ્રવ્યમાં ધાર. ૧
શુભાશુભ બે ભેદ છે, ધર્મ કરો તસ ત્યાગ.
જિનોક્ત વચને સ્થિર થઇ, શુદ્ધધર્મ ધર રાગ. ૨
સમજે નહિં શુદ્ધ ધર્મને, કરતો ધાકધમાલ.
બાહ્યધર્મ અવલંબનો, તસ ભવ અગડમાળ ૩
નહિં વનમાં ગિરિગહ્વરે, દેવ વિષે ધર્મ
ધર્મતત્ત્વ છે આતમમાં, સમજે વિરલો મર્મ ૪
આશ્રવકારક ધર્મ નહિ, માને તેહિ મન
સંવર તત્ત્વે સ્થિર જે, ધર્મતત્ત્વ તસ ધાર ૫
નિંદા ચાડી ગવદ્ય, તેથી ધર્મ ન થાય,
ત્યાગ કરે જે એહનો [illegible]
[illegible]
[illegible] ૭
[illegible]
[illegible]
એક મૂકે એક પરિહરે, એવો નહિ વિશ્વાસ,
અભ્યંતરી તે એકને, ભટકે થઇ બહુ દાસ. ૯
[illegible]
મૂર્છાવંત તે પામતો, ધર્મ નહિ [illegible] ૧૦
[illegible]
[illegible] ૧૧
રૂપ રંગ જેને નહીં, નહિ શરીર સંસ્થાન;
ચેતન અખંડ એકલું, ભજો તેહને ધ્યાન. ૧૨

આત્મનીયેં બગાડ્યું સહુ, કરો સુધારો તાસ;
જે સુધરે સુધર્યું સહુ, ધરો એક વિશ્વાસ. ૧૩

કરો સુધારો આત્મનો, સુધરે આત્મસ્વભાવ;
ક્રોધાદિ દૂરે કરી, નિર્ભય વર્તિન દાવ. ૧૪

અષ્ટસિદ્ધિ નવનિધિ સહુ, પૌદ્ગલિક કહેવાય;
આત્મસિદ્ધિ પ્રગટે યદા, બુદ્ધિ શિવસુખ થાય. ૧૫

વરીય મોહનધામમાંય, સમજે એહનો સાર;
સાર સહી શ્રદ્ધા ધરી, પામો ભવજળ પાર. ૧૬

વીર સંવત્ ૨૪૨૫ ભાદરવા વદિ ૬.
વિ. સં. ૧૯૫૫

× × × ×

માણસાથી લે૦—વિ૦ તમારા લખવા મુજબ અમો પણ સાંવત્સરિક પ્રતિક્રમણ કરી સર્વજીવોને ખમાવતાં આપને ખમાવીએ છીએ. અમો પણ ખમશો.

(દુહા)

ખમો ખમાવો જીવને, ક્રોધાદિક કરી ત્યાગ;
સિદ્ધ સમા સહુ જીવ છે, નિર્મલ મહા સોભાગ. ૧

ભટકત ભટકત પામિયો, મનુષ્ય જન્મ અવતાર;
આર્યદેશ જીનરાજની, સામગ્રી સુખકાર. ૨

રાગદ્વેષ રહિત પ્રભુ, વીતરાગ ભગવાન;
ઇંદ્રે પૂજીત દેહ જસ, રૂપાતીત મહાન. ૩

ચારનિકાયી દેવતા, સમવસરણ મનોહાર;
રચના અતિહર્ષે કરી, સેવા શિવપુર સાર. ૪

સમવસરણ બેસી પ્રભુ, ભવ્યજીવના કાજ;
યોજનગામિનિદેશના, દેતા સુણે સમાજ. ૫

કર્મવશે આ આતમા, ભટકે વિશ્વ મઝાર;
આત્મતત્વને જાણતાં, પામે ભવજલ પાર. ૬

તનુમાં ધર્મ ન પુદ્ગલે, મમતા કરતા જીવ;
નરકનાં દુઃખ ભોગવે, પાડતો બહુ રીવ. ૨૧

શરીર જનમ પોતીના, તેનો પણ મમભાવ;
કોના ચેતન અટકતો, કરતો શેનો તમ પ્યાર. ૨૨

અગલ જ્ઞાનાનંદી હું, પુદ્ગલ ભિન્ન સ્વભાવ;
અમૂર્ત વેદ વ્યાપી સદા, નિઃસંગી નિર્ધાર. ૨૩

મિથ્યા રાગ ને દ્વેષ તે, આત્મ તત્ત્વ કહાય;
ભેદ થકી હું ભિન્ન છું, સંવરભાવ રહાય. ૨૪

સાદિ અંત જેમાં નહીં, એવું મુજ સ્વરૂપ;
ધ્યાન કરંતા આતમા, અજરામર ચિદ્રૂપ. ૨૫

અક્ષય અક્ષર હું સદા, અટલ અમલગુણભૂપ.
નિરક્ષર અગમ્ય હું, દાર ત્રાણ નહિં ધૂપ. ૨૬

વિભાવદશા નહિ માહરી, નિરંજની નિર્મોહી;
સદુથી હું ન્યારો સદા, કોની નહીં સગાઈ. ૨૭

સમ્યગ્દર્શન જ્ઞાનનો, ભોક્તા આત્મ કહાય;
અજઅવિનાશી શિવધર્મ, મુજથી ભેદ ગદાય. ૨૮

લેશ્યા પુદ્ગલરૂપ છે, લેશ્યાતીત મુજરૂપ;
આત્મસ્વરૂપે ખેલતો, પડીશ નહિ ભવકૂપ. ૨૯

વેદ નહિં ને ખેદ નહિં, અખંડ જ્ઞાનાનન્દ.
શુદ્ધ ચિદાનંદરૂપમાં, રમતા હર્ષ અમંદ. ૩૦

અસ્તિ સદા મુજ રૂપની, અલક્ષ અગોચર ધર્મ,
ધ્યાતો ધ્યાની આતમા, બાંધે નહિ નવકર્મ. ૩૧

અસ્તિનાસ્તિ સ્વભાવ તે, ચેતનમાંહી સદાય;
ઉપયોગે તસ વર્તતો, આતમ એક જણાય. ૩૨

નિત્યાનિત્ય સ્વભાવ તે, આતમમાંહી પમાય;
એકાનેક સ્વભાવ સહુ, આત્મા માંહી સદાય. ૩૩

ભેદાભેદ સ્વભાવ તે, મુજમાં કરતા વાસ;
તત્ત્વ એ સમજે જે સદા, તે લહેતો શિવ ખાસ. ૩૪

ભવ્યાભવ્ય સ્વભાવનું, આત્મદ્રવ્ય છે સ્થાન;
પરમ સ્વભાવી આતમા, જાણુંવાં ભગવાન. ૩૫

સ્વભાવ એકાદશ કહ્યા, આત્મદ્રવ્ય મઝાર;
અન્ય પંચમાં લાગતા, સમજો ગુરૂગમ દ્વાર. ૩૬

ચેતન અચેતન મૂર્તને, અમૂર્ત પુર્વ સ્વભાવ;
એકાનેક પ્રદેશ તિમ, સમજો શુદ્ધનો ભાવ. ૩૭

અશુદ્ધ વિભાવને જાણિયે, ઉપચરિત દશને જાણ;
પદ્રવ્યે એ લાગતા, જાણતા દુઃખ હાણ. ૩૮

જિનથી જાણી પરિહરે, જ્ઞાનાથી અન્ય દ્રવ્ય;
જાણીને જે પરિહરે, પામે શિવપુર ભવ્ય. ૩૯

એકને ત્યાગી એકની, સંગે રહેનો ભેદ;
બારને છંડી પાંચને, પામંતા શિવભેદ. ૪૦

ઓળે તેને પરિહરે, નહિ ઓળખાથી રાગ;
કરનો નિશ્ચયનયથી, લાગે નહિ તમ દાગ. ૪૧

બાળે તેને પરિહરે, દશનાથી નહિ પ્રીતિ,
પચને ત્યાગી પચને, ધ્યાતા નહિ ભવભીતિ. ૪૨

એનો બનાવ્યો નહિ બન્યો, એનો કરનો સંગ,
એની સાથ ઠીકનો, તમ આતમ શુ ગમ. ૪૩

કોઈથી નહિ કીધો હતો, જેમનો ભેદ લગાર,
તેને જાણું તેહની, મુક્તિ વિષે કહાય. ૪૪

એ ચઉ ભેદ [illegible], શિવપુર માર્ગે સદાય;
છોડી એકને [illegible], તમ મુક્તિ નહિ થાય. ૪૫

આદિ અંત [illegible], [illegible] આદિ અંત,
[illegible] જે જાણવો, તે વિશ્વ [illegible]. ૪૬

[illegible];
[illegible], સમજો એહ. ૪૭

[illegible];
[illegible] વિશ્વ [illegible]. ૪૮

[illegible]
[illegible] ૪૯

[illegible]
[illegible] ૫૦

[illegible]
[illegible] ૫૧

[illegible]
[illegible] ૫૨

[illegible]
[illegible] ૫૩

[illegible]
[illegible] ૫૪

[illegible]
[illegible] ૫૫

[illegible]

* * * *

[illegible]—દિ૰ [illegible]. [illegible] ગુરુસમાગમાદિના [illegible] મળ્યાં છે. [illegible] ઇંદ્રિયો શિથિલ થાય છે. [illegible] તથા [illegible] નરમ પડ્યું છે. સંસારથી [illegible] બે [illegible] કરી ગયા છે. આયુ છે [illegible] શાન્તિ થવા ઉપર [illegible] છે. [illegible] કરશો નહિ. ધર્મ સાધન કરશો. પુદ્ગલના ધર્મ વિચિત્ર છે. આયુષ્યનો ભરોસો નથી. ટૂંકું ટૂંકું આયુષ્ય [illegible] છે. આશાઓ ઘણી છે. કર્મની ગતિ વિચિત્ર છે. મનુષ્યભવ વારંવાર મળવાનો નથી. આળસ, નિદ્રા, પ્રમાદ છોડી જીવ એકાગ્રચિત્તે ધર્મસાધન કરે તો કર્મક્ષય કરી સિદ્ધ પદ ભોગવા બને. અનંત તીર્થંકરોનો પણ એક ઉપદેશ છે. એ સિદ્ધ પદ પામ્યા વિના જીવને શાશ્વત અનંત સુખ મળવાનું નથી. માટે હાલ સમયે સમય આત્મસ્વરૂપચિંતવનમાં જે અપ્ર

જ્યાં જશો બોલશો રમશો ત્યાં ઉપાધિ, ઉપાધિ, ઉપાધિરહિતપણું કેવળ આત્મદશામાં છે તેની કુંચી પ્રાપ્ત કરો.

ચિંતામણિ સમાન મનુષ્યજન્મને ફોગટ ગુમાવવો યોગ્ય છે ? બાપ !!! કર્મથી શાતા અશાતા ઉત્પન્ન થાય છે. કોઇ જગત્માં મિત્ર નથી કોઇ શત્રુ નથી. આવા વૈરીમાં ભિન્ન બુદ્ધિ, અજ્ઞાનથી થાય છે.

બાપ !!! હઠ જે માર્ગ હસ્તગત કરવાનો હતો તે બાકી છે, યોગ્યતાનો વિચાર કરો, સાધનોમાં પ્રયત્ન કરો. સત્યમાર્ગ ગ્રહણ કરો. પ્રિય સત્ય વચન વદો. સંતોષના સમાન સુખ નથી. જે કાયામાં રહીને તમે બોલો છો તથા નામ ધરાયું છે તે નામ વા અપર સર્વ નામ અસત્ય છે. આ કાયાની હાલ દેખાય છે તેવી દશા નહિં રહે. આત્માને પરભવમાં જવું પડશે. શરણ, ધર્મ વિના કોઇનું નથી. બાપ ! સત્ય કહું છું. સત્ય માન ! માન્ય કરતાં વારંવાર યાદ રાખ, સુખનો આત્મામાં છે. બાહિરની ઉપાધિની પ્રીતિ દૂર કર. ગુણસ્થાનોથી મોક્ષમહેલમાં ચઢવાનો સમય પુનઃ પુનઃ નહિં મળે. સંગત તેવી અસર.

વિશ્વ [illegible] જાણ ' આત્મા શરીરની અંદર છે. તેનાથી પ્રીતિ કર. બાકી સર્વ [illegible] અસત્ય છે, અને તે અનંતવાર હણ્યો છે એમ જાણ. [illegible] નહિં. તે [illegible] ' [illegible] આત્માનું અવ-લંબન [illegible], મન ઉપર ખરી પ્રીતિ જેને હોય નહિં તેવાઓની સાથે [illegible] વર્તવું. [illegible] છે [illegible] કહું ? [illegible] ! [illegible] ' ધર્મ [illegible] કરો [illegible] ' [illegible] શાન્તિઃ શાન્તિઃ શાન્તિ

[illegible] સત્ય [illegible] વિચારને [illegible] નહિ [illegible] કહું [illegible] તમને કેમ લખ્યું ? [illegible] ઉત્તમ [illegible] છે. [illegible] નહિ [illegible] શાન્તિ [illegible]

કાળ નિર્ગમે છે તે શાશ્વતપદ પામ્યા, પામે છે ને પામશે. સ્વપરને એજ અભિલાષા છે. ઇતિ શ્રી શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સં. ૧૯૬૦ કારતક સુદિ ૧૧.

× × × ×

વિજાપુરથી લે૦—વિ૦ તમારો પત્ર તથા મોકલેલાં પુસ્તકો આવી પહોંચ્યાં છે. અત્ર આવતી કાલે શ્રીકમલવિજયસૂરીશ્વરાદિ ૧૩ ઠાણાં આવવા વકી છે. અત્ર સ્થિરતા થશે અગર ન થશે તે નક્કી નથી. શાસ્ત્રીજી હજી સુધી આવ્યા નથી બને તે ખરૂં. આત્મધર્મનાં પરમાર્થનાએ સુખરૂપ છાજી તેમાં ક્ષણે ક્ષણે ઉપયોગ દઈ વર્તવું. એ આત્મસાધક અભ્યાસનું [illegible] છે. રતનચંદ તથા ઝવેરભાઈને ધર્મલાભ. શ્રી અનુભવપંચવિંશતિ પૂર્ણ થઈ. અધ્યાત્મશાન્તિગ્રંથ સમાપ્ત થયો. ૐ ૩ શાન્તિઃ શાન્તિઃ શાન્તિ.

તા૦ ૨૦-૧૨-૧૯૦૩

× × × ×

માણસાથી લે૦—વિ૦ કુમારપુર સુધી વિજાપુરના સંઘનું આવવાનું થયું છે. પોષ વદિ ૭ મે [illegible] પહોંચાશે. ત્યાં ૬—૭ દિવસ સુધી રહેવાનું થશે. પત્ર લખો તો ત્યાં લખશો.

[illegible]

[illegible]

જ્યાં જશો બોલશો રમશો ત્યાં ઉપાધિ, ઉપાધિ, ઉપાધિરહિતપણું કેવળ આત્મદશામાં છે તેની કુંચી પ્રાપ્ત કરો.

ચિંતામણિ સમાન મનુષ્યજન્મને ફોગટ ગુમાવવો યોગ્ય છે ? ભાઇ !!! કર્મથી શાતા અશાતા ઉત્પન્ન થાય છે. કોઇ જગતમાં મિત્ર નથી કોઇ શત્રુ નથી. વ્હાલા વૈરીમાં ભિન્ન બુદ્ધિ, અજ્ઞાનથી થાય છે.

ભાઇ !!! હજી જે માર્ગ હસ્તગત કરવાનો હતો તે બાકી છે, યોગ્યતાનો વિચાર કરો, સાધનોમાં પ્રયત્ન કરો. સત્યમાર્ગ ગ્રહણ કરો. પ્રિય સત્ય વચન વદો. ગંભીરતા સમાન ગુણ નથી. જે કાયામાં રહીને તમે બોલો છો તથા નામ ધરાયું છે તે નામ વા અપર સર્વ નામ અસત્ય છે. આ કાયાની હાલ દેખાય છે તેવી દશા નહિં રહે. આત્માને-પરભવમાં જવું પડશે. શરણ, ધર્મ વિના કોઇનું નથી. ભાઇ ! સત્ય કહું છું. સત્ય માન ! માન્યા કરતાં વારંવાર યાદ રાખ, સુખનો આત્મામાં છે. બાહિરની ઉપાધિની પ્રીતિ દૂર કર. ગુરૂગમદોરીથી મોક્ષમ્હેલમાં ચઢવાનો સમય પુનઃ પુનઃ નહિં મળે. સંગત તેવી અસર.

વિષય વિષ સરખા જાણ ! આત્મા શરીરની અંદર છે. તેનાથી પ્રીતિ કર. બાકી સર્વ પ્રીતિ અસત્ય છે અને તે અનંતવાર થએલી છે એમ જાણ. જ્ઞાની વચન અસત્ય હોય નહિ. હે મુમુક્ષુ ! તરણ તારણ ગુરૂરાજનું અવલંબન કર. મિત્ર, સ્ત્રી, શરીર, ધન ઉપર ખરી પ્રીતિ જેને છેજ નહિ. તેવાઓની સાથે પ્યારથી સત્યથી વર્તવું એટલું બસ છે. શું કર્યું ? શું કરશો ? જાગો ! ધર્મ સાધન કરો. સત્ય સંભારો ! ધારો ઇત્યેવં શ્રી. શાન્તિઃ શાન્તિઃ શાન્તિ·

આળ પ્યારમા પડી સત્ય આલંબનભૂત દેવગુરૂને વિસરીશ નહિ. શરીર છે ત્યા સુધી હજી હુ કહુ છું. પશ્ચાત્ ભાઇ ! તમને કોણ લખશે ? ખરેખર સત્ય જાણ. ભાઇ !!! જીવન અમૂલ્ય છે. અલેખે ગુમાવીશ નહિ. ધર્મલાભ તમને હૃદયમા વંચાઓ. શ્રી શાન્તિ. શાન્તિઃ શાન્તિઃ

× × × ×

મના અચિન્ત્યના પ્રતિબંધક છે. એ પ્રતિબંધકપણું વિખરે ત્યારે આત્મ સાક્ષાત્કાર થાય છે. આત્મ સ્વરૂપ ધ્યાને સુખદુઃખ ઉપર પણ સમત્વ ભાસે છે. આત્મજ્ઞાનીને આધિ વ્યાધિ ઉપાધિ પણ સંતાપ કરી શકતી નથી. સૂર્યોદયે અંધકાર ક્યાંથી ? બહિરાત્મભાવે થયેલ અધીરી જીવો કદાપિ બલભાવે ઉન્નતિ માટે અહર્નિશ મથતા હોય પણ તેમને અંતરાત્મનું સ્વપ્ન પણ ક્યાંથી આવે ? શું કર્મની વિચિત્રતા ! કર્મના યોગે વાયુથી જેમ તૃણ ભમે તેમ જીવ ભમે છે. કેટલી આત્માની દીનતા ? શું હવે આ શરીરમાં રહેલો આત્મા તેવોને તેવો રહેશે ? આ શરીર પ્રાપ્ત કર્યા બાદ મોહ નિદ્રામાંથી ક્યારે જાગશો ? કેટલો સમય લેખે થયો ? હવે શું થશે ? આત્માની દીનતા શું ગાડી ઘોડા દોડાવ્યાથી, હરવા ફરવાથી, જગતની મોટાઇથી નાશ પામશે ? ના કદી પણ નહિ પામે.

પુરૂષાર્થયોગે નિશ્ચયદષ્ટિ, હૃદયમાં ધારણ કરી વ્યવહાર માર્ગે આચરણ કરી પરમાત્મપદધ્યાનમાં અહર્નિશ રમ્યાથી શાશ્વત્ પદ આત્મા પામશે, માટે તેની કહેણી રહેણી તત્પદ સાધ્યના સતત હૃદયમાં સ્થિર થાઓ. એજ સાધ્યપદની પરાકાષ્ટા.

(તા. ૨૦-૪-૧૯૦૪.)

× × × ×

મ્હેસાણાથી લે૦—વિ૦ આત્મહિતાર્થે પરઉપાધિ નિરર્થક જાણી ભવ્યાત્માઓ સ્વદેશોન્નતિ માટે એકાગ્ર ચિત્તથી પરમાત્મપદ ધ્યાનમાં રમે છે. સિદ્ધાંતાનુસાર આત્મસ્વરૂપને પામ્યા એવા જ્ઞાની પુરૂષોએ આત્મમહત્તા સ્વીકારી છે, પોતાથી જેનો ઉત્પાદ તેનો પોતાનાથી નાશ. સ્વસ્વરૂપ અન્યથી થતું નથી. અન્યસ્વરૂપ પોતાનું થતું નથી. કર્મધારી ચેતનની પ્રવૃત્તિ પોતાનામા સમાયતો મોક્ષ, ચેતનની પરમા પ્રવૃત્તિ તેજ બંધ, બંધ અને મોક્ષ આત્મસ્વરૂપે રમતા યથાર્થ ભાસે છે. પોતાની ,પોતાના સ્વરૂપે રમણતા ક્ષણ માત્ર પણ ક્યાથી ?

ધૂમ્રના બાચકસદશ સંસારની ક્ષણિકવસ્તુમા શાથી મોહ ? અવિનાશી સ્વસ્વરૂપની કાણ ઉપેક્ષા કરે ! અજ્ઞાની પરતંત્ર, જ્ઞાની સ્વતંત્ર, ઉપાધિથી દુઃખ અને નિરૂપાધિથી સુખ. જ્યા સ્વદેશોન્નતિ ત્યા પરદેશોન્નતિ હોય વા નહિ.

આત્માર્થીને સ્વઅસંખ્યાત પ્રદેશ ઉન્નતિ અને તેની નિર્મલતાની ચાહના પ્રસંગે સહજ પરાત્મા પ્રદેશોન્નતિમાં નિમિત્તરૂપે છે, ઉપાધિ ત્યાં દુઃખજ, ક્ષણભંગુર આ વિશ્વની મર્યાદામાં ધર્મ વૈરાગીનેજ.

લખેલું, વાંચેલું, આત્માનું આત્મામાં ઉતરે તો શિવસાદિ ઇતિવં શ્રી. શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

(તા. ૨૮—૭—૧૯૦૪)

× × × ×

પ્રાંતિજથી લે૦—વિ૦ ધર્મ સાધન કરતા હશો. અંતર્દ્રષ્ટિથી ઉપયોગમાં રહી વ્યવહારમાં પ્રવર્તતાં જ્ઞાની જીવો ઉદાસીનપણે જીવન નિર્ગમન કરે છે. આયુષ્ય નિર્ગમન થતું જાય છે. સમભાવમાં ઉત્કટ આત્માર્થિઓનો વિશેષ સમય જાય છે.

ઔદયિકભાવયોગે શાતા વા અશાતા વેદનીયનું વેદવું તેને જીવ સમભાવમાં રહી કરે તો સંવરની વૃદ્ધિ જાણવી. પંચમકાળ, અસત્ આલંબન ઘણાં, સત્ આલંબન અલ્પ, કથની કરતા રહેણી અલ્પ એવો દુઃષમકાળ છે. ધર્મ સાધન શ્રેષ્ઠ છે. પ્રમાદમાં ઘણો સમય અને ઉપયોગમાં અલ્પ વખત જાય તોપણ લક્ષ્યગનિ અંતર્ ગખવાનો પ્રયત્ન કરતા ભવ્ય જીવો શાશ્વત પદ પામે છે.

ઇતિવં શ્રી શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

(તા. ૧૯-૧૨-૧૯૦૮)

× × × ×

વરોડાથી લે૦—વિ૦ અત્ર શાન્તિ છે. તમને શાન્તિ વર્તો. વિ૦ દેશા- [illegible] સારી રીતે ધર્મ સાધન કરશો. તેમજ, [illegible] ને [illegible] એ વગેરે [illegible] સારી રીતે ધર્મ સાધન કરવું. [illegible] સ્તોત્રનો [illegible] તેથી જૈનધર્મનું [illegible] થાય છે અને [illegible] છે, અને સમાધિમરણ થાય છે [illegible]

સાત આઠ ભવમાં શિવ પ્રાપ્તિ કરાવે આપે છે, તેમ વૃદ્ધ સંપ્રદાયથી હું જાણું છું. તે મંત્ર ગણવાના દિવાળીના ૩ દિવસ છે. તે મંત્ર નીચે મુજબ.

ऋषिमंडलमंत्रम्—ॐ ह्राँ ह्रीं ह्रुँ ह्रूँ ह्रेँ ह्रैँ ह्रोँ ह्रौँ ह्रः असिआउसा सम्यग् ज्ञानदर्शनचारित्रेभ्यो ह्रीँ नमः

એ મંત્ર ત્રણ દિવસ આંબિલ કરી ધૂપદીપ પૂર્વદિશા સન્મુખ એક ધ્યાનથી આઠ હજાર ગણવા થકી મહામંગલ કારણીભૂત છે, પછે જેટલીવાર ગણે તેટલો ફાયદો છે.

તેરસની રાત્રે અને ચૌદશની રાત્રે થઇ હજારવાર વા બે હજાર વાર ગણે તો પણ મહાસુખદાયી છે, અને મોક્ષનાં સાધનો મેળવી આપે છે. તે નિવેદન કર્યું છે.

.... સરસ્વતિ મંત્ર નિચે મુજબ

ॐ ह्रीँ वद वद् वाग् वादिनि ह्रीँ नमः

આ મંત્રની તેરસની અને ચૌદસની રાત્રિ મળી દરેક રાત્રિએ વીશ નવકાર વાળી ગણવાથી જાણતા લાભ થાય છે. અન્તરાયો નડતા નથી તેમ વૃદ્ધ સંપ્રદાય છે. .... તેને શીખવશો. અત્ર શાન્તિ છે. ધર્મસાધન કરશો.

(૧૯૫૮ ના આશો.)

× × × ×

ગોધાવીથી લે૦—વિ૦ આવતી કાલે અમદાવાદ તરફ વિહાર કરવાનો છે. અલ્પદિવસ ત્યાં રહેવા વિચાર છે. પશ્ચાત્ વડોદરા વા પાટણની દિક્પ્રતિ અભ્યાસાર્થે ગમન. પત્રાંતરમાં સ્ત્રીગમન સમાધ [illegible] ત્યાં જવાશે. બાહ્યવિહાર કરતાં અન્તર્વિહાર [illegible] અલ્પવ્યક્ [illegible] [illegible] સત્ર થયા બાદ અત્મભાવનુ વર્તન વિશેષ સત્પુરુષોને રૂચતુ નથી. સ્થાન ત્યા [illegible] નથી. [illegible] [illegible] [illegible] [illegible] આત્માને પરિણામદ્રષ્ટિથી [illegible] [illegible] છે. અન્તરાત્માર્થી

અવલંબન શ્રેષ્ઠ છે. જેના હૃદયમાં જ્ઞાનનાં બાણુ વાગ્યાં છે તેજ આત્મધર્મનો મર્મ સમજી શકે છે. હાલ ધ્યાનમાં વિશેષતઃ જીવન વાલ્યું જાય છે, પણ તે સ્થૂલ અને સામાન્યદૃષ્ટિથી જોતાં હજી કોણ જાણે કેટલો પ્રયત્ન કરવો પડશે ? આત્મપ્રયત્ન કર્યા વિના છૂટકો નથી. ઉત્સાહ ધારવો જોઇએ. પાલેજવાળા શા. ડાહ્યાભાઈ પિતાંબરદાસ તમારી સલાહ લેવા માટે તમારી પાસે આવવાના હતા એમ અત્ર તેમણે કહ્યું હતું. શું સલાહ આપી તે જણાવશો. ધર્મ સાધન કરશો એજ. શ્રી શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

(તા. ૧૨-૪-૧૯૧૦)

× × × ×

મુંબઇથી લે૦—વિ૦ તમારો પત્ર પહોંચ્યો. વાચી બીના જાણી છે. તમે તે સૂત્રોનાં ગુર્જર ભાષાંતરો વાંચવા માટે લખ્યું તે જાણ્યું. ભલે તેમ કરવામાં આવે તો કંઇ હરકત જણાતી નથી. કિન્તુ ગુરૂગમ અનુભવની ખાસ જરૂર છે. ઉત્સર્ગ અને અપવાદ તેમજ દરેકના આશયો ખેંચી કાઢવામાં ગુરૂગમની જરૂર છે માટે ગુરૂગમથી તે તે આગમનું જ્ઞાન જેવું જોતું પરિણમવું જોઇએ, તે તે પ્રમાણે પરિણમે કે નહિ તે વિચારણીય છે. તેમ છતાં તમારે માટે આજ્ઞા છે. કોઇ આગમનો એકાન્તનિર્ણય બાંધી લેવો નહિ. ચારિત્રના વિષયમા દ્રવ્યક્ષેત્રાદિનો વિચાર કરીને કિંમત આંકવાની જરૂર છે એમ લક્ષ્યમા રાખશો

હાલ અત્ર આનન્દથી જીવન નિર્ગમે છે. ઉપાધિયોને વેદતાં જ્ઞાની દશાનો અનુભવ થાય છે. અનેકપ્રકારની ઉપાધિયો સન્મુખ ખડી છતાં મનની સમાનતા રાખવાને જે સહાયકારી થાય તેવા આત્મજ્ઞાનની જરૂર છે અને તેવા પ્રકારના સંયોગો પ્રાપ્ત થતા કસોટી થાય છે. કેટલીક વખત ઉપાધિયોમાં જે જ્ઞાન રહી શકે છે તેજ જ્ઞાનની ઉત્તમતા વિશેષ ભાસે છે. ભિન્નવિચારના અનેકમનુષ્યોની સંગતિ છતા અદ્ય પર્યન્ત બનતા પ્રયત્ને મનની સમાનતા પ્રાયઃ જળવાય છે, અને સત્ય અનેકાન્તમાર્ગની આરાધના થઇ છે અને તેમ ભવિષ્યમા ઇચ્છું છુ. દરેક કાર્યમા મનની સમાનતા જાળવવાની ઘણી જરૂર છે, અને તેનો અભ્યાસ ઉપયોગ રાખીને પાડવો જોઇએ.

(તા. ૪-૭-૧૯૧૧)

× × × ×

મુંબાઇથી લે૦—વિ૦ તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો છે. આગમસારોદ્ધારની ૫ બુકો મોકલાવશો. હાલમાં અત્ર શાન્તિ છે. ભાવી બને તે ખરૂં. આત્મવિચારો કરવાથી પરભાવમાંથી ચિત્ત પાછું હઠશે. મનની સ્થિરતા રહે તેવાં ઉત્તમ આલંબનો ગ્રહણ કરવાની જરૂર છે. નિમિત્તકારણની પુષ્ટતા સંપ્રાપ્ત કરવી જોઇએ. પંચમકાલમાં ઉત્તમ નિરૂપાધિક સ્થાનનું આલમ્બન અત્યન્ત હિતકારક છે. અશુભપ્રસંગોમાં જ્ઞાનીયોજ સમતાને ધારણ કરી શકે છે. પંચમકાળમાં અધ્યાત્મ જ્ઞાન અને સદનુષ્ઠાન પ્રાપ્ત કરવાની અત્યન્ત જરૂર છે. મોક્ષનો માર્ગ ખરેખર દુનિયાથી જુદા પ્રકારનો છે, પણ દુનિયામાં રહીને મોક્ષ પ્રાપ્ત કરવાનો છે, એ પણ વાત સત્ય છે. શુદ્ધાત્મસ્વરૂપના ઉપયોગમાં જેમ બને તેમ શેષ જીવનને વિતાવવું જોઇએ. ધર્મધ્યાનની પરંપરાના હેતુઓને અવલંબી આત્મહિતમાં પ્રવૃત્ત થવું એજ શ્રેષ્ઠ કાર્ય આદેય જગતમાં સમજવું.

(તા. ૨૯–૭–૧૯૧૧)

× × × ×

મુંબાઇથી લે૦—વિ૦ અત્ર કેટલીક ધાર્મિક આવસ્યકપ્રવૃત્તિયોમાં પ્રવૃત્ત છું તેથી પત્ર લખી શક્યો નથી. આનન્દઘનપદોનો ભાવાર્થ લખાય છે તેથી સમય મળતો નથી. ૬૦ પદોનો ભાવાર્થ લખાઈ ગયો છે. હવે તો પર્યુષણમાં ધાર્મિક વ્યવહારપ્રવૃત્તિ ચક્રમા ગુંથાવું પડશે અત્ર અન્ય બાબતોની ઉપાધિ નથી. પ્રાયઃ ચિત્તની સ્થિરતા ઠીક રહે છે. ગમે તે સ્થિતિમા અન્તરથી નિર્લેપ રહેવાનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. મનને આત્માના તાબે કરવાને માટે કંઇક આત્મિકજ્ઞાનની અત્યંત આવશ્યકતા છે. શાસ્ત્રો પોતાના હૃદય રૂપ બનવા જોઇએ જડ અને ચેતનની ભિન્નતા માટે આધ્યાત્મિકશાસ્ત્રોના પઠન પાઠનની અત્યન્ત અવસ્યકતા છે. શાસ્ત્રો વાંચીને પોતાનો અધિકાર પરખવો જોઇએ. શાસ્ત્રોમાં અધિકાર પરત્વે લખાયું છે. પોતાના આત્માને તારવા માટે પોતે સ્વાશ્રયી બનવું જોઇએ. નિમિત્ત ઘણાં હોય પણ ઉપાદાનની જાગૃતિ કરવામા ન આવે તો આત્માની ઉચ્ચતા થતી નથી. જ્ઞાનમાર્ગ અને ચારિત્રમાર્ગનો વિવેક પ્રતિદિન વૃદ્ધિ પામે છે, અને આત્માને આગળ ચઢાવે છે. આત્મા તત્ત્વનું ધ્યાન

આવી દશાની પ્રાય: અંશે અંશે પ્રાપ્તિ પ્રયાસવડે કરતાં સંપૂર્ણપણે પ્રગટવાની એ કોઈ પણ વખતે ખાત્રી હવે કરી શકાય.

(તા. ૧૬-૧૦-૧૯૧૦)

× × × ×

સુરતથી લે૦—વિ૦ તમારો પત્ર નથી. ધર્મધ્યાન સારી રીતે યથાશક્તિ થતું હશે. હાલ તો અત્ર નિરૂપાધિક દશામાં કિંચિત્ આનંદ વર્તે છે. ચોમાસા બાદ વિહાર થશે, પણ હાલ નિશ્ચય નથી. અવસરે બની રહેશે. જે જે અંશે રે નિરૂપાધિકપણું—તે તે અંશેરે ધર્મ,

સમ્યગ્દષ્ટિ રે ગુણઠાણાથકી—જાવલહે શિવશર્મ......૧ એ વાક્યનો અર્થ જેમ જેમ વિચારમાં આવે છે, તેમ તેમ દેખાતા બાહ્ય સંયોગોની નિવૃત્તિ અર્થે વિચાર થયા કરે છે. બાવીનું ધાર્યું ગમે તેમ બને પણ પુરુષાર્થ કરવો જોઈએ. યોગની ચંચલતા નિવારીને સ્થિરતા કરવી જોઈએ. સ્થિરતાના યોગમાં નિર્વિકલ્પદશા પમાય છે, અને તેમાં આનન્દની ઝાંખી અનુભવાય છે. ગમે તેમ હો પણ સાધ્યદષ્ટિ તો અન્તરમાં રાખી પ્રવૃત્તિ કરવી જોઈએ. જ્યારે ત્યારે પણ તેથી સદાની શાન્તિ મળશે.

ૐ ૧ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

× × × ×

આમોદથી લે૦ [illegible] નિર્વિ-
કલ્પ થાય છે. નિર્વિકલ્પ [illegible] કરવું તે
તે [illegible] છે. [illegible] ધર્મધ્યાનની
[illegible]
તેમ [illegible]
એ [illegible] કરવું નથી. [illegible]
[illegible] કેમ નથી. [illegible]
[illegible]

મુંબાઇથી લે૦—વિ૦ તમારો પત્ર પહુંચ્યો. વાંચી બીના જાણી. ભાઇ-શંકરને અત્યન્ત મંદવાડ છે તે જાણ્યું. પુત્રરૂપે થયેલા જીવોને પણ આત્મવત્ દેખવા. તેમના આત્માને અમરભાવવો. કારણ કે આયુષ્યની પરિસમાપ્તિ થતાં જીવો શરીર બદલે છે, ને આત્મા તો અન્યગતિમાં પણ તેનો તે રહે છે. જે જે થાય તેના તટસ્થપણે દ્રષ્ટા બની રહેવું. વ્યવહારદશાને જાળવવી પણ અન્તરૂથી તો ધૈર્યતાને ધારણ કરવી. જે કાળે જે બનવાનું છે તે મિથ્યા થતું નથી. પોતાનું કલ્પવાથીજ તે તે વસ્તુઓને વિરહ થતાં હૃદયમાં આઘાત થાય છે, પણ પોતાની કલ્પના કર્યા વિના સંસારમાં વ્યવહાર ચલાવતાં એકદમ અત્યંત મોહનો ઉત્પાદ થતો નથી. જે જે વસ્તુઓ ઉત્પન્ન થઇ છે તે તે વસ્તુઓનું રૂપાંતર થયા વિના રહેતું નથી. જેણે જન્મ ધાર્યો છે તેનું રૂપાન્તર થવાનું છે. બાલ્યાવસ્થાથી આ પ્રમાણે દેખતા આવ્યા છીએ. શ્રીવીરપ્રભુ પણ એમજ જણાવ્યા કરે છે. ત્યારે હવે શા માટે મનની સમાનતા તજવી જોઇએ? શંકરને બનતો ઉપદેશ દઇ તેનું બનું કરવું. સ્વાર્થનો સંબંધ ન ચિંતવતાં તેની સાથે પરમાર્થનો સંબંધ ચિંતવવો. સર્વજીવો કર્મને વશ છે.

" ન મેરા કોઇ નહિ મેરા, ક્યા કર મેરા મેરા "

આ [illegible] અને આત્માના સ્વભાવમાં રમણતા કરવી. જ્ઞાનીને શોક [illegible] વૈરાગ્યરૂપે પરિણમે છે. શંકરને મારા ધર્મલાભ કહેશો. તેનું કલ્યાણ થાઓ. આત્મહિતમાં પ્રવૃત્તિ કરશો. શંકરને હું ખમાવું છું તેનુ ધર્મપ્રતિ લક્ષ સારૂં છે. માટે ધર્મના વચનો સંભળાવતા રહેશો. ૐ ૩ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સંવત્ ૧૯૬૭ ચૈત્ર વદિ ૧૪.

× × × ×

પાદરાથી લે૦—વિ૦ તમારા પિતાશ્રીના પત્રથી શંકરની દશા તમારા પરસ્વારની અત્યંત [illegible] જાણી. આવા પ્રસંગે મનુષ્યોના મનમાં ઘણો શોક રહે છે, અને તેઓ તેથી મોહના અધીન થઇને આત્માનું ખરૂં સ્વરૂપ ભૂલી જાય છે. અત્ર મારે જણાવવું જોઇએ કે શોક કરવાથી કંઇ પણ વળતું નથી. આવા પ્રસંગે તો વૈરાગ્યભાવધારણ કરીને ધૈર્ય ધારણ કરવું

આનન્દસ્વરૂપમયી છે. જે પુરુષે આત્મભિમુખી થયા છે તે મનુ મિત્રને સમ ગણે છે. તેમની શાંતતા અદ્ભુત સુખ આપી શકે છે.

બાળકો રમતાં રમતાંને જેમ ખરાં માને છે, તેમ જીવ સમ્યક્ સામગ્રી ખરી માની મુઝે છે, પણ જે નિરભિમાન હોય છે તે સત્ય સ્વરૂપ આનન્દ માને છે. વળી જેમ ગુડા ગુડી પરણાવવામાં બાળ આનંદ માને છે, તેમ આ આત્મા અનેક સંસારી પદાર્થો દેખી તેમાં લીન થાય છે પણ તે સર્વ અજ્ઞાન છે. " જાણ્યું તો તેનું ખરૂં મોદે નહિ વેદાય " એ મહાવાક્ય આંખ મીંચી ઉઘાડતાં પર્યંત વિચારથી વિચારતાં આત્મા અને પુદ્ગલનું પૃથક્ સ્વરૂપ જણાય છે, અને પછી આત્માને ઉપદેશ આપી તેમાં રમવું એજ સાર છે.

જે પ્રાણીઓ અસારમાં સુખમાનીને ધર્મમાં પ્રવૃત્તિ કરતા નથી તે જીવો ચિંતામણિરત્નસમાન મનુષ્યજન્મને કોડીના મૂલે હારે છે. વારંવાર આ મનુષ્યજન્મ મળવાનો નથી. સંસારમાં જ્યાં જોઈએ ત્યાં મોહનાં સ્થાનો છે પણ તેથી ચેતતા રહેવું. વારંવાર આત્મસ્વરૂપમાં રમવા યત્ન કરવો. જેઓ પવિત્ર થવા ઇચ્છે છે તે પારકી નિંદારૂપ ગંદા પાણીમાં સ્નાન કરતા નથી. જેઓ સુખી થવા ઇચ્છે છે તે બીજાની ચડતી દેખી ખુશી થાય છે. જેનું ભાગ્ય પરવાર્યું હોય છે તે ઉધમા પણ ખુણા જોવાની દૃષ્ટિ રાખે છે. સંસારમાં જ્યાં જોઈએ ત્યાં સ્વાર્થ સ્વાર્થજ પ્રાય ભાસે છે. પણ આપણે તો આત્માને દેખવા વધારે મહાય છે. જે છે તે આત્મામાં છે એમ માનવું જોઈએ. સર્વ જીવો કર્મને આધીન છે, તે કર્મ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે તેથી આપણે ચિંતવવું કે એ સર્વ કર્મનો પ્રપંચ છે, પણ તે સર્વ જીવો સિદ્ધ સમાન છે. બાઈ, પુત્ર, સ્ત્રી ઇત્યાદિ સગાઈ શરીર છે ત્યાં સુધી છે. જેમ શરીર નાશવંત છે, જડ છે, તેમ તે સગાઈ પણ અસાર જાણવી. ખરી સગાઈ ધર્મ અને ધર્મીની જાણવી. આત્મા જો ધારે તો શું કરી શકવા સમર્થ નથી? પણ ઉદ્યમ થવો જોઈએ. ઉદ્યમથી કર્મ બળ દૂર નાસે છે. જ્યાં સુધી સંસારી પદાર્થોમાં ઇષ્ટ બુદ્ધિ છે, ત્યાં સુધી આત્મગુણોમાં ઇષ્ટ બુદ્ધિ કહો શી રીતે કહેવાય? આત્મગુણોમાં ઇષ્ટ બુદ્ધિ ખરા દૃઢ નિશ્ચય પૂર્વક થાય તો પછી રાગદ્વેષાદિ રહે નહિ અને અનુક્રમે આત્મસુખ પ્રાપ્ત કરી શકાય, પણ આત્મસુખ જાણ્યા વિના તેમાં પ્રવૃત્તિ થવી કઠિન છે, માટે આત્મસ્વરૂપ ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે આત્મસ્વરૂપ પ્રગટ-

અસંખ્યાતપ્રદેશરૂપક્ષેત્રમાં સમકિતરૂપ બીજ વૃદ્ધિ પામશે, અને પામો એમ દરેકના આત્માને તમારા તથા મારા આત્માને પોતે અને પોતે શિખામણ આપે છે. કારણ કે જે કર્મ બાંધવા સમર્થ છે. તેજ તોડવા સમર્થ છે. તો તે વચનો કહી શકાય એ યથાતથ્ય છે. શ્રી શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

(સંવત ૧૯૫૯ ના માઘ સુદિ.)

× × × ×

બેડાથી લે૦—વિ૦ ધર્મસાધન કરવામાં આળસ કરશો નહિ, વારંવાર મનુષ્યભવ પામવો ઘણો કઠીણ છે. આત્માર્થીઓ તે વાત જાણી શકે છે. મોહરાજા કોને પરભાવમાં નચાવતો નથી. પાકેલા બોરની પેઠે કોનાથી જરાવસ્થા દૂર રહી છે. આ સંસારમાં સમજુ માણસ કંઇ સાર દેખી શકતો નથી. તેને આસંસાર નાટક જેવું ભાસે છે, અને તેથી તેની ઉદાસીનવૃત્તિ રહે છે. સારમાં સાર એ છે કે પુદ્ગલસંગ એટલો પરભાવ છે, તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો, અને આત્મસ્વરૂપ પામવા લક્ષ ખેંચવું. ગયો વખત પાછો આવશે નહિ. પ્રમાદ એ મોટો શત્રુ છે. રખેને એ અનેક નિમિત્તો કરી આત્માને ખરાબ માર્ગે દોરે નહિ તે ધ્યાનમાં રાખવું આવશ્યક છે. એજ. ૐ ૨ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

× × × ×

અમદાવાદથી લે૦—વિ૦ આત્મહિતપ્રવૃત્તિ જારી રાખતા હશો. મન વચન કાયાએ કરીને પણ હિતપ્રવૃત્તિ થઇ શકે છે, અને અહિત પ્રવૃત્તિ પણ થઇ શકે છે. જાણવા છતા અહિતમા પ્રવૃત્તિ થઇ શકે છે અને નહિ જાણવા છતા પણ અહિતમા પ્રવૃત્તિ થઇ શકે છે, અને હિતમાં પ્રવૃત્તિ તો જાણવાથીજ થઇ શકે છે. લૌકિકહિતપ્રવૃત્તિ અને લોકોત્તરહિતપ્રવૃત્તિ જાણી મોક્ષ પ્રાપ્ત કરાવનારી લોકોત્તરહિતપ્રવૃત્તિ અંગીકાર કરવી. તત્ત્વજ્ઞાનીઓ વારંવાર સાક્ષાત્સ્વસ્વરૂપરમણતાથીજ હિતપ્રવૃત્તિ માને છે, અને જ્યા સુધી એ દશા પ્રાપ્ત થઇ નથી ત્યાંસુધી મુનિ અગર શ્રાવકપણું

[illegible] નહિ [illegible] અને સંપૂર્ણ [illegible] આત્માને [illegible]

તે તમારામાં દયાના પરિણામે શી રીતે કહેવાશે ? એમાં કંઇ
ા ખર્ચ પડતો નથી કંઇ દેશોદેશ મુસાફરી કરવી પડતી નથી. ફક્ત
ાને સ્વસ્વભાવમાં લાવશો તો કર્મજન્ય આપોઆપ દૂર થઇ જશે. એ
કરનાર પણ આત્મા છે, અને તેનો નાશ કરનાર પણ આત્મા છે. કોઇ
। કર્મ બળવાન્ થઇ જાય છે ને કોઇ વખત આત્મા બળવાન્ થઇ
। હઠાવે છે. આચારપ્રદીપ ગ્રંથમાં કહ્યું છે કે—

कत्थवि जीवो बलिओ, कत्थविकम्माविहुंतिबलिआइं;
जीवस्सयकम्मस्सय, पुव्वनिवद्धाइं वेराइं ॥ १ ॥

कम्मवसाखलुजीवा, जीववसाइं कहिंवि कम्माइं;
कत्थविधणिओ बलवं, धीरणीऊ कत्थइ बलवं ॥ २ ॥

કોઇ વખતે કર્મને વશ જીવ થઇ જાય છે, અને કોઇ વખતે આ-
..વશ કર્મ બની જાય છે. હવે પોતાનેજ પોતે પૂછવું કે હે આત્મન્ !
ર્મને વશ છે કે કર્મ તારે વશ છે. જો કર્મને વશ તું હોઇશ તો કર્મનો
શી રીતે કરી શકીશ? માટે હે ચેતન ! તું કર્મને વશ થઇશ નહિ. એ
આંખે દેખાતું નથી પણ જ્ઞાન દૃષ્ટિથી જાણી શકાય છે. કોઇ આસન્નભવિજીવ
સામે દૃષ્ટિ કરે છે. અરે ! હવે વસ્તુને વસ્તુગત્યા ક્ષયોપશમાનુસારે જાણ્યા
આત્મા કેમ અહિતમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે ? શું હજી તેમા હિત જાણ્યું
જો હિત ન જાણ્યું હોય તો હે આત્મન્ ! હવે તમે સીધામાર્ગ પર
। અને ખરાબ રસ્તો છોડી દો. તમે હવે પરદ્રવ્યમા પ્રવૃત્તિ કરશો નહિ
સ્વભાવે રહો. આ વચનો હૃદયમા ધારણ કરી પ્રમાદ ભાવને હે આત્મન્
ત્યાગ કરો. એ પ્રમાદ મોહરાજાનો સૈનિક છે તે તમને સંસાર કેદ-
ામાંથી છુટવા દેશે નહિ. એમ વારંવાર મનન કરો, અને કર્મકલંકને
કરો. આચારપ્રદીપ ગ્રંથમાં કહ્યું છે કે—

कम्मं जयवि जियाणं, भवंभमंताणं देइ अइदुःखं;
तंहवि निहणेइ सव्वं, धम्मस्स उज्जमोतंपि ॥ १ ॥

ભવમાં ભટકતા એવા આત્માઓને જો કે કર્મ અતિ દુઃખ દે છે તો
ધર્મના ઉદ્યમે કરી આત્મા કર્મનો નાશ કરે છે. કારણ કે અનંતશક્તિ
આત્મા છે. તે જો શૂરા સિંહની પેઠે ઉદ્યમ કરે તો મોક્ષ નગર ક્યાં

દૂર છે ? આત્મા પોતાની કુચાલ છોડી સુચાલ ચાલશે તો ધર્મરાજ પોતાની મુક્તિ નામની પુત્રીનો વિવાહ તે આત્મા સાથે કરશે, અને પોતે જ્યારે સુચાલ ચાલનાં જ્ઞાનદર્શન ગુણે કરીને શુદ્ધ દશા કરી જુવાન અવસ્થા પામશે, ત્યારે ધર્મરાજ પોતાની મુક્તિ નામની પુત્રીનાં લગ્ન નિરધારશે. ત્યારે ભવ્ય આત્મા શુક્લ ધ્યાનરૂપ ઘોડા પર ચઢીને સ્વભાવ રમણતા રૂપ માથે છત્ર ધરાવીને જ્ઞાન અને ધ્યાનરૂપ નોબતો ગડગડાવતો ગુણસ્થાનરૂપ શેરીઓને ઉલ્લંઘતો શુક્લધ્યાનના ચાર પાયારૂપ ચાર ફેરા ફરતો ચોથા પાયા રૂપ ફેરામાં મુક્તિરૂપ સ્ત્રીને પરણી અનંતકાળ પર્યન્ત શાશ્વત સુખનો ભોક્તા થશે. બાકી અશુચિમય નરકના બારણારૂપ માયા સ્ત્રીને પરણવા થકી કંઈ સુખ મળી શકવાનું નથી. એ પ્રવાહ અનાદિકાળનો ચાલેલો છે, પણ તે માર્ગ ઝાંઝવાના પાણીની પેઠે અસત્ય જાણી સ્વહિતમાં પ્રવૃત્તિ કરવી એ ભવિજીવનું લક્ષણ છે. સંસારમાં અનેક જીવો છે તે બીચારા કર્મને આધિન થયા છતાં સત્યસ્વરૂપ સમજી શકતા નથી. પણ થોડા ભવમાં મુક્તિ પદ પામવા લાયક થાય છે. ભવ્ય જીવોને આત્મિક ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. પુદ્ગલમાં આત્મ ધર્મ રહેતો નથી. ધર્મ તો આત્માનો ગુણ છે, તેને અને પુદ્ગલને કંઈ સંબંધ નથી. આત્મિકધર્મ પામવાને માટે કંઈ પૈસો ખર્ચ કરવો પડતો નથી એ. આત્માનો ધર્મ પામવાને માટે જેમ થોડી જંજાળ હોય તેમ વિશેષ વિશેષ આત્મહિત સાધી શકાય છે.

આત્મિકધર્મ જે તત્ત્વવેદી જીવો પામ્યા તેજ મોટા છે અને તેમનુંજ આલંબન લેવું. પણ જેથી વિકલ્પ સંકલ્પ થાય અને આત્મા કર્મમલણ કરે તેને ધર્મ કહી શકાય નહિ કહ્યું છે કે

आत्मगुणरक्षणा तेह धर्म, स्वगुणाविध्वंसणा ते अधर्म.
भावअध्यात्मअनुगतप्रवृत्ति, तेहथी होय संसारछित्ति.

પોતાના આત્મગુણોનું રક્ષણ કરવું. સ્વગુણ જેથી પ્રાપ્ત થાય તેવું સદ્ગુરૂ આલંબન સેવવું તે ધર્મ જાણવો. પોતાના આત્માના ગુણોનો જેથી વિનાશ થાય તે અધર્મ જાણવો. નામઅધ્યાત્મ અને સ્થાપનાઅધ્યાત્મ અને દ્રવ્યઅધ્યાત્મ એ ત્રણનો ત્યાગ કરી ભાવઅધ્યાત્મને અનુસરી પ્રવૃત્તિ કરવાથી સંસારનો છેદ થાય છે. ભાવઅધ્યાત્મ પામવાનાં કારણો પ્રાપ્ત કરીએ તો ભાવઅધ્યાત્મ પામી શકીએ. જે જે અંશે નિરૂપાધિપણું પમાય, તે ધર્મ જાણવો. એમ જ્ઞાનીઓ ફરમાવે છે. અહર્નિશ

મમાં પ્રવૃત્તિ કરી મેરૂપર્વત જેટલી કર્મની વર્ગણાઓ ગ્રહણ કરી તે માત્ર ધર્મ સેવનથી શી રીતે નાશ થઇ શકે? અલબત્ત ધર્મનું સેવન કરાય તો કર્મનો નાશ વિશેષ થઇ શકે. આખું ઘર બળવા માંડ્યું એક લોટા જેટલા પાણીથી શી રીતે ફાયદો થઇ શકશે? માટે જેમ તેમ હે આત્મન્! હું શુદ્ધચેતના તને કહું છું કે તું તારા સ્વસ્વભાવમાં રમણતા કર. જો પોતાના સ્વભાવમાં નહિ રમીશ તો મોટા આકડાનું તૂલ જેમ આકાશમાં અહિંતહિં ફરે છે તેમ તું કર્મ મહાવાયુવડે સંસાર રૂપ મેદાનમાં ભટકી ભટકી અઘોરદુઃખ પામીશ. અતે તને કોઇ સહાય કરી શકશે નહિં. ખરો આ અવસર છે એને વિકરાળ કર્મજાળમાં મૃગની પેઠે ફસાવે નહિં તે ધ્યાનમાં રાખજે. વાર હે આત્મન્! શું કહેવું? સમજુને વધારે શું સમજાવવું? બૃહસ્પતિની શી વાક્ચાતુરી! તેમ તું પોતે જાણે છે તે છતાં કેમ મોહદશામાં પોઢે હે આત્મન્! તું શરીર રૂપ ઘરમાં વાસો કરી રહેલો છે તે શરીર રૂપ ઘર ની કોટડી સમાન તારૂં નથી. એ શરીર ઘરની ચારે તરફ આગ લાગી તાં તું કેમ જાગીને હજી પ્રયત્ન કરતો નથી? એ શરીરરૂપ ઘર હવે કાળ નજરો નહિં. એ પારકું તે પારકું છે જ્યાં સુધી તેમાં વાસો કરી સાધન જેટલું થાય તેટલું કરી લે નહિં તો અંતે પસ્તાઇશ. કોઇ જીવ રૂપ ઘર સાથે લઈ ગયો નથી. જો તારે પોતાના ખરેખરા ઘરમાં જવા હોય તો વૈરાગ્યદશાથી પરને પારકું જાણી સદ્‌ગુરૂમહારાજને ાથી પુછીશ તો તને પોતાનું ઘર બતાવશે. વ્યવહાર અને નિશ્ચયરૂપ બે ી ચાલતા ગુરૂકૃપાથી તું મોક્ષરૂપ ઘરમાં પ્રવેશ કરીશ, કે જેથી પછી ી કોઇ વખત નીકળવા પામીશ નહિં. વળી હે આત્મન્! ' તારો પુત્ર ઉપર હોય તો તેવા પુત્ર પામવા ઇચ્છા કરજે કે જે પુત્રનો તારાથી કદાપિ વિયોગ થાય નહિં. બાકી પુદ્‌ગલમાં રહેલો કોઇ અન્ય આત્માને અને ુદ્‌ગલને પોતાનો પુત્ર માને છે. તે ક્યાં સુધી તારો પુત્ર કહેવાશે? પુત્ર થકી તું સુખની આશા રાખીશ નહિં. હે આત્મન્!! જો તારે ખરા ી ઇચ્છા હોય તો તે વાત ગુરૂમહારાજને નમ્રતાથી પુછ. ગુરૂમહારાજ જ્ઞાનરૂપપુત્રની ઓળખાણ કરાવશે કે જેથી તું જ્ઞાનરૂપપુત્ર પામી તેનો ગ કદાપિ પામીશ નહિ, અને તેથી તું અત્યંતસુખી થઇશ. તે વિના પુત્રોથી શું આત્મહિત થવાનું છે? તે વિચારવાનું છે. વળી હે ત્મન્! તું પુદ્‌ગલઋદ્ધિથી મોટા મનાતા જીવોને દેખી પુદ્‌ગલઋદ્ધિ મેળવવા

પરભાવમાં પ્રવૃત્તિ કરી મેરૂપર્વત જેટલી કર્મની વર્ગણાઓ ગ્રહણ કરી તે જરા માત્ર ધર્મ સેવનથી શી રીતે નાશ થઇ શકે? અસંખ્યત ધર્મનું સેવન વધારે કરાય તો કર્મનો નાશ વિશેષ થઇ શકે. આખું ઘર બળવા માંડ્યું ત્યારે એક લોટા જેટલા પાણીથી શી રીતે ફાયદો થઇ શકશે? માટે જેમ બને તેમ હે આત્મન્! હું શુદ્ધચેતના તને કહું છું કે તું તારા સ્વસ્વભાવમાં રમણતા કર. જો પોતાના સ્વભાવમાં નહિ રમીશ તો મોટા વાયુવડે આકડાનું તૂલ જેમ આકાશમાં અહિંતહિં ફરે છે તેમ તું કર્મ રૂપી મહાવાયુવડે સંસાર રૂપ મેદાનમાં ભટકી ભટકી અઘોરદુઃખ પામીશ. તે વખતે તને કોઇ સહાય કરી શકશે નહિં. ખરો આ અવસર છે રખેને તને તેરકાઠીયા કર્મજાળમાં મૃગની પેઠે ફસાવે નહિં તે ધ્યાનમાં રાખજે. વારંવાર હે આત્મન્! શું કહેવું? સમજુને વધારે શું સમજાવવું? બૃહસ્પતિની આગળ શી વાકચાતુરી! તેમ તું પોતે જાણે છે તે છતાં કેમ મોહદશામાં પોઢે છે. હે આત્મન્! તું શરીર રૂપ ઘરમાં વાસો કરી રહ્યો છે તે શરીર રૂપ ઘર ભાડાની કોટડી સમાન તારૂં નથી. એ શરીર ઘરની ચારે તરફ આગ લાગી છે છતાં તું કેમ જાગીને હજી પ્રયત્ન કરતો નથી? એ શરીરરૂપ ઘર હવે ઘણો કાળ નભશે નહિ. એ પારકું તે પારકું છે જ્યાં સુધી તેમાં વાસો કરી ધર્મસાધન જેટલું થાય તેટલું કરી લે નહિં તો અંતે પસ્તાઇશ. કોઇ જીવ શરીરરૂપ ઘર સાથે લઇ ગયો નથી. જો તારે પોતાના ખરેખરા ઘરમાં જવા ઇચ્છા હોય તો વૈરાગ્યદશાથી પરને પારકું જાણી સદ્‌ગુરૂમહારાજને નમ્રતાથી પુછીશ તો તને પોતાનું ઘર બતાવશે. વ્યવહાર અને નિશ્ચયરૂપ બે ચક્ષુથી ચાલતા ગુરૂકૃપાથી તું મોક્ષરૂપ ઘરમાં પ્રવેશ કરીશ, કે જેથી પછી તેમાથી કોઇ વખત નીકળવા પામીશ નહિ. વળી હે આત્મન્! તારો પુત્ર ઉપર મોહ હોય તો તેવા પુત્ર પામવા ઇચ્છા કરજે કે જે પુત્રનો તારાથી કદાપિ કાળે વિયોગ થાય નહિ. બાકી પુદ્‌ગલમાં રહેલો કોઇ અન્ય આત્માને અને તે પુદ્‌ગલને પોતાનો પુત્ર માને છે. તે ક્યાં સુધી તારો પુત્ર કહેવાશે? એવા પુત્ર થકી તું સુખની આશા રાખીશ નહિ. હે આત્મન્!! જો તારે ખરા પુત્રની ઇચ્છા હોય તો તે વાત ગુરૂમહારાજને નમ્રતાથી પૂછ. ગુરૂમહારાજ તને જ્ઞાનરૂપપુત્રની ઓળખાણ કરાવશે કે જેથી તું જ્ઞાનરૂપપુત્ર પામી તેનો વિયોગ કદાપિ પામીશ નહિ, અને તેથી તું અત્યંતસુખી થઇશ. તે વિના અન્યપુત્રોથી શું આત્મહિત થવાનું છે? તે વિચારવાનું છે. વળી હે આત્મન્! તું પુદ્‌ગલઋદ્ધિથી મોટા મનાતા જીવોને દેખી પુદ્‌ગલઋદ્ધિ ભોગવવા

હાલ કેવા વિચારમાં છે, અને ઘડી પછી કેવા વિચારવાળો થશે તે પરમાત્મા જાણે. રાગદ્વેષ રૂપ મોહના પુત્રો રંજીને આત્માને મોક્ષમાર્ગમાં જતાં અટકાવ કરે. જેમ બને તેમ હે ચેતન! રાગાદિ શત્રુઓનો ક્ષણમાં પણ વિશ્વાસ રાખીશ નહિ. આ મહાવાક્યો હૃદયરૂપ કાગળમાં લખી રાખી તે પ્રમાણે વર્તવા શુદ્ધોપયોગ ધારણ કરશો કે જેથી કર્મને આવવાનાં બારણાં રોકી શકાય.

(દુહા)

કર્મકર્મ જગ સૌ કરે, સમજે નહિ તસરૂપ;
કર્મશત્રુ સમજ્યા પછી, કેમ પડે ભવકૂપ. ૧
કર્મમર્મ ફરીફરણ. આતમધર્મ ઉપાય;
કરતાં શિવસુખ સંપજે, જન્મમરણ દૂર જાય,
સમજુ સમજે સત્ય તે, કર્મ મર્મ કરે દૂર;
કર્મમર્મના નાશથી, હોવે શિવસુખ પૂર.
નગર પાદરાવાસી જે, વકીલ મોહનલાલ;
ઝવેરભાઇના કારણે, લખનાં મંગલમાલ.
મંગલ તે હિજ આતમા, સમજને ભવિ સુખકાર,
બુદ્ધિ સુખ શાશ્વત લહે, હોવે જય જયકાર;

આ લેખનો ઉતારો કોઇ સારી નોટમાં કરી મનન કરશો કારણ કે આ લેખ લખતાં જે મારો આત્મા ઉલ્લાસ પામ્યો છે તે પોતેજ જાણે છે. તમારા ઉપર પત્ર લખતાંજ આત્મામાંથી એવા ઉદ્ગારો નિકળે છે અને કોઇની આગળ એવા ઉદ્ગારો પ્રાયઃ આત્મામાંથી નીકળતા નથી. પૂર્વના લખેલા પત્રનો પણ સંગ્રહ કરી તેનો ઉતારો કરી લેવો. તે પછી બીજી વાર વાંચતા વૈરાગ્ય જાગશે અને ઉદાસીનતા પ્રાપ્ત થશે. આ વાક્યો યોગ્ય જીવોની આગળ નીકળી શકે છે તેથી તેનું સંરક્ષણ કરવું. તે પ્રમાણે જેમ બને તેમ પ્રવૃત્તિ કરવી. આયુષ્ય અસ્થિર છે. કાળનો વિશ્વાસ નથી. ધર્મકાર્યમા વિઘ્ન ઘણાં આવે છે. આત્મા કંઇ ચિંતવે છે ને કર્મના બળે કંઇ બને છે માટે અશુદ્ધઆલંબનનો ત્યાગ કરી શુદ્ધઆલંબન ગ્રહણ કરવાં. નિત્યનિયમ પ્રમાણે આત્મિકહિત પ્રવૃત્તિ જારી રાખવી. ઝવેરભાઇ તમારી તરફ આવ્યા છે તેમને આ કાગળ વાચવાનો પ્રસંગ મલશે. એમ જાણી લખ્યો છેઃ વકીલજી નંદલાલભાઇને ધર્મલાભ કહેશો.

હાલ કેવા વિચારમાં છે, અને ઘડી પછી કેવા વિચારવાળો થશે તે-વચારવું. રાગદ્વેષ રૂપ મોહના પુત્રો રખેને આત્માને મોક્ષમાર્ગમાં જતાં હરકત કરે. જેમ બને તેમ હે ચેતન! રાગાદિ શત્રુઓનો ક્ષણમાં પણ વિશ્વાસ રાખીશ નહિ. આ મહાવાક્યો હૃદયરૂપ કાગળમાં લખી રાખી- તે પ્રમાણે વર્તવા શુદ્ધોપયોગ ધારણ કરવો કે જેથી કર્મને આવવાનાં બારણાં રોકી શકાય.

(દુહા)

કર્મકર્મ જગ સૌ કરે, સમજે નહિ તસરૂપ;
કર્મશત્રુ સમજ્યા પછી, કેમ પડે ભવકૂપ. ૧

કર્મમર્મ દૂરીકરણ, આતમધર્મ ઉપાય;
કરતાં શિવસુખ સંપજે, જન્મમરણ દૂર જાય,

સમજુ સમજે સત્ય તે, કર્મ મર્મ કરે દૂર;
કર્મમર્મના નાશથી, હોવે શિવસુખ પૂર.

નગર પાદરાવાસી જે, વકીલ મોહનલાલ;
ઝવેરભાઇના કારણે, લખનાં મંગલમાલ.

મંગલ તે હિજ આતમા, સમજે ભવિ સુખકાર,
બુદ્ધિ સુખ શાશ્વત લહે, હોવે જય જયકાર;

આ લેખનો ઉતારો કોઇ સારી નોટમા કરી મનન કરશો કારણ કે આ લેખ લખતાં જે મારો આત્મા ઉલ્લાસ પામ્યો છે તે પોતેજ જાણે છે. તમારા ઉપર પત્ર લખતાંજ આત્મામાથી એવા ઉદ્‌ગારો નિકળે છે અને કોઇની આગળ એવા ઉદ્‌ગારો પ્રાયઃ આત્મામાથી નીકળતાં નથી. પૂર્વના લખેલા પત્રનો પણ સંગ્રહ કરી તેનો ઉતારો કરી લેવો. તે વાળી બીજી વાર વાંચતા વૈરાગ્ય જાગશે અને ઉદાસીનતા પ્રાપ્ત થશે. આ વાક્યો યોગ્ય જીવોની આગળ નીકળી શકે છે તેથી તેનું સંરક્ષણ કરવું. તે પ્રમાણે જેમ બને તેમ પ્રવૃત્તિ કરવી. આયુષ્ય અસ્થિર છે. કાળનો વિશ્વાસ નથી. ધર્મકાર્યમા વિઘ્ન ઘણાં આવે છે. આત્મા કંઇ ચિંતવે છે ને કર્મના યોગે કંઇ બને છે માટે અશુદ્ધઆલંબનનો ત્યાગ કરી શુદ્ધઆલંબન, ગ્રહણ કરવાં. નિત્યનિયમ પ્રમાણે આત્મિકહિત પ્રવૃત્તિ જારી રાખવી. મ ઝવેરભાઇ તમારી તરફ આવ્યા છે તેમને આ કાગળ વાચવાનો પ્રસંગ મળશે. એમ જાણી લખ્યો છેઃ વકીલજી નંદલાલભાઇને ધર્મલાભ કહેશો.



ક્ષાયિકચારિત્ર (સ્વગુણ સ્થિરતા રૂપ) આત્મામાં પ્રકાશે છે. આયુષ્યકર્મનો સંપૂર્ણ નાશ થતાં વારંવાર સંસારમાં જન્મ મરણ ધારણ કરવાં પડતાં નથી, અને મુક્તિમાં સાદિઅનંત સ્થિતિ ભાગે આત્મા રહે છે. નામકર્મનો નાશ થવાથી અરૂપીપણું આત્મામાં પ્રગટ થાય છે. ગોત્રકર્મનો નાશ થવાથી અગુરૂલઘુગુણ ઉત્પન્ન થાય છે. અન્તરાયકર્મનો નાશ થવાથી અનન્તવીર્ય (આત્મ શક્તિ રૂપ) આત્મામાં પ્રકાશે છે. એ આઠ ગુણો આત્મામાં છે પણ કર્મના જોરે આચ્છાદિત થયા હતા તે પાછા કર્મનો નાશ થવાથી સ્વસ્વરૂપે પ્રકાશે છે. એ આઠ ગુણ ઉપરાંત આત્મામાં અનંતા ગુણ રહ્યા છે કે જે તે ગુણો પામવાથી અનહદ સુખ ઉત્પન્ન થઇ શકે પણ આત્મા આત્માને ઓળખે તો સ્વગુણ પ્રગટ થઇ શકે.

આત્મનિષ્ઠ જ્ઞાન ગુણથી આત્માનું સ્વરૂપ જાણ્યા બાદ તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એજ તીર્થંકરમહારાજની આજ્ઞા છે. તીર્થ યાત્રા કરવી એ પણ કર્મક્ષય હેતુ છે. તેમાં પણ સિદ્ધાચલગિરિ ફર્શન દર્શન અનંત કર્મનો નાશ કરી શકે છે.

नमस्कारसमो मंत्रः, शत्रुंजयसमोगिरिः
वीतरागसमो देवो, न भूतो न भविष्यति ॥ १ ॥

નમસ્કાર સમોમંત્ર જગતમા કોઇ નથી, તેમજ પર્વતોમાં શત્રુંજ્ય સમાન બીજો કોઇ પર્વત નથી. કારણ કે તેના દર્શનથી વૈરભાવ દૂર થાય છે, એ સ્થાનમાં તીર્થંકરો મહર્ષિઓ આવી રાગદ્વેષરૂપી શત્રુનો જય કર્યો માટે તે પર્વત પણ શત્રુંજય એ નામે પ્રસિદ્ધ થયો છે. ભાવરાગદ્વેષરૂપી શત્રુનો નાશ કરવા એ ગિરિ કારણભૂત છે. એમ હૃદયમાં શ્રદ્ધા થવી જોઇએ. વળી શત્રુંજયતીર્થના સ્પર્શનાદિકથી મહાપાપી જીવો પણ દેવગતિ આદિ પામ્યા છે, પામશે અને હાલ પણ ભવ્યજીવો પામે છે કહ્યું છે કેઃ—

कृत्वा पापसहस्राणि, हत्वा जंतुशतानि च
इदं तीर्थसमासाद्य, तिर्यंचोऽपि दिवंगताः ॥ २ ॥

હજારો પાપ કરીને અને હજારો પ્રાણીઓનો નાશ કરનારા તિર્યંચ પશુપંખી વગેરે પણ આ તીર્થને પામી શુભભાવે દેવલોકમાં ગયા તો મનુષ્યનું શું કહેવું ? કારણ કે તિર્યંચાદિ પણ જો શુભભાવથી દેવલોકાદિ પામી શકે છે

તેટલાં સંભારી સંભારી શુદ્ધઅંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડં દેવો. ચોરી, જારી, છળ, કપટ, જીવની હિંસા, અસત્યવચન, દેવગુરૂધર્મની નિંદા કરી હોય તે સર્વે દુષ્કૃત્ય વૈરાગ્યપૂર્વક મનમાં સંભારી નિંદવાં કે જેથી પાપકર્મ આત્મા સાથે લાગેલાં છે તે નાશ પામતાં જાય. વળી મનમાં વિચારવું કે હે ચેતન! ઘણા સારા ભાવથી અહિં કર્મનો નાશ કરવા આવ્યો છે, માટે કંઇ પણ બાકી મૂકીશ નહિ. ભવ્યજીવોને એ ગિરિ સ્વપ્નમાં સુવર્ણનો દેખાય છે એ વાત સત્ય છે. એ ગિરિનાં ભાવથી દર્શન કરતો મનુષ્ય આત્માને ઉજ્જ્વલ કરે છે, અને પોતાનો સિદ્ધાચલ આત્મા તેનાં દર્શન કરે છે. એ ગિરિ ચડતાં જ્યારે અપ્રમત્ત હિંગળાજનો હડો આવે છે ત્યારે પાપનો ઘડો ફુટે છે. હિંગળાજ સુધી આવતાં ખુબ થાક લાગે છે. ત્યારે ચેતન થાક લેવા વિશ્રામ કરે છે. તે વખતે ભાવના ભાવવી કે હે ચેતન! મનમાં વિચાર કે તેં કોઇ વખત ભાવે કરી આત્મારૂપ સિદ્ધાચલ ગિરિનાં દર્શન કર્યાં હોત તો આ થાક લાગે છે તે લાગત નહિ. આ થાક તને લાગતો નથી, થાક પુદ્ગલને લાગે છે પણ તે તે સારો થાક લાગે છે કે જેથી તારાં ભવોભવનાં પાપ ચાલ્યાં જતાં, તું થાકરહીત થાય છે માટે ચડતા પરિણામ રાખ. સ્ત્રી પુત્ર પરિવારને માટે તેં ટાઢ, તડકા, ભૂખ, તૃષા ઇત્યાદિ ઘણું દુઃખ સહન કર્યાં પણ તે દુઃખથી મુક્તિપદ પામ્યો નહિ, પણ જો આ વખતે તું શરીરનું દુઃખ સહન કરીશ તો મુક્તિપદ સહેલું છે. એમ વિચારી શુભભાવે હે ચેતન ! આગળ વધ અને આદિનાથના દર્શન કરી આત્મસ્વરૂપ પ્રાપ્ત કર. એમ વળી આગળ ચાલતાં પાડવો વિગેરેનાં દર્શન કરી વિચારો કે અહો ! તે પુણ્યવંતા મહાભાગ્યવાન હતા. તેઓ પણ એક વખત આ જગત્માંથી ચાલ્યા ગયા. તો હે ચેતન! વિચાર કે તું કેમ પારકી વસ્તુ પોતાની માની પાપની પ્રવૃત્તિ કર્યાં કરે છે. મરતી વખતે જીવની સાથે પુણ્ય ને પાપ આવે છે. માટે આત્મધ્યાનીઓ તો શાસ્ત્રાનુસારે પુણ્ય અને પાપનો પણ ત્યાગ કરી સિદ્ધ સ્થાનમાં બીરાજે છે. જે જીવ ભાવથી શત્રુંજય પર ચડે છે તે જીવ પોતાને ઉત્પન્ન થયેલા એવા જે સારા ભાવ તેથી ગુણશ્રેણિપર ચડી કેવલજ્ઞાન પામી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

વળી આગળ ચડતાં તેં વિચારવું કે અરે ! હું આ ગિરિ ચડતો ચડતો હું કયા ધ્યાનમાં વર્તું છું. રખેને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો મનમાં પ્રવેશ થાય. ધર્મધ્યાનથી આત્મા નિર્મલ થતો જાય ઉપર ચડી નવટુંક વગેરેના દર્શન કરી જન્મ સફળ કરે છે. ભાવથી આત્મગુણનું આરાધન કરતો

વસોથી લે૦—વિ૦ અહિંથી તમારા ઉપર પત્ર લખ્યો છે. તે વાંચીને સમભાવે સંસારસ્વરૂપ નિત્ય વિચારતાં, અનેક પાપોને સંભારી પશ્ચાત્તાપ કરતાં, ગિરિરાજના સ્પર્શનયોગે આત્મગુણસ્પર્શન અત્યંત સુખ આપશે. જીવે અનાદિકાળ મિથ્યાત્વદશામાં ગુમાવ્યો પણ હવે એવો ઉદ્યમ કરવો કે જેથી ચારગતિમાં થતું ગમનાગમન બંધ પડી શાશ્વત સુખ પામી શકાય. આ ચેતને અનંતવાર પુદ્ગલસ્વરૂપશરીર ધારણ કરી પુદ્ગલસ્વરૂપ ભોજન ઇત્યાદિભક્ષણ કર્યાં, પણ હજી તે થકી ક્યારે દૂર થશે? અને શાન્તિસ્વરૂપ પામશે, તે મનમાં વિચારવું. શ્રી. આનંદઘનજી મહાવાક્યબોધ કહે છે કેઃ—

માન અપમાન ચિત્ત સમગણે, સમગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમગણે, ઇસ્યો હોય તું જાણ રે–શાન્તિ.........૧
સર્વ જગજંતુને સમગણે, સમગણે તૃણ મણિભાવ રે;
મુક્તિ સંસાર બિહુ સમગણે, મુણે ભવજળનિધિ નાવ રે–શાન્તિ... ૨

ઇત્યાદિ વાક્યોથી આત્માને લાગેલો મેલ દૂર કરવા પ્રયત્ન કરવો એ આત્માને હિતશિક્ષા છે. પરની નિન્દાથી પરાઙ્મુખ રહેવું ને કોઇની નિન્દા તેવા સ્થળે સાંભળવી પણ નહિ. પરિણામ ચડતા રહે ત્યાંસુધી ત્યાં નિવાસ ઉત્તમ છે કે જેથી વિશેષ લાભ થાય. સમભાવે સિદ્ધાચલ ગિરિરાજપર મૌન ધારણ કરી ચડવું ને શરીરની શક્તિ મુજબ પરિણામ વધે તેમ ધર્મકાર્ય કરવું. ઉપર એકાન્તજગાએ બે ત્રણ કલાક એકાગ્રચિત્તથી આત્મસ્વરૂપ વિચારવું. ભવ્ય જીવે સમજવું કે પુનઃ પુનઃ અહિં આવવું દુષ્કર છે. કુટુંબ ઉપર પણ આ સ્થળે ગુસ્સે થવું નહિ, કોઇને છેતરવું નહિ, રત્નદીપે જઇ પરિપૂર્ણ કમાવું એ દૃષ્ટાંતમાં ખાલી જાય ને ભર્યો આવે, ભર્યો જાય ને ખાલી આવે એ-માંથી ખાલી જાય ને ભર્યો આવે તે ધર્મ આશ્રયી જાણવું. પાપે કરી ભર્યાજીવો અહિં આવે છે પણ ખાલી થઇ જાય છે એવા આત્મ સિદ્ધાચલ સ્થાનને નમસ્કાર હો.

ૐ ३ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ
(સંવત્ ૧૯૫૯ ના ફાગણ વદિ ૫)

× × × ×

અને એ દૃષ્ટાન્તની પ્રતીતિ ધર્મલાભ થાઓ. ગંગુ, માતા, નાગરા, નર્મદા, કાશ્મીર સુધીની ભૂમિ નિહાળી છે. પણ આત્માના અસંખ્યપ્રદેશોરૂપઆત્માને જ્ઞાનથી દેખવામાં આવે, એજ આશ્ચર્ય છે.

આત્મદ્રવ્યની ઘર મેર, નથી સત્ય સ્થિર
અંતરમાંહે સ્થિર થા', પરપુદ્ગલ પરિહાર......૧
વસીએ મેં હૃદયધામમાં, પામો પણ વિશ્વ
પરમાનંદ સ્વામી, ધરો મંગલમાલ......૨

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ (તા. ૨૦-૩-૧૯૦૩)

× × × ×

ભાવનગરના શેઠ—ચિ. આત્માએ કર્માનુસારે મનુષ્યશરીર ધારણ કરી નિત્યકર્મના દક્ષિણાપથઅંતના ક્ષેત્રસ્પર્શના કરવા માંડી છે. હવે ક્યાં સુધી ફરશે તે જાણી જાણે. શરીરવડે જેમ બહારના ક્ષેત્રની સ્પર્શના થાય છે તેમ જો આત્માના ઉપયોગેકરી આત્માના અસંખ્યાતપ્રદેશની સ્પર્શના થાય તો ચતુર્ગતિભ્રમણભ્રમણ ભાગી જાય, અને તત્ક્ષણ શાશ્વતઆત્મસુખની આત્માનેજ પ્રાપ્તિ થાય. કહ્યું છે કેઃ—

ચારગતિભવભ્રમણનો, હેતુકર્મ કહાય;
તેના યોગે આતમા, જન્મમરણ દુઃખ પાય. ૧
જન્મમરણ દુઃખ પામતો, મનમાંહી મુંઝાય;
મુંઝાતો એ આતમા, બહિરાતમપદ પાય. ૨
બહિરાતમપદ અનુભવે, કાળઅનાદિ ધાર;
ખાતોપીતો ખેલતો, મમતા કરે અપાર. ૩
મમતા ડાકિની અંશો, કરતો પાપ અઘોર;
ફુદે નાચે આતમા, કરતો શોર બકોર. ૪
રાગપરિગ્રહ મનથકી, દુઃખે અળગો થાય;
અસંગો જેને એ થયો, તેને શિવસુખ થાય. ૫

જૈન જીનેશ્વર વૈદ્ય જ્યાં, દવા ધર્મ જ્યાં ખાસ;
રોગી બનીને આપનાં, થાવે રોગ વિનાશ. ૧૯

સંવર કરણી ધર્મ છે, અપથ્ય અવિરતિ જાણું;
ત્યાગે પામે આતમા, અનુભવ નિર્મલ જ્ઞાન. ૨૦

કુગુરૂવૈદ્યો જ્યાં મલ્યા, થાશે શી ગતિ તાસ;
દવા મલી જ્યાં ઉલટી, ત્યાં કિમ શિવસુખ આશ. ૨૧

ખાનારો પણ મૂઢ જ્યાં, મલિયો યોગેયોગ;
તે શિવ સુખ કિમ? પામશે, આતમ નહિ ઉપયોગ. ૨૨

કાડ ઉપરનો ખડુ કર્યો, પણ નહિ આતમભાન,
તર્યાં કહો કયું તારશે, જસ નહિ સમ્યગ્જ્ઞાન. ૨૩

સમ્યગ્જ્ઞાનવિના કહી, કિરિયા જુઠ કહાણ;
આતમ અનુભવજ્ઞાનથી, કિરિયા સફલી જાણ. ૨૪

કિરિયા પંચક જાણજ્યો, આતમ અનુભવકાજ;
આતમજ્ઞાન વિના કહી, કિરિયા અંધ સમાજ. ૨૫

અનજ વિંગરસ થકી, ચાર ગતિમાં ભમંત;
તહેતુ અમૃતથકી, કેવલજ્ઞાન લહંત. ૨૬

જાણે નહિ હું રોગીયો, દાતણથી ત્યા આશ;
રોગ જાણો તેહને, જે છે પુદ્ગલદાસ. ૨૭

પુદ્ગલપર પ્રીતિ કરે, પુદ્ગલ માને સાર,
પુદ્ગલપર જસ રાગદ્વેષ, તે છે ભર ભમનાર. ૨૮

આતમઋદ્ધિ પોતની, પુદ્ગલ માને ઋદ્ધિ.
તે શિવસુખ કિમ પામશે, જસ નહિ આતમસિદ્ધિ ૨૯

મનહર પુદ્ગલ વસ્તુને, દેખી મન લલચાય.
પુદ્ગલનરી આતમા, મુક્તિ કહો કિમ થાય ૩૦

આ ધન આ ઘર પ્યારામુજ, મનોહર પ્યારી કાય.
પુદ્ગલ પ્યાર જેહને, તે મુક્તિ કિમ પાય. ૩૧

પ્યારા સ્ત્રી પુત્રો બહુ, તે વણ ઘડી ન જાય.
[illegible] મન વર્તે [illegible] તે મુક્તિ કેમ પાય ૩૨

સત્ય એ શિક્ષા જિનતણી, જાણો ચેતન રાય;
કરો ન નિંદા પારકી, તો મુક્તિ સુખ થાય. ૪૮

મત મતવાદી હઠ કરી, કહેતા આત્મવિચાર;
સમજ્યા નહિ તે આપડા, કયમ પામે ભવપાર. ૪૯

નિર્જનસ્થળમાં બેસીને, ધ્યાવે ચેતનરાય;
અસંખ્ય પ્રદેશી નિર્મલો, આતમ મુક્ત કહાય. ૫૦

લોયણી ગામે શોભતા, મલ્લિજીણંદ પસાય;
દર્શન કરતાં તેમનાં, સ્તવતાં મન હર્ષાય. ૫૧

અનુભવ બાવની એ કહી, વાંચે જે ધરી પ્યાર;
સત્યસ્વરૂપ લહી આતમા, પામે ભવજલ પાર. ૫૨

સમય (સિદ્ધાંત) સાર વિચારીને, કીધી એ હિત લાય;
હઠકદાગ્રહ ત્યાગીને, વાંચે તે શિવ પાય. ૫૪

તરવું છે જીવ એહથી, નિમિત્ત શુદ્ધ કહાય;
સમજુ સમજે ચિત્તમાં, સત્ય પરમ સુખ પાય. ૫૫

અનુભવ આતમનો કરી, સદ્ગુરૂવાણી પસાય;
બુદ્ધિસાગર સુખ લહે, ચિદાનંદ પદપાય. ૫૬

એ તાત્વિકસુખ પામ્યા જીવોને કાંઇપણ દુઃખ નથી, એની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો તે સફળ છે તે વિના બાકીનો કાળ અલેખે જાણવો. એક એક ઘડી કરોડો રૂપીઆ ખર્ચે પણ મળે નહિ તેવી છે તેને જે ખરાબ કામોમાં ગુમાવી દેછે તે મૂઢ જાણવો. જેટલો વખત આત્મશાંતિમાં ગયો વા જાય છે અને જશે તેટલો લેખે વખત જાણવો. એજ. **પરમપુરૂષ જિનેશ્વર-વચનામૃત છે.** એજ વીર સંવત્ ૨૪૨૯ના વૈશાખ સુદિ બીજ

× × × ×

વડોદરેથી લે૦—વિ૦

૧. જીવને પ્રમાદ છે એમ ક્યારે સમજાય ?

સ્વસ્વભાવ રમણતાના ઉપયોગમાંથી અન્યત્ર ઉપયોગ જાય—ત્યારે નિશ્ચયથી પ્રમાદ જાણવો. વ્યવહારથી ધર્મસાધન હેતુથી અન્યત્ર પરિણમન થાય ત્યારે પ્રમાદ કહેવાય છે.

૨. જીવને ઉદયજ છે એમ ક્યારે ગણવો ?

અષ્ટકર્મનું સૂક્ષ્મદૃષ્ટિથી સ્વરૂપ સમજાયા બાદ જીવ ઘાતીકર્મ અને અઘાતીકર્મનો ઉદય જાણી શકે છે. ઘાતીકર્મનો ઉદય નિકાચિત અને અનિકાચિત છે તે બે પ્રકારના ઉદયને જીવ જ્ઞાનથી જાણે છે. પુરૂષાર્થની પ્રવૃત્તિ કર્યા બાદ પશ્ચાત્ ઉદયનું સ્વરૂપ માલૂમ પડે છે માટે સદુદ્યમવિહીન થવું નહિ. સદુદ્યમ કરતા નિષ્ફળતાથી શ્રુતજ્ઞાનીને તો અનુમાનથી ઉદય સમજાય છે. અઘાતિકર્મ જે ચાર છે તે તો તીર્થંકરને પણ ઉદયાધીનપણે ભોગવવાં પડે છે. ઘાતીકર્મના પરમાણુસ્કંધોની વર્ગણા ઉપરજ લક્ષ્ય દૃષ્ટિ નાંખી આત્મસ્વરૂપમાં રમવાથી કર્મ ખરે છે, માટે ઉદ્યમમા પ્રવૃત્ત થવું. પરભાવપરિણતિના ઉદ્યમથી કર્મ બંધાય છે અને સ્વસ્વભાવપરિણતિના ઉદ્યમથી કર્મ છૂટે છે. આત્મધ્યાન, આત્મરમણતા, આત્મજ્ઞાનાદિનું પ્રવર્તન ખરેખર આત્મશુદ્ધિ કરનાર છે.

૩. મોહ છે એમ ક્યારે જાણવું ?

મોહનું સ્વરૂપ સમજાયા બાદ મનમા મોહના વિચારો થાય છે તે સમજાય છે. (ક્રોધ, માન, માયા, લોભ એ સર્વ મળી મોહ છે) મોહની પરિણતિ પોતે જ્ઞાની આત્મા મનથી જાણી શકે છે, પરમા રમણતા થાય અને આત્મામાં રમણતા ન થાય ત્યારે જ્ઞાની પુરૂષો જાણે છે કે–જીવ મોહની પરિણતિમાં લીન થયો છે. રાગદ્વેષની પરિણતિનું, ઉત્થાન ન થાય અને આત્મા સ્વસ્વરૂપ ઉપયોગમા લીન થાય ત્યારે સમજવું કે તે વખતે મોહનો ઉદય નથી. આવી સ્થિતિને નિશ્ચયચારિત્ર થાય છે અને તેવી સ્થિતિના હેતુઓને વ્યવહારચારિત્ર કહે છે. ઇત્યાદિ મોહનું સ્વરૂપ જ્ઞાનીઓ સમજે છે ત્યારે પરભાવથી દૂર રહી સ્વસ્વભાવરમણતામા સ્થિર રહે છે.

૪. અનુકંપા છે એમ ક્યારે જાણવું ?

દ્રવ્યદયાના પરિણામથી–દ્રવ્ય અનુકંપા, અને ભાવદયાના પરિણામથી ભાવઅનુકંપા સમજવી. બે પ્રકારની અનુકંપાનું સૂક્ષ્મસ્વરૂપ સમજવાથી,

પશ્ચાત્ પોતાના અંતરૂપ્રદેશમાં ઉપયોગ મૂકવાથી માલુમ પડે છે કે, મને અમુક અનુકંપા વર્તે છે, જ્ઞાની સમજી શકે છે " સવી જીવ કરૂં શાસન રસી " ઇત્યાદિ ભાવઅનુકંપાના પરિણામ કહેવાય છે. પોતાના પરિણામ જેવા ઉત્પન્ન થાય છે, તે પોતે જ્ઞાની જાણી શકે છે. આત્માની સ્થિતિ પોતેજ જ્ઞાનથી જાણી શકે છે. પોતે મનમાં જે વિચાર કરે છે તેની પોતાને ખાત્રી થાય છે કે મેં અમુક જાતનો વિચાર કર્યો પણ તે વિચારને અન્ય જાણી શકે નહિ વ્યવહાર વર્તન (વર્તના ચારિત્ર) માટે બાહ્યના આચારો ઉપર આધાર રહે છે અને અંતરના શુદ્ધાશુદ્ધપરિણામ ઉપર અંતરના વિચારનો આધાર છે. વ્યવહારવર્તનથી બીજાઓ અનુમાન ઉપર આવે કે અમુક અમુક કૃત્ય કરે છે તેથી તે આવો હોવો જોઇએ અને નિશ્ચયપરિણામ જે આત્મપરિણતિ છે તેની તો ખાત્રી પોતાને થાય છે વા કેવળજ્ઞાનીને થાય છે. બીજા શ્રુતજ્ઞાનીઓને અનુમાન ઉપર ખાત્રીને માટે રહેવું પડે છે. આત્મજ્ઞાન અને અંતરથી રમણતાનો દેખાવ વાણી બોલતાં અનુમાનથી વિશિષ્ટ જ્ઞાની જાણે છે, પણ આત્મા પોતે પોતાના માટે પરીક્ષક છે તેમ અન્ય પ્રત્યક્ષપણે તેટલો પરીક્ષક નથી.

૫. પરમાણુના વર્ણ, ગંધ-રસ-અને સ્પર્શરૂપ પર્યાય પોતાના સ્વભાવથી બદલાય છે. માટે તે વિશ્રસા પરિણામ છે. વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શનો અગુરુલઘુ ગુણની સમયે સમયે ઉત્પાદ-વ્યય થાય છે. એમ તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે.

૬. પરમાણુ પારદર્શક છે કે નહિ ?

એક પરમાણુ પારદર્શક નથી પણ તેનામાં પારદર્શક થવાની યોગ્યતા રહેલ છે તે સંબંધી ઘણી ચર્ચા છે.

૭. એક પરમાણુનું પ્રતિબિંબ પડતું નથી ?

તત્ત્વાર્થસૂત્રમાં પરમાણુ અધિકારમાં એક પરમાણુનું પ્રતિબિંબ પડે નહિ તેમ કહ્યું છે. પુદ્ગલસ્કંધનું પ્રતિબિંબ પડે છે એમ ઘણી ચર્ચા થયા બાદ તત્ત્વાર્થવૃત્તિથી પુદ્ગલસ્વરૂપ જોઈ શાસ્ત્રાધારે નિર્ણય કર્યો છે ક્ષયોપશમ અનુસારે જે સમજાયું તેટલું લખ્યું છે વિ. સૂક્ષ્મઉપયોગીઓ જાણે.

× × × . ×

નિન્દતમા વંચનાથી તો, મહત્તા ના કદી થાતી;
સમાલોચી જીવન સઘળું, પ્રતિક્રમણે કરો શુદ્ધિ. ૧૪

પ્રથમમાર્ગાનુસારી જે, થતો તે ધર્મને પામે;
કરો ઝાઝું વદો થોડું, જગત સહુ જાગુરી સાચું. ૧૫

સુધારે ભૂલ પોતાની, નિહાળે ભૂલ પોતાની;
ખરી તેની થતી પ્રગતિ, થતો તે સર્વનો સ્વામી. ૧૬

ગુણો સામા ધરે દષ્ટિ, જગત્ તત્ર પાછળે વહેશે;
બુદ્ધ્યબ્ધિસ્વોન્નતિમાર્ગે, વળા કર સત્ય ઉપયોગે. ૧૭

× × × ×

મુ. કાવીઠા શા. મણીલાલ રતનચંદભાઇ.

કર્મનો અનુલ્લંઘનીય નિયમ સર્વત્ર વ્યાપી રહ્યો છે. મનુષ્ય જે પ્રકારનું કર્મ કરે છે તે પ્રકારનું તેને ફળ પ્રાપ્ત થાય છે સુખદુઃખ અવશ્ય ભોગવવાં પડે છે ' સુખ આવે સદા સુખ નહિ જાણવું, દુઃખ આવે સદા દુઃખ જાણવું નહિ.' વચન વિચારીને બોલતાં આત્મહિત વિશેષ થાય છે. દુઃખ વિના સુખનો અનુભવ થતો નથી. જેને પોતાનું ધારીએ છીએ અને જેને માટે મનમાં હજારો વિચારો કરીએ છીએ તે વસ્તુ પોતાનાથી દૂર રહે છે ત્યાં કર્મ વિના બીજું કયું કારણ ? મધુબિંદુ સુખની ભ્રાંતિથી જીવ, દેવ, સતશાસ્ત્રને ભૂલી મોહમાયામા પડે છે, અને દુઃખનો ને અનુભવ કરે છે. જેનું દીલ સ્વચ્છ છે તેનું આખુ જગત્ મિત્ર છે. અપરાધ ઉપર ક્ષમા એ સજ્જનોનો ધર્મ છે. આપણે કયા બેઠા છીએ. ગયો વખત કેમ ગયો તેનો વિચાર કરો. મોક્ષ પ્રાપ્તિની આશા. કરો. દુનિયા દુઃખની ક્યારી છે તેનો અનુભવ હજી થાય છે ને થશે, અંતે ક્યાંસુધી શરીર પોતાનું " શું સાથે આવશે, વિચારો !! વિચારો !! વિનય, વિવેક, કરૂણાનું સેવન હિતકારી છે. હાલ કયી સ્થિતિ અનુભવો છો ? શું તેમાં સાર છે ? સંસારમા રહેતાં પણ સંસારથી ન્યારા રહેવું. દુનીઆ ગુણ દોષની આરસી છે. દુનીઆ દોરંગી છે. સર્વ જીવને કીર્તિ અને અપકીર્તિ એ આંખની પેઠે સાથે રહે છે. નિડરપણે વર્તવું. ગંભીર થવું, હજી ઘણું કરવાનું છે, જે થાય છે. તે સારા માટે. ગમે તેવી સ્થિતિમાં આનંદ માનવો. ધર્મસાધન કરશો.

નિજાત્માને વિકસાવાને, નિજાત્માનું કર્યા કરજે;
નિજાત્માને છુપાવ્યાથી, અધર્મી થાય છે માનવ. ૧૪
નિજાત્માવત્ પરાત્માઓ, ત્રિલોકે તે થતો ધર્મી,
બુદ્ધયબ્ધિદષ્ટિસૃષ્ટિની, અલૌકિક રમ્યતા દેખો. ૧૫

× × × ×

મુ. પાદરા શા. મો. હિ.

મોહાદિ અશુદ્ધવૃત્તિઓથી ભિન્ન એવા શુદ્ધાત્માનો શુદ્ધોપયોગે અનુભવ કરવો.

વૈરાગ્યપરિણામ અન્તે પરિપક્વ થઇ આનન્દરૂપમાં લીન થઇ જઇ સત્ય નિર્ભયતાનો ખ્યાલ આપે એવી રીતે આત્મામાં આત્મરૂપ થઇ પરિણમવું.

અન્તર્મુખોપયોગ રહે એવા સદ્આલંબનો વડે સદા ઘેરાઈ જવું કે જેથી બહિર્મુખવૃત્તિનું બળ થઈ શકે નહિ.

શુભાશુભની કલ્પના શાથી ઉઠે છે ? તેનો વિચાર કરવો અને અનેક પ્રકારની કામનાઓ જ્યાંથી ઉઠે છે તેનું મૂળ તપાસી સર્વેચ્છાઓથી પેલીપાર સ્વશુદ્ધધર્મ છે એવો અનુભવ કરવો.

વિકલ્પસંકલ્પ કેવી રીતે ઉઠે છે ? તેનો સૂક્ષ્મખ્યાલ કરવો. વિકલ્પસંકલ્પ દશાવિનાનું નિર્વિકલ્પદશાના અભ્યાસાર્થે મનમા કંઇ પણ બાહ્યનું ન ચિંતવાય એવો ઉપયોગ રાખવો.

જલમા તરવાના અભ્યાસની પેઠે બાહ્યપદાર્થોમા આવશ્યકપ્રવૃત્તિ પ્રસંગે શુભાશુભસ્વભાવની પરિણતિવિના પ્રવૃત્તિ થાય એવો ખાસ ઉપયોગ રાખીને અભ્યાસ સેવવો.

તા. ૨-૨-૧૫ એ લખ્યો છે.

× × × ×

તે જીવો મુક્ત થયા-થાય છે અને થશે, કે જેઓએ આત્મામાં ભાવચોમાસું કર્યું હતું તથા જેઓ કરે છે અને કરશે. સાધ્યદૃષ્ટિએ ઉપયોગની મુખ્યતાએ બાહ્યક્ષેત્રનું ચોમાસું સ્થિરતામાં ઉપકારી થાય છે. એમ ભાવના ભાવું છું. જે જીવો આપણા નિમિત્તે ધર્મના સન્મુખ થવાના હોય છે તેજ આપણા આલંબનને સેવી શકે છે અને તેઓના મનમાં તેવા પ્રકારની રૂચિ પ્રગટે છે. બાકી અન્યોને તારવાને માટે અહંવૃત્તિની સ્ફુરણા માત્ર પણ ન થાય એવી રીતે ઉપયોગ રાખવાની જરૂર છે. જ્યાં ત્યાં ચોમાસું થાય પણ આત્માના ગુણો પ્રગટાવવા એજ મુખ્ય ઉદ્દેશ છે એવી દશામાં રહેવા ઇચ્છું છું.

× × × ×

મુ. મુંબાથી લે૦ પાદરા મધ્યે શા. મો. હિ.

હાલ તો વિહારપ્રવૃત્તિએ નિસ્સંગદશાજન્યચેતન ધર્માનુભવપ્રદેશમાં વિહરાય એમ કથંચિત્ યોગ્યતાએ ઉપશમાદિભાવે બની શકે એ સ્વાભાવિક છે.

શાસ્ત્રો સર્વે નકશારૂપ, અનુભવે પ્રત્યક્ષ સ્વરૂપ;
યથાદસ્ય આદર્શે ગાય, તથા રૂપ છે ચેતનરાય. ૧

ઔપશમાદિ અનુભવ થાય, પરિણમન અન્તર્ પરખાય;
આત્મિકભાવે શુદ્ધ જીવાય, મનન સ્મરણ લેખે સહુ થાય. ૨


પરિપૂર્ણ આવે વિશ્વાસ, અનુભવમાં જો આવે ખાસ;
કાલલબ્ધિથી થાવે પાત્ર, અનુભવ ત્યારે વેદે માત્ર. ૩

વૃત્તિથી જે અનુભવ થાય, વૃત્તિમાંહી તેહ સમાય;
નિવૃત્તિથી અનુભવ થાય, તે તો આવ્યો કદા ન જાય. ૪

અસંખ્યવૃત્તિ અનુભવભેદ, આત્માનુભવથી નિર્વેદ;
આત્માનુભવભેદ અપાર, ગુણસ્થાનકપરિણામ વિચાર. ૫

પ્રગટાવે જે સહજાનંદ, ટાળે મિથ્યાવૃત્તિ ફન્દ;
સ્વાભાવિક પ્રગટાવે જ્ઞાન, અનુભવે વિરલા મસ્તાન. ૬

ક્ષણે ક્ષણે એનો અભ્યાસ, સંસ્કારી થાવે તે ખાસ;
અનુક્રમે અધિકારી થાય, વ્યવહરતાં નિશ્ચયતા થાય. ૭



મુકામ વડાલી. લે૦—બુદ્ધિસાગર. શ્રી પાદરાતત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક વકીલ શા. મોહનલાલભાઇ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ. વિશેષ હાલમાં તમારો પત્ર નથી તેનું શું કારણ છે તે જણાવશો. અહીં પત્રનો જવાબ આપો. હાલમાં સમયસારપ્રાભૃતની ટીકા વાંચી સમાપ્ત કરી. તમો હાલ શું વાંચો છો તે જણાવો. શરીર નરમ તો નથી ને ? અત્રથી બનશે તો કુંભારીયા તરફ જઇશું. મણિલાલ, બાપુ, વગેરેને ધર્મલાભ. માણેકલાલ આવતા હશે તેમને ધર્મલાભ જણાવશો. ધર્મસાધન કરશો. ઉપાધિ વગેરે સંયોગોમાં શુદ્ધધર્મનો ઉપયોગ રાખી ધર્મની આરાધના કરવી. મનની ચંચલતા હઠાવ્યાવિના ખરી શાન્તિ થવાની નથી. વૈરાગ્ય, ત્યાગ અને જ્ઞાન એ ત્રણે ગુણવડે મનની સ્થિરતા સાધી શકાય છે. એ ત્રણ ગુણમાં જેની ન્યૂનતાવર્તે છે તે અંશે મનમાં વિકલ્પસંકલ્પ થયા કરે છે. સાધુના સમાગમે, પુષ્ટનિમિત્તયોગે આત્મા પોતાના ધર્મમાં વર્તે છે, પોતાની સ્થિરતા ગમે ત્યારે પણ આત્મબળને સ્ફોરવ્યાવિના થનાર નથી. ગમે તેવા સંયોગોમાં મગજની સમનોલતા રાખીને વ્યવહાર જાળવી અન્તરૂથી આત્માના શુદ્ધોપયોગમાં રમણતા કરવાની જરૂર છે અને તે પ્રમાણે આત્મોત્સાહે પ્રવૃત્તિ કરવા લક્ષ્ય દેવાની જરૂર છે. તા. ૨૯-૧-૧૫.

× . × ×

વિસનગરથી લી૦—પાદરા મધ્યે મો. હિ. યોગ્ય ધર્મલાભ.

પદ.

વ્હાલમજી ઘોને દર્શન રે, વિયોગે કેમ તલસાવો,
સંતાઇ પિંડમાંહી રે, કેમ ના પ્રગટ થાવો;
તડાવડે ક્ષણ લાખવર્ષસમ, ઉઠે દીલમાં આગ,
જ્યાં ત્યાં જોઉં ત્યાં સહુ સૂનું, વિરહનું દુઃખ અથાગ.
પ્યારને સમ કહું પ્રભુ રે, ઉદાસ નહિ કરશો લાવો વ્હાલમજી. ૧
ત્હારી જ્યોતિ ઉજ્વલ મ્હારૂં, શોધું તુંને સદાય,
પ્રેમ પાત્ર પુરૂષોત્તમ સ્વામી, તુજવણ ના રહેવાય;
રહીને છાનો જગમાં રે, પ્રેમીના ચિત્ત હતો મ્હારો. વ્હાલમજી. ૨

ધ્યેયણુ કરી સદ્ભૂત ધર્મમાં ઉપયોગી થશો. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગનો વ્યવહારથી અને નિશ્ચયથી વિવેક કરીને આત્મપરિણામની શુદ્ધતા થાય અને તેવા ઉપયોગમાં રહેવાય તે માટે ખાસ લક્ષ દેશો. આત્માના પર્યાયોનું સત્તાગ્રાહકનયની અપેક્ષાએ ધ્યાન ધરીને તલ્લીન થવાથી વ્યક્તિની અપેક્ષાએ આત્માના જ્ઞાનાદિપર્યાયોનો આવિર્ભાવ અર્થાત્ શુદ્ધતા થાય છે. શુદ્ધપર્યાયનયની અપેક્ષાએ આત્માના ગુણ પર્યાયોના ઉપયોગમાં સ્થિર રહેવાથી આત્મપર્યાયોની શુદ્ધતા થાય છે. આત્માની જ્ઞાન્ પરિણતિમાં પોતાના આત્માની જેવી ધ્યેય દશા પરિણમાવવામાં આવે તેવો આત્મા બને છે. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ ત્રણ કાલમાં એક સરખો આત્મા છે. ધ્યાન ધરવાની ઉપર પ્રમાણે બે યુક્તિયો બતાવી તે પ્રમાણે ધ્યાન ધરીને આત્માના ગુણોમાં તલ્લીન થવાથી પોતાના આત્માના શુદ્ધપર્યાયો રૂપ પરમાત્મતા પોતાનામાં અનુભવાય છે. એવો અનુભવ ખરેખર તેમાં લીન થવાથી પ્રાપ્ત થાય છે. સિદ્ધાંતદ્વારા ઉપયુક્ત ધ્યાનપરિણતિમાં તલ્લીન થવાથી આ કાલમાં તેનો અનુભવ આવે તે યોગ્ય છે. ધર્મ સાધનમાં ઉપયોગની મુખ્યતા છે. તા. ૧૮-૧૧-૧૪.

× × × ×

મુકામ પાદરા વકીલજી શા. મોહનલાલ હીમચંદ યોગ્ય ધર્મ લાભ.

વિ. નીચે લખેલું પદ મનન કરશો.

પ્રભુજી ત્હને મળવા રે, જીવ મારો તલપી રહ્યો;
ત્હારા વણ્ કયાય ન ગમતું રે, અકળાઇ હવે ખૂબ ગયો;
તુજને મળવા કરવું ઘટે તે, કરતો પ્રેમે સર્વ;
હવે શું કરવું બાકી રહીયું, કીધા ઉપાયો ખર્વ;
મળે તે રીતે મળવા રે, ભક્તિભાવે ઉમહ્યો. પ્રભુજી-૧

ભવતાપે તપીયું મન બહુલું, રંજે નહિ ત્યાં ચિત્ત;
મ્હારૂં તે સહુ ત્હારૂં કીધું, માગે શું મળવા વિત્ત ?
આજીજી કરવી ઘટતી રે, તે તે સહુ કરી રહ્યો. પ્રભુજી. ૨

વૃત્તિથી બાંધી તુજ માટી, શ્રદ્ધા ભક્તિ બેશ;
નિર્ગ્રંથિથી તુજને મળવા, રૂચિ વધતી હમેશ,
દ્વિધાભાવ યોગે રે, પરોક્ષે ખૂબ વિરહે દહ્યો. પ્રભુજી. ૩

થવાથી તે જે જે કરે છે તે સર્વ સવળું પરિણમે છે. ધનાદિક જડ વસ્તુઓ કરતાં આત્માની કિમ્મત જેને અનન્ત ગુણી વિશેષ ભાસતી નથી તે સમ્યક્ત્વનો અધિકારી શી રીતે થઇ શકે વારૂ? સમ્યક્ત્વ પામ્યાવિના આત્માના ઉપર રંગ ચોંટતો નથી. સ્યાદ્વાદનયે આત્મા ઓળખવો એ કંઇ સહેજ વાત નથી. આરોપિતધર્મમાં જેની વાસ્તવિકધર્મબુદ્ધિ થાય છે એવા અજ્ઞાનીઓ ઉપાદાન ધર્મને સેવી શકતા નથી. આ કાલમાં ધર્મનો ખરેખરો રંગ લાગવો એ જણવા કરતા કંઇક અનન્તગુણાધિક વિશેષકાર્ય છે. સાધ્યની સાપેક્ષા વિનાનો વ્યવહાર તે સાંસારિકફલ પ્રદછે. જ્યારે ધર્મના ઉપદેશ સંબંધી વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે ધર્મનું ખરેખરૂં સ્વરૂપ સમજવા માટે યોગ્ય શ્રોતાઓની ખોટ માલુમ પડે છે. ગાડરીયા પ્રવાહની રીતિએ લોકો ધર્મ સાંભળે છે. ઉખર ભૂમિમાં પડેલી વર્ષાની પેઠે પ્રાયઃ ધર્મના ઉપદેશની પ્રવૃત્તિ થાય છે. દ્રવ્યાનુયોગ અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ ગ્રહણ કરવાને શ્રોતા નીકળી શકે વિરલા શ્રોતા મળે તેમ છે. જનધર્મપૂજા પ્રતિક્રમણ, તપ, જપાદિ ક્રિયા કરનારાઓ પૈકી આત્માનું શું સ્વરૂપ છે તે સમજનારા પ્રાયઃ કોઇ વિરલા દેખાય છે, છતાં પણ વ્યવહારાધિકાર પ્રમાણે ફર્જ અદા કરીને ઉપદેશપ્રવૃત્તિ કરાય છે. હાલ પણે વા આવ્યો છે અને કેરૂ વા આવ્યો છે. ગમનાગમનમાં હજી અડચણ પડતી નથી. દવા ચાલે છે. જેવું પ્રારબ્ધ બાંધ્યું હોય છે તેનું ભોગવ્યાવિના છૂટકો નથી. દીનતાએ ભોગવ્યા કરતા સમભાવે શરતા લાવી ભોગવવામા રૂચિ, પ્રવૃત્તિ રહે છે. માણસાનું ચોમાસુ પૂર્ણ થવા આવશે. સૂયગડાંગસૂત્ર વ્યાખ્યાનમાં પૂર્ણ થશે. નવપદપ્રકરણવૃત્તિના વ્યાખ્યાનમા બેપદ પૂર્ણ થયા છે. ભાવ લાવીને વ્યાખ્યાન કરાય છે પરંતુ બાળજીવો તેમની બુદ્ધિના અનુસારે ગ્રહણ કરે છે. દરેક ઠેકાણે વ્યાખ્યાનનુ મહત્ત્વ અને તેનો સાર ખેંચનારા વિરલ કેઇક મનુષ્યો હોય છે. બાકી ગાડરીઓ પ્રવાહ સર્વત્ર વર્તે છે. જૈનવાણીયાઓને ઉપદેશની અસર થતી હોય અને તે કાયમ રહેતી હોય એમ વિચારતા, અવલોકતા મોટા ભાગે સમજાતું નથી. છતા વ્યવહારફર્જથી ઉપદેશપ્રવૃત્તિ તો સેવવી પડે છે. ધર્મરૂચિ, જ્ઞાનરૂચિ, ઉપદેશરૂચિ, સાધુસેવારૂચિવાળાજીવો પ્રાયઃ વિરલ દેખાય છે. એમા શોક કરવાની જરૂર નથી. આગમના અનુસારે વસ્તુતત્ત્વ વિચારતાં જીવોની પરિણતિ અનેકપ્રકારની દેખાય છે તેથી ઉલટી સમભાવની પુષ્ટિ થાય છે. આત્માના અધ્યવસાયોની ઉજ્જવલતા થાય અને આત્મા સ્વસ્વભાવમા રમણતા કરે એવા જાગતા સત્પુરૂષોની સંગતિ મળવી દુર્લભ છે. નિષ્કામવૃત્તિએ ધર્મકર્મને સેવવાની પ્રવૃત્તિ થવી એ દુર્લભ છે. અધ્યાત્મજ્ઞાનપૂર્વક

[illegible]

[illegible]

મુ૦ પાદરા મધ્યે શા. મો. વિ. સંવત ૧૯૭૧ ના માગશર સુદિ ૭.

પાંચમા ગુણ સ્થાનકમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે આત્મધ્યાન અને રૌદ્રધ્યાનમાં આલંબનો ઘણાં છે. અજ્ઞાની જીવ તો ધર્મધ્યાનનાં આલંબનોને પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનાં આલંબનોરૂપે પરિણમાવી શકે છે. તીવ્રવૈરાગી, આત્માર્થી, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના હેતુઓને નિષ્ફળ કરે છે અર્થાત્ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના હેતુઓ પણ ધર્મધ્યાનની લેશ્યાઓને ફેરવી ન શકે એવો વૈરાગ્ય અને જ્ઞાનદ્વારા પુરૂષાર્થ સ્ફોરવે છે. જ્ઞાન અને વૈરાગ્યદ્વારા આત્મ પુરૂષાર્થ સ્ફોરવ્યા વિના આત્મગુણોનો આવિર્ભાવ થતો નથી. ધર્મધ્યાનના પ્રભાવથી આત્મા પોતાની સિદ્ધતા સમ્મુખ થાય છે. સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકમાં **धर्मध्यान भवत्यत्र, मुख्यवृत्त्या जिनोदितं, रुपातीततया शुक्ल-मपिस्यादंशमात्रतः** (ગુણ સ્થાનક ક્રમારોહ) અંશ માત્રથી રૂપાતીત શુકલધ્યાન પણ હોય છે. અપ્રમત્ત મુનિયો ધ્યાન પ્રભાવે શુકલધ્યાનની ઝાંખી પ્રાપ્તિ કરીને આત્માનુભવને પ્રાપ્ત કરે છે. રૂપાતીત ધ્યાનયોગે અંશથી રૂપાતીત આત્મસ્વરૂપની ઝાંખી અનુભવાય છે. આ કાલમાં સાતમા ગુણસ્થાનક સુધીની હદ છે. તેથી અધ્યાત્મશાસ્ત્રોના અનુભવીધ્યાની અપ્રમત્ત મુનિયો તેવી ધ્યાનદશામાં રહીને આ કાળમાં રૂપાતીત આત્મસ્વરૂપ ઝાંખીનો શુકલધ્યાનના અંશથી અનુભવ કરીને મુક્તિસુખને આત્મામાં અહીંઆંજ અનુભવે છે. અપ્રમત્તદશામાંથી પુનઃ પ્રમત્ત દશામાં આવતા આત્મજ્ઞાનિમુનિયોને આત્મ સુખનો સ્વાદ પોતાની સ્મૃતિમાં રહે છે. તેથી પુનઃ અપ્રમત્તદશામાટે સતત પ્રયત્ન કરે છે અને પુનઃ તેને પ્રાપ્ત કરે છે. આવી દશામાં ક્ષણ માત્ર સ્થિતિ થવાથી પૌદ્ગલિક સુખની ઇહા ટળે છે અને આત્મસુખનો પરિપૂર્ણ વિશ્વાસ પ્રગટે છે, અને તેના યોગે અનેક ઘોર પરિષહો સહી શકાય છે અને નામ રૂપથી ભિન્ન આત્મસ્વરૂપના અનુભવમાં મસ્ત રહીને દોરંગી દુનિયાના શબ્દોને ભૂલાય છે અને આત્મામાં આત્મા લયલીન રહે છે. તા. ૨૫-૧૧-૧૪

× × × ×

મુ. પાદરા મધ્યે વકીલજી શા. મોહનલાલ હિમચંદભાઇ ધર્મલાભ. અત્ર શારીરિક આરોગ્ય નરમગરમ વર્ત્યા કરે છે. સર્વ જીવોના પ્રદેશોની સાથે આત્માના પ્રદેશોની એક સરખી સમાનતા અનુભવાય અને આત્મપ્રદેશોમાં સર્વ સાથી રહે અને તેથી અન્ય પદાર્થોમાં શુભાશુભત્વ ન પ્રગટે એવી રીતે અન્તરમાં ઉપયોગ બાંધે ધ્યાન પરંપરાને સેવાય છે અને તેથી આત્મપ્રદેશો મને તેના હોવા છતાં અન્તરમાં શુભાશુભ પરિણામ કેટલેક અંશે ટળવાથી સદાનન્દની પેનનો અનુભવ થાય છે. સર્વ વિશ્વમાં આત્મપ્રદેશોનું એક ધ્યાન કરાય છે. બે ત્રણ માસથી આવું ધ્યાન વિશેષ પ્રકારે કરાય છે તેથી આત્માની શુદ્ધપરિણતિ, સમભાવદશા, નવીન અનુભવ અને મુક્ત નિઃસંગતામાં વૃદ્ધિ અનુભવાય છે. સર્વ આગમોનું સાર આવો એક છે એમ અનુભવાય છે. આત્મસ્વભાવ જે કંઇ વેદના વેદાય ત્યારે તે વેદના છતાં અન્તરમાં આ ધ્યાનથી શાન્તિ રહે છે. સર્વ જીવોના સર્વત્ર આત્મપ્રદેશો જ્ઞાનાદિકથી ભરપુર છે એવું એક નિશ્ચયપણે ધ્યાન કરતાં સર્વ જીવો પર શુદ્ધપ્રેમ, સર્વ જીવોની સાથે ઐક્ય અને રાગાદિ સંસ્કારોનો નાશ થતો હોય એમ અનુભવાય છે. આત્માના જ્ઞાનાદિગુણ [illegible]

[illegible]

મુ. પાદરા મધ્યે શા. મોહનલાલ હીમચંદભાઇ. વિ. લાલ યોગ્ય ધર્મલાભ. ધર્મધ્યાન સ્વાધ્યાય યથાશક્તિ પ્રવર્તે છે, ધર્મપુસ્તકોનું અવલોકન થાય છે. વત્थુ सहावोधम्मो (वस्तु स्वभावः धर्मः) એ સૂત્રથી આત્માનો વાસ્તવિકસ્વભાવ તેજ આત્માનો ધર્મ છે એ ધર્મનો અનુભવ કરવાને જડ અને ચેતન-દ્રવ્યની વહેંચણ કરીને સ્વધર્મમાં રાગદ્વેષની પરિણતિના અભાવે રમણતા કરવી જોઇએ. આત્માનો સ્વભાવ ખરેખર આત્મરૂપે સ્થિર થયાવિના અનુભવાતો નથી અને તે વિના ખરો ભાવ પ્રગટતો નથી. આત્માને આત્મરૂપ બનીને અનુભવવો જોઇએ. રાગદ્વેષાત્મક મનના ધર્મમાં રહીને શુદ્ધાનન્દરૂપ આત્માનો અનુભવ કરી શકાતો નથી. આત્મરૂપ બનીને આત્મા વા પરમાત્માની રમણતા રૂપ અનુભવ કરવામાં આવે છે તે ચારિત્ર કોટીનો અનુભવ કહેવાય છે. આવી આત્મદશા કર્યાવિના મોહવૃત્તિથી મરી શકાતું નથી અને આત્મભાવે સજીવન થઇ અમર થઇ શકાતું નથી. આવી આત્મસ્વભાવધર્મદશા માટે તેના યોગ્ય જ્ઞાનસંસ્કાર અને ચારિત્રસંસ્કારને હૃદયમાં પાડવા જોઇએ, અને તેનો મનન યત્ન કરવો જોઇએ. કારનુ કે તેવી દશાવિના કર્મરૂપ શત્રુના ભારે ઉછાળા વખતે સ્વતંત્ર રહી શકાતું નથી. જ્યારે કર્મનો ઉછાળો મન્દ હોય તે વખતે આત્મધર્મમા રમણતા કરવાનો ખરો સમય છે અને તેવો સમય પોતાના અનુભવથી જાણી શકાય ને મોહવૃત્તિથી સર્વથા છૂટવાનો આરો આવે છે. આત્મા પોતાની સ્વતંત્રતા પ્રાપ્તઃ કરે તેજ તેની નગદ કમાણી છે તેમાં ઉપયોગ પુન. પુનઃ દેવો જોઇએ. તા. ૪-૧-૧૪.

× × × ×

મુ. પાદરા મધ્યે વકીલ શા. મોહનલાલ હિમચંદભાઇ. તમો ત્યાં ગમન કરી આધ્યાત્મિક સાધનો એમ લખ્યું તે. સ્થાવર તીર્થની યાત્રા-એ આત્મતીર્થની યાત્રામાં પ્રાપ્ત થઇ શકાય અને અંતરાત્માને આત્મામાં પરિણમાવીને શુદ્ધોપયોગે સહજાનન્દ રસની ઝાંખી થાય એવી રીતે આત્માનુભવ ગોઠવવાની જરૂર છે. આત્માનુભવના ઉલ્લાસોથી આત્મા ઉન્નતિ થાય અને ચારિત્રમાર્ગ પર ધ્યાન ન રહે એવું શુદ્ધાત્મસ્વરૂપ અનુભવાય એવું મોહાન્ધકારમાં મગ્ન ન રહેવું જોઇએ. સ્થિર એવા સ્થિરતા ભાવસ્થિતિની સ્થિરતા ભાવભાવ એજ ઉત્તમ સાધન યોગ્ય છે. અનુકૂળ જેવા સ્થિર:

મુ. પાદરામધ્યે વકીલજી શા. મોહનલાલ હિમચંદભાઇ ધર્મલાભ.
ધર્મના પુસ્તકોનું અવલંબન લેઇ આત્માની પરિણતિ સુધારવા દરરોજ અપ્રમત્તપણે પ્રવર્તવું યોગ્ય છે. અવલંબનયોગે આત્માની પરિણતિશુદ્ધ રહે છે અને આત્માનુભવમાં વૃદ્ધિ થાય છે. મનુષ્યે જ્યાં ત્યાં પોતાની ચારે બાજુએ ગમે તે કાલે જ્ઞાનવૈરાગ્યનાં વિચારવાતાવરણો ગોઠવી રાખવાં જોઇએ કે જેથી તેને જાગ્રત્ રહેવાનું બની શકે. આત્માના ગુણો માટે સ્વાધિકારે પ્રયત્ન કર્યાજ કરવો. ગમે તેવા સંયોગોમાં બાહ્યકર્તવ્ય અને અન્તરકર્તવ્યનો ભિન્નોપયોગ રહે એવી આત્માની ઉચ્ચ દશા કરવી જોઇએ. એ બાબતમાં તીવ્રભાવનાપૂર્વક અભ્યાસપ્રવૃત્તિ સેવ્યા કરવી. તા. ૨૨–૨–૧૫

× × × ×

મુ. પાદરા મધ્યે શા. મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ

આપણે આપણી ફર્જ બજાવ્યા કરવી. જેને જેવી અસર થવાની હશે તેવી થશે. તત્સંબંધી કર્તવ્યફર્જ બજાવ્યા કરતાં વિશેષ કંઇ વિચારવાનું રહેતું નથી. શ્રીમદ્ દેવચંદ્રજીની ચોવીશપર જે પ્રસ્તાવના લખી છે તેના કરતાં જો કહેવામાં આવ્યું હોત તો સારી પ્રસ્તાવના લખી આપી તેમાં સુધારો કરી આપત. દેવચંદ્રજીનાં સર્વ પુસ્તકોનો એક ચોપડો થાય તો તે પર પ્રસ્તાવના લખવાનું ઠીક બની શકે. જો જે અધ્યાત્મજ્ઞાનીઓ થયા તેના સર્વ ગ્રન્થો ભેગા કરી એક પુસ્તક તરીકે કરવામાં આવે તો તે ઉપરથી વાચકોને ઘણો લાભ મળી શકે. વિશેષ હાલ ઉપાધિથી નિવૃત્તિ સેવાય છે, કંઇક વંચાય છે, અનુભવાય છે અને હાલ શાન્ત જીવનની ભાવિરેખા આલેખાય છે. ભાવનામાં શ્રુતજ્ઞાનના આલંબનથી ઉચ્ચ પરિણામ રહી શકે છે, આત્માના આનુભવિકજ્ઞાનની પરિપક્વતાની પ્રવૃત્તિમાં કંઇક કંઇક પ્રયત્ન કરી શકાય છે. શુદ્ધોપયોગે આત્માની રમણતાથી આત્માના સત્યસુખનો અનુભવ આવે છે, તેની પ્રાપ્તિમાં જીવન વહોએજ. તા. ૧૦–૫–૧૫

× × × ×

મુ. અમદાવાદ મધ્યે શા. તેમચંદભાઈ ધરાભાઈ યોગ્ય ધર્મલાભ

ચેતન શક્તિ વધારો, તમારી ચેતન શક્તિ વધારો;
હિમ્મત હૈરે ન હારો, ... તમારી૦

નિયમિતવ્યવસ્થાક્રમે રે, ધર્માભ્યાસ સુધારો;
વાંચી મનન કરી ઘણું રે, તત્ત્વ હૃદયમાં ઉતારો. તમારી૦૧

સતતાભ્યાસોત્સાહથી રે, થાશે ઉદય તમારો;
શ્રદ્ધાભક્તિ ભાવથી રે, કાર્ય સિદ્ધિ અવધારો. તમારી૦૨

આત્મામાં સર્વે રહ્યું રે, અનુભવ આવે સારો;
બુદ્ધિસાગર ધર્મનો રે, મળીયો સેવ્યા વારો. તમારી૦૩

હે આર્ય, ક્રમેક્રમે ખંત, દઈ, સતતાભ્યાસ, ધૈર્ય અને અનુકૂલ સંયોગોવડે આત્માના ગુણોમાં વૃદ્ધિ કરવી એજ મનુષ્ય જન્મનું કર્તવ્ય સ્વદૃષ્ટિ આગળ સદા ખડું થવું જોઇએ. મનુષ્ય પોતાના દૃઢ સંકલ્પથી આત્મકાર્યની સિદ્ધિ કરી શકે છે. વાચનમાં એક મીનીટ જાય તો મનનમા પા કલાક જાય એવી રીતે સ્થિર ચિત્તથી વાચન કરવામાં આવે તો તેથી હૃદયમાં જ્ઞાનના સંસ્કાર દૃઢપણે જામે છે અને તેનો પ્રાદુર્ભાવ ખરેખર વહેલો થાય છે ઉત્સાહ અને હિમ્મતથી પ્રત્યેક આવશ્યક કાર્યોમાં સાધ્યદૃષ્ટિથી પ્રવર્તવું.

× × × ×

મુ. અમદાવાદ મધ્યે શા. જ. મૂ. ન. પ. યોગ્ય ધર્મલાભ

નાચ્યો પામે પ્રતિદિન ઘણી મારી તારી કરાની
એથી ઝાઝું નહિ નહિ કર્યું, જેમ જ્ઞાનીજ જાની.
આ સંસારે પરવશપણું મેળવી હાય હેએ..
શું શું કીધું હૃદય ઉતરી જ્ઞાનથી પૂર્ણ પેખો. ૧

આધારોમાં સતુ ભાસતું દેખતું ના. ખરું શું.
[illegible]
[illegible]
[illegible] ૨

મુકામ—લોદરા૦ લેખક. બુદ્ધિસાગર. સુશ્રાવક આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ.

૧ જેમ બને તેમ આત્માના સ્વરૂપનો એકાન્તમાં વિચાર કરો.

૨ ગુરૂશ્રદ્ધા પ્રીતિભક્તિથી આત્મસ્વરૂપનો અનુભવ ખીલે એ નિશ્ચય છે.

૩ જડ અને ચેતનની ભિન્નતાનો આનુભવિક નિશ્ચય કરીને આત્મસુખનો અનુભવ કરો.

૪ જે જે દુઃખના વિચારો છે તેથી નિઃસંગ થાઓ.

૫ મનમાં દુઃખનો એક વિચાર માત્ર ન આવે એવી ઉપયોગ દશાનો અનુભવ કરવા અભ્યાસી બનો.

૬ ચોથા આરામાં જેવું કેવલજ્ઞાન પ્રાપ્ત કરવું તેવું આ ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું એમ અવબોધવું.

૭ જ્ઞાનગર્ભિતવૈરાગ્ય પ્રગટવો જોઇએ.

૮ તેવી દશાનાં સાધનોવડે પૂર્ણોત્સાહી થવું જોઇએ.

૯ સત્સમાગમના વિરહને અત્યંત પ્રિયમિત્રના વિરહ સમાન અનુભવવો જોઇએ.

૧૦ આત્માનો અનુભવ આત્મના સ્વયમેવ આત્મા તેની સાક્ષી પૂરશે.

૧૧ મન વચન અને કાયાના યોગને નકામી બાબતોમા વાપરવાના કરતાં તે થકી વિરામ પામવાની પ્રવૃત્તિને ક્ષણે ક્ષણે સેવો.

૧૨ જ્યાંથી આત્મસ્વરૂપનો અનુભવ થાય એવી તીવ્રરૂચિ ખાસ પ્રગટવી જોઇએ અને તેની સ્વાત્મા સાક્ષી પૂરે એમ ખાસ પોતાને અનુભવ થવો જોઇએ.

૧૩ સદ્ગુરૂ વચનામૃતોને સૂક્ષ્મોપયોગથી વારંવાર મનન કરો અને તેથી વિરામ ન પામો.

× × × ×

ન્યારા પન્થો સકલજનના સર્વની વાત ન્યારી
સાચું લાગે ગ્રહણ કર તે શાન્તતા ચિત્ત ધારી. ૪
શ્રદ્ધા, ભક્તિ, પ્રેમથી તરવો આ સંસાર
સેવક થઇ સ્વામી બનો ગુરૂ ચરણ ગ્રહીસાર. ૫

ૐ ૨ શાન્તિઃ ૨

× × × ×

મુકામ. લોદરા૦ લે. બુદ્ધિસાગર. શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ.

અધ્યાત્મકલ્પ વૃક્ષની રક્ષા કરો રક્ષા કરો
રખવાળની રક્ષા કરો ને વાડની રક્ષા કરો
જે વૃક્ષફળના સ્વાદથી આનન્દ દરિયો ઉછળે
તે વૃક્ષના શુભ ક્ષેત્રની રક્ષા કરો મોટા બળે. ૧
જે યોગીઓનું શાન્ત સરવર તેહની રક્ષા કરો
જે જે પ્રસંગે જે ઘટે તેમાંજ બળને વાપરો
અધ્યાત્મરસના પોષકોની સેવના સાચી કરો
દુર્જનતણું બળ ટાળવા સુયુક્તિઓ દિલમાં ધરો. ૨
અધ્યાત્મરસના નાશકોના સર્વ બળને સંહરો
અધ્યાત્મરસને પોષવા વ્યવહાર શક્તિ વાપરો
સાચા ગુરૂના સેવકો નિજ આત્મબળને વાપરે
બુદ્ધયબ્ધિસૂરિ ધર્મરક્ષકક્ષત્રિયો ધાર્યું કરે. ૩

ૐ ૨ શાન્તિ

× × × ×

મુ. વડાલી૦ લે. બુદ્ધિસાગર સં. ૧૯૭૧ ના માહ સુદિ ૧૨ શ્રી સાણંદ તત્ર.) શા. આત્મારામ ખેમચંદ તથા શા. કેશવલાલ નાગજી યોગ્ય ધર્મલાભ.

કવ્વાલી.

લખેલો પત્ર તવ વાંચ્યો, હકીકત સહુ લખી જાણી;
વિચારે દેવદર્શનને, થતો ઉપદેશ જૈનોને. ૧

ઘણાં જિનમન્દિરો જૂનાં, વળી પેઠ અહ્લામાં;
તથા દેરાસ પોળોમાં, નિહાળો તો મન બનો. ૨

હજી કુંભારીયા આબુ, જવાનું પ્રાય થવાનું;
રૂચે તો લાભ લેવાને, કદી ના ભૂલ આ વખતે. ૩

હતી જાહોજલાલી બહુ, અહો પૂર્વજ જૈનોની;
જણાતી ના અધુના એ, ગતિ છે દૈવની ન્યારી. ૪

હજી તો જૈનબન્ધુઓ, પડ્યા છે ઘોરનિદ્રામાં;
પરસ્પર ક્લેશ કંકાસે, નકામું આયુ ગાળે છે. ૫

ભણે ના ધર્મની વિદ્યા, પરસ્પર સંપી ના ચાલે;
અરે આ શી ? દશા આવી, રહી ના પડતીમાં બાકી. ૬

વધે છે ક્લેશ જૈનોમાં, ખરાબીઓ વધે તેથી;
ઘટે છે જૈનની વસતિ, થશે શું ભાવિમાં એથી. ૭

ઘણા નિર્ધન અરે જૈનો, ભમે ના ભીખ માગે છે;
મરે રખડી ઘણા બાળો, ઘણા વટલાય છે જૈનો. ૮

ગૃહસ્થો લક્ષ્મીના મદની, કરે છે રાખ લક્ષ્મીની;
કરે ના સાહાય્ય તેઓની, સ્વધર્મિની સગાઈ ક્યાં. ૯

નકામા ખર્ચ જૈનોમાં, થતી લખલૂંટ લક્ષ્મીની;
ગુરૂઓ પોક પાડીને, કથે તેની અસર ક્યાં છે. ૧૦

સ્વચ્છન્દે વર્તતા જૈનો, નહી મજબૂતતા સાચું;
ભમાવ્યાથી કુગુરૂઓના, નિષેધે ભેખમાં પથરા. ૧૧

ગુરૂકુલો વિના પ્રગતિ, થવાની ના ગૃહસ્થોમાં;
સુધારો એજ જૈનોને, ખરેખર દાવ હસ્તાનો. ૧૨

કહ્યા શાસ્ત્ર અને જૈનો ધર્મ એ મત અને ભિન્ન;
નિહાળે ના અને અન્ય, પ્રતિમા કહ્યા પાપ. ૧૩

પ્રતિ ચિન્હ નિરખીની, કરી ગઇ ન ઘાતકી;
મુર્ખ જૈનો અને કરંગી, મુઝમમ ઘણું થતું ના હોય. ૧૪

હવે તો આજથી જાગો, અરે હો ત્યજી ઝઘડો;
સ્વા જૈનોન્નતિ કાર્યો, તમારૂં હિત છે તેમાં. ૧૫

છોડો ઉપનામોને, તજીને કલેશ કાર્યો;
કરો મેળ ઉદય માટે, પરસ્પર સાહાય્ય આપીને. ૧૬

પરસ્પર મૈત્રી ધારીને, નાશમાં ક્લેશ ટાળો;
લક્ષ્ય મોટી ધરી દૃષ્ટિ, કરો જૈનોન્નતિ સેવા. ૧૭

ગુરૂ આજ્ઞા ધરી શીર્ષે હો ના સંકોચ પાછાં,
બુદ્ધ્યબ્ધિસાગર શિક્ષા, પ્રમાણે વર્તજો જૈનો. ૧૮

ૐ શાન્તિઃ ૩

× × × ×

મુકામ માણસા

સુશ્રાવક ભક્ત આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ.

૧ દુનિયાના શુભાશુભ શબ્દો નામ અને રૂપથી સ્વાત્મા ભિન્ન જાણ્યો હોય છે તોજ ચિન્તા શોક અને રોગથી ઘણા અંશે મુક્ત થઇ શકાય છે.

૨ આત્માના અનુભવ પ્રમાણે વા સ્ફુરણા પ્રમાણે વર્તીએ તો મગજ ઠેકાણે રહી શકે છે.

૩ મનપર થતો શોકચિંતાદિનો બોજો ન્યૂન કરાય છે તોજ સ્વભાન રહે છે.

૪ નકામી જીંદગી સંબંધી કલ્પનાઓ કરીને આત્મહત્યા કરવી તેના સમું કોઇ પાપ નથી. નપુંસક મડદાલ મનુષ્યોને સ્વજીંદગી ખરાબ લાગે છે. મનુષ્યની જીંદગી વારંવાર મળની નથી.

૫ અશુભ વિચારોથી અનીષ્ટપરિણામ આવે છે. આખી દુનિયા સામી પડે તોપણ આત્મજ્ઞાની સમભાવે તે સર્વ સહીને કર્મયોગી બનેછે.

૬ જે આ ભવમાં સહન કરવાનું છે તેનાથી બ્હીશો અને છટકશો તો પરભવમાં તે ભોગવ્યા વિના છૂટકો થવાનો નથી માટે પુરૂષાર્થ આત્મથી હિમ્મત ધારણકર અને બહાદુર બન !!! બને તો જન્માસ્થાનનો બદલોકર.

૭ જરા અપજશની બ્રાન્તિથી દૂર રહે. આનંદમય પોતાનો આત્મા છે તેના ઉપર કોઇની અસર નથી એમ દેખ. એજ ગુરૂની આજ્ઞા પાળ !! ૐ શાન્તિ ૩

× × × ×

ૐ શાન્તિ ૩

શેઠ ધર્મલાલ. વિશેષ ગુરૂકુલ માટે લખ્યું તે જાણ્યું. તે સંબંધી વિચારદ્વારા માર્ગ દેખાડવાનો આપણો મુખ્ય ધર્મ છે માટે જે કરે તેને કરવા દો. પરિપૂર્ણ સાધનોની સિદ્ધિ થયા બાદ જે કરવાનું હશે તે કરાશે. તેમા સામગ્રી ઉત્સાહ પ્રયત્ન માટે પરસ્પર હૃદયની સહાયતા ખાની ભેગો × × × × × × જૈન પત્રમાં દર રવિવારે ગુરૂકુલ સંબંધી લેખો લખીને કેવી યોજનાઓથી કેવું કરવું ન માટે ચર્ચા કરો. ગુરૂકુલની કેવી યોજનાઓ જોઇએ તે સંબંધી જાહેર વિદ્વાનોના અભિપ્રાયો માટે જાહેરમાં લેખોની માગણી કરો. ગુરૂકુલની વિદ્યા લોકો સમજે અને તેની ખરી જરૂરી [illegible] થાય એ [illegible] માટે લેખો [illegible] ધર્મ સાધન કરશો.

× × × ×

[illegible]

[illegible]

[illegible]

રચનાર્થં વિજ્ઞપ્તિ તમોએ કરી તે સ્વીકારવામાં આવે છે અને તેની અવસરે પ્રવૃત્તિ કરીશ. બાલમિત્રમંડલે બાલ્યકાલમાં અત્યુત્તમ ગુરૂ ભક્તિ સેવા પ્રચારક સાહસ કર્યું છે અને તેનો પ્રઘોષ વિશ્વમાં પાડવા પ્રયત્ન કર્યો છે. તેથી હું પ્રમુદિત 'બનું છું'. તમારા આવા પ્રશંસનીયકાર્યો તમારા જીવનમાં વારંવાર થાઓ અને તેથી તમો સ્વપર આત્માઓની ઉન્નતિ કરવા ભાગ્યશાલી બનો એમ આશીઃ દઉંછું તે સફલ થાઓ. હાલ જેવો ઉત્સાહ છે તેવો ભવિષ્યમાં રહેશે કે કેમ તે વિચારશો. વિ. તમારા બાલ મિત્રમંડલના સર્વ બંધુઓ આવી બોધ લ્યો. તમારા શુભ વિચારોની વૃદ્ધિ થાય એમ અને એ ઇચ્છું છું વિદ્યાર્થી જીવનને ઉન્નત કરવા પ્રયત્ન કરશો. તમારી આત્મોન્નતિ થાય એવા પ્રયત્નો જારી રાખશો. તમોએ જયંતીમાં અગ્રભાગ લીધો તેથી હું તમને ધન્યવાદ દઉં છું અને ભાવી હશે તો તમારા શુભોત્સાહની વૃદ્ધિમાં મારાથી બનતી સાહાય્ય આપી તમને ઉચ્ચ કરવા પ્રયત્ન કરીશ. જે જે વક્તાઓએ ભાષણ આપ્યાં તેઓને ધર્મલાભ પૂર્વક ધન્યવાદ આપું છું. ધર્મ સાધન કરશો. ધર્મકાર્ય લખશો. ૐ૨ શાન્તિઃ ૨

× × × ×

મુ. માણસા લે.................

શ્રી સાનન્દ તત્ર શ્રદ્ધાદિ ગુણાલંકૃત સુશ્રાવક આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર આવ્યો વાંચી સમાચાર અવબોધ્યા. આત્મશાન્તિ માટે અધ્યાત્મશાસ્ત્રોનો ઘણો અભ્યાસ કરવો જોઇએ અને ગુરૂગમ લેવા માટે ગુરૂના પાસાવેડી અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. પ્રભુનો સાક્ષાત્કાર કરવો અને અધ્યાત્મજ્ઞાનવડે આત્માનો અનુભવ સાક્ષાત્કાર કરવો એ એકજ છે. અધ્યાત્મજ્ઞાની ગુરૂના પાસાં વેઠવાથી અધ્યાત્મ શાંતિ પ્રાપ્ત થઇ શકે છે. અતએવ અધ્યાત્મશાસ્ત્રોના અભ્યાસ પૂર્વક ગુરૂગમ લેવા ગુરૂ પાસા સેવવા પ્રયત્ન કરશો. જેની લગની લાગે છે તેની પ્રાપ્તિ કરી શકાય છે. અધ્યાત્મ જ્ઞાનની લગની લાગ્યા પશ્ચાત્ ઉન્મનીભાવ પ્રાપ્ત થાય છે. તમોગુણી ભક્તિ, રજોગુણી ભક્તિથી ઉત્તમ એવી સાત્વિક ભક્તિની પ્રાપ્તી કરવી જોઇએ અને પ્રીતિદ્વારા ગુરૂનું હૃદય લેવા ગુરૂનાં બનાવેલાં સર્વ પુસ્તકોના સર્વ આશયો ધ્યાનમા રાખીને વાંચી તેના ભાવા-

થઈને હૃદયમાં ધારવો જોઈએ એટલે આત્માનન્દના અધિકારી બનવાને યોગ્ય થશો. ૩ ૐ શાન્તિઃ ૩

× × × ×

મુકામ. અમદાવાદથી લે૦—બુદ્ધિસાગર. સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. વિ. પત્ર પહોંચ્યો. શ્રાવકનાં પ્રાતઃ કૃત્યોની યોજનાઓને જાણવી હોય તો શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય વગેરે ગ્રન્થોમાંથી મળી આવશે. ધર્મસંગ્રહપ્રકરણમાંથી શ્રાવકોના આચારોનું અને વિચારોનું વિવેચન મળી આવશે. તે ગ્રન્થોનું પૂર્ણ મનન કરીને પરસ્પર વિરોધ આવતો હોય તેનું સમાધાન કરી લેવું. ધાર્મિકકાર્યોમાં જે ચિન્તાઓ હોવાથી લાભ થતું તમને પત્રદ્વારા વિશેષ લખી શકું તેમ નથી. પ્રાતઃકાલમાં કરવાં આવશ્યક હોય તો છ આવશ્યક કરવા યોગ્ય છે અને તેની પૂર્વે આત્માનું શુદ્ધસ્વરૂપ ધ્યાવવા યોગ્ય છે. આત્માનું શુદ્ધસ્વરૂપ કેવી રીતે ધ્યાવવું જોઈએ તેનું પરમાત્મજ્યોતિ, સમાધિશતક, આત્મપ્રકાશ, યોગદીપક વગેરેમાં વિસ્તારથી સ્પષ્ટીકરણ કર્યું છે. પૂર્વાચાર્યોના ગ્રન્થોમાં તત્સંબંધી સમ્યક્ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

આત્માનું શુદ્ધસ્વરૂપ ધ્યાવવાથી જીવનમાં સુધારો આવતો નથી અને જો જીવનમાં સુધારો થાય નહિ તો સમજવું કે આત્માના શુદ્ધસ્વરૂપનું ધ્યાન બરાબરી રીતે કરવામાં આવ્યું નથી. [illegible] તો જાણી લેવું. [illegible] તે કરી લેવું. [illegible] શક્તિની સાથે [illegible] છે. જ્યાં સુધી જને પોતાને જાણી શકાતો નથી ત્યાં સુધી જને અન્ય જાણી શકાતા નથી અને તેના આપી ઈશ્વરને જાણવા સમર્થ થવાતું નથી.

આત્મજ્ઞાનના [illegible] વિકાસ થાય તેમ શક્તિયો અને ગુણો [illegible] ગુણોની [illegible] સન્તોષ, [illegible] ક્ષમા, [illegible] આત્માની પરમાત્મતા પ્રગટ [illegible] ઈર્ષ્યા, નિન્દા, [illegible] અને આનન્દના [illegible] છે.

× × × ×

[illegible]

[illegible]

મુકામ પેથાપુર. લે૦ ....

સુશ્રાવક આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર મળ્યો તમો જે માટે લખો છો તે સત્ય નથી. માટે તે વાત કરવી યોગ્ય નથી તેમ છતાં તમારો આત્મા એકાન્ત રાગદૃષ્ટિએ વા ભોળપણે તેમ કરવા હા પાડતો હોય વા તમારીદૃષ્ટિએ તમને સત્ય જણાતું હોય તો તેમાં અમારી ના નથી. ભવિષ્યમાં પરિણામ સારૂં નથી. રાગના સ્થાને વૈરાગ્યની જરૂર છે અને સમતાથી કાર્ય કરવાની જરૂર છે. ઝાંઝવાનું જલ તે ખરૂં જલ નથી છતાં મૃગો ભ્રાન્તિથી દોડીને થાકી જાય છે. વ્યાવહારિકરીતિએ અને ધાર્મિકરીતિએ જે કર્તવ્ય કરવાનો ત્હારા શીર્ષ પર બોજો છે તે વહ્યા કર. શ્રાવકના અધિકાર પ્રમાણે દરરોજ પ્રવૃત્તિ કર. પરવસ્તુમાં નકામો ભ્રાન્તિથી મુંઝાઇને અસત્યસંબંધોને સત્ય સંબંધો માની લેઇ વિકલ્પ સંકલ્પ કરી દિવ્ય માર્ગથી શા માટે ભ્રષ્ટ થાય છે. ત્હારે કોઇની જરૂર નથી. ત્હારા આત્માને સુધાર. જ્ઞાનાભ્યાસમાં વૃદ્ધિ કર. સુંઠના ગાંગડે ગાંધી માનીને આગળ અભ્યાસ કરવામાં જે પ્રમાદ કરે છે, તેથી ભવિષ્યમાં પશ્ચાત્તાપ પામીશ, માટે પ્રકરણો વગેરેનો અભ્યાસ કર. કોઇની અપેક્ષા ન રાખ. ત્હારા વ્યાપારમાં લક્ષ રાખ. કર્તવ્ય પ્રમાણે પ્રવર્ત્યા વિના પુસ્તકોના વાચન માત્રથી ખરૂં જ્ઞાન થતું નથી. શાસ્ત્રોનું જ્ઞાન કરવા પ્રયત્ન કર. ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કર. આત્મસાક્ષીએ રૂચે તે કર. ત્હને રૂચે તે કર. હું તેમાં માથું મારવા ઇચ્છતો નથી. ૐ ૩ શાન્તિઃ ૩

× × × ×

મુકામ. પેથાપુર. લે૦ ....

સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. જે મહાત્મા સ્વામી પાસે પ્રાણાયામ કરવા વિચાર રાખો છો તે પણ અહિંઆ આવશે ત્યારે આ દેશમાં .... તેમની પાસે તમને મોકલવામા આવશે માટે ઇચ્છા હોય તો અત્ર આવવું × × × × × વિશેષ–હિમ્મત ન હારી જવી. પત્થર જેવી છાતી રાખીને વર્તવું. કદી ગભરાઇ જવું નહિ. ગભરાઇ જવું એ બાયલા નપુંસકનું લક્ષણ છે. કર્મયોગીઓ હજારો વિપત્તિયો વચ્ચે ઉભા

રહ્યા અને રહે છે. તેઓ ધર્મને સમજનારા જાણવા. ત્યારે તકનો ઉપયોગ રાખવો.

નિ. સામયક, પ્રતિક્રમણ, પૂજા અને જાપમાં પ્રવૃત્તિ સેવશો. ઠક્કર લાલનો પત્ર આવ્યો હતો તેનો જવાબ આપ્યો હતો. .... અપેક્ષાઓ સમજી કાળજું ઠેકાણે રાખી વર્તવું. સાધુનો ધર્મ ફક્ત ઉપદેશ દેવાનો છે કોઇ બાબતમાં પડવાનો નથી (સંસારિક બાબતોમાં)

× × × ×

મુકામ તારંગા લે. ....

શ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારા સર્વે પત્રો પહોંચ્યા. તમારો લેખ અહિંઆં માસ્તર શંકરલાલ ડાહ્યાભાઇને છપાવવાનું કહી આપ્યો છે. લેખમાં કંઇ વિશેષ ...... નથી તમારી કાવ્ય શક્તિ જો અભ્યાસ વધારશો અને વિદ્વદ્ કવિજનોનો સમાગમ રાખશો તો વૃદ્ધિ પામશે ઉપદેશ માટે લખ્યું તે જાણ્યું'' વર્તમાનમાં આસની ચર્ચાઓ પુસ્તકો અને શાતા અને અશાતાના કારણોથી મનોવૃત્તિ પ્રમાણે જે તને વિચારશો તેમાં ભાગ કરવનો ઉપદેશનો કંઇક ભાગ સાપેક્ષ દ્રષ્ટિથી વિચારશો તો આવી જશે તો પણ સત્સમાગમથી જે સાક્ષાત્ લાભ મળે છે તે તો ઓરજ પ્રકારનો. પ્રત્યક્ષ અને પરોક્ષમાં ઘણો ફેર છે. ધર્મ સાધન કરશો સર્વને ધર્મ લાભ.

× × × ×

ક્ષમાપના પત્રમ્.

(લેખક—બુદ્ધિસાગર.)

ધર્મબંધુ ધર્મલાભ. વિશેષ ક્ષમાપનાની એ વિધિએ સદાકાળ ક્ષમાપના હો, ક્ષમાપના એ હૃદયની અશુદ્ધતાનું પ્રક્ષાલન કરવા સ્વચ્છવારિ સમાન છે. ક્ષમાપનાથી ક્ષમાને પવિત્ર આશય પ્રગટ થાય છે. ક્ષમાપના એ સકળ પાપ ધોવાનો દિવ્ય ઉપાય છે. ધર્મબંધો ! ! ! ક્ષમાપનાને કરતા એવા ઘણા ભવ્યાત્માઓ સિદ્ધબુદ્ધ મુક્ત થયા. ક્ષમાપના એ દિવ્યૌષધિ છે. આત્માના ઉંડા જ્ઞાનપ્રદેશમાં ઉમેલા મહાત્માઓ ક્ષમાપનાનું વસ્તુતઃ વાસ્તવિક સ્વરૂપ અવબોધી શકે છે. ક્ષમાપનાના માર્ગપ્રતિ ગમન કર્યા વિના શિવપુરની પ્રાપ્તિ થતી નથી. ક્ષમાપના એ મોક્ષનું બારણું છે. અનેક જીવો સાથે અનન્તભવ-પરિભ્રમણ કરતાં જે જે ક્રોધાદિક સંબંધે જે જે કર્મ ગ્રહણ કર્યાં હોય તેનો સંબંધ છેદવાને ક્ષમાપનાનું શરણ અંગીકાર કરવું જોઇએ. અન્તરમાં ઉંડો પશ્ચાત્તાપ થયાથી કર્મના કઠિનપત્થરો માખણની પેઠે ઓગળી જાય છે. આપણી આંખે દોષ કરનારા, અપરાધ કરનારા અશુભ કરનારા, અનેક જીવોની શરીરાકૃતિઓ દેખાય છે તે જીવોપ્રતિ ઉદારદૃષ્ટિથી માફી આપ્યાથી આપણામાં ત્યાગ, ક્ષમા અને ઉદારપણાનો ગુણ પ્રગટે છે. જેણે પોતાની સાથે પ્રતિકુલ સંબંધ રાખ્યો હોય, અને પોતાની દૃષ્ટિથી પોતાને પ્રતિકુલ જણાયા બાદ તેની સાથે અપ્રીતિ-દ્વેષ ખેદ આદિ થતા હોય તેવી વ્યક્તિ ઉપર પણ તેવી અપ્રીતિ ખેદ ઉત્પન્ન ન થાય અને તેના ગુન્હા માટે તે વ્યક્તિને પણ હૃદયથી ઉદારભાવે માફી આપવામાં આવે અને શુદ્ધપ્રેમ યાને મૈત્રીભાવથી વર્તવામાં આવે ત્યારે ક્ષમાપનાના દ્વાર આગળ જવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ધર્મબંધો ! આપણી મનોવૃત્તિથી વિરૂદ્ધવર્તનવાળાઓ ઉપર પ્રાયઃ દ્વેષ ઉત્પન્ન થાય છે અને વૈરનો બદલો વૈર તરીકે લેવા આપણું મન ઉશ્કેરાય છે અને તેથી અનેક ઉપાયે પ્રતિકૂલ વ્યક્તિનું અશુભ કરવા પ્રવૃત્તિ થાય છે. આવા પ્રસંગે વૈરનો બદલો કરણા અને મૈત્રીભાવનાથી વાળીને ક્ષમાપનાના ઉંડા પ્રદેશમાં ઉતરવાની જરૂર પડે છે. કોઇ પણ વ્યક્તિએ આપણા ઉપર વૈર ધાર્યું હોય અને તે આપણા જાણવામાં હોય તો આપણે અંતઃકરણથી તેની ક્ષમાપના કરવી એવો વીતરાગનો ઉપદેશ છે. **સર્વ મનુષ્ય-જાત નિર્દોષ જ હોય એવી કયાંથી આશા રાખી શકાય !!!** મોટા મોટા મુનિવરો પણ કર્મના ઉદયે આગળના પગથીયાથી પાછળ પડે છે તો

આપણો શો હિસાબ ! છદ્મસ્થદૃષ્ટિજીવ ભૂલે છે, અને આગળ પણ કારણ સામગ્રી પામી ચઢે છે. આપણે તો દોષીના ઉપર પણ શુદ્ધપ્રેમમૂળભૂત મૈત્રીભાવના ધારણ કરવી જોઇએ. આપણી ભૂલો જેમ કર્મના ઉદયથી થાય છે તેમ અન્યો પણ કર્મના ઉદયથી ભૂલ કરી શકે છે. માટે અન્યોના દોષોને ન દેખતાં ગુણાનુરાગદૃષ્ટિથી તેઓના ગુણો દેખવા જોઇએ અને દોષીઓના દોષોથી દોષીઓ ઉપર દ્વેષ ન પ્રગટે તેમ ઉદારદીલથી તેઓની સાથે ક્ષમાપના કરવી જોઇએ. અન્યોના દોષોથી અન્યો ઉપર દ્વેષ ધારણ કરવાથી કોઇ રીતે તે જીવોને તથા પોતાને ફાયદો થઇ શકતો નથી અને તેમજ અન્યોના દોષોમાં ચિત્ત રાખવાથી તે તે દોષો પોતાનામા પ્રવેશ કરી શકે એવો સંભવ રહે છે. કારણ કે દોષો ઉપર ચિત્ત રહેતાં દોષોની સાથે ચિત્તનો ધ્યેયાકાર સંબંધ થાય છે અને તેથી દોષદૃષ્ટિ વધતી જાય છે અને પરિણામે એક દુર્ગુણથી અન્યદુર્ગુણો પ્રગટવાનો સંભવ રહે છે. માનસિક દોષો ટાળવા માટે ઘણાકાળપર્યંત અભ્યાસ કરવો પડે છે. આપણી દૃષ્ટિએ સાક્ષાત્ જે અપરાધી લાગતા હોય છે તેમાં પણ ભૂલ થવાનો સંભવ રહે છે. અન્યોના હૃદયના વિચારાશયો અવબોધવાની ઘણી જરૂર છે. ઘણાકાળપર્યંત તેના હૃદયની પાસે રહ્યાવિના તેના હૃદયની વિરૂદ્ધમત બાંધીને આપણે ભૂલ કરી વૈર વિરોધ વધારી શકીએ એવો પ્રસંગ પ્રાપ્ત થાય છે. માટે અન્યોના હૃદય તપાસીને તેઓનાથી વિરૂદ્ધ જે જે અભિપ્રાયો બાંધી અશુભવિચારો કર્યા હોય તેની ક્ષમાપના કરવી જોઇએ. આપણા ધાર્યામાં અનેક ભૂલો આવી જાય. સર્વજ્ઞ વિના અન્યોના આશયો પરિપૂર્ણ ન જાણી શકાય. વિચારભેદથી કલેશ થવાનો પ્રસંગ રહે છે. મતભેદથી પણ વ્યક્તિદ્વેષ થઇ શકે છે. જગત્માં સર્વજીવોના એકસરખા વિચારો હોતા નથી. ભિન્નભિન્નધર્મની ઉપાસના કરનારા મનુષ્યોમા અંશે અંશે કંઇક સત્ય અવલોકી શકાય છે. બાકી વીતરાગ શાસનવિના ભૂલો થવાનો સંભવ રહે તેથી ભૂલો કરનારી વ્યક્તિઓ ઉપર દ્વેષ ન ધારતાં મધ્યસ્થ–મૈત્રીઆદિ ભાવનાઓ ધારણ કરવી એ વીતરાગનો સત્ય માર્ગ છે. ધમ્મંખપો ! ! ! ક્ષમાપનાના ઉંડા પ્રદેશમાં ઉતરો ! સર્વજીવો પોતાના મિત્ર સમાન છે એવો દૃઢસંકલ્પકર. સર્વજીવોને હું ખમાવુંછું. નાના અને મોટા સર્વેજીવો મારા આત્મા તુલ્ય છે. એમ ભાવ ધારણ કરીને શુદ્ધપ્રેમદૃષ્ટિથી સર્વજીવોને દેખ. પૂર્વના અશુભ સંબંધોને ખસેડી નાખીને વસ્તુ આત્મદૃષ્ટિથી સર્વને દેખું છું એવો ભાવધારણકર. કાળા ડગલામાં રહેલા મનુષ્યના આત્માને દેખ. કાળા ડગલાથી અન્તરૂમાં રહેલા

આત્મા ઉપર દ્વેષ. ખેદ ધારણ કર નહિ!!! પોતાનાથી પૂજ્ય એવા મનુષ્યોમાં પણ ગુણો અને દોષો રહેલા હોય છે. કોઇમાં ગુણો વિશેષ હોય છે અને એક બે મોટા દુર્ગુણો પણ હોય છે. દુર્ગુણો ટાળવા માટે જ્ઞાનીઓ પણ પ્રયત્ન કરે છે. પૂજ્ય મનુષ્યોના સદ્ગુણો તરફ રૂચિ ધારણ કર અને દોષ તરફ અલક્ષ રાખ. રોગી મનુષ્યમાં એક રોગ હોય તેથી સર્વથા તેનો ત્યાગ કરવો ન ઘટે કારણ કે રોગને ટાળવાથી ફાયદો છે રોગીનામાં સર્વ રોગો હોય અને તેના આત્મામાં કંઇ ગુણો ન હોય એવો નિયમ નથી. રોગીઓ રોગથી મુક્ત થયા બાદ ઉજ્જવલ થવાના. રોગનો ઉદય ભોગવીને રોગીઓ પણ નિરોગી થવાના. રોગીના રોગથી રોગીના આત્મા ઉપર દ્વેષ ધારણ કર્યો હોય તેની ક્ષમાપના કરીને ભવિષ્યમાં પુનઃ જાગ્રત્ રહી આત્મોન્નતિ કરવાની જરૂર છે. આપણા સંબંધમાં ઘણા મનુષ્યો આવે છે તેઓના આત્માઓને કોઇ પણ રીતે દુઃખવવામાં આવે છે. એવો દૈવના યોગે સંબંધ પ્રાપ્ત થાય છે માટે જે જે પ્રતિદ્વેષપરિતાપ વગેરે કર્યાં હોય તે તે બાબતો સંભારી સંભારીને ઉદારદીલથી અન્યોને ખમાવવા જોઇએ કે જેથી ભવિષ્યમાં વૈરની પરંપરાઓ ન ભોગવી શકાય.

લાખો વા કરોડો ગુન્હાઓ જેઓએ કર્યા હોય, આપણું સર્વથા પ્રકારે બુરૂ કરવા જેઓએ પ્રયત્ન કર્યા હોય તેવા જીવો ઉપર પણ કરૂણા ધારણ કરીને માફી આપવી જોઇએ. આપણી નિન્દા કરનારાઓ હોય, આપણા ઉપર આળ ચઢાવનારા હોય તેવા જીવો મોહના તાબામાં આવી ગએલા હોવાથી તેઓ પોતાના આત્માની કિમ્મત સમજી ન શકે એમ બનવા યોગ્ય છે અને તેથી આપણને ન ખમાવે તોપણ આપણે તો પોતાના આત્માને શુદ્ધ કરવા ક્ષમાપના કરવી જોઇએ એ આપણો ધર્મ છે. પ્રાયઃ સંબંધમાં આવનાર મનુષ્યોની સાથે દ્વેષ, ખેદ, ક્લેશ થવાનો સંભવ રહે છે. સંબંધમાં આવનાર મનુષ્યોને, પશુઓને અને પંખીઓને ખમાવવાની જરૂર છે. આપણું જીવન ઉચ્ચ કરવાને ક્ષમાપનારૂપનિસરણી ઉપર ચઢવાની જરૂર છે. શ્રી મહાવીરપ્રભુએ ચંડકોશીયાસર્પપર જેવી દૃષ્ટિ ધારી હતી તેવી દૃષ્ટિ ધારણ કરવાને ઉચ્ચ ક્ષમાની આવશ્યકતા છે, સામર્થ્ય છતાં અપરાધીજીવોના ગુન્હાઓની માફી આપવી એ ઉત્તમ ક્ષમાપના કહેવાય. ગંભીરતાનો ત્યાગ કરીને તુચ્છતા ધારણ કરવાથી અનેક મનુષ્યોનાં દીલ દુખાવ્યાં હોય તેની પણ પરમાત્માની સાક્ષીએ ક્ષમા માગવાની જરૂર છે. સાગરની પેઠે ગંભીર રહીને અન્યોના ભવપ્રાણનું રક્ષણ કરનારા ઉત્તમ મનુષ્યોની ક્ષમાના ઇચ્છક

થવું જોઇએ. ધર્મબન્ધો ? તારા આત્માને પવિત્ર કરવા ક્ષમાપનાના માર્ગે ચા જ્યાં સુધી મન, વાણી અને કાયાનો દુરૂપયોગ થાય છે ત્યાં સુધી અનેકજીવો દુઃખી કરવાનો પ્રસંગ પ્રાપ્ત થઇ શકે છે. આપણા મિત્રોની સાથે, આપ ગુરૂજનોની સાથે, આપણા સ્નેહીઓની સાથે, આપણા પ્રતિપક્ષીઓની સા પણ ક્ષમાથી વર્તીને તેઓના આત્માઓનું શ્રેયઃ ઇચ્છવા પ્રયત્ન કરવો. ધર્મ બન્ધો ! શારીરિકોન્નતિના કરતાં આત્મિકોન્નતિ કરનાર ક્ષમાપનાને હૃદય ધારણ કરવી જોઇએ. ગુણસ્થાનકની ભૂમિપર ચઢવા માટે ક્ષમાપનાનું ભ પ્રાપ્ત કર્યા વિના છૂટકો થવાનો નથી. કોઈ પણ જીવ ક્ષમા વિના મુક્ત થયે નથી અને થવાનો નથી. આપણે હૃદયથી ક્ષમા કરવી જોઇએ. જેની સાથે શુદ્ધપ્રેમ છે તેની સાથે તો મારી જેવું વર્તન રહે છે પણ જેઓએ આપણ માર્ગમાં કાંટાઓ વેર્યાં હોય છે અને જેઓ દુર્જનોની રીત ધારણ કરે છે તેઓના આત્માઓને ખરી રીતે ક્ષમા આપવાની જરૂર છે. ધર્મબન્ધુએ આ માર્ગપર ચાલવું એમાંજ તારી આત્માની ઉન્નતિ સમાયલી છે. આપણા આત્માને સદાકાલ આવી ક્ષમાપનાની રીતિથી ઉચ્ચ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

માતાની જેમ પોતાના સંતાનોપર જેવી ક્ષમાદૃષ્ટિ રહે છે તેવી સર્વજીવો ઉપર આપણી ક્ષમાદૃષ્ટિ રહેવી જોઇએ. આપણે ખરા અંતઃકરણથી ક્ષમા આપવાની ટેવને આચારમાં મૂકવી જોઇએ. ક્ષમાપનાના સદ્વિચારોને આચારમાં મૂક્યા વિના ઇચ્છિત ફળની સિદ્ધિ થતી નથી. મનમાં વેર ઝેરના વિચારો કરવાથી મનની મલિનતા વધતી જાય છે, અને અન્તે પરિણામ એ આવે છે કે અશુભવિચારોના વશમાં પડેલો આત્મા પોતાની સ્વાભાવિકશાન્તિથી પરાઙ્મુખ થાય છે. મનમાંથી વેર ઝેરના કુવિચારો કાઢી નાખવાથી પોતાનો આત્માજ પોતાને શાન્તિ આપવા સમર્થ થાય છે. આપણા મનની આગળ જે અપરાધી વ્યક્તિઓ ખડી થતી હોય તેઓને ક્ષમા આપીને તેના આત્માની ઉચ્ચતા કરવી જોઇએ. મનુષ્યોના અપરાધોને અને અપરાધિજનને નજરમાં લીને તેઓને ગુણાનુરાગદૃષ્ટિથી અવલોકવા જોઇએ અને તેઓના અપરાધોને ખમવા જોઇએ. જે મનુષ્ય ખમે છે તે મહાન છે અને જે મનુષ્ય ખમતો નથી તે મહાન થતો નથી. બીજાને ખમાવવાથી મનના આવેશો ટળી જાય છે અને ક્રોધાદિ કષાયોની મંદતાથી મનની નિર્મલતા થાય છે.

૧ મનુષ્યના શત્રુઓ જેમ થાય છે તે મનુષ્ય પોતાના અન્તર્માં

ખરેખરી ઉન્નતિ કરી શકે છે. અન્યદર્શનીયોના શાસ્ત્રોમાં પણ ક્ષમાને ધારણ કરનાર પ્રભુનો ખરેખર ભક્ત બની શકે છે એવા ઘણા પુરાવાઓ મળી આવે છે. અન્યોના અપરાધો ખમવામાં આત્મભોગ આપવો પડે છે અને ઉશ્કેરાયલી વૃત્તિને શાન્ત કરવી પડે છે. બાહ્યભાવમાં પરિણમતા એવા આત્મબળને પોતાના સ્વભાવે પરિણમવાવવું પડે છે. અશુભવિચારોનો પરિહાર કરીને શુભવિચારો કરવા પડે છે. વૈરના બદલાનો ત્યાગ કરીને કરૂણાદષ્ટિ ખીલવવી પડે છે. આસ્રવના વિચારોને સંવરના વિચારોમાં ફેરવવા પડે છે. આવી દશાએ અન્યોને ક્ષમાપના થઇ શકે છે માટે અન્યોને ખમાવવામાં આત્માનું ઘણું બળ વાપરવું પડે છે. અને તેથી આત્માનું ઘણું બળ પ્રગટે છે. શ્રીહરિભદ્રસૂરિએ ક્રોધના ઉપશમાર્થે સમરાદિત્યચરિત્ર બનાવ્યું છે. ક્ષમાપના કરનાર પ્રભુનો ભક્ત ઠરે છે. જગતના જીવોને પવિત્ર કરવાને માટે આકાશમાંની ગંગાએજ ક્ષમાપનાનું રૂપ ધારણ કર્યું હોય એવાં ખામણાં છે.

દરરોજ આવશ્યકક્રિયા કરતી વખતે સર્વજીવોને ખમાવવા જોઇએ. પાક્ષિકપ્રતિક્રમણ કરતાં તો વિશેષતઃ સર્વજીવોને ખમાવવા જોઇએ. ચાતુર્માસિકપ્રતિક્રમણ કરીને તો વિશેષતઃ સર્વજીવોને ખમાવી નિર્મલ થવું જોઇએ. છેવટે સાંવત્સરિકપ્રતિક્રમણ કરીને તો સર્વજીવોને સંભારી સંભારીને તથા રૂબરૂમાં જે જીવોની સાથે ક્રોધ, વૈર, અને કલેશ વગેરે થયા હોય તેઓને ખમાવવા ઉદ્યમવંત થવું જોઇએ. પર્યુષણપર્વની આરાધના સર્વજીવોને ખમાવ્યા વિના થતી નથી. ઉદાયીરાજાએ જેમ ઉજ્જયિની નગરના ચંડપ્રદ્યોતન રાજાને અનિનમ્ર થઇ ક્ષમાપના કરી હતી તેમ સર્વજીવોની સાથે સાંવત્સરિકપ્રતિક્રમણ કરીને સર્વજીવોને ખમાવવા જોઇએ. શ્રીમહાવીરપ્રભુએ પરસ્પર ક્ષમાપના કરવાની ક્રિયા દર્શાવીને દુનિયા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. હાલમા પ્રાયઃ જેની સાથે પ્રીતિ હોય તેની સાથે અન્ય જૈનો ક્ષમાપના કરે છે. પણ જેની સાથે વૈર વિરોધ થયા હોય તેની સાથે ક્ષમાપના કરનારા જૈનો વિરલા જણાય છે. ખરી રીતિ તો એ છે કે જેની સાથે વૈર, વિરોધ, કલેશ, મારામારી, અપરાધ, અને નિન્દા આદિ થઇ હોય તેઓને મન, વચન, અને કાયાથી ખમાવવાની વિશેષતઃ જરૂર છે. જૈન સાધુઓએ પણ જે જે ગચ્છવાળા સાધુઓની સાથે કલેશ વગેરે થયા હોય તેઓને બને તો રૂબરૂમાં ખમાવવા જોઇએ. પરસ્પરજીવોને ખમાવવાની અને તદ્દ્વારા આત્માની શુદ્ધિ કરવાનો ઉપદેશ દેનારા શ્રીવીરપ્રભુને અસંખ્ય વાર વંદન થાઓ.

ખમાવનારે પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ વિચારવું જોઇએ. આત્માને આત્મભાવે દેખવામાં આવે અને મોહવૃત્તિને ભિન્નપણે અવલોકવામાં આવે તો આત્મા ખરેખર અહંવૃત્તિના પાશથી વિમુક્ત થાય છે. અહંવૃત્તિના પાશમાં પડેલો આત્મા ખરે કોઇને ખમાવવાનો વિચાર કરી શકતો નથી. આત્માનું જ્ઞાન થતા સર્વે આત્માઓ પોતાના સમાન ભાસે છે અને તેથી અન્યજીવોએ કર્મયોગે દોષો, અપરાધો, ગુન્હાઓ કરેલા છે. તે ભુલાય છે. જો તેઓ પોતાના મૂળ સ્વરૂપે રમણતા કરતા હોત તો કદી દોષો-ગુન્હાઓ કરત નહિ. તે જીવોની પાસે મોહે ગુન્હાઓ કરાવેલા છે એવું જ્ઞાન થતાં અન્યજીવો પ્રતિ શુદ્ધભાવ રહે છે. અન્યજીવો કર્મથી દોષો અપરાધો સેવે છે તેથી જ્ઞાની અન્યજીવોને લાગેલા કર્મનો નાશ કરવા કરૂણાદષ્ટિથી ઉપાયો ગ્રહણ કરે છે. ભગવંત આત્માઓ સિંહની દષ્ટિધારણ કરીને અન્યજીવોની શુદ્ધદષ્ટિ કરવા પ્રયત્ન કરે છે કે જેથી તે જીવો ખરી ક્ષમાપના કરવાને શક્તિમાન્ થઇ શકે છે. મોહના યોગે આત્મા અન્યવસ્તુઓને પોતાની કલ્પી કલેશ પામે છે અને વૈર વિરોધ વધારે છે. આત્મા સત્તાએ શુદ્ધ છે, બુદ્ધ છે, ત્રણ ભુવનનો નાથ છે, અનંતજ્ઞાનાદિ ગુણોનો ભંડાર છે. સિદ્ધનો ભાઇ છે. એવા આત્માની શુદ્ધ સત્તા ધ્યાતા આત્માનુ સિદ્ધપણું પ્રગટ થાય છે. આત્માને પરમાત્મ દશામા લેઇ જનાર ક્ષમાપના છે.

મિથ્યાદુષ્કૃત દેઇ ખમાવ્યા બાદ પુનઃ વૈર વિરોધ કોઇ જીવની સાથે ન થાય એવો ભાવ ધારણ કરવો જોઇએ. પુનઃ દોષો, અપરાધો ન સેવવાની બુદ્ધિએ મિથ્યાદુષ્કૃત અને ક્ષમાપનાની આવશ્યકતા સ્વીકારવામાં આવે છે, પર્યુષણપર્વની આરાધના કરનારે સાંવત્સરિકપ્રતિક્રમણ કરી ખમવુ જોઇએ. ખમાવવું જોઇએ, ઉપશમવું જોઇએ. ઉપશમાવવું જોઇએ. જો ખમે અને ખમાવે, જે ઉપશમે અને ઉપશમાવે તે આરાધક જાણવો સર્વ સુત્રમાં શિરોમણીભાવધારણ કરનાર શ્રી કલ્પસૂત્રમાં સામાચારીના વ્યાખ્યાનમાં ખમે અને ખમાવે તે આરાધક છે. તે સંબંધી નીચે પ્રમાણે પાઠ છે.

खमियव्वं, खमावियव्वं, उवसमियव्वं, उवसामियव्वं, जोउवसमइ तस्सअत्थि आराहणा. जो न उवसमइ तस्सनत्थि आराहणा तह्माअप्पणाचेव उवसमियव्वंसेकिमाहुभंते ? उवसमसारं तुं सामन्नं ॥ ५१ ॥

क्षन्तव्यंस्त्वयमेव, क्षामयितव्यः परः उपशमितव्यंस्त्वयं उपशमयितव्यः परः अथद्वयोर्मध्येयद्येकः क्षमयन्ति नापरस्तदाकामतिरित्याह य उपशाम्यतिअस्तितस्याराधना योनोपशाम्यति नास्तितस्याराधना तस्मात्आत्मना उपशमितव्यं तत्कुतोहेतोः हे पूज्य ! इतिपृष्टेगुरुराह उपशमसारं उपशमप्रधानं श्रामण्यं श्रमणत्वं॥

કલ્પસૂત્રના આ પાઠ પ્રમાણે વર્તવામાં આવે તો આત્માની પ્રતિદિન શુદ્ધતા થતી જાય. સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ સર્વ જીવોને ખમાવવા જોઇએ. ક્રોધાદિક કષાયોનો ઉપશમ કરવાથી શ્રી જીનેંદ્રના ઉપદેશ પ્રમાણે પ્રવર્તી શકાય છે. ગૃહસ્થોને અને સાધુઓને ક્ષમાપના કરીને આત્માની પરમાત્મદશા કરે એવો શ્રીવીરપ્રભુનો ઉપદેશ ધ્યાનમાં રાખવા લાયક છે.

હે ધર્મબંધો ! ક્ષમાપનાનો ઉપદેશ આદરવા લાયક છે. આત્માનો શુદ્ધધર્મ પ્રગટ કરવાને ક્ષમાપનાની ઉપાસના કર ! ક્ષણે ક્ષણે ક્ષમાપનાના વિચારોને હૃદયમાં પ્રગટાવીને આત્માની શુદ્ધતા કરવા પ્રયત્ન કર ! ક્ષમાપન વડે આત્માની ઉજ્વલતા, અનન્તજીવોએ ભૂતકાળમાં કરી અને ભવિષ્યમાં અનન્તજીવો શુદ્ધતા કરશે. ક્ષમાપનાનો વ્યવહાર સદા આદરવા યોગ્ય છે. ક્ષમાપનાના વ્યવહારથી અનેકજીવોનું કલ્યાણ થયું છે અને ભવિષ્યમાં થશે. માટે હે ! ધર્મબંધો ક્ષમાપનાના માર્ગે ચાલી ત્હારા જીવનની ઉચ્ચતા કરતો રહેજે. હું પણ ઇચ્છું છું કે તેવી ક્ષમાપનાની પ્રવૃત્તિ વડે તારો આત્મા ઉચ્ચદશાના શિખરે પ્રાપ્ત થાઓ અને પરમમંગલ પામો. इत्येवमाशीः ॐ ३ शान्तिः ३

સંવત્ ૧૯૬૮ ના ભા. શુદિ ૭ મુ. અમદાવાદ.

×   ×   ×   ×

આપશ્રી .... થયો નથી. મારી હાલની સ્થિતિનો વિચાર કરશો તો નિયતે આહારવ્યવહાર પણ થતો નથી એટલામાં ધર્મપ્રાપ્તિની પ્રભાવ જાણી શકશો. જન્મભૂમિ હોવાથી રાત્રી અને દિવસ લોકોની ઠઠ જામી રહે છે અને તેથી તેઓને ધર્મકથા કહેવી પડે છે. અહિંથી વિહાર કરતાં નિરતિસમય સંપ્રાપ્ત થશે. તમારી જિજ્ઞાસુવ્યગ્રતાને પ્રસંગે પ્રત્યક્ષમાં વિશેષતઃ સંતૃપ્ત કરીશું. ધર્મ સાધન કરશો. ધર્મકાર્ય લખશો.

× × × ×

પેથાપુરથી લે૦ બુદ્ધિસાગર.

તત્ર શ્રદ્ધાવંત ભાઇ કેશવલાલ નાગજી યોગ્ય ધર્મલાભ.

વિ. પત્રવાંચી સમાચાર જાણ્યા. તમારા લખવા પ્રમાણે ઉપદેશાદિકમાં પ્રવૃત્તિ કરવાથી શુભપરિણામ આવે તેમ નહિ લાગવાથી તેથી નિરુત્ત થયો છું એમ અવબોધશો, તમો તથા તેણે યથારૂચિ પ્રવૃત્તિકરવી. આત્માના જ્ઞાનદર્શનચારિત્રની આરાધના કરશો. જગતમાં અનુભવીઓ આત્માના જ્ઞાનાદિક ગુણોની ઉન્નતિ કરવાની આરાધનાને સારભૂત ગણે છે. એ ભવિષ્યમાં અનુભવગમ્ય થશે. ધર્મકાર્ય લખશો. ૐ ૨ શાન્તિ. ૨

× × × ×

મુ. બોરસદથી

શ્રા. કેશવલાલ નાગજી યોગ્ય ધર્મલાભ.

૧ પરંતુ ભવું શ્રીસદ્ગુરૂ કરી શકે છે અને તે સર્વસામગ્રીના કાલમાં.

૨ તપ તપવાથી અનેક ફાયદાઓ થાય છે પણ તપનું સ્વરૂપ તે પહેલાં સમજવું જોઇએ. તપનુ સ્વરૂપ લખતા એકગ્રન્થ થઇ જાય.

૩ વિદ્યાર્થીઓ જે અભ્યાસ કરતા હોય તેમા રસ ઉપજે એવા હેતુઓ મળે છતે તેમની અભ્યાસમા લગની લાગે છે.

૪ મુદાચ્યાત્માર્થી જીવ, ગુરૂભક્તિમા દૃઢ હોય છે. ગુરૂના અવલંબનથી અનેકસદ્ગુણો પ્રાપ્ત થાય છે માટે.

૫ પરિપક્વજ્ઞાનદશાના કાળમાં ઉચ્ચકોટીના મનુષ્યને વસ્તુતઃ જે સાધ્ય જણાય છે તે વ્હાલી લાગે છે.

૬ ઘણો મરવું જાણે છે પણ મોહના જોરથી સજ્જ થઇ રહેતા નથી.

આ છ પ્રશ્નોનો વિસ્તારથી ઉત્તર આપતાં ન્હાનો ગ્રન્થ થઇ જાય તેમ છે પરન્તુ અવકાશના અભાવે ઉત્તરની દિશા માત્ર દેખાડી છે ધર્મસાધન કરશો.

૧૯૬૮ ના પો. વદિ. ૭

× × × ×

મુકામ બોરસદથી

સુશ્રાવક આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમોએ પૂછેલ પ્રશ્નોનો ઉત્તર નીચે પ્રમાણે.

પહેલા પ્રશ્નનો ઉત્તર ગંભીર અને જૈનસમાજપરત્વે છે. આગેવાન જૈનોના વિચારોની એકતા થાય તો અમુકરીતિએ તે કાર્ય કરી શકાય પણ હજી તેવા વિચારોનાં રહસ્યોનો અમુક રીતિએ અમલ કરવાની વાર છે.

બીજા પ્રશ્નના ઉત્તરમાં ઘણી ચર્ચા છે અને તેનો ભેગા થએ ઉત્તર આપી શકાય તેમ છે.

ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં કહેવું જોઇએ કે ધાર્મિકકેળવણીનો ખૂબ ફેલાવો થશે ત્યારે ભવિષ્યની પ્રજા પોતાની મેળે કુરીવાજો દુર કરશે.

ચોથા પ્રશ્નના ઉત્તરમાં પણ જ્ઞાન ફેલાવો કરવો જોઇએ એમ અવબોધવું.

પાંચમા પ્રશ્નના ઉત્તરમાં સુધારક ઉપદેશની જરૂર છે એમ અવબોધવું.

છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર કોઇનો પરિપૂર્ણ આશય જાણ્યા સિવાય મારાથી કહી શકાય તેમ નથી અને તે પ્રશ્નનો રૂબરૂમાં ખુલાસો કરવાની જરૂર છે.

સાતમા પ્રશ્નના ઉત્તરમા યોગોદ્વહન ક્રિયાના અધિકારી થવા માટેની જરૂર છે. કિન્તુ તેનું સ્વરૂપ લખતાં એક ફરમું થઇ જાય તેમ છે માટે રૂબરૂમાં પૂછવું.

આઠમા પ્રશ્નનો ઉત્તર તમો વિચાર કરશો તો પોતાની મેળે તેનો અનુભવ આવશે.

નવમા પ્રશ્નના ઉત્તરમાં પણ સુધારક વિચારોની આવશ્યકતા અવબોધવી.

× × × ×

કરવી. પ્રારબ્ધકર્મ ભોગવવામાં સમભાવ ધારણ કરવો અને વ્યવહારથી દવા વગેરેનો ઉપયોગ કરવો. અભિનવજ્ઞાન પ્રાપ્ત કરવા સદા પ્રયત્ન કરવો. સર્વદર્શનોનાં પુસ્તકો વાંચવાં પરંતુ સ્યાદ્વાદ દષ્ટિએ તેમાંથી સારગ્રહવા લક્ષ્ય દેવું. ખંડન શૈલીએ ધર્મનો ઉપદેશ દેવાના કરતાં મુખ્યતાએ મંડન શૈલીએ ધર્મનો ઉપદેશ દેવો. એક પણ સદ્વિચાર કરેલો નકામો જતો નથી. એક પણ સદ્વિચાર આગળની આત્મોન્નતિમાં સાહાય્યભૂત થાય છે. માટે સદ્વિચારોની ભાવના સદા કર્યા કરવી. આત્માની શુદ્ધદશા કરવા માટે ખાસ લક્ષ્ય રાખીને જે બને તે સ્વપરાર્થે કરવું. ફલની આશા રાખ્યા વિના સ્વાધિકાર ફરજથી ધર્મ્યપ્રવૃત્તિયો સેવવી. અભય, અદ્વેષ અને અખેદભાવે કર્મયોગી બની કર્તવ્યકર્મો કરવાં એમ સ્વકૃત કર્મયોગમાં વિવેચન કરાય છે. આ ભવમાં જે જે કર્તવ્યકર્મો કરાય છે તેનાથી ઉત્તમ સંસ્કાર બળે પરભવમાં આત્મોન્નતિ થવાની છે એમ ખાસ શ્રદ્ધા રાખવી. રજોગુણી અને તમોગુણી વૃત્તિયોને પ્રગટતી વારીને આત્મોપયોગ રાખીને વા સાત્વિક બુદ્ધિથી કર્તવ્યકર્મો કરવાં પણ અક્રિય જેવી દશાની તામસવૃત્તિને તો આધીન ન થવું જોઇએ. શુદ્ધ બુદ્ધિથી જે જે કર્તવ્યો કરવામાં આવે છે તેનું અંતે ફલ સારૂં આવે છે. ચોમાસા બાદ સાણંદ તરફ પ્રાયઃ જવાનું થશે. હરગોવિન્દદાસ વગેરેને ધર્મલાભ. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો.

સં. ૧૯૭૧ આસો સુદિ. ૧૫

× × × ×

મુ વિજાપુર લે૦—બુદ્ધિસાગર.
સં. ૧૯૭૨ ના શ્રાવણ સુદિ ૧૫

શ્રી મેહસાણા. તત્ર. વૈરાગ્યાદિ ગુણાલંકૃત. મુનિ. જીતસાગરજી તથા ભક્તિસાગરજી યોગ્ય. અનુવન્દના સુખશાતા.

વિ૦ વિજાપુરમાં ઠાણાંગસૂત્ર તથા આવશ્યક બાલીશકજરી વચાય છે. છે. પં. જયચંદ્ર વગેરે કર્મગ્રન્થ ટીકા સહિત ધારે છે. તમો ઠાણાંગસૂત્ર વાંચોછો તે જાણ્યું. તમને સાણંદ તથા કલોલના ઉપદેશ આપ્યો હતો તે ધ્યાનમાં રાખશો. આત્માની શુદ્ધ પરિણતિ માટે તે ઉપદેશ પ્રમાણે પ્રવૃત્તિ કરશો. તમને જે જાપ જપવા જણાવ્યું છે, તે પ્રમાણે જાપ જપશો. શારીરિક પ્રકૃતિની શિથિલતાથી દૈન્ય ધારણ કરવું નહીં, પરંતુ કર્મનું દેવું

તુજ જીવન આનન્દમાંહી ભળો.
પરમાતમ પદ તુજને મળશો.
ઝટ આશી ભલી તુજને ફળશો,
તવ અન્તર્ દિવ્ય પ્રકાશ થશો;
ગુરૂભક્તિ ભલી તુજ ઉદ્ધર બને.
પ્રભુ જ્યોતિ થકી તવ જ્યોતિ મળો,
તવ શીઘ્ર મનોરથ સર્વ ફળો;
તવ પન્થ વિષે નહીં વિઘ્ન નડો.
ગુરૂભક્તિ બળે તવ સત્ય જડો,
પદ વર્ષનું સંયમ સાધ્ય કર્યું;
સદ્‌ આશ તણું શુભ કર્મ કર્યું.
તવ બ્રહ્મ સજીવન ભાવ રહો,
જય શિષ્ય વિભૂષણ બ્રહ્મ લહો;
ૐ ૩ અર્હં શાન્તિ ૩

× × × ×

મુકામ પેથાપુર. બુદ્ધિસાગર.

શ્રી પાટણ તત્ર વૈરાગ્યત્યાગાદિ ગુણાલંકૃત મુનિ જીતસાગર યોગ્ય અનુવન્દના સુખશાતા.

વિ. પર્યુષણ પર્વમાં તબીઅત નરમ થઇ તે જાણ્યું. શક્તિની બહાર વ્યાખ્યાનાદિનો પ્રયાસ સેવવો હિતકર નથી. આત્માની સત્ય શાન્તિનું રમણ કરવું. ભયંકર માંદગીમાં પણ આત્માને અમર ભાવવો અને નિર્લેપ ભાવથી બાહ્ય કર્તવ્યોને યથાશક્તિ સેવવા. આત્માનું શુદ્ધજ્ઞાનાદિક સ્વરૂપ વિચારવું અને દેહાદિકદશ્યોમા અહંવૃત્તિ ન સ્ફુરે એવો ઉપયોગ રાખવો. અનેક અવતારોમા જીવન યાત્રાપૂર્ણ થાય છે માટે જીવન યાત્રાવિના અન્યમાં લક્ષ્ય રાખવું નહિ. આત્માનું શુદ્ધ સ્વરૂપ એજ પરમાત્મપદ છે અને એજ સત્ય જીવન યાત્રા છે. મુસાફરોને એક ઠેકાણે વાસ ક્યાંથી હોય ? સર્વ મનુષ્યો મુસાફરો છે માટે મુસાફરીમા ગભરાવું ન જોઇએ વૈરાગ્ય ત્યાગની ભૂમિકા દૃઢ કરવી. દેવગુરૂ ધર્મની આરાધનામા અન્તરૂમાં અત્યંત રૂચિ ધારણ કરવી. શરીરનો ભરૂંસો નથી. માટે શરીર છતા આત્મભાવના ભાવ-